
17526

આ પુસ્તક ~~દસ~~, ~~પંદર~~, ત્રીસ, દિવસ રાખી શકાશે.

17526

શિક્ષક પત્રિકા
વર્ષ ૮ : ૧૯૬૯

[illegible]

પા૭૦]

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
G50
SHI-8
17526

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૬૦

અંક ૯ મો
કાર્તિક

:તંત્રીઓ:

ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

હું નાના શરીરમાં રહેલ મહાન આત્માનું પળેપળે દર્શન કરું છું. એ અદ્‌ભુત દર્શન જ મને બાળકોના હક્કો માટે જીવવા અને મરવા પ્રેરે છે.

બાળક એક નાજુક યંત્ર છે. જેમ નાજુક યંત્રને સંભાળીને કામ કરીએ છીએ તેવી જ રીતે આપણા નાજુક યંત્ર સાથે આપણે સંભાળીને કામ કરીએ.

બાળકો આપણું પરમ ધન છે. આપણો વારસો છે. ભાવી પેઢી છે.

બાળકો એ પ્રફુલ્લિત બાગ છે. તેને જેમ વિકસાવશો તેમ તે વિકસશે.

બાલવિહાર

છેલ્લા એક બે દસકાઓમાં બાળકો વિષેના ખ્યાલોમાં ભારે મોટા ફેરફારો થઇ ગયા છે અત્યાર પહેલાં એમ મનાતું કે બાળકો માટીના પીંડા જેવાં છે; શિક્ષકો અને માબાપો તેના ધારે તેવા ઘાટ ઘડી શકે. જૂના વિચારોને વળગી રહેનારા જૂજ અપવાદો સિવાય બાળકો વિષેનો આ હલકો ખ્યાલ હવે લોકોએ છોડી દીધો છે. આજનાં બાળકોએ પોતાનો હક્ક વર્તાવવાનું શરૂ કર્યું છે. બાળકોને પણ સ્વતંત્ર અને નિરાળું વ્યક્તિત્વ છે એ વસ્તુનો સ્વીકાર થયો છે. હવે શિક્ષકો અને માબાપોનું કર્તવ્ય બાળકોનાં જીવતર ઘડવાનું રહ્યું નથી, પણ માત્ર તેઓને યોગ્ય પોષણ આપવાનું જ રહ્યું છે કે જેથી કરીને તેઓનો સંપૂર્ણ વિકાસ થાય. બાલસ્વાતંત્ર્યનો આ નવો વિચાર ગોંડ દેશના અભેદ્ય પહાડો અને જંગલો સોંસરો પણ પહોંચી શક્યો છે, અને તેને પરિણામે અમારી નાની નવી બાલશાળા હસ્તીમાં આવી છે. 'બાલવિહાર' એટલે કે 'બાલસંસ્કૃતિનું નંદનવન' એવું સુંદર અર્થવાળું એનું નામ છે.

આ શાળા શરૂ થઇ તે દિવસ અમારે બધાને માટે મહત્ત્વનો દિવસ હતો. આજે અમે એક બીજ નાખ્યું. પ્રભુકૃપાએ કદાચ એ વિકાસ પામી એક મોટી કેળવણીની સંસ્થાના રૂપમાં ફેરવાય, અને અત્યાર સુધી અવગણના પામેલા ગોંડ લોકોને હિંદની એક મોટી અને વીર પ્રજા બનાવે. પણ હજુ તો એ સ્વપ્ન છે.

અમે જે ટેકરી ઉપર રહીએ છીએ તે ગોંડ બાળકોની શાળા માટે એક આદર્શ સ્થળ છે. જે જાતના પ્રકૃતિસૌંદર્ય વચ્ચે સામાન્ય રીતે ગોંડ બાળકને વસવું ગમે છે તે જ બધું સૌંદર્ય આ સ્થળ વિષે છે. ગોંડ દેશની આસપાસનાં જંગલો અને પહાડો તે લોકોને બહારના સુધારાથી સુરક્ષિત રાખે છે. ચોપાસ શાળાસ્થાનમાં પણ સુધરેલા પ્રદેશની કૃત્રિમતા જરાયે નથી, એટલે એ રીતે અમારી શાળા માટે આ આદર્શ સ્થળ છે; અને કુદરતને તેના પ્રાકૃત રૂપમાં જ ચાહનારા ગોંઠ લોકોને આ સ્થળ ખૂબ અનુકૂળ આવે છે. કહેવાય છે કે સુધરેલી પ્રજાને અપાતી કેળવણી જ્યારે પ્રાકૃત લોકોને અપાય છે ત્યારે તે પ્રજા રફતે રફતે નાશ પામે છે. એટલે અમારી ઇચ્છા ગોંડ લોકોને વધારેમાં વધારે અનુકૂળ નીવડે તેવ પ્રકારની કેળવણી સ્થાપિત કરવાની છે.

આવા ઇરાદાથી અમે માત્ર બાર બાળકોન નાનકડા વર્ગથી અમારી શાળા શરૂ કરી છે પ્રાકૃત લોકોની વચ્ચે કેળવણીનો આ અખતરે એ સાહસ જ ગણાય. પણ છેલ્લાં થોડાં અઠવા ડિયાંના અનુભવથી અમને હિંમત આવી છે કેળવણીમાં સ્વાતંત્ર્યના સિદ્ધાંત વિષે અમાર શ્રદ્ધા વધારે ઉંડી થઈ છે.

શાળા શબ્દની સાથે જે ભયની લાગણી હમેશાં સંકળાયેલી હોય છે તે લાગણી, જ્યા આ નિર્દોષ બાળકોને પહેલી વાર શાળામાં લાવ વામાં આવ્યાં ત્યારે, તેઓના મ્હોં પર તરવરત હતી. પણ છેલ્લાં બે અઠવાડિયાંમાં એ ભય લાગણી હળવે હળવે નાશ પામી છે, અને આજે હવે અમે વયોભેદ ભૂલી. પ્રેમસંબંધથી

જોડાઈ એક સુખી કુટુંબ રૂપ બન્યા છીએ. તે બાળકોની વર્તણૂક અને રીતભાતમાં પણ ધ્યાન ખેંચે તેવો ફેરફાર થયો છે. તેઓ હવે અસ્વચ્છ મટી સ્વચ્છ બન્યાં છે, બીકણ મટી બહાદુર બન્યાં છે; અને ઘરના અંધારા ખૂણા રૂપી કેદખાનામાંથી નીકળી સ્વાતંત્ર્ય અને સદોદિત હાસ્યના પ્રકાશમાં વિહરવા લાગ્યાં છે.

શાળા ખુલ્લી હવામાં જ ચાલે છે. શાળાનું કામકાજ સવારે ૯ વાગે શરૂ થાય છે. પ્રથમ બાળકો સ્નાન કરે છે, અને પછીના ત્રણ કલાક સુધી બાળકો સાધનોથી રમે છે, હીંચકા ખાય છે, માટીના આકારો ઘડે છે, સંગીત સાંભળે છે અને રેતીમાં રમે છે. બાળકો અરણ્યપ્રેમી હોવાથી અમે ઘણી વાર જંગલમાં ફરવા જઇએ છીએ અને ત્યાં આ નાનાં બાળકો પોતાના બાપદાદાઓની માફક ગર્વથી, પણ નિર્દોષ રીતે, પોતાનાં નાનાં તીરકામઠાંનો ઉપયોગ કરે છે

આ બાળકોનાં મોઢાં પર રમતું આનંદપૂર્ણ હાસ્ય જોઇને નોકરોને અને ગરીબપ્રેમીઓને ભારે આનંદ થાય છે. બરલ અને મોટા પેટથી પીડાતો Ranjar નામનો ચાર વર્ષનો બાળક અમારી શાળામાં આવ્યો; પહેલાં કદી તે સ્મિત સરખું કરતો નહિ, અને બાળકો સાથે છૂટથી હળતો મળતો નહિ. આજે તેના મ્હોં પર સ્મિત જ ફરકતું હોય છે, અને તે મારી સામે ઉભી મને 'ભઇયા' શબ્દથી સંબોધી પોતાનો આનંદ વ્યક્ત કરે છે. આ સ્મિત અને હમણાં ઉભી થયેલી ક્રિયા કરવાની ઇચ્છા, તેની બરલ ઓછી કરી તેને તંદુરસ્ત બાળક બનાવવામાં ઔષધિ રૂપ થશે. અમારી શાળાનું બીજું રત્ન તે ૭ વર્ષનો ગણેશ. ગયે વર્ષે અમારા સાથીદારો અહીં આવ્યા ત્યાં સુધી તે એક લંગડો અને માંદલો બાળક હતો. બધાથી ઉપેક્ષા પામેલો તે બાળક આખા ગામની વચ્ચે એકલો એકલો બની ગયો હતો. શાળામાં જોડાયા પછી તે એક બુદ્ધિશાળી બાળક નીવડવાની આગાહી બતાવે છે. એવાં બીજાં ઘણાં સુંદર બાળપંખીઓ વિષે મને લાંબાં વર્ણનો આપવાનું મન થાય છે, પણ આજે હજુ તેમના વિષેનો મારો અભિપ્રાય કાચો હોય. પણ બધાં બાળકો વિષે એક વાત કહેવાની છે. જો લોકો માન અને પ્રેમથી બાળકો પાસે જાય તો તેઓ પોતાની અંદર રહેલો અમિત ખજાનો જરૂર ખુલ્લો કરે. આ બાળકોએ એટલું તો જરૂર બતાવ્યું છે કે બાળકોનાં હૃદયો પ્રેમ અને મનુષ્યના નિર્ભેળ સદ્‌ગુણોથી છલોછલ ભર્યાં હોય છે: પછી તે બાળકો ગોંડ દેશ જેવા અસંસ્કૃત દેશનાં હોય કે યૂરપના જેવા સુધરેલા દેશોનાં હોય. બાળકો તો બધે ઠેકાણે તૃષ્ણા અને વૈરની લાગણીથી અસ્પૃષ્ટ કુટુંબીજનો જેવાં જ રહે છે. આ દેશનાં બાળકો બુદ્ધિશક્તિમાં કોઇ પણ સુધરેલા દેશનાં બાળકો કરતાં જરાયે ઉતરતાં નથી. સુધરેલાં બાળકો જે રીતે મોન્ટીસોરી સાધનોથી કામ કરે તે જ રીતે આ બાળકો કામ કરે છે.

આથી વધારે લખું તો અમારી શાળાની પ્રશંસા હું જ કર્યા કરું છું એમ લાગે. એક પ્રસંગ આપી હું આ હકીકત પૂરી કરીશ. ઉપર કહેલ ગણેશ એક દિવસ પોતાની સ્લેટ વાંકાચૂંકા, અડાઅવળા લીંટાઓથી ભરી લાવ્યો; હું કે તમે તેમાં કશો અર્થ જ જોઇ ન શકીએ. પણ મેં જ્યારે તેને પૂછ્યું: "સ્લેટમાં આ

બધું શું છે?" ત્યારે તેણે એકદમ જવાબ આપ્યોઃ "એ રામચરણ સુખદાયી છે." આ નાનકડા બાળકે આપેલો આ સ્વયંસ્ફૂરિત જવાબ મારે માટે ઘણા ઉંડા અર્થવાળો હતો. એ બાળક થોડા સુખ માટે ઝંખતો હતો. એ પ્રભુ પાસે સુખની ભિક્ષા માગી રહેલા ગોંડ લોકોના જીવનનો અર્થ આ બાળકના શબ્દોથી બહુ જ અસરકારક રીતે વ્યક્ત થતો હતો. આપણે જ્યાં કશું જોઇ શકતા નથી ત્યાં બાળકો ખૂબ અર્થવાળી વસ્તુઓ જોઇ શકે છે. **શ્રીકાન્ત.**

જો જો, તારો દડો લઇ ગઇ !

"જો જો, તારો દડો લઇ ગઇ ! જા, તું લઇ લે તેની પાસેથી."

એક સુશિક્ષિત માતા (તે મુંબઇ યુનિવર્સિટીની સ્નાતિકા અને એક નોર્મલ સ્કૂલની મુખ્ય અધ્યાપિકા હતી.) પોતાના એક વર્ષના બાળકને દુનિયાદારીનું શિક્ષણ આપતી હતી. પાડોશણનું (જે પણ એક સ્નાતિકા જ હતી. એ વર્ષનું બાળક એને ત્યાં રમવા આવ્યું હતું, અને તે દડો લઇને રમતું હતું. દડો આ નાની એક વર્ષની બાલિકાનો હતો એટલે તેની માતા તેને રમતે ચડાવવાના હેતુથી તેને કહેતી હતીઃ "જા જા, તારો દડો તે લઇ ગઇ ! જા તું લઇ લે તેની પાસેથી. જા દોડ."

નાનું બાળક દુનિયાદારીથી હજી ઘણું જ દૂર હતું. ઇશ્વરના ઘરની સરલતા ને સાદાઇ તેનામાં ભરપૂર હતી. મારાતારાનું ઝેર તેના જીવનમાં પેઠું ન હતું. તેને આ વાક્યથી ચાનક ચડયું નહિ. તે તો ઉલટું પેલા બાળકને ઉડતું રમતું જોઇ રાજી થઈ હસવા લાગ્યું. ને પેલું મોટું બાળક તેને રાજી થયેલું જોઇ વધારે ખુશી થઇને દડો ઉલાળવા લાગ્યું.

સુશિક્ષિત માતાને કદાચ કલ્પના પણ નહિ હોય કે તે એક વાક્યમાં તે બાળકને કયા પ્રકારનું શિક્ષણ દેતી હતી! અશિક્ષિત સામાન્ય લોકોમાં તો આ વ્યવહાર-નીતિ ચાલુ જ છે. ઉઘાડી રીતે જ બધાં માતપિતાઓ અને વડીલો બાળકને શીખવે જ છે કે પોતાની વસ્તુ કોઇને આપવી નહિ; ને મોટે ભાગે અસ્પષ્ટ રીતે સાથે સાથે એ પણ શિક્ષણ હોય છે કે લાગ મળ્યે બીજાની વસ્તુ જરૂર લઇ લેવી, બીજાનાં રમકડાંથી રમવા મળતું હોય તો રમી લેવું, ને બને તો ઘેર ઉપાડી લાવવું પણ ખરું; કોઇની વસ્તુ પોતાને ઘેર રહી ગઈ હોય તો ઉપાડીને મૂકી દેવી ને આપણે ત્યાં છે જ નહિ એમ કહી દેવું. આવું હલકાઇનું શિક્ષણ આજે સર્વસામાન્ય ચાલુ જ છે. પરંતુ એક સુશિક્ષિત અધ્યાપિકા પણ જ્યારે પોતાના બાળકને એમ જ કહે છે, ત્યારે આપણે આશ્ચર્યચકિત થઇ જઇએ છીએ.

પરંતુ આશ્ચર્યચકિત થવાની જરૂર નથી. બાળકોનું નહિ પણ મનુષ્યજાતિનું દુર્દૈવ હજી ઘણું મોટું છે. મનુષ્યજાતિ હજી સલાહસંપથી, ઔદાર્યથી ને આનદાનીથી એકબીજાની સાથે વ્યવહાર રાખવાનું કયાં શીખી છે? અશિક્ષિત સમાજમાં જે ઉઘાડું છે તે શિષ્ટ સમાજ ઢાંકે છે. પોતાનું સ્વાર્થીપણું અને અનુદારતા

છૂપાવીને તેથી ઉલટો ડોળ કરીને ચાલવું એનું જ નામ આજની ગણાતી શિષ્ટતા ને સંસ્કારિતા. કોઇ પોતાને ઘેર આવે ત્યારે ઔદાર્યનો જે ડોળ કરતાં આવડે તો બસ છે. આવાનું બવરાવવાનું, ભેટ દેવાની લેવાની, મેમાનગતિ લેવાની દેવાની, બધી બાબતોનું આજે બધે એક જ ધોરણ છે. શિષ્ટ સમાજમાં બુદ્ધિશાળી વર્ગમાં પોતાની અનુદારતા છૂપાવવાની કલા એક વધારે હોય છે. બાળકો માબાપો પાસેથી આ જ પ્રકારનું શિક્ષણ લે છે. માબાપો પણ રમતમાં, ગમતમાં તેમ જ પોતાના વર્તનમાં તે છૂટથી આપે છે. પરિણામે માનવ સમાજ દુઃખી છે, હજી પશુદશામાં જ છે.

હરીફાઇ અને મારાતારાના વિષબીજથી બાલજીવન બચી જાય તો માનવ સમાજ પણ તેનાથી છૂટે, વધારે સુખી બને અને સાચી સંસ્કારિતા આવે. બાળકની સાથે બોલાતા વાક્યે-વાક્ય અને શબ્દે શબ્દની પાછળ જીવનની શી ફિલસુફી છે–અધમતાની છે કે ઉચ્ચ જીવનની છે–તેનો વિચાર કરીને જ માબાપો શબ્દ ઉચ્ચારે એવી અપેક્ષા સુશિક્ષિત ને સંસ્કારી ગણાતા વર્ગની પાસે રાખીએ તો બહુ ન જ ગણાય. તા.

રાં ગો ળી

દીવાળીના દિવસોમાં આંગણામાં અને ઊંબરામાં લીંપીગૂંપીને આંગણું અને ઊંબરો શણગારવાનો ઘણો જૂનો રિવાજ છે. ચાળીશ વર્ષ પહેલાં મારી માતા, કાકી, દાદી અને ભાભીને મેં છાણથી લીંપેલ ભૂમિ ઉપર અંગૂઠો અને તર્જનીની ચપટીમાં કંકુ લઇ સાથિયાઓ, દેવનાં પગલાં અને કમળ કાઢતાં જોયાં હતાં. સોપારી મૂકી તેના ઉપર કંકુ ભભરાવી તેને જમીન ઉપર જરા પછાડી તે ગોળાકારો પાડતાં અને તેના વડે લીંપણની કિનારીઓ અને ખૂણાઓ શણગારતાં. ચોપેલા ઊંબરા ઉપર એવી જ રીતે સોપારીનાં વર્તુળ પાડતાં, અને બે વર્તુળો વચ્ચે એક એક ફૂલ મૂકતાં. પથારીમાંથી ઉઠતા પહેલાં થઇ ગયેલ આ શણગાર જોઇને મન આનંદ પામતું. અમને કહેવામાં આવતું: "આના ઉપર પગ દઇને ચાલશો નહિ."

એક વાર કોઇ શહેરી પાડોશમાં આવીને વસ્યો અને તેણે તેની સાથે ભાવનગરના વોરાઓ તૈયાર કરેલાં છાપાંઓ આણ્યાં. બીજી દીવાળીએ અમારી ભાભીઓએ છાપાંઓમાં કકુ, ગલાલ અને ચૂનો નાખીને પાંચ મિનિટમાં છાપાંનાં બીબાં વડે રાંગોળી પૂરી દીધી. ચારણીમાંથી લોટ પડે તેમ છાપાંઓમાંથી રંગ પડીને છાપાંઓમાં કોતરેલ આકારો જમીન ઉપર રચાતા; હાથી, ઘોડા, ફૂલ, ફુવારા એવું વગર મહેનતે ઝડપટ પડતું હતું. પહેલાં પોણા કલાકે થતી રાંગોળી પંદર મિનિટમાં બની ગઇ. બેન અને ભાભીઓના હાથને બહુ થોડી તસ્દી પડી. નવીનતાને લઇ તે સુંદર દેખાવા લાગ્યું અને શ્રમ ઓછો થયો એટલે ભાભીઓને સારું લાગ્યું.

થોડાં વર્ષ પછી શહેરમાં આવીને જોયું તો ચારેકોર આ જાતની રાંગોળી થતી હતી. પારસીના ઘરનાં પગથિયાં તો આ રાંગોળીથી

હમેશાં શોભતાં હતાં. જૂના વખતની રાંગોળી શહેરમાં કોઈ ઘરે રહી નહોતી. દીવાળી ઉપર વોરાઓનો બીબાંઓનો વેપાર વધ્યો હતો. દેશી વોરાઓ પરદેશથી આવેલાં પતરાંઓમાં જાત-જાતની ભાતો ઉપજાવતા હતા. આ છાપાંઓએ જૂની રાંગોળીઓને છેલ્લી રજા આપી.

લોકો દેશ પરદેશ ફરવા લાગ્યા, તેમ જ દક્ષિણી લોકો ગુજરાતમાં આવીને ઘણા વખ-તથી વસ્યા હતા તેમની પાસેથી, કેટલાંએક સંસ્કારી ઘરોમાં દક્ષિણી રાંગોળીએ વાસ કર્યો. પણ દક્ષિણી રાંગોળી પૂરવા પાછળ દક્ષિણી સ્ત્રીની મહેનત અને ઉત્સાહ ગુજરાતી સ્ત્રીમાં ન જડ્યાં, એટલે ગુજરાતમાં તેનો પ્રચાર બહુ થયો નહિ.

ધીરે ધીરે ગુજરાતમાં ચિત્રકારો થયા. તેઓએ રાંગોળીને નવી દિશા આપી. પૂંઠાંમાં કોતરણી કરી જાતજાતની કોતરણીઓ ઉપ-જાવી. એ કોતરણીવાળાં પૂંઠાં જમીન ઉપર મૂકી તેના ઉપર રંગો પાથરી રાંગોળીઓ ઉપજાવવાનું ચાલુ થયું. આ પદ્ધતિ રાંગોળીનું વિકસિત સ્વરૂપ કહેવાય.

શોખીન વેપારીઓએ આ છેલ્લી જાતની રાંગોળીને લક્ષ્મીપૂજનને દિવસે પોતાની દુકાન સામેના રસ્તાઓ ઉપર ધામધૂમથી પાથરી અને રસ્તાઓને વીજળીના દીવા નીચે રંગોથી રંગી મૂકયા. આની સાથે જ ગામમાં જાતજાતના રાંગોળીના ચિરોડીમિશ્રિત ભૂકા વેચવાનું શરૂ થયું.

ચિત્રકારો આગળ વધ્યા; તેઓ બંગાળ અને બીજા પ્રદેશોમાં જઈ આવ્યા અને તેમણે રાંગોળીને બીબાંમાંથી મુક્ત કરી. અસલની રીતે તેમ જ દક્ષિણી રીતે અંગૂઠો અને આંગ-ળાની ચપટીમાં ભૂકાંઓને રાખી મનકલ્પિત અને મનોરમ ચિત્રો જમીન ઉપર ઉપજાવવા લાગ્યા. અર્થાત્ જમીન ઉપર રંગોના ભૂકાથી ચિત્રાલેખન એ રાંગોળી બન્યું. આજકાલના દીવા-ળીના દિવસોમાં આ જાતની રાંગોળી ઠીક ઠીક સંસ્કારી ઘરોનાં આંગણાંઓમાં જોવામાં આવશે.

આ રાંગોળી સંસ્કારી ચિત્રકારોના હાથમાં હજી આગળ વધી. પથ્થરની જમીન ઉપર કે ગાર ઉપર પાણીના રંગોની રૂની પૂણી વડે રાંગોળી ચીતરાવા લાગી. આ રાંગોળી એટલે રંગથી જમીન ઉપરનાં ભૂમિચિત્રો. અત્યાર સુધી રાંગોળી ઉત્સવપ્રસંગે ઘરોમાં અને રસ્તાઓ ઉપર જ હતી. અલબત્ત દેવમંદિરોમાં–કૃષ્ણમંદિ-રોમાં રાંગોળીનાં વિધવિધ સ્વરૂપો કેટલાય વખ-તથી ચાલ્યાં આવતાં તે બાદ કરતાં છેલ્લા દસકામાં રાંગોળીએ કલામંદિરોમાં, સંમેલનોમાં અને છેવટે બાળશાળાઓમાં અને કોઈ કોઈ સ્થળે વિનયમંદિરોમાં પ્રવેશ કર્યો. આજે સારી ચાલતી મોન્ટીસોરી શાળામાં રાંગોળીને ચિત્રવિભાગ સાથે જોડી દીધેલ એક કલાવિકાસનું અંગ ગણ્યું છે, અને મરજી પડે ત્યારે અગર ખાસ પ્રસંગોએ બાળકો પોતાના ચિત્રજ્ઞાનને આધારે રંગના ભૂકા વડે ભૂમિચિત્રો રચે છે, બનાવે છે અને ફરી વાર રચે છે. બાળશાળાઓમાં રાંગોળીના વિકાસનો પ્રશ્ન અહીં છેડ્યા વિના આપણે પ્રાથમિક શાળામાં રાંગોળીનો વિચાર કરીએ.

આપણે પહેલી જ તકે કહી દઈએ કે છાપાંની અને પૂંઠાંની રાંગોળી તે રાંગોળી નથી પણ ભાસ માત્ર છે. તેમાં સર્જન નથી પણ યંત્રવત ક્રિયાથી ઉપજાવટ છે. બીજે નહિ તો શાળામાં તો કલાનું શિક્ષણ સર્જનદૃષ્ટિએ જ

હોવું જોઇએ. ઉક્ત પ્રકારની બે રાંગોળીથી શાળા જલદી દીપાવી શકાય; બાળકોને લાગે કે તેમણે રાંગોળી કાઢી. પણ ખરી રીતે તેમણે તે સ્થળે કલાધર તરીકે કશું કામ નથી કર્યું, પરંતુ રંગનાં પોટલાં ઉપાડનાર મજૂરનું જ કામ કર્યું છે. કલા મજૂરી માગે છે પણ નરી મજૂરી એ કલા નથી.

પહેલાં અને છેલ્લાં રાંગોળીના સ્વરૂપોને આપણે શાળામાં દાખલ કરી શકીએ. જેમ ચિત્રકળા છોકરાઓ અને છોકરીઓ બન્નેને માટે સામાન્ય વિષય છે, તેમ જ રાંગોળી પણ બન્ને જાતિનાં બાળકો માટે સામાન્ય છે; અને હોવી જોઇએ.

રાંગોળી સ્વતઃ ચિત્રકલા નથી તેમ ચિત્રકલાનું કોઇ વિશિષ્ટ સ્વરૂપ નથી; પરંતુ તેમાં ચિત્રકલાના જ્ઞાનનો વિશેષ અને નવીન ઉપયોગ છે. એટલે અંશે રાંગોળી સ્વતઃ સર્જન નથી, પણ ચિત્રની સર્જનવૃત્તિને એક વધારે અને જુદી રીતે અવકાશ અને ગતિ આપવાનું સાધન છે. મનુષ્યે પોતાની એક જ શક્તિને જુદાં જુદાં સ્વરૂપોમાં જોવાનું પસંદ કર્યું છે, અને એ રીતે મૂળભૂત અથવા પાયા રૂપ કલાઓના પડછાયા કે પ્રતિબિંબ રૂપે ઘણી કલાઓનો મનુષ્યઆનંદ માટે વિકાસ થયો છે.

પ્રાથમિક શાળામાં ચિત્રનું શિક્ષણ મૂળ જોઇએ. તે વિનાનું રાંગોળીનું શિક્ષણ પાયા નાખ્યા વિનાના મકાન જેવું ગણાય. ચિત્રસર્જનશક્તિને જે અનેક રીતે વ્યક્ત કરી શકાય તેમાંની આ એક રીતને ચિત્રશિક્ષણ પછી વિકસાવવાની સારી અનુકૂળતા અહીં મળે છે. અલબત્ત ચિત્રશિક્ષણને અભાવે રાંગોળીના શિક્ષણને અવકાશ તો છે જ, પરંતુ તે ઉતરતી કોટીનો. જ્યાં ચિત્રશિક્ષણ ન હોય ત્યાં રાંગોળી શીખવવા માટે વિદ્યાર્થીના ખ્યાલમાં ચિત્રની રેખાનું શિક્ષણ પ્રથમ આપવું પડશે. અને ત્યાર પછી એ રેખાઓને ભૂકાના રંગોથી પૂરવાના કારીગરી કામ (technique) માટે મહાવરો કેળવવો પડશે.

ચિત્રને આધારે રાંગોળી છે છતાં તેના ઉપયોગમાં તે ખાસ વિશેષતા બતાવે છે. કોઈ ચિત્રને કે ચિત્રના ખંડને ફરી ફરીને ઉપજાવવામાં રાંગોળીનો એક પ્રકાર છે. એથી ચિત્ર રૂપે જે કાગળ ઉપર ચિત્રકાર નથી કરતો તે રાંગોળી રૂપે જમીન ઉપર આવે છે. બેશક, રાંગોળીના પ્રગતિના દિવસોમાં એક સંપૂર્ણ ચિત્ર પણ રાંગોળીના પાયા રૂપ આજે બને છે. આથી રાંગોળી બે પ્રકારની બને છે; માત્ર ચિત્રના પાયા ઉપર રાંગોળી અને બીજી ચિત્ર કે ચિત્રખંડની ઘટનાઓની (designs) રાંગોળી.

શાળાઓમાં આ ઘટનાઓ ઉપજાવવાની કળા શિક્ષણ રૂપ છે; અને તેથી તેને સ્થાન છે–મહત્ત્વનું સ્થાન છે.

રાંગોળીમાં સર્જનના આનંદ ઉપરાંત કૌશલવિકાસને પણ સ્થાન છે. આંગળીઓ વચ્ચેથી ભૂકી સેરવીને ચિત્ર ઉપજાવવામાં સ્નાયુસંયમ અને ચલન ખીલે છે. જ્યારે ચિત્રો દીવાલ પર ઘરની અંદરના કે બહારના ભાગને શણગારે છે, ત્યારે રાંગોળી ઓશરી કે આંગણાની જમીનને શણગારે છે. જમીન જેમ બાગથી, મકાનોથી, કુચારાઓથી, લીલી હરિયાળીથી શણગારી શકાય તેમ રાંગોળીથી પણ શણગારી શકાય છે. ચિત્ર એકનું એક રહીને ક્ષણે

ક્ષણે નવીનતાનો આનંદ આપે છે, ત્યારે રાંગોળી ક્ષણે ક્ષણે વિધવિધ થઈને નવીનતાનો આનંદ આપે છે. ક્ષણિક વિવિધતામાં સંધ્યાના રંગો પેઠે રાંગોળીની ઉપજવટો અનંત અને અમર ચિત્રો જેવાં કલાનાં સર્જનો છે, અને મનુષ્યને સહેલાઈથી આંતર વૃત્તિને પ્રગટ કરવાનું સુલભ સાધન હોઇ શાળામાં તેને સ્થાન હોવા ઉપરાંત સાર્વત્રિક સ્થાન છે.

: ૨ :

હવે શાળાઓમાં રાંગોળી કેમ શીખવવી તે જોઈએ. આગળ કહ્યું તેમ રાંગોળીનો આધાર ચિત્રશિક્ષણ ઉપર છે. પણ ચિત્રશિક્ષણ અપાતું કે ન અપાતું હોય તેવી બધી શાળાઓમાં રાંગોળી શીખવવાનું ધોરણ સરખું જ રહી શકે. સર્જનના સત્ય સિદ્ધાંતો પ્રમાણે સર્જન સ્વતંત્ર અને સ્વયંસ્ફૂરિત વાતાવરણ માગે છે. તે આદર્શને, દિશાસૂચકને, સહાયકને અને સહચારીને સ્વીકારે છે; પરંતુ તે ઘૂંટાવનારને, ગોખાવનારને, ભણાવનારને, કહી દેનારને, કબૂલ કરતું નથી. તે પરીક્ષા અને ઇનામનો અસ્વીકાર કરે છે. તે દેખાવ અને 'વાહ વાહ!' માટે થવા માગતું નથી. કલાશિક્ષણમાં સર્વત્ર તેમ આમાં પણ આ નિયમોનો શાળાએ સ્વીકાર કરવાનો છે.

શાળામાં ભાતભાતના રંગો કે ભાતભાતની રંગબેરંગી ભૂકી ભરેલાં પાત્રો રાખો. રાંગોળી કેમ કરાય તે અવારનવાર પ્રસંગોપાત્ત બાળકોને પાસે બેસારી કાઢી બતાવો. તેમને કાઢનારનું હાથકૌશલ સ્પષ્ટ રીતે દેખાય તેવી રીતે ધીમેથી કાઢો; મૂંગા બેસીને કાઢો. અને બાળકોને તે ધરાઇ ધરાઇને જોવા દો. બાળકો તે જોતાં જોતાં તેને પોતાનામાં લઇ લેશે, અને જેમ ખોરાકમાંથી હોજરી લોહી વગેરે ઉપજ કરે છે તેમ આ અંદર લીધેલ કલાસંસ્કારમાંથી બાળકો રાંગોળીનાં નવસર્જનો કાઢશે. અને તેમને તેમ કરવા દો.

ઇતિહાસ-ભૂગોળના વિષયોને અભ્યાસક્રમના ચોકઠામાં નાખી લગભગ મૃતપ્રાય કર્યા છે, તેવું રાંગોળીનું કરવું નહિ. કલા ઝાડની જેમ પોતાના અંદરના આવિર્ભાવને અનુસરીને બહાર આવવા માગે છે; તેને ઉગી ગયેલાં ઝાડોના આકારોને અનુસરવાનું નથી. રાંગોળીમાં અમુક પાંચ પચીશ થઇ ગયેલાં સર્જનો પ્રમાણે બાળકોએ સર્જન કરવાં, નમૂનાઓનો અભ્યાસ કરવો અને એ પ્રમાણે એને દોરવાં, એ રાંગોળીના વિકાસને વિઘાતક છે.

રાંગોળીની સફળતાનો આધાર રંગવિવિધતા છે. એટલા માટે જેટલા બને તેટલા વધારે રંગો બાળકોને મળવા જોઇએ. અલબત્ત, આ રંગવિવિધતાની કદર બાળકોમાં વર્ણેન્દ્રિયના વિકાસ વિના સંભવિત નથી. પ્રાથમિક શાળામાં વર્ણેન્દ્રિયના વિકાસ માટે મોન્ટીસોરી શાળામાં વપરાતી રંગની પેટીઓ તે પદ્ધતિમાં બતાવ્યા પ્રમાણે વાપરવામાં આવે તો બાળકોમાં રંગની સંસ્કારિતા ખીલે. એવી જ રીતે રાંગોળી માટે રૂપની સમજણ અને વિવેકની જરૂર છે. એટલા માટે કુદરત અને મનુષ્યકૃતિનાં અનેક રૂપોનું દર્શન પ્રદર્શનો દ્વારા તેમ જ પ્રત્યક્ષ સૃષ્ટિના પરિચયથી કરાવવું જોઇએ.

સર્જન પહેલાંથી સંપૂર્ણતા માગતું નથી. બીજી રીતે કહીએ તો કોઈ પણ સર્જન અંતરભાવને સંપૂર્ણ વ્યક્ત કરી શકતું નથી. અંતરમાં પ્રત્યક્ષ થયેલું કલાદર્શન ઇંદ્રિયો દ્વારા

અને સ્થૂળ સાધનો વડે સંપૂર્ણ પ્રગટ થઇ શકે જ નહિ. બાળકો કાલાંઘેલાં કે જેવાં સર્જનો કરે તેવામાં વચ્ચે આવવું નહિ. ભાષણથી કે કરી દેખાડવાથી હાથમાં કુશળતા આવતી નથી; હાથ પોતે જ વારેવારે તે કામ ઉપર ઇચ્છાપૂર્વક વપરાવાથી તે કુશળ થશે. બીજાં કામોમાં તેમ આ કામમાં પુનરાવર્તનથી રાંગોળી સિદ્ધ થશે, પરંતુ પુનરાવર્તન ઐચ્છિક જોઇશે.

આ, રાંગોળીઓ બાળકોની સર્જનવૃત્તિને તેમ જ કેટલેક અંશે પ્રદર્શનવૃત્તિને અવકાશ આપવા માટે હોય. સર્જન કરવાની અભિરુચિ ન્યૂનાધિકપણે સર્વમાં હોય છે, માટે તમામ બાળકોને આ વિષયમાં કામ કરવાનો અવકાશ છે. કુશળતા બધા મેળવી નહિ શકે; છતાં પ્રવેશ અને પ્રવાસ સહુને માટે શક્ય છે: આજે પ્રવેશ કરી પ્રવાસ શરૂ કરી પાંચ જન્મે પણ પ્રવાસ પૂરો કરશે.

: ૩ :

રાંગોળીનાં દ્રવ્યો માત્ર રંગો અને રંગમિશ્રિત ભૂકીઓ નથી. રાંગોળી અનેક દ્રવ્યોથી કરી શકાય છે. અનાજની રાંગોળી, ફૂલની રાંગોળી, બીયાંની રાંગોળી, મોતીની રાંગોળી એમ વિવિધ રંગી પદાર્થોની તે બની શકે છે. રંગબેરંગી ચોખાથી પૂરેલાં મંડળો રાંગોળીનો પ્રકાર છે. વેદીઓ ઉપર ભિન્ન ભિન્ન અન્નોથી પૂરવામાં આવેલાં સ્વસ્તિકો અને બીજા આકારો રાંગોળીઓ છે. વિશાળતાથી કહીએ તો મંડળ પોતે પણ વાસણ અને વસ્ત્રની રાંગોળી જ છે. બુદ્ધિશાળી શિક્ષક, ગામડાનો શિક્ષક, શહેરનો શિક્ષક, પોતાની આસપાસનાં રસ્તાં અને સાદાં દ્રવ્યોમાંથી રાંગોળીનાં દ્રવ્યો ઉપજાવી શકે. દરિયાકિનારાની કાળી અને રાતી રેતીઓ, વિધવિધ રંગી ધૂળ, રંગબેરંગી કાંકરાઓ, કચૂકાઓ, ચણોઠીઓ, કઠોળ વગેરેથી રાંગોળીઓ થઇ શકે છે. લીલાં તાજાં શાકો અને પાંદડાઓની રાંગોળીઓ યાને મંડપો પણ રચી શકાય છે.

ધારે તો પ્રાથમિક શાળાના શિક્ષકો આ વિષયમાં ઓછે ખર્ચે શીખવવાની કડાકૂટ વિના બાળકોની કલાદૃષ્ટિના વિકાસ અર્થે ઘણું કરી શકે. ગિ.

બે ઘરમાં

એક ઘરમાં:

ફરવા જવાનો વખત થયો. બાનો સાદ પડ્યો. "રામા, એ રામા! છોકરાંને તૈયાર કર. ફરવા જવાનું મોડું થાય છે. ખબર પડે છે?"

રામો સફાળો ઉભો થયો. એકની ગળચી પકડી મોઢું ધોયું; બીજાનું બાવડું પકડી ખમીસ પહેરાવ્યું; ત્રીજાને વળી રોવરાવ્યું: રામાએ બાળકોને તૈયાર કર્યાં.

મોટર આવી; બા બાપા બેઠાં; બાળકો બેઠાં. સાથે રામોયે બેઠો.

બાળકો મોટર બહાર ડોકિયાં કરે છે; રામો ડોળા કાઢે છે. બાળકોને ચૂપ રહેવું પડે છે.

માબાપ જાણે છે: "છોકરાં ડાહ્યાં છે; ગડબડ કરતાં નથી. છોકરાંને સાથે ફરવા લીધાં છે." બાળકો મૂંઝાય છે પણ બોલાતું નથી, કારણ કે રામાની બીક છે—માબાપની બીક છે.

બીજા ઘરમાં:

ફરવા જવાનો વખત થયો.

બાએ સાદ કર્યો: "જેને ફરવા આવવું હોય તે તૈયાર થાય." બાળકોએ હાથ ધોયા, મોઢું ધોયું, વાળ સરખા કર્યા ને કપડાં બદલ્યાં. બા આવી, બાપા આવ્યા; બધાં સાથે ડરાવતું.

ગિરિબાળા ત્રિવેદી

બાલજીવનની કરુણતા

: ૧ :

"બા, એ બા! મારા હાથપગ ધોવડાવને!" નાના વિનુએ ધૂમ પાડી. એની બા હાથમાં પાણીનો લોટો લઈને બહાર આવી. એટલામાં જ બીજી બાજુથી ગાય આવી. આ ગાય મારકણી હતી એ બધાં બાળકોને તેમ જ મોટેરાંને ખબર હતી. વિનુની બા વિનુને કહે: "લે ચાલ, હાથપગ ધોઈ નાખ." પણ વિનુ તો ગાય તરફ જ જોઈ રહ્યો હતો. બા કહે: "સાંભળતો નથી કે? હાથ પગ ઝટઝટ ધોઈ નાખ. ચૂલે દાળ ઉભરાઈ જાય છે." પણ વિનુને બિચારાને તો ગાયની બીક લાગતી હતી. એની બા કહેતી હતી તે કંઈ સાંભળતો જ ન હતો. એનું ધ્યાન તો ગાયમાં જ હતું—આમથી આવીને મારશે કે આમથી આવીને મારશે? એની બા તો ચીડાયે જતી હતી. "અલ્યા વિનુડા, સાંભળતો નથી કે? બહેરો થઈ ગયો છે કે શું? ગાય કંઈ મારી નાખવાની નથી. લે, ઝટ હાથપગ ધોઈ નાખે છે કે નહિ, કે ધબ્બો લગાવું?" વિનુએ હાથ તો ધર્યા, પરંતુ એની આંખો તો ચકળવિકળ થતી હતી. ચાલવા લાગ્યાં. ધીમે ધીમે ચાલે છે; ઝીણી દૃષ્ટિએ જુએ છે.

બાળકો પ્રશ્ન પૂછે છે; માબાપ જવાબ આપે છે. છોકરાંઓને મજા આવે છે, અને લાગે છે કે આપણે ફરવા આવ્યાં છીએ.

નથી બાળકને કોઈ રડાવતું કે નથી કોઈ કંઈ ધડીએ આવીને ગાય મારી જશે એની એને બીક લાગ્યા જ કરતી હતી. બાએ પાણી રેડ્યું અને વિનુએ જેવા તેવા હાથપગ ધોયા, અને પછી તો એ સીધો દોડ્યો ઘરમાં. બાની તો દાળ ચૂલે ઉભરાઈ જતી હતી એટલે વિનુએ જેવા હાથપગ ધોયા તેવા ધોવરાવીને અંદર ચાલી ગઈ.

વિનુની બાને વિનુની યાતનાની કયાં ખબર હતી? એ તો જો વિનુની બાની સામે વાઘ છૂટો ઉભો રાખ્યો હોય અને પછી હાથપગ ધોવરાવવાના હોય તો જ વિનુની બીકની એને ખબર પડે.

માતાઓ! કયારે તમારાં બાળકોની યાતનાઓ તરફ ધ્યાન આપતી થશો?

: ૨ :

નાનો વિનોદ અઢી વર્ષનો થયો છતાં કાયમ માંદો રહેતો હોવાથી કોઈ દિવસ ન તો રમવા આવે કે ન તો ઘરના ઓટલાથી નીચે ઉતરે. પણ આજે તો કોણ જાણે કેમ, પણ એ નીચે ચોકમાં આવ્યો હતો. અને

વધારે આશ્ચર્યની બીના તો એ હતી કે હાથમાં નાનકડી સાવરણીનું પીસ્તુ લઈ એ ચોક સાફ કરતો હતો. એણે તો સાવરણી ઘસી ઘસીને ચોક એટલો ચોખ્ખો કર્યો હતો કે એની બાએ પણ કોઇ દિવસ એવો સાફ નહિ જ કર્યો હોય! જ્યાં જ્યાં ધૂળ વધારે હતી ત્યાં ત્યાં સાવરણીથી બરાબર ધૂળ આવે નહિ, એટલે એ હાથ વડે ધૂળ એક બાજુએ ભેગી કરી ચોક બરાબર વાળતો હતો. પણ એટલામાં તો એનો ભાઇ રસિક બહાર આવ્યો. એણે વિનોદને ચોક વાળતો જોયો. બસ, વિનોદનું આવી બન્યું. પરંતુ વિનોદનું સદ્‌ભાગ્ય એટલું જ કે એના ભાઇએ ન તો દૂરથી રાડો પાડી કે ન તો વિનોદને ધમકાવ્યો. એણે ઓટલા નીચે ઉતરી વિનોદનું કાંડું પકડ્યું. વિનોદ તો રહ્યો બિચારો માંદલો છોકરો, એટલે એ ચૂંચાં કર્યા સિવાય ભાઇ સાથે ચાલ્યો. વિનોદની જગ્યાએ બીજું કોઇ પણ પ્રાણવાન બાળક હોત તો એણે આની સામે જરૂર પોતાનો વાંધો નોંધાવ્યો હોત; રોવાનું પોતાનું શસ્ત્ર જરૂર અજમાવ્યું હોત. પરંતુ વિનોદે તો એવું કંઈકે જ કર્યું નહિ, છતાંયે જતાં જતાં પણ જાણે કે એ પોતાનો સાફસુફીનો શોખ પૂરો ન કરતો હોય એમ પગથિયા ઉપર સાવરણી ફેરવતો ગયો. એનો ભાઇ તો એને ઘરમાં દોરી ગયો. એના ભાઇને તો થયું હશે કે એણે વિનોદને ધૂળમાં રમી ગંદો થતો બચાવ્યો; પણ એને બિચારાને કયાં ખબર હતી કે એણે વિનોદને કેટલું ભારે નુકસાન કર્યું હતું? કદાચ વિનોદ પોતાના શરીરને જોઇતી કસરત સાવરણી ફેરવીને આપી રહ્યો હશે, અને સાથે સાથે કદાચ પોતાની સાફસુફીનો શોખ પણ પૂરો કરી રહ્યો હશે. ઉપરાંત ગૃહવ્યવસ્થામાં મદદ રૂપ થઇ પડવાની તાલીમ લઈ રહ્યો હશે. એ બધામાંથી એના ભાઇએ અજાણતાં એને વંચિત કર્યો. અને એ બધું વિનોદને મૂંગે મોઢે સહન કરવું પડ્યું. **શાં.**

પાઠ આપતાં

મોન્ટીસોરી પદ્ધતિમાં શિક્ષકે પાઠ આપતાં ખૂબ જ કાળજી રાખવી જોઇએ. પાઠ આપતી વખતે નકામી ક્રિયા ન થાય તેની ખાસ કાળજી રાખવી જોઇએ, કારણ કે પાઠ આપતી વખતે થતી દરેક ક્રિયા બાળક પાઠ રૂપે જ માની લે છે.

દાખલા તરીકે દડાની પેટી લઇને તમે પાઠ આપો છો. એ વખતે દડાને તેના ખાનામાં મૂકતાં તમે જરા જોરથી કે ધીમેથી માથું હલાવો તો બાળક એમ માને છે કે માથું હલાવવું જ જોઇએ. એકાદ દડો લઇને એ મૂકી બીજો દડો લ્યો તો પણ એ વસ્તુ કરવાની છે એમ બાળક માનવાનું છે. એટલું તો ઠીક, પણ પાઠ આપતાં કદાચ તમારે ઉઠીને બહાર જવું પડ્યું તો બાળક એમ માની લે છે કે આમ રમતાં રમતાં બહાર જવું પડતું હશે. એટલે શિક્ષકે પાઠ આપતાં બરાબર જોઇએ તેટલી જ હલનચલનની ક્રિયા કરવી જોઇએ.

જ્યારે પાઠ અપાતો હોય ત્યારે બાળક એકાગ્ર થયું હોય તો આપણી ઝીણામાં ઝીણી હલનચલનની ક્રિયા પણ બરાબર ધ્યાન રાખીને

જુએ છે; અને એ જ પ્રમાણે પોતે કરે છે.

મને યાદ છે કે એક વાર હું રંગની તખ-તીઓનો પાઠ આપતી હતી. મને ખબર નહોતી કે મારી એક આંગળી ઉપર શાહીનો ડાઘ પડ્યો છે. હું પાઠ આપીને દૂર જઈ બાળકને જોતી ઉભી. બાળક મારી સામે જોઈ રહ્યું. થોડી વારે હું એની પાસે ગઈ. મેં પૂછ્યું: "તમારે આનાથી રમવું છે?" જવાબ મળ્યો: "હા."

મેં કહ્યું: "ત્યારે રમોને?"

બાળક કહે: "પણ તમારી જેવું કરી દો ત્યારેને!"

મેં કહ્યું: "શું?"

બાળક કહે: "આ તમારી આંગળીએ છે તેવું."

મેં જોયું તો મારી આંગળી ઉપર શાહીનો ડાઘ પડેલો હતો. પછી મેં એને સમજાવ્યું કે ભાઈ, આ તો લખતાં લખતાં શાહીનો ડાઘ પડી ગયો છે!

મોં.

કેળવણીની શરૂઆત

બાળકની કેળવણી જન્મથી જ શરૂ થાય છે. એક બાજુથી બાળક પોતાની મેળે જ પોતાની પ્રેરણાને અનુસરીને પોતાના શરીરને, ઇંદ્રિયોને, મનને વગેરેને તૈયાર કરે છે, તેમ બીજી બાજુથી આપણા પ્રયત્નથી અર્થાત્ આપણે રચેલા વાતા-વરણથી તે જાતજાતની અસરો ઝીલે છે, અને પોતાના સ્વયંવિકાસના કામમાં તેનો ઉપયોગ કરે છે.

બાળક પોતાની મેળાએ વિકાસશીલ છે. પરંતુ વિકાસ માટે તે વાતાવરણ માગે છે. પ્રત્યેક બાળ-કમાં ચાલતાં શીખવાની, બોલતાં શીખવાની વગેરે બાબતની સહજ ભૂખ છે. પરંતુ જો બાળકના પગ બાંધી રાખવામાં આવે કે કાનમાં ડૂચા માર-વામાં આવે તો બાળક ચાલતાં અને બોલતાં શીખશે નહિ. એટલે કે તેને જોઇતું વાતાવરણ તેને નહિ મળે, અથવા તેના વિકાસને વિરોધી એવું વાતાવરણ તેને આપવામાં આવશે, તો તે સ્વયંકેળવણીના માર્ગમાં અટકી પડશે; અને ઘણી વાર તો તે પાછું હઠશે.

આટલા માટે માબાપોએ કે બાળઉછેરનારાઓએ બાળક પોતાની મેળે પોતાને કેળવશે એવો વિશ્વાસ રાખ્યા પછી, કેળવણીના પ્રયત્નો શક્ય અને સફળ બને માટે યોગ્ય વાતાવરણ રચવું જોઈએ. અને જે શિક્ષક કે માબાપ યોગ્ય વાતા-વરણ રચી શકશે તે જ બાળકનો પૂરતો વિકાસ સિદ્ધ કરી શકશે.

એમ માનવું ભૂલભરેલું થશે કે બધી કેળ-વણી વાતાવરણમાં છે, અથવા તો વાતાવરણ જ કેળવણી છે. વાતાવરણ ખાતરપાન છે; બીજ અને બીજને ઉગવાની શક્યતા બાળકના પોતાનામાં છે. ખાતરપાનના બળે-વાતાવરણના બળે, બાળકમાં જે બીજ હશે તે ઉગી નીકળશે અને ફૂલશે અને ફાલશે.

આથી વાતાવરણ ખાતરપાન રૂપે કેમ ગોઠવવું તેનો વિચાર ઝીણવટથી કરવો જોઇએ. બીજને માફક આવે તેવું વાતાવરણ કરવા બીજને–તેના કોંટાને જોયા કરવું જોઇએ, તેનો અભ્યાસ કર્યા કરવો જોઇએ, અને તેને અનુસરીને પોષક એવું વાતાવરણ રચવું જોઇએ.

વાતાવરણમાં પહેલી વસ્તુ–અતિ આવશ્યક વસ્તુ શાંતિ છે. પ્રત્યેક વસ્તુ સ્વસ્થતામાં અને શાંતિમાં ઉગે છે અને વર્ધન પામે છે. આ નિસ-ર્ગનો સ્વાભાવિક નિયમ છે. બાળક પણ શાંતિમાં જ પોતાને જે જોઈતું હોય છે તે વાતાવરણમાંથી

બરાબર ખેંચી લઈ જઈ શકે છે.

ધરતીમાં સતત ભૂકંપ ચાલુ જ રહેતો હોય તો ગમે તેવા સારા ખાતરપાન વચ્ચે ઉગેલા છોડવાનાં મૂળ સ્થિર થશે નહિ, અને તેથી છોડ વધશે નહિ. તેમ જે ઘરોમાં અસ્થિરતા, ઘોંઘાટ ને અશાંતિ રૂપી ધરતીકંપ હોય તે ઘરોમાં બાળકોને વિકાસનાં મૂળ નાખવાં અને વર્ધનનું કામ કરવું આકરૂં બલકે અશક્ય થઇ પડે છે.

ઝાડે કેમ ઉગવું ને કેમ ડાળાં કાઢવાં તેની પંચાત કરનાર માળી ઝાડને સારૂં ઉગાડી શકતો નથી; ઝટ ઉગે તેવા ધરાદાથી વધારે પડતું ખાતરપાન નાખનાર ઝાડને સેડવી નાખે છે, એવી જ રીતે બાળકને વધારે પડતું ખાતરપાન આપનાર કરે છે, અને બાળકને હેરાન કરે છે.

બાળકના શરીરને જે પોષણ જોઇએ તે વૈદકીય દૃષ્ટિએ માએ આપવું જોઇએ. ધવડાવવાના કે દૂધ પાવાના સમયો નિશ્ચિત કરવા જોઇએ. શીશીનું દૂધ કે આયાનું દૂધ બાળકને બહુ નુકસાનકારક છે. તેનો ઉપાય માએ પોતે તંદુરસ્તીના નિયમો પાળવા જોઇએ, અને જીભના શોખ કે સ્વાદ-સ્વચ્છંદની ખાતર જે તે ખાઈ પી માએ માંદા પડવું ન જોઇએ. કેમ કે નાની ઉંમરમાં માની તંદુરસ્તી એટલે જ બાળકની તંદુરસ્તી છે. બાળક માના શરીરથી જૂદું હોવા છતાં તે માનું અંગભૂત જ છે એમ વિજ્ઞાનોથી મંજૂર થયું છે.

આથી જ માએ બાળકની તંદુરસ્તી સાચવવી જોઇએ, તેમ જ તેણે તથા બાળકના પિતાએ મનની તંદુરસ્તી પણ સાચવવી જોઇએ.

આ નાની ઉંમરમાં બાળકનું માનસ માણાપના માનસ સાથે એટલું બધું જોડાયલું રહે છે કે માણાપના સારા કે માઠા માનસના પરિણામની બહુ જબર અસર તેના પર થાય છે. આ ઉંમરમાં જ બાળકના ચારિત્ર્યની સમગ્ર શક્તિ, ભાવિ વિકાસના પ્રથમ પત્થરો—બાતમુહૂર્તના પત્થરો નખાય છે.

માણાપો મોટાં બાળકોની હાજરીથી ડરીને કે તેમનાથી ચેતીને તેમની હાજરીમાં સભ્ય, વિવેકી, સાચાંબોલાં વગેરે દેહે છે. પણ છેક નાનાં બાળકની હાજરીને તેઓ હાજરી ગણતાં નથી. તેથી નાનું બાળક બાજુમાં જ સૂતું હોય છે કે પડ્યું હોય છે, તે વખતે પરસ્પર અસભ્ય રીતે વર્તે છે, જૂઠું બોલે છે, વગેરે સ્વાભાવિક અને અસ્વાભાવિક—તેમને માટે ધર્મ્ય અને અધર્મ્ય બધું કરે છે. પણ આ નાનું બાળક નાનું છે છતાં તેના ઉપર માબાપના વર્તનની બધી છાપ પડે છે, અને મોટી ઉંમરે તે માણાપના ગુણદોષોવાળું આ જ કારણે પણ થાય છે.

બાળકને ઉછેરવામાં મા એકલીને માથે આવી પડતો બોજો મા અને બાળકને નુકસાનકારક નીવડ્યો છે. પિતા અર્થોપાર્જન માટે બહાર કામ કરે છે, અને તેથી માતા પાસેથી બાળઉછેરની જવાબદારીની અપેક્ષા રાખે છે. બહાર ને અંદરનાં કામો પરત્વે વિભાગો ઘણા વખતથી પડેલા છે તે ચાલ્યા આવે છે; પણ આજે એ જૂના ધોરણે બાળઉછેર શક્ય નથી. આજે માતાએ અને પિતાએ પોતાના પ્રેમફળને સરખી રીતે સંભાળવાનું, સંવર્ધવાનું અને સંસ્કારવાનું છે બાળઉછેરનું કામ એ એક તપશ્ચર્યા છે; મનુષ્યવિકાસનો એક પાયો છે; અને તેમાં હકદાર અને જવાબદાર માતપિતા બન્ને છે. માટે પિતાએ પણ પોતાનાં બહારનાં કામો ઉપરાંત માતાને બાળઉછેરમાં મદદ કરવાની જરૂર છે; અને એ જ રીતે સંપીને પિતાને જ્યાં બને ત્યાં ઘરના નકામા કામના બોજામાંથી મુક્ત કરવાનો છે. બાળઉછેરને નામે અત્યાર સુધી માતા એકલીને માથે બોજો હતો, હવે એ બહાને માતા પોતાના બોજામાંથી સદંતર મૂક્ત થઈ જાય છે. પણ પિતાની મદદનો અભાવ ક્ષમ્ય નથી, એટલું જ નહિ પણ તે નુકસાનકારક છે. બાળકને માતપિતાના બન્નેના ગુણો અને હકીકતોના વાતાવરણમાં ઉછેરીએ તો તે બરાબર ઉછરે છે.

બાળકને ઉછેરવાનું કામ માબાપો કેળવ પ્રાકૃત દૃષ્ટિએ ન કરે. આ બાળક મોટો થશે ત્યારે આપણને સેવા આપશે, આપણું ઘડપણ પાળશે, એ દૃષ્ટિમાંથી છોકરી અને છોકરાના ઉછેરમાં ભેદ આવ્યો છે. એ ભેદ આપણને ન જોઇએ.

ઉછેરનાર માબાપોની જ દૃષ્ટિ આવી હોવી જોઇએ: "અમારા પવિત્ર પ્રેમનું મૂર્ત સ્વરૂપ આ બાળક છે. આ બાળકનું રક્ષણ અને ઉછેર એટલે પ્રેમનું રક્ષણ અને સંવર્ધન. બાળકનું શ્રમપૂર્વકનું સંવર્ધનકાર્ય એટલે સ્ત્રીપુરુષના પ્રેમનો અગ્નિહોત્ર!" આ એક જ દૃષ્ટિ પવિત્ર શીલવાળાં અને કુળવાળાં માબાપો સમક્ષ હોય.

ક્ષુદ્ર અને પામર માતપિતાઓ બાળકને ભૂલ કે અકસ્માત ગણીને તેઓ પોતાને પશુઓથી પણ નીચી કોટીમાં મૂકે છે; અને તેમ કરીને તેઓ પોતાનું અને પોતાનાં બાળકોનું પતન અને હનન કરે છે.

સાચાં માતપિતાઓ બાળકને અનુકૂળ રૂપી વેલની એક આગળ ડાળ સમજે છે: સમગ્ર જનતાના વિરાટ દેહનું અંગ આ બાળક છે, એમ સમજી તેની સેવા મારફત સમષ્ટિની તે સેવા કરે છે. આ સેવા નિર્વ્યાજ અને નિસ્વાર્થ હોય છે.

આપણાં માબાપો બાળઉછેરમાં આ સેવા પામી કૃતાર્થ થાઓ. ગિ.

પ્રશ્નોત્તર

પ્રશ્નઃ બાળકનું આકર્ષણ આપણા તરફ કરવા માટે શિક્ષકમાં કયા ગુણો જોઇએ?

ઉત્તરઃ પહેલો ગુણ બાળકો પ્રત્યે પ્રેમ. પ્રેમ એટલે બાળક જેવી નાજુક અને નાની એવી વ્યક્તિ પ્રત્યે આદર, સન્માન. બીજો ગુણ બાળકની સાચી સમજણ. ત્રીજો ગુણ બાળકને યોગ્ય સહાય આપવાની તત્પરતા અને આવડત. ચોથો ગુણ બાળક સાથે નિખાલસપણું અને વફાદારી. પાંચમો ગુણ બાળકોની ન્યૂનતા, અપૂર્ણતા અને કચાશ તરફ ખૂબ ઉદારતા. છઠ્ઠો ગુણ બાળકમાં અંગત સ્વાર્થ બહુ ઓછો.

પ્રશ્નઃ બાળકને અમુક વિષય ગમે, અને અમુક વિષય શીખવવા ઘણા ઉપાયો લઇએ પણ શીખે નહિ, તો શું કરવું?

ઉત્તરઃ ન ગમે તેવું શીખવવાનો ધંધો શા માટે કરવો? જે ગમતું હોય, જે આવડતું હોય, તે શીખવા દો; તેનાથી તે મહાન થશે. કોઇને બધું આવડ્યું નથી ને આવડવાનું નથી. વિદ્યાર્થીની મરજી વિના શીખવવામાં શિક્ષકોએ આજ દિવસ સુધી જખ જ મારી છે.

પ્રશ્નઃ એક શિક્ષક છોકરાઓને પાઠ નથી આવડતો માટે મારે છે. પરીક્ષા આવતાં સુધીમાં વર્ગમાંથી અર્ધા છોકરાઓ ઉડી જાય છે. હવે પરીક્ષક આવી પરીક્ષા લે છે ને શિક્ષકનું સો ટકા પરિણામ આવે છે. શિક્ષકનું કામ વખણાય છે. પરીક્ષા આમ છોકરાઓને ભણતા અટકાવે, મન બગાડે, શિક્ષકને ક્રોધી અપ્રામાણિક ને ચીડિયો બનાવે, એ બધું જોતાં પરીક્ષા નીકળી જવી જોઇએ એમ નથી લાગતું?

ઉત્તરઃ વર્ણવો છો તેવો શિક્ષક સાચે જ હોય તો તે અત્યંત અધમ છે. એને પોલિસ ખાતામાં પણ જગ્યા નથી. છોકરાઓને જેમ તે કાઢી મૂકે છે, તેમ જ તેને કાઢી મૂકવો જોઇએ. આવા શિક્ષકનું કામ જ નથી. પરીક્ષા

આવા દુષ્ટ શિક્ષક જેટલી દુષ્ટ નથી લાગતી. પરીક્ષા બદી છે, પણ ઘણી વાર દુષ્ટ અને અખૂજની દૃષ્ટિએ બહાનું છે. માત્ર પરીક્ષા કાઢી નાખવાથી આવો શિક્ષક સારો થવા સંભવ નથી. ઉલટું આ શિક્ષકને કાઢી મૂકવાથી પરીક્ષાની વધતી જતી બદી કંઈક ઓછી થશે.

પ્રશ્નઃ ગામડાની નિશાળમાં વિદ્યાર્થીને જો સ્વાતંત્ર્ય આપીએ તો છોકરાઓ તોફાન કરે છે; અને માબાપો કહે છે બાળકોને તમે ભણાવતા નથી. તો સ્વતંત્રતા આપવી કે નહિ ?

ઉત્તરઃ સ્વતંત્રતા આપતાં આવડતી નથી એમ લાગે છે.

પ્રશ્નઃ શાળામાં શારીરિક શિક્ષાનો અભાવ બિલકુલ શક્ય છે ?

ઉત્તરઃ અલબત્ત, શક્ય છે. એકાદ મોન્ટીસોરી શાળામાં જઈને જુઓ.

પ્રશ્નઃ હાલની પ્રાથમિક શાળામાં મોન્ટીસોરી પદ્ધતિના કોઇ સિદ્ધાંતને સ્થાન છે ?

ઉત્તરઃ જરૂર. પ્રાથમિક શિક્ષણમાં એટલું જ નહિ પણ સમગ્ર શિક્ષણમાં મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતને સ્થાન છે. એ સિદ્ધાંત એટલે સ્વયંશિક્ષણ, એ સિદ્ધાંત એટલે સ્વયંનિયંત્રણ, એ સિદ્ધાંત એટલે સ્વયંભૂસર્જન, એ સિદ્ધાંત એટલે સ્વાભાવિક જીવનવિકાસ. પણ એ સિદ્ધાંત આજની પ્રાથમિક શાળામાં આવે એટલે આજની પ્રાથમિક શાળા હતી ન હતી જ થઇ જાય ! **ગિ.**

પત્ર

" ગિજુભાઇ બધેકા,

અમને અમારા ...ભાઇ મારે છે. અમારે નો વાંચવું હોય તો પરાણે વંચાવે છે. અમે જો નો વાંચીએ તો મારીને ઉપર વંચાવે છે. આનો જવાબ લખશો. લખીતંગ ...ભાઇ. "

મારા બાલમંદિરના એક બાળકે મારા ઉપર આવો એક પત્ર લખી મને હાથોહાથ આપ્યો. આનો જવાબ હું ચિ૦ ભાઇ.....ના મુરબ્બી ભાઈને એકને લખું તેના કરતાં એવા સૌ ભાઇઓને લખું તો સારું. એટલે મેં આ પત્ર 'શિક્ષણ પત્રિકા' માં જવાબ સાથે પ્રગટ કરવાનું ધાર્યું છે. જેમ એક જણ નદીને બંધ બાંધે અને બીજો જણ તે તોડી નાખે તેમ હું માર માર્યા વિના શીખવું અને બાળકને ઘેર માર મારીને શીખવાડે તેવો આ કિસ્સો છે. બાળક બાલમંદિરમાં પોતાની સ્વયંસ્ફૂર્તિને અનુસરીને પુષ્કળ વાંચે છે; મારે તેને પરાણે વંચાવવું પડતું નથી. જ્યારે ઘરે પિતા સ્વયંસ્ફૂર્તિને અનુસરવા દેતા નથી અને જોહુકમીથી કામ લે છે. બાળકના આ પત્રમાં તેનું દર્દ સ્પષ્ટ છે. પરાધીનતા પણ એટલી જ સ્પષ્ટ છે. તેનો ઉપાય મારા હાથમાં છે એમ બાળક માને છે. એમાં મારા પ્રત્યેનો વિશ્વાસ અને આદર છે, અને તેની સાથે જ તેના પિતામાં અવિશ્વાસ અને અનાદર પણ છે. માબાપો પરાણે વંચાવી શકશે પણ તેઓ બાળકને આવી ચિઠ્ઠીઓ લખતા રોકી શકશે નહિ. પરાણે વંચાવવાને પરિણામે આવા પત્રો પ્રગટે તેના કરતાં તો બાળક બે દિવસ મોડું વાંચે તે વધારે સારું છે. ઘરની ફરિયાદ બાળકને બીજા પાસે શું કામ કરવી પડે ? પરાણે ભણાવવાના મોહમાં માબાપો બાળકને ભણતર આપી તેમનો પ્રેમ ખૂએ છે; તેમને તમનાં મટાડે છે. એ ચેતવા જેવી સ્થિતિ છે, કારણ કે તે ભયંકર છે. **ગિ.**

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

શિક્ષકનો નિશ્ચય

દુનિયા ભલે બદલાય પણ મારે બદલાવું નથી. મારે તો નોકરીને નામે પાંચ કલાક ભરવા છે, નહિ કે ભણાવવાને કામે.

મારે તો મારીમારીને ને ડારો દઈને ભણાવવા છે, નહિ કે સમજાવીને અગર બાળકને સમજીને.

મારે તો પરીક્ષા અને પ્રમોશન માટે ભણાવવું છે, નહિ કે બાળકનું જ્ઞાન વધે–શક્તિ વધે એટલા માટે.

મારે તો મનમાં આવે તો બાળકોને ગાળો દેવી છે ને કાન પણ ઉમેળવા છે, નહિ કે મારે ભાષાંપા કરવા છે ને વાંસો થાબડવો છે.

મારે તો વર્ગમાં ચા પાણી પીવાં છે, તમાકુ ખાવી છે ને વર્ગમાં થૂંકવું છે, નહિ કે મારે વર્ગમાં આવાં વ્યસનોનો ત્યાગ કરવો છે.

મારે તો ટેબલ પર પગ લાંબા નાખી પડ્યાં પડ્યાં ઝોકાં ખાવાં છે, નહિ કે દિવસ બધો ફરતાં ફરતાં ધ્યાન રાખી પગે પાણી ઉતારવું છે.

મારે તો જેવો છું એવો જ રીઢો, જૂના જમાનાનો શિક્ષક રહેવું છે. મારે નવા જમાનાની નવીનતા નથી જોઇતી. ગિ.

વિદ્યાધિકારીનો નિશ્ચય

તમે ભલેને ના પાડો, પણ મારે તમને બદલવા છે મારે તો પાંચ કલાકની પાકી ઉભે પગે નોકરી કરાવવી છે, નહિતર ગડગડિયું આપવું છે.

મારે મારીને અને ડારો દઈને ભણાવનારને ભણાવવા દેવું હોય ત્યારે જ તમે એવી રીતે ભણાવશો ના ?

મારે પરીક્ષાની કે તમારા પ્રમોશનની એકેયની નથી. મારે તો બાળકના વિકાસની અને તમારી ખીલવણીની પડી છે.

મારે તો ગાળો દેનારને ગાળો દીધા વિના ઘેર જ બેસાડવો છે, અને કાન ખેંચનારની નોકરી ખેંચવી છે.

મારે તો વર્ગમાં ભણાવવાને બદલે ચા પાણી પીનારને ચોવીશે કલાક ચાવાળાને ત્યાં જ રહે ને મજા કરે, તેવો જ બંદોબસ્ત કરી આપવો છે.

મારે ઓરડામાં ટેબલ ખુરશી રાખવાં હોય ત્યારે તમારે એના ઉપર બેસીને ઊંઘવું પડશે ના ? મારે તો ધ્યાન આપવા માટે પગે પાણી ઉતરાવવું જ છે.

મારે એ રીઢાપણું ધર્મે પણ ન ખપે. અને જૂના જમાનાના મુડદાને મારે સંઘરવું નથી. મારે તો એ રીઢાને કોરે કરવું છે, ને ન થાય તો બદલી કાઢવું છે. મારો નિશ્ચય પણ પાકો જ છે ! ગિ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીઝ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૬૦

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

: તંત્રીઓ :
ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

રાજાઓ લડશે તો તેઓ
રાજ્યોને પાયમાલ કરશે.
ધર્માચાર્યો લડશે તો તેઓ
ધર્મને પાયમાલ કરશે.
વેપારીઓ લડશે તો તેઓ
લક્ષ્મીને પાયમાલ કરશે.
અને શિક્ષકો અને કેળવણીકારો
લડશે તો તેઓ વિદ્યાને અને
વિદ્યાર્થીઓને પાયમાલ કરશે.

દેશની ગરીબી અને બાળકેળવણી

આપણો દેશ ગરીબ છે એ વાત સાચી છે. પરંતુ તેથી બાળકોની કેળવણી પાછળ પૈસા ખર્ચવા માટે તે સાવ અશક્ત છે એમ કહેવું એ તો કેળવણીની ઉપયોગિતા અને કિંમત ન સમજવા કે ન સ્વીકારવા બરોબર છે; અથવા કેળવણી ન આપવાનો વિચાર જુદી રીતે મૂકવા જેવું છે. રાયથી તે રંક સુધીનાં બધાં માણસો આજે જે જાતજાતનો ખર્ચ કરી રહેલ છે તે ખર્ચ ગરીબીને શોભે તેવો છે ખરો? તે ખર્ચ કરીને ગરીબીને વધાર્યા પછી કેળવણી આપતી વખતે "ગરીબ છીએ." એમ કહેવું શરમાવનારું નથી? રાજાઓના મોટા વિલાસો પાછળ ખર્ચાતા લાખો રૂપિયામાંથી સારામાં સારી શિક્ષણ-સંસ્થાઓ ચાલી શકે. એક તરફથી મોટા રીત-રિવાજોને લીધે પૈસા ખર્ચાઈ રહ્યા છે, બીજી તરફથી ધર્મને નામે પૈસાનો દુર્વ્યય થઈ રહ્યો છે, ત્રીજી તરફથી વહેમો અને અજ્ઞાનને કારણે લોકો પૈસા ગુમાવી રહ્યા છે, અને ચોથી તરફથી સત્તા વગેરે શક્તિઓથી પ્રજા નીચોવાઈ રહી છે. આ બધા અપવ્યયો જ્યાં ચાલી રહ્યા હોય ત્યાં કેળવણી પ્રત્યે પ્રેમ નથી એમ કબૂલ કરવું એમાં વધારે સત્ય છે.

જો દેશ ખરેખર ગરીબ જ છે, એ ગરીબીથી દેશને અસંતોષ છે, ને એ ગરીબી તેને ભૂષણ રૂપ નથી લાગતી, તો દેશે તેમાંથી નીકળ્યે જ છૂટકો. મુક્તિનો ઉપાય કેળવણી છે. બીજા દેશોની હરિફાઈમાં નહિ, પરંતુ જીવન ટકે અને સુખી થાય એટલી સમૃદ્ધિ મેળવવા માટે દેશે બીજા દેશો જેવું બુદ્ધિબળ અને ક્રિયા-શક્તિ કેળવવી જોઈએ. દેશના સાદાઈના આદર્શમાં ગરીબી કે દરિદ્રતાને અવકાશ જ ન હોઈ શકે.

આ બધું કેળવણીની ક્રિયાથી મેળવી શકાય. જે કેળવણી આપણને આર્થિક રીતે સ્વતંત્ર કરે તેની પાછળ દેવું કરીને પણ અત્યારે તો દ્રવ્ય ખર્ચવું જ ઘટે. અત્યાર સુધીની કેળવણીએ આપણને ઉદ્યોગી માણસો, શોધકો કે પોતાના બળ ઉપર ઉભા રહી જાતે પેટ ભરે તેવા માણસો આપવાને બદલે કારકૂનો, પેટ માટે જ્ઞાન વેચે છતાં ભૂખ્યા રહેવું પડે તેવા માણસો, અને કોઈ પણ જાતનું કામ બજાવવા કેવળ અનાદરવાળા માણસો પેદા કર્યા છે. આર્થિક ઉત્કર્ષ કરવાની એમની શક્તિ જ મરી જાય છે. એમનામાં હાથપગ અને સાથે મગજ ચલાવવા જેટલી તાકાત જ રહી નથી હોતી. આવી કેળવણી પાછળ મોટી પદ્ધતિ પડેલી છે; કેળવણીનો મોટો આદર્શ પડેલો છે. આદર્શ અને પદ્ધતિને ફેરવી નાખનારી હરકોઈ શિક્ષણપદ્ધતિની પાછળ ગરીબાઈ મટાડવા માટે જ દ્રવ્ય ખર્ચવું એ આપણી મોટામાં મોટી ફરજ છે. આ ફરજ પોતાના તરફ છે, તે કરતાં ભાવી પેઢી તરફ વધારે છે. ભાવિનું સુકાન જ્યાં સુધી આપણે લઈને બેઠા છીએ, ત્યાં સુધી તેની જવાબદારી આપણે શિર છે. આપણી ગરીબીના વારસામાંથી તો ભાવિ પેઢીને બચાવીએ જ.

સ્થૂળ ગરીબીથી આપણે પીડાઈએ છીએ

તેના કરતાં આપણી શક્તિઓની ગરીબીથી આપણે વધારે પીડાઇ રહ્યા છીએ. વહેમો આપણે ત્યાં છે; ધર્મજડતા અને અંધતા આપણે ત્યાં છે; ગુલામી વૃત્તિ આપણે ત્યાં છે; આલસ્ય અને શેખચલ્લીપણું આપણે ત્યાં છે; અંત્યજો, જ્ઞાતિઓ, મૃત્યુ પાછળ પણ મીઠું ખાવાના રિવાજો, વગેરે આપણને શોભાવે છે. ખિનકેળવાયેલ કે ઓછું કેળવાયેલ અને ગુલામી માનસની સર્વ સમૃદ્ધિઓએ આપણે ત્યાં કૃપા કરી વાસ કર્યો છે! આથી તો જીવનનાં લગભગ સઘળાં ક્ષેત્રોમાં આપણે નિસ્તેજ અને નિર્વીર્ય જેવા બન્યા છીએ. કર્મ કરવાની શક્તિ ગુમાવવાની સાથે વેદાંતની વાતોમાંથી મુક્તિ અને ગરીબાઇમાં સાદાઇનું સુખ માનવાનો ભ્રમ આવ્યો છે. આ બધાનો ઉપાય કેળવણી જ હોઇ શકે. તમસમાંથી જ્યોતિમાં, પ્રમાદમાંથી પ્રવૃતિમાં, પરાધીનતામાંથી સ્વાધીનતામાં જવા માગતા હોઇએ તો તેવી શક્તિ આપે એવી કેળવણીનું શરણ લેવું જોઇએ. મોન્ટીસોરી પદ્ધતિની તાત્ત્વિક કિંમત જો ખરેખર યોગ્ય લાગતી હોય તો પછી તેનો ખર્ચ આ સ્થિતિએ સાવ મામૂલી ગણાવો જોઇએ.

આપણે અનેક રીતે ગરીબ છીએ તેથી તો આપણી જવાબદારી વધે છે. માબાપને ઘરમાં ખાવાનું મળતું ન હોય તો પેટમાંથી કાઢીને પણ તે છોકરાંને ખવરાવે છે, ને તેમને જીવતાં રાખે છે; કારણ કે બાળકો ભાવિનો આધાર છે. ભલે આપણે અત્યંત ગરીબ હોઇએ, તો પણ એક વાર તો ભવિષ્ય સુધારવા માટે આપણે આપણાં બધાં સુખો ને તે પાછળ ખર્ચાતા દ્રવ્યને બચાવી તેને કેળવણીમાં જ રોકીએ. બાળક આપણી મોટામાં મોટી મૂડી છે. એ વિચાર સામે રાખીએ તો આપણી આડે ગરીબીની દલીલ નહિ જ આવે.

ખરી વાત એમ છે કે આપણી દૃષ્ટિ જ જુદી છે. બાળકો માટે દાગીના ને કપડાંનો ખર્ચ કરવા આપણે કદી ગરીબ નથી હોતા; તેને પરણાવવા માટે લખલૂટ ખર્ચ કરી નાખીએ છીએ; તેને પરાણે ભણાવવા ટ્યૂશનોમાં પૈસા ખર્ચીએ છીએ; તેને ઠેકાણે પાડવા લાંચ રૂશવતમાં પણ પૈસા બગાડીએ છીએ. આ બધા ખર્ચો આપણે આપણી પ્રજા માટે જ કરીએ છીએ. આ ખર્ચો ખોટે માર્ગે છે. માંદા માણસને સાજો કરવા કરેલો ખર્ચ જો તેને તંદુરસ્ત રાખવા માટે જ કર્યો હોય તો અર્ધો ખર્ચ પતે, અને માણસ માંદગીમાંથી બચે તે જુદું. એમ પાછળથી નિષ્ફળ ગયેલ મનુષ્યને સફળ કરવા પૈસા ખરચવા તેના કરતાં સફળતાનું શિક્ષણ મળે તેમાં પૈસા ખરચવા એ સાચું અર્થશાસ્ત્ર છે.

ગરીબ હોવાથી જ ગરીબીમાંથી બચાવવા માટે છેલ્લી પાઈ ખરચીને આપણે સારામાં સારી પદ્ધતિથી શિક્ષણ આપવાનો આગ્રહ રાખીશું તો કોઇ પણ અતિ ખર્ચાળ પદ્ધતિ પણ આખરે સસ્તી જ નીકળશે, કારણ કે તે કલ્યાણદાયી થશે. ગિ.

શ્રી. ગિજુભાઇનાં બે પુસ્તકો

પ્રાથમિક શાળામાં શિક્ષક ૦-૧૦-૦

હાલતાં ચાલતાં ૦-૧૦-૦

નવેમ્બર આખર પ્રગટ થશે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

બોટનો દીકરો

મારા મિત્ર ગિરીશે લખેલી આ એક વાર્તા છે તે વાર્તા છે એટલે તેને અહીં છાપેલી નથી; એ માનસશાસ્ત્રનું નાનું એવું પ્રકરણ છે. એમાં બહુ લાડકવાયા અગર માથે ચડાવેલા છોકરાની સ્થિતિ કેવી થાય છે, અને મા તથા છોકરો બન્નેની હાલત કેટલી ભયંકર બને છે તેનો હુબહુ ચિતાર છે. લાડ લડાવેલા છોકરા કેવા થાય છે તે સંબંધેના આજના માનસ-પ્રથક્કરણશાસ્ત્રીઓમાંના એક મી. ઓડલરના સિદ્ધાંત-વિચારોનું આ વાર્તા સચોટ દૃષ્ટાંત છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ આ વાર્તાની અતિ મહત્ત્વની કિંમત એટલા માટે છે કે તે સાચેસાચી બનેલી વાત છે. તંત્રીઓ.

કસણી વહુને જ્યારે ચાર દીકરી ઉપર દીકરો આવ્યો ત્યારે આખા ઘરના હરખનો પાર રહ્યો નહિ. હિંદુ કુટુંબોમાં દીકરા વગરનું ઘર કેવું અળખામણું લાગે છે, અને દીકરા વગરની વહુ કેવી અણમાનેતી હોય છે, એ વાત એટલી બધી સામાન્ય છે કે એને વિષે કશા લાંબા લખાણની જરૂર ન હોય. કસણીવહુને પ્રસવ અને હિંદુ સુવાવડની અજ્ઞાનતાજનક અનેક અગવડોમાંથી પસાર થવું પડ્યું છતાં તેનો આનંદ એવડો મોટો હતો કે તેને એ કશું જણાયું જ નહિ; અને જ્યારે એ સુવાવડમાંથી નાહી ધોઈ ઉઠી ત્યારે જે ઘર એને નિરાશાના ડુંગર જેવું લાગતું હતું તે ઘર એને આશાના ઉપવનસમું દેખાવા લાગ્યું અને એના નબળા શરીરમાં વીતી જતી જુવાનીનું જોમ જાણે ફરી આવ્યું હોય તેમ જણાયું.

ત્રિકમ ગાંધીની ગાંધી તરીકેની પ્રતિષ્ઠા બેચાર પેઢીથી એવી જામી ગયેલી કે એનાં જાતજાતનાં વસાણાં, બત્રીશું, મધ, બાળાગોળીઓ અને સોગઠીઓ, ચૂર્ણો ને પાકો માટે છેટે છેટેથી માગ આવતી; અને પોતે તથા પોતાના ચાર દીકરાઓ અને બીજા ઘણા નોકરચાકરો એ બધી બનાવટો પાછળ રાતદહાડો મંડ્યા રહેતા છતાં તેને પૂરા પહોંચી શકતા ન હતા.

તેમના નાના દીકરા દામોદરનો સ્વભાવ જરા તીખો હતો. બાપના આવા ધીખતા ધંધામાં એની મદદ જબરો ફાળો આપતી, છતાં એક વાર કાંઈ બોલાચાલી થતાં એ કુટુંબની સયુક્ત દુકાનથી જુદો પડ્યો અને બાપના ગામથી દૂર સોએક ગાઉ છેટે એક ગામમાં ગાંધીની દુકાન ખોલી કુટુંબની નામીચી પ્રતિષ્ઠા પર રળી ખાવા લાગ્યો.

કસણીવહુ અને દામોદરનો ગૃહસંસાર સારી રીતે ચાલતો. જેમ દામોદરનો સ્વભાવ તાઉ હતો તેમ સામેથી કસણીવહુનો સ્વભાવ તેટલો જ ઠંડો અને ખામોશ હતો, એટલે ઘર્ષણના પ્રસંગો ભાગ્યે જ બનતા. પણ જ્યારે જ્યારે સારા માઠા પ્રસંગે તેમને ઘેર આવવું પડતું ત્યારે ઘરડાં ડોશીમા, લોંઠકો નણંદો અને દીકરાથી ઘર ભરી દેનારી એક જેઠાણી તરફથી બંનેને બહુ ત્રાસ વેઠવો પડતો, અને તે એક જ કારણેઃ કસણીવહુને ચાર દીકરીઓ હતી અને કુટુંબને ઉજાળનાર દીકરો ન હતો. દામોદરનું મન પણ પોતાના પુત્રવિહોણા સંસારથી ખાટું થતું અને કસણીવહુને પણ બહુ ઓછું આવતું.

પણ છેવટે અનેક બાધાઆખડીઓ અને દોરાધાગાને પરિણામે ઠાકોરજીએ સામું જોયું ને

દામોદર અને કસળીવહુના મ્હેાં ઉજળાં કર્યાં.

ઘરમાં એક નાનું ઘેાડિયું હતું પણ નવા બાળકને કાંઇ એ ઘેાડિયામાં સૂવારાય ? હેાંશમાંને હેાંશમાં કસળીવહુએ મજાનું પેાપટિયા રંગનું નાજુક ઘેાડિયું ઉતરાવ્યું. આગલી દીકરીઓનાં બાળપણનાં ઘરેણાં, કપડાં ને રમકડાં હતાં પણ તેયે સાવ નવાં જ વસાવ્યાં. અને મનમાં જે જે કેાડ ઉઠ્યા તે બધા પૂરા કરવા લાગી. દામેાદરના કુટુંબના પ્રમાણમાં તેની કમાણી હજુ એટલી બધી વધી પડી ન હતી, કે જેથી આવા વધુ પડતા ખર્ચો તેને પેાસાય. પણ કાંઇક હરખમાં ને હરખમાં, અને કાંઇક પેાતાની પત્નીના અવનવા કેાડ પૂરા કરવા દેવાની ઉદારતાથી એણે આવા ખર્ચમાં દખલગીરી કરી નહિ.

ખેાટનેા બાળક મેાટેા થવા લાગ્યેા. આવા ખેાટના છેાકરાંનાં નામ પણ જરા અટપટાં ને અવનવાં રખાય. સારાં રૂપાળાં નામ રાખે અને દીકરેા નજરાઇ જાય તેા ? એટલે એનું નામ રાખ્યું કાળુ.

કાળુ દિનપરદિન મેાટેા થવા લાગ્યેા. બાળપણનેા સહજ એવી નાનીમેાટી માંદગીઓ આવતી પણ તે બધી નિર્વિઘ્ને ચાલી ગઇ, અને કાળુ માનેા ખેાળેા ખૂંદતેા વર્ષો વીતાવવા લાગ્યેા. ઘરમાં નાનીમેાટી ચાર દીકરીઓ હતી એટલે દળવું, ખાંડવું, વાસીદાં કરવાં ને પાણી ભરવું વગેરે ઘરનું નાનું મેાટું કામ તેમને જ માથે હતું. કસળીવહુ તેા કાળુને લઇ સવારથી સાંજ એવી રહેતી કે ફરતી. કાળુને એક ઘડી રેઢેા મૂકતી નહિ. વા ને પણ ધીરતી નહિ. છેાકરીઓને પેાતાના નાનકડા મેાંઘાભાઇને રમાડવાનું બહુ મન થતું, પણ કસળીવહુ તેમને પણ કાળુને આપે નહિ, રખે એનેા ખેાટનેા છેાકરેા કાળુ છેાકરીઓની બેદરકારીને કારણે કયાંક જોખમાઇ જાય !

ત્રણેક વર્ષ કેડે કસળીવહુને બીજો દીકરેા આવ્યેા; અને છતાં કાળુનાં માન તેા એનાં એ જ રહ્યાં. કસળી કહેતી કે " આ બીજા દીકરાનાં પગલાં પણ આ મારા કંકુ પગલાંના કાળુભાઇને જ પરતાપે. "

ઘેર દૂઝાણું હતું; સવાર સાંજ ગાય દહેાવાય કે તરત જ કાળુભાઇ ઉભાઉભા તાજું દૂધ ઘટકાવી જાય. બપેારે પણ દૂધ, ઘી, માખણ કાળુભાઇને મ્હેાંમાગ્યાં મળે.

ખેાટનેા દીકરેા એટલે અનેક અનિષ્ટેાના ભયથી બચાવવા કાળુને માદળિયાં ને દેારાધાગાથી ગળે ને હાથે બાંધી લીધેલેા. એ માટે તેા એનું નાક પણ વીંધાવેલું.

કાળુ મેાટેા થતેા ગયેા તેમ હઠીલેા થતેા ગયેા. બહુ મ્હેાંએ ચડાવેલેા એટલે પેાતાનું ધાર્યું જરા પણ ન થાય તેા મેાટેા કજિયેા આદરે અને ધાર્યું કરાવે ત્યારે જ જંપે. મ્હેાંમાગી ચીજો, વસ્તુઓ ને રમકડાં જોઇએ, અને ઇચ્છા પ્રમાણેનું બધું જોઇએ.

હેાંશમાંને હેાંશમાં દામેાદર ઘરની માગણીઓ પૂરી પાડતેા; પણ કાળુના જન્મ પછી ઘરનું ખર્ચ કેાણ જાણે વધતું જ ચાલ્યું હતું, અને બીજી બાજુથી વેપારમાં બરેાબર સરખાઇ આવતી ન હતી. વરસ દહાડે સરવૈયું કાઢતાં ભાગ્યેજ કાંઇ કમાણી દેખાતી, અને ઉલટું બાપ પાસેથી જે મૂડી લઈ પેાતે જુદેા પડેલેા તે ચવાતી જતી હતી. તે કેાઇ વાર આ વાત

કસળીવહુને કરતો અને ઘરખર્ચમાં કરકસર કરવા એ સૂચવતો; પણ કસળીવહુ ઓછું લાવી કહેતી કે " તમારો જીવ તો બહુ કપરો જાણું. પ્રભુએ આપણને લાખ રૂપિયાનો કાળુ અને નાનો આપ્યા છે, પછી આપણે શી ખોટ છે? કાલ સવારે છોકરા મોટા થઈ જશે અને બધું રેરાસ્તી થશે. આવા દાણિયા જેવા દીકરા માટે જે ખરચીએ તે થોડું. અને આપણે સોનું કાપીને થોડું કંજ ખવરાવીએ છીએ?"

દામોદર પોતાની સ્ત્રીનાં આ મૂર્ખાઈ ભરેલાં વેણ પર હસતો ને શોચ કરતો, પણ ઘરખર્ચ કમી કરાવી શકતો નહિ.

કાળુ ૭ વર્ષનો થયો ત્યારે દામોદરે તેને નિશાળે બેસારવા વિચાર્યું, પણ કસળી હજુ પોતાના આટલા નાના કીકલાને પોતાથી છૂટો કરી રેઢો મૂકવા તૈયાર ન હતી. સમજાવીને દામોદરે નિશાળે તો બેસાડ્યો પણ કાળુભાઇ રમતગમત ને તોફાન કજિયામાંથી નવરા પડે તો નિશાળે જાય ને? દામોદર તેને ઘણીવાર ટપારતો પણ કસળીવહુ છોકરાનું ઉપરાણું લઈ વરનું મોઢું તોડી લેતી, અને છોકરો બગડતો જતો.

કાળુ નિશાળે જતો થયો કે વળી ઘરનું ખર્ચ વધ્યું. ભાતભાતની ચીજો ને કપડાં તે નિશાળમાં જોતો, ને હઠ કરી લેવરાવતો. માસ્તરો બધા આટણિયા હતા એટલે કસળીવહુ પાસેથી તેના બોટના દીકરાને સાચવવા અને ભણાવી દેવાના બહાને જુદી જુદી રીતે પૈસા કઢાવતા; અને કાળુભાઇ નિશાળે શું ભણતા તે તો ભગવાન જાણે! ઉલટું નિશાળમાંથી તો તે કેટલાંયે નાનાં મોટાં કુલક્ષણો શીખવા લાગ્યો.

મોટી દીકરી રાધા હવે પરણાવવા જેવડી થઇ હતી, એટલે દેશમાંથી બાપાનું ફરમાન આવતાં તેને પરણાવવા સૌ દેશમાં ગયાં ને સારો મૂરતિયો જોઇ તેનાં લગન કર્યાં. મજિયારામાંથી જુદો પડેલો એટલે બધું ખર્ચ દામોદરને માથે જ હતું. વળી કસળીવહુએ પોતાને ત્યાં આ પહેલું પગરણ હતું એટલે ઘરેણાંનું ને કપડાંનું ખર્ચ કરવામાં પાછું વાળી જોયું જ નહિ. બધું કામ ઉકેલી પાછાં સ્વસ્થાને આવ્યાં ને દામોદરે ખર્ચનો આંકડો માંડ્યો તો થયા અઢી હજાર!

આમ હળવે હળવે દામોદરની આર્થિક સ્થિતિ ઘસાતી ચાલી. બાપાએ અને ભાઇઓએ દેશમાં પાછા આવી ભેગા વેપાર કરવા વિનવ્યો પણ દામોદરે પોતાનો વળ મૂકયો નહિ, અને કસળીવહુને પોતાની સ્વતંત્રતા ખંડિત થાય તે પણ પોસાયું નહિ.

દામોદરને એક મોટો મંદવાડ આવ્યો. વેપાર વાણોતર હસ્તક ચાલ્યો અને તે વરસે તો જબરી ખોટ દુકાનમાં જણાઇ.

મંદવાડ દામોદરના શરીરમાં દમનો કાયમી ને કપરો વ્યાધિ મૂકતો ગયો, ને તન તથા ધનની મૂંઝવણે દામોદરનું મન સદાય ચિંતાતુર રહેવા લાગ્યું.

બીજી દીકરી લીલી પણ ઉંમરલાયક થતી જતી હતી; તેને પણ ઠેકાણે પાડવાની ચિંતા હતી. કાળુ અગિયારેક વર્ષનો થયો હતો. ઘરમાં એક ત્રીજો દીકરો પણ વધ્યો હતો. કસળીએ લીલીનો વિંટાળ કરતી વેળા કાળુ માટે પણ વહુ શોધી લેવાનું મન કર્યું, અને એક પચાસ વર્ષના ત્રીજવરને લીલી માટે પસંદ કરી સાટામાં એક નાનકડી ઢીંગલી જેવી રૂપાળી વહુ લીધી.

આ સંબંધથી કુટુંબમાં સૌને નારાજી ખૂબ થઇ. વળી એ જ અરસામાં ત્રિકમ ગાંધી ગુજરી ગયા અને ઘરની વહેંચણીમાં ભાઇઓ ભાઇઓ વચ્ચે તકરાર ચાલી ને કોરટો થઈ. તેમાં પણ દામોદરને ઘસારો ઠીક લાગ્યો.

ત્યાં વળી મોટી દીકરીને સીમંત આવ્યું ને તેનું મામેરૂં ભર્યા વિના પણ કાંઇ ચાલે?

કાળુ નિશાળે જતો, પણ ભાગ્યે જ કાંઇ શીખતો. માસ્તરોને રાજી રાખીને ઉપલા ધોરણમાં ચડતો. કાળુ ચોથી ચોપડીમાં હતો એ અરસામાં જ મોટી દીકરીના વરની બદલી પોતાના જ ગામના સ્ટેશન માસ્તર તરીકે થઇ. હવે શું પૂછવું? બનેવી સ્ટેશન માસ્તર બન્યા તેથી તો કાળુની વાત વધી. ગામમાં છોકરાઓના બખેડાઓમાં કાળુ સરદારપદે રહેતો, અને એને વિષે માબાપ પાસે ફરિયાદો ચાલી જ આવતી. માબાપને બહુ દુઃખ થતું પણ તે ઘડીક જ. કાળુનાં લાડ ચાલુ રહેતાં; અને ખાસ કરીને તેની વેવલી મા તેને વધારે ચડાવતી અને બગાડતી. 1756

બહેનને પોતાના લાડકવાયા ભાઇઓ પોતાને ઘેર આવે તે બહુ રુચતું; અને કાળુ તો સ્ટેશને જ પડ્યો રહેવા લાગ્યો. ત્યાં તે બીડીઓ ફૂંકતાં, કોઈ કોઇ વાર છાંટાપાણીની મજા ચાખતાં અને બીજી અનેક ગંદી રીતો શીખ્યો. સ્ટેશનના સાંધાવાળાઓ અને પોલિસ ચોકીદારો સાથે રહી નાની નાની ચોરીઓ કરતાં પણ તેણે તેમને જોયો. અને આ બધી સોબતને પરિણામે ૧૩–૧૪ વર્ષની નાની ઉંમરમાં જ, તેનું ભવિષ્ય કેવું થશે તે સહેજે કહી શકાય તેવું તેનું વર્તન બની ગયું. જેઓ દામોદરના ઓળખીતા અને હિતેચ્છુઓ હતા તેઓ છોકરાની ચાલચલગત વિષે તેને ઠપકા રૂપે સલાહ આપતા, અને તે તેને સાચી લાગતી. દામોદર કોઇ કોઇ વાર છોકરાને ધમકાવતો કે મારતો, અને કસળીવહુને તેને માટે જવાબદાર ગણી તેને પણ વઢતો; પણ હવે બધું મોડું થયું હતું. છોકરો કોઇનું માને તેમ ન હતો.

ત્યાં તો શિયાળો આવ્યો ને લગનગાળો આવ્યો. કાળુનાં સાસરિયાંએ લગન લીધાં અને દામોદરને ઘેર દીકરાના લગ્નનું શુભ ટાણું આવ્યું. કસળી ગાંડી ઘેલી થઇ ગઇ; અને હવે દીકરાના ગળામાં ઘોંસરી પડશે એટલે બધું ઠીકઠીક થઇ જશે, અને ઘરમાં લેરખડી વહુ આવશે ને ઘર અજવાળશે, એ વિચારે તેને રોજને રોજ શેરશેર લોહી ચડવા લાગ્યું.

સ્થિતિ પહોંચતી ન હતી છતાં દામોદરે જેમતેમ કરી દીકરાને પરણાવ્યો, અને તેની બગડતી જતી આર્થિક સ્થિતિ વધારે બગડી.

લગ્ને કાળુને કાંઇ સુધાર્યો નહિ. હિંદુ સંસારમાં સામાન્ય રીતે મનાય છે કે છોકરાને વહુનું આકર્ષણ થાય એટલે બીજાં અપલક્ષણ છૂટી પડે; પણ કાળુ તો એનો એ જ રહ્યો.

હવે તો કસળીવહુને પણ દીકરાના વર્તનથી બહુ દુઃખ થતું. નાનકડી વહુને કાળુ ઘણી વાર વગર કારણે ઝૂડતો, અને એ રીતે પોતાના ધણીપણાનું અભિમાન પોષતો. એક વાર એવા એક કિસ્સાવેળા માબાપે દીકરાને બે વેણ કહ્યાં. પરિણામે ઘરમાં જબરો કંકાસ થયો; કોઇએ ખાધું પીધું નહિ, સૌ રડ્યાં અને કાળુ ઘર છોડી ચાલ્યો ગયો.

સ્થિતિ વિષમ બનતી જતી હતી. કાળુને

1526

કંઇ જ કહેવાતુ નહિ; અને કોઈ કહેતુ તો હવે તો તે હાથ ઉપાડતો કે આપઘાત કરવાની ધમકી આપતો.

દામોદર બધી બાજુથી કંટાળ્યો હતો. દુકાન તેણે સંકેલી લીધી. પોતાના ત્રીશ વરસના સ્વતંત્ર ઘરવાસને વીંખી તે દેશમાં આવ્યો, અને વહુ છોકરાંને ત્યાં રાખી જાતી અવસ્થાએ તેણે મુંબઇ જવાનાં પરિયાણ કર્યાં. ભાઇઓ બધા મરી ગયા હતા, અને ભત્રીજાઓનો ધંધો ધમધોકાર ચાલતો; પણ તે તો ભત્રીજા તે ભત્રીજા. કોઇએ દામોદરકાકાની દયા ખાધી નહિ અને તે મુંબઈ આવ્યો. સદ્ભાગ્યે તેને નોકરી તો સારી મળી, પણ નસિબ બે ડગલાં આગળનું આગળ. તબિયેત લથડતી ચાલી, ને બે વર્ષે દેશમાં આવી ગુજરી ગયો.

આખું કુટુંબ ઉઘાડું પડી ગયું. કાળુ હજી નાનો હતો. બીજા ભાઇઓ તો તેથીયે નાના હતા. કારજપાણી પતાવી કાળુભાઈ રળવા ઉપડ્યા.

હજુ કસળીનું કાળુ પરનું ભમત્વ તેવું ને તેવું જ હતું. કાળુ સહિત બધાં બાળકોની તે જન્મદાત્રી હતી, છતાં માતા તો કાળુની જ હતી. કાળુ મુંબઇ ગયો ને મળ્યો તેવો ધંધો ગોતી પોતાની રીતે રહેવા લાગ્યો. પણ અહીં રહી કસળી તો કાળુના જાપ જપતી.

ઘરમાં આર્થિક સંકટામણ જબ્બરી હતી. કેટલીક વાર તો સાત દાણા વગર બેસી રહેવું પડે તેવો વખત આવતો. કાળુ મુંબઇથી કાંઈ જ મોકલતો નહિ. છતાં કસળીડોશી તો કાળુનાં વખાણ જ કરતી.

દુઃખના દહાડા વધવા લાગ્યા. નાના બે દીકરાઓ મરી ગયા. ઘરડા વરને આપેલી દીકરી રાંડી અને એક નાની દીકરીને સાસરિયાંમાં બહુ ત્રાસ હતો.

ત્યાં એક વાર અચાનક કાળુ મુંબઇથી દેશમાં આવ્યો. પાયમાલ થઇને આવ્યો હતો. મુંબઇના પાણીથી તે મરવા જેવો થઇ ગયો હતો. તેની વહુ મુંબઇ રહી શેઠાણીવેડા શીખી હતી, એટલે કસળીડોશીની ભૂંડવણ વધી પડી. કાળુ માંડમાંડ સાજો તો થયો પણ ડોશી પાસે હજુ કાંઇક દલ્લો છે એવી ધારણાથી તેણે તેની પાસે તે હઠ કરી માગ્યો. પણ ડોશી પાસે શું હતું?

વહુ-દીકરાએ ડોશીને એક દિવસ મારીને ઘર બહાર કાઢી મૂકી. આખરે તે પાછો મુંબઈ ગયો.

કસળીડોશી આંધળી બની. પાડોશીઓની દયા પર તેનો નિર્વાહ ચાલતો. ડોશી આખરે માંદી પડી.

ખાટલામાં પડી પડી વિચાર કરતી હતી: "મેં મારા કાળુને આટલો બધો લાડમાં ઉછેર્યો છતાં તે આવો કેમ નીવડ્યો?" તે અત્યન્ત દુઃખથી રડતી હતી ત્યારે પાડોશીઓ એમ કહી ધીરી પાડતા કે "માજી! હવે રડ્યે શું થાય? ઘરથી છોકરાને મરજી મુજબ કરવા દીધું અને માથે ચડાવ્યો, તે આખરે કોઇનો ન રહ્યો!"

આખરે એક દિવસ ડોશી ગુજરી ગઇ અને તેના પાડોશીઓએ તેને ઠેકાણે પાડી. હું એમાંનો એક હતો, અને ડોશીની કર્મકથાનો સાક્ષી હતો. એટલે જ મેં કલમ લઇને તેને કાગળ ઉપર ઉતારી.

ગિરીશ.

કલાનો વિકાસ

નિશાળોમાં કંઈક શરીર અને મનનાં સર્જનોને અવકાશ છે, પણ લાગણીનાં સર્જનોને અત્યારે આપણે અવકાશ આપતા નથી; એ તરફ સાવ ઉપેક્ષા છે. લાગણીનું સર્જન એટલે કલાનું સર્જન, સૌંદર્યનું સર્જન, અને સૌંદર્યનું આનન્દાસ્વાદન.

અત્યાર સુધી આપણે જાણે કે જમણી બાજુનો વિકાસ કરવા તરફ લક્ષ આપ્યું છે, પણ ડાબુ બાજુને સાવ ભૂલી જ ગયા છીએ. મનુષ્યની ત્રિવિધ એટલે શારીરિક, માનસિક ને લાગણી વિષયક શક્તિનો વિકાસ ન થાય ત્યાં સુધી તેનો વિકાસ અધૂરો છે. મનુષ્યના સુખદુઃખનો આધાર, મનુષ્યના આનંદ શોકનો આધાર, લાગણી ઉપર છે; કલા અને સૌંદર્યના આસ્વાદન ઉપર છે. મનુષ્યને કલાનું શિક્ષણ મળવું જોઇએ. સામાન્ય નિશાળોમાં સૌંદર્યની કદર કરવાનું શિક્ષણ સ્વપ્નવત્ ગણવામાં આવે છે. કેટલાએક શિક્ષકોના સુપ્રયત્નો પરિસ્થિતિ અને મકાન રચનાને લીધે નિષ્ફળ જાય છે. નિશાળો પોલિસ લાઇન જેવી કે ગાંડાશાળા જેવી કે જેલખાના જેવી છે; સૌંદર્યમંદિરો જેવી નથી. શરીરની દૃષ્ટિએ સ્થૂળ સર્જન, તેમ જ મનની દૃષ્ટિએ માનસિક સર્જન બંને કરતાં લાગણીની કેળવણી–સૌંદર્યની કદર કરવાની શક્તિ એ વધારે અગત્યનું છે. જેને સૌંદર્યનો ખરો ખ્યાલ છે તેમની સર્જનાત્મક શક્તિ બળવાન છે. માનસિક અને આધ્યાત્મિક સર્જનો અને સૌંદર્યનો ખ્યાલ સહગામી છે.

બાળકને સૌંદર્યનો આનંદ લેતાં આવડવું જોઇએ. વસંતના નવાંકુરો જોઇને, મંજુલ કંઠી પંક્ષીઓનાં ગાન સાંભળીને, પશુપક્ષીઓનાં નવશિશુ નિરખીને આનંદ લેવાની શક્તિ બાળકમાં હોવી જોઇએ. સ્થૂળ સર્જનનું સૌંદર્ય જીવનકલહ વચ્ચે સંભવે છે, પણ મન અને આત્માનું સર્જન કલહમુક્તિ માગે છે, નિશ્ચિંતતા માગે છે. માનસિક અને આધ્યાત્મિક સર્જનો સૌંદર્ય ને મૃદુતાના વાતાવરણમાં સુલભ છે. ઉત્તમ સૌંદર્યકૃતિઓમાં માધુર્ય કે કોમળતા સહજ છે. કદાચ સૌંદર્ય અને માર્દવ એક જ વસ્તુ છે.

આપણે આપણી પાસે આવતા બાળકને સૌંદર્યના વાતાવરણમાં રાખવાની જરૂર છે. ફૂલો અને બીજી સુંદર વસ્તુઓની જેમ બાળક ઘડીકમાં અને સહેલથી ચીમળાઇ જાય છે કે તૂટી જાય છે. ખરબચડાપણું કે કર્કશતા સુંદર વસ્તુને તોડી નાખે છે. જો આપણે આપણી શાળાઓની અંદર સૌંદર્યનું વાતાવરણ રચીએ તો, અને તેમાં બાળકને રાખી જ્ઞાનોપાર્જનની સગવડ કરી આપીએ તો, આપણે જ્ઞાન ને સૌંદર્યનો સુયોગ સાધવાની બાળકને તક આપશું. આપણા આજના જીવનના દુઃખનાં કારણોમાં એક કારણ એ છે કે આપણે આપણા હૃદયને અને લાગણીને જ ઓળખી શકતા નથી. નીટ્શેનું એક વાકય છે કે 'જે બધું સુંદર છે તે હળવે પગે દોડે છે.' દરેક બાળક સુંદર અને હળવે પગે દોડતું થાય એ આદર્શ આપણી સમક્ષ રાખવો જોઇએ. સર્જનાત્મક ક્રિયા અને સૌંદર્ય ઉપર ભાર આપીએ; નૃત્યમાં, સંગીતમાં, નાટકમાં જે આપણે બાળકને પોતાની જાતને

વ્યક્ત કરવાની અનુકૂળતા કરી આપશું તો પ્રત્યેક મનુષ્યમાં જે ગુપ્ત અને બળવાન શક્તિઓ છે તેને બહાર આણીશું. મનુષ્યમાં જે સર્જન-શક્તિ ગુપ્તપણે રહી છે તેને આપણે બહાર નીકળવા દઇશું ત્યારે દુનિયા કેટલી બદલાઇ જશે, અને ભવિષ્ય કે જે ભૂતકાળ કરતાં કેટલું બધું ઉજ્જવળ છે તેનું સુખ લઇ શકીશું. આજનાં જે બુદ્ધિનાં, લાગણીનાં ફળો છે તે મનુષ્યની સર્જનાત્મક શક્તિના વિકાસનું પરિણામ છે. મનુષ્યની શક્તિ અપરિમિત છે. એ શક્તિની મુક્તિમાં મનુષ્યનો ઉદ્ધાર છે. બાળકને જેમ શરીર ને મન છે તેમ તેને હૃદય પણ છે. હૃદયની કેળવણી એ ખરી કેળવણી છે. અને હૃદયની કેળવણી એટલે કલાની સાચી કેળવણી, સર્જનશક્તિનો સાચો વિકાસ.*

* The New Era ના એ લેખ ઉપરથી.

બાલમંદિરનો . . . શિક્ષક

ખોટો

૧ માત્ર ચોપડીઓ વાંચીને બાલમંદિર ચલાવશે.

૨ બાલમંદિરને નામે પૈસા કમાવા એ તેનો આંતર હેતુ રાખશે.

૩ ટ્યૂશન રાખીને પેટ ભરશે.

૪ પોતાની નિર્બળતાઓને સદ્‌ગુણ તરીકે ઘટાવશે.

૫ કોઇને 'ઓથોરીટી' માનવાની ના પાડશે.

૬ 'પરોપદેશે પાંડિત્ય'નો મુદ્રાલેખ રાખશે.

૭ નકલી માલના વેપારીની જેમ દંભી અને ધાલમેલીઓ થશે.

૮ બાલમંદિર સ્વચ્છંદ પૂર્વક ચલાવશે.

૯ બાલ કેળવણીના સિદ્ધાંતો પોતાની લાયકાત સાબીત કરી બતાવવા મોઢે કરી નાખશે.

૧૦ બાળકોનો મુરબ્બી બની બેસશે.

૧૧ જીવન અને બાલધર્મ જુદાં રાખશે.

સાચો

૧ શાસ્ત્રીય રીતે અભ્યાસ કર્યા પછી જ બાલમંદિર ચલાવશે.

૨ બાલ કેળવણીનો સાચો પ્રચાર એ જ એનું લક્ષ્યબિન્દુ રહેશે.

૩ ટ્યૂશન પદ્ધતિનો સખત વિરોધ કરશે.

૪ પોતાની નિર્બતાઓ સામે ઝઝૂમીને દૂર કરશે.

૫ બાલકેળવણીના સાચા ઉપાસકોને ઓળખી અનુસરશે.

૬ પોતાની જાતને ઉપદેશ પહેલો આપશે.

૭ સત્યને વળગી રહેશે; જૂઠાણું કદી ચલાવી નહિ લે.

૮ બાલમંદિરને બાલકેળવણીનું મંદિર બનાવશે.

૯ બાલકેળવણીના રહસ્યને બરાબર પચાવશે.

૧૦ બાળકોનો મિત્ર રહેશે.

૧૧ જીવનને જ બાળકેળવણીથી રંગી દેશે. વિ.

બાલમંદિરોની યાદી

[ચાલુ]

૧૮ સંપત બાલમંદિર : જુહુ રોડ : વીલે પારલે.

ઉઘરાણી પત્રિકાનું વર્ષ પૂરું થવા આવ્યું છે. જેમનાં જેમનાં લવાજમો હજુ બાકી હોય તેઓ હવે તુરત મોકલી આપે.

વ્યવસ્થાપક.

નોંધ

બાલમંદિર સંમેલન, પાટણ

પાટણમાં ડૉ. પંજ્યા અભ્યાસગૃહ બાલમંદિરનું સંમેલન તા. ૧૦–૧૧ ઑક્ટોબરના અરસામાં સફળતાપૂર્વક ઉજવાયું; જેની નોંધ છાપામાં પ્રગટ થઈ છે. શ્રી. ગિજુભાઇના હમેશનાં કાર્યક્રમ મુજબ પાટણ બાલસંમેલન પ્રસંગે પણ માબાપો અને શિક્ષણમાં રસ લેતાં ભાઇબહેનોને વ્યાખ્યાન અને બાળકોને વાર્તાની લહાણી કરી હતી. બાલભોજન તથા નાટ્યપ્રયોગો ઘણા સુંદર અને આકર્ષક નીવડ્યાં હતાં. બાલમંદિરો અને બાલસંમેલનો દ્વારા જનતાનું લક્ષ્ય બાળકો અને તેના શિક્ષણ તરફ ખેંચાય એ ઘણી સુંદર વાત છે. ગુજરાતમાં અને હિંદમાં વધતાં જતાં બાલમંદિરો તથા બાલશિક્ષણનો પ્રેમ સમસ્ત દેશને સંસ્કૃતિની ટોચે લઇ જવામાં મદદ કરશે.

પાટણમાં કલાપ્રદર્શન વખતે અને માબાપો અને શિક્ષકો તથા બાળકો વચ્ચે શ્રી. ગિજુભાઇએ આપેલાં જુદાં જુદાં ભાષણોમાંથી થોડો ભાગ નીચે આપ્યો છે.

બાળકોને:—

"કોઠાર માટે ઓરડી, પૂજા માટે ઓરડી, મોટર માટે ગેરેજ, ઘોડા માટે તબેલાની જગ્યા મળે છે. બાળકો! તમારા માટે તબેલા પણ નથી. તમે ઘરોમાં અટવાયા કરો છો. બાપાનો ટેબલ પાસે જાઓ તો બાપા હાંકી કાઢે છે; રસોડામાં જાઓ તો બા હાંકી કાઢે છે!"

શિક્ષકોને:—

"આજે જગતની પ્રગતિમાં તમે પાટણના (ગુજરાતના) અને હું ભાવનગરનો એ વાત બરાબર નથી. આપણે બધા શિક્ષકો એક કુટુંબના છીએ. જેમ જેમ આપણી ભાવના વિશાળ, ઉદાત્ત અને ઉદાર થશે તેમ તેમ આપણે આપણને એક કુટુંબ જેવા લાગીશું. આપણી ઓળખાણ હૃદયથી હોય; હૃદય એક બીજા સાથે મળેલું હોય. આપણે ઓળખાણ-પાળખાણ વિના પણ એકબીજાને હૃદયથી ઓળખી શકીએ છીએ. ઓળખાણમાં નાતજાત, દોલત, ગરીબી, પાયરી કે હોદ્દો ગૌણ છે."

આપણા ઘરમાં

એક સાતેક વર્ષનો બાળક રમતે ચડ્યો છે. ઘરના એક ઓરડાના ખૂણામાં તેની વહાલી વસ્તુઓ પડેલી છે: ગરિયો, ગાડું અને બાલી બાકસની થપ્પી. ઘડીકમાં ગરિયો ફેરવે છે, ઘડીકમાં કલ્પનાના બળદને પાણી પાવા લઇ જાય છે, ઘડીકમાં બાકસનો મંગલો બનાવે છે. બાળક પોતાની પ્રવૃત્તિમાં મશગુલ છે. આસપાસ શું ચાલી રહ્યું છે તે જોવા જાણવાની તેને પડી નથી. પ્રવૃત્તિ પાછળની એકતાનતામાંથી આજુબાજુની પરિસ્થિતિ તેને બહિર્મુખ નથી કરી શકતી.

કેવો આનંદમગ્ન બાળક?

ઘડિયાળમાં બેના ટકોરા થયા. બાપાએ બૂમ મારી: "વિનુ! નિશાળનો ઘંટ વાગ્યો.

કેમ હજી સુધી તૈયાર નથી થયો ? જા ઝટ, માસ્તર ધખશે. આજે જ તારા માસ્તર કહેતા હતા, કે વિનુનો જીવ રમતમાં છે.” વિનુને એકાએક નિશાળનું સ્મરણ થાય છે; તેનો ચહેરો એકાએક કરમાય છે. પ્રવૃત્તિ પછીનો આનંદ અને તાજગી ઉડી જાય છે. તેને ધ્રાસકો પડે છે. આખા ડિલે પરસેવો વળે છે. વિનુ તેની બા પાસે ડોલતો ડોલતો જાય છે; બા પાસે ભરી, મીઠું અને હીંગ માગે છે. વિનુ ઉલટી કરે છે. તેની બા રસોડામાંથી દોડી આવે છે. વિનુને ચક્કર આવે છે, અને બા ખોળામાં બેસાડી ચિંતાભર્યા મુખે વિનુને વાંસે હાથ ફેરવે છે. પંખો નાખી વિનુને સૂવાડી દે છે.

વિનુના બાપા આવે છે: “આજે નિશાળે ન જતો. અલ્યા શું ખાધું’તું ? પેલી દવા પી જા; મટી જશે.....”

વિનુ શું ખરેખર બિમાર પડી ગયો ? આવા કેટલાય વિનુઓ નિશાળનું નામ પડતાં ઝટ માંદા પડી જાય છે. કારણ કોઇ સમજાવશો ?

પ્રભુલાલ ધોળકીઆ.

બાલશરીરની જરૂરિયાતો

ખોરાક વિષે

નવીન કેળવણી એટલે બાળકોની નૈતિક અને શારીરિક સાચી જરૂરિયાતોનો અભ્યાસ. આ બેને છૂટાં પાડી શકાય જ નહિ. આપણે બાળકોને સુંદર તંદુરસ્તી આપવા પ્રયત્ન કરીએ છીએ; એટલે કે રોગની સામે ટક્કર કેમ ઝીલવી તેના કરતાં સાજા કેમ રહેવું તેનું જ્ઞાન આપવાનો પ્રયત્ન કરીએ છીએ. માંદગી આવી એટલે સમજી લેવું કે શરીરની અંદર અનિજ ક્ષારોની ઉણપ છે, અને એ ઉણપને લીધે શરીરની અંદર ઝેરી સ્થિતિ ઉત્પન્ન થાય છે. અને આ તો વારંવાર માલૂમ પડી આવ્યું છે કે માંદગી એ તો ખોરાકની અંદર ભૂલથી જે સળંગ પરંપરા ચાલી રહી હોય છે તેનું પરિણામ હોય છે. દાખલા તરીકે પશુઓના ઉછેરનારાઓને બરાબર ખબર હોય છે કે ઘોડાના કે કૂતરાના શરીરની જરૂરિયાતો કેવા પ્રકારની હોય છે, અને એમને કેવા પ્રકારનો ખોરાક આપવો જોઇએ. પરંતુ મનુષ્યની શરીરરચનાનો સામાન્ય નિયમોનો પણ અભ્યાસ કરવામાં આવતો નથી.

ખોરાક એ બાળકની પ્રથમ જરૂરિયાત છે; અને બાળકનો ખોરાક એના શરીરની બધી જરૂરિયાતો પૂરી પાડે એવો હોવો જોઇએ. એટલે કે એ સંપૂર્ણ હોવો જોઇએ. એના વડે બાળકનું શરીર બરાબર ટકી પણ રહેવું જોઇએ, તેમ જ સાથે સાથે બંધાવું પણ જોઇએ. શરીરમાં તાકાત ટકાવી રાખવા માટે નીચેના ખોરાકની જરૂર છે: પાણી (હાઇડ્રોજન), સાકર, આટો અને ચરબી (કાર્બન અને શક્તિ). સાકર તાત્કાલિક મહેનત માટે, આટાવાળા ખોરાકો દિવસ આખાની મહેનત માટે, અને ચરબી એ તાકાતનો સંચય કરવા માટે. આટાવાળો ખોરાક, બાળકોના ખોરાકનો પાયો હોવો જોઇએ. દરેક ભોજન વખતે એણે બટાટા, અનાજ, tapioca, chest–nuts એવું કંઇક તો લેવું જ જોઇએ. ફળોમાંથી, મધમાંથી અને શેરડીની ખાંડમાંથી સાકર સહી

રહે છે. માખણ, ઘી કે દૂધની મલાઈમાંથી ચરબી મળી રહે છે. રસાયનિક ચરબીનો તો બાળકોના ખેરાકમાંથી બહિષ્કાર કરવો જોઇએ.

બાળકોને શરીરનો બાંધો બાંધનારા ખોરાકની અને exchange materials ની જરૂર હોય છે. આને માટે પહેલવહેલાં તો azoted ખોરાકની જરૂર છે. દૂધ, ઇંડાં, ઘઉં, પનીર વગેરે azoted ખોરાકમાં મુખ્ય છે. આ azoted ખોરાકનું પ્રમાણ આટાવાળા ખોરાક કરતાં ઓછું હોવું જોઇએ; પણ એની આટાવાળા ખોરાક જેટલી જ જરૂર છે. બાળકોને જો azoted ખોરાક પૂરતા પ્રમાણમાં ન મળે તો એના શરીરમાંથી ક્ષારનાં તત્ત્વો ઓછાં થઇ જાય. પરંતુ જો એ વધારે પ્રમાણમાં આવે તો તેને પરિણામે શરીરમાં વધારે પડતો ભારે ખોરાક જાય, અને તેને લીધે મૂત્રાશય ઉપર બોજો આવી પડે. આ ખોરાકની જાત સારી હોવી જોઇએ. જો આ જાતનો ખોરાક ખરાબ પ્રકારનો આપવામાં આવે તો શરીરમાં રીતસરનું ઝેર જ દાખલ કરવામાં આવે છે એમ જ સમજવું. આપણા શરીરમાં અનાજ પાચન કરનારા અવયવો અને યકૃતનું કામ જ આ azoted ખોરાકમાં જે albumen હોય છે તેમાં ફેરફાર કરી એના વડે શરીરનો બાંધો બાંધવાનું અને મજબૂત બનાવવાનું હોય. પણ જો આ જ albumen શરીરમાં ચામડી વાટે દાખલ થાય તો એ વિષ રૂપ થઇ પડે છે. એટલે જ દૂધનાં અને ઇંડાંની સફેતીનાં ઇંજેકશન ખૂબ ભયંકર હોય છે. તેવી જ રીતે સાપનું ઝેર શરીરમાં ચામડી વાટે દાખલ થાય ત્યારે જ ખૂબ ભયંકર હોય છે; પણ જો એ પેટમાં સીધું જાય તો એની ખરાબ અસર થતી નથી.

સાધારણ રીતે દાંત આવતા સુધી તો દૂધ એ બાળકોને પ્રિય ખોરાક હોય છે. પરંતુ કેટલાંએક બાળકો એવાં પણ હોય છે કે જેમને દૂધ ભાવતું નથી. આવાં બાળકોને દૂધને બદલે દહીં વગેરે પણ આપી શકાય, અથવા તો પનીર પણ બનાવી અપાય. જ્યારે દાંત આવવાનું પૂરું થાય, ત્યારે ખોરાકમાં દૂધ આપવાનું બંધ કરવું હોય તો કરી શકાય. માંસાહારી લોકોએ પોતાનાં બાળકોને પાંચ વર્ષની ઉંમર પહેલાં માંસ ન જ આપવું જોઇએ, અને ત્યાર પછી પણ એનું પ્રમાણ ૫૦ થી ૮૦ ગ્રેન કરતાં વધારે ન હોવું જોઇએ. માછલીની બાબતમાં પણ આ જ નિયમને અનુસરવું જોઇએ. azoted ખોરાકમાં તૈલી ફળો કરતાં mushrooms વધારે ફાયદાકારક છે. Exchange materials માટે નીચેની જરૂર છે. Iron લોહ; આ spinach અને ઇંડાંથી મળી શકે એમ છે. Phosphates અને lime-salts; આ દરિયાના મીઠામાંથી મળી આવે એમ છે. અને ખનિજ ક્ષારો; આ તો લીલાં શાકભાજી જેવાં કે ગાજર, લીલોતરી શાક, (green-stuffs) મીણી છાલનાં બટેટા વગેરેમાં ખૂબ જ પ્રમાણમાં હોય છે. બાળકોના શરીરમાં આ ખનિજ ક્ષારોનો સંચય રહે એવો પ્રબંધ કરવો જોઇએ. હવે acids આ બધા ખનિજ ક્ષારોના સંચરાનો નાશ કરી નાખે છે. જ્યારે જ્યારે આપણા શરીરમાં acid નો વધારો થાય છે ત્યારે ત્યારે ખનિજ ક્ષારોના ઓછાપણાને લીધે ઉત્પન્ન થતાં બધાં દરદો દેખા દે છે. તેમાં યે બાસ કરીને જ્યારે યકૃત બરાબર કામ ન કરતું હોય ત્યારે આવાં દરદો વધારે

પ્રમાણમાં થાય છે; દાખલા તરીકે શરદી, angina, sore-throat (ગળાના કાકડા સૂજી આવવા.) aphthae (mouth-ulceres–મોઢામાં ચાંદાં પડી જવાં.) bronchitis, otitis, rickets, અને ક્ષય વગેરે દર્દો વધી પડે છે. આ જ કારણસર બાળકોને acid ખોરાકો જેવા કે sorrel, rhnbarb, cress અને ટમેટાં એ આપવાં ન જોઇએ. અને આવાં બાટાં ફળોમાંથી બનાવેલા મુરબ્બા અથવા તો આવાં ફળોનાં મશાલા ભરીને બનાવેલાં શાક વગેરે તો આવાં તાજાં ફળોના કરતાં પણ વધારે નુકસાનકારક હોય છે, કેમ કે એ વધારે પ્રમાણમાં બાઇ શકાય. જ્યાં જ્યાં શકય હોય ત્યાં ઘોળાં અથવા blouched (છાલ કાઢી નાખેલાં) ફળોનો પણ ત્યાગ કરવો જોઇએ.

કોઈ પણ બાળક પ્રાણુશક્તિ વડે જ તંદુરસ્ત રહે છે, અને આ પ્રાણુશક્તિ પૂરી પાડવા માટે જીવન્ત તત્ત્વોની જરૂર હોય છે. આ જીવન્ત તત્ત્વો નીચે પ્રમાણે મળી શકે. ચરબીનાં તત્ત્વો ઘી, તેલ, પનીર, દૂધ, દહીં વગેરેમાંથી મળી આવે. આટાવાળા ખોરાકનાંત્ત તવો રોટી, પલાળેલા ઘઉં વગેરેમાંથી મળી આવે. આ ઉપરાંત ગાજર, કચૂંબર, તાજાં કાચાં શાકભાજી પણ બાળકોને આપવાં જોઇએ. પણ એ બહુ જ ઓછા પ્રમાણમાં બાળકને આપવાં જોઇએ. અને છેવટે બાળકોને ફળ પણ આપવાં જોઇએ. કેમ કે ફળમાંથી દરેક જાતનાં વીટામીન મળે છે; એટલું જ નહિ પરંતુ એમાં cellulose હોવાથી એ શરીરમાંથી નકામો કચરો કાઢી નાખવામાં મદદ કરે છે અને કુદરતી રેચક તરીકે કામ કરે છે. તાજાં શાક બાળકોને આપતી વખતે સંભાળવાનું હોય છે કેમ કે કેટલીક વખત એ બાળકોને વધારા પડતાં ઉત્તેજિત કે ચીડિયાં કરી નાખે છે. અને કેટલીક વખત તો એને લીધે બાળકોને રાત્રે ભયંકર સ્વપ્નાં પણ આવે છે. કેટલીક વખત એને લીધે બાળકોના જ્ઞાનતંતુઓ ઉશ્કેરાએલા રહે છે; અને એમને enuresis પણ થઇ આવે છે. એટલે આવાં શાક બાળકોને રાત્રે આપવા કરતાં બપોરે આપવાં વધારે સલાહભરેલું છે; અને કેટલાંક બાળકોને તો એ આપવાનું સદંતર બંધ કરવું એ વધારે ઉત્તમ છે. છેવટે બાળકોને પાણીની-તેમાંયે ખાસ કરીને સ્વચ્છ પાણી આપવાની જરૂર છે. બાળકો ધાવતાં બંધ થાય (milk-period?) એટલે એમને માટે પાણી એ એકલું જ સારામાં સારું પીણું છે.

બાળકોનો ખોરાક જેમ બને તેમ કુદરતી હોવો જોઇએ. આટાની બનાવેલી જુદી જુદી વાનીઓ, ખાંડ વડે બનાવીને સંધરી રાખેલી મીઠાઇઓ, ડબ્બામાં તૈયાર આવતા ખોરાકો, એવી જાતના બધા ખોરાકોનો સદંતર ત્યાગ કરવો જોઇએ.

તંદુરસ્ત ખોરાક ઉપરાંત બાળકોને કસરતની જરૂર છે. કસરત વડે શરીર બંધાય છે. બાળકોનાં હાડકાં બાંધવા માટે જે હલનચલનની જરૂર હોય છે તે કસરત પૂરું પાડે છે. ઉપરાંત કસરત શરીરમાં નકામો કચરો થયો હોય તે બાળી નાખી શરીરને સ્વચ્છ બનાવે છે; તેમ જ બાંધેલા ખોરાકને બરાબર પચાવે છે, અને આપણાં શરીર બાંધવા માટે જે તત્ત્વોની જરૂર છે તે બધાં આખા શરીરમાં બરાબર ફેલાઇ જાય એમ કરે છે. સાત વર્ષ સુધી સમધારણ બાળકને કંઇ જ ખાસ કસરતની

જરૂર નથી. ત્યાં સુધી તો એને દોડાદોડ કરવા દેવી જોઇએ, નાચવા કૂદવા દેવું જોઇએ. આમથી તેમ નાની નાની વસ્તુઓ લાવવા લઈ જવાની રમતો રમાડવી જોઈએ, ઝાડ ઉપર ચડવા ઉતરવાનો શોખ કેળવવો જોઇએ, અને દડો ઉછાળવાની અને એવી બીજી રમતો રમવા દેવી જોઇએ. બાળકના જ્ઞાનતંતુઓ જલદી થાકી જાય છે. એને કામફેર કરવું ગમે છે. સાત વર્ષ પછી એ હર્બર્ટ પદ્ધતિ પ્રમાણે કસરત કરી શકે. આ પદ્ધતિ પૂરેપૂરી કુદરતી છે. જરા જરામાં ઉશ્કેરાઇ જાય એવાં બાળકો–દાખલા તરીકે ફ્રેંચ બાળકોને કોઇ જાતની હરીફાઇવાળી અથવા પોતાની આવડતનું પ્રદર્શન બતાવનારી રમતો ન રમવા દેવી જોઇએ. દરેક બાળકે બીજાઓ સાથે નહિ પરંતુ પોતાની જાત સાથે જ હરીફાઇ આદરવી જોઇએ, અને પોતાનો જ રેકર્ડ (record) તોડવાનો પ્રયત્ન કરવો જોઇએ. આદર્શ તો એ હોવો જોઈએ કે રમતો દરરોજ રમાવી જોઇએ, રજાઓ વારંવાર પડવી જોઇએ, અને શારીરિક તાલીમ અઠવાડિયામાં બે કે ત્રણ વખત રાખવી જોઇએ.

અને હવે શાળાના ઉપસ્કર (furniture) વિષે બે બોલ. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ તો એ છે કે શાળામાં કોઈ જાતનું ઉપસ્કર જ ન હોવું જોઇએ. નાનાં બાળકો માટે બેસી રહેવાની સ્થિતિ એ સાવ અકુદરતી છે. એમને માટે તો આરબ લોકોની માફક જમીન ઉપર પલોંઠી વાળી બેસવાની કે આડા પડવાની સ્થિતિ સ્વાભાવિક છે. આપણે જે બાળકો એકલાં પડ્યાં હોય ત્યારે એમનું નિરીક્ષણ કરશું તો આ વસ્તુ માલૂમ પડી આવશે. દરેક બાળકને જ્યારે પોતાની ઇચ્છા થાય ત્યારે જમીન ઉપર આરામ લેવાની સગવડ હોવી જોઇએ. પણ આ જરૂર ક્યારે ઉભી થાય છે એનો નિર્ણય તો બાળકને પોતાને જ કરવા દેવો, કેમ કે એને એકલાને જ એની ખબર હોય છે. આ પ્રમાણે આપણા વર્ગોની હાલની વ્યવસ્થા બાળકોની તંદુરસ્તીની વિરોધી છે.

અને બાળક હમેશાં જે શક્તિનો વ્યય કરી રહેલ છે, તે પાછી મેળવી લેવા માટે એને પુષ્કળ હવા અજવાળાવાળા ઓરડામાં લાંબો વખત ઊંઘ લેવાની જરૂર છે. ઉપરાંત એને સૂરજના તડકાની પણ જરૂર છે. તેમ જ દરરોજ રાત્રે સૂતા પહેલાં ખૂબ જ જલદીથી પાણી વડે નવરાવવાની જરૂર છે. બાળકને એને પોતાને ખબર ન પડે એવી રીતે ઘણીયે વખત શરદી થઇ આવે છે, અને એની મારફત એનું ઘણુંયે દૂષિત આંતર જીવનતત્ત્વ વહી જાય છે. એટલે એને ગરમીની જરૂર છે. તેથી એને બરાબર ઓઢાડવું જોઇએ. માંદલાં બાળકોને બહુ સખત પવનમાં બહાર રાખવાં જોઇએ નહિ, પરંતુ એમને પહેલાં તો ગરમી વડે બરાબર રક્ષણ આપવું જોઇએ. પછીથી એમને ગમે તેવી ટાઢમાં કે ગમે તેવા તડકામાં રમવા છૂટાં મૂકી બડતલ બનાવી શકાય. બીજી બાજુએ ઉનાળામાં બાળકોને કપડાં સિવાય રમવા દેવામાં બીક રાખવાની કંઈ જ જરૂર નથી. ઉલટમાં સાધારણ રીતે તો એવું બને છે કે જ્યારે ગરમી હોય અને બાળકો તડકામાં રમતાં હોય ત્યારે એમના શરીર ઉપર વધારે પડતાં કપડાં હોય છે.

બાળકોના જ્ઞાનતંતુઓની સમતુલા જાળ-

વવા માટે ખૂબ જ શાંત કૌટુંબિક વાતાવરણની જરૂર છે. જે માબાપ કાયમ ચિંતાગ્રસ્ત, વાતોડિયાં, કારણ સિવાય બડબડ કરનારાં, સમાજ સામે વગર કારણે પણ બળવો ઉઠાવવાની ટેવવાળાં, વધારે પડતાં પ્રવૃત્તિશીલ અથવા ઉદાસ રહેતાં હોય, તેવાં બધાં જ માબાપો બાળકો માટે ભય રૂપ છે, કેમ કે તેઓ બાળકની લાગણી હલાવી નાખે છે. બાળકોના જ્ઞાનતંતુઓ થાકી જવાનું બીજું કારણ શિક્ષકો યેનકેનપ્રકારેણ બાળકોને એકધ્યાન બનાવવા માટે જે જુદા જુદા નુસખા અજમાવે છે તે પણ છે. અને એકના એક બાળકની સ્થિતિ તો તદ્દન કફોડી હોય છે એની તો આપણને બધાને ખબર છે. એવું બાળક મોટેરાંના વધારે પડતા સહવાસને લીધે વધારે ઉત્તેજિત રહેવાનો ભય હોય છે.

આ વસ્તુ ફરી ફરીને કહેવાની કંઈ જ જરૂર નથી કે બાળકને વ્યવસ્થિત વાતાવરણમાં રાખીને એને નિયમિતપણાની અને સ્વચ્છતાની ટેવો પાડવી જોઈએ. દરરોજ રાત્રે બાળકને નવરાવવું જોઈએ, અને નવરાવતી વખતે એનું શરીર હાથ વડે ઉતાવળે ચોળવું જોઈએ. દરરોજ સાબુ અથવા spirit iriction નો ઉપયોગ કરવો સારો નથી. કેમ કે દરરોજ સાબુ વાપરવાથી શરીરમાં જે કુદરતી તેલની ચીકાશ હોય છે તે એને લીધે ચામડી ટકાવી શકતી નથી, અને આ તેલ તો આખા શરીરમાં તાકાતનો ફેલાવો કરનારું હોય છે. આપણે બરાબર નિયમિતપણે આંતરડાં સાફ કરવાની ક્રિયાનું મહત્ત્વ પણ યાદ રાખવું જોઈએ, અને મળવિસર્જન તરફ પણ પૂરતું ધ્યાન આપવું જોઈએ.

કેળવણી બાળકના સ્વભાવને અને વંશપરાગત સંસ્કારોને અનુરૂપ હોવી જોઈએ. લાંબા પહોળા હાડવાળાં બાળકોને વધારે કસરતની જરૂર હોય છે. આંગળીઓના નખની નીચેના ભાગમાં ચક્ર (moons) આવેલાં હોય છે તે તરફ પણ ધ્યાન આપવું જોઈએ. જે બાળકોને મોટાં ચક્ર હોય છે તેમનામાં પ્રાણતત્ત્વ વધારે હોય છે. જે બાળકોને નાનાં ચક્ર હોય, સુંવાળા અને નાના નાના હાથ હોય, જેમના અવયવો પોચા પોચા હોય, અને જેમની માંસપેશીઓ નબળી હોય તેવાં બાળકો તરફ સંભાળભરી રીતે વર્તવું જોઈએ.

ટૂંકમાં, કેળવણીકારનું મન સદૈવ જાગૃત હોવું જોઈએ. બાળકોની જરૂરિયાતો સમજી જવા માટે અને તે બધી યોગ્ય અને ખાતરી પૂર્વક ઉપાયો વડે સંતોષવા માટે એનામાં સદૈવ પ્રેમનું ઝરણું વહેતું રહેવું જોઈએ. એ પોતે જે કામ કરી રહેલ છે તે તરફના પ્રેમમાંથી જ એને બળ અને પ્રેરણા મળી રહેશે.*

હોય છે તે એને લીધે ચામડી ટકાવી શકતી અંગ્રેજી ઉપરથી

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીઝ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી અંક)

વર્ષ આઠમું
૧૯૬૦

અંક ૬૧ મોઃ
પોષ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

શયતાન પ્રથમ પોતાના મિત્રને ઠગે છે; પછી તે પોતાના સાથીને ઠગે છે; પછી તે પોતાની જાતને ઠગે છે; અને પછી તે પોતાની સ્ત્રી અને પુત્રાદિને ઠગે છે. આખરે તે પોતાના પ્રભુને ઠગવા નીકળે છે; પણ ત્યારે જ તે પાછો પડે છે, અને પોતાની શયતાનિયતથી ધ્રૂજી ઉઠે છે.

જે શયતાન બીજાને ઠગતો નથી તે શયતાન નથી; જે દિવસમાં બે ચાર વાર બીજાને કનડતો નથી તે શયતાન નથી.

કાગળ અને કાતર

બાળકો કાગળ અને કાતર હાથમાં આવતાં એમને કલાકોના કલાકો સુધી વાપરે છે. હાથમાં કાતર પકડવી અને કાગળ કાપતાં શીખવું એ ક્રિયા સિદ્ધ કરવા માટે બાળકો ઘણો લાંબો વખત થાક વિના પોતાના હાથને હલાવે છે. એ ક્રિયા સિદ્ધ થતાં બાળકોના હાથમાં કાતર પકડીને કંઈ કાપવાનો કાબૂ આવી જાય છે. આ કાબૂ હાથમાં આવતાં બાળક જે તે કાપવા નીકળે છે અને કાગળ, લૂગડું, પાદડા વગેરે કાપવાના ઉત્સાહમાં ઘણી વાર માબાપોને ચીડવે છે. પણ જો માબાપો સમજતાં હોય કે કાગળ કાતર એ પણ કેળવણીનું એક સાધન છે, બાળકમાં એકાગ્રતા જાગ્રત કરવાનું સુંદર તત્ત્વ છે, તો તેઓ જરૂર બાળકોને પસ્તીના અને બીજા કાગળો અને કાતર આપીને ઘરમાં એક ખૂણો તેમને આપી દે, અને બાળકોના કહેવાતા તોફાનમાંથી મુક્તિ મેળવે. બાળકોને કંઈ ને કંઈ પ્રવૃત્તિ જડતાં તેઓ આપોઆપ કહેવાય છે તેવાં તોફાની મટી જાય છે. પ્રવૃત્તિ દ્વારા કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિયને કામે લગાડે છે; કામે લાગતાં એકાગ્ર થાય છે, અને એકાગ્રતામાં તેઓ આજુબાજુની પરિસ્થિતિ ભૂલી જઈ શાંત અને સ્વસ્થ બને છે. આ સ્થિતિમાં બાળકો માબાપોને ડાહ્યાં લાગે છે. આને પરિણામે બાળકો બળવાન, પ્રસન્ન અને માબાપ તરફ પણ ઉપકારની લાગણીભર્યાં અને પ્રેમળ બને છે. આવી પ્રવૃત્તિઓને કેળવણી-શાસ્ત્ર સર્જનાત્મક પ્રવૃત્તિ કહે છે, અને કાગળ કાતરકામ એ એવી સર્જનાત્મક પ્રવૃત્તિ છે.

જ્યારે બાળકો સામે ચોક્કસ લીંટા દોરેલા અથવા ચોક્કસ આકૃતિઓ આલેખેલા કાગળો મૂકવામાં આવે ત્યારે બાળકોની આ પ્રવૃત્તિ વધારે હેતુપૂર્વકની બને છે. કર્મેન્દ્રિય-જ્ઞાનેન્દ્રિયનો ઉપયોગ વધારે વ્યવસ્થિત અને ચોક્કસ બને છે, કેમ કે બાળકને ગમે તેમ કાપવાનું આમાં નથી પણ અમુક રેખાને જ અનુસરીને કાપવાનું હોય છે. આથી બાળકની સર્જનાત્મક વૃત્તિ વધારે ઉંડાણમાં જાય છે, અને એકાગ્રતા અને આનંદનો પ્રકાર વધતાં ચાલે છે.

શિક્ષણના ક્રમમાં પહેલવહેલાં કાગળકાતરનો માત્ર ઉપયોગ કરાવ્યા પછી ચોક્કસ દિશામાં કાગળોમાં આલેખેલાં ચિત્રો કાપવાં એ બીજું પગલું છે. છાપેલાં ચિત્રો કાપી કાઢવાં એ પણ આ બીજા પગલામાં જ આવે છે. આ બીજું પગલું સિદ્ધ કરતાં બાળકને રેખાને અનુસરવું પડે છે, અને તેની સાથે તેને ચિત્ર કે રેખાકૃતિ કાપવા ઉપરાંત રેખાકૃતિ કે ચિત્રની રેખા-મર્યાદાનો અભ્યાસ કરવો પડે છે અગર તો તે અભ્યાસ તેને થાય છે. આ રીતે કાગળ કાતરકામ ચિત્રકામ સાથે જોડાય છે.

આવી જ રીતે પતંગ, કાગળનાં ફાનસો, કાગળના પંખા વગેરે કાગળનાં રમકડાંઓ બનાવવામાં બાળકને કાતર અને કાગળ હેતુપૂર્વક વાપરવાં પડે છે. અને તેથી તેમાં પણ બાળકની સર્જનાત્મક વૃત્તિને ખીલવાનો અવકાશ છે. કાગળનાં ફૂલો બનાવવાં, તોરણો બનાવવાં, ગજરા બનાવવા, પાકીટો બનાવવાં, હોડીઓ, બડિયો, ટોપીઓ, વગેરે વગેરે બનાવવાનું કામ

આ ત્રીજા પ્રકારની પ્રવૃત્તિ નીચે આવી શકે છે. બીજા પ્રકારની પ્રવૃત્તિમાં જેમ દોરેલી આકૃતિ અથવા તો ચિત્રો બાળકને સ્વયંપ્રવૃત્તિ કરવાને દિશા બતાવતાં હતાં, તેમ આમાં પતંગ ફૂલો વગેરેના નમૂનાઓ બાળકને પ્રવૃત્તિ કરવા પ્રેરે છે. પણ એ નમૂનાઓ કેમ કરવા તે મોટાંઓએ તેને એક વાર બતાવવાનું હોય છે. મોટાંઓએ બતાવતી વખતે તેને દૃષ્ટિ જ આપવાની છે. સંપૂર્ણ અને સુંદર કામ બાળક ન કરે તો તેને ન કરવા દેવું એ વિચાર બાળકની સર્જનાત્મક પ્રવૃત્તિની ખીલવણીમાં હમેશાં આડો આવે છે. માટે મોટાંઓએ દિશા બતાવ્યા પછી કાગળોના થોડાક બગાડા સાથે બાળકને પોતાની મેળાએ જ કામની આવડત હસ્તગત કરવા માટે સ્વતંત્ર મૂકવું જોઇએ. બાળક જરૂર પોતાની મેળાએ કામ શીખી લેશે.

આવી જાતના કામો બાળકો પોતાની દૃષ્ટિએ સુંદર અને સંપૂર્ણ કરવા માગે છે પણ આપણે સંપૂર્ણતા અને સુંદરતાનું ધોરણ આપણી દૃષ્ટિએ તેમની પાસેથી માગવું નહિ. તેમની દૃષ્ટિએ તેઓ પરિપૂર્ણ થતાં પોતાની મેળાએ જ તેઓ આગળ વધશે. સંપૂર્ણ અને સુંદર થાય માટે આપણે ઝીણાઝીણા નિયમો ટોકી ટોકીને બતાવવા નહિ; પણ કામની એક વાર પ્રેરણા જગાડ્યા પછી બાળકને છૂટું મૂકી દેવું.

કાગળ અને કાતરનો આવી રીતે થતો ઉપયોગ બાળકને કપડાં વેતરવાની કળા તરફ પણ લઇ જાય છે. દરજીઓ પણ વેતરતાં શીખવાડતા પહેલાં કાગળ ઉપર જ વેતરવાનું શીખવે છે. ઢીંગલીની રમતને આપણે આજે બહુ ટેકા આપતા નથી કારણ કે બાળકો તે દ્વારા કલ્પનાં નહિ પણ તરંગને પોષે છે. પણ ઢીંગલી કે બાબલાં કાગળ-કાતરકામ કે શીવણકામના ઓઠા રૂપે માત્ર રહે, તો તેની સામે વાંધો લેવા જેવું નથી. બાળકો પોતાનાં છોકરાં નાનાં ભાંડુઓને માટે કાગળનાંઝબલાં, ટોપી, ચોરણી વગેરે બનાવવા માટે કાગળ કાતરનો ઉપયોગ કરે તો સર્વથા ઉત્તમ છે. સૂચનથી બાળકોને તે દિશા બતાવી શકાય તેમ છે. પરંતુ તેમ શક્ય ન હોય તો ખરીદાતાં રમકડાંનો ઉપયોગ આ કામને માટે બતાવી શકાય. માત્ર રમકડાંનાં કપડાં બનાવવામાં તરંગ નથી આવતો પણ વાસ્તવિકતા છે. તેની હદ ઓળંગીને રમકડાંની તરંગી રમતો બનાવે ત્યારે તે રમતોમાંથી તેને જેવા સ્તવિકતા જોઇતી હોય તે આપવાનો સત્વર પ્રબંધ કરવામાં તરંગવિકાસની અટકાયત છે.

આજે જગત સમક્ષ સૌથી મહાન પ્રશ્ન દલિતોદ્ધારનો છે. સ્ત્રીઓ દલિત છે, મજૂરો દલિત છે, અસ્પૃશ્યો દલિત છે. પરંતુ સૌથી વધારે દલિત તો બાળક છે. હાલવાચાલવામાં, ખાવાપીવામાં, ઘરમાં, સમાજમાં, માતપિતા પાસે અને શિક્ષક પાસે, બધે તેને દબાયલા જ રહેવું પડે છે. સમગ્ર મનુષ્ય સમાજની સાર્વત્રિક પરાધીનતાનો પાયો બાળકને દલિત ગણવામાં છે. એ દલિતોના ઉદ્ધારનું મંદિર–માનવ જીવનને મૂળમાંથી સ્વતંત્રતા શીખવનાર શાળા તે બાલમંદિર છે. જગતની મૂંઝવણનો ઉકેલ બાલમંદિરની એરણ ઉપર ઘડાઈ રહ્યો છે. સારા જગતની ગુલામી ને સત્તા સામેની જેહાદ ને ક્રાંતિનો મોરચો બાલમંદિરનાં બાળકો રચનાત્મક રીતે માંડી રહ્યાં છે.

વીરસુત મહેતા

રંગીન કે ધોળા કાગળમાંથી બાળકો શણગારની ચીજો બનાવી શકે છે. કાગળની પટ્ટીઓ કાપી તેમાંથી જાતજાતની આકૃતિઓની યોજના કરી બાળકો જમીન ઉપર પટ્ટી–રાંગોળીઓ ઉપજાવી શકે છે. રેખા દ્વારા સર્જનનો આ પણ એક પ્રકાર છે. કાગળની પટ્ટીઓ એક જાતની રેખાઓ જ છે. જાપાનીઝ જાતજાતનાં રમકડાંઓમાં આવી જાતના પટ્ટી-શણગારો ખૂબ પ્રમાણમાં છે. ગૃહઉદ્યોગ ખીલવવામાં પટ્ટી-શણગારનો વિકાસ વધારવા માટે બાળકોને મોટાંઓએ નવી નવી દિશાઓ આપવી જોઇએ. પટ્ટીઓમાંથી બાળકો વાળમાં નખાતી 'બો' બનાવવાનું પણ કરે છે; અને તે અને તેવાં કામો કાગળ-કાતરકામોમાં સ્વીકારવા જેવાં છે.

રંગીન કાગળોમાં કોતરણી પાડવી એ એક બીજી પ્રવૃત્તિ છે. કાતરથી કાગળમાં પાડેલી કોતરણી બહુ સુંદર બને છે. તેની વિવિધતા અનંત છે. દરેકેદરેક કોતરણી નવીન, અદ્વિતીય અને કારીગરીના પ્રભાવવાળી છે. એવી કોતરણીઓ કરનાર બુદ્ધિપૂર્વક આગળથી નક્કી કર્યા પ્રમાણે કરી શકતો હોય તો તે કોતરણીની કિંમત બહુ જ વધી જાત. પરંતુ વાત એમ છે કે આ કોતરણીઓમાં દેખાતી આકર્ષક મનોરમ કારીગરી એક રીતે કહીએ તો આકસ્મિક છે. કાગળને વાળ્યા પછી જુદી જુદી રીતે તેમાં કાતરથી કાપ મૂકવાથી જે આકૃતિ ઉપજે છે તેની સુંદરતા તેની ઘટનામાં છે, એટલે કે કાગળનાં જેટલાં પડો વાળ્યાં હોય છે તેટલાં પુનરાવર્તનો મૂળ કાપણીનાં દેખાય છે અને તેથી રમ્યતા લાગે છે. પણ મૂળ કાપણી પાછળ કશું ચોક્કસ કલાનું ધોરણ હોતું નથી; મૂળ કાપણી આકસ્મિક છે, એટલે કે કાપનારને ઠીક લાગે તેમ આમ તેમ ત્રિકોણ ગોળ ચોરસ વગેરે કાપ મૂકે છે. કાપનાર પણ જાણતો નથી કે ઘડીઓ ઉઘડતાં આકૃતિ કેવી દેખાશે. આથી આ જાતનું કામ ઉપર વર્ણવ્યાં તેવાં સર્જનાત્મક કામોથી ઉતરતા દરજ્જાનું છે, જો કે પરિણામમાં તે સુંદર છે. આમાં ઘુણાક્ષરન્યાયે કેટલેક અંશે સર્જન થાય છે.

છતાં આ જાતની કોતરણીને કલા–શણગારમાં અને સર્જનપ્રવૃત્તિમાં સ્થાન તો છે જ. નવરાત્રની ગરબીમાતાઓ આ કોતરણીથી બહુ જ સુંદર રીતે શણગારાય છે. માતાઓ બહુ સુંદર લાગે છે. બાળકોને કલાકૃતિનો સરસ નમૂનો જોવા મળે છે. જોવાથી કલાનો પરિચય અને તેમાંથી ઉપજતો આનંદ તેમને મળે છે.

આવી કોતરણી કરતાં મોચી પોતાની આરીથી તો કોઇ બીજો કાતરથી આવાં સર્જનો ઉપજાવે છે. ઘણી વાર વારંવાર આ કામ કરવાથી કેવી રીતે કાપ મૂકાશે તો કેવી જાતની કોતરણી નીકળશે તે તેના ધ્યાનમાં આવી ગયેલું હોવાથી ધાર્યા પ્રમાણે ચોક્કસ કોતરણી તે આપણને કરી આપશે. ગરબીમાતાઓમાં વપરાતી કોતરણીઓ આવી ચોક્કસ કોતરણીઓ જ હોય છે. તે ચોક્કસ કોતરણીઓ હોવા છતાં સર્જનાત્મક દૃષ્ટિએ તેની બહુ કિંમત વધતી નથી, કારણ કે આ ચોક્કસ કોતરણીઓ અચોક્કસ ધોરણ ઉપર બંધાયેલી છે.

આવું કોતરણીકામ કરનાર બાળકો ભાગ્યે જ કાઢેલી કોતરણી ફરી વાર ઇરાદાપૂર્વક કરી શકે છે. કારણ કે કોતરણીનું ધોરણ અચોક્કસ છે અને તેથી તેની વિવિધતા ખૂબ છે, જેમ

કેલીડોસ્કોપની અંદર કાચના રંગીન ટુકડાઓ વડે અનેક રંગીન ઘટનાચિત્રો થાય છે, પણ તે કેલીડોસ્કોપ ફેરવનારના ઇરાદાથી નહિ પણ કાચના કટકાને અમુક રીતે ગોઠવીને મૂકી દેવાથી સ્વયં પરિણામ આવે છે, તેમ જ આ કોતરણીકામમાં છે.

આ કોતરણીકામ બાળકોને બહુ ગમે છે એમાં શંકા નથી. બાળકોને ભલે જેટલું કામ તેના ઉપર તેમને કરવું હોય તેટલું ખુશીથી કરે. કોઇ પણ કામ બાળકો ત્યાં સુધી જ કરે છે કે જ્યાં સુધી તેમાંથી તેમને કંઇક પ્રાપ્ત થાય છે. આગળ કહ્યું તેમ બાળકોને આ કામમાંથી જ્ઞાનેન્દ્રિય–કર્મેન્દ્રિયનો વપરાશ અને પરિણામ જોવાથી કલાસર્જનનો પરિચય અને આનંદ તો મળે જ છે. કેલીડોસ્કોપ જોતાં બાળકો જેમ ધરાય નહિ તેમ આ કરતાં બાળકો જરૂર ધરાય નહિ.

પણ કેલીડોસ્કોપમાં થતાં ચિત્રોને જેમ બાળકોના સર્જન તરીકે ઓળખાવવામાં આવી ન શકે, તેમ આ કોતરણીઓને પણ એટલે બધે અંશે નહિ પણ થોડે અંશે બાળકોનાં સર્જન તરીકે ઓળખાવવી ન જોઇએ.

આપણાં આજકાલનાં બાલસર્જનનાં પ્રદર્શનોમાં આવી કોતરણીનાં કામોને બાળકોનાં સર્જન તરીકે મૂકવામાં આવે છે. તે જોનારે આ સર્જનની કિંમત કેટલી છે તે સમજવું જોઇએ. આ કામ કાઢી નાખવા જેવું નથી, પરંતુ બાળકો સ્વયંચિત્રો કરે કે માટીકામ કરે કે શીવણકામ કરે કે કાતરથી રેખાકૃતિઓને કાપી દે તેની સરખામણીમાં ચડતું નથી. કલાત્મક બાળકો આવાં કામ કરે અને બીજાં ન કરે, અથવા આ કામ દ્વારા બાળકો કલાત્મક છે એમ નિર્ણય ઉપર આવવું એમાં ભૂલ છે. કાગળ ઉપર કાતર ચલાવનાર બધાં બાળકોમાં આવી જાતનાં કામ કરવાની શક્યતા છે. અલબત્ત અકસ્માતથી આ બને છે એમ જાણવા છતાં જે બાળકો વારંવાર જાણી જોઇને આવા અકસ્માતો કરે, અને વિવિધ કોતરણીઓ ઉપજાવે અને તે ઉપજાવવામાં નવા નવા અકસ્માતો કરવા જોઇએ એટલું સમજે, તે બાળકો કલાત્મક સર્જન-દર્શનનાં શોખીન છે એટલું તો સ્વીકારવું જ જોઇએ. એટલા જ માટે આ કામની કિંમત આંકવામાં હમેશ આ દૃષ્ટિ શિક્ષક કે માબાપ સામે ચોખ્ખેચોખ્ખી રહેવી જોઇએ.

રેખામાંથી કાપી કાઢેલાં અગર આવી રીતે કોરી કાઢેલાં ચિત્રોને બીજા કાગળ ઉપર ચોડવાં એ એક બીજી અને ઉપયોગી પ્રવૃત્તિ છે: કોતરણીઓને ખાસ કરીને રંગબેરંગી કાગળો ઉપર ચોડવાથી કોતરણીનું સૌંદર્ય વધારે સારી રીતે બાળકોની આંખને ચોટે છે, અને બાળકોને વધારે ને વધારે કલાપ્રેમી બનાવે છે. કોતરણીઓ કોરા કાગળો ઉપર મૂકી બાળકો તેની અંદર પેન્સિલ ફેરવી આકારો ઉપજાવે તો તેમને આકૃતિ ઉપજાવવાનો આનંદ અથવા લાભ ભલે ન થાય; પરંતુ તેમ કરવાથી આકૃતિનો પરિચય વધારે ઉંડો જશે. અર્થાત્ બાળકને કોતરણીનું દર્શન વધારે સ્પષ્ટ થશે.

કાગળ અને કાતરના બીજા ઉપયોગો બાળકો આગળ મૂકી શકાય. દાખલા તરીકે કાગળો કાપીને નાની નાની નોટો બાંધવી, ટીપણાંઓ એટલે કે ભૂંગળાંઓ બનાવવાં;

વગેરે. વળી થોડીએક કાતરની અને થોડીએક હાથની મદદ લઈને પેપર-ફોલ્ડીંગ એટલે કે કાગળની ઘડીઓ પાડીને જાતજાતનાં રમકડાં બનાવવાની એક પ્રવૃત્તિ છે. કાતર, વહાણ, છરી, ખડિયો, ટોપી વગેરે આકારો આ પ્રકાર નીચે આવે છે. આની કેળવણી વિષયક કિંમત કાતરણીની કિંમતથી જુદી છે. આમાં કાગળથી ચોક્કસ આકારો રચવાનું હોય છે; અને જેટલા આકારો સામાન્યતઃ બને છે તેટલા આકારો બનાવતાં આવડી જાય ત્યાં સુધી તે કરવામાં સર્જનાત્મક કિંમત છે; પણ તે બહુ ઓછા આંકની. કારણ કે દક્ષિણી રાંગોળી પેઠે તેમાં નજર અને આવડત જોઈએ છતાં ચોક્કસ નિયમો પ્રમાણે જ કરવાથી સર્જન થાય છે, એટલે સર્જન યંત્રવત બને છે. છરી કે ટોપી કેમ થાય એ એક વાર જોયા પછી તે કરવાની રીત સિદ્ધ થતાં તેમાં વિશેષતા–નવીનતા નથી રહેતાં. તેમાં વેપારીની બુદ્ધિ હોત તો તેને વધારે પ્રમાણમાં બનાવવાનો ઉદ્યોગ તેમાંથી મળે ખરો; પણ શાળામાં આ દૃષ્ટિએ ઉદ્યોગનો પ્રશ્ન નથી. આમ છતાં બાળકો જેટલી (એટલે સેંકડો) ટોપીઓ, કાતર, છરી વગેરે કરવા માગે તેટલી કરવા દેવી જોઈએ. કાતર બનાવે તેમાં કેળવણી વિષય કિંમત છે તેના કરતાં પણ વધારે કિંમત તે બનાવવા માટે તેનું પુનરાવર્તન કરવામાં છે. વિકાસનું બહિર લક્ષણ પુનરાવર્તન છે.

પાતળા કાગળને બદલે જાડા કાગળ એટલે કે કાર્ડબોર્ડ અને કાતર પણ બાળકને પ્રવૃત્તિ અને વિકાસ બન્ને આપે છે. કાર્ડબોર્ડમાંથી બાળકો બંગલા, ઓરડા અને ઘરનાં ઉપસ્કરોની ત્રીજે જેવી નાની નાની ચીજો બનાવી શકે છે. આપણે બાળકોને કાર્ડબોર્ડ, કાગળ, કપડાંના કટકા, અને ગુંદર આપીએ અને તેમાંથી તેઓ નાનાં નાનાં ફરનિચરો અથવા રમકડાં બનાવી શકે છે તેવી કલ્પના આપીએ, અને તેની સાથે જ તેવી જાતનાં રમકડાં કે કામો તેમની સામે રજુ કરીએ, તો તેઓ ઘણો વખત જાતજાતનાં રમકડાં ને નમૂનાઓ બનાવવામાં ગાળશે; અને જરૂર તે પ્રવૃત્તિ દ્વારા ઘણું શીખશે. પ્રથમ તો તેઓ પોતાની ખીલેલી ડ્રોઇંગ શક્તિને તેમાં વાપરશે. હાથમાં બેઠેલો કાતરનો કામ તેમને ત્યાં બહુ કિંમતી થઇ પડશે. કાગળ ઉપર પેન્સિલથી રેખામાત્રથી જે ઉપજી શકે છે તે ઘન આકારમાં પણ ઉપજી શકે છે તેનો તેમને પ્રત્યક્ષ અનુભવ થશે. અર્થાત આ કામ તેમને માટીકામ અને ખાસ કરીને સુતારીકામની દિશા સ્પષ્ટ કરે બતાવશે. સુતારનાં હથિયાર વાપર્યા વિના અથવા બહુ થોડાં જ અને ઇજા ન કરે તેવાં હથિયારો વાપરીને કાતર, કરવતી અને કાર્ડબોર્ડ વડે બાળકો પોતાની ઓરડીમાં કે શાળામાં સુતારની કોઠ, અથવા ફરનિચરની દુકાન ખડી કરી શકશે.

આવી જાતના કાર્ડબોર્ડમાંથી ચોક્કસ નમૂનાઓ નમૂના પ્રમાણે તૈયાર કરતાં શીખવાના કામને સ્લૉઇડના કામ તરીકે ઓળખી શકીએ. શિક્ષણમાં સ્લૉઇડ પદ્ધતિ જ્ઞાનેન્દ્રિય-કર્મેન્દ્રિય તેમ જ બુદ્ધિવિકાસ અને હાથકારીગરીની આવડત માટે ઉપયોગી માનવામાં આવેલ છે.

પણ કેળવણીના આધુનિક સિદ્ધાંતો બાળકો પાસે સંપૂર્ણ કામ માગવાનો આગ્રહ નથી રાખતા. બાળકોની પોતાની મેળાએ તેમની

પોતાની મહેનત અને આવડતથી જેવાં થાય તેવાં રફ કામની તે વધારે કિંમત આંકે છે, ત્યારે સ્લૉઇડમાં સંપૂર્ણ નમૂનો બનાવવાનો વધારે પડતો આગ્રહ છે. એ આગ્રહમાં બાળકને ભૂલો કરીને શીખવાનું નથી હોતું. ભૂલ ન જ થાય તેવી રીતે કામ કરવાનું હોવાથી ચોક્કસ સૂચનાઓ અને દેખરેખમાં કામ કરવું પડે છે. પરિણામે કામનું પરિણામ બાળકની સર્જનાત્મક પ્રવૃત્તિને નહિ પરંતુ સૂચનાઓ અને દેખરેખને આભારી થાય છે. કામનો નમૂનો બને છે પણ કામનો આનંદ બાળકોને મળતો નથી. આનંદ તો પોતાની ભૂલો પડતી હોવા છતાં તે ભૂલો સુધારવાની જેમાં તક હોય, અને એ તકને લીધે ભૂલ સુધારવામાંથી પળે પળે બાળકને પ્રગતિ અને તેથી થતો સંતોષ હોય, તેમાં છે.

વળી સ્લૉઇડમાં બાળકોને પુનરાવર્તન કરવાની છૂટ નથી. તેમણે સંપૂર્ણ અને એક જ નમૂનો બનાવવાનો હોય છે. એથી અલબત્ત સંપૂર્ણ અને એક નમૂનો બને છે ખરો, પરંતુ તે કાળજીપૂર્વક ભૂલ ન પડે તે માટે સૂચના અને દેખરેખ નીચે બનેલો હોવાથી તેમાં પુનરાવર્તન કરવાપણું હોતું નથી; અને તેથી નમૂનો બની જવા છતાં નમૂનો બનાવવાની ઝડપ, ચાલાકી, કુશળતા વગેરે બાળકમાં આવતાં નથી. એક કામ એક વાર મહા મહેનતે પૂરું કરવામાં કુશળતા કેળવાતી નથી. કુશળતા પુનરાવર્તનથી આવે છે; ઝડપ પણ તેથી જ મળે છે; જ્યારે સ્લૉઇડમાં પુનરાવર્તનનો અભાવ છે. આનું પરિણામ એ આવે કે બાળક તેમાંથી કારીગર બની ન જ શકે. કારણ કે પુનરાવર્તન દ્વારા તેનો કારીગરી વિભાગ દૃઢ થતો નથી. ગોખ્યા પ્રમાણે એક ભાષણ બોલી જવામાં જેટલું ભાષાજ્ઞાનથાય, જેટલી વકતૃત્વકળા ખીલે, તેટલી જ નમૂનાઓ ધ્યાનમાં રાખી આબાદ નમૂનાઓ બનાવી દેવામાં હાથકારીગરીની શક્તિ વગેરેની ખિલવટથાય.

બેશક કાર્ડબોર્ડ અને કાતરથી જાતજાતનાં રમકડાં કરવામાં બાળકને લાભ જ છે. પણ તે લાભ ત્યારે છે કે જ્યારે બાળકને મરજીમાં આવે તેટલાં એક ને એક જ જાતનાં રમકડાં બનાવી દેવાની સંપૂર્ણ છૂટ હોય; અને અમુક ઓડા પ્રમાણે જ અને અમુક વખતમાં જ બનાવી દેવાનો આગ્રહ ન જ હોય.

આમ કાગળ કાતરનો બાળકના હાથમાં વિધવિધ ઉપયોગ શક્ય છે. એમાં અગત્યની દૃષ્ટિ ખાસ એક જ છે કે બાળક તેના વડે જે બનાવે તે તેને બનાવવા દો; તે શું બનાવે છે તે જુઓ; વચ્ચે પડો નહિ; અને તેની નોંધ રાખી કાગળ કાતર દ્વારા બાળકનો વિકાસ અને કલાત્મક વૃત્તિનો આવિર્ભાવ કેટલા કેટલા રૂપે શક્ય છે તેનો અભ્યાસ કરો. ગિ.

નવું જ તૈયાર થયું
પ્રાથમિક શાળામાં શિક્ષક

લેખક : ગિજુભાઇ

પોતાના ધંધાનું ગૌરવ સમજાવે, કાર્યની દિશા બતાવે અને ઉત્સાહ તથા ચેતના પૂરે એવું આ પુસ્તક દરેક વાચનારને ઉત્તેજિત કરશે.

પાનાં ૨૧૪ પાકું પૂંઠું

કિં. ૦-૧૦-૦ : ૦-૨-૦ ટપાલના

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશન-મંદિર : ભાવનગર

બાળકોની દશા

શ્રી માંગરોળ બાલમંદિરના વાર્ષિક ઉત્સવ પ્રસંગે માંગરોળની પ્રજા સમક્ષ શ્રી. ગિજુભાઇએ માબાપોને ઉદ્દેશીને બાળકો સંબંધે એક વ્યાખ્યાન આપ્યું હતું. તેમાંના કેટલાક ઉપયોગી ફકરાઓ અહીં ઉતારવામાં આવ્યા છે.

તમે કહેશો કે આ બાલમંદિર શા માટે ઉભું કર્યું છે? હું કહું છું કે બાળકોને સુખી કરવા. તમે કહેશો કે બાળકો ખાય છે, પીએ છે, હરે છે, ફરે છે; એમને વળી દુઃખ શું છે? હું કહું છું કે બાળકોને ઘણું દુઃખ થાય છે. મેં ગુજરાત-કાઠિયાવાડનાં બાળકોને જોયાં છે. બાળકોના દુઃખનો એક દાખલો આપું

મારે ત્યાં મારી દીકરીની બેનપણી આવીને કહે છેઃ "તમારી બા બહુ સારાં છે. મારી બા બહુ ખરાબ છે. મને કહે છે કે 'તું ઘરમાંથી બહાર મરને!' મને ઘરમાંથી ધક્કો મારી કાઢી મૂકે છે." આમ બોલનાર છોકરી ચાર પાંચ વર્ષની છે. એવડી નાનકડી છોકરીના આ શબ્દો જે સાંભળે એને એનું દુઃખ સમજાય. આ છોકરીને મેં પૂછ્યુંઃ "તમારાં બા તમને કેમ મારે છે? કેમ કાઢી મૂકે છે?" છોકરીએ કહ્યુંઃ "હું તોફાન કરું છું." મેં કહ્યુંઃ "શું તોફાન કરો છો?" તો તે કહેઃ "હું વાસણ ઉટકવા જઉં છું." જોયું આ તોફાન? બાળક વાસણ ઉટકે તે પણ તોફાન.

બાળક હોંશમાં વાસણો લઇ જતું હોય તેવામાં એકાદ વાસણ પડી જાય તે તોફાન! બાપની ઓરડીમાં જઇ બાળક ચોપડીમાંથી ચિત્રો જુએ કે બડિયો હોલ્ડર લઇ લખવા જાય તે પણ તોફાન! અલબત્ત આમ કરતાં બાળક બડિયો ઢોળી પણ નાખે.

બાળક માટે વ્યવસ્થા છે?

બાળકોનું શરીર નાનું છે. આપણા માટે ઘર તથા ઘરમાંનો સરંજામ છે. હું પૂછું છું કે તમે તમારા ઘરમાં બાળકોને કપડાં ટીંગાડવા માટે નીચે જુદી ખીંટીઓ રાખી છે? બાળકો કપડાં મૂકી શકે તે માટે કબાટની વ્યવસ્થા છે? એમને પાણી પીવા માટે ગોળાની માટલી બાળક પહોંચી શકે તેટલી નીચે છે?

આમ ન હોય એટલે બાળક મુશ્કેલીમાં આવી પડે. જાતે ટોપી લેવી મૂકવી હોય તો ન લઇ શકે. આથી ટોપી ગમે ત્યાં રાખે તો આપણે ચીડાઇએ. ટોપી જોઇતી હોય અને માગે તો ગુસ્સે થઈ જઇએ. કપડાં નીચે રાખે તે આપણને ન ગમે. આપણી ખીંટીઓ ઉંચી; એથી એને કપડું જોઇતું હોય અને માગે તો આપણા કામમાં અડચણ પડી એમ માનીએ. પીવા માટે પાણી માગે તો ન સાંભળીએ.

મારા એક મિત્રને ત્યાં હું ગયો હતો. તેમની તથા તેમની પત્ની સાથે ગપ્પાં હાંકતો હતો. એમનું બાળક આવીને કહેઃ "બાપા, પાણી પીવું છે." બાપા કહેઃ "જા, તારી બાને કહે." છોકરે બા તરફ જોઇ કહ્યુંઃ "બા, પાણી આપને?" બા સાંભળે જ શાનાં? વાત જ કર્યા કરે. છોકરે ફરી કહ્યું. બા કહેઃ "જોતો નથી આ વાત કરું છું તે? ઉભો રહેને! પાણી પાણી શું કર્યા કરે છે?" મારાથી ન રહે-

વાયું. મેં કહ્યું: "આ છોકરો પાણી માગે છે, અને તમે આપતાં કેમ નથી? વાત કયાં જતી રહેવાની છે? વળી તમે ગોળો છોકરો લઈ શકે તેમ મૂકતાં હો તો તમારે પંચાત શું કામ રહે?"

આપણુ બધાંને ત્યાં આમ જ બને છે. ઘર તથા સાજ-સરંજામની બાબતમાં બાળકોનો પણ વિચાર રાખવો જોઇએ.

બાળકો માટે વિચાર કર્યો છે?

આ માંગરોળમાં લોકો ધનિક છે. બંગલાવાળા છે. મોટર પણ કોઇ રાખતા હશે. એ બંગલાવાળાને ત્યાં નહાવા માટે બાથરૂમ ખરો, દીવાનખાનું ખરું, મોટર માટે મોટરનો તબેલો પણ ખરો; પણ એમણે કોઇએ બાળકો માટે એમના બંગલામાં તબેલો રાખ્યો છે? બાળકો માટે ઓરડીનો વિચાર કર્યો છે?

બાળકો દોષિત નથી

આપણાં બાળકોની મુશ્કેલીનો ખ્યાલ આપવા એક વાત કહું. અંગ્રેજીમાં ગુલીવર્સ ટ્રાવેલ્સ નામની ચોપડી છે. એમાં એક માણસ વિશાળકાય માણસોના મુલકમાં જઇ ચડે છે. ત્યાંના માણસનો મહેલ એટલે આપણું માંગરોળ. એની બાથરૂમ માંગરોળના એક ખૂણે, તો રસોડું બીજા ખૂણે અને પાયખાનું એકાદ માઇલ દૂર! આવા માણસોના દાદરા, એમની જમવાની થાળીઓ બધું એ પ્રમાણમાં મોટું હોય. આવી પરિસ્થિતિમાં આ માણસની શી સ્થિતિ બને તે કલ્પી શકો છો? પાયખાનેથી નહાવા જતાં થાકી જાય. જમવા જતાં તો પગ જ રહી જાય. પાટલા ઉપર બેસવાનું તો એને મોટા પ્લેટફોર્મ ઉપર બેઠો હોય એવું લાગે. થાળીના એક છેડે મૂકેલું શાક લેવા તેને રીતસર ઉભા થઇને લંબાવું પડે. આ સ્થિતિ આપણાં બાળકોની સ્થિતિ સમજાવવા મેં તમને જરા અતિશયોક્તિથી વર્ણવી છે. આ માણસના જેવી સ્થિતિ આપણાં ઘરોમાં આપણાં બાળકોની છે. એમને દાદરા, ખીંટીઓ, કબાટો, પાણિયારાં, પ્યાલા, લોટા; બધું મોટું પડે. આવી સ્થિતિમાં બાળક આપણી માફક ન રહી શકે તો આપણે કહીએ કે બાળક તોફાન કરે છે, કનિયો કરે છે! આપણે બાળકનો જરા નિરાંતે વિચાર કરીએ તો સમજાય કે આમાં બાળકો દોષિત નથી.

મારે ચાર બાળકો છે. એમને ઉછેરતાં ઉછેરતાં મારે ઘણા વિચારો કરવા પડ્યા; અને એમાંથી [illegible] શિક્ષણશાસ્ત્ર તથા માનસશાસ્ત્ર શીખ્યો. પણ આપણે તો કયાં વિચાર જ કરવો છે? આપણે તો માનીએ છીએ કે "બુધે જર પાંસરી, બુધે નાર પાંસરી, બુધે છોકરું છાનું રહે." આમ બાળકોને બુધાથી ચલાવવા માગીએ છીએ.

આપણી શિરજોરી

બાળકો ઉપર આપણી શિરજોરી ભારે છે. આપણો ધર્મ પણ આપણે બળજોરીથી પળાવવા ઇચ્છીએ છીએ. એનો એક દાખલો આપું. વિલાયતમાં એક માબાપ એના [illegible]ને પ્રાર્થના કરાવવા માટે દરરોજ લ[illegible] માબાપ બાળકને પ્રાર્થનાની મહત્તા બતા[illegible] કહે કે "પ્રાર્થના કરી જે માગીએ તે ખુદા આપે." એક દિવસ બાળક પ્રાર્થના કરવા બેઠું. માબાપને થયું કે લાવો જોઇએ તો ખરાં, બાળક શું કરે છે? ધીમે રહી છૂપાઈને માબાપ બાળકને નીહાળતાં હતાં. બાળકને એમણે બોલતું સાંભળ્યું: "હે ભગવાન!

મારી પ્રાર્થના સાંભળજો. મારાં માબાપ મને બહુ ત્રાસ આપે છે તો એમને મારી નાખજો."

પૈસાદારનાં બાળકો

પૈસાદારોની તમને વાત કરું. એમને ત્યાં બાળકોને બીજાં દુઃખ છે. માબાપને એમની દરકાર રાખવાને ફુરસદ નથી. બાપા પેઢીએ જાય છે; બા મેડીએ ચડી નવલકથા વાંચે છે. બાળકો આયાઓ પાસે! આયાઓ તો તમે જોઈ હશે. મોટા ભાગે કાળી, વિચિત્ર પોશાકવાળી હોય છે.

હું એક મારા પૈસાદાર મિત્રને ત્યાં મળવા ગયો હતો. મારા મિત્ર, એમનાં પત્ની, તથા હું ચા પીતાં હતાં. એટલામાં મારા મિત્રનું એક બાળક ત્યાં આવ્યું. મારા મિત્ર બોલ્યા: "આયા! છોકરેકુ લે જાઓ." આયા પાસેના ઓરડાનું બારણું ઉઘાડી અંદર આવી ને બાળકને ઉપાડી ગઈ. ચાપાણી ચાલતાં હતાં. પાસેના ઓરડામાં દાંત પીસીને બોલતું હોય તેવો "ચુપ રહો, ચુપ રહો!" નો અવાજ આવતો હતો. મને થયું: "શું છે? જરા જોવા તો દે." મેં મારાં મિત્રને કહ્યું: "એક મિનટ જરા જઈ આવું." એમ કહી હું ઉઠ્યો, અને પેલા ઓરડાનું બારણું ખોલ્યું, તો મારા મિત્રનાં બાળકો હારબંધ અદબ પલાંઠી વાળી ગુપચુપ બેઠાં હતાં. મ્હોં પર દુઃખ હતું. સામે આયા સોટી લઈને ઉભી હતી. "ચુપ રહો; ચુપ રહો. અવાજ મત કરો. યહાસે બહાર મત જાઓ. મેંને શેઠકું બોલેગા." આ દેખાવ જોઈ હું તો આભો જ બની ગયો. હું બહાર આવ્યો અને મારા મિત્ર તથા તેમનાં પત્નીને કહ્યું: "આ શું છે? છોકરાંને અંદર શા સારૂ પૂર્યાં છે?" મારા મિત્રે કહ્યું: "એમણે રીતભાત શીખવી જોઈએ. મહેમાનની હાજરીમાં એમણે દખલ નહિ કરવી જોઈએ." મેં કહ્યું: "એમણે આવવું જોઈએ." મારા મિત્રે કહ્યું: "કેમ?" મેં કહ્યું: "હું એમનો કાકો આવ્યો છું. ત્યાં છોકરાં શાં માટે ના આવે? આ બધું તોફાન જવા દે." ફરી મેં પૂછ્યું: "આ આયાને શું આપો છો?" એ કહે: "દર મહિને પંચોતેર રૂપિયા." મેં કહ્યું: "આયાને કાઢી મૂકો. છોકરાંની દેખરેખ તમે કે તમારાં પત્ની રાખો. બીજા કામમાં ન પહોંચાતું હોય તો બે વધારે મંત્રીઓ રાખો."

બાળકોની દશા

બાળકોને હડધૂત કરનાર ઘણાં હોય છે. મારા એક બીજા મિત્રની વાત કરું. એનું બાળક શક્તિશાળી છે; એને કંઈ કામ કર્યા વિના ગમે? બા બાપ આગળ તો કંઈ કામ નહિ; એટલે ગયા મુનીમ પાસે. હાથમાં કલમ લીધી ત્યાં મુનીમ ચશ્માં કપાળે ચડાવી બોલ્યા: "ચાલ્યા જાઓ અહીંથી. અહીં તમારૂં કામ નથી." ભાઈ ઉપડ્યા મોટર ગેરેજમાં. ત્યાં દાઢીવાળો શીખ મોટર સાફસુફ કરે. આ ભાઈ તો મંડ્યા મોટરના એંજીનનું ઢાંકણું ઉપાડવા. શીખ કહે: "યહાં કયું આયા? ચલે જાઓ. સાબકુ બોલેંગા.." છોકરો ચાલ્યો બહાર. ત્યાં થોડે દૂર ધોબી કપડાંને સાબુ દે. ભાઈ તો ધોબી પાસે પહોંચી ગયા, અને સાબુ લઈ મંડ્યા કપડાં ઉપર ઘસવા. ધોબી કહે: "ચાલ્યા જાઓ. નહિ તો શેઠાણીને કહી દઈશ." ભાઈ શું કરે? ગયા રસોડામાં. જ્યાં છરી લઈ શાક સમારે છે ત્યાં તો રસોયો લાકડું સળગતું લઈને નીકળ્યો જ છે! આવી આ ભાઈની દશા છે.

તોફાનથી ગભરાશો નહિ

હું કહું છું કે બાળકો તોફાન કરે તેથી ગભરાશો નહિ. તોફાન કરવામાં શક્તિ જોઇએ છેને? માયકાંગલાં બાળકો હોય તેથી તમે ખુશી થાઓ છો? બાળક રૂષ્ટપુષ્ટ હોય; બે ઘડી આ જુએ કે તે જુએ; એમાં કંઇ ઢોળે ફોડે પણ ખરું. એમાં ગભરાઇ શું કામ જવું?

તંત્રીની ટપાલમાં

: ૧ :

એક ભાઇ લખે છેઃ—

મારે બેએક વર્ષની નાની બેબી છે. એની કેળવણી માટે શી વ્યવસ્થા કરવી? કયાં કયાં પગલાં લેવાં?

એ હજી હમણાં જ બોલતાં શીખી છે.

જવાબ

તા. ૧–૧૧–૧૯૩૩

ભાઇશ્રી,

તમારા કાગળનો જવાબ નિરાંતે આપવા ઉપર રાખેલો હોવાથી આજે લખું છું. તમે તમારી બેબીના શિક્ષણમાં અત્યારથી જ રસ લ્યો છો તેથી તમને અભિનંદન ઘટે છે. સામાન્યતઃ અઢી કે ત્રણ વર્ષની ઉંમરથી મોન્ટીસોરી શાળાનો લાભ બાળક લઇ શકે છે. આપણા દેશમાં સામાન્ય રીતે ત્રણ વર્ષ પછીનાં બાળકો મોન્ટીસોરી શાળામાં જાય છે. દરમિયાન ત્રણ વર્ષ સુધીનો કાળ ઘણો કિંમતી છે; અને તેની સંભાળ લેવાનું તમે ઉચિત ધાર્યું છે.તે યોગ્ય જ કર્યું છે. તમારો તથા તમારાં પત્નીનો અભ્યાસ, સ્થિતિ, સંજોગો, નોકરચાકરો વગેરે વિષે મને લખ્યું હોત તો હું તમને વધારે વિગત અને સ્પષ્ટતાથી જવાબ આપી શકત. પરંતુ વધારે વિગત નહિ હોવા છતાં સામાન્ય સૂચન રૂપે હું નીચે પ્રમાણે લખી શકું છું.

તમે ખાસ કરીને તરતમાં નીચેની ચોપડીઓ વાંચી જશો. જો કે તમારાથી પણ પહેલાં બેબીની બા વાંચી જાય એ જરૂરનું છે.

(૧) ઘરમાં બાળકે શું કરવું?
(૨) ઘરમાં મોન્ટીસોરી
(૩) વાર્તા કહેનારને
(૪) શાસ્ત્રીય દૃષ્ટિ

આ ચોપડીઓથી સામાન્યતઃ બાળક તરફની તમારી દૃષ્ટિ નક્કી થશે, અને ઘરમાં તેને કંઇ કંઇ કામનો માર્ગ સૂઝાડી શકશો. તમને ફુરસદ હોય અને અંગ્રેજી વાંચવાનો પણ શોખ હોય તો નીચેની ચોપડીઓ પહેલી જ તકે વાંચી જશો.

(૧) Advanced Motessori Method part I

(૨) બાલશિક્ષણ : મને સમજાયું તેમ.

આ ચોપડીઓમાંની ગુજરાતી ચોપડી અહીં શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરમાંથી મળશે. અંગ્રેજી ચોપડી તારાપોરવાળા એન્ડ સન્સ, કાલબાદેવી પરથી મળશે. આ સાથે શ્રીદક્ષિણામૂર્તિનાં પુસ્તકોનું સૂચિપત્ર મોકલ્યું છે. તમને ઠીક લાગે તેટલી ચોપડીઓ લખવા ઉપરાંતની પણ તમે મગાવી શકશો.

બાળકને નોકરોના હાથમાં ઓછામાં ઓછું મૂકશે. મા અને બાપ બન્નેએ બાળકને પોતાનો થોડો થોડો વખત આપવો જોઇએ. નોકરો ભયંકર સંસ્થા છે, અને બાળકોને માટે તો તે પ્રાણઘાતક વાતાવરણ રૂપ છે.

બાળકને નુકસાન ન થાય તેમ જ કોઇના હક્કોને વાંધો ન આવે તેવી રીતે જે પ્રવૃત્તિ કરવી ગમે તે તેને કરવાની અનુકૂળતા કરી આપશો. રમકડાંથી બાળકને બહુ સંતોષ થતો નથી, પણ જેમાં કાંઇક કરવાનું આવે તેવું તેને આપવાથી બહુ લાંબો વખત તેમાં તે રોકાય છે, ને વિકાસ મેળવે છે. બાળકને આ નાની વયે ફોસલાવીને કે ધમકીથી કબજે રાખવાનો પ્રયત્ન લેશમાત્ર કરશો નહિ. લાલચ પણ શિક્ષા જેટલી જ ભયંકર છે, તેથી તેનો સદંતર ત્યાગ થવો જોઇએ. તમે પોતે ધંધાને અંગે બહુ કામમાં હો તો તેની માતુશ્રીને આ બધી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવા કહેશો.

માતા થયા પછી સ્ત્રીએ પોતાનું સર્વ કર્તવ્ય બાળકના વિકાસમાં સમાપ્ત કરવાનું છે. એમાં મોટામાં મોટી પોતાની અને જનતાની સેવા છે. જીવન-ફિલસુફીના મહાન પાઠો એમાંથી મળે છે. અને બાળક પાસેથી પ્રત્યેક પળે જીવનધર્મનો પાઠ સહેજે સંભળાય છે.

માતાએ માતા થતા પહેલાં બાળકને કેમ કેળવવું તેની કેળવણી નહિ લીધી હોવાથી ઘરમાં બાળક આવતાં તે એકાએક મૂંઝાઇ જાય છે, મિજાજ ખોઇ બેસે છે અને બાળકને નુકસાન કરે છે. આને બદલે માતાએ પોતાના સ્વભાવ ઉપર કાબૂ રાખવાની જરૂર છે. ધણી-ધણીયાણીએ લડી પડવાને બદલે બાળકને કેમ સંભાળવું તેની શોધ કરવા નીકળવાનું છે. બાળક એ માબાપના પૂણ્યપ્રેમનો સાર છે, તેથી માબાપોએ માબાપ થયા પછીનું જીવન બાળકની આસપાસ જ ગોઠવવાની જરૂર છે.

હું ધારૂં છું કે અત્યારે આટલેથી બસ થશે. વિના સંકોચે યોગ્ય લાગે ત્યારે કાગળ લખી આભારી કરશો. એ જ.

લી. ગિજુભાઇના
નમસ્કાર.

: ૨ :

એક બેન લખે છે:—

મારે બે ભત્રિજાઓ છે; મોટો ભાઇ ૧૨ વર્ષની ઉંમરનો ને નાનો ભાઇ ૯ વર્ષની ઉંમરનો. મોટો ભાઇ વાંચનનો ઘણો શોખીન છે. એના હાથમાં કંઇ પણ આવે કે તે એ જરૂર વાંચે જ; ત્યારે નાનો ભાઇ વાંચન તરફ બહુ ઉદાસીનવૃત્તિ બતાવે છે. વાંચતાં આવડે છે. પણ નિશાળમાં ચાલતાં પુસ્તકો વાંચવા પડે એટલાં વાંચે, પણ તે સિવાય બહારનું બીજું કાંઇ વાંચન વાંચે નહિ. વાર્તા વાંચવાનો શોખ પણ એને નથી. સાંભળવાનો શોખ છે ખરો. એનામાં વાર્તા વાંચનનો રસ ઉત્પન્ન કરવા મેં એને વાર્તાઓ કહેવા માંડી. અને તે એ રસપૂર્વક સાંભળતો, અને જાતે જ વાતની માગણી કરતો. પણ એ રસથી પોતાની મેળે પ્રેરાઇ એ ઘરમાં વાર્તાઓની ચોપડીઓ પડી હોય છતાં કદી વાંચે નહિ. તેથી હું એને ચોપડી લઇ એમાંથી વાર્તા વાંચી સાંભળાવું. મારૂં ધારવું એમ હતું કે જો એમ કરતાં એનામાં વાંચનની રસવૃત્તિ જાગૃત થાય તો પછી એ પોતાની મેળે વાંચવાનું કદાચ શરૂ કરે. વાંચી સંભળાવું

તે સાંભળવામાં એને રસ પડે ખરો. કોઇક વાર એ એની એ જ ચોપડીમાંની એની એ જ વાર્તાઓ કે જે મેં એની આગળ વાંચી હોય તે જ વાંચે; પણ તે સિવાયની બીજી વાર્તાઓ વાંચવાનું મન જ ન થાય. એ કેવું ?

ગમે તેવી રસભરી વાર્તા હોય કે નાનું નાટક હોય, ને કદાચ એ જો વાંચવું શરૂ કરે તો " હજી કેટલું બાકી રહ્યું ને કયારે પૂરું થશે ? " તે જ જોયા કરે. જાણે એને વાંચતાં થાક ચડી જવું એ તો એનું વલણ હોય છે.

તમારો 'આપણે પાપે' નો ભેટ અંક એણે પોતાની મેળે વાંચ્યો. અંદર બધી ઘણી જ નાની નાની વાર્તાઓ છે એટલે એ વાંચી ગયો–બે વાર વાંચી ગયો. પછી મેં એને 'શિક્ષણ પત્રિકા' ના છઠ્ઠા વર્ષનો ભેટ અંક બતાવ્યો. પણ એ વાંચવાને હાથમાં લઇ એણે પાનાં ઉથલાવી જોયાં ને પાછો મૂકી દીધો કે " આમાં તો બહુ લાંબી લાંબી વાર્તાઓ લાગે છે. " એમાં બહુ લાંબી લાંબી વાર્તાઓ તો નથી જ; છતાં એને લાંબી લાગે છે.

આનો ઉપાય શો હોઇ શકે ? અને આનું કારણ પણ શું ? મને કંઇ સૂઝ ન પડી, તેમ જ પત્રિકામાં આવતા ચર્ચાપત્રમાં પણ આવો એકે દાખલો વાંચ્યો નહોતો, તેથી એ ગૂંચવણનો ઉકેલ જડ્યો નહિ. તેથી આપને પૂછાવું છું. અને મહેરબાની કરીને જો આપ એનો કંઇ ઉકેલ બતાવશો તો આપની અત્યંત આભારી થઇશ.

જવાબ

શ્રીમતી બહેન,

તમારા તારીખ વિનાના કાગળનો જવાબ આજે મોડો મોડો આપું છું તો મને માફ કરશો. તમારા પત્રનો જવાબ સહેજ વિગતથી આપવાનો હોઇ તેમ બન્યું છે. આપણે બે ભત્રિજાઓ વચ્ચે સરખામણી કરવાની કશી જરૂર નથી. બન્ને શરીરથી અને શક્તિથી જુદા છે એમ સ્પષ્ટ રીતે સમજવું. મોટો ભત્રિજો ખૂબ હોશિયાર અને વાંચનરસિક હોવાથી જ નાનો ભત્રિજો વાંચનમંદ લાગે છે. તુલના કરવા જેવું ન હોત તો તમને લાગે છે તેટલી ગંભીર સ્થિતિ નાના ભત્રિજા વિષે લાગત નહિ. હવેથી બન્ને ભત્રિજાઓ વિષે તુલનાત્મક નહિ પણ સ્વતંત્ર રીતે વિચાર કરશો.

બીજું, મોટો ભત્રિજો તમારા લખાણ ઉપરથી જણાય છે કે સાહિત્યરસિક છે, ઉપરાંત તે પોતાનું જ્ઞાન આંખની ઇંદ્રિય દ્વારા મેળવવા માગે છે; તેથી તે વાંચનરસિક સહેજે છે જ. પણ નાનો ભત્રિજો તેવો નથી; તેથી તેનામાં બેશક સાહિત્યરસિક વૃત્તિ ઓછી છે, અને આંખથી તે અત્યારે જ્ઞાન મેળવવા માગતો નથી. પરંતુ તેથી તેનામાં કાંઇ ખાસ દોષ છે એમ હું માનતો નથી. દુનિયાનું સમગ્ર જ્ઞાન વાંચનમાં આવી જતું નથી; તેમ વાંચન મારફતે જ મળવું જોઇએ કે મળે છે તેમ પણ નથી. વાંચન એક સાધન છે. કોઇને તે સાધન ઠીક પડે છે, જ્યારે કોઇને તે ઠીક નથી પડતું. માટે તમે તે વાંચે તો સારું તે વિષેની ચિંતા જ છોડી દેજો. તમારે ત્યાં સારું વાચનાલય હોય તો બસ છે. સારા ભોજનોમાંથી અમુક ભોજન કોઇ ન લે તો કશી ચિંતા કરવા જેવું નથી.

નાના ભત્રિજાને બીજી કઇ કઇ બાબતોમાં રસ છે તે તપાસો. અને તેમાં તેને જેટલું કરવું હોય તેટલું કરવાની અનુકૂળતા આપો.

એક બાળકના વિકાસનું સાધન પુસ્તકાલય છે, જ્યારે બીજાનું સાધન સંગીતશાળા હોય છે, અને ત્રીજાનું સાધન કારખાનું હોય છે. નાના ભત્રિજાને 'શું ગમે છે?'—નહિ કે તેને 'શું ગમવું જોઇએ?' તે દિશામાં અવલોકન કરજો; અને તેને જોઇતું તમે આપજો.

જો તેને લાંબી વાતો વાંચવામાં થાક લાગતો હોય તો તેની વાંચવાની બુદ્ધિ અને ઉંમર નાની છે એમ સમજીને, તેને તેની ઉંમરથી નીચી કક્ષાઓનાં છોકરાંઓની ઉંમરના બરની ચોપડીઓ વાંચવા આપવાનું કરી જોશો. તે ત્રીજી ચોપડીમાં છે તો તેને બાળપોથી, પહેલી, બીજી અને તેના જેવી સારી ચોપડીઓ આપશો. ભલે તે ધીમે ધીમે ચાલ્યો આવે; તેનું વાંચન બંધ તો ન જ કરતાં.

બે ભાઇઓમાં એક ભાઈ બહુ વધારે પડતો હોશિયાર હોવાથી, અગર આપણે તેને હોશિયાર છે એવું વારંવાર કહેલ હોવાથી, ઘણી વાર બીજો ભાઇ આપણા શબ્દોને કારણે ઠંડો પડી જાય છે. તે પોતાનો આત્મવિશ્વાસ ખોઇ બેસે છે; સ્વપ્રયત્નને છોડી દે છે; અને ઘણી વાર તો વિકાસના માર્ગથી આડો જઇ તોફાન મસ્તી પણ કરે છે. આને માનસશાસ્ત્રમાં Inferiority complex એટલે લઘુતાગ્રંથિ એટલે કે 'મારામાં કાંઇ નથી.' એવી ભાવના કહે છે. બે વચ્ચે સરખામણીમાં એકની સ્તુતિ અને બીજાની નિંદા કરવાથી આ સ્થિતિ આવે છે. માટે હવેથી બે ભાઇઓને સરખાવીને કશી વાત કરશો નહિ. બન્નેને પોતપોતાને માર્ગે જવા દેવા. નાના ભત્રિજાને ખાસ ઉત્તેજન પણ આપશો નહિ.

આમ કરી જોશો, અને અનુભવ થાય તે યોગ્ય લાગે તો જણાવવાની તસ્દી લેશો. હું વડોદરા આવ્યો ત્યારે આ બે ભાઇઓને જોઇ શક્યો હોત તો મને વધારે સમજણ પડત. હાલ તો આટલેથી જ બસ. બે જ.

લી. ગિજુભાઇના
નમસ્કાર

માંગરોળ બાલમંદિરના નિવેદનમાંથી

અમારું એમ માનવું છે કે રાષ્ટ્રોન્નતિ, દલિતોદ્ધાર, સમાજરચના, આર્થિક સમાનતા, ધાર્મિક સુધારણા અને એવા બીજા અનેક પ્રશ્નો જે આજે આખી દુનિયાને મૂંઝવે છે, તેનો ઉકેલ સાચા શિક્ષણ સિવાય કદી આવવાનો નથી. અને એ શિક્ષણ પણ માનવ જીવનના આરંભકાળથી જ આપવામાં આવે તો જે અનિષ્ટ તત્ત્વો-સંસ્કાર આપણે અટકાવવા માગીએ છીએ તેનો જડમૂળથી નાશ થઇ શકે. આજે આપણા જીવનમાં જે તત્ત્વો વિઘ્ન રૂપ થઇ નડે છે તેને ઉગવા જ ન દે, એવી કેળવણી નવો અને બળવાન ભાવિ સમાજ રચવા સમર્થ હોઇ શકે.

કેળવણીના મહાન વિદ્વાનો અને જગતના લગભગ સઘળા શિક્ષણશાસ્ત્રીઓએ આવી કેળવણી આપી શકે તેવી એકમાત્ર મોન્ટીસોરી પદ્ધતિને પદ્ધતિ તરીકે સ્વીકારી છે. આથી જ અમે એ પદ્ધતિ અનુસાર ચાલતું બાલમંદિર ઘણી મુશ્કેલીઓ અને કપરા સંજોગોમાં ચલાવી રહ્યાં છીએ.

હરીફાઇ, પરાધીનતા, અવ્યવસ્થા, અશાંતિ, ઇંદ્રિયવિકાસનો અભાવ, બેજવાબદારી, સામા-

જિક તાલીમની ખામી, વગેરે તત્ત્વો જ આજે આપણા જીવનમાં કલહ અને વિખવાદનાં મૂળ બની પ્રગતિનો રોધ કરી રહ્યાં છે. તેનો સદંતર બહિષ્કાર કરી સ્વતંત્રતા, સ્વાધીનતા, સ્વયંસ્ફૂર્તિ અને એવા જ બીજા નૂતન શિક્ષણના સિદ્ધાંતો ઉપર રચાયેલી મોન્ટીસોરી પદ્ધતિનું બાલશિક્ષણ એ જ બધા પ્રશ્નોનો ઉકેલ કરનારૂં, અને માનવ જીવનનું સાચું ઉદ્ધારક છે, એવી આંતરિક શ્રદ્ધાથી અમે આ બાલમંદિરનો આરંભ કર્યો છે.

× × ×

બાળક એ આ જગતમાં નવો પ્રવાસી હોવાથી તેને સઘળું નવું જ જોવાનું અને જાણવાનું હોય છે. આથી તેને માટે અમુક જ વિષય શિખવાડવા તે તેના વિકસતા પ્રાણનું ખૂન કરવા જેવું છે. છતાં પ્રયોગથી સિદ્ધ થયું છે કે આ ત્રણથી ૭ વર્ષની ઉંમરમાં ઇંદ્રિયવિકાસ માટે બાળક તલસતું હોય છે.

માબાપો આ વસ્તુ સમજતાં ન હોવાથી તેને વારંવાર વિકાસ કરતું અટકાવે છે. જ્યારે બાલમંદિરમાં આથી ઉલટું કોઇની પણ મદદ વગર, મરજીમાં આવે ત્યારે અને તેટલો વખત, તેની ઇંદ્રિયોને બરાબર વિકાસ આપે તેવાં સાધનો ઉપર બાળકો રમે છે; અને આંખ, કાન, સ્નાયુ, સ્પર્શ વગેરે ઇંદ્રિયોને વૈજ્ઞાનિક ઢબથી અને શાસ્ત્રીય સાધનોથી કેળવે છે. આ ઉપરાંત સામાજિક તાલીમ એ પણ બાલમંદિરનો ખાસ વિષય છે. આજે સમાજમાં સંસ્કાર, સ્વચ્છતા અને સભ્યતા કયાંય નજરે પડતાં નથી. આથી બાળકોને તેની તાલીમ મોન્ટીસોરી પદ્ધતિ અનુસાર આપવામાં આવે છે.

× × ×

આજે તો આપણે ઘરે ઘરે બાળકોનાં ખૂન કરી રહ્યાં છીએ. શરીર કરતાં આત્માનાં ખૂન વધારે ભયંકર અને ગુન્હાહિત ગણવાનો જમાનો આવતો જાય છે. આપણા જ બાળકમાં કોઈ મોટા કારીગરની, કોઈ કલાકારની, કોઈ પ્રખર મુત્સદ્દી કે વડા પ્રધાન થવાની શક્તિ રહેલી છે. આ શક્તિના વિકાસને ખરે વખતે તેને કચડી નાખીને, કાયમને માટે કરમાવી દઇને આપણે એક મોટું પાપ કરી રહ્યાં છીએ. એ અશક્ત આત્મા તેના હૃદયમાંથી આપણને માબાપોને અનેક શાપ આપી રહ્યો છે. એ શાપનું પ્રાયશ્ચિત્ત કરવું હોય તો સ્વતંત્રતા, સ્વાધીનતા અને સ્વયંસ્ફૂર્તિના ત્રિવેણીસંગમસમા બાલમંદિરના પુણ્યતીર્થ સિવાય કોઇ બીજું સ્થળ નથી. માબાપ જે બાળક માટે રાતદિવસ દોડધામ કરે છે, બાળક જરાક બિમાર પડતાં આકાશપાતાળ એક કરે છે, જેને માટે ધનના ઢગલા અને બીજી સુખસામગ્રી એકઠી કરે છે, તે બાળકનું જ–તેની ઉગતી મહાન શક્તિઓ, ખીલતું શરીરબળ અને બુદ્ધિબળ વિકસે તેવાં સાધનો ન આપીને, બલકે તેનાથી વિરુદ્ધ વર્તન કરીને એક ભવિષ્યની મહાન વિભૂતિના પ્રાણનું ખૂન કરે છે એમ કહેવામાં નર્યું સત્ય છે. માબાપો ચેતશે, પોતાના વર્તનની તપાસ કરશે, અને ભાવિ યુગ બાળકોનો છે તે સમજશે, તો બાલમંદિરની ઉપયોગિતા એક ક્ષણના વિલંબ વિના તેમને સમજાશે.

× × +

બાળક જે માબાપનું પ્રતિબિંબ છે, જેમને માટે તેમનું સમગ્ર જીવન છે, તેની ખરી અને ન મળે તેવી કેળવણી વિષે અજ્ઞાન

ધરાવવું એ એક મનુષ્યદ્રોહ છે, આત્મદ્રોહ છે. દુર્ભાગી રાષ્ટ્રમાં જ એવાં માબાપો વસી શકે.

દેવલોકમાંથી ભૂલો પડેલો મુસાફર પૃથ્વીના નવા પ્રવાસી આ બાળક માટે—અનેક જુલ્મો નીચે દબાયેલાં બાળકો માટે—વિષમ પરિસ્થિતિમાં અને આર્થિક અગવડતાઓ છતાં અમે શ્રદ્ધાપૂર્વક એક પ્રયોગ તરીકે આ બાલમંદિર શરૂ કર્યું છે. એ પ્રયોગનો અગ્નિ અખંડ પ્રજ્વલિત રહે, અને તેમાંથી બાળકોના આશીર્વાદની ધારા અસ્ખલિત વહે એવી પ્રાર્થના ઈશ્વરને કરીએ છીએ. અને સાથે સાથે જ માંગરોળની જાહેર જનતા સમક્ષ વિનતિ કરીએ છીએ કે આપણાં બાળકોની કેળવણી માટે આપણે જ પુરુષાર્થ કરવાનો છે. અને પુરુષાર્થ વિના ઈશ્વર પ્રાર્થના સાંભળતો નથી. તો આપ સૌ એ પુરુષાર્થ કરી આ બાલદેવતાઓના આશીર્વાદ મેળવો.

ગ્રાહકોને

આવતા અંકની સાથે આપનું લવાજમ પૂરું થાય છે. અમને આશા છે કે 'પત્રિકા' ના ગ્રાહક તરીકે આપ ચાલુ રહેશો.

જો આપ મનીઓરડર કરો તો રૂા. ૧)ના મનીઓરડર તા. ૧૦–૨–૩૪ પહેલાં કરશો. કૃપા કરીને કુપનમાં આપનો ગ્રાહક નંબર—જે આ અંકના રેપર ઉપર છે તે લખશો.

આપને આવતા વર્ષનો પહેલો અંક વી.પી.થી જોઇતો હોય તો આપે અમને તે મતલબનું લખવાની જરૂર નથી. આપના તરફથી મનીઓર્ડર નહિ મળે તો આપે અમને V.P. મોકલવા માટે લખ્યું છે એમ માનીને આપની તરફ વી.પી. મોકલીશું. પરંતુ આપને આ માસિક બંધ કરવું હોય તો કૃપા કરીને તરત જ ખબર આપશો.

કૃપા કરીને વી.પી. પાછું વાળીને કાર્યાલયને નકલ દીઠ ત્રણ આનાની ખોટમાં ન મૂકશો.

આપની મદદ માટે આભારી છીએ.

દ. મૂ. બાલમંદિર
કાર્યાલયઃ ભાવનગરઃ

તંત્રીઓ,
શિક્ષણ પત્રિકા

અખિલ ભારત શિક્ષણપરિષદ, કરાંચી

[નવમું અધિવેશન : ૧૯૩૩]

ઑલ ઇન્ડિયા ફીડરેશન ઑફ ટીચર્સ એસોસીએશનના આશરા હેઠળ કરાંચી મધ્યે તા. ૨૭મીથી તા. ૩૦મી ડિસેંબર ૧૯૩૩ દરમિયાન અલીગઢ વિશ્વવિદ્યાલયના વાઇસ ચેન્સલર સર. રોસ માસૂડના પ્રમુખપણા હેઠળ અખિલ ભારત શિક્ષણપરિષદની બેઠક મળવાની છે.

આ પરિષદના મંત્રીઓ કેળવણીમાં રસ લેતાં સર્વેને આમંત્રણ આપે છે. પ્રતિનિધિ ફી રૂા. ૨) બે રાખવામાં આવી છે. આ સંબંધે "મંત્રીઓ, સ્વાગતમંડળ, નવમી અખિલ ભારત શિક્ષણપરિષદ, કરાંચી" ના સરનામે લખવું.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, ખોડીદાસ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(સોસાયટી અંક)

વર્ષ આઠમું
૧૯૬૦

અંક ૧૨ મો
આધ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

છેલ્લાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

જ્યારે શેઠ શિક્ષકને શિક્ષકને બદલે નોકર કે મે'તાજી તરીકે રાખે છે ત્યારે શિક્ષકનું સ્વમાનં હણાય છે, અને શિક્ષક એક અથવા બીજી રીતે શેઠનું અપમાન થાય તેમ વર્તે છે.

ત્યારે શિક્ષક શેઠના છોકરાને મે'તાજી કે નોકર જ સમજીને તેને ભણાવવામાં બેદરકાર રહે છે; અને જે શીખવે છે તે નકામું જાય તેવું શીખવે છે.

ત્યારે છોકરાઓ શિક્ષક પ્રત્યે તોછડાઇથી વર્તવા માંડે છે, અને તેથી શિક્ષકનો પ્રેમ છોકરાઓ ઉપર વધતો નથી પણ ઘટે છે; તેથી તે બરી વિદ્યા બતાવતો નથી.

ત્યારે શેઠાણીના ધુંકારાથી કે તોછડાઇથી શિક્ષક છોકરાઓ આગળ તેની માની નિંદા કરે છે, તેનાં અને શેઠનાં છિદ્રો શોધે છે, અને માબાપને હલકાં પાડે છે.

શેઠે નોકરી માટે નોકર રાખવો, રસોઇ માટે રસોયો રાખવો, અને માત્ર શિક્ષણકાર્ય માટે જ શિક્ષકને રાખવો.

પરીક્ષાનું પરિણામ

પરીક્ષા એ કેવળ બહારની વસ્તુ છે. પરીક્ષાથી વિદ્યાર્થીએ ગોખી ગોખીને કે સમજી સમજીને પોતાના મગજમાં કેટલું ઠાંસ્યું છે તે જ માત્ર જાણી શકાય છે. પરીક્ષામાં વિદ્યાર્થીની ગ્રહણ-ધારણ કરવાની અને શિક્ષકની હણ-ધારણ કરાવવાની શક્તિનું માપ કાઢી શકાય છે; પરંતુ પરીક્ષા વિદ્યાર્થીના વિકાસને અને શિક્ષકની આવી વિકાસક્રિયાને સહાય આપવાની શક્તિને કસતી નથી.

પરીક્ષાથી વિદ્યાર્થી બહિરમુખ બને છે. પરીક્ષા વિદ્યાર્થીને અંદર લાઇ જવાને બદલે બહાર કાઢે છે. તેને બહારની દૃષ્ટિએ બીજાની સરખામણીમાં પોતે કેવો છે તે બતાવે છે; તે બહારના માપથી પોતાને માપતાં શીખવે છે. અહીં સ્પર્ધાનું ને ઈર્ષાનું મૂળ રહેલું છે. આમ બીજાની હાર ઉપર પોતાની જીત રહેલી છે; આમાં બીજાની ન્યૂનતા ઉપર પોતાની પૂર્ણતા સમજાય છે, ને બીજાની ખામીઓની તુલનામાં પોતાની ખામીઓ ઢંકાય છે.

પરીક્ષાથી અભિમાન અને નિરાશા આવે છે. બહારની દૃષ્ટિએ જે આગળ આવે છે તે મિથ્યાભિમાની થાય છે, અને પરીક્ષા જેને દુનિયામાં પાછળ રાખે છે તે નિરુત્સાહી બને છે. મિથ્યાભિમાની ને નિરુત્સાહી બન્નેની પ્રગતિ પરીક્ષાની ક્રિયાથી બંધ પડે છે; પરીક્ષા અભિમાન આપી જ્ઞાનના ખરા માર્ગમાં અંધકાર નાખે છે અને નિરુત્સાહ આપી વિઘ્નો પેદા કરે છે.

પરીક્ષા નિશાળમાં જ નથી; ઘરમાં પણ જાતજાતની પરીક્ષાઓનો સ્પષ્ટ અસ્પષ્ટ પ્રકાર ચાલે છે. એથી જ આજનો માણસ અંદરનો મટી બહારનો થયો છે; તે પોતાને માટે જીવવાને બદલે બહારને માટે જીવે છે. આંતર નીતિ, આંતર ધર્મ અને આંતર બળને બદલે બહિર્ નીતિ, બહિર્ ધર્મ અને બહિર્ બળને મોહે છે. બહારના તોલ-માપે પોતાને માપીને સંતોષ લે છે, ને સાર્થકતા માને છે. ટૂંકમાં તે અંદરથી મરી જઇને એટલે કે આત્માથી મરી જઇને બહારથી અર્થાત્ શરીરથી જીવે છે.

બહારની પરીક્ષામાં ટેવાયેલો માણસ દિન પ્રતિદિન દંભી બનતો જાય છે. લોકો શું ધારશે, લોકોને શું ગમશે, લોકો પોતાને વિષે કેવો આંક કાઢશે, પોતાનો તોલ કેવો કરશે, તેનો જ તેને વિચાર હોય છે. તેને અંતરાત્માના કથનને રોકવું પડે છે, આંતર વેગોને દબાવવા પડે છે, ને આખરે અંતરમાં શૂન્ય થઇ બહાર એકડો થવું પડે છે.

બહિર્ પરીક્ષાનું જેને ઝેર ચડ્યું છે તે હમેશ ભયભીત રહે છે. "હાય, હમણાં પરીક્ષા થશે. હાય, નાપાસ થઇશ કે પાસ? હાય હાય, કસોટીએ ચડતાં ચડીશ કે પડીશ?" એના ભૂતથી બિચારો ભરમાયેલો રહે છે. નિશાળમાં પરીક્ષાનો ભય આખા જીવનમાં જ્યારે વ્યાપે છે ત્યારે તો તે જીવનને છેક કડવું બનાવી મૂકે છે; અને એ ભયમાંથી જો એ મુક્ત ન થાય તો માણસ ગાંડો બની જાય છે.

પરીક્ષાની પ્રથામાં તૈયાર થયેલો મનુષ્ય 'સરતો'ના ઘોડા જેવો છે. 'સરત' કરવી હોય

તો તેનામાં જોર આવે છે. જીંદગીના જુગારનો એકે પ્રસંગ તેને આનંદ આપ્યા વિના રહે જ નહિ. જીંદગીને જુગારથી ખેલે; જુએ કે કાં તો હારીએ છીએ, નહિતર જીતીએ છીએ.

પરીક્ષામાંથી પસાર થયેલ મનુષ્ય બંધાણી જેવો છે. બહારના જગત આગળ ઉભા રહેવાને વખતે, જગતનો અભિપ્રાય લેતી વખતે કોણ જાણે ક્યાંથી તેનામાં નશાબાજનું ક્ષણિક જોર આવે છે; પણ નશો ઉતરી જતાં જેમ નશાબાજ એક પાઇની કિંમતનો થઇ જાય છે, તેમ આ બહારનું ઉત્તેજન ખસી જતાં આવો માણસ ઢીલો થઇને પડે છે.

પરીક્ષાએ માણસને સ્વયં પ્રાણની ખોજમાં જતો રોકયો છે; આત્મજ્ઞાનના માર્ગમાંથી તેને ભ્રષ્ટ કર્યો છે. તેથી જ તે સારી જીંદગી જગતની દૃષ્ટિથી ગાળે છે, ને આત્મજ્ઞાનને બદલે બારકાની પંચાતમાં નિરંતર રહે છે.

પરીક્ષા બહારની ન હોય પણ અંદરની હોય. પરીક્ષા જ્ઞાનની ન હોય પણ શક્તિની હોય. પરીક્ષા હકીકતોની ન હોય પણ વિકાસની હોય. પરીક્ષા પરાર્થે ન હોય પણ આત્માર્થે હોય. પરીક્ષક બહારનો ન હોય પણ અંદરનો હોય. ગિ.

એકનું એક બાળક

જે ઘરમાં એકનું એક બાળક હોય, જ્યાં માબાપ સિવાય કોઇ ત્રીજું માણસ ઘરમાં ન હોય, તે બાળકના ઉછેરમાં ખૂબ સંભાળ લેવાની જરૂર છે. આવાં બાળકોને સંયુક્ત કુટુંબમાં ઉછેરાવાથી જે ફાયદા મળે છે તે ફાયદાથી તેઓ વંચિત રહી જાય છે. એકના એક છોકરાને પોતે કુટુંબમાં એક જ બાળક હોવાથી ફાયદા પણ મળે છે; પણ તે ફાયદાઓ મોટે ભાગે ભાઇ-બહેનવાળાં બાળકોને જે મળે છે તેથી ઓછા હોય છે. જેને એકનું એક બાળક હોય છે તે આ બાબતમાં નીચેની હકીકતો સમજી બાળકના ઉછેરમાં તે દૃષ્ટિ રાખે તો બાળકને ઘણો ફાયદો થાય.

પૈસાદાર પિતાના આવા એકના એક બાળકને તો ઘણા ગેરફાયદા થાય છે. આજકાલ પૈસાદારનો વસવાટ મોટે ભાગે બંગલાઓમાં થતો જાય છે. એક બંગલામાં રહેનાર માણસો બીજા બંગલાનાં માણસો સાથે શેરીઓમાં વસતાં માણસો માફક હળીમળી શકતાં નથી. આમ બંગલાનાં વાસીઓ સમાજથી બહુ જ અતડાં પડી જાય છે; તેમની દશા નિર્જન વનના એરંડા સમી થઇ જાય છે. અને આવા કુટુંબમાં ઉછરતા એકના એક બાળકની તો તેથીયે ખરાબ દશા થાય છે. તેની સાથે રમવાને મિત્રો ન મળે; ભાઇબંધોના અભાવે તેને બંગલાની ચાર દીવાલોમાં ઉછેરાવાનું કમનશીબ પ્રાપ્ત થાય છે. મોટે ભાગે તેના દિવસો બિનકેળવાયેલ નોકર કે રસોયા સાથે જાય છે, અને તેમાંથી તે કેટલીયે અનિષ્ટ ટેવો ગ્રહણ કરે છે.

શેરીઓમાં વસતા એકના એક બાળકને બંગલામાં રહેનાર તેવા બાળક જેટલું નુકસાન નથી થતું, પરંતુ તેના માત્ર કેટલાક આવશ્યક ગુણો અણવિકસ્યા અને અણખીલ્યા રહી જાય છે. આવાં બાળકોમાં ખાસ કરીને કેવા ગુણો ખીલ્યા વિનાના રહી જાય છે તે આપણે જોઇએ.

આવું એકનું એક બાળક મોટે ભાગે અક્કડ

અને અતડું દેખાય છે. બીજાં બાળકો સાથે તેને મળવાના પ્રસંગો જ્યારે જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે તેની ખરાબ દશા થાય છે. ભાઇભાંડરૂ સાથે ઉછરેલાં બાળકો તુરત જ મિલનસાર દેખાય છે, જ્યારે આ બાળક અન્ય બાળકો સાથે મળવાને બદલે તેમનાથી દોઢ ગાઉ દૂર નાસે છે.

આવું બાળક મોટે ભાગે સ્વાર્થી પણ જણાય છે. ઘરમાં એકલમલ તરીકે મહાલ્યા પછી તેને પોતાના ભાગમાંથી બીજાં ભાગ પડાવે તે પરવડતું નથી. પોતાને રમકડે કોઇ ભોગનોગે બીજું રમવા બેસે તો તે રડવા લાગે છે; દરેક વસ્તુનું માલેક તે જ હોઇ શકે એ એક જ ભાવના તેનામાં જણાય છે. જ્યારે ભાંડરૂમાં ઉછરેલ બાળકો વહેંચી ખાવાને અને પોતાના રમકડે ભાઇબહેનને રમવા દેવાને ટેવાયેલાં હોય છે, એટલે તેમનામાં સ્વાર્થીપણું ઓછું દેખાય છે.

એકનું એક બાળક શરમાળ વધુ પડતું જણાય છે કારણ કે તેનામાં જે સામાજિક ગુણો ખીલવા જોઇએ તે અણવિકસ્યા રહે છે.

આ જગતને તે પોતામાં જ જુએ છે. સારી દુનિયાની વસ્તુઓ જાણે એના માટે જ છે, અને બીજાનો તે પર અધિકાર જ નથી, એવી એની માન્યતા થતી જાય છે. આવું બાળક ઘરના રમકડા જેવું જ હોય છે. ઘરમાં બીજાં બાળકો હોતાં નથી એટલે માબાપ તેને વધુ પડતાં લાડ લડાવે છે, અને એવા લાડમાં ઉછરેલું બાળક જ્યારે દુનિયાની મુશ્કેલીઓમાંથી પસાર થાય છે ત્યારે તેની પરાધીનતા આપોઆપ જણાઇ આવે છે. તેને બાવાની કે લૂગડાં પહેરવાની આવડત હોતી નથી; નિયમો પાળવા તે ટેવાયું હોતું નથી; બાલદુનિયામાં તે બંધબેસતું થતું નથી. તે જ્યારે મોટું થાય છે ત્યારે તેને ઘણી મુશ્કેલીઓ નડે છે.

આ બાળક જ્યારે બાવા બેસે છે ત્યારે આડાઇ કરે છે; સૂવા કે નાહવાના સમયે પણ સરખું ચાલતું નથી. અને માબાપનો જીવ કુટુંબમાં તે એક જ હોવાને કારણે ટૂંકા હોય છે, એટલે તેની લાગણીઓને તે દૂભવતાં નથી. પણ જ્યારે તેને બીજા સાથે પ્રસંગ પાડવાનો સમય આવે છે ત્યારે તેની મુશ્કેલીઓ વધે છે. ભાંડરૂમાં ઉછરતું બાળક રડઘડિયું થાય છે; તેને કટલીક અગવડો વેઠી લેવાની પણ ટેવ પડેલી હોય છે; નાની બહેન કે ભાઇના હક્ક સમજતાં અને તેને આદર આપતાં તે શીખે છે; જ્યારે એકનું એક બાળક એકલવાયાપણાને લીધે નાની સરખી મુશ્કેલી વેઠી લેવા, જે મળે તે બાઇને પેટ ભરી લેવા, ને ગમે તે વસ્તુથી ચલાવી લેવા જરાયે ટેવાતું નથી.

માબાપ પણ પોતાના એકના એક બાળકના ઉછેર પરત્વે વધુ પડતાં ચીકણાં બને છે. તેની એકેએક ક્રિયા પર વધારે પડતી ચીકાશ કરે છે. એટલે બાળકમાં બિનજરૂરી સંકુચિતતા આવી જાય છે તેની બબર માબાપને રહેતી નથી.

આવું બાળક ઘરમાં બૂબ લાડમાં ઉછરવા પામે છે, એટલે મોટપણે તેને આ લાડ ભારે થઇ પડે છે. કોઇ પણ સમૂહના નિયમને વશ થતાં અને ટેવાતાં તેને વાર લાગે છે. કેટલાંકને તો તેમની અસહાય દશાને લીધે આંસુ પણ સારવાં પડે છે. જ્યાં હોય ત્યાં તેણે તો મારાપણું જ અનુભવેલું હોય છે. 'આ મારૂં રમ-

કહું.' 'આ મારી ખુરશી.' આ મારી થાળી.' 'આ મારી ચમચી.' આવા મારાપણા-માંથી તે ઉંચું જ આવતું નથી. એટલે જ્યારે સમૂહમાં ભળવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે અને તેના 'મારાપણા' તરફ બીજાં બાળકો ઘૃણાની નજર ફેંકે છે, ત્યારે તેને પોતાની જાત હલકી લાગે છે, અને તેથી તેનામાં પોતાની અશક્તિનું ભાન પેદા થાય છે. એની ઇચ્છાશક્તિ કેળવા-યેલી હોતી નથી. તેથી આ અશક્તિનું ભાન તેને હમેશને માટે સાલે છે; કારણ કે ઇચ્છા-બળથી તે તેને દૂર કરી શકતું નથી, અને ઉલટું પોતાના એ અવગુણોનું પોતે ગુલામ બનતું માલૂમ પડે છે.

આવા બાળકમાં બીજાને મદદ કરવાની કે પરગજુ થવાની વૃત્તિ જ ઉદ્ભવેલી હોતી નથી. શાળામાં કે બાલમંદિરમાં જ્યારે તે નવું નવું દાખલ થાય છે, અને કોઇ બાળક ઠેસ વાગતાં પડી જાય છે, ત્યારે આ એકનું એક બાળક દૂર ઉભું ઉભું જોઇ રહે છે. તેની પાસે જઇને તેને છાનું રાખવાની કે શિક્ષકને તેના પડી ગયાના સમાચાર આપવાની ઇચ્છા સરખી તેને થતી નથી; જ્યારે સમૂહમાં ઉછરેલાં બાળકો કોઇ બાળકને વાગ્યાના સમાચાર સાંભળતાં તેને મદદ કરવા કે ઉભું કરવા કે પાટો બાંધવા દોડી જાય છે, અને તેને છાનું રાખી શિક્ષક પાસે લઇ જઇ તેની પૂરતી બરદાસ કરે છે. એને કોઇ ભાઇબંધ મળતા નથી એટલે બીજાના દુઃખે જે અરેરાટી છૂટવી જોઇએ તે તેનામાં છૂટતી નથી; કારણ કે કોઇના માટે કાંઇ કામ કરવું, ઘસાવું, તે તો તે શીખ્યું જ હોતું નથી.

એક વખત એવું બન્યું કે અમે સૌ નદીએ નહાવા ગયા. નાહીને સૌ બહાર નીકળ્યા ત્યારે નાના બિમાર કનુભાઇ ટાઢે થરથરતા હતા. ભાંડુરૂવાળા કુટુંબમાં ઉછરેલાં સુલોચના-બેન પોતાના ભીના શરીરે અને ભીંજાયેલે કપડે દોડીને તેમનું ડિલ લૂછવા મંડ્યાં, જ્યારે એકનાં એક વસુબેન કનુભાઇની પાસે ઉભાં હતાં, છતાં બધું ટગર ટગર જોઈ રહ્યાં હતાં!

ભાંડરૂમાં ઉછરેલાં બાળકોને બાની માંદ-ગીના સમયે, અડચણના સમયે કે બા શહેરમાં ગયાં હોય ત્યારે નાનાં ભાઇ–બહેનોની સંભાળ લેવાના જે પ્રસંગો પ્રાપ્ત થાય છે તે આ બાળકને નથી થતા; એટલે પરાયાં તરફની મમતા તો તેનામાં ક્યાંથી જ આવે?

સામાન્ય રીતે બાળકોમાં માલેકીનો આવેગ (possession instinct) હોય છે; પરંતુ એકના એક બાળકમાં આ ગુણ બહુ વધારે પડતા પ્રમાણમાં જોવામાં આવે છે. ઘરની નાની મોટી વસ્તુનું માલેક બનવાના પ્રસંગો એને જ પ્રાપ્ત થાય છે; એટલે એક વખત ઘરમાં એકલમલની માફક મહાલ્યા પછી બીજે ક્યાંય તે બીજાને સરખો હિસ્સો આપી શકતું નથી; આપવાના પ્રસંગ ઉભા થાય છે ત્યારે આકળુંભાંભળું થઇ જાય છે, અગર તો રીસાઇ કે ટરડાઇને ભાગી જાય છે.

આવા બાળકને ઉપર કહ્યા તેવા ગેરફાયદા છે; પરંતુ તે સાથે કેટલાક થોડાશા ફાયદા છે, તે પણ તપાસીએ.

પોતાના બાપાપનું તે એકનું એક બાળક હોવાના કારણે પિતાની આવકનો સારો એવો ભાગ તેની જ કેળવણી પાછળ ખર્ચવાની સારી તક મળે છે; કારણ કે તેમાં કોઇ ભાગ પડાવ-

નાર હોતું નથી. તેની કેળવણી અને ઉછેર પાછળ પૈસા ખર્ચવામાં ને જાતદેખરેખ રાખવામાં પિતા સહેજે ઉદાર રહે છે. આવા બાળકને શારીરિક પોષણ પણ સારું મળે છે, કારણ કે ઝાઝાં બાળકો ન હોવાને કારણે એક બાળકને તંદુરસ્ત બનાવવામાં માતપિતા પૈસા ખરચતાં પાછું જોતાં નથી.

ઉપર જણાવ્યા તે ફાયદા અને ગેરફાયદા જોતાં આવા બાળકને એકંદર ગેરફાયદા ઘણા છે. આ ગેરફાયદા એવા નથી કે જેને મિટાવી ન શકાય.

સમજુ અને કેળવાયેલાં માબાપો પોતાનાં બાળકોને સામાજિક બનાવવા માટે પોતાને ઘરે પાડોશનાં કે મિત્રોનાં બાળકોનો અખાડો જમાવી શકે; તેમને માટે પોતાનાં દ્વાર ચોવીશે કલાક ખુલ્લાં મૂકી તે બાળકોને પોતાનાં જ બાળકો જેવાં ગણી પોતાને ઘરે આવવા દે, અને રમવા તથા હળવા મળવા દે. આવી રીતે એકઠાં થયેલાં બાળકો અને પોતાનાં બાળકો વચ્ચે કોઇ જાતનો ભેદભાવ રાખ્યો હોય તો અર્થ ન જ સરે. જેમ કે પિતા શહેરમાંથી પોતાના બાળક માટે ખરીદવા જાય તો તેનાં મિત્રો માટે પણ પતંગ ખરીદતા આવે; સૌના સરખા આવે. ઘરનાં રમકડાં ઉપર તેના મિત્રોનો પણ સરખો હક્ક શરૂઆતથી જ સ્થાપિત કરે. પ્રસંગોપાત્ત, એ જ બાળકોને ઘેર પોતાના બાળકને મોકલે; તેમની ઉજાણીઓ ગોઠવે. આવા અનેક ઉપાય કરી તેના ઉછેરમાં જે ખામી રહેવાનો સંભવ જણાય તે દૂર કરે.

આવાં બાળકોને બાલમંદિરમાં મોકલવાં એ ખૂબ જરૂરનું છે. ત્યાં એમને બાળદુનિયા મળે છે. આજે બાળકોને જ્યારે બાળદુનિયા મળે છે ત્યારે તેનો સર્વતોમુખી વિકાસ ઝપાટાભેર થાય છે. બાલમંદિરમાં તે સામાજિક નિયમનને જલદી વશ થાય છે. આવું એકનું એક બાળક ઘેર જે અમુક જ ખાવા લે છે, અમુક વસ્તુ ખાય છે કે નથી ખાતું, તે બાલમંદિરમાં બીજાં બાળકો સાથે ટપ દઇને ભોજન પર બેસે છે, અને જે ખાવાનું હોય છે તે ખાવા માંડે છે. અમારે ત્યાં નાનાં પ્રતિમાબેન છે. જ્યારે તેમને બાલમંદિર મોકલ્યાં ત્યારે તેમના પિતાએ કહેલું કે તેને નાસ્તામાં કોઇ પણ વસ્તુ ભાવતી નથી. વખત જતાં અમે અનુભવ્યું છે કે આજે એવી કોઇ પણ વસ્તુ નથી કે જે પ્રતિમાબેનને ભાવતી ન હોય. પ્રતિમાબેનને નાસ્તાની વસ્તુઓ ખવરાવવા માટે અમારે કોઇ ઉપાયો લેવા પડ્યા નથી. એમણે બીજાં બાળકોને ખાતાં જોયાં એટલે પોતે પણ ન ભાવતી ચીજો કે જેની તેમને કાલ્પનિક સૂગ હતી, તે ખાતાં થયાં.

આ રીતે અનેક બાબતોમાં એકના એક બાળક માટે તો બાલમંદિર ખાસ જરૂરનું છે.

આ ઉપરાંત આવા બાળકના વાલીઓ ઘેર જે બહિર્ દ્વાર રમતનાં સાધનો વસાવે અને ત્યાં બીજાં બાળકોને રમવા આવવાની છૂટ રાખે, તો પણ આવા બાળકને બીજાં બાળકો સાથે હળવામળવાના પ્રસંગો પ્રાપ્ત થાય. વ. દવે.

પ્રાથમિક શાળામાં શિક્ષક

લેખક ગિજુભાઈ : : : પાકી બંધાઇ ૦-૧૦-૦
પોસ્ટેજ બે આના વધારે

આનું નામ સ્વયંસ્ફૂર્તિ

કેટલાં બધાં બાળકો કામમાં મંડ્યાં હતાં, અને કેટલો બધો તેમનો ઉત્સાહ હતો, અને એ ઉત્સાહની પાછળ એમનો આનંદ કેટલો બધો હતો !

એમને કોઇએ ફરજ પાડી ન હતી છતાં તેઓ એક કલાકથી રેતીને એકઠી કરતાં હતાં અને સામી ભીંતે તેના ઢગલા કરતાં હતાં. તેઓ આ કામ કરવામાં એટલાં તો ભાન ભૂલ્યાં હતાં કે તેઓ ધૂળ ને રેતી ઉપાડવાથી મેલાં બન્યાં હતાં, તેમના માથામાં ધૂળ ભરાઇ હતી, તેમનાં પેરણ–ઘાઘરી ગંદાં બન્યાં હતાં તેનો કશો જ ખ્યાલ તેમને ન હતો. ઉંધું ઘાલીને તેઓ બાલદીઓ ભરતાં હતાં, અને ભરેલીને ઠલવતાં હતાં.

તેમના ગાલો ઉપર લાલાશ હતી; આંખમાં તેજ હતું; હાથપગમાં ક્રિયાનું બળ પ્રત્યક્ષ હતું; મન પ્રસન્ન હતું અને આત્મા તૃપ્ત હતો.

બાળકોને આજે મનગમતી પ્રવૃત્તિ મળી હતી. પોતાના હાથપગ ચલવી શકાય, ઇંદ્રિયોને વાપરી શકાય અને મનની શક્તિને કામે લગાડી શકાય એવી આ પ્રવૃત્તિ હતી.

કેટલાંક બાળકોને તો આ પ્રવૃત્તિ પહેલવહેલી જ હતી. તેમને ઘેર આવી રીતે રેતી અને ધૂળમાં રમવા કોણ આપે ? તેમને ઘેર આટલી વિશાળ જગા કયાં હતી કે તેઓ કયાંઇ જઇને રમી શકે ? કેટલાંકને આ પ્રવૃત્તિ ખૂબ ગમતી હતી કેમ કે તે શેરીની જેવી પ્રવૃત્તિ હતી.

ડોલો ઉપાડતાં તેઓ કોઇ વાર પડતાં હતાં કે આડાંતેડાં થઇ જતાં હતાં, છતાં તેઓ હસતાં હતાં; તેમાં તેઓ ગમ્મત લેતાં હતાં.

તેમની ઉપર મુકાદમ ન હતો પણ મદદમાં શંકરભાઇ હતા, એટલે તેઓ ડરથી કામ નહોતાં કરતાં; કમાવા માટે કે ભયથી કામ નહોતાં કરતાં. તેઓ તો પોતાના મનની લાગણીને સંતોષવા માટે આ કામ કરતાં હતાં. તેમનું શરીર, ઇંદ્રિયો અને મન જેકામ જરૂરનું હતું તે તેમને મળવાથી તેઓ આ કામમાં તલ્લીન હતાં. તેમને આમાંથી વિકાસ મળતો હતો તેથી તેમને આ કામ ગમતું હતું, એટલું જ નહિ પણ ખૂબ પ્રિય થયું હતું.

તેઓને કોઇ એમ શીખવતું ન હતું કે સહકાર કરો, સહકાર કરો; સંપીને કામ કરો, સંપીને કામ કરો ! અને છતાં સૌ મળીને કામ કરતાં હતાં. એક બીજાની મદદથી કામ કરતાં હતાં. અને છતાં કોઇ થાકતું હતું તો બીજું તેનું કામ ઉપાડી લેતું હતું અને પેલું થોડી વાર આરામ લેતું હતું. કોઇ એમ અદેખાઇ કરતું ન હતું કે એ કામ નથી કરતું અને અમે કામ શાના કરીએ. કારણ કે સૌને કામ ગમતું હતું. સૌને માટે કામ હતું; સૌને માટે પૂરતું કામ હતું. સૌથી થઇ શકે તેટલું સૌ કરે એથી જરાયે વધારે નહિ, એવી સૌની અનુભવથી થયેલી સમજણ હતી.

આવું સહકારી કામ–સંપીલું કામ, નાનાં બાળકો કરતાં હતાં, અને હું તે જોતો હતો.

જોતજોતામાં તો કેટલુંય કામ કરી નાખ્યું. જોતજોતામાં એક કલાકથી વધારે વખત કેવી રીતે ગયો તેનો કશો જ ખ્યાલ ન આવ્યો.

લેખ લખવો હોય તો લીમડાનો અને પીંપળાનો લખવો હોય તો પીંપળાનો લેખ લખી શકાય. "ત્યારે હું ખોખરાનો લખું?" એકાએક ઇન્દુ થોડી વારે બોલ્યો. મેં હા કહી, અને પછી ઇન્દુએ આ લખી નાખ્યો.

મારે તમને કહેવું જોઇએ કે આ લેખ એક જ બેઠકે લખાયો છે. આ વખતે હું તો શાળામાં હતો. સુમન કહે છે કે બરાબર દિવસના અઢી વાગે શરૂ કર્યો હતો, અને પાંચ સવાપાંચે પૂરો કર્યો હતો. અત્યાર સુધી તેણે ભાગ્યે જ કંઇ લખ્યું હશે; એ તો બાલ-મંદિરનાં રેકર્ડ (નોંધ) બોલશે. અને તેનું જ્ઞાન મોટી ચાલણગાડી સુધીનું નથી. છતાં આવું અને આટલું તે લખી શકે તે આપણને વિચારમાં નાખી દે છે. લેખ લખતો હતો ત્યારે કોઇને બોલવા દેતો ન હતો. ઘડીયે ઘડીયે વિચારમાં ચડી જતો હતો, અને સામાન્ય રીતે તેના ચંચળ જણાતા સ્વભાવે સ્થિરતા પકડી હતી.

લેખ લખી રહ્યા પછી હું આવ્યો ત્યારે મને કહે: "આજે મેં લેખ લખ્યો છે. પરંતુ જોઇએ તેવો ન લખાયો. ઘણું લખવાનું બાકી રહી જાય છે. કેમ લખવું તે મને સમજ પડતી નથી." આ શબ્દો પાછળ તેનું મંથન જોઇ શકાય છે. પ્રવાસનું વર્ણન તે આબાદ રીતે પોતાની દૃષ્ટિએ ન કરી શક્યો તે અપૂર્ણતા તેને સાલતી લાગે છે; અને આ માટે તો તે કહે છે કે મારે ફરી ખોખરા જઇ બીજો લેખ લખવો છે.

આ લેખન કે એ લેખ પાછળ રહેલા માનસને "શિક્ષણ પત્રિકા" માં સ્થાન આપવાનું યોગ્ય લાગે તો તેમ કરવા તસ્દી લેશો.

ગૌરીશંકર ચાતુર્વેદીના વંદન.

તા. ક. આ રહ્યો એ લેખ.

ખોખરાના પ્રવાસે

એક વાર અમે ખોખરા ગયા હતા. અમે સૌ ત્યાં જવાની તૈયારી કરતા જ હતા. ત્યાં સ્ટેશનમાં ગાડી આવી. પ્રવાસમાં હું ને મારી બા અને ગંગાબેન અને બીજા અમારી સાથે એક ધરમશીભાઇ હતા. અમે દરવાજા પાસે પહોંચ્યા ત્યાં એક ઘોડાગાડી આવી.

ધરમશીભાઇએ કહ્યું કે ગાડી લઇને આવવું છે? ગાડીવાળાએ પહેલાં ના પાડી, પછી હા પાડી. ધરમશીભાઇએ બેગ ગાડીમાં મૂકી દીધી ને સૌ બેસી ગયાં. ત્રણ આના આપીએ એમ કીધું એટલે તે માની ગયો. ગાડીમાં સૌ બેસી ગયાં.

(રેલ) ગાડીને થોડી વાર હતી. ઘોડાગાડીવાળાએ ઘોડાને એવો દોડાવ્યો કે તેના મોઢામાંથી ફીણ જમીન પર પડતા હતા.

અમે સ્ટેશનમાં ગયાં. ત્યાં ગાડી સ્ટેશનમાં આવી ગઇ હતી. અમારી સાથે જે માણસ હતા તે ટિકીટ લેવા ગયા. હું ને મારી બા ને ગંગાબેન બેસી ગયાં. ત્યાં તો જે ભાઇ ટિકીટ લેવા ગયા હતા તે જ ભાઇ આવ્યા. અમે ગાડીમાં બેઠાં.

રસ્તામાં ખેતરો આવતાં હતાં. કપાસ જાણે કોઇ ડોશી દાંત કાઢતી કાઢતી તેનું ખેતર સાચવતી હોય એમ લાગતું હતું.

ત્યાં તો કોબડી સ્ટેશન આવ્યું, ને સૌ ઉતર્યાં. ટિકીટ દઇને ચાલતાં ચાલતાં એક વાડી આવી. ત્યાં કોસ ચાલતો હતો. એક બાઇ

કડલાં પહેરીને નહાતી હતી ને એક ઘરડો ડોસો નહાતો હતો. તેણે કહ્યું: "કયાં જવું ?" મેં જવાબ આપ્યોઃ "ખોખરા." તેણે કહ્યું: "છોકરો છે ને ગાડું કરો." મારી બાએ જવાબ આપ્યોઃ "અમારો છોકરો ચાલે એવો છે." પછી ખંભે ફાળિયું નાખી તે તેને રસ્તે ને અમે અમારે રસ્તે.

અમે ઉખરલા ગામની બધી ગાય મજા કરતી કરતી ચાલતી હતી. પરંતુ એક ગાયનો પગ લપસી જાય. તે સૌની પાછળ હતી. તેની પાછળ ભાભા ડચકારા કરતા ચાલતા હતા. ને પાછળ ગાડાના પૈ જેવડા રોટલા ને હાથમાં છાશની દોણી.

પછી એક સ્થળ (વાવ) આવ્યું. ત્યાં સૌ બેઠા ને સાથે ભાખરી છોડી અને ત્યાં ખાવા બેઠા. તે પહેલાં થોડી વાર હીંચકયા ને ખાવા મંડ્યા. ખાઇને હું ધરમશીભાઇ વાવમાંથી પાણી પીને અમે સા દાતણ કાપવા બેઠા. મારી બાએ દુઃખ દબાવ્યું. આખરે મારી બાએ તેનું દુઃખ કહી દીધું કે મારી સાસુ રાહ જોતાં હશે. મારી બા પાસે કોઇનું ન ચાલ્યું. અને અમે સૌ ચાલતાં થઇ ગયાં. ગંગાબેન કહેતાં હતાં કે ક્યારે ખોખરા આવશે ?

પછી ખોખરાનાં ખોરડાં ભાળ્યાં ને હું ને ગંગાબેન દોડ્યાં. મારી બા જાણતી હતી કે ખોખરાના બરબચડા હતા. થોડેક દૂર ગયા ત્યાં પડ્યા. હું ઉભો ઉભો હસતો હતો ને હું તો જોઇ રહ્યો. તે એવાં પડ્યાં કે ઉભાં થઈ ન શકયાં. મારી સાથે ધરમશીભાઇ હતા. તેના બભા ઉપર બેગ હતી તે લઇને તે દોડ્યા. તે હજી પૂરા ન પોગ્યા ત્યાં તે પડ્યા. પછી બન્ને જણાં ઉભાં થઇને ઘેર ગયાં.

મારી બાની સાસુએ બાધું ન હતું. પછી તેમણે ઠંડું પાણી બધાને પાયું.

બાળકને સામાજિક જીવન માટે શી રીતે તૈયાર કરવું ?

આધુનિક જીવનની અંધાધુંધીને લીધે મૂંઝાયેલા ઘણાયે શિક્ષકોને સામાન્ય રીતે વ્યક્તિના અને સમાજના હક્કોની મર્યાદા આંકવી કઠણ થઇ પડે છે. હાલમાં આપણને સ્વાતંત્ર્ય ભોગવવાના અને એની જવાબદારી સમજવાના જે પ્રસંગો સાંપડે છે તે બહુ જ થોડા હોવાથી તેને લીધે, અને આપણી કેળવણીની હાલની પદ્ધતિઓમાં સામાજિક સેવાની ભાવનાની જે બામી છે તેને લીધે, ઘણીયે વ્યક્તિઓ બધી જ જાતના નિયમનની સામે બળવો ઉઠાવવા પ્રેરાય છે. છતાં સાથેસાથે, તે જ વ્યક્તિઓ બીજી બાબતોમાં બીજાઓની પાછળ ઘેટાંના ટોળાની માફક દોરાય છે. આ બન્ને બાસિયતો બતાવી આપે છે કે એ રીતે વર્તનાર વ્યક્તિઓમાં સાચા સ્વાતંત્ર્યની ઊણપ છે.

બાળકો માટે શું કરવું જોઇએ એનું જો આપણે સ્પષ્ટપણે દર્શન કરવું હોય તો આપણે આ ત્રણ મૂળભૂત સિદ્ધાંતો કદી પણ ન વિસરવા જોઇએ.

(૧) બાળકની માલેકી નથી કુટુંબની કે નથી રાજ્યની.

(૨) સમાજની ઉત્તમમાં ઉત્તમ રીતે સેવા કરવા માટે અને પોતાની બધી શક્તિઓનો વિકાસ સાધી શકે તે માટે એને દરેક જાતની

તક આપવી જોઇએ.

(૩) શું સમાજ કે શું રાજ્ય, બધાં જ વ્યક્તિને મદદ કરવા માટે જ અસ્તિત્વ ધરાવે છે; કેમ કે બરાબર રીતે વિકાસ સાધેલી વ્યક્તિઓ વડે જ સુધરેલો સમાજ બની શકે છે.

જો આ ત્રણે મુદ્દાઓ વચ્ચે સંભાળપૂર્વક સમતુલા જાળવવામાં આવે, અને એવી રીતે જ વ્યક્તિનું અને સમાજનું જીવન ઘડવામાં આવે, તો જ વ્યક્તિનું અને સમાજનું જીવન સર્વાંગ સંપૂર્ણ થઈ શકે. ઉપરાંત આ ત્રણ દેખીતી રીતે વિરોધી લાગતાં તત્ત્વો વચ્ચે-દેખીતી રીતે એક બીજા સાથે કોઈ રીતે મેળ ન ખાય તેવા આ ત્રણ સિદ્ધાંતો વચ્ચે-સુમેળ સાધવામાં આવ્યો હોય, તે સુમેળને જાળવી રાખવા માટે વારંવાર પ્રયત્ન કરવામાં આવતા હોય, તો જ વ્યક્તિજીવનનું અને સમાજજીવનનું સર્વાંગ-સુંદરપણું જળવાઇ રહે.

આપણે એક વસ્તુ તો કોઇ કાળે ન ભૂલવી જોઇએ કે દરેક વ્યક્તિ અનન્ય છે, અને એવી જ રીતે એની આજુબાજુની પરિસ્થિતિ પણ અનન્ય હોય છે; એટલે કે કોઇ એક વ્યક્તિ કે એની આજુબાજુની પરિસ્થિતિ બીજી કોઇ વ્યક્તિ કે એની આજુબાજુની પરિસ્થિતિ જેવાં કોઇ દિવસ હોતાં જ નથી. દરેકની અંદર કંઇકનો કંઇ ફેર તો હોય જ છે. એટલે પછી આપણે માણસ જાતનો વિચાર ટોળાબંધ એટલે કે સમૂહગત કરવાનું તો માંડી જ વાળવું જોઇએ. માણસો યંત્રોના જેવાં છે એ માન્યતાને તો તિલાંજલિ જ આપવી જોઇએ.

આપણે બાળકો ઉપર વિશ્વાસ રાખતાં થઇએ એટલે તરત જ વ્યક્તિની અને સમાજની જરૂરિયાતો વચ્ચે નાજુકાઇથી સુમેળ સાધતો જે કૂટ પ્રશ્ન આજે અનેક શિક્ષકોને તકલીફ આપી રહ્યો છે તે સાવ સરળ બની જાય છે; કેમ કે બાળકો તો તરત જ ઝટઝટ સમજી જાય છે કે સ્વાતંત્ર્યનો અર્થ જ જવાબદારી. સાચી વાત તો એમ છે કે જો કોઇ પણ સમધારણ બાળકને સારા વાતાવરણમાં રાખવામાં આવ્યું હોય તો સ્વાભાવિક રીતે તે આ નૈતિક કાનૂન સ્વીકારી લે છે.

આજે તો આપણે સ્થૂલ મુશ્કેલીઓ અને પરીક્ષાઓના ભૂતને લીધે આંધળાભીંત જેવા બનેલા છીએ. એને પરિણામે આપણે બાળકની સાચી જરૂરિયાતોનો વિચાર કરી શકતા નથી. નહિ તો આપણને કયારનુંયે માલૂમ પડી આવ્યું હોત કે આવતી કાલે નકામી થઇ પડવાની ડિગ્રીઓ બાળકે મેળવી તોયે શું, ને ન મેળવી તોયે શું. અત્યંત અગત્યની વસ્તુ તો એ છે કે બાળકની અંદર સ્વાતંત્ર્ય અને હિંમતનો બરાબર વિકાસ થયેલો હોવો જોઇએ. આપણી સંસ્કૃતિમાં જે સારાં તત્ત્વો છે તે બચાવવાની આપણી ઇચ્છા હોય તો આપણે સ્વાતંત્ર્યપ્રેમી અને હિંમતબાજ સ્ત્રીપુરુષ બનવું જોઇશે.

મનુષ્યજાતિની લગભગ બધી મુશ્કેલીઓ બીકને લીધે જ જન્મ પામે છે. બાયલાપણાનાં, ક્રૂરતાનાં અને ગુનેહગારીનાં બરાબરમાં બરાબર બધાં જ કૃત્યોને માટે બીક જ જવાબદાર છે. અને આજે દુનિયાના બધા જ દેશોને જે ભયંકર શસ્ત્રાગારો કબડી રહ્યાં છે તેના મૂળમાં પણ બીક જ છે.

એટલે હવે બધી જવાબદારી સ્ત્રીઓ

ઉપર આવી પડે છે. જો સ્ત્રીઓ–માતાઓ, દુનિયામાં સાચેસાચ શાન્તિ માગતી હોય તો તેઓએ એકાદ પેઢીને બીક સિવાયની એટલે કે ક્રૂરતા અને બાયલાપણા સિવાયની ઉછેરવી જોઇએ.

માતાઓને માથે ખૂબ જ મોટી જવાબદારી છે, કેમ કે તેઓ જ બાળકનો સામાજિક જીવનમાં પહેલવહેલો પ્રવેશ કરાવે છે. બીજા કોઇના કરતાં માતાઓએ જ નાનાં નાનાં બાળકોને કાયમને માટે પ્રવૃત્તિશીલ રહેવા માટે પ્રોત્સાહન આપવાનું છે; અને એડલર કહે છે તે પ્રમાણે બહારની દુનિયાનો હિંમતપૂર્વક સામનો કરતાં, બાળકો સાથે સહકાર સાધતાં અને સામાજિક જીવનમાં સાચેસાચ ભાગ લેતાં શિખવવાનું છે.

ડૉ. ક્રિશ્ટનમિલરે હમણાં જ એક સુંદર વિધાન કરેલ છે. એમણે બતાવી આપ્યું છે કે કયાં કયાં કુટુંબોનું વાતાવરણ બાળકો માટે અત્યંત નુકસાનકારક છે. એક તો જે કુટુંબોનાં માબાપ પોતાના મગજના ફાંટાને લીધે અને પોતાની ન સમજી શકાય તેવી વર્તણૂકને લીધે બાળકોના કુમળા મગજ ઉપર એવી છાપ પાડે છે કે તેઓ પોતે ન સમજી શકે તેવી દુનિયામાં વસે છે, અને એટલે એવી દુનિયામાંથી શક્ય હોય તેટલો વખત નાસી છૂટવું એ જ સારામાં સારો માર્ગ છે; તેવી રીતે જે કુટુંબોનો વડિલવર્ગ કાયમ નિરાશાના જ સૂર કાઢ્યા કરે છે, અને કહ્યા કરે છે કે આ સંસ્કૃતિનો જલદી અંત આવવાનો છે, અને એ રીતે બાળકના જીવનમાંથી સહીસલામતીની લાગણી છિન્નભિન્ન કરી નાખે છે. ઉપરાંત જે કુટુંબોની અંદર માબાપના સ્વાર્થી અને કેવળ દુન્યવી વલણને લીધે બાળકો કાયમને માટે ઇર્ષા અને દ્વેષના જ વાતાવરણમાં જીવે છે, અને જ્યાં ઇનામ મળે તે માટે જ સારા થવાનું શિખવવામાં આવે છે; અને છેવટે જે કુટુંબોમાં માબાપ બાળકોની સતત ચિંતા કર્યા કરે છે અને લાડ લડાવ્યા કરે છે, અને એ રીતે બાળકોને એટલાં લાડઘેલાં, શરમાળ અને નમાલાં બનાવી મૂકે છે કે તેઓ બહારથી આવતાં પ્રલોભનો સામે ટક્કર ઝીલવા માટે સાવ અશક્ત બની જાય છે. આવાં બધાં કુટુંબોનું વાતાવરણ બાળકો માટે અત્યંત હાનિકારક છે. (અપૂર્ણ. અંગ્રેજી ઉપરથી) શાં.

એક ભાઇ પૂછાવે છે—

નીચેનો ખુલાસો મારા માટે કરવા મહેરબાની કરશોજી.

(૧) સ્કૂલની દીવાલો ઉપર કઇ જાતનો રંગ ચોપડવામાં આવે તો સારો? અને તેનાં કારણો?

(૨) અમારી સ્કૂલમાં સમૂહગત શિક્ષણ ટાઇમટેબલના આધારે આપવામાં આવે છે. જેથી નીચેના વર્ગોમાંનાં બાળકોનો વ્યક્તિગત વિકાસ થઈ શકતો નથી. જે વિદ્યાર્થી બહુ હોશિયાર હોય તેને અભ્યાસમાં આગળ ખેંચી શકાતો નથી; તેમ જ નબળા વિદ્યાર્થીઓ પાછળ પડ્યા રહે છે. માટે શું કરવું?

(૩) પિરીયડ (સમય) બદલાતી વખતે બાળકો અને શિક્ષક મગજની શાંતિ ગુમાવે છે;

અને ધોંધાટ શરૂ થઇ જાય છે. હું શિક્ષા ન કરવાની તરફેણમાં છું છતાં દરરોજ એકાદ વિદ્યાર્થીને ઓછામાં ઓછી શિક્ષા થઇ જાય છે. થયા પછી પસ્તાવો થાય છે; ન કરું તો અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. અવ્યવસ્થા ઉત્પન્ન થવાનું કારણ સમૂહશિક્ષણ અને ટાઇમટેબલ છે. જો તેને ન વળગવામાં આવે તો સ્કૂલના ધારા-ધોરણનો ભંગ થાય છે. માટે શું કરવું?

(૪) ક્રોધને દબાવવા જતાં અને શિક્ષા કરવાની તાલાવેલીને અટકાવવા જતાં મારું મ્હોં રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, તે જાણીને મને દિલગીરી થાય છે. માટે શું કરવું?

(૫) મારું માનવું છે કે વ્યક્તિગત મન-પસંદ શિક્ષણ હોય તો આ બધી મુશ્કેલીઓ મટી જાય. પરંતુ તે જ્યાં સુધી ન બને ત્યાં સુધીમાં શાં શાં ઘટિત પગલાં લઇ શકાય?

જવાબો

(૧) શાળાની દીવાલો ઉપર સૌમ્ય રંગ લગાડવા જોઇએ. લીલો, ભૂરો, જાંબલી આ રંગો સારા છે; રાતો, પીળો એવા ચકચકિત રંગો ઉત્તેજક છે તેથી ઠીક નથી. કાળો, રાખોડી, ધાઉન, સ્લેટીઓ, આ રંગો મંદ (dull) હોઇ ત્યાજ્ય છે.

(૨) સમયપત્રકથી બદ્ધ સમૂહગત શિક્ષણ લાંબા પાછળ ટુંકો જાય, મરે નહિ તો માંદો થાય.' એના જેવું છે. તેનો ખરો અને સાચો ઉપાય પ્રાથમિક શાળામાં મોન્ટીસોરી પદ્ધતિ અને માધ્યમિક શાળામાં ડૉલ્ટન યોજના છે. અભ્યાસક્રમ અને સમૂહગત શિક્ષણની બેડીમાં જ રહીને ચાલવાનું હોય તો શ્રેણીશિક્ષણ દાખલ કરવું; સાત ધોરણનાં દસબાર ધોરણો કરવાં અને બુદ્ધિ પ્રમાણે વિદ્યાર્થીઓના દસ-બાર વિભાગો પાડવા. તેમાં પૈસાનો સવાલ છે, અને તે ગભરાવશે. પણ આ સિવાય બીજો ઉપાય નથી. જેઓને વિદ્યાર્થીઓની લાગણી હોય તેમણે ધોરણ, અભ્યાસક્રમ અને સમૂહશિક્ષણની સામે લડવા ઉઠવું જોઇએ.

(૩) બરાબર જ છે કે દબાણથી ભણતા વિદ્યાર્થીઓ અને કંટાળાથી ભણાવતા શિક્ષકો સમયને અંતે ધોંધાટ કરી મૂકવાના જ. ધોંધાટ વડે જ તેઓ એક આખો સમય તેમને જે સહન કરવું પડ્યું છે તેમાંથી મુક્ત થઇ શકે છે. ચાલુ ધોરણની શિક્ષણપદ્ધતિમાં વિદ્યાર્થી-ઓને બેસી જ રહેવાનું હોય છે, તેથી તેઓ વર્ગ પૂરો થતાં હિલચાલ માગે છે અને હિલચાલનો પોણો ભાગ ધોંધાટ હોય છે. ઉપાય તરીકે—

ક શિક્ષકોએ ભણાવતી વખતે બહુ બરાડા પાડવા નહિ.

ખ વિદ્યાર્થીઓ જાતે કંઇ કામ કરે અને ભણે તેવી રીતે શિખવવું.

ગ ચાલુ વર્ગે જરા પણ ધોંધાટ ન થાય માટે શિક્ષકે અત્યંત સખ્ત—કડક રહેવું નહિ.

ઘ પિરીયડ બદલાતી વખતે વિદ્યાર્થીઓને ધોંધાટ કરવાની છૂટ જ આપવી—પણ શાળા-થી દૂર જઇને.

ચ પોણો કલાક કમરની શાંતિથી બેસી રહ્યા પછી આ ધોંધાટને કાયદેસર ગણી કાઢવો.

છ શાળાની અંદર શાંતિની રમત દાખલ કરવી. આ છેલ્લો ઉપાય ખાસ અજમાવી જોશો. 'શ્રીદક્ષિણામૂર્તિ' ત્રૈમાસિકના ચોથા વર્ષના ત્રીજા અંકમાં 'શાંતિની રમત'નો મારો લેખ છે તે જોવા તસ્દી લેશો.

જ કદી પણ કોઇ પણ વિદ્યાર્થીને શિક્ષા કરો નહિ, પણ દરેક વર્ગના ખાસ ઘોંઘાટનાયકોને શોધી કાઢો અને તેમને પિરીયડ બદલાય ત્યારે તમારી પાસે આવી જવાની જાહેરાત કાઢો.

(૪) શિક્ષા કરવામાં સાર નથી તે વિચારને દૃઢ કરો. ઘોંઘાટનો ઉપાય શોધ્યા કરો પણ ઘોંઘાટ વખતે ગુસ્સો ન કરો. ખરી રીતે જ્યારે આપણા મનની અંદર અવ્યવસ્થા હોય છે ત્યારે બહાર અવ્યવસ્થા થાય છે. કારણ કે આપણું અવ્યવસ્થિત મન બહારની અવ્યવસ્થાને વ્યવસ્થિત કરી શકતું નથી. આપણે જે અંદરથી સમતોલ હોઇએ તો જ બહાર સમતોલતા લાવી શકીએ. આપણે પોતે જ બહુ મજબૂત અને ખૂબ અસરકારક વાતાવરણ છીએ. આપણી મનોદશાનું જ વિદ્યાર્થીઓમાં પ્રતિબિંબ પડે છે. માટે પહેલાં તમે પોતે જ સ્વસ્થ થતાં શીખો. છોકરાઓ તોફાન કરતા હોય એ વિચારથી એકાએક અકળાઇ ન જઇએ. તેઓ તમારા દુશ્મન છે એમ ન માનો; તેમના ઉપર રૉફથી ઉતરી ન પડો. ક્રોધાવેશથી તમારું મોઢું તમે લખો છો તેમ રૌદ્ર સ્વરૂપ બનાવી તેમની હાંસીના પાત્ર ન બનો. તેમના ઘોંઘાટ વચ્ચે શાંતિથી ફરીને ઘોંઘાટનું કારણ શોધી કાઢો. ક્રોધને રોકવા માટે જૂના ઉપાયોમાં દસ ગણવાનો એક ઉપાય છે. કાચમાં મોઢું જોવાનો પણ એક ઉપાય છે. ક્રોધને દબાવવો શિક્ષકને માટે જરૂરી છે. જેમ ઇતિહાસ શીખવતાં આવડવું જોઇએ તેમ ક્રોધને રોકતાં આવડવું જોઇએ. ક્રોધને મારવાનો હક્ક માત્ર સાધુઓને જ નથી. આપણે–શિક્ષકો ક્રોધ દબાવશું તો તેઓ સાધુ થઇ જશું તેવો ભય રાખવાનું પણ કારણ નથી.

(૫) વ્યક્તિગત શિક્ષણ સારી વસ્તુ છે. પરંતુ તે શિક્ષણની ભાવના જાગૃત થવાથી જરૂર પડે ત્યારે સમૂહગત શિક્ષણ આપતાં ન આવડે તે ન ચાલે. વ્યક્તિગત શિક્ષણ કે સમૂહગત શિક્ષણ એ બન્નેની પાછળ વિદ્યાર્થીના માનસના અભ્યાસની અને શિક્ષણની કલાનાં જ્ઞાનની જરૂર છે. વળી કેટલીએક બાબતો સમૂહગત જ સારી શીખવી શકાય છે એટલે જરૂર પડે ત્યારે આખા સમૂહને વ્યક્તિ ગણીને જ શિક્ષણ આપવું. અલબત્ત, એમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે વ્યક્તિને આપણે પરાણે ખેંચવી નહિ, અગર રોકવી નહિ. ઠોઠ વિદ્યાર્થીઓ હોય તેમને જોડીદાર પદ્ધતિથી સંભાળી લેવા. શિક્ષણમાં એક જ પદ્ધતિને વળગવું નહિ. શિલ્પીને જેમ જુદી જુદી વખતે જુદાં જુદાં ટાંકણાંઓ વાપરવાં પડે છે, તેમ શિક્ષકે પણ વખતોવખત જુદી જુદી પદ્ધતિઓ અખત્યાર કરવાની છે. તેને ઘણી પદ્ધતિઓનું જ્ઞાન હોવું જોઇએ. જે ફક્ત એક જ પદ્ધતિ જાણે છે તે વેદિયો અને ધર્માંધ બની જાય છે; તે અચલાયતન થઇ જાય છે. જેના હાથમાં શિક્ષણ જીવંત વસ્તુ રહે તે જ–સાચી પદ્ધતિ જાણે છે. 'પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ' વાંચો. ગિ.

નવી શોધ

કેટલાએક શિક્ષકો પરીક્ષામાં પાસ કરાવી દેવાનું ટ્યૂશન ઉઘડે રાખે છે. એક શાળામાં એક શિક્ષકે રૂપિયા ૧૮) થી પરીક્ષા પાસ કરાવી દેવાનું રાખ્યું હતું!!!

આ છોડીઓની રમત?

સર્વદમનના પિતાજી મણિભાઇ આજે રવિવાર હોવાથી સર્વદમનને બાલમંદિર પહોંચાડવા આવ્યા.

મને કહેઃ "શંકરભાઇ, જય જય!"

મેં કહ્યુંઃ "પધારો, જય જય. આ ખુરશી પર બિરાજો."

મણિભાઇ મને કહેઃ "શંકરભાઈ, સર્વદમનને છોડીઓની રમત ન શિખવાડશો."

મેં પૂછ્યુંઃ "આપ મને કહેશો કે કઇ રમતને આપ છોડીઓની રમત કહો છો?"

મણિભાઇ કહેઃ "સર્વદમન સાવરણી લઇ ઘરમાં વાળે છે, કપડાં સંકેલે છે, વાસણ માંજે છે, ગીતો ગાય છે, અને ઠમકી લેતાં રાસડા લે છે; છરીથી વારંવાર શાક સમારવાની માગણી કરે છે. વધુમાં, બોલતાં બોલતાં વાકય છૂટાં છૂટાં કરીને બોલે છે."

મેં કહ્યુંઃ "આથી વધુ સર્વદમન વિષે તમારે કહેવું છે?"

મણિભાઇ કહેઃ "હા. વારંવાર કાંસકો લઇ વાળ ઓળે છે, અને ઓશરીમાં બૂટ, ચંપલ, જોડા વગેરે ગોઠવે છે."

ઉમિયાશંકર.

'શિક્ષણ પત્રિકા'ના ગ્રાહકોને

આ અંકે આપનું લવાજમ પૂરું થાય છે.

આ અંકે આપનું આઠમા વર્ષનું લવાજમ પૂરું થાય છે. આઠમા વર્ષનો આ બારમો છેલ્લો અંક છે. ગયા અંકમાં કરેલી સૂચના મુજબ જે ગ્રાહકોએ પોતાનું લવાજમ રૂા. ૧) ઓર્ડર મનીઓર્ડરથી મોકલી ન આપ્યો હોય એમને તા. ૧૦મી ફેબ્રુઆરી ૧૯૩૪ પહેલાં તુરત મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. રૂા. ૧) મનીઓર્ડરથી મોકલી આપનાર ગ્રાહક વી.પી.ના ખર્ચમાંથી બચશે અને તુરત અંક મેળવી શકશે. જે ભાઇબહેનો પોતે આવતા વર્ષથી ગ્રાહક તરીકે નીકળી જવા માગતાં હોય એમણે તેવા ખબર પણ તુરત લખી નાખવા કૃપા કરી તસ્દી લેવી. નહિતર એમને પણ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે એમ સમજી વી.પી. થશે; અને જો વી.પી. પાછું વળશે તો અમારા કાર્યાલયને સવાત્રણ આનાનું ફોગટનું ખર્ચ થશે અને નુકસાન થશે. આશા છે કે અમારી આ વિનતી ગ્રાહકો જરૂર લક્ષમાં લેશે.

વ્યવસ્થાપક
શિક્ષણ પત્રિકા

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીત બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૦

અંક ૧ લો
ફાલ્ગુન

: તંત્રીઓ :
ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

એવું ના સમજશો કે હવે કાંઇ કરવાપણું રહ્યું નથી. કાર્યોનાં અનેક ક્ષેત્રો છે; એકેએક ક્ષેત્રમાં અનન્ત કાર્ય પડેલું છે. પણ જ્યારે આપણી નજર ટૂંકી પડે છે, આપણું દર્શન ઝાંખું થાય છે, આપણી શક્તિ ક્ષીણ બને છે, આપણી મહત્ત્વાકાંક્ષા પોલી હોય છે, આપણે પોતે થાકી જઇએ છીએ, આપણે અંતર્મુખ મટી બહિર્મુખ થઇએ છીએ, ત્યારે જ–ત્યારે જ માત્ર વિશાળમાં વિશાળ ક્ષેત્ર આપણને ટૂંકું લાગે છે; ત્યારે જ હવે કશું કરવા-પાણું નથી રહ્યું એમ લાગે છે.

નવું વર્ષ

આજે આપણે પ્રભુકૃપાથી આઠ વર્ષ પૂરાં કરી નવમા વર્ષમાં પ્રવેશીએ છીએ. જે પરમ કૃપાળુ શક્તિએ આટલાં વર્ષો નિર્વિઘ્ને આપ્યાં તે જ શક્તિ આ નવમું વર્ષ આપણને સુખી અને તેજસ્વી પ્રગતિવાળું આપે.

ઓ જગન્નાથ! અમે તો સદૈવ તારે આશરે રહીને, તારી જ શક્તિને બળે અલ્પ પ્રયત્નો કરીએ છીએ. આઠ વર્ષના પ્રયત્નો તારે ચરણે મૂકી નવમું વર્ષ આરંભીએ. **તંત્રીઓ.**

આભાર

વાચક ભાઇઓ અને બહેનો, શિક્ષકો અને શિક્ષિકાઓ! તમારા પ્રેમભર્યા સહકારની નોંધ લેતાં આનંદ થાય છે; એ માટે તમારાં ઋણી છીએ, અને રહીશું. અમને જે અલ્પ સેવા કરવાની તમે તક આપી છે તેથી વિશેષ તક દર વર્ષે આપશો એવો અમારો વિશ્વાસ છે.

અમે માનીએ છીએ કે આ પત્રિકા જેટલી અમારી છે તેટલી જ તમારી છે. એને ફેલાવવાની જેટલી હોંશ અમને છે તેટલી જ તમને હોય. અમે માગીએ કે આ પત્રિકાનો વિસ્તાર નવમા વર્ષે તમે એટલો કરો કે આપણો સંઘ ઘણો મોટો અને વિવિધ બને.

ગત વર્ષ દરમિયાન અમારી કંઈ પણ ન્યૂનતાઓ રહી ગઇ હોય તે માટે ક્ષમા માગીને તમારા સ પૂર્ણ સહકારની આશા રાખીએ છીએ. **તંત્રીઓ.**

મદદે આવો

નૂતન વર્ષના આરંભમાં જ અમે તમારી મદદ માટે અમારો હાથ લંબાવીએ છીએ. આ માસમાં તમે તમારા થકી ફક્ત એક જ ગ્રાહક વધારી આપો. જો તમે ધારો તો આ કામ લેશ પણ અઘરું નથી. ફક્ત એક જ રૂપિયો બાળકોની ખાતર કાઢી આપતાં કોઇ પણ સમજુ માબાપને મુશ્કેલી નહિ જ પડે. આપ આજે જ એક માબાપને મળો, અને તેને આપની 'પત્રિકા' બતાવી ગ્રાહક કરો. અમારા ઉપર, પત્રિકા ઉપર અને પત્રિકા વાંચનારી દુનિયા ઉપર આટલી મદદથી આપનો મોટો ઉપકાર થશે. **તંત્રીઓ.**

:: બાળકોની ગંદી રમતો ::

હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં માબાપો તરફથી મને આ પ્રશ્ન પણ પૂછવામાં આવે છે: "કોઇ કોઇ વાર અમારું બાળક ગંદી રમતો રમે છે, અને જ્યારે ટોકીએ છીએ કે મારીએ છીએ ત્યારે એ ઉલટું છાનુંમાનું રમે છે, અને તે બાબત સંતાડીને જૂઠું બોલે છે. આ ગંદી રમતોમાંથી બાળકોને શી રીતે બચાવવાં અને તે બાબતમાં અમારે શું કરવું?"

આ પ્રશ્ન, હરેક માબાપને એક વખતે થવાનો જ છે. સૌ બાળકોની જીંદગીમાં પણ કદાચ એક કાળ આવી પણ જવાનો કે જે વખતે તે આવી ગંદી રમતોમાં આવી પડે, અગર તો તેની

નજીકથી પસાર થઇ જાય. સૌ માબાપોએ આ બાબતમાં જરા પણ બેદરકારી રાખવા જેવું નથી, એટલું જ નહિ પણ તેમણે અમુક અમુક બાબતમાં ચોક્કસ કાળજી રાખવાની જરૂર છે.

મારા નાનપણમાં મોસાળમાં અમને એક છોકરીની સોબત થઇ હતી. અમે ખાસ ગંદું શું કરતા હતા તે અત્યારે યાદ નથી, પણ મારા મન પર એટલી છાપ રહી ગઇ છે કે તે છોકરી કંઇક ગંદું કરાવવા માગતી હતી. પણ અમને તેમાં કાંઇ સૂઝ પડતી ન હતી આથી અમે ગંદી રમતોના ભોગ થઇ પડેલ નહિ હોઇશું.

મારો અનુભવ અને અવલોકન એમ કહે છે કે આ બદી બાળકોમાં કુદરતી છે એમ કહેવા કરતાં વાતાવરણની છે એમ સ્વીકારવું તે વધારે વ્યાજબી અને સાચું છે. મોટા ભાગે સોબતમાંથી આ વાત બાળકોમાં આવે છે, અને બાળકો સોબતમાં જ તે એકબીજાંને આપે છે.

પણ મારો એવો અનુભવ પણ છે કે આ વસ્તુ બાળકોને મોટાંઓ તરફથી મળે છે. ઘણા જુવાનો નાનાં બાળકોની દોસ્તી બાંધે છે, તેમને પાઇ-પૈસો, મોતી કે એવું રમવા બાવાનું આપે છે, અને બાળકને એકાંતમાં લઇ જઇ બાળકના હાથનો ગંદાઇમાં ઉપયોગ કરાવે છે. આ મોટાઓ મોટાં બાળકોને બીજી રીતે બરાબ કરે છે અને લાગ મળતાં તે આદતમાં નાખી દે છે.

નાનાં બાળકો કે મોટાં બાળકો આવા જુવાનોની સોબતમાં ગંદી રમતો શીખે છે તેમને તેમાં કંઇ મજા સમજાય છે, અને ત્યાર પછીથી તેઓ અંદર અંદર આ રમતો શરૂ કરે છે. મોટા છોકરાઓએ જે ગુપ્ત સંજોગોમાં આ રમતો શીખવી હોય છે. તે જ સંજોગોમાં આ બાળકો પણ તે રમે છે, અને બધું ઢાંકવા માગે છે.

વળી મોટી છોકરીઓ નાના છોકરાંઓને આવી ગંદી રમતોમાં લઇ જઇ શકે છે. તેઓ પોતાની પ્રકૃતિને ઠંડી કરવા નાનાં બાળકો સાથે એવી રીતે રમે છે ને તેમનામાં એવી ગરમી પેદા કરે છે, કે નાનાં બાળકોને તે ગમે છે. ઉપરાંત નાનાં બાળકો તરફ મમતા બતાવીને પણ છોકરીઓ તેમને આવું આવું ગમાડે છે. પરિણામે નાનાં છોકરા છોકરીઓ પણ ગંદુંગંદું રમતાં શીખી જાય છે, ને તેનો પ્રચાર ગુપ્તપણે કરે છે. જો પકડાય તો આપણે તેમને મારીએ છીએ કે વઢીએ છીએ, તેથી તેઓ ત્યાર પછીથી વધારે ગુપ્તપણે તે આચરે છે.

વળી આપણે ત્યાં મહેમાનો વગેરે આવે છે. તેઓ પણ હમેશ બરાબ આદતોમાંથી મુક્ત હોતા નથી. તેઓ સાથે આપણે આપણાં બાળકોને સુરક્ષિત માનીએ છીએ. તેઓની ભેગાં બાળકો સૂએ છે ત્યારે તેમની પાસેથી પણ તેઓ અજાણપણે કંઇક ગંદું શીખી જાય છે. આ મહેમાનોમાં પુરુષો તેમ જ સ્ત્રીઓ બન્નેનો સમાવેશ થાય છે.

છાત્રાલય જેવાં સ્થળોમાં વસતા વિદ્યાર્થીઓમાં તો આવા કામની ગુરુદીક્ષા આપવાવાળા તૈયાર જ હોય છે. તેવા ગુરુઓના પરિચયમાં કે શિષ્યના પરિચયમાં આપણાં બાળકો આવ્યાં તો તેમના પરિચયનો લાભ તેમને મળ્યા વગર રહેતો નથી.

આપણે સમજી શકશું કે આ બદી ક્યાંથી આવે છે. સોબત, પરિચય, સંગ–આ બદીની જાગૃતિમાં અને પ્રચારમાં છે એમાં શંકા નથી.

વળી આ બદીનું વલણ બાળકોને વારસામાં

પણ મળેલું હોય છે. આપણે મોટાંઓ આ બદીના જેટલે અંશે મોટપણમાં કે નાનપણમાં ભોગ થઇ પડ્યાં હોઇશું તેનું ફળ આપણાં બાળકોને ભોગવવું પડ્યે જ છૂટકો છે. આપણી શક્તિઓ અને અશક્તિઓ બન્ને આપણાં બાળકોને આપણા વારસામાં મળે છે. બાળકો ફરી વાર આપણી બાલ્યાવસ્થા જીવે છે, અને તે દરમિયાન આપણને આપણાપણાની યાદી આપે છે. વળી બદીની જાગૃતિ કે બદીને અનુકૂળ વાતાવરણ આપણું પોતાનું ગૃહસ્થ તરીકેનું જીવન પણ છે. આપણે સ્ત્રીપુરુષ જો એવી રીતે રહીએ કે જેવી રીત બાળકોની આંખે પડવી ન જોઇએ, બાળકોના કાને અથડાવી ન જોઇએ, તો તે રીતની છાપ બાળકો ઉપર પડશે ને બાળકોને તેનો ગેરલાભ થયા વિના રહેશે નહિ.

નાનપણમાં બાળકો વાતાવરણ પરત્વે બહુ જાગૃત હોય છે. તેઓ ઉપર વાતાવરણ બહુ મજબૂતીથી અસર કરે છે. તેઓને સામા ઘરનું, ઓરડાનું, બધાં માણસોનું વાતાવરણ–સારું કે નરસું–હવાપાન પ્રમાણે સ્પર્શે છે, અને તેના લાભાલાભનાં ભાગીદાર તેઓ થઇ જાય છે. ઊંઘમાં પણ બાળકોની આસપાસનું વાતાવરણ બાળકોને અસર કર્યે જ જાય છે. આ અસર માત્ર શરીર ઉપર જ નહિ, પણ મન અને તેની પાછળ રહેલી અન્ય શક્તિઓ અને વૃત્તિઓ પર પણ થાય છે.

આમ બાળકોની બદીનાં કારણોમાં આપણું માબાપોનું વર્તન હોય છે. આપણે માબાપો તરીકે જાણીએ પણ છીએ કે આપણે બાળકોની હાજરીમાં કેવાં સંયમી કે અસંયમી છીએ. એટલે આપણે પોતે બદીઓની જવાબદારીમાં આપણો હિસ્સો નથી એમ કહી શકીએ તેમ નથી.

વળી એ વાત પણ જાણવા જેવી છે કે જ્યારે મોટાંઓ સુદ્ધાંતને કંઇ પ્રવૃત્તિ મળતી નથી, ત્યારે તેઓ પણ ખરાબ માર્ગે ચડે છે. દરેક માણસ કંઇક કરવા માગે છે; માણસમાં કંઇક સર્જન કરવાની સહજ વૃત્તિ છે. જ્યારે આ વૃત્તિને અવકાશ મળતો નથી, અર્થાત્ જ્યારે માણસના હાથમાંથી કામકાજ ઝૂંટવી લેવામાં આવે છે ત્યારે તે નવરો બેઠો નખ્ખોદ વાળે છે. એટલે કે તે કંઇ ને કંઇ નઠારી પ્રવૃત્તિને આધીન બને છે. વિકૃતિ કે નઠારી પ્રવૃત્તિ એ સારી પ્રવૃત્તિને રોકવાથી બનેલું ઝેર છે. વહેતા પાણીને રોકવાથી તે ગંધાય છે ને રોગનું કારણ બને છે; તેમ જ પ્રવૃત્તિને રોકવાથી તેમાં વિકૃતિ થાય છે, ને તેને પરિણામે બદીઓ પેદા થાય છે.

બાળકોમાં પણ એ જ રીતે જ્યારે તેમને કશું જ કરવાનું મળતું નથી, જ્યારે તેમને ઘરમાં કંઇ પ્રવૃત્તિ મળતી નથી કે જેમાં તેમને હાથ, પગ, આંખો, મન, બુદ્ધિ વગેરે વાપરવાં પડે અને જ્યારે તેમને માથે માત્ર પાઠો જ કરવાનું આવી પડે છે, ત્યારે તેમની પ્રવૃત્તિનું પવિત્ર ઝરણું વહેતું વહેતું અટકી પડે છે અને તેમાંથી ગંદકી ને સડો ઉત્પન્ન થાય છે. સંગદોષથી ઉત્પન્ન થયેલી બદી પણ ત્યારે જ વિજય મેળવે છે કે જ્યારે બાળકોને પ્રવૃત્તિ મળતી નથી. તે બદી વધે છે પણ ત્યારે જ કે જ્યારે માબાપો બદીને કાઢવા માટે બાળકોના હાથમાંથી બધું કામ ઝૂંટવી લઇ તેમને એક ખૂણામાં પાઠ કરવા બેસાડી દે છે. વળી જે મોટાંઓમાં આ બદી પ્રગટ

થઇ નાનાંઓને તે મળે છે, તે મોટાંઓમાં તે ઉત્પન્ન થવાનું કારણ પણ એ જ છે–પ્રવૃત્તિનો અભાવ, ખોટી નવરાશ, પ્રવૃત્તિની રૂકાવટ, પ્રવૃત્તિનો વિરોધ.

હવે આપણે જાણીએ છીએ કે બાળકોને આપણે કશી પ્રવૃત્તિ આપતાં નથી, કેમ કે આપણે સમજી શકતાં નથી કે આપણે તેમને શી પ્રવૃત્તિ આપવી. બાળકો ઘણી ઘણી પ્રવૃત્તિઓ કરવા માગે છે, પણ તે તો આપણે જુદાં જુદાં કારણોથી રોકીએ છીએ. આપણે માનીએ છીએ કે અમુક પ્રવૃત્તિઓ બાળકોથી ન થાય, કારણ કે તે તેમને આવડે નહિ, કારણ કે તેમ કરતાં તેમને શરીરે નુકસાન થઇ જાય, કારણ કે તેમ કરતાં ચીજો વાસણો કપડાં વગેરે બગડે, કારણ કે તેમ કરવાની બાળકને જરૂર નથી, કારણ કે તેમ કરે તેના કરતાં પાઠો ન કરે ? અને જ્યારે બાળકના હાથમાંથી આપણે એક પછી એક એમ બધી પ્રવૃત્તિઓ ઝૂંટવી લઇએ છીએ ત્યારે તેનામાં વિકૃતિ પેદા થાય છે. આ વિકૃતિ પછીથી અનેક સ્વરૂપો લે છે. તમામ જાતની ગંદકીમાં રસ લેવો, ગંદા રહેવું, ગંદું કરવું, ગંદી રમતો રમવી, ગંદું બોલવું વગેરે વિકૃતિનાં રૂપો છે.

આવાં, બાળકોની ગંદી રમતોનાં મૂળો છે, તેનાં ઉત્તેજન કારણો છે, તેનું વાતાવરણ છે.

ત્યારે હવે આપણે મોટેરાંઓએ આ બાબતમાં શું કરવું જોઇએ ?

પ્રથમ તો આપણે બાળકોના હાથમાં પ્રવૃત્તિ મૂકી દેવી જોઇએ. બાળકો લખે કે વાંચે એ પ્રવૃત્તિ છે, પણ તે બાળકોની સર્જનાત્મક પ્રવૃત્તિને પૂરો અવકાશ નથી આપતાં; તેની મારફત તેમની એ પ્રવૃત્તિને બહુ જ ઓછો માર્ગ મળે છે. સર્જનાત્મક પ્રવૃત્તિઓ એટલે બાળકો હાથેપગે કરીને જે કાંઇ ઉપજાવે તે. માટીનાં રમકડાં કરવાં, લાકડાનું કામ કરવું, હથોડી ખીલા અને લાકડાથી જે કાંઇ સૂઝે તે કરવું, બાડા ખોદવા, બાગ કરવો, ઝાડને પાણી પાવું, વાળવું ચોળવું, વાસણ ઉટકવાં, કપડાં ધોવાં, ગોઠવવું, છરી અને કાતરના અનેક જાતના ઉપયોગ કરવા, કાતરકામ કરવું: આ બધાં કામ બાળકમાં રહેલ સર્જનાત્મક વૃત્તિને ગતિ આપશે, ઓપ આપશે, બાળકને સંતોષ આપશે, અને તેથી તેનું ખોટે માર્ગે જવાનું સહેજે બંધ પડશે. ગંદી રમતો રમીને શરીર અને મનને ગંદાં કરવા કરતાં આ રમતોમાં હાથપગ બગડે અગર કપડાં બગડે તો કશું જ નુકસાન નથી. ઉલટું આ રમતો બાળકના શરીરને વધારે ઉજળું અને મનને સ્વચ્છ તથા નિરોગી બનાવશે. ગંદી રમતો મનની માંદગી છે. પ્રવૃત્તિ એક જ મનની માંદગીની દવા છે.

ઉપરની પ્રવૃત્તિ ઉપરાંત નાટકો કરવાં, નાચવું, કૂદવું, શણગારો કરવા, ગોઠવણો અને મંડપો કરવા: એ બધી પણ પ્રવૃત્તિઓ છે. આવી પ્રવૃત્તિઓ કે પેલી જાતની પ્રવૃત્તિઓ કે હરકોઇ પ્રવૃત્તિ કે જેમાં હાથપગ મૂળે વપરાય છે–જેમાં જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના સહકાર સાથે કંઇક બને છે–એ બધી પ્રવૃત્તિઓ બાળકોને નીચે માર્ગે જતાં રોકે છે, અને તેમનું ચારિત્ર્ય ઘડે છે.

ચારિત્ર્ય એટલે ઘણું ઘણું જાણવું તે નથી; ચારિત્ર્ય એટલે પોપટ જેમ સાચું ખોટું શું તે બોલવું તે નથી; ચારિત્ર્ય એટલે સત અસત સમજવું એ પણ નથી. ચારિત્ર્ય એટલે ખરું

આચરવું અને ખોટું ત્યાગવું એ જ છે; અને આચરી તે શકે છે કે જેના હાથપગ વગેરે કર્મેન્દ્રિયો ને જ્ઞાનેન્દ્રિયો સાબૂત છે, બળવાન છે, તેજસ્વી છે અને કાબૂમાં છે. આ કાબૂ હમેશ કામ કરવાથી—પ્રવૃત્તિ કરવાથી આવે છે; ખુરશીમાં બેસી વાંચવાથી કે વિચારવાથી નથી આવતો. ચારિત્ર્યનો પાયો પ્રવૃત્તિ છે.

સગજી માબાપોએ બાળકોને પ્રવૃત્તિ આપવા મહેનત કરવી જોઇએ. બાળકોને માટે રાખવામાં આવેલ શિક્ષક એ પ્રવૃત્તિ નથી, પણ તેનો વિરોધ છે. શિક્ષક જેટલો વખત બાળકને પરાણે બેસાડી ભણાવે છે તેટલો વખત તે સડે છે, ગંદું થવાની તૈયારી કરે છે. જ્યારે બાળક રાજીખુશીથી રમે છે ને કૂદે છે, નાચે છે ને ગાય છે, બોદે છે ને ચણે છે, ભાંગે છે ને ફોડે છે, ત્યારે તે સાચું થઇ રહ્યું હોય છે, ત્યારે તે ગહાન બની રહ્યું હોય છે, ત્યારે તે મનુષ્યત્વ મેળવી રહ્યું હોય છે.

પ્રવૃત્તિ બ્હાલી વાતાવરણમાં શકય નથી. વાતાવરણ પ્રવૃત્તિદાયક અને પોષક કરવાની આપણી ફરજ છે. એટલે જ આગળ કહી તે બધી સર્જનાત્મક પ્રવૃત્તિનાં સાધનો આપણે આપણાં ઘરોમાં વસાવવાં જોઇએ. ઘરમાં બાળકને એક જગ્યા આપી ત્યાં તેને પોતાને મનગમતું કરવાની પૂરી છૂટ આપવી જોઇએ. બાળકોના કામમાંથી કંઇ રળવાની આશા રાખવી નહિ; તેનાં કામો સંપૂર્ણ અને સુંદર થાય નહિ તો મૂંઝાવું નહિ. આપણે બાળકો પાસેથી વાસણ ઉટકાવવા નથી માગતાં; તે માટે આપણા હાથ અગર નોકરોના હાથ છે. બાળકો ઘર વાળીને સાફ કરે ને આપણી મહેનત બચે તે માટે બાળકોની પ્રવૃત્તિ આપણે કબૂલ રાખીએ છીએ તેવું નથી; પણ આપણે તો બાળકોને જીવવા માટે, વિકસવા માટે, શકિત વધારવા માટે વાતાવરણ આપીએ છીએ. તેનો લાભ બાળકોનો વિકાસ છે; વાસીદું વળાઇ જવું કે વાસણો સાફ થઇ જવાં એ લાભો નથી. એની કિંમત ચારિત્ર્ય ઘડતરની સામે બહુ જ ઓછી છે. જો પ્રવૃત્તિ ચારિત્ર્ય છે તો પ્રવૃત્તિ કરવી એ જ કિંમતી વસ્તુ છે, એ જ પરમ લાભ છે.

હવે બીજી બાબત સોબતની છે. આપણે માબાપોએ આ બાબતમાં જાગતા રહેવું જોઇએ. જેમ ચેપી રોગોનું છે તેમ જ સોબતનું છે. ચેપી રોગો ભલે બહારથી આવે છે પણ નુકસાન કરી જ જાય છે, તેમ સોબત બહારની છે પણ બરાબ પરિણામ વળગાડી જ જાય છે.

બાળકો જ્યારે ઘરમાં ભેળાં થઇ રમે ત્યારે તેઓ એકાંત ખૂણો શોધી પડદા પાછળ, ડામચિયા કે કબાટ પાછળ ન રમે, કોઇને ન સંભળાય તેવી ધુસપુસ ન કરે, અને કંઇ છાનુંછાનું ન ચલવે, માટે બધું ખુલ્લું જ ચાલે તેવી વ્યવસ્થા માબાપોએ રાખવી. બાળકો કઇ રમતો રમે છે તે વારંવાર જોયા ને જાણ્યા કરવું.

આડોશપાડોશમાંથી કોણ કોણ છોકરાં આવે છે તે જોતા રહેવું. બહુ મોટાં બાળકોને છેક નાનાં બાળકો સાથે ભેળાવાં ન દેવાં. સરખાં બાળકોમાં પણ જે બાળકો એકાંતમાં જઇ વાતો કરવાનું કે છૂપાઇને રમવાનું કે હે તેમને રજા આપી દેવી. પ્રથમ તેઓ એકાંત શોધશે, પછી ગુપ્તપણે રમશે ને છેવટે ગુપ્ત ગંદી રમતો રમશે. આ બધાનું પ્રથમ પગલું એકાંત

શોધવો એ છે. બગડેલાં બાળકો એકાંતનો અર્થ સમજે છે; બીજાંઓ કંઈ જાણી કે જોઈ ન જાય તેની કાળજી તેઓ પહેલેથી રાખે છે. આપણાં સગાંસંબંધીઓ કે આડોશીપાડોશીનાં બાળકો બદી વિનાનાં છે એમ માનીને ચાલવું નહિ, તેમ તેઓ ઉપર અવિશ્વાસની નજરથી જોઈ તેમને ગભરાવવાં પણ નહિ. છતાં તેઓના ઢંગ ઉપરથી તેમને ઓળખી કાઢી, તેમને વીણી કાઢી, તેમને આપણાં બાળકોથી દૂર કરવાં જોઈએ; અને તેમ કરવામાં ખોટી શરમ કે સંકોચ ન જોઈએ. તેવાં બાળકોને રજા આપી દેવી. આપણે બાળકોને કહી દેવું કે આપણે તેમની સાથે નથી રમવું; અને ગંદાં બાળકોનાં માબાપોને ચેતવણી આપવી. આપણાં બાળકો ના પાડ્યા છતાં ગંદાં બાળકો સાથે રમવા દોડે અગર આગ્રહ રાખે તો આપણે તેની અટકાયત કરતાં મૂંઝાવું નહિ. તે બાબતમાં બાળકોને કહી છૂટવું કે ગંદાં બાળકો સાથે રમવાનું ઠીક ન ગણાય. પણ એ વાંત ગળે ન ઉતરે તો અટકાયત કરવી, અને તેની સાથે જ બાળકોના હાથમાં અનેક સુંદર એવી પ્રવૃત્તિઓ મૂકી દેવી. માત્ર અટકાયત કરવાથી બાળકો લુચ્ચાઈ કરી નાસી છૂટશે, અને આપણને ઠગીને ધાર્યું કરશે; એટલું જ નહિ પણ બમણા જોરથી બદીમાં પડશે અને પાડશે.

બાળકોને શેરીમાં રમવા જવા ન દેવાં એ જ આજની પરિસ્થિતિમાં યોગ્ય છે. શેરી જ આજે તો ગંદકીનું ઘર થઈ પડ્યું છે. ઘણાં બાળકો ત્યાંથી જ ગંદકી કે બદીના જંતુઓ ઉપાડે છે. બાળકોને ઘરમાં ગોંધી રાખવાનાં નથી; બાળકો ઘર છોડીને એટલા માટે શેરીમાં જાય છે કે ત્યાં દોડવા કૂદવાનું અને ભાઈબંધો સાથે સામાજિક જીવન મળે છે. બાળકો અમુક ઉંમરે ભાઈબંધો માગે છે. એની ના પાડવાથી તેઓ છટકીને નાસે છે, ને મૈત્રી મેળવતાં મેળવતાં તેની સાથે બદીઓ પણ મેળવે છે.

માબાપોએ બાળકોના મિત્રો ઘરે આવે તેવી ગોઠવણ કરવી જોઈએ. બાળકોના મિત્રોનો સ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. બાળકોને તંદુરસ્ત વાતાવરણ આપવા માટે પસંદ કરેલ મિત્રોને ઘરમાં સ્થાન આપવું પડશે. આપણે આપણા મિત્રો માટે ખૂબ વખત અને પૈસા ખર્ચીએ છીએ, તો બાળકોના મિત્રો માટે તેટલો નહિ પણ અરધો ખર્ચ પણ તેમને આરોગ્ય અને આનંદ બંને આપશે.

વધારામાં આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. શરીરે અને કપડાંથી ગંદાં રહેતાં બાળકો ગંદકી તરફ વહેલાં જાય છે; તેની અંદરની વૃત્તિને તે માટે પોષણ મળે છે. માટે બાળકોને શરીરે–શરીરનાં બધાં અંગોમાં સ્વચ્છ રાખવાં જોઈએ. કપડાં સ્વચ્છ અને તંગ નહિ તેવાં પહેરાવવાં જોઈએ, અને તેમને ચળ આવે કે શરીરને ચૂંથવાનું વલણ થાય તેવું થવા દેવું ન જોઈએ. આ બધા નિષેધો છે. બાળકોને સીધી રીતે આ બાબતો વિષે કહ્યા વિના માબાપોએ તેની સગવડ કરવાની છે.

એક વાત કરવાની નથી. તે એ કે બાળકોને ગંદી રમતો રમવા બાબત મારવાનાં નથી કે ધમકાવવાનાં નથી. મારવાનું આપણામાં રહેલું વલણ સર્જનાત્મક વૃત્તિ નીચી જાય છે તેનું સૂચક છે; માર મારવો એ પોતે જ એક વિકૃતિ છે, એક બદી છે ! એટલે માર મારવાથી વિકૃતિ

દૂર મનાને બદલે તેને ગતિ મળે છે. મારનાર બાળક તે જ ક્ષણે બીજાને માર મારતાં શીખે છે; કોઈનું જ નહિ પણ બીજા ઉપર ગંદકી નાખતાં, બટકી ચલાવતાં શીખે છે. મારના રસાયણમાંથી બદલો સ્વતઃ પેદા થાય છે. માર સર્જવા ત્યારનો છે.

ધમકાવવાથી બાળક ચુપ્પું થાય છે, ચોર બને છે. બીક લગેલા માણસને ચોરવું અને બોલું બનાવે છે. ચૂંટણીના ચોટદા ઉપયોગ પણ બીકને લીધે જ થાય છે. બીક માણસની શુદ્ધ વૃત્તિને મલીન કરે છે. માટે બાળકનું ગમતું કરવું જોઈએ તો તેને ધમકાવવું નહિ; પણ જેમ કોઈ બાળકને તાવ આવે છે તો તેની દયા જ કરીએ છીએ, તેમ જો બાળક બદીમાં આવી ગયું તો બદીને રોગ સમજી તેની દયા જ કરવાની જરૂર છે. વળી માર તથા ધમકાવવું એ રોગની દવા નથી, પણ રોગને વકરવાનાં વાંકદેખા થાય છે. ઉપરથી વાંકદેખો રોગ જાય તે રોગ જ કરે છે, ને માણસને બાળક નીચે છે; જેમ મૂળ દરદ કર્યા વિનાની તાવ ... થયો આવેલી વૃત્તિ તેની તે જ રહે છે, તાવ ચાલ્યો જે સુધી નીચલી બાબ-તોને રોગ કરે છે. આવેલી વૃત્તિને દાબી દેવાથી કાંઈ વળતું નથી. તેને દૂર કરવાની છે. તેવી વૃત્તિ જ દૂર કરવાની છે.

બાળકને ધમકાવવું નહિ તેમ તેને શરમાવવું પણ નહિ. શરમાવવાથી બાળકને અપમાન લાગે છે. તેને થાય છે કે આવું કરવું ને તેથી શરમાવું તેના કરતાં માબાપને ખબર જ ન પડે તેની કાળજી રાખવી. તેને થાય છે કે "ત્યારે નહિ કરું." પણ પાછું તે કરે છે; કેમ કે તેના હાથમાં બીજું કશું કરવાનું હોતું નથી.

વળી બાળકને ઉપદેશ પણ ન દેવો કે આમ કરવું બરાબ છે ને આમ કરવું સારું છે. માબાપ સારું-નરસું જાણ્યા છતાંયે તે સારું-નરસું કરે છે, તેનું કારણ તેની ક્રિયાશક્તિની નિર્બળતા છે. ઉપદેશથી સમજણ છે ખરું, પણ આચરવાની શક્તિ નથી આવતી. ઉપદેશથી આવેલી સમજણને લીધે લાગણી થાય છે, સારો સંકલ્પ પેદા છે, પણ અમલ કરવાનું તેથી બની શકતું નથી. કેમ કે સંકલ્પને અમલમાં મૂકવા માટે તો ક્રિયાશક્તિનું બળ જોઈએ છીએ. ઉપદેશ દેવાને બદલે આપણે તેને પ્રવૃત્તિ આપવી, સારી સોબત આપવી, સારું વાતાવરણ આપવું. જ્યાં સુધી હાથમાં કામ છે, જ્યાં સુધી મગજમાં તે કામ વિષે વિચાર છે, જ્યાં સુધી સોબત સારી છે, અને જ્યાં સુધી આખું વાતાવરણ નિર્મળ છે, ત્યાં સુધી બાળકો બદીઓથી સલામત છે.

ગિ.

જિજ્ઞાસા વૃત્તિની કસોટી

[...]

... ...

ભટ્ટાચારીજી કલકત્તાની યુનિવર્સિટીના એમ. એસસી. એટલે કે વિજ્ઞાનના નિષ્ણાત હોઇ એમણે અહીંનાં બાળકોનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ પરીક્ષણ નિરીક્ષણ કર્યું હતું.

અહીંના એમના થોડા વસવાટ દરમિયાન તેઓ બાલમંદિરનાં બાળકોને ખૂબ પ્રિય થઇ પડ્યા હતા. તેમણે એકાદ બંગાળી વાર્તા કહી સંભળાવી બાળકોને અદ્‌ભુત આનંદ આપ્યો હતો. આ સિવાય ચિત્રો દોરી આપીને તેમણે શાંતિનિકેતનમાં લીધેલી પોતાની ચિત્રકલાનું બાળકોને પાન કરાવ્યું હતું. બાળકો એમને ઘડીભર રેઢા નહોતા મૂકતાં. ઉપરાઉપરી એક પછી એક બાળકો એમની સાથે વાતોચીતો કરતાં ધરાતાં નહોતાં; અને એમને પોતાને પણ બાળકો સાથે વિચારવિનિમય કરી નિર્દોષ આનંદ લૂંટવાની ખૂબ ખૂબ મહેચ્છા હતી.

એમની સાથે થયેલી વાતચીતોમાં બાલમંદિરના બાળક મોહનભાઇનો સંવાદ ખૂબ આકર્ષક અને બુદ્ધિયુક્ત હતો. આ રસપ્રદ સંવાદ શ્રી. ભટ્ટાચારીજી અને મોહનભાઇ વચ્ચે લગભગ અરધો કલાક ચાલુ રહ્યો હતો. મોહનભાઇ આપણા બાલમંદિરના ચબરાક, ચાલાક અને વાચાળ બાળક ગણાય છે. એમણે પૂછેલા પ્રશ્નોમાંથી સ્પષ્ટ જોઇ શકાય છે કે એમનામાં જિજ્ઞાસાવૃત્તિનાં અખૂટ ઝરણ વહે છે.

આ આખાયે સંવાદ દરમિયાન મારે દુભાષિયા (Translator) તરીકે કામ કરવું પડ્યું હતું. ધીરૂભાઈ ઠ. ઠક્કર.

સંવાદ

મોહનભાઇ: "તમે પછી ગઇ કાલે સાંજે બાલમંદિરમાં કેમ ન આવ્યા ?"

અમલબાબુ: "ભાવનગરનાં કેટલાંક સુંદર સ્થળો જોવા હું ગયો હતો એટલે તમને મળી શક્યો નહિ."

મો૦: "પણ આજે તો જરૂર આવશોને ?"

અ૦: "જરૂર; આજે તમને સાંજે મળીશ."

મો૦: "તમારું નામ શું ?"

અ૦: "અમલ ઇન્દુ ભટ્ટાચારીજી."

મો૦: "તમે કયાં સુધી અભ્યાસ કર્યો છે ?"

અ૦: "એમ. એસસી. સુધી."

મો૦: "એમ. એસસી. એટલે કયાં સુધી ?"

અ૦: "બી.એ. પછી એમ. એસસી. અવાય."

મો૦: "હા, હા; મારા મોટાભાઇ પણ બી.એ. સુધી ભણ્યા છે."

અ૦: "એમ કે ? ત્યારે હું તમારા મોટાભાઇ કરતાં એક વર્ષ વધારે ભણ્યો છું."

મો૦: "તમે કયાં ભણતા હતા ?"

અ૦: "શાંતિનિકેતનમાં."

મો૦: "ઓહો, શાંતિનિકેતનમાં ? ત્યારે તો ટાગોરને મળ્યા હશો !"

અ૦: "હા, ટાગોર મને સારી રીતે ઓળખે છે ને હું ટાગોરને પણ સારી રીતે ઓળખું છું."

મો૦: "ટાગોરની સાથે તમે વાતચીતો કરી છે ?"

અ૦: "હા, ઘણી વખત; તેઓ અમારા ગુરુજી હતા. એટલે અમારે દરરોજ તેમની સાથે વાતો કરવી પડે જ."

મો૦: "ટાગોર કેવા સરસ છે ?"

અ૦: "બહુ સરસ છે. તેમની ઘેાળી દાઢી ખૂબ પેાચી અને સુંવાળી રેશમ જેવી છે. તેમના વાળ રૂપેરી અને લીસા છે. તેમની આંખેા ચમકતી, ખૂબ તેજસ્વી અને અમી ઝરતી છે."

મે૦: "ટાગેાર ગાંધીજી જેવા છે?"

અ૦: "હા, ગાંધીજી જેવા. તફાવત એટલેા કે ગાંધીજી દાઢી અને માથે વાળ રખાવતા નથી, જ્યારે ટાગેાર દાઢી અને માથે વાળ રખાવે છે."

મે૦: "ટાગેાર ગાંધીજી જેટલા ઉંચા છે?"

અ૦: "કઈ બાબતમાં ઉંચા? બુદ્ધિમાં કે ઉંચાઇમાં?"

મે૦: "ઉંચાઇમાં (શરીરની)."

અ૦: "શરીરની ઉંચાઇમાં ટાગેાર ગાંધીજી કરતાં ઉંચા છે."

મે૦: "ટાગેાર કેટલું ભણ્યા હશે?"

અ૦: "ખૂબ ખૂબ."

મે૦: "જ્યારે ટાગેાર તમારા જેવડા હતા ત્યારે તમે કયાં હતા?"

અ૦: (ખડખડાટ હસીને મેાહનભાઇની પીઠ પંપાળતા) "એ વખતે હું આ દુનિયામાં નહેાતેા."

મે૦: "એ વખતે તમે કયાં હતા?"

અ૦: (ખૂબ ખૂબ હસીને) "એ વખતે મ્હારેા જન્મ નહેાતેા થયેા."

મે૦: "અત્યારે ટાગેારની ઉંમર કેટલી હશે?"

અ૦: "લગભગ ૭૫ વર્ષની."

મે૦: "તમારી ઉંમર કેટલી?"

અ૦: "પચ્ચીશ વર્ષ."

મે૦: "ગાંધીજીની ઉંમર કેટલી હશે?"

અ૦: "લગભગ ૬૫ વર્ષ."

મે૦: "ટાગેાર કરતાં મેાટા કે નાના?"

અ૦: "તમે જ કહેાને? ૬૫ વધારે કે ૭૫?"

મે૦: "૭૫. ઠીક; ત્યારે તેા ટાગેાર મેાટા કહેવાય."

અ૦: "ટાગેારને તમે જોયા છે?"

મે૦: "ના; પણ ટાગેારને જોવાની મને ખૂબ ઇચ્છા છે."

અ૦: "ટાગેાર હમણાં મુંબઇ અને અમદાવાદ આવ્યા હતા. જો તમે અમદાવાદ ગયા હેાત તેા તમે ટાગેારને મળી શકત."

મે૦: "એમ તેા મારા મેાટાભાઇ અમદાવાદ નેાકરી કરે છે. જો તેમની પાસે એ વખતે ગયેા હેાત તેા હું જરૂર ટાગેારને જોઇ શકત."

અ૦: "તમારા મેાટાભાઈ અમદાવાદમાં છે? શું કરે છે?"

મે૦: "તેઓ ત્યાં નેાકરી કરે છે. તમે અમદાવાદ જાઓ ત્યારે જરૂર તેમને મળજો. હું તમને શરનામું આપીશ."

અ૦: "સારૂં; હું એમને જરૂર મળીશ."

મે૦: "તમે અત્યારે શું કરેા છેા? ભણેા છેા કે નેાકરી કરેા છેા?"

અ૦: "બન્ને વસ્તુ; ભણું છું અને નેાકરી પણ કરૂં છું."

મે૦: "ત્યારે અત્યારે પણ તમે શાંતિનિકેતનમાં ટાગેાર પાસે રહેા છેા?"

અ૦: "ના. અત્યારે હું તાતા કંપની જમશેદપુરમાં અભ્યાસ અને નેાકરી કરૂં છું."

મે૦: "ઓહેા! હજુ તમે અભ્યાસ પણ

કરો છો ? કયાં સુધી ભણશો ? ”

અ૦: “ જ્યાં સુધી ભણી શકાય ત્યાં સુધી ભણીશ.”

મો૦: “ છેલ્લામાં છેલ્લું કયાં સુધી ભણી શકાય ? ”

અ૦: “ ભણવાનો છેડો આવી શકે નહિ. ઘરડા ડોસા થઇને મરી જઇએ તો પણ ભણવાનો પાર આવી શકે નહિ.”

મો૦: “ એમ કેમ ? ”

અ૦: “ તમે સમુદ્ર તો જોયો છે ને ? ”

મો૦: “ હા. ”

અ૦: “ એ કેટલો મોટો હશે ? ”

મો૦: “ ખૂબ ખૂબ; ઘણો મોટો. ”

અ૦: “ એમાં કેટલું પાણી હશે ? ”

મો૦: “ પુષ્કળ–ઘણું–ખૂબ. ”

અ૦: “ એ પાણીને તમે જોખીને કહી શકો કે દરિયાનું પાણી આટલા શેર છે ? ”

મો૦: “ ના ના; એને કેવી રીતે જોખી શકાય ? ”

અ૦: “ ત્યારે ભણતરનું પણ એમ જ છે. ભણતરનું પણ દરિયાના પાણીની જેમ માપ નીકળી શકતું નથી. દરિયા કે કૂવાના પાણીમાંથી જેમ આપણે આપણા ઉપયોગ માટે એક લોટો પાણી લઇએ તેમ આપણું ભણતર પણ લોટા જેટલું જ છે. ”

મો૦: “ ઠીક ત્યારે; પણ હવે તમે શાંતિનિકેતન નહિ જવાના હો. ”

અ૦: “ હું અહીંથી અમદાવાદ જઇશ. ત્યાંથી અજમેર ને દિલ્હી થઇ શાંતિનિકેતન જ જઇશ. કેમ, તમારે કાંઇ કામ છે ? ”

મો૦: “ હા, મારે ટાગોરને પત્ર લખવો છે. જો તમે સંભાળથી ટાગોરને પહોંચાડો તો લખી આપું. ”

અ૦: “ જરૂર પહોંચાડીશ. પત્ર લખી તૈયાર રાખજો. ”

મો૦: (ખૂબ સંતોષ પામતાં) “ ગઇ કાલની જેમ આજે તમે અમને એક સરસ વાત કહેશોને ? ”

અ૦: “ તમારા નાસ્તાના સમયે હું જરૂર આવીશ, અને સારી વાત કહીશ. આ સિવાય બંગાળા ગયા પછી હું તમને સરસ વાર્તાઓની ચોપડીઓ મોકલીશ. ગિજુભાઇ તમને તેમાંથી વાતો કહી સંભળાવશે. ”

મો૦: “ ઠીક; તો તો બહુ સારૂં. ”

× × ×

આ પછી બાલમંદિર શરૂ થતાં મોહનભાઇ પોતાના કામ ઉપર ગયા હતા. ત્યાં તેમણે રવિન્દ્રનાથ ટાગોર ઉપર લખવાનો પત્ર તૈયાર કર્યો હતો. આ પત્ર ઉપર સુંદર ચિત્ર દોરીને શ્રી. અમલબાળુને મોહનભાઇએ આપ્યો હતો. પત્રની વિગત અક્ષરશઃ આ નીચે આપવામાં આવી છે.

તા. ૨૧–૧૨–૩૩

રવિન્દ્રનાથ ટાગોર,

તમને હું સંભારૂં છું. તમે મને કાગળ લખજો. હું ભાવનગર બાલમંદિરમાં ભણું છું. હું તમને આજે કાગળ લખું છું. હું તમને આજે જ કાગળ લખું છું.

મોહનભાઇ વળીઆ.

શ્રી. અમલબાળુ અને મોહનભાઇએ એકબીજાના સરનામાં લખી લઇ ભવિષ્યમાં પોતાનો બંનેનો સંબંધ તાજો રાખવાને અરસપરસ આગ્રહ કર્યો હતો. ધી. ક. દવે.

એક વાલી સાથેની વાતચીત

પ્રશ્નઃ મારા બાળકનું શરીર સુધારવા માટે તમારી શી સૂચના છે?

ઉત્તરઃ બાળકનું શરીર નિરોગી રહે અને સુદૃઢ તેમ જ સ્ફૂર્તિવાળું બને તે માટે શારીરિક અને માનસિક એમ બન્ને સંભાળ લેવાની જરૂર છે. તમારા બાળકનું શરીર માયકાંગલું, સુકલકડી જેવું અને ઓછી સ્ફૂર્તિવાળું છે તેનાં કારણો આપણે તપાસવાં જોઈએ. દેખીતી રીતે એને કોઈ શારીરિક રોગ જણાતો નથી છતાં આવું શરીર છે, તો નાનપણમાં તેની તંદુરસ્તી કેવી રહી છે, એને માતાનું દૂધ પૂરતા પ્રમાણમાં મળી શકયું છે કે નહિ, તેની તપાસ કરવી જોઈએ. આ ઉપરાંત દાક્તરની પાસે શારીરિક તપાસ પણ કરાવવી જોઈએ; અને તેમની સલાહ મુજબ વર્તવું જોઈએ. શરીરમાં જો કોઈ પણ ખોડ ન જણાય તો પછી ખોરાકમાં નીચે મુજબ ફેરફાર કરશો તો મને લાગે છે કે ઠીક ફેરફાર જણાશે. બાળકના ખોરાક વિષે આપણે બાસ ચીવટ અને સંભાળ રાખતાં નથી, એથી તેને જે પોષક તત્ત્વોની જરૂર રહે છે તે આપી શકાતાં નથી.

જાંબુની મોસમમાં બાલમંદિરમાં છાશવારે જાંબુ અપાય છે. જાંબુમાં વનસ્પતિજન્ય લોહનાં તત્ત્વો સારા પ્રમાણમાં સમાયલાં છે. તમે એ ઋતુમાં તેને હમેશાં જાંબુ અને કેરી-ઋતુનાં ફળ નિયમિત રીતે આપશો તો ફાયદો થશે; વળી સવારમાં રોટલાના માંડા સાથે ચોખ્ખું માખણ (તે પચાવી શકે તે પ્રમાણમાં) ને દૂધ આપો. દૂધ તો હમેશાં આપતા જ હશો, એટલે તે વિષે કાંઇ ખાસ કહેવાનું રહેતું નથી.

જાંબુની ઋતુ ખલાસ થતાં જે ઋતુનાં ફળ કે શાક મળતાં હોય તે જરૂર આપશો. કેળાં, પાકાં ટમેટાં, લીંબુ, ગાજર વગેરે ઋતુનાં ફળ અને શાક અમે બાલમંદિરમાં સારા પ્રમાણમાં આપીએ છીએ. તે મુજબ ઘેર પણ તમે તે તે વસ્તુની ગોઠવણ કરી શકો.

આ સૂચના તદ્દન સામાન્ય છે. તેમાં નવું કશું'ય નથી. સૌને સૂઝે તેવી આ વાત છે; પરંતુ તે મુજબ બહુ જ થોડાં કરે છે. બાળકને ખોરાક આપવામાં પણ આપણે શાસ્ત્રીય દૃષ્ટિ રાખવાની જરૂર છે. તેના શરીરવિકાસમાં કયું તત્ત્વ ખૂટે છે અને તે કયા ખોરાકથી આપણે પૂરું પાડી શકીએ તેનો વિચાર અને અમલ થતો હોય તો કેવું સારું?

આ ઉપરાંત બાળકનું મન હમેશાં પ્રફુલ્લ રાખવું તે પણ એટલું જ જરૂરનું છે. ધડીએ અને પળે બાળક અપમાનિત થતું હોય, તેની સાચી ઇચ્છાઓ છૂંદાતી હોય, તેનું મન સોસવાયા કરતું હોય અને દિલ કચવાતું હોય, તો તેનું શરીર કદી સારું ન થાય. પ્રફુલ્લ મન વિના પ્રફુલ્લ શરીરની આશા વ્યર્થ છે. બાળકને ગમે તેટલું ખવરાવો પિવરાવો, પણ જો તેનો આત્મા પ્રફુલ્લ ન રહે તો ખવરાવેલું બધું સૂકાઇ જાય.

જે બાળકનો સ્વભાવ લાગણીપ્રધાન વિશેષ છે, તેની બાબતમાં આ સંભાળની ખાસ જરૂર છે. તમારા બાળકમાં આવો સ્વભાવ અમે ખાસ

અનુભવીએ છીએ; તો તેનું સ્વમાન ઘવાય નહિ ને તે નિર્જનદે મસ્ત રહે તેવું ઘરનું વાતાવરણ તેને આપશો. ઘરમાં તેના પર કેટલું દબાણ છે એ તો તમારે જોવાનું રહ્યું; પરંતુ જો કોઇ પ્રકારનું દબાણ હશે તો તે જ્યાં સુધી દૂર નહિ થાય ત્યાં સુધી ઉપર જણાવ્યા ખોરાકના કે દાકતરી સલાહના ઉપાયોનો ફાયદો પૂરતા પ્રમાણમાં નહિ દેખાય.

: ૨ :

પ્રશ્ન: તેનો સ્વભાવ ખૂબ હઠીલો જણાય છે તેનું શું કારણ ?

ઉત્તર: આ પ્રશ્ન લંબાણથી ચર્ચવા જેવો છે. અત્યારે ટૂંકમાં થોડુંક કહું.

બાળક છએક માસ બાલમંદિરમાં આવતું થાય છે ત્યારે માબાપોની આવી ફરિયાદ સામાન્ય રીતે આવે જ છે. એમાં જ અમને બાલમંદિરની ફતેહ જણાય છે.

બાળકની ઇચ્છાશક્તિ જ્યારે પ્રબળ થાય છે ત્યારે આસપાસનાં સગાંવહાલાં કે શિક્ષકો તેને હઠના નામે ઓળખે છે. આ હંઠ પાછળ બાળકનો સત્યાગ્રહ છે કે દુરાગ્રહ તે સમજવા માટે બહોળો અનુભવ, વિશાળ વાચન અને દરેક પ્રશ્નને ઉંડાણથી સમજવાની શક્તિ જોઇએ છીએ. આવી સમજને હું કળા કહું છું. દરેક વાલીમાં આ પ્રકારની કળાની અપેક્ષા રાખવી જોઇએ તે વધારે પડતું છે. પરંતુ અખૂટ ધીરજ સાચવી વાલીઓ જો બાળક સાથે કામ પાડે તો અંતે અનુભવી શકે કે ઘણે ભાગે બાળકના આગ્રહ કે હઠ પાછળ કોઇ ને કોઇ પ્રકારનો હેતુ સમાયલો હોય છે, અને તે તેના વિકાસ અર્થે જ હોય છે.

આમ છતાં સૌ સૌની કક્ષા મુજબ સત્યાગ્રહ કે દુરાગ્રહની હદ બાંધી શકે, અને બાળકની સાચી માગણીઓ ગમે તે પ્રકારે પૂરી પાડવા મથે. ખોટી માગણીઓને પહેલી તકે જ વશ નહિ થવામાં સાર છે. એક વખત માથાકૂટ બચાવવા ખાતર બાળકની ખોટી માગણીને વશ થવાથી ભવિષ્યનું કામ વિશેષ અઘરું થઇ પડે છે.

પરંતુ સાચા અને ખોટાનો ભેદ પારખવો એ જ એક કળા છે. આપણને એક પગલું ખોટું લાગે છે તે સાચું કેમ ન હોય ? આ વિચાર સૌએ કરવા જેવો છે.

['શારદામંદિર'ની 'પત્રિકા'માંથી]

બાળકને સામાજિક જીવન માટે શી રીતે તૈયાર કરવું.

[ગતાંકથી ચાલુ]

આજનું જીવન દરેકને માટે અસહીસલામત બની ગયું છે. છતાંયે એ અસહીસલામતીમાં પણ ઓછામાં ઓછો એક ફાયદો તો છે જ. આજના જીવનમાં દરેક જણને સ્વેચ્છાએ કે કે પરાણે પોતાની જાત ઉપર જ આધાર રાખવો પડે છે. આ જાતનું વાતાવરણ જુવાન માણસને માટે અત્યંત ઉંચા પ્રકારનું કહી શકાય. પણ કોઇના પણ આધાર સિવાય એકલાં જ પોતાનો માર્ગ કાપવામાં માણસને બળનું પૂરેપૂરું ભાન હોવું જોઇએ. નહિ તો પછીથી સંકટોથી ઘેરાયેલા જીવનમાં માણસ બીકણ બનતો જાય છે; અને એટલે વધારે ને વધારે રક્ષણ

ખોળવા માંડે છે. પછી શરૂઆતમાં તે કુટુંબનું રક્ષણ મેળવે છે, અને પછી રાજ્યનું મેળવે છે. આવી જાતની મનોવૃત્તિમાંથી જ 'સ્ટેટીઝમ' એટલે કે જીવનની નાનામાં નાની કે ઝીણામાં ઝીણી વિગતમાં રાજ્ય ઉપર જ આધાર રાખવાનો વાદ ઉત્પન્ન થાય છે. એને પરિણામે વ્યક્તિનો અધઃપાત થાય છે, કેમ કે એનું સ્વાતંત્ર્ય હણાઈ જાય છે અને તેને પરિણામે એની બધી જવાબદારી પણ છીનવી લેવાય છે.

તે જ માણસ વધારેમાં વધારે સુધરેલો છે કે જે વધારેમાં વધારે માટે જવાબદારી ઉપાડી લે છે. ઘણાં બાળકો ભેગાં થયાં હોય તેમાં જે બાળક જવાબદારી શોધી લે છે, તે સ્વીકારવાને માટે સદૈવ આતુર હોય છે, અને કોઈ પણ જાતનું જોખમ ખેડવા એકપગે તૈયાર હોય છે, તેવું બાળક જો આપણે જોઇએ તો આપણે ખાતરી પૂર્વક માનવું જોઇએ કે એ બાળક પોતાના વિકાસમાં ઘણું આગળ વધેલું છે.

બાળકોને સામાજિક જીવન જીવવા માટે તૈયાર કરવામાં આપણી પહેલવહેલી ફરજ એ છે કે—

(૧) દરેક બાળકને તે અનન્ય પુરુષ છે એમ માનીને માન આપવું.

(૨) જીવનમાં કોઇ પણ વસ્તુ સાથે સંબંધમાં આવતાં કે તેનો સામનો કરતાં પોતાના વ્યક્તિત્વનું નૈતિક અખંડત્વ જાળવવા માટે બાળકને તૈયાર કરવું.

આ વધારે અઘરું છે કેમ કે દિવસે દિવસે આપણે બાળકમાં સ્વાધીનતા અને હિંમત વધારવાનાં છે. બન્ને સદ્‌ગુણો જો એનામાં બરાબર ખીલી ઉઠે તો. પછી કોઇ પણ વસ્તુ એને ગુલામ બનાવતી હોય, અથવા તો એને ઉંધે રસ્તે લઇ જતી હોય તો એ એનો બરાબર સામનો કરતાં શીખી જાય છે. બાળકને અધઃપાતને રસ્તે લઇ જવાની શરૂઆત સામાન્ય રીતે મોટેરાં જ કરે છે. કોઇ મામા અગર માશી આવીને કહેવા માંડે છેઃ "બચુ, તને પેલું સુંદર મજાનું ગીત આવડે છે તે ગા જોઇએ? એ ગાઇશ એટલે હું તને પેંડો આપીશ." આપણે ઉપર જણાવી એવી જાતની કેળવણી બાળકને આપીએ એટલે એની સાથેસાથે આ વસ્તુ પણ આવી જ જાય છે કે બાળકને પોતે જે કાંઈ કરે તેનાં પરિણામો એને પોતાની મેળાએ જ સહી લેવા દેવાં જોઇએ. તેવી જ રીતે જો એણે બીજા કોઇને ઇજા કરી હોય તો તો તેને માટે માફી માગવી અથવા બીજું જે કાંઇ કરવાનું હોય તે પણ એને પોતાને કરી લેવા દેવું જોઇએ. અને આવી બધી બાબતોમાં જ કૌટુંબિક જીવન સહકાર સાધવાનું સુંદર ક્ષેત્ર પૂરું પાડે છે.

ધારો કે આપણાં બાળકો સ્વાધીન છે; પૂરેપૂરાં હિંમતબાજ પણ છે. ઉપરાંત પોતાના વ્યક્તિત્વનું અખંડત્વ જાળવવા શક્તિમાન છે, અને બીજાઓનો વિચાર પણ કરી શકે છે. પણ આ પૂરતું છે ખરું? દેખીતી રીતે નહિ જ. સામનો કરવાની તાકાત એ કિંમતી સદ્‌ગુણ છે; પરંતુ એ એકલો પૂરતો નથી. એની સાથે સાથે બીજા વધારે સક્રિય સદ્‌ગુણો પણ જોઇએ. બાળકો પોતાના પગ પર એકલાં બહાદુરીથી ઉભાં રહી શકે, અથવા તો એમનું વ્યક્તિત્વ પૂરેપૂરું વિકસેલું હોય, એટલી વસ્તુઓ એમને માટે પૂરતી નથી. શકય હોય તેટલી

ઉંચામાં ઉંચી કક્ષાએ વિકસેલી એમની શક્તિ-ઓએ સારીયે માનવજાતિને વધારે સમૃદ્ધ બનાવવાના જુદા જુદા રસ્તા આ દુનિયામાં ખોળી કાઢવા જોઇએ. આપણે આમાં એમને કેવી રીતે મદદ કરી શકીએ?

સામાજિક સંસર્ગના પ્રસંગો વધારીને. એવી માગણી કરીને કે હાલમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ જે રીતે હરીફાઇ અને સ્પર્ધા ઉપર (એટલે કે લડાઈ ઉપર) રચાયેલી છે, તે રીત બદલીને હવે પછી એ બધી સહકારના પાયા ઉપર રચાવી જોઇએ. ઉપરાંત કુટુંબોની અંદર ભાઇ ભાઇ વચ્ચે પ્રેમભાવ, ઉદારતા અને પરોપકાર બુદ્ધિનું પ્રસન્ન અને પ્રાણદાયી વાતાવરણ ઉત્પન કરીને, અને છેવટે સહકાર વડે કામ કરવાની પદ્ધતિને પ્રોત્સાહન આપીને. એક બાળક બીજાં બાળકોને સમજી શકે છે, અને તેમની સાથે સહકાર સાધીને કામ કરી શકે છે, તેના ગર્ભમાં જ આ વસ્તુ સમાયેલી છે. એવા બાળકની ઘણીયે બૌદ્ધિક અને નૈતિક શક્તિઓનો વિકાસ થયેલો છે; સ્વાર્થીપણું અને બહારનો ખોટો આડંબર એને માટે અશક્ય બની જાય છે. માયાળુપણું, કલ્પનાશક્તિ, યુક્તિપ્રયુક્તિ, સત્ય પરિસ્થિતિ સમજવાનું ભાન, સારાસાર બુદ્ધિ, અને વિવેચનશક્તિ, એવી ઘણીયે વસ્તુઓની જરૂર પડે છે. આ રીતે વ્યક્તિત્વ વિકાસ પામે છે. ધીરે ધીરે એ ઓછું ને ઓછું જડ થતું જાય છે; એનામાં વધારે ને વધારે માણસાઇ આવતી જાય છે; અને એ રીતે એ રૂઢિગ્રસ્ત થવાનો ભય નામશૂન્ય થતો જાય છે

જે કુટુંબનું વાતાવરણ સાનુકૂળ હોય અને જ્યાં બાળકો માબાપોને દરરોજ માયાળુપણે, વિવેકપૂર્વક, ઉદારતાથી અને જાહેર હિત માટે માનની દૃષ્ટિથી વર્તતાં જોતાં હોય, તો શું એની અસર આપણા દેશની ચાર સીમામાં જ પૂરાઇ રહેશે? આપણે તપાસવાનો આ મહત્ત્વનો—અરે, અત્યંત અગત્યનો પ્રશ્ન છે.

છેલ્લાં થોડાંક વર્ષોના બનાવોએ આ સત્યને બરાબર સ્પષ્ટ રીતે ખુલ્લું કર્યું છે કે કોઇ રાષ્ટ્ર બીજા રાષ્ટ્રના સહકાર સિવાય કોઇ પણ રીતે જીવી શકે તેમ છે જ નહિ.

જે આજે સુધરેલા ગણાતા દેશો જે એક-બીજા સામે એક યા બીજા રૂપમાં (કાં તો આર્થિક કે સામાજિક કે લશ્કરી) લડાઈ ચલાવી રહ્યા છે તે બંધ કરીને એકબીજા સાથે ઐક્ય નહિ સાધી લે તો આખીયે પાશ્ચાત્ય સંસ્કૃતિને માથે ભય ઝઝૂમી રહ્યો છે.

માબાપો અને શિક્ષકો! જાહેર મતમાં પલટો લાવવાનું કામ તમારે માથે છે. આજે દુનિયામાં શાંતિ સ્થાપવા માટે જે પ્રયત્નો થઇ રહ્યા છે તે વિષે બાળકોને બરાબર માહિતગાર રાખો. તમારા પોતાના જીવનમાં કે તમારા બાળકોના જીવનમાં જે કંઇ (સામાજિક અથવા રાષ્ટ્રીય) દ્વેષ અથવા ઇર્ષાને સહેજ પણ ઉત્તેજન આપે એવું હોય, તે બધું દૃઢતાપૂર્વક ઉખેડીને ફેંકી દો.

આજે દુનિયામાં ઝેરવેર ઘણાં જ વધી પડ્યાં છે, અને પ્રેમનું ક્ષેત્ર તો સાવ નાનકડું થઇ ગયું છે. પરંતુ દુનિયાના એકેએક ખૂણામાં એવા લોકો પડેલા છે જે આપણા લાભ માટે કામ કરી રહ્યા છે, અને આપણે પણ એમને માટે કામ કરીએ છીએ. આ વિચાર આપણું બીજાઓ તરફનું

વલણ વધારે નિર્મળ બનાવો. આ વિચારને પરિણામે જ આપણાં બાળકો સારીયે માનવજાતિની વાસ્તવિક એકતા અને એકબીજા વચ્ચે સહકાર સાધવાની જરૂરિયાત બરાબર સમજશે. આપણાં બાળકોનું આખુંયે જીવન આ વિચાર વડે પ્રેરણા પામે એવું કરો. આ વિચારને શાળાઓમાં પણ પ્રવેશ કરવા દો; અને ખાસ કરીને ઇતિહાસ અને ભૂગોળના પાઠો દ્વારા તો એનો ખૂબ જ પ્રચાર થવા દો. આપણાં બાળકોનાં મન લડાઇઓ અને રાજ્યક્રાંતિઓની વાતો વડે ઉંધે રસ્તે નહિ દોરવાઇ જવાં દેતા; કેમ કે ઇતિહાસની અંદર સાચા મહત્ત્વની બાબતો તો જે મહાન શોધખોળ થઇ છે તે છે. માણસ માણસ વચ્ચેની હાસ્યાસ્પદ લડાઇઓ કરતાં છાપવાની કળાની, વરાળથી ચાલતાં એન્જીનોની અને વિમાનો વગેરેની શોધખોળોએ જ દુનિયામાં વધારે ફેરફારો કર્યા છે. જે માણસોએ (સંતોએ, પંડિતોએ, કારીગરોએ, શોધકોએ) માનવજાતિની સેવાને અર્થે દુનિયાના બધા જ ભાગોમાં જીવન અર્પણ કર્યાં છે તેવા વીર પુરુષોની વાર્તાઓ આપણે આપણાં બાળકોને કહેવી જોઇએ.

આપણે આટલા બધા લાંબા કાળથી સમાનતાના વિચાર વડે મોહિત થઇ રહ્યા હતા. એમાં આપણે ભૂલ કરી છે. (આ વિચાર ભલે કાયદામાં જરૂરી હોય પરંતુ પ્રત્યક્ષ જીવનમાં એનું અસ્તિત્વ ન હોઇ શકે.) હવે તો વખત આવી લાગ્યો છે કે આપણે બંધુત્વનો વધારે વિચાર કરવા લાગીએ, જેથી હવે પછી એ શબ્દ આપણાં જાહેર બાવલાંઓ ઉપર ફક્ત કોતરાયેલો જ ન રહે. (સંપૂર્ણ.)

[અંગ્રેજી ઉપરથી] શ.

હવે પછી બન્ને અંક સાથે

આ અંક વી.પી. અંક હોઇ તેમાં કાર્યાલયના માણસોની રહેલી બેકાળજી કારણે આવતો ચૈત્ર માસનો ‘ શિક્ષણ પત્રિકા ’નો અંક વૈશાખના અંકની સાથે મળશે. વાંચક ભાઇબહેનો આટલું નિભાવી લે.

વ્યવસ્થાપક
“શિક્ષણ પત્રિકા” કાર્યાલય

હજી આવી પ્રાથમિક શાળાઓ છે? હા; ઘણી છે.

જે શાળામાં પાંચસો ઉપરાંત વિદ્યાર્થીઓ છે.

જે શાળામાં કુલ તેર ચૌદ શિક્ષકો છે.

શિક્ષકોનો મોટો ભાગ ઘરડો, અન્ટ્રેઇન્ડ અથવા રિટાયર્ડ છે.

શાળા માટે એક પણ નોકર નથી.

સાફસુફીનો ખર્ચ કન્ટીન્જન્ટમાં આવી જાય છે; અને કન્ટીન્જન્ટ દર માસે એક રૂપિયો આપવામાં આવે છે. ગિ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ. બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૦

અંક ૨-૩ જો
ચૈત્ર – વૈશાખ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો વાર્ષિક લવાજમ પરદેશના બે શિલિંગ

જીત તેઓની છે કે જેઓ નમ્ર છે અને નમે છે. જીત તેઓની છે કે જેઓ સેવા કરે છે અને સેવક રહે છે.

જીત તેઓની છે કે જેઓ ક્ષમા આપે છે ને જતું કરે છે. જીત તેઓની છે કે જેઓ શાંતિ અને મૌન સેવે છે અને શુભ ઇચ્છે છે.

પણ

તેઓની હાર છે કે જેઓ અભિમાની છે, જેઓ શેઠ થવા દોડે છે, જેઓ માફી આપતા નથી પણ વેર લે છે અને જેઓ લોકોનું અને પ્રવૃત્તિઓનું અહિત ઇચ્છે છે.

પ્રદર્શનો

શાળામાં જુદાં જુદાં પ્રદર્શનો ગોઠવવાની પ્રથા કલાવિકાસના વાતાવરણ રૂપે અત્યંત આવશ્યક છે. આ પ્રદર્શનોનો પ્રદેશ ઠીક ઠીક વિશાળ છે. બાળકોનાં ચિત્રો, કાતરકામ કે માટીકામમાં જ આ પ્રદેશ સમાપ્ત થતો નથી. પ્રદર્શનનો હેતુ બાળકો સમક્ષ કુદરત અને મનુષ્યકૃતિનો શાળાના મકાનની અંદર જ પરિચય કરાવવાનો અને તે દ્વારા પ્રમુખતઃ કલાસૃષ્ટિનું દર્શન કરાવવાનો છે. બેશક બાળકોનાં સર્જનો આ કલાપ્રદર્શનમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે; પરંતુ તે બાળકોને માટે છે તે ઉપરાંત બીજાંઓ માટે પણ છે, જ્યારે અન્ય સર્જનો બાળકો માટે જ સમજીને શાળામાં લાવવાનાં છે.

આખી કુદરતમાં ભળવું, આખી મનુષ્યકૃતિને શાળાની બહાર જઈને જોવી, એ નાનાં બાળકો માટે સુલભ નથી; અને છતાં એ બન્ને કૃતિઓનો પરિચય સર્જક વાતાવરણ તરીકે આવશ્યક છે જ. એટલા જ માટે આ પ્રદર્શનોનું સ્થાન શાળા છે. આ પ્રથા શાળામાં નવી ગણાય, પરંતુ સમાજમાં નવી નથી. હમેશાં સમાજે પોતાના ઉત્સવો સાથે કલાકૃતિઓનાં પ્રદર્શનોને જોડેલાં છે. દેવમંદિરોના ઉત્સવે ઉત્સવે થતા શણગારો આ જાતનાં કલાપ્રદર્શનો છે. વરઘોડાઓ અને એવા સામયિક પ્રસંગો, તથા રથયાત્રા વગેરેનો પણ આજ પ્રકાર છે. આ સામાજિક ઘટનાઓથી બાળકોને સુદ્ધાંત જોવાનું મળે છે. પરંતુ નાની ઉંમરે જે રીતે કલાનું વાતાવરણ તેમની સમક્ષ આવવું જોઇએ તે રીતે આમાંથી આવતું નથી; તેથી આ દર્શનનો બાળકને પ્રમાણમાં થોડો લાભ મળે છે.

વળી સંગ્રહાલયો પણ એક જાતનાં પ્રદર્શનો જ છે. તે સામયિક નથી પરંતુ હમેશનાં છે, અને તેથી હરહમેશના દર્શન માટે ઉપયોગી પણ છે. છતાં એ સંગ્રહાલયો વધારે પ્રમાણમાં સંગ્રહની દૃષ્ટિથી કરેલાં હોવાથી અને તેમાં અનેકવિધ સર્જન એક સાથે જોવા મળે છે તેથી પણ તેની છાપ બાળકના મન ઉપર ઘણી જ અવ્યવસ્થિત અને ઉપરાછાપરી પડે છે અને તેના દર્શનનો લાભ ઓછો મળે છે. વળી ઘણી વાર આવાં સંગ્રહાલયો કલાની દૃષ્ટિએ ગોઠવેલાં પણ નથી હોતાં. તેમાં કલાની ચીજો અસ્તવ્યસ્ત પડેલી કે ખડકેલી હોય છે. આમાંથી પણ બાળકો કલાનું વાતાવરણ ચૂસી શકતાં નથી. કલાનું વાતાવરણ બાળકને માટે ચૂસવા યોગ્ય થવા સારૂ એકીસાથે વધારે કલાઓનાં પ્રદર્શનનું ન હોવું જોઇએ. તેમ જ જે કલા–જે કલાવિભાગ પ્રદર્શન માટે ગોઠવ્યો હોય તે વ્યવસ્થિત જોઇએ.

ઘરમાં પણ થોડા ઘણા પ્રમાણમાં કલાની ચીજો હોય છે; છતાં કબાટમાં પડેલી કે અભરાઇ ઉપર રાખેલી વસ્તુઓ કલાત્મક વાતાવરણ રચતી નથી. કેમ કે ભાગ્યે જ થોડાં ઘરોમાં તેમાંથી કલાત્મક વાતાવરણ ઉપજાવવાની આવડત અને દૃષ્ટિ હોય છે; ઉપરાંત ધરાદાપૂર્વક કલાત્મક વાતાવરણ રચવાનું બહુ થોડાં માંબાપોના ધ્યાનમાં પણ આવે છે.

કેટલાંએક ઘરોમાં સારી રચનાથી કલાકૃતિઓ પડેલી હોય છે. મોટા માણસને પણ

કલાત્મક, આનંદદાયક અને સારા વાતાવરણ રૂપ નીવડે તેવી પણ હોય છે. છતાં તે મોટાંઓને માટે જ યોજેલી હોવાથી નાનાંઓને માટે નિષ્ફળ જાય છે. આ રીતે બાળકોને કલાનું વાતાવરણ ઘરમાંથી, સંગ્રહાલયોમાંથી કે ખુલ્લી કુદરતમાંથી જે પ્રમાણમાં મળે છે તે પ્રમાણ ઘણું ઓછું હોવાથી શાળામાં તેની પૂર્તિ કરવાને પ્રદર્શનો દ્વારા પ્રયત્નો થવા જોઇએ.

શાળાનાં પ્રદર્શનો રચવામાં પ્રથમ અગત્યની વસ્તુ તે એકી વખતે એક કલાકૃતિનું પ્રદર્શન રચવાની છે. વિવિધ કલાઓનું એક સાથેનું દર્શન કલાની સમજણના વિકાસમાં જરા આગળની કક્ષાનું છે. પ્રારંભ એક એક કલાના સાદા પ્રદર્શનથી જ યોગ્ય છે.

આવાં કલાનાં પ્રદર્શનો માટે આપણે જુદા જુદા પ્રદેશો ખોળવાના છે. માણસના સર્જનના પ્રદેશોમાંથી તેમ જ કુદરતના પ્રદેશમાંથી રચવા યોગ્ય પ્રદર્શનો આપણે વિચારીએ. સામાજિક ઉત્સવોમાંથી આપણે ધાન્યની વિવિધ રાંગોળીઓનું પ્રદર્શન, બેડાં વગેરે ત્રાંબા પિત્તળનાં વાસણોનું પ્રદર્શન, કપડાંઓનું પ્રદર્શન, માટીનાં વાસણોનું પ્રદર્શન, ભરત ભરેલ વસ્તુઓનું પ્રદર્શન: આ બધા પ્રદર્શનના પ્રકારો છે. જીવનમાં વપરાતી ચીજોમાં જેમાં જેમાં કલા છે તે તે ચીજોનું એક એક પ્રદર્શન શક્ય છે. સામાન્ય રીતે એમ ને એમ વપરાયે જતી ઘણી ચીજોની કલાની બાજુ હમેશના અતિ પરિચયને લીધે ધ્યાન બહાર જાય છે; પણ તે જ વસ્તુમાં રહેલ કલા જ્યારે એવી કેટલીય વસ્તુઓને અમુક રીતે ગોઠવવામાં આવે છે ત્યારે બાળકોનું, મોટાંનું, સૌનું આકર્ષણ કરે છે અને સૌના મન ઉપર કલાના વાતાવરણની છાપ પાડે છે.

દરેક દુકાન જેની અંદર કલાની ચીજો વેચાય છે તે કલાપ્રદર્શન નથી, કારણ કે ત્યાં દૃષ્ટિ જુદી છે. એ દૃષ્ટિ વેચવાની છે. એ દૃષ્ટિએ તેની ગોઠવણ છે. એવી જ રીતે ઘરમાં જ્યાં કલાની ચીજો પડેલી છે ત્યાં પણ જુદી જ દૃષ્ટિ છે, અને એ દૃષ્ટિ વાપરવાની છે અથવા મૂકવાની છે. કલાદૃષ્ટિ આ બન્નેથી જુદી છે અને તેથી શાળામાં રચવાનું પ્રદર્શન દુકાન અને ઘરની અંદર પડેલી ચીજોથી નિરાળું છે; અને તેની દૃષ્ટિ પણ જુદી છે.

શાળામાં પ્રદર્શન રોજ ને રોજ શક્ય નથી. પ્રદર્શનના સ્વાભાવિક વખતો શાળા નક્કી કરી શકે છે. ઉપરાંત શાળા કલાની દૃષ્ટિએ સામયિક ઉત્સવો ગોઠવી તેની સાથે પ્રદર્શનો જોડી શકે છે. આપણા ઉત્સવો પ્રદર્શનના પ્રસંગો છે. ઉત્સવોને આપણે બીજી રીતે સમાજમાં ઉજવીએ છીએ; તેનું કલાનું અંગ આપણે પ્રદર્શન રૂપે ગોઠવવું જોઇએ. આવા ઉત્સવો આપણા સમાજે અને ધર્મે ઠીક સંખ્યામાં નિર્મ્યા છે. તે દરેકનો આપણે લાભ ઉઠાવવો જોઇએ. ઉત્સવને છાજતું પ્રદર્શન જ ઉપકારક નીવડશે એ ધ્યાનમાં રાખવું. હુતાશની ઉપરનું પ્રદર્શન એક જાતનું અને દીવાળી ઉપરનું બીજી જાતનું થવું જોઇએ. આ પ્રદર્શનો તેની રચનામાં તો જુદાં જુદાં થાય જ; પણ તે ઉપરાંત તેની વસ્તુઓમાં પણ જુદાં પડવાં જોઇએ.

ઋતુએ ઋતુએ પ્રદર્શનનો સમય આવી શકે છે.

જ્યારે વર્ષાઋતુની મધ્યમાં જાતજાતનાં ઘાસ અને ઘાસફૂલો ખીલી નીકળે છે ત્યારે તે ઘાસ

અને ફૂલોનાં, વળી એ જ ઋતુમાં વાડે વાડે થતાં ગ્રામફૂલોનાં અને ઋતુએ ઋતુએ ઊધડતાં ફૂલોનાં પ્રદર્શનો એ સામયિક પ્રદર્શનો છે.

આવી જ રીતે ઋતુએ ઋતુએ પાકતાં ધાન્યોનું પ્રદર્શન પણ પ્રદર્શનમાં જ આવે છે. વળી કુદરત આપણને ફૂલ, પાંદડાં વગેરે વખતોવખત ધરે છે; તેનો સ્વીકાર કરી તેને આપણે એક જ સ્થળે બાળકો સમક્ષ રજુ કરીને કુદરતની શોભા અને ઉદારતાનું પ્રદર્શન કરી શકીએ છીએ.

કુદરતમાં માત્ર વનસ્પતિ જ નથી. અનેકરંગી પત્થરો આપણને એક પ્રદર્શન આપી શકે છે. દરિયાકાંઠાની શંખલાં છીપલાંની કેટલીય વિવિધતામાં દરિયાની ભેટનાં બે પાંચ પ્રદર્શનોની શક્યતા છે. એમ જ જાતજાતનાં શાકોનું એક જુદું જ અને જોવાયોગ્ય પ્રદર્શન ભરી શકાય. બીયાંઓનું પ્રદર્શન પણ શક્ય છે.

કુદરતમાંથી પ્રદર્શનની સામગ્રી લઇ શકાય છે એવો જેને એક વાર ખ્યાલ આવી જાય, તે તો કુદરતમાં પડેલી અને ઉડતી અનેક ચીજોનાં પ્રદર્શનો ભરી શકશે. પીંછાઓનું, રેતીઓનું, માટીઓનું, પક્ષીઓના માળાઓનું, જીવજંતુઓનાં ઘરો–રહેઠાણોનું ને એવાં કેટલીય વસ્તુઓનાં પ્રદર્શનો ભરી શકાય.

કુદરતમાં કલા અને વિજ્ઞાન ઠેરઠેર પડેલાં છે: એક પ્રદર્શન કલાની દૃષ્ટિએ તો બીજું પ્રદર્શન વિજ્ઞાનની દૃષ્ટિએ. અને બન્ને પ્રદર્શનો કલા-વિજ્ઞાનની દૃષ્ટિ ઉઘાડવા સારૂ કલાના વિકાસમાં હમેશાં અગત્યનાં સ્થાન ભોગવે છે.

કુદરતને છોડી મનુષ્યકૃતિમાં જઇએ તો તેનાં કેટલાંયે પ્રદર્શનો ભરી શકીએ. માટીકામ, લાકડકામ, ચાંદીકામ, પિત્તળકામ, લોઢાકામ, સોના રૂપાના ઘાટ, હીરા માણેક મોતીની કારીગરી, વસ્ત્રોનું વણાટ, ભરત-શીવણ-ગૂંથણ, છીપાકામ, છાપકામ, ચિત્રકામ: વગેરે આજે જે અનેક કલા તથા કારીગરીનાં કામો માણસને હાથે થઇ રહ્યાં છે, તેનાં પ્રદર્શનો પણ ભરવાં જોઇએ. આ એક એક કામ એક એક પ્રદર્શન આપી શકશે.

આવાં પ્રદર્શનોથી બાળકોને ખબર પડશે કે કુદરતમાં શું શું છે અને માણસની કૃતિએ કેટલી વિવિધતા લીધી છે. બજારમાં કે કુદરતમાં માણસ ફરે છે પણ ત્યાં તેની સમક્ષ કલાદૃષ્ટિએ આ કૃતિઓ મૂકાયેલી હોતી નથી, પણ ખડકાયેલી અગર છૂટી છવાઇ પડેલી હોય છે. કલા એટલે મનુષ્યની મારફત કુદરતનાં બળોનું પ્રાકટય એવો અર્થ લઇએ તો પ્રદર્શન મારફત જ આપણે કુદરત અને મનુષ્યની કૃતિઓને રજુ કરી કલાના અનેકવિધ પ્રકારોમાં પ્રદર્શનની કલાને આપણે ગોઠવી શકીએ. અર્થાત્ પ્રદર્શન ગોઠવવાની કલા ઉપરાંત પ્રદર્શન પોતે એક કલા રૂપ બને.

પ્રદર્શન ગોઠવવામાં આવડત જોઇએ છીએ. શિક્ષકે પ્રદર્શન ગોઠવવાનું શીખવું જોઇએ. જેમ તેમ ગોઠવી દીધેલી વસ્તુઓ કલાપ્રદર્શન નહિ અને પણ દુકાન કે 'સ્ટૉલ' બની શકશે.

એટલા માટે દુકાનો કે અન્ય પ્રદર્શનો– જેવાં કે સ્વદેશી પ્રદર્શન, એ કલાપ્રદર્શન નથી પણ વસ્તુપ્રદર્શન છે. શાળાના પ્રદર્શનમાં વસ્તુ બતાવવા ઉપરાંત તે કલાત્મક રીતે બતાવવાની છે. એટલા જ માટે પ્રદર્શન રચવાના સિદ્ધાંતો અને હથરોટી શિક્ષકે કેળવવી પડશે.

પ્રદર્શનમાં અવકાશ મુખ્ય વસ્તુ છે. અવકાશને ભારોભાર ભરી દેવાથી વસ્તુઓનો દેખાડ બરાબર થશે નહિ. પ્રદર્શનના ઓરડાની લંબાઇ પહોળાઇ અને ઉંચાઇ વસ્તુઓના કદને ધ્યાનમાં રાખી પસંદ કરવાનાં છે. વસ્તુઓ નાની હોય અને ભોંયતળિયે જ ગોઠવવાની હોય તો પણ ઓરડાની દીવાલોને એવી રીતે શણગારવી કે જેથી ભોંયતળિયું બહાર પડતું દેખાય. દીવાલોનો અવકાશ ભોંયતળિયાના અવકાશના મેળમાં ભરાવો જોઇએ. પ્રદર્શિત વસ્તુઓથી જ અવકાશને સંપૂર્ણ ભરવો નહિ. એમાં ફુલદાનો, ધૂપદાનો, દીવાઓનાં સ્થાનો તથા જવા આવવાના રસ્તાઓને માટે પૂરતો અવકાશ રાખ્યા પછી જ ગોઠવણનું કામ લેવું. વળી પ્રદર્શનની સાથે રાંગોળીઓનો અવકાશ પણ વિચારવો. એટલું હમેશ ધ્યાન રાખવું કે પ્રદર્શિત કરવાની વસ્તુઓને મુખ્ય અને વિશેષ અવકાશ આપવો, અને ઉપર લખી બાબતોને ગૌણ અવકાશ આપવો.

ગોઠવણનાં સ્થાનો નિશ્ચિત કરતાં પ્રકાશ વિષે પણ વિચાર કરવો. જે જે વખતે પ્રદર્શન બતાવવું હોય તે તે વખતે પ્રદર્શન ઉપર કેટલો પ્રકાશ પડશે ને ધ્યાનમાં રાખી તે પ્રકાશ ખીલે તેવી વસ્તુઓ ત્યાં ગોઠવવી. અથવા તો કૃત્રિમ રીતે પ્રકાશ-અંધકાર ને એવી રીતે કાબૂમાં રાખવાં કે જેથી ધાર્યા પ્રમાણે ધાર્યે વખતે વસ્તુઓને બરાબર રૂપમાં દેખાડી શકાય.

પ્રદર્શન રચનારાઓ પોતાની અંતઃસ્ફૂર્તિથી પોતાને સમજાતા કલાના આત્માને વ્યક્ત કરવાને છૂટા જોઇએ. અમુક ચોક્કસ ધોરણ પ્રમાણે જડ નિયમે પ્રદર્શનો રચી શકાય નહિ. એક ઠેકાણે જોવામાં આવેલા પ્રદર્શન પ્રમાણે બીજે ઠેકાણે તે જ પ્રમાણે પ્રદર્શન ગોઠવવાનો આગ્રહ રાખનાર માણસ પ્રદર્શનના આત્માને તેમાંથી લઇ લેવાનો છે. જેઓ કલાકૃતિને સમજે છે, જેઓ ગોઠવણના સામાન્ય નિયમોથી કેવળ અજાણ્યા નથી તેવા બધા, આવાં પ્રદર્શનો જરૂર ગોઠવી શકાશે.

બાળકો તરફ દુર્લક્ષ

: ૧ :

સાહિત્ય પરિષદમાંથી પાછા વળતાં મારા એક સાક્ષરમિત્ર મારે ત્યાં આવ્યા હતા.

એમને ભાષણ આપવા માટે અમારે ત્યાંની કૉલેજની સાહિત્યસભાના મંત્રી બોલાવવા આવ્યા. તેઓ સાંજના કૉલેજમાં ભાષણ આપવા ગયા.

રાત્રે વાળુ કરી અમે બેઠા હતા, એટલામાં શહેરની સાહિત્યસભા તરફથી એમની સાથે રાત્રે નવ વાગે વાર્તાલાપ ગોઠવ્યો હતો તેમાં તેડી જવા માટે એ સભાના મંત્રી આવ્યા. મારા મિત્ર ત્યાં પણ ગયા.

બીજે દિવસે સવારમાં મારા મિત્ર છાપું વાંચતા હતા; હું એમને માટે ચહા બનાવતો હતો. એટલામાં અમારા લત્તાનાં બાલમંદિરનાં કેટલાંક મોટાં બાળકો મારે ત્યાં આવી પહોંચ્યાં.

તેઓ મને કહેઃ "નંદલાલકાકા, આ તમારે ત્યાં કોઇ મોટા લેખક આવ્યા છે તે અમારા બાલમંદિરની સાહિત્યસભામાં ન આવે? તમારી

ઇંદુએ અમને વાત કરી છે કે તે ઘણાં મોટ પુસ્તકો લખે છે. અમે એમને મળવા ઇચ્છીએ છીએ. તેઓ અમને એકાદ નાનકડી મજાની ચોપડી વાંચી સંભળાવે કે મોઢે વાર્તા કે એવું કંઇક કહે તેવી અમારી ઇચ્છા છે."

મેં મારા સાક્ષરમિત્ર સામે જોયું. એમણે કહ્યું: "નંદલાલભાઇ, મારે ઘેર પત્ર લખવો છે. બાલમંદિરમાં નહિ જવાય."

: ૨ :

મારા એક કલારસિક મિત્ર મારે ત્યા આવ્યા હતા.

એમને પણ અમારે ત્યાંની કૉલેજમાં ચિત્રકલા ઉપર ભાષણ કરવા બોલાવ્યા હતા. તેઓ ત્યાં ગયા પણ હતા.

અમારે ત્યાંના મિલમાલેકે કપડાં ઉપર નવી નવી ડિઝાઇનો કાઢી છે તે જોવા માટે એમને આમંત્રણ અપાયું. મારા મિત્રે એ પણ સ્વીકાર્યું.

મારા મિત્ર બીજે દિવસે સવારમાં દાતણ કરતા હતા એ વખતે મારા પાડોશીનો પહેલી ચોપડીમાં ભણતો બાળક આવી મારા મિત્રને કહેઃ "લો, આ મારી નોટમાં મેં મોરનું ચિત્ર પાડયું છે તે જુઓ."

મારા મિત્ર દાતણ ચાવતા ચાવતા જ બોલ્યાઃ "જા, એ નોટ અંદર ટેબલ ઉપર મૂક; હમણાં હું દાતણ કરું છું."

બીજે દિવસે પેલો બાળક આવીને કહેઃ "કેમ, મારું ચિત્ર કેવું છે?"

મારા મિત્ર કહેઃ "એ નોટ તો મારાથી હજી જોવાઇ જ નથી!"

: ૩ :

કુંદનલાલ શેઠના બંગલાના વિશાળ કંપાઉંડમાં આનંદબજાર ભરાયું હતું. એ જોવા માટે મને તથા મારા કાકાને આમંત્રણ હતું. અમે એ આનંદબજારમાં ગયા.

એ આનંદબજારમાં કૉલેજના વિદ્યાર્થીઓના સ્ટૉલ હતા. મોટા માણસોમાંથી પણ કેટલાકે આનંદ મેળવવા માટે સ્ટૉલ ગોઠવ્યા હતા. મોટી બહેનોનો પણ એક સ્ટૉલ હતો. શહેરના કલામંડળનો પણ એક સ્ટૉલ હતો. આમ વિવિધ સ્ટૉલો હતા.

આ બધા સ્ટૉલો એક પછી એક હું તથા મારા કાકા જોતા હતા. એ સ્ટૉલવાળાઓ સાથે અમે રમુજી વાતચીત કરી આનંદ મેળવતા હતા.

આ બધા સ્ટૉલો જોતા જોતા અમે બીજે છેડે આવ્યા. એ છેડે જે સ્ટૉલ હતો તેના ઉપર પાટિયું હતું: "બાળકોનો સ્ટૉલ."

એ પાટિયું જરા દૂરથી નજરે પડતાં મેં મારા કાકાને કહ્યું: "જુઓ, પેલો બાળકોનો સ્ટૉલ. એ સ્ટૉલ જોઇને પછી આપણે સિનેમા જોવા જઇએ."

મારા કાકા કહેઃ "હવે ચાલોને સીધા. એ સ્ટૉલ રહેવા દઇએ; એમાં શું હશે? સિનેમાનું મોહું થાય છે."

: ૪ :

અમારી સંસ્થાનો વાર્ષિક ઉત્સવ હતો.

એ ઉત્સવને અંગે મોટો શમિયાણો ઉભો કરવામાં આવ્યો હતો.

એ શમિયાણામાં પ્લૅટફૉર્મ ઉપર પ્રમુખ તથા આમંત્રિત મહેમાનો માટે બેઠક રાખી હતી.

પ્લૅટફૉર્મ નીચે સામે એક બાજુ શિક્ષકોની જગ્યા હતી; બીજી બાજુ 'બહેનો' એવું પાટિયું લગાવેલું હતું. એની પાછળ એક બાજુ કૉલેજના વિદ્યાર્થીઓ' એવું પાટિયું હતું; બીજી બાજુ 'હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ' એવું લખેલું હતું. એની પાછળ સંસ્થાના બધા વિભાગો–કૉલેજ, હાઇસ્કૂલ તથા બાલમંદિરના પટ્ટાવાળાઓ માટે પણ થોડી જગ્યા હતી.

ઉત્સવ શરૂ થયો. ભાષણો છૂટવા માંડ્યાં.

એટલામાં અમારા બાલમંદિરનાં વીશ-પચ્ચીશ બાળકો આવી પહોંચ્યાં.

એમણે બેસવું ક્યાં?

એમાંના એક મોટા બાળકે કહ્યું: "ચાલો, આપણે આપણી બેઠકનું પાટિયું ખોળીને બેસીએ."

એમણે એમનું પાટિયું ઘણું ખોળ્યું પણ મળ્યું જ નહિ!

: ૫ :

મારા બાપાના મિત્ર મુંબઈમાં વેપાર કરે છે. એમણે હમણાં એક નવો બંગલો અમારે ત્યાં બાંધ્યો છે. એ બંગલો જોવા માટે મને એમણે બોલાવ્યો હતો.

બંગલો બતાવતાં એમણે મને કહ્યું: "જુઓ, આ એક બાજુ મોટો ઓરડો છે તે દીવાન-ખાના તરીકે વપરાશે."

મેં કહ્યું: "આવો જ ઓરડો બીજી તરફ છે એ શાને માટે છે?"

એમણે કહ્યું: "એ મહેમાનો માટે છે."

અમે આગળ ગયા. શેઠ મને એક પછી એક ઓરડા બતાવતા ગયા અને કહેતા ગયા: "આ ઓરડો મારું શયનગૃહ; પેલો ઓરડો મારી પૂજા માટે; એને લગતો ઓરડો સાધુસંત માટે; વળી સામે દેખાય છે તે ઘરના સ્ત્રીવર્ગ માટે."

બંગલાના બધા ઓરડા જોઈ વળ્યા. બંગલાની પાછળ એક સાધારણ લાગું મકાન હતું.

મેં કહ્યું: "આ મકાન શાને માટે છે?"

એમણે કહ્યું: "આ મકાનમાં પણ જુદા જુદા નાનામોટા ઓરડા છે. એમાં એક ઓરડો રસોડાનો છે; બીજો જમવા માટેનો છે; ત્રીજો કોઠારનો છે; ચોથા ઓરડાના બે ભાગ કરેલા છે તેમાં એકમાં રસોયો તથા બીજામાં નોકર રહે તેવી સગવડ છે. વળી પેલાં દેખાય છે તે સ્નાનગૃહ, પાયખાનું, અને મોટરગેરેજ છે."

બંગલો તથા એને અંગેનું મકાન વગેરે જોઈ લીધા પછી મને શેઠ કહે: "કેમ, બધું બરાબર છે ને?"

મેં કહ્યું: "હા; પણ તમારાં બચુ અને બબુ માટે વાંચવા બેસવાનો ઓરડો તો ક્યાંયે જોવામાં આવ્યો જ નહિ!"

શેઠ હસીને કહે: "લો વળી! બચુ-બબુને ઓરડો તે શું કરવો'તો?"

બાળકોની દુનિયામાં

બાળદુનિયાના સાચા ખ્યાલ આપણા ધ્યાન ઉપર આવ્યા જ નથી. આ વાત તો હજુ હમણાં જ—આ કાળમાં જ આપણે જાણી શક્યા છીએ. બહુ લાંબા અનુભવ ઉપરથી કહી શકું છું કે આપણી અને બાળકોની દુનિયા જુદી જુદી છે છતાં બંનેને રહેવાનું, ખાવાનું, પીવાનું, બેસ-

વાનું, સૂવાનું બધું સાથે જ છે. આ તંત્રમાં સહન કરવાનું બધું બાળકો ઉપર જ આવે છે. વધારે ડહાપણ અને હુકમ ચલાવવાનું આપણી દુનિયામાં છે. બાળકો આપણાં છે, ને આપણા ઘરમાં રહે છે; આપણે તેમને માટે કમાઇએ છીએ, કેળવણીની સંસ્થાઓ બાંધી તેમને ભણાવીએ છીએ, અને છેવટે તેમને પરણાવવાના લહાવા પણ લઇને એક જાતનો સંતોષ અનુભવીએ છીએ. આ બધું સાચું છે છતાં પણ બાળકો અને આપણી વચ્ચે હજારો ગાઉનું અંતર છે.

આપણે એક ધમાલમાં છીએ અને બાળકો બીજી ધમાલમાં છે. આપણે સહુએ રાજકારણ, વેપાર, ધંધો, વ્યવહાર વગેરેમાં એટલા બધા અટવાયા છીએ કે બાળકો છે એટલો માત્ર ખ્યાલ આપણને આપણે ઘેર આવીએ ત્યારે જ આવે છે; એ સિવાય કશુંયે નહિ. હા, બાળકો માંદાં પડે છે ત્યારે તે ખ્યાલ કંઇક તીવ્ર બને છે; નિશાળે મોકલતી વખતે અને વિવાહ વખતે આ લાગણી સહેજ સતેજ થાય છે. પણ આ સિવાય બધે વખતે બાળકો ભૂલાયેલાં જ રહે છે. શેઠિયાઓને ત્યાં નોકરો બાળકને સાચવે છે; બાળકોની જરૂરિયાતો અને પ્રવૃત્તિઓ વિષે જાણવાનો કોઇ કશો પ્રયાસ કરતા નથી.

બાળકો રમે, કૂદે, બોળો ખૂંદે, મૂછો તાણે, બચકાં ભરે, કાલું કાલું બોલે અને ગાળ પણ કાઢે ત્યારે તેને તોફાની કે જંગલી કહીએ છીએ. પણ ખરી રીતે આપણે તેના વિષે કશું જાણતા નથી હોતા. હા, માતાને બાળકો વિષે થોડો ઘણો ખ્યાલ હોય છે ખરો, કારણ કે બાળકને ચોવીશે કલાક માની પાસે રહેવાનું હોય છે. પણ માતાનું અજ્ઞાન એટલું બધું હોય છે કે બાળકોની પ્રવૃત્તિને તે ઓળખી શકતી નથી. મા અને બાપ બન્ને પોતા માટે અને દુનિયા માટેની ધમાલમાં પડ્યાં હોય છે.

પશુ, પક્ષી, પહાડ, ઝાડ, નદી, નાળાં, આકાશ, સૂર્ય, તારા, તેજ, લીલા પીળા રંગો વગેરે પ્રકૃતિના સૌંદર્યને નિહાળી બાળક તેનાં કાર્યકારણ શોધવા લાગે છે, ત્યારે આપણે તેને માટે કશું જાણતા હોતા નથી. એક કલાક જો આ વિષય ઉપર વિચાર કરીએ તો તરત જ આપણને ખાતરી થશે કે એની અને આપણી દુનિયા જુદી છે. બાળકને પુષ્કળ આરામવિરામ જોઇએ છીએ, જ્યારે આપણે જીવનપ્રશ્નોના નિકાલ લાવવાની ગડમથલમાં પડ્યા હોઇએ છીએ; અને એ જ ઘરેડમાં આપણે બાળકને પણ ઢસડી જઇએ છીએ. આપણે જાતજાતનાં કામો જે આપણે માટે કરીએ છીએ તે જ બાળકો પાસે કરાવીએ છીએ, જેથી પરાણે કામ કરનાર બાળક બૂઠું બની જાય છે, આપણી વિરુદ્ધ થાય છે. આપણી માન્યતા જ એવી થઈ ગઇ છે કે મોટાની દુનિયા પ્રમાણે બાળકોએ ચાલવું જ જોઇએ. તેથી બાળક જ્યારે આપણી દુનિયામાં ગોઠવાતું નથી ત્યારે આપણે તેને ધુતકારીએ છીએ, મારીએ છીએ, ધમકાવીએ છીએ. આપણી દુનિયામાં પાણીના ગોળા, કપડાં ટાંગવાની ખીંતી, વાસણ વગેરે રાખવાની અભરાઇઓ અને અન્ય જરૂરિયાતનાં સાધનો કે જેની બાળકોને દરેક પળે જરૂર પડે છે, તે બધાં એવે સ્થાને હોય છે કે જ્યાં બાળકો પહોંચી શકતાં નથી. આવે વખતે તેઓ આપણી સહાય માગવા આવે છે; પણ એ વખતે આપણે આપણા કામમાં પરોવાયેલાં હોવાથી બાળકોને આપણે કાઢી મૂકીએ

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને
ખાસ લાભ

૬-૪-૦ ને બદલે ૫-૦-૦

શ્રીદક્ષિણામૂર્તિ

બાલસાહિત્ય માળા

[૮૦ પુસ્તકોનો સેટ]

સંપાદકો ગિજુભાઈ અને તારાબેન

'પત્રિકા' ના ગ્રાહકો પાસે આ સેટ
હોવો જોઇએ.

સાથેનું કુપન ભરી આજે જ મોકલો.

'શિક્ષણ પત્રિકા' ના
ચૈત્ર–વૈશાખના અંકનો વધારો

શ્રી. સંચાલક,
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

મારો શિક્ષણ પત્રિકાનો ગ્રાહકનંબર છે.

આપે હમણાં જાહેર કર્યા મુજબ આ સાથે
રૂા. મ. ઓ. થી મોકલું છું.

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળાનો એક
સેટ મને વી. પી. થી મોકલશો.

પૂરું નામ _____

સરનામું _____

નજીકનું સ્ટેશન _____

યુવકોની વૈજ્ઞાનિક ભાવનાઓ

તથા

સાહસિક અને શોધકવૃત્તિને

જોમ આપતું

યુવકોનું વહાલું પુસ્તક

સા. ૧ લ સા. ૮

[વિખ્યાત ફ્રેંચ લેખક જુલેવર્નના
'ટ્વેન્ટી થાઉઝંડ લીગ્સ અંડર ધી સી'
નામના પુસ્તકનો ઉત્તમ અનુવાદ]

અનુવાદક : **સૂળશંકર એ. ભટ્ટ**

૨૦૦ પાનાં : સચિત્ર પૂઠું : કિં દસ આના

પોસ્ટેજ ૦-૨-૬

આ લેખકનાં આવાં બીજાં પુસ્તકો
હવે છપાય છે.

૧ સાહસિકોની સૃષ્ટિ

૨ પાતાળપ્રવેશ

અગાઉથી ગ્રાહક થાઓ

શ્રી. ગિજુભાઇએ તૈયાર કરેલ

રમકડું ટોળી ખંડ પહેલો ૦-૮-૦

રમકડું ટોળી ખંડ બીજો ૦-૮-૦

એ. એસ. નીલ ઉપરથી

બન્નેનું પોસ્ટેજ ૦-૩-૦

છીએ ને સીધો જવાબ પણ આપી શકતાં નથી. કેટલીક વખતે તો બાળકોને તમાચા અને ગાળોનો પણ પ્રસાદ ચખાડીએ છીએ ! અર્થાત્ બાળકો આપણી દુનિયામાં જીવી શકતાં નથી; તેઓ દુઃખી થાય છે; તેમનો આત્મા હણાય છે. આપ એ વખતની બાળકની અનાથતા કલ્પો તો ખ્યાલ આવશે કે બાળકો ઉપર શો જુલમ આપણી દુનિયામાં ગુજરી રહ્યો હોય છે. આ સ્થિતિમાંથી બચવા માટે બાળકોની દુનિયા સ્વતંત્ર હોવાનો ખ્યાલ કરવાની જરૂર છે.

આપણી શાળાઓ આપણી સગવડતાએ અને આપણી કલ્પના તથા ગોઠવણ મુજબ ગોઠવી દઈએ છીએ, કે જ્યાં બાળકોને ભણવાનું હોય છે. બાળકોને સ્વતંત્ર રીતે ડુંગરા, વૃક્ષો, નદી, નાળાં, પશુપંખીની મોજ માણવા દો ને જુઓ કે કુદરત તેમને કેવું તેજ આપે છે. મારૂં માનવું તો એવું છે કે જ્યાં હોંશે હોંશે માણસ ખાવાને દોડે તે ભોજનશાળા કહી શકાય. ઘંટ વાગે એટલે પરાણે ખાવા બેસાડનાર ભોજનશાળા ન જ કહી શકાય.

હું માબાપોને પૂછું છું કે તમારાં બાળકો શા માટે શેરીઓમાં અને ખાડાટેકરાઓમાં રમ્યા, કૂદ્યા અને ખોદાખોદ કર્યા કરે છે ? શા માટે તેઓ વાદળાંના પરિવર્તિત થતા આકારોમાં ગરકાવ થયા કરે છે ? આનો વિચાર કરવાની જરૂર છે.

મારો તો ચોક્કસ અભિપ્રાય છે કે ઘર છોડીને નાસી જવાની અને બીજે સુખેથી રહી શકવાની અનુકૂળતા મળે તો આજનાં બધાં બાળકો પહેલી તકે ઘરમાંથી નાસી જાય. બાળકો માબાપો સાથે બીલકુલ સહકાર કરતાં નથી. માબાપો માટે આ બહુ ભયંકર વાત છે. જેને માટે કમાઈએ, જેને માટે ભીનુંસૂકું કરીએ, એ બાળકો જ આપણને ચાહતાં નથી ! આમ કહેવું તે જરૂર ભયંકર વાત છે, પણ જેટલી ભયંકર છે તેટલી જ સાચી છે. તેઓ શેરીમાં, સીમમાં કે ઉકરડા ઉપર દોડી જાય છે; ત્યાં તોફાન કરે છે, ધવાય છે, દુઃખી થાય છે, કારણ કે ઘરમાં તેમને અનુકૂળતા હોતી નથી. તેઓ અત્યંત જિજ્ઞાસુ રહે છે ને બહુ વિચિત્ર સવાલો કરે છે. આ વખતે માબાપો ધીરજ છોડીને તોછડાઈ વાપરે છે. મનના ખુલાસા ન મળવાથી બાળકો નારાજ બને છે અને નાસી જાય છે. હમેશાં મધ હોય ત્યાં માખી જાય એ રિવાજ છે. માબાપો કહે છે કે અમારાં છોકરાં અમને ગાંઠતાં નથી, અને પરણ્યા પછી તો અમારાં રહેતાં જ નથી. આનું કારણ એ હોય છે કે તે આપણાં છે, અને સ્વતંત્ર આત્માવાળાં છે એમ વિચારીને આપણે કદી તેમની સાથે વર્ત્યાં હોતાં નથી.

આજે આપણે બધાએ એક તૂત ઉભું કર્યું છે કે બાળકોએ માબાપનું કહેવું કરવું જ જોઈએ. આ તૂત અલબત્ત માબાપોએ ઉભું કર્યું છે– જેને કલ્યાગરા થવાનું છે તે બાળકોએ નહિ. હું માનું છું કે સંતાન માટે માબાપ દેવ સમાન છે; પણ આપણે પોતે દેવ નથી છતાં બાળકો પાસે આપણા દેવપણાને મનાવવાનો આપણે આગ્રહ રાખીએ છીએ. પ્રેમથી કેવી રીતે કામ થાય તે માબાપો જાણતાં હોતાં નથી, તેથી બાળકો ઉપર નકારાત્મક હુકમો બજાવ્યે જ જાય છે અને છેવટે જુદા થવાનો આદેશ પણ દઈ બેસે છે. ઘણાં માબાપોની ફરિયાદ આપણે સાંભળીએ છીએ કે અમારો છોકરો આમ તો સારો

યુવકોની વૈજ્ઞાનિક ભાવનાઓ

તથા

સાહસિક અને શોધકવૃત્તિને

જોમ આપતું

યુવકોનું વહાલું પુસ્તક

સા. ૧ લ્યુ સા. ૮

[વિખ્યાત ફ્રેંચ લેખક જુલેવર્નના
'ટ્વેન્ટી થાઉઝંડ લીગ્સ અંડર ધી સી'
નામના પુસ્તકનો ઉત્તમ અનુવાદ]

અનુવાદક : મૂળશંકર મો. ભટ્ટ

૨૦૦ પાનાં : સચિત્ર પૂઠું : કિં દસ આના

પોસ્ટેજ ૦-૨-૬

આ લેખકનાં આવાં બીજાં પુસ્તકો
હવે છપાય છે.

૧ સાહસિકોની સૃષ્ટિ

૨ પાતાળપ્રવેશ

અગાઉથી ગ્રાહક થાઓ

શ્રી. ગિજુભાઇએ તૈયાર કરેલ

રખડુ ટોળી ખંડ પહેલો ૦-૮-૦

રખડુ ટોળી ખંડ બીજો ૦-૮-૦

એ. એસ. નીલ ઉપરથી

બન્નેનું પોસ્ટેજ ૦-૩-૦

છીએ ને સીધો જવાબ પણ આપી શકતાં નથી. કેટલીક વખતે તો બાળકોને તમાચા અને ગાળોનો પણ પ્રસાદ ચખાડીએ છીએ ! અર્થાત્ બાળકો આપણી દુનિયામાં જીવી શકતાં નથી; તેઓ દુઃખી થાય છે; તેમનો આત્મા હણાય છે. આપ એ વખતની બાળકની અનાથતા કલ્પો તો ખ્યાલ આવશે કે બાળકો ઉપર શો જુલમ આપણી દુનિયામાં ગુજરી રહ્યો હોય છે. આ સ્થિતિમાંથી બચવા માટે બાળકોની દુનિયા સ્વતંત્ર હોવાનો ખ્યાલ કરવાની જરૂર છે.

આપણી શાળાઓ આપણી સગવડતાએ અને આપણી કલ્પના તથા ગોઠવણ મુજબ ગોઠવી દઈએ છીએ, કે જ્યાં બાળકોને ભણવાનું હોય છે. બાળકોને સ્વતંત્ર રીતે ડુંગરા, વૃક્ષો, નદી, નાળાં, પશુપંખીની મોજ માણવા દો ને જુઓ કે કુદરત તેમને કેવું તેજ આપે છે. મારું માનવું તો એવું છે કે જ્યાં હોંશે હોંશે માણસ આવાને દોડે તે ભોજનશાળા કહી શકાય. ઘંટ વાગે એટલે પરાણે આવા બેસાડનાર ભોજનશાળા ન જ કહી શકાય.

હું માબાપોને પૂછું છું કે તમારાં બાળકો શા માટે શેરીઓમાં અને બાડાટેકરાઓમાં રખ્યા, કૂદ્યા અને ખોદાખોદ કર્યા કરે છે ? શા માટે તેઓ વાદળાંના પરિવર્તિત થતા આકારોમાં ગરકાવ થયા કરે છે ? આનો વિચાર કરવાની જરૂર છે.

મારો તો ચોક્કસ અભિપ્રાય છે કે ઘર છોડીને નાસી જવાની અને બીજે સુખેથી રહી શકવાની અનુકૂળતા મળે તો આજનાં બધાં બાળકો પહેલી તકે ઘરમાંથી નાસી જાય. બાળકો માબાપો સાથે બીલકુલ સહકાર કરતાં નથી. માબાપો માટે આ બહુ ભયંકર વાત છે. જેને માટે કમાઈએ, જેને માટે ભીનુંસૂકું કરીએ, એ બાળકો જ આપણને ચાહતાં નથી ! આમ કહેવું તે જરૂર ભયંકર વાત છે, પણ જેટલી ભયંકર છે તેટલી જ સાચી છે. તેઓ શેરીમાં, સીમમાં કે ઉકરડા ઉપર દોડી જાય છે; ત્યાં તોફાન કરે છે, ધવાય છે, દુઃખી થાય છે, કારણ કે ઘરમાં તેમને અનુકૂળતા હોતી નથી. તેઓ અત્યંત જિજ્ઞાસુ રહે છે ને બહુ વિચિત્ર સવાલો કરે છે. આ વખતે માબાપો ધીરજ છોડીને તોછડાઈ વાપરે છે. મનના ખુલાસા ન મળવાથી બાળકો નારાજ બને છે અને નાસી જાય છે. હમેશાં મધ હોય ત્યાં માખી જાય એ રિવાજ છે. માબાપો કહે છે કે અમારાં છોકરાં અમને ગાંઠતાં નથી, અને પરણ્યા પછી તો અમારાં રહેતાં જ નથી. આનું કારણ એ હોય છે કે તે આપણાં છે, અને સ્વતંત્ર આત્માવાળાં છે એમ વિચારીને આપણે કદી તેમની સાથે વર્ત્યાં હોતાં નથી.

આજે આપણે બધાએ એક તૂત ઉભું કર્યું છે કે બાળકોએ માબાપનું કહેવું કરવું જ જોઈએ. આ તૂત અલબત્ત માબાપોએ ઉભું કર્યું છે– જેને કલ્યાગરા થવાનું છે તે બાળકોએ નહિ. હું માનું છું કે સંતાન માટે માબાપ દેવ સમાન છે; પણ આપણે પોતે દેવ નથી છતાં બાળકો પાસે આપણા દેવપણાને મનાવવાનો આપણે આગ્રહ રાખીએ છીએ. પ્રેમથી કેવી રીતે કામ થાય તે માબાપો જાણતાં હોતાં નથી, તેથી બાળકો ઉપર નકારાત્મક હુકમો બજાવ્યે જ જાય છે અને છેવટે જુદા થવાનો આદેશ પણ દઈ બેસે છે. ઘણાં માબાપોની ફરિયાદ આપણે સાંભળીએ છીએ કે અમારો છોકરો આમ તો સારો

છે, પણ અમે એમાં જરાયે ઠર્યાં નહિ; એના બોલ તો અમારાં કાળજાં વલોવી નાખે છે.

છોકરીની તો દશા જ ભૂંડી થઇ જાય છે. દીકરીની બાબતમાં માતાની કલ્પના એવી ઘડાઇ ગઇ છે કે તે માતાનું કામ કરવાને જ સરજાયેલી છે. હવે તો મોટી થઇ છે તેથી ઘરના કામકાજમાંથી પોતાને નિરાંત મળવી જોઇએ. પ્રેમને બદલે આ જાતની સ્વાર્થદૃષ્ટિથી તેની સાથે કામ લેવાથી તે દીકરી મટી દુશ્મન બને છે. "તું દીકરીની જાત છે; મારી દીકરી છે; માટે તારે મારૂં કહ્યું કરવું જ જોઇએ." એ દૃષ્ટિ તદ્દન ખોટી છે. વિવાહનો ભવ્ય આદર્શ છોકરાં આપણને મદદ કરે એટલા માટે સર્જાયો છે શું ? એનો હેતુ તો એ છે કે આપણાં છોકરાં મોટાં થઇ કીર્તિ કમાઇને નામ કાઢે. મા દીકરીઓની વાતો તમે ધ્યાન દઇને સાંભળો તો તમને ભારે નવાઇ લાગે. મેણાં ટોણાં કે ટપલાં મારીને દીકરી પાસેથી કામ લેવામાં માતા ભારે શૂરવીર હોય છે; પણ દીકરી સારી પત્ની, સારી માતા કે દેશની સારી દીકરી બને તે માટે મા કે બાપને કશો વિચાર હોતો નથી. છેવટે છોકરાંને નિશાળે ધકેલવામાં આવે છે અને છોકરાં માબાપ કેટલામાં છે તે બધું સમજી લે છે. ઘરમાં બધાં કામોની સાથે પોતાનાં બાવા, પીવા, સૂવા, બેસવા કે કપડાંલત્તાં આદિનાં કામો થઇ જાય છે, એથી વિશેષ પોતાને માટે કંઇ નથી એમ બાળકો બરાબર સમજી જાય છે. અને એ પ્રમાણે વર્તે છે.

બરી વાત એ છે કે બાળકો પોતે પોતાનાં છે; તેમને સ્વતંત્ર પ્રાણ છે. તે દુનિયામાં આવ્યાં છે તેમને બંધનમાં ન નાખતાં આપણે તેમને મદદ કરીએ અને તેઓ આપણી મદદમાં રહે એટલું થાય તો ઘણું છે. માબાપોએ સમજવું જોઇએ કે ઇશ્વરી સંકેતને અનુસરીને જ છોકરાં આપણી પાસે આવ્યાં છે. પૂર્ણ યત્ન અને સંભાળપૂર્વક તેનો વિકાસ કરવો એ આપણું કર્તવ્ય છે. તેમને પરાણે ચાહવા કહેવું કે પરાણે કહ્યું કરાવવું તે મૂર્ખાઈ છે.

કાઅવાળી બાઇની દૃષ્ટિએ બાલમંદિર

[અત્રેના બાલમંદિરમાં પરચુરણ કામકાજ કરવાવાળી બાઈ કેટલાક વખતથી રોકવામાં આવી છે. એ બાઇની ઓળખીતી કોઈ સ્ત્રી બાલમંદિરમાં આવી હતી. તે બેની વચ્ચે જે વાતચીત થઇ તે અત્રે આપવામાં આવે છે. એ વાતચીત ઉપરથી જોઇ શકાય છે કે સારા વાતાવરણની છાપ આપણે જેને અભણ અને અજડ માનીએ છીએ એવાં માણસો ઉપર પણ પડે છે. બાલમંદિરમાં બાળકો તરફ જે માનની લાગણીથી વર્તવામાં આવે છે તે વસ્તુ તે સમજી શકે છે.

આ વાતચીતમાં બારણાં વાસીને બાળકોને પૂરવામાં આવે છે એમ એ બાઇએ જે કહ્યું છે તેનું કારણ ઓશરી તરફનાં બારણાં એ બાઇના જોવામાં ઘણીખરી વખત બંધ આવ્યાં હશે. એ તરફનાં બારણાં પવનના સપાટા અટકાવવા તથા બહારના અવરજવરની અશાંતિ દૂર કરવા ઘણી વાર બંધ રાખવામાં આવે છે. ઓશરી સિવાયની બાજુએ બારણાં જોઇએ તેટલાં છે તેથી બાળકો એ બાજુથી બહાર જઇ આવી શકે છે; હવા અજવાળું પણ એ બાજુ તરફથી પૂરતું મળી રહે છે.

વાતચીતમાં રમકડાંનો નિર્દેશ છે તે મોન્ટીસોરી સાધનોના સંબંધમાં થયેલો છે.

ભાયડાઓ, બાયડીઓ, બાળાઓ ભણવા આવ્યાની જે હકીકત છે તે અત્રેના અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થી ભાષણહેતોના સંબંધમાં છે. —તંત્રી.]

તા. ૬ : ૨ : ૩૪ના રોજ બાલમંદિર જોવા માટે ઘણાં મહેમાનો આવેલા હતા. વ્યક્તિગત સૌ સૌના મહેમાનોને બાલમંદિર શું છે એ સમજવતાં હતાં, પણ વધુ સંભળાવટ તો તે દિવસે બાલમંદિરના એક સ્ત્રીકાર્યકરે આપી હતી.

તેમના સવાલજવાબ નીચે મુજબ હતા.

સંગીત પૂરું થયું અને ઓરડાઓ બધા બંધ થવા લાગ્યા.

પ્રશ્ન: "લે બાઈ! આ ઓરડા કાં બંધ થયા?"

જવાબ: "અહીં તો બહુ સારું છે. છોકરાંને બધાંને અંદર પૂરે છે અને પછી રમવા રમકડાં આપે છે."

પ્રશ્ન: "પણ આમાં એને શું કરે ને શું નહિ. છોકરું બીકમાં કાંઈ બોલે પણ નહિ?"

જવાબ: "આંઈ એવું કાંઈ નઈં. ઈ તો ઘડીકમાં રમાડે, ઘડીકમાં વાર્તા કે'. ગુમૂતરે ઉસરડી નાખે છે તો બાઈ!"

પ્રશ્ન: "ઈ તો સારું બાઈ. આપણે કાશ મટી. પણ મારની બીકે છાનાં રહેતાં હશે; નહિ તો આવાં છોકરાં કાંઈ રીયે?"

જવાબ: "લે બાઈ, મરાય બરાય તો નહિ. અહિંયાં મારવાની તો કયાં વાત કરો છો, પણ 'શું છે?' એમ પણ ન કહેવાય; એને કહેવાય કે 'ભાઈ! તમારે શું જોઈએ છીએ?' 'કયાં ગ્યો'તો?' એમ ન કહેવાય પણ તેને બદલે એમ કહેવાય કે 'ભાઈ! તમે કયાં ગયા હતા?' કાંઈક ફોડી નાખ્યું હોય ત્યારે એમ ન કહે કે 'જોતો નથી આ ફોડી નાખ્યું, આંધળો!' પણ એને બદલે એમ કહેવાય કે 'ભાઈ, જરા ધ્યાન રાખજો કે જોથી આ ફૂટે નહિ."

મહેમાન: "બહુ સારું. આ ભણતર તો સારું. ભારે કરી છે!"

જવાબ: "જુક્તિ તો એ છે કે સાંજે ચાર વાગ્યે બધાં બારણાં બંધ થઈ જાય અને છોકરાંઓને અંદર પૂરી દેવામાં આવે. ત્યાં વાટકા પણ અપાઈ જાય અને બાધા પછી તરત જ ઘરે જાય, ચોખ્ખું ચટાક થઈ જાય. બાઈ, જરા અવાજે ન થાય એવું છે અહીં તો! અને પાછું ભણાવવું નહિ એવું નહિ હો."

પ્રશ્ન પૂછનાર મહેમાન બહેને ઘૂમ મારી અને બાળકને બોલાવ્યું: "એ છોકરા! આંહિ મર! પડીને મરી જઈશ."

બાઈ: "અરે બાઈ આમ તે કહેવાય? અહીં આવ્યા પછી તો એમ જ કહેવાય કે 'ભાઈ તમે ત્યાંથી અહીં આવો. ત્યાં પડી જવાશે.' હાલો તમને અંદર બતાવું. છોકરાં રમકડે રમે છે ઇ." (બંને ઓરડામાં ગયાં.)

પ્રશ્ન: "લે, આ તો પાણીનો ગોળો ન દાંતિયા ને આ બધું શું?"

જવાબ: "લે બાઈ, માથું બગડી જાય ત્યારે પાછું ફરી વાર ઓળવું પડે ના?"

પ્રશ્ન: "ઠીક બાઈ, ભારે જુક્તિ કરી છે હો! જુઓને, આ છોકરાં બધાં રમકડે રમે છે. આટલાં બધાં રમકડાં અહીં રાખતાં હશે?"

જવાબ: "આ તો એક જ ઓરડો છે. આવા તો ઘણા બીજા ઓરડા છે; અને બધા રમકડાંથી ભર્યા છે."

(ફરતાં ફરતાં તેઓ ચિત્રપ્રદર્શનમાં આવી ચડે છે.)

પ્રશ્નઃ "લે ભૂંડા, આ તો જો. આટલાં બધાં ચીતર તે કોણે કાઢયાં હશે?"

જવાબઃ "ઈ બધાંય બાળકોએ જ કાઢયાં છે. રંગ પણ એમણે જ પૂર્યા છે."

પ્રશ્નઃ "પણ આ ભાયડા ભેગી આટલી બધી છોકરિયું અને બાયડિયું ને માવરૂં તે આ બધું અહિંયાં શું છે?"

જવાબઃ "ઈ તો આ છોકરાં બધાં ચાર વાગ્યા સુધી ભણે છે, પછી એની માયું ને ભણાવે છે."

મહેમાનઃ "હા બાઈ, આ તો ભારે! માયું પણ ભણે છે?" (ખડખડાટ હસવું)

આબાપો! સંભાળજો.

[દ. મૂ. બાલમંદિરના એક બાળક સાથે દ.મૂ.ના અધ્યાપનમંદિરના એક વિદ્યાર્થીને જે વાતચીત થઈ તે નીચે એ વિદ્યાર્થીએ આપી છે. આ વાતચીત ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે માબાપ તરફ એ બાળકનામાં વેરની લાગણી કેટલી બધી પ્રબળ છે. એ વેરની લાગણી ઉભી થવામાં માબાપ જાણેઅજાણે પણ કારણભૂત હોય એમ એમાં દેખાય છે. આથી માબાપોને ચેતવાનું કે તેઓ પોતાનાં બાળકોના તરફના વર્તાવમાં સંભાળીને ચાલે. બાળકોમાં આવી હીન લાગણીઓ ન થાય તે માટે તેઓ હંમેશાં જાગ્રત રહે. —તંત્રી.]

તેજદાર ચમકતી એ આંખો ને ગુલાબી ગાલની લાલશ જોતો હું બેઠો હતો. ચપળ ને ચબરાક તે બીલતો બાળક મને અઢેલીને બેઠો. તેનો હાથ મારા બોળામાં પડ્યો ને મારી નજર તેના હાથ ઉપર પડી. જોયું તો મેલથી ભરેલા નખ નજરે પડ્યા.

મેં તેને પૂછ્યું: "રમેશભાઈ! આવડા મોટા નખ કેમ? જુઓ તો, તેમાં કેટલો કચરો ભર્યો છે? તમે દાળભાતને દૂધ વગેરે ખાઓ છો ત્યારે તે મેલ તમારા પેટમાં જાય તો ખરોને? અને તે કચરો તમારા પેટમાં જાય તો તમે માંદા જ પડોને!"

આટલું બધું એક સામટું પૂછી નાખી હું અટક્યો. થોડી વાર સ્તબ્ધ રહ્યો; રમેશભાઈ પણ સ્તબ્ધ હતા. પણ મેં તેમના તરફ દૃષ્ટિ ફેરવી જોયું તો શું જણાયું? અચાનક હું ચમકી ઉઠ્યો ને વિચાર કરી જોયો કે રમેશ શું કરવા માગે છે. કોઈ જાણે કે રાક્ષસનું રૂપ લેતો હોય તેમ તે આંખો ફાડીને બન્ને હાથ પહોળા કરીને ઉભો થઈ ગયો ને તે બોલ્યોઃ "ગુલાબસિંહભાઈ! તમને બબર છે, આ મારા નખ શા માટે મોટા છે? કહું? કહું છું. ઈ તો આમ કરીને મારા બાપાને ચીરી નાખું!"

હું ધ્રૂજી ઉઠ્યો. "અરે! આ શું?" ભડકી ગયો, પણ સ્વસ્થ થઈ ગયો; ને તુરત પૂછ્યું, જાણે કે મને રમેશની પણ કંઈક અસર થઈ હોય! 'ઠીક, રમેશભાઈ! શા માટે તમે તમારા બાપાને ચીરી નાખશો?"

"હા, હા. શું કામ ન ચીરી નાખું? ઈ મને મારે છે. આમ ને આમ." ને તેના હાથ તેણે હવામાં જેટલા જોરથી ઉછાળી શકાય

તેટલા ઉછાળ્યા. આંખોમાંથી અગ્નિ ઝરતો તે બાળક! અરે દૈવ!

"પણ રમેશભાઇ, તમારા બાપા તમને મારે છે શા માટે?"

"મને? મને શા માટે મારે છે? હું તોફાન કરું છું માટે. અરે એને હું બંદૂકથી એક જ ગોળીથી વીંધી નાખીશ. ગુલાબસિંહભાઇ! તમને બંબર છે? મારી પાસે એક ગદા છે, ગદા; ભીમની ગદા! જયંતિભાઇ જે ભીમની વાર્તા કેતા'તા ને ઇ ભીમની એક ગદા જો મારા બાપાને મારું ને તો એના ભૂક્કા ઉડી જાય! બસ, પછી મને કોણ મારી શકે? સાલો મને રોજ મારે છે. મને રમવા નથી દેતો." આ વાણી સાથે તેના ગાલ ઉપર લાલ લોહી ઉછાળા મારી રહ્યું હતું. ઉશ્કેરાયેલો બાળક! જો તેનાં અંગોપાંગો, તેના બાપ જેવડાં હોત તો?

મેં પૂછ્યું: "તમે શું તોફાન કરો છો તે તમને તમારા બાપા મારે છે, તે તો કહો?"

"મારે રમવા જવું હોયને, તો ઇ નથી જવા દેતા. મારી બેન સાથે તો હું રમું. પણ કાંઇ સિપાઈ સિપાઇની રમત બે જણાંથી ન રમાય; એમાં તો ઝાઝા જોઇયે ના? બસ પછી બિસ્સામાં તલવાર નાખું ને છોકરાને કહું: "આવી જા; તારું ગળું અહીંથી ઉડાવી દઉં. (અને તેના હાથ ગળાને અડ્યા.) પછી, પછી તો એને હું મારી નાખું. પછી લોહી જાય પરર૨! પછી ઢોલ વાગે ને હું ધનીંગધામ ધનીંગધામ!"

હું વિચારમાં પડ્યો. આજથી મારું બાલ-મંદિરમાં અવલોકન શરૂ થયું, અને તે કહેતાં અને લગતાં આંચકો આઉં છું. પ્રભુ! તે બાળકનું કલ્યાણ કરે!

વળી મેં જરા વધુ પૂછ્યું: "તમારે ત્યાં બંદૂક ક્યાંથી? તલવાર છે? ગદા શેની છે?"

વાતોમાં રસ ને ઝનૂનથી ઝનૂની બાળકે મને પટોપટ જવાબ આપ્યા. "ક્યાંથી? ક્યાંથી વળી, મારે ઘરેથી. મારે ઘરેથી. મારા બાપા પાસે. અમે લડાઇ લડાઇ રમીએ છીએ. તમને બંબર નથી? ઇ ગદા તો કાગળની હોય. મેં એવી સિનેમામાં જોઇ છે. તમે જોઇ છે? મારા બાપા મને સિનેમા જોવા તેડી ગયા હતા."

કંઇક શાંત પડી તે બાળક ગોળા પાસે ગયો અને પાણી પીધું. પાછો આવ્યો ને વળી મારા ગોઠણને અઢેલીને બેઠો. કંઇ વિચારે ચડ્યો હોય તેમ તેના મૂળ ચિહ્નો ઉપરથી સ્પષ્ટ જણાઇ આવતું હતું. થોડીવારે તે મારા તરફ ફર્યો. હું ચિત્રોની ચોપડી જોતો હતો, તે પરાણે મૂકાવીને તેણે મને પૂછ્યું: "ગુલાબ-સિંહભાઈ? તમને રાક્ષસની વાર્તા આવડે છે? ભીમની ગદાની કહોને? મારે એક ગદા જોઇએ છીએ. હું, કે'શો? કાયેાને?"

ફરીથી હું તેના સામું જોઇ જ રહ્યો. મને થયું કે હજુ કદાચ તેનો આવેશ બંધ નહિ પડ્યો હોય, અને બન્યું પણ તેમ જ.

"હા, મને આવડે છે, તમને કહીશ." મેં જવાબ આપ્યો.

તેણે આગળ ચલાવ્યું: જાણે ખુશી થયો હોય તેમ. "પણ મારે તો આવડી મોટી ગદા જોઇએ છીએ, હો! ટચુકડીને શું કરે? પછી મારી બેન સાથે રમું ને એનેય મારી નાખું. બધાયને મારી નાખું."

"રમેશભાઇ, તમે મને મારી નાખશો?" મેં પૂછ્યું.

" અંહું, તમને શું કામ મારૂં ? તમને મારે એને જ હું ગોળી એકથી જ મારૂં. તમને ખબર છે ? પછી તો લોહી જાય ધબધબ હાલ્યું. "

આહ ! તેના મુખનો ભાવાવેશ જોઇ હું કંપતો છતાં બહારથી સ્થિર ચિત્તે તેના સામું જોઇ રહ્યો. પહેલાં મને અડધા ગાંડા જેવો જ એ લાગેલો, પણ સમાજનું કલંક નજરે ચડ્યું ! નીલના એક પુસ્તકનું શ્રી. હરભાઇએ કરેલો ભાષાંતર માહેનું ' મૂંઝવતું બાળક ' મારી આંખ સામે ખડું થયું. મારે તો શું કરવું ? હું તો માનસશાસ્ત્રીય લેબોરેટરીમાં બેઠો હતો. મેં તો જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ચાલુ રાખ્યું. હૃદય બળતું હતું. આવો જ્વલંત ભડકો મારા હૃદયને લાગતાં મેં પહેલો જ જોયો.

થોડી વારે તે ત્યાંથી ઉઠીને એક પાસેના બાળક પાસે ગયો, ને તે બાળકને ધડાધડ મારવા માંડ્યો. હું ઉભો થઇ ગયો; પાસે જઇને એકદમ તેને છૂટો પાડી મારી પાસે બેસાડ્યો. તેના મ્હોંમાંથી સમાજના કલહરૂપ ગટરમાંથી નીકળતી–જીંદગી હારી બેસાય તેવી ગલીચ ગાળો નીકળતી હતી ! અને હાય, માબાપો !

પાસે જ બંગાળી રામાયણ ચિત્રાવલિ હતી. તે મેં તેને બતાવીને ચિત્રો બતાવવાં શરૂ કર્યાં. તેણે કહ્યું: " ગુલાબસિંહભાઇ ! રાક્ષસનું ચીતર આમાં છે ? કૃષ્ણ ભગવાનનું ચીતર કયાં છે ? આ કોણ છે ? આ કોનું ચીતર છે ? "

તેણે સીતાનું હરણ કરી જતા રાવણનું ચિત્ર મને બતાવ્યું. મેં દુખતે કલેજે, દૂખ્યા નિઃશ્વાસે કહ્યું: " એ રાવણ છે. સીતાને ઉપાડી જાય છે. "

તેણે પાનાં ફેરવવા માંડ્યાં. રામનું બનાવટી માથું કાપીને એક રાવણનો રાક્ષસ સૈનિક સીતાને બતાવે છે તે ચિત્ર તેણે કાઢ્યું ને મને બતાવ્યું: " રાક્ષસ, રાક્ષસ, રાક્ષસ ! " તે આંખો ફાડીને ' હાઉ ' કરીને જોતો બેઠો.

આગળ ચલાવીને તે બોલ્યો: " ગુલાબસિંહભાઇ ! કીયેાને આ રાક્ષસ છે ? આમ...આંખ્યું ફાડી છે અને કોઇને મારી નાખ્યું છે. જુઓ, આ રાક્ષસે આને મારી નાખ્યો લાગે છે. "

મેં કહ્યું: " ના, ના. રમેશભાઇ, એ તો રામનું બનાવટી માથું કાપીને આ થાળીમાં મૂકીને રાક્ષસે સીતાને બતાવીને બેભાન કરી મૂક્યાં છે. "

" ઠીક. પણ આ થાળીમાં કો'કનું માથું છે ને લોહી જાય છે: ધરરર... " પાનું ફેરવ્યું અને રાવણની પૂજ્ય ચંડીનું ચિત્ર આવ્યું. તેણે તરત જ બતાવ્યું: " આલે, લે ! આ બાયડીની આંખ્યું તો જો ! આમ ફાટી ગઇ છે (તેણે આંખો ફાડી.) ને વળી આ બાયડી તો છોકરાં ખાય છે ! પગે છોકરાં, ગળે છોકરાં, છોકરાં જ છોકરાં. ખાય છેય છોકરાં મારીને. " આટલું બોલીને તે નાસ્તા માટે ચિત્રવલિ ફેંકી ચાલ્યો ગયો.

બાળક મારથી સુધરે !

રાધા માશીની બાળકોને ઉછેરવા સંબંધેની વાતો બહુ સાંભળવા અને વિચારવા જેવી છે. એમણે એક દિવસ શાકનો છમકાર કરતાં કરતાં કહ્યું: " આ તમારી ચપચપથી તો તોબાં

ભાઇ ! છોકરાંને હાથ પણ ન અડાડાય એ તે કેમ બને ? તો એ સુધરે કેમ ? છોકરાં તો ઢીબ્યે જ પાંશરાં ચાલે; નહિતર વંઠી જાય, સમજ્યા ?"

મેં કહ્યું: "પાંશરાં ચાલતાં હશે; તમને એવું લાગતું હશે. પણ માશીબા, એથી એ સુધરે એમ તો હું નથી જ માનતો."

રાધામાશી: "લે લે, મારા ભાઇ ! નવરો દીસે છે ! સારાં ન થાય એમ ? જો, આ મારો રમણ. મારો માર ખાઇ ખાઇને જ ભણ્યો અને આજે મોટો શા'બ થઇને બેઠો; અને સુશીલ તો નાનો હતો ત્યારે રોજ બાપ માર ખાતો. તો જ આજે મોટો સ્ટેશન માસ્તર થયો ! માર વિના એ બધા થોડા જ સુધરત ?"

મારાથી ન રહેવાયું. મેં કહ્યું: "માશી, તમારા મારાથી જ સુધર્યા કે ભણ્યા એમ કેમ કહી શકાય ? હજુય એમના કયા દોષો એમની ઉન્નતિ અટકાવતા હશે તે જાણો છો ?"

રાધામાશી ચીડાયાં. એમણે કડછી પછાડી કહ્યું: "બહુ ડાહ્યલો થાય છે તે મારાં છોકરાંની સાથનાં બીજાં બધાં છોકરાં જોઇ આવ. તેમના કરતા મારાં છોકરાં જરાય ઉતરતાં નથી; સમજ્યો ?

વળી તેમણે ઉમેર્યું: "એ કોનો પરતાપ ? આ હાથનો, ભાઇ !"

રાધામાશી સાથેની લાંબી પંચાત નકામી હતી. ચાલુ વાતને પલટો આપી હું વિચારહીંડોળે ચડ્યો: "ઘેર ઘેર રાધામાશીના જ વિચારની માતાઓ છે. તેઓ સાચ્ચે જ માને છે કે 'બાળકને નહિ મારવામાં તેનું અહિત છે.' ત્યારે સાચું શું છે ?"

રાધામાશીના જ વિચારનાં એમનાં પાડોશીઓ, એ પાડોશનાં બાળકો પણ એવા જ અધમણ મારના વાતાવરણમાં ઉછરેલાં; એવાં બાળકોની સરખામણીમાં તેમનાં છોકરાં જરાય ઉતરતાં નથી એ સરખામણી કેવી ?

શું મારથી છોકરાં ડાહ્યાંડમરાં થતાં હશે ? જે બાળકો આપણને ખરાબ લાગે છે તે તો કદી મારથી સુધરતાં જ નથી. ખરાબ જણાતા બાળક માટે માર તો અનિષ્ટમાં અનિષ્ટ ઉપાય છે. ખરાબ જણાતા બાળક ઉપર માર વધારે માઠી અસર કરે છે. એવું બાળક ઉપરાઉપરી સતત મારના પરિણામે સુધરવાને બદલે માતપિતાનું કાયમી શત્રુ બને છે, અને તેમના ઉપરની માનની લાગણી કાયમને માટે ભૂંસાઇ જાય છે. વળી મારમાંથી બચવા માટે તે અનેક પ્રકારનાં ઢોંગ કરી દંભી બને છે, જૂઠાણાં ઉભાં કરે છે, અને પરિણામે સમાજનું શત્રુ બને છે.

ઘણાં બાળકો સ્વભાવથી જ સારાં જણાય છે આવાં બાળકોને જેમ દોરીએ તેમ દોરી શકાય તેવો શીળો તેમનો સ્વભાવ હોય છે. આવાં બાળકો પર માર કે બીકની અસર, ખરાબ દેખાતા બાળક પર થાય છે તેટલી તીવ્ર ને ઉગ્ર થતી નથી. તેનું પ્રમાણ ઓછું રહે છે કારણ કે એ બાળકો માબાપની તરફ ક્ષમાદૃષ્ટિથી જોઇ શકે છે. તેમને તે માફ કરી શકે છે.

રાધીમાશીનાં બાળકોએ તેમની માતાએ તેમના પર ગુજારેલા ત્રાસની અને તેમને આપેલ અન્યાયની તેમને માફી આપી છે, તેનો તેમણે ઉલટો અર્થ કર્યો છે. આવો જ અર્થ આજે ઘણાં માતપિતા કરે છે અને રાચે છે, એ જ આપણું કમનસીબ છે !

મારથી ધાર્યું પરિણામ લાવ્યાનો આત્મ-સંતોષ મેળવી રાધામાશી બડાશ મારે છે; પરંતુ તેમનાં બાળકોની બીજી કેટલાય પ્રકારની મૌલિક શક્તિનાં આવિર્ભાવના ભોગે આ નહિ બન્યું હોય એમ કેમ કહેવાય? મારથી બાળકોના અંતમાંને છૂંદીને તેમણે આ ઉપરછલ્લું પરિણામ મેળવ્યું એમ કેમ ન કહેવાય?

મારના ત્રાસથી કેટલાય બીજા ગુન્હેગારો ગુન્હો કબૂલ કરે છે, અને કેટલાય ગુન્હેગારને તે કાંઇ અસર કરતો નથી એ હકીકત સૌને સુવિદિત છે. બરું વશીકરણ માર નથી, પરંતુ પ્રેમ છે.

રાધામાશીએ તેમના બાળકોનો પ્રેમ દિલસોજી અને ક્ષમાદૃષ્ટિથી કેળવ્યાં હોત તો આજે તેમના જીવનમાં તેઓ એાર રસલહાણ લૂંટતાં હોત.

બરી વાત તો એમ છે કે રાધામાશીનો સ્વભાવ જલદ છે, હઠીલો છે, ધાર્યું કરાવવું તે તેમની રગમાં છે. માટે બાળકને પોતાની ઇચ્છા મુજબની ધરેડને વશ કરી હવે તેમનું દિલ રાચે છે. તે માને છે કે દુનિયાના ડહાપણનો ઇજારો પોતાની પાસે છે. બાળકો મૂર્ખ છે, કમઅક્કલ છે અને તેમને શિક્ષા થવી જ જોઇએ. આવા વિચારથી પોતાનો બધો ક્રોધ તે બાળકો ઉપર ઠાલવે છે. તેમનો અહં જ્યારે જ્યારે બાળકોની હઠથી ઘવાય છે ત્યારે ત્યારે તે પોતાનો દ્વેષ જોવાને બદલે તેમની આડે આવનારને છૂંદે છે; અને પોતાના તેવા વર્તાવમાં બાળકનું હિત સમાયેલું છે તેમ માની આત્મવંચના કરે છે.

રાધામાશી જેવાં અનેક માતપિતા આવી જ આત્મવંચના ક્ષણે ક્ષણે કર્યા નથી કરતાં? બાળક બિચારું અસહાય! અને તેથી જ તેને તેના માતાપતાની અંદર ભરાઇ રહેલ–દબાઇ રહેલ બરાબ વૃત્તિઓના ભારણમાંથી ભભૂકતા ક્રોધાગ્નિની જ્વાળામાં બળવું પડે છે.

રાધામાશીને આવા પ્રસંગો તેમના સમોવડિયા સાથે આવે છે ત્યારે તો તે ઠંડાં ઘેટા જેવાં થઇ ચાલે છે, કારણ કે ત્યાં જો જોર અજમાવવા જાય તો ભારે જ પડે!

આવી રીતે ઘણાં માબાપ બાળકની અસહાય દશાનો લાભ લે છે, અને તેવી રીતે લીધેલા લાભને 'બાલ હિતાર્થે આ શિક્ષા છે.' તેમ માની પોતાના આત્માને વંચે છે.

જે બાળકની જીવનશક્તિ-પ્રાણશક્તિ ભારે હોય છે, જેનામાં સમજ વહેલી બીલી હોય છે, તે આ ત્રાસોને સહન કરતું કરતું પણ પોતાનો જીવનમાર્ગ કરે જાય છે, અને આગળ ધપ્યે જાય છે, ત્યારે રાધામાશી જેવાં માબાપ બીજા પ્રકારની આત્મવંચના કરી બડાશ કૂટે છે: "એ તો મારા મારને લીધે જ!"

બરી રીતે બાળક મારથી સુધરતું જ નથી. મારથી ક્ષણિક પરિણામ અનુભવી શકાય; પરંતુ તેની ચિરસ્થાયી માઠી અસર ન ભૂંસી શકાય તેવી હોય છે. મારથી મારનાર અને માર બાનાર બન્નેનું પતન થાય છે.

સાચો ઉપાય પ્રેમ છે. એ મોટામાં મોટું વશીકરણ છે. પ્રેમ પથ્થરને પિગળાવે છે, તો બાળકને તો નચાવી શકે! પ્રેમથી બાળકનો વિશ્વાસ સંપાદિત કરી શકાય; અને વિશ્વાસ પેદા કર્યા પછી તેના જીવનને સુમાર્ગે વહેણ આપી શકાય. બાળક પરત્વે દર્શાવેલી લાગણી, માન અને રાખેલી સંભાળથી જ બાળક આપણા તરફ માનભરી દૃષ્ટિથી જુએ છે.

જેમ જેમ આવો સંબંધ માતાપિતા

અને બાળકો વચ્ચે ખીલતો જાય છે, તેમ તેમ બાળકો માતપિતાની સૂચનાને માનથી વધાવી લે છે, અગર આદરપૂર્વક ઇન્કાર કરે છે.

તિરસ્કારવૃત્તિથી ઉછરેલું બાળક વિકૃત બને છે. તે ડાહ્યુંડમરું દેખાતું હોય છે, પરંતુ તેનામાં કેટલાયે પ્રકારની બંડખોર વૃત્તિ છૂપાઈ રહી હોય છે. તક મળ્યે આ વૃત્તિઓ એટલા જોરથી ભભૂકી ઉઠે છે કે બાળક સમાજનું શત્રુ બને છે. આ વિકૃતિ તેના જીવનમાં અને તે જે સમાજમાં ફરે છે તે સમાજમાં ભયંકર અણઘટતાં પરિણામ લાવ્યા વિના રહેતી જ નથી.

રાધામાશી જેવાં ધોકાપંથી માતપિતાને આ ઝીણવટ 'લપ' જ લાગેને!

પ્રશ્નોત્તર

પ્રશ્નઃ નાનાં બાળકોને ચોતરફ દીવાલોવાળાં મકાનોમાં કામ કરવું ગમતું નથી. તેમને માટે ખુલ્લા વર્ગો કેવી રીતે બની શકે?

ઉત્તરઃ નાનાં બાળકોને કામ કરવું ગમતું હોતું નથી ત્યારે મકાનોની દીવાલો બંધન રૂપ લાગે છે–દીવાલોવાળાં મકાનમાં જ બેસી રહીને કામ કરવાની ફરજ બંધન રૂપ લાગે છે. જરૂર હોય તો મકાનમાં અને બહાર ખુલ્લા મેદાનમાં, જ્યાં ઠીક લાગે ત્યાં, બાળકો કામ કરે એવી છૂટ હોય તો કેવળ ખુલ્લા વર્ગો કાઢવાની જરૂર નહિ પડે. અજવાળું અને હવા વિનાનાં મકાનોમાંથી અને ઝાડ નીચે અને રેતીમાં બાળકોને ભણવાની સગવડ કરી આપવી.

પ્રશ્નઃ એક છોકરો નિશાળનું નામ દઈ જંગલમાં રઝળતો ફરે છે. એને ભણવું ગમતું નથી; રઝળવા દેવું માબાપને પાલવતું નથી. શાળામાં આવે છે અને મારકૂટ કરે છે, ને શિક્ષકની સામો પણ થઈ જાય છે. આની વિપરીત અસર બીજા છોકરાઓ ઉપર પડતી જોઈ શિક્ષકે તેને બાતલ કરેલ છે. આવાને બાતલ કરવો એ જ શું ઉપાય છે?

ઉત્તરઃ કોઈ રીતે હાલની નિશાળો બંધ થઈ જાય તો આવા સવાલો જ ઉભા ન થાય. નિશાળમાં જ ભણતર છે એ મોહ કોઈ રીતે તૂટે તો દુનિયા વધારે સુખી થાય. ન ગમે ત્યાં માબાપ મોકલે તો છોકરે જંગલમાં રઝળવું જ જોઈએ. આથી આગળ વધીને કોઈ કોઈ વાર છોકરાઓએ આપઘાત કર્યાના દાખલા પણ મળી આવે! માબાપને પાલવે તેમ થઈ શકયું હોત તો દુનિયાનો અંત વહેલો આવી ગયો હોત. શાળામાં પરાણે આણેલો છોકરો મારકૂટ કરે એ કેવળ સ્વાભાવિક છે. શિક્ષકે આને બાતલ કર્યો તે બહુ સારું કર્યું. જેમને ભણવું ન ગમતું હોય તેમને પણ બાતલ કરવા જોઈએ. આજની નિશાળનું આજનું ભણતર આજની રીતે જેને પોસાતું હોય તેવાને રાખે. શિક્ષકો ભણાવે છે તેને બદલે ભગાડે તો વધારે સારી સેવા થાય. આવા ઘણા છોકરાઓ બાતલ થાય તો તેમને માટે બીજી નવી નિશાળો કાઢવાનું સૂઝે અગર ફરજ પડે. આ એક જ જાતની નિશાળ બહુ ભૂંડી વસ્તુ છે.

પ્રશ્નઃ નહિ રુચતા વિષયોનું ભણતર નહિ

ભણવા બાળકને સ્વતંત્રતા આપવામાં આવે, ને એવી શાળાઓ બધે નીકળે, તો એથી શિક્ષણનું સામાન્ય પ્રચલિત ધોરણ નાશ પામવાનું, ને તેને ઠેકાણે બીજું તેવું ધોરણ સ્થપાવાનું એ તો સ્પષ્ટ છે; પણ બાળકને રુચતું શિક્ષણ તેને બરાબર રીતે આપવા જેટલી સ્થિતિ ને સંજોગો માબાપના ન હોય તો હાલ મળતી સામાન્ય કેળવણીથી પણ બાળક વંચિત રહે. આવો ભય રાખવામાં આવે છે તે બરાબર છે?

ઉત્તરઃ હાલની સામાન્ય કેળવણીમાં કાંઇ દમ નથી. તેનાથી બધાં બાળકો વંચિત રહે એવો વખત આવે તો તુરત જ તે કેટલી નકામી છે તેની ખાતરી થઈ જાય: ભય કેવળ મનનો છે.

પ્રશ્નઃ બાળકોના વર્તન પર નિશાળમાં દેખરેખ રહી શકે–પરોક્ષ રીતે કે અપરોક્ષ રીતે; પણ નિશાળની બહાર, ઘરે, કુટુંબ તથા શેરીના સારાખોટા વિવિધ વાતાવરણની છાપ તેના ઉપર પડે છે. ને નિશાળની બહાર બાળકો અનેક ન ઇચ્છવા જેવી વાતો, વિચારો કે ક્રિયાઓ કરે, તેની તપાસ શિક્ષક શી રીતે રાખી શકે? અને જો ન રાખી શકે તો શાળાની છાપ દબાઇ જાય છે. એટલે શું કરવું?

ઉત્તરઃ શિક્ષક એકલો બિચારો શું કરે? માબાપે સહકાર આપવો જોઇએ. અને સમજાવ્યા છતાં જો માબાપ સહકાર ન આપે તો શિક્ષકે બાઇ પીને જુદા થવું. શાળાની છાપ દબાઇ જાય તો જે કંઇ નુકસાન થવાનું છે તે શિક્ષકનું નહિ પણ છોકરાના માબાપનું થવાનું છે. શિક્ષકના કામ અને ફરજને પણ મર્યાદા છે.

પ્રશ્નઃ એક બાળકને નિશાળમાં કંઇ જ આવડતું નથી. શિક્ષક તેને રોજ છેલ્લો ઉતારે છે, એટલે જો તો બેફિકર બને છે કે આવડે નં આવડે તેની પંચાત મટી! મારે છે તો બે ચાર દિવસ નથી આવતો. રમવા જતાં અટકાવી દિવસે કે રાત્રે માબાપ વાંચવા બેસાડે છે, તો તેનું મન ઠરતું નથી; ને ગોખે છે તેમાં ભૂલતો જાય છે. કશું આવડતું નથી, છતાં પરીક્ષામાં નાપાસ થઈશ તો આ ને આ વર્ગમાં રહેવું પડશે એની એને બીક છે. ચોક્કસ છે કે નાપાસ થશે, તો એ ઉઠી જવાનો. એનું શું કરવું?

ઉત્તરઃ કંઇ કરવું નહિ: શિક્ષકે જે રસ્તો લીધો તેનું પરિણામ ઉઠી જવું એ જ હોઇ શકે. માણસને ઉતારી પાડવાથી માણસ કેમ બેફિકર બને, બેશરમ બને, ભયભીત અને સ્મૃતિ રહિત બને, હતાશ બને, તથા છેવટે જીવન હારી બેસે, તેનો આ સુંદર દાખલો છે! મનુષ્યજીવનને નિષ્ફળ બનાવવા શિક્ષક અને માબાપ પ્રાણઘાતક સહકાર સાધી રહ્યાં છે, તેનો આ કરુણ દાખલો છે! શિક્ષક અને માબાપને ન આવડ્યું તેનું આ ફળ છે.

પ્રશ્નઃ શાળામાં નાસ્તો અપાય એને બાળક લાલચ નથી માની બેસતાં?

ઉત્તરઃ શાળા બાળકને ન ગમતી હોય ત્યાં નાસ્તો બાળકને લાલચ રૂપ જરૂર થાય. શાળાનું કામ બાળકને ગમતું હોય છે ત્યાં ઘણી વાર નાસ્તો કામની આડે આવે છે.

પ્રશ્નઃ બાળક ભાંગફોડ અને અવ્યવસ્થા વ્યવસ્થાનું શિક્ષણ પોતાની મેળે મેળવે છે. શાળામાં અનેક બાળકો અનેક રીતે આમ કરે તો શાળા અરાજક બની ન જાય?

ઉત્તરઃ ભાંગફોડ અને અવ્યવસ્થા દ્વારા વ્યવ-

સ્થાનું શિક્ષણ મળે જ નહિ. જિજ્ઞાસાનો સહજ માર્ગ રોકવાથી ભાંગફોડ ઉત્પન્ન થાય છે. બાળક અવ્યવસ્થામાંથી વ્યવસ્થામાં જાય છે; અવ્યવસ્થા દ્વારા નહિ. ભાંગફોડ અને અવ્યવસ્થા અણઘડ શિક્ષકની નિશાળનાં લક્ષણો છે. આવી શાળા ન જોઈએ. ભાંગફોડનો ખર્ચ કદી ન પાલવે; પણ સર્જનાત્મક પ્રવૃત્તિ માટે ગમે તેટલો ખર્ચ જોઈએ. ભાંગફોડ સર્જનાત્મક પ્રવૃત્તિનો અભાવ અને માગણી સૂચવે છે.

મારી બા મારે છે.

" ગિજુભાઈ ! આ મનસુખભાઈ સૂનમૂન બેસી જ રહે છે; કંઈ જ કામ કરતા નથી. " એક અધ્યાપકે ફરિયાદ કરી.

" કેમ મનસુખભાઈ ! " ગિજુભાઈ મનસુખભાઈને ગોદમાં લઈને બોલ્યા. " કેમ છો ? તમારી બા મારે છે ? મારે છે તમારી બા ? લો તમને ચિઠ્ઠી લખી આપું કે તમારી બા મારે નહિ. "

મનસુખભાઈએ સહજ આંખ ઊંચી કરી ગિજુભાઈના મોઢા સામે જોયું.

" તમારી બા મારે છે તમને, ખરું ને ? " ફરીથી ગિજુભાઈએ પૂછ્યું.

મનસુખભાઈએ ડોકું સહજ હલાવ્યું ને સહજ હોઠ ઊંચા કર્યા.

આ દૃશ્ય જોતાં બાજુમાં બેઠેલાં બાળકો અનુક્રમે બોલી ઉઠ્યાં: " ગિજુભાઈ, મારી બાયે મને મારે છે ! "

હરિજનપ્રેમીઓને

દર વર્ષે હરિજન ભાઈઓને વિના મૂલ્યે પત્રિકા પહોંચાડવા માટે હરિજનપ્રેમી ભાઈબહેનો અમારા તરફ તેમના લવાજમ પેટેનાં નાણાં મોકલી આપે છે.

ગયા વર્ષે અમને કેટલાક રૂપિયા આ હેતુસર મળ્યા હતા અને અમે હરિજનોને પત્રિકા પહોંચાડી હતી.

વર્ષે એક જ રૂપિયો આપીને હરિજનભાઈઓને મદદ થઈ શકતી હોય, તેમના ઘરમાં જ્ઞાનપ્રકાશ મોકલી શકાતો હોય, તેનું પુણ્યફળ મેળવી શકાતું હોય, તો શા માટે સેંકડો મધ્યમ સ્થિતિના માણસો પણ હરિજનોને આવી મદદ ન કરે ?

પત્રિકાનાં વાંચકો ! " ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય. " તમારો એક રૂપિયો હરિજનભાઈને બાર માસ સુધી 'શિક્ષણ પત્રિકા' પહોંચાડશે. ગરીબોને માટે ફક્ત એક જ રૂપિયો મોકલી આપો.

પણ એકને બદલે હજાર રૂપિયા મોકલો તો પણ ઓછા તો છે જ. અને હજાર મોકલી શકે તેણે એક ન જ મોકલવો. તંત્રીઓ.

મનન

: ૧ :

માત્ર વેશ્યા જ વેશ્યાવૃત્તિ કરે છે એમ ન કહેવાય. ઘણી જાતની વેશ્યાવૃત્તિઓ રહેલી છે. આજે આપણે નાનપણથી બાળકોને ઇનામ અને લાલચો આપી નચાવીએ છીએ, કૂદાવીએ છીએ તેમાં આપણે તેમને અધમ દશામાં ઘસડી લઇ જઇએ છીએ, અને એક જાતની વેશ્યાવૃત્તિમાં જ લઇ જઇએ છીએ.

શાળાઓમાં મહેમાનો સામે ગાવાનું પ્રદર્શન કરવામાં આવે છે અને સામાને રાજી કરવા-ખુશી રાખવા ઉપરી અધિકારીઓને પણ બતાવવામાં આવે છે, તે પ્રદર્શનવૃત્તિ છે; અને તે એક જાતની વેશ્યાવૃત્તિ છે.

તે છોકરા છોકરી ભોટ લેખાય છે કે જેમનામાં પ્રદર્શનવૃત્તિ ઓછી છે. તે છોકરા છોકરી ઉપર માણસો વધારે મોહાય છે કે જે છોકરાંઓ પોતાનું પ્રદર્શન સારી રીતે કરી શકે છે.

: ૨ :

શકયતા હોય તો હું સોનાનાં મકાનમાં કેળવણી આપું. પણ ખર્ચાળપણું જીવન માટે ઉપાધિ રૂપ છે એ સિદ્ધાંતથી અને મારા અંગત અનુભવથી હું કેળવણીને જીવન સાથે ઓતપ્રોત કરીને ઓછામાં ઓછા ખર્ચે ચલાવવામાં માનું છું. બાકી તો જે માણસો કે પ્રજા કેળવણી ખર્ચાળ છે એમ કહે છે તે માણસો પ્રાણઘાતક છે. એ પ્રજાને અભ્રરણી, લગ્ન, દા'ડો, મોટર, ગાડીઘોડા, વાડીવજીફા અને મોજશોખનાં સાધનો ખર્ચાળ નથી લાગતાં પણ કેળવણી કે જે એક જ બચવાનો માર્ગ હાથ રહ્યો છે તે ખર્ચાળ લાગે છે! સમાજને જીવન મોંઘું અને ખર્ચાળ રાખવું છે પણ કેળવણીને સોંઘી રાખવી છે. એનો અર્થ એ થયો કે તેમને કેળવણીનો નાશ જોઇએ છીએ.

ગામડાંમાં પણ પટેલો અને બીજાઓ અભ્રરણી, દા'ડો અને એવા બીજા ખર્ચો કયાં નથી કરતા? ગામડામાં કેળવણી મોંઘી પડે છે એમ કહેનારા બધા ખોટા છે. કોર્ટમાં ખર્ચવાના પૈસા એમને મળે છે, ત્રણ ત્રણ વખત ઘરઘવાના પૈસા મળે છે, પણ છોકરાંઓ માટે કેળવણીનાં સાધનો લાવવાનું ખર્ચ મોંઘું પડે છે! એનો અર્થ એમ જ છે કે તેમને કેળવણી જોઇતી નથી-જરૂર નથી, પણ એનો નાશ કરવો છે!

: ૩ :

મારી શ્રદ્ધા છે કે જો આપણે શિક્ષકો દશ વર્ષ સુધી એકધારી શિક્ષણની ઉપાસના કરીશું તો આપણે આપણા દેશમાં એક નવો જ યુગ લાવી શકીશું.

આપણે પણ આજના દલિતો માહેના એક છીએ. દલિતોના ઉદયની ઉષા ઉગી ચૂકી છે. જે જોશથી દલિતો કૂચ કરી રહ્યા છે તે જોશથી આપણે ઉપડીએ. આપણે ખોવાનું તો કશું રહ્યું જ નથી; જે કાંઇ રહ્યું છે તે મેળવવાનું. આપણામાં વિશ્વાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી આપણે આપણાં કદમ ઉપાડીએ.

શિક્ષણ કે ભ્રમ ?

જાણે મારી આંખ આજે જ ઉઘડતી હોય એમ લાગે છે. અત્યાર સુધી મને એ વાતની ખબર કેમ ન પડી તે જ નથી સમજાતું. એ બધા મિથ્યા જ્ઞાનને હું સાચું માનતો ત્યારે મારૂં બધું ભાન ક્યાં ગયું હતું તેનો ખ્યાલ મને અત્યારે નથી આવતો. મારા ભૂતકાળના ભ્રમિત આચારો તરફ હું પાછો વળીને જોઉં છું ત્યારે મને જ મારા ઉપર બડખડાટ હસવું છૂટે છે. તે સમયે ઘણા લોકો મને નાદાન કે મૂર્ખ માનતા હશે; તે સમયે ઘણા માણસો મારા આચારને જોઈને પોતાની ઉંચાઈએથી હસ્યા હશે, મુખ મચકોડી ચાલ્યા ગયા હશે, કે મને જોઈને એકાદ દયાની નજર પણ નાખી હશે. પણ તે સમયે હું મારી જાત વિના એ સર્વને નાદાન લેખતો, અને મારા ભ્રમિત આચારોમાં મશગુલ રહેતો.

આ વાંચ્યા પછી તમને પણ તમારા ભ્રમિત આચારોમાં ભ્રમની ગંધ ન આવતી હોય તો પરાણે લાવવાની જરૂર નથી. તમને અંદરથી ન સમજાય ત્યાં સુધી એ બધા ગાંડપણના ભ્રમ છે એમ સ્વીકારવા કે માનવાની જરૂર નથી. પણ મને ખાતરી છે કે હું લખવાનો છું તે બધા ભ્રમો બરોબર ભ્રમો છે એમ તમને ન જણાય, ત્યાં સુધી તમે મારે કે બીજા કોઈને લીધે તમારા આચારોને કદી ભ્રમિત માનવાના જ નથી. પણ જો અંદરની સાચી સમજ વિના તમારા આજના ભ્રમને તમે ભૂલેચૂકે ભ્રમ માની બેસશો તો કોઇ દિવસ ભવિષ્ય વર્તમાન બને અને અહ્વા આશરે તમારી આંખો ઉઘડી જવાથી તમારા આજના ભ્રમિત આચારો બરોબર ભ્રમિત લાગે ત્યારે જે આશ્ચર્યનો સંચાર થાય, અજાયબીનું આંદોલન આવે, અને કોઇ વિચિત્ર આનંદનું ઉમળકું આવે તેવું બધું નહિ થાય.

માટે હજાર વાતની એક વાત એ છે કે તમારા ભ્રમ એ બરોબર ભ્રમ જ છે એમ તમારે જાતે જ સમજવું જોઇશે એ સમજ્યા વિના ભ્રમની ભૂતાવળ બહારના કોઇ જાદુથી નાશ પામે તેમ નથી. અને જ્યાં સુધી તમારામાંથી, મારામાંથી કે કોઇમાંથી આપણા આજના ભ્રમો નાશ પામશે નહિ, ત્યાં સુધી આપણે આવતો અંક જેષ્ઠ માસમાં

"શિક્ષણ પત્રિકા" ગુજરાતી મહિનાઓ પ્રમાણે પ્રગટ થાય છે; અને ચાલુ સાલ અધિક માસ હોતાં બે વૈશાખ મહિનાઓ છે, એટલે આ અંક મળ્યા પછી બીજા વૈશાખે આવતો અંક નહિ મળતાં જ્યેષ્ઠમાં મળશે તેની સૌ ગ્રાહકો કૃપા કરી નોંધ કરી લે.

વ્યવસ્થાપક

આપણે આજના ભ્રમો નાશ પામશે નહિ, ત્યાં સુધી આપણે આજના ભ્રમિત આચારોમાં ભ્રમની ગંધ ન આવતી હોય તો પરાણે લાવવાની જરૂર નથી. નીતિનું નામ લેવાને પણ નાલાયક છીએ ! નીતિ એક નિયમ છે, વ્યવસ્થા છે. કોઇ પણ વ્યવસ્થા કે નિયમને ભ્રમ સાથે સંબંધ નથી. ભ્રમ એટલે જ દુર્વ્યવસ્થા કે અવ્યવસ્થા. નીતિ આવે ત્યાં ભ્રમ ન હોય; ભ્રમ હોય ત્યાં નીતિને સ્થાન નથી.

પણ આજે આપણે ક્યાં માનીએ છીએ કે આપણામાં ભ્રમ છે ? અને તેથી જ આજે આપણે આપણને નીતિમાન માનીએ છીએ—

મનાવીએ છીએ, અને બીજાને નીતિમાન બનાવવા માટે નીતિના ઉપદેશો આપવાની ધૃષ્ટતા કરીએ છીએ ! કાલે સવારે આપણને આપણા ભ્રમો દેખાશે, ત્યારે આજ સુધી નીતિનાં ફારસ ચલાવવા માટે આપણને ઢાંકણીમાં પાણી ભરી ડૂબી મરવાનું મન નહિ થાય ?

ચાલો આજે આપણે આપણી માન્યતાઓ તપાસીએ, અને આજ સુધી આપણે સેવેલા ભ્રમોને ઓળખી કાઢીએ.

વસ્તુને એના સાચા સ્વરૂપમાં ન જોતાં કોઇ બીજા જ રૂપે જોવી તેનું નામ ભ્રમ. એવો ભ્રમ વરસમાં માત્ર એકાદ બે વખત કે કોઈકિ જવલ્લે જ થઇ જાય છે એમ નથી. પણ ઘણીયે વેળા સંખ્યાબંધ માણસો જન્મે છે, તેઓ મરે છે ત્યાં સુધી આખું જીવન ભ્રમમાં જ જીવતાં હોય છે. એ રીતે આખાં ને આખાં કેટલાંય જીવનો ભ્રમમાં ને ભ્રમમાં પસાર થઇ ગયાં હોય છે.

ભ્રમનું કારણ આવેશ હોય છે, અને સર્વ પ્રકારનાં આવેશોનું એક કારણ અજ્ઞાન હોય છે.

મને યાદ છે કે હું જ્યારે નાનો હતો અને રાતના બહાર નીકળતો ત્યારે ઘણી વેળા કોઇ અવાજને ચોરભાઇનો અવાજ માની બ્હીતો, કોઈ ઝાડના ઠૂંઠાને ભૂત માની ગભરાઇ જતો, કોઇ ઝાડના ફાટેલ થડમાં ડાકણ ભરાઇ રહી છે એમ માની ભડકી ઉઠતો, અને ઘણી વેળા લટકતી દોરીને સાપ માનીને ધ્રૂજી ઉઠતો.

પછી હું જરાક મોટો થયો એટલે એ ભ્રમો ઓગળતા ગયા, પણ પાછા બીજા ભ્રમો આવ્યા. હું પૂછતો કે હું કયાંથી આવ્યો ? ત્યારે મને એક જ જવાબ મળતો કે " આકાશમાંથી." પાછું મને થયું કે આકાશમાંથી પડ્યો ત્યારે મને લાગ્યું નહિ હોય ? વળી મને શંકા થતી કે વરસાદ આવે ત્યારે આકાશમાં અવાજ કોણ કરતું હશે ? મને શીખવવામાં આવતું કે આકાશમાં એક ડોશી બેઠીબેઠી પૈડું ગગડાવ્યા કરે છે. મને થતું કે વરસાદ કોણ મોકલતું હશે ? જવાબ મળતો કે પરમેશ્વર. પરમેશ્વર પરણેલા હશે કે કુંવારા ? એમ મારા પ્રશ્નો દૂર ને દૂર ચાલ્યા જતા, અને જવાબમાં મારા તરફ એકાદ ભ્રમ ફેંકાતો.

પણ આજે તો હું જરાક સમજતો થયો છું. મારી આસપાસ ઉભા થતા ભ્રમોને હું એકદમ સ્વીકારતો નથી. ભ્રમમાં ઉછરેલી મારી ઇંદ્રિયોને વસ્તુનું સાચું સ્વરૂપ સંતાડી મને ભ્રમ બતાવવાની ટેવ પડી ગઇ હોવાથી ઇંદ્રિયોની બધી વાતો હું તપાસ કર્યા વિના સ્વીકારી લેતો નથી.

મને મારી આંખોથી રેતીનાં મેદાનમાં ઝાંઝવાનાં જળ જણાયાં છે, પણ એ સાચાં પાણી નથી એની મને ખબર છે. મને પૃથ્વી સ્થિર લાગી છે અને સૂરજ ફરતો દેખાયો છે, પણ વિજ્ઞાને એ મારા ભ્રમને ખુલ્લો પાડ્યો છે. મને તારાઓ સ્થિર જણાયા છે પણ એ સૌ પોતપોતાની રીતે ફરતા જ રહે છે એમ સિદ્ધ થયું છે. હું આગગાડીમાં મુસાફરી કરું છું ત્યારે ગાડીમાંથી રસ્તા પરનાં ઝાડો દોડતાં દેખાયાં છે, પણ એ વાત હું સાચી માનું એવો નાદાન રહ્યો નથી. મને ચિત્રોમાં દરવાજા, બારીઓ અને બુરજીઓ ત્રણે પરિમાણોવાળાં દેખાયાં છે, પણ કલકની સપાટી પર હાથ ફેરવતાં મારો એ ભ્રમ એકાએક દૂર થયો છે. હું મેદાનમાં ઉભો રહી જોઉં છું તો મને દૂર

દૂર આકાશ અને પૃથ્વી એકબીજાંને અડી ગયેલાં લાગે છે, પણ આજે દૃષ્ટિમર્યાદાને આકાશમર્યાદા માનું તેમ નથી.

મને જે દેખાય છે તે ઘણી વેળા ભ્રમ હોય છે, એ વાત તો સાચી. પણ આજ સુધી મને જે બધું શીખવવામાં આવ્યું છે તેમાં પણ ઘણા ભ્રમો છે એમ મારું માનવું છે.

મને શીખવવામાં આવ્યું છે કે હું મગનલાલ કે મણિબેન છું, હું છોકરો કે છોકરી છું, હું હિંદુ કે મુસલમાન છું, હું ગરીબ કે શ્રીમંત છું, હું હિંદી કે રશિયન છું, હું વિદ્યાર્થી કે શિક્ષક છું, હું વકીલ કે જમાદાર છું, અને હું બ્રાહ્મણ કે ભંગી છું. આજે મને સમજાય છે કે મારી સાથે કોઈ હરામખોરોએ આ બધા ભ્રમો જોડી દીધા છે. મારી સાથે ને સાથે જ ચોવીશે કલાક એ ભ્રમો જોડાયેલા રહેવાથી હું મનુષ્ય છું એ વાત તો હું છેક જ વિસરી ગયો છું!

શિક્ષકો જોઈએ છીએ?

મોન્ટીસોરી ટ્રેનિંગ વર્ગમાં તાલીમ મેળવેલાં નૂતન બાલશિક્ષક ભાઈબહેનોની આપને જરૂરિયાત હોય તો પત્ર લખી પૂછાવો:

તંત્રી: "શિક્ષણ પત્રિકા" ભાવનગર.

મારું નામ રામજીભાઈ કે રમાબહેન પાડ્યું હોત તો હું મગનલાલ કે મણિબહેન ન કહેવાત; હું છોકરાના શરીરમાં જન્મ્યો તેથી છોકરો અને છોકરીના શરીરમાં જન્મ્યો તેથી છોકરી કહેવાઉં છું; હું ભગવાનનું નામ અલ્લા બોલતો હોત તો મુસલમાન કહેવાત; હું હિન્દ કે રશિયામાં જન્મવાને બદલે આફ્રિકામાં જન્મ્યો હોત તો સીદી કહેવાત, અને ચાના બગીચાઓમાં કાળી મજૂરી કરતો સડતો હોત; હું શીખું છું તેથી વિદ્યાર્થી કહેવાઉં છું પણ તેથી હું કોઈને શીખવતો નથી એમ નથી; હું શીખવું છું તેથી શિક્ષક કહેવાઉં છું, પણ તેથી કંઈ હું કોઈના પાસે કદી શીખતો નથી એમ પણ નથી; હું બ્રાહ્મણ કહેવાતા મનુષ્યને ત્યાં જન્મ્યો તેથી બ્રાહ્મણ કહેવાયો, પણ મને મારામાં અને ભંગીમાં એવો કોઈ મોટો ભેદ તો જણાતો નથી. આજે એ સઘળાં નામ મને મનુષ્યત્વ ભૂલવતા ભ્રમો જ લાગે છે.

આખા સમાજને ચિત્તભ્રમનો રોગ લાગુ પડ્યો હોય એમ મને લાગે છે. સૌ કોઈ મનુષ્ય હોવા છતાં, અંગ્રેજ જર્મન સામે અને ચીન જાપાન સામે તથા બધા રશિયન સામે ડોળા કાઢે છે. નામ અને નિશાન વિનાના કોઈ ઈશ્વરને એક અલ્લા કહે છે તો બીજો પ્રભુ કહે છે, ત્રીજો ગૉડ કહે છે તો ચોથો દ્રૌડ કહે છે; એમ સૌ કોઈ બેંચાબેંચી પર ચઢ્યા છે. આજે હું આર્યાવર્તમાં હિન્દુ બ્રાહ્મણ જન્મ્યો એટલે માંસ જોઈ નાકનું ટેરવું ચઢાવું છું, અને લાડુ જોઈ જીભ પટપટાવું છું; પારકી સ્ત્રી સાથે હાથ મિલાવવામાં મર્યાદાનો ભંગ માનું છું, અને પરસ્ત્રીથી શરમાઈ મરવામાં નીતિ માનું છું; આજે મને ધોતિયું અને પહેરણ પહેરવામાં અભિમાન લાગે છે જ્યારે પાટલુન અને નેકટાઈ તરફ ચીડ ચડે છે; અને આજે મને મૂંડાવાળા અને ચોટલીવાળા મૂર્ખ ગમે છે જ્યારે વિદેશી રીતે બાબરી રખાવનારા તરફ ઘૃણા આવે છે. એક મનુષ્યત્વને ભૂલાવનાર આ

મનાવીએ છીએ, અને બીજાને નીતિમાન બનાવવા માટે નીતિના ઉપદેશો આપવાની ધૃષ્ટતા કરીએ છીએ! કાલે સવારે આપણને આપણા ભ્રમો દેખાશે, ત્યારે આજ સુધી નીતિનાં ફારસ ચલાવવા માટે આપણને ઢાંકણીમાં પાણી ભરી ડૂબી મરવાનું મન નહિ થાય?

ચાલો આજે આપણે આપણી માન્યતાઓ તપાસીએ, અને આજ સુધી આપણે સેવેલા ભ્રમોને ઓળખી કાઢીએ.

વસ્તુને એના સાચા સ્વરૂપમાં ન જોતાં કોઇ બીજા જ રૂપે જોવી તેનું નામ ભ્રમ. એવો ભ્રમ વરસમાં માત્ર એકાદ બે વખત કે કોઈકે જ વહલે જ થઇ જાય છે એમ નથી. પણ ઘણીયે વેળા સંખ્યાબંધ માણસો જન્મે છે, તેઓ મરે છે ત્યાં સુધી આખું જીવન ભ્રમમાં જ જીવતાં હોય છે. એ રીતે આખાં ને આખાં કેટલાંય જીવનો ભ્રમમાં ને ભ્રમમાં પસાર થઇ ગયાં હોય છે.

ભ્રમનું કારણ આવેશ હોય છે, અને સર્વ પ્રકારના આવેશોનું એક કારણ અજ્ઞાન હોય છે.

મને યાદ છે કે હું જ્યારે નાનો હતો અને રાતનાં બહાર નીકળતો ત્યારે ઘણી વેળા કોઇ અવાજને ચોરભાઇનો અવાજ માની બ્હીતો, કોઈ ઝાડના ઠૂંઠાને ભૂત માની ગભરાઇ જતો, કોઇ ઝાડના ફાટેલ થડમાં ડાકણ ભરાઇ રહી છે એમ માની ભડકી ઉઠતો, અને ઘણી વેળા લટકતી દોરીને સાપ માનીને ધ્રૂજી ઉઠતો.

પછી હું જરાક મોટો થયો એટલે એ ભ્રમો ઓગળતા ગયા, પણ પાછા બીજા ભ્રમો આવ્યા. હું પૂછતો કે હું કયાંથી આવ્યો? ત્યારે મને એક જ જવાબ મળતો કે "આકાશમાંથી." પાછું મને થયું કે આકાશમાંથી પડ્યો ત્યારે મને લાગ્યું નહિ હોય? વળી મને શંકા થતી કે વરસાદ આવે ત્યારે આકાશમાં અવાજ કોણ કરતું હશે? મને શીખવવામાં આવતું કે આકાશમાં એક ડોશી બેઠીબેઠી પૈડું ગગડાવ્યા કરે છે. મને થતું કે વરસાદ કોણ મોકલતું હશે? જવાબ મળતો કે પરમેશ્વર. પરમેશ્વર પરણેલા હશે કે કુંવારા? એમ મારા પ્રશ્નો દૂર ને દૂર ચાલ્યા જતા, અને જવાબમાં મારા તરફ એકાદ ભ્રમ ફેંકાતો.

પણ આજે તો હું જરાક સમજતો થયો છું મારી આસપાસ ઉભા થતા ભ્રમોને હું એકદમ સ્વીકારતો નથી. ભ્રમમાં ઉછરેલી મારી ઇંદ્રિયોને વસ્તુનું સાચું સ્વરૂપ સંતાડી મને ભ્રમ બતાવવાની ટેવ પડી ગઇ હોવાથી ઇંદ્રિયોની બધી વાતો હું તપાસ કર્યા વિના સ્વીકારી લેતો નથી.

મને મારી આંખોથી રેતીનાં મેદાનમાં ઝાંઝવાનાં જળ જણાયાં છે, પણ એ સાચાં પાણી નથી એની મને ખબર છે. મને પૃથ્વી સ્થિર લાગી છે અને સૂરજ ફરતો દેખાયો છે, પણ વિજ્ઞાને એ મારા ભ્રમને ખુલ્લો પાડ્યો છે. મને તારાઓ સ્થિર જણાયા છે પણ એ સૌ પોતપોતાની રીતે ફરતા જ રહે છે એમ સિદ્ધ થયું છે. હું આગગાડીમાં મુસાફરી કરું છું ત્યારે ગાડીમાંથી રસ્તા પરનાં ઝાડો દોડતાં દેખાયાં છે, પણ એ વાત હું સાચી માનું એવો નાદાન રહ્યો નથી. મને ચિત્રોમાં દરવાજા, બારીઓ અને ખુરશીઓ ત્રણે પરિમાણોવાળાં દેખાયાં છે, પણ ફલકની સપાટી પર હાથ ફેરવતાં મારો એ ભ્રમ એકાએક દૂર થયો છે. હું મેદાનમાં ઉભો રહી જોઉં છું તો મને દૂર

દૂર આકાશ અને પૃથ્વી એકબીજાંને અડી ગયેલાં લાગે છે, પણ આજે દૃષ્ટિમર્યાદાને આકાશમર્યાદા માનું તેમ નથી.

મને જે દેખાય છે તે ઘણી વેળા ભ્રમ હોય છે, એ વાત તો સાચી. પણ આજ સુધી મને જે બધું શીખવવામાં આવ્યું છે તેમાં પણ ઘણા ભ્રમો છે એમ મારું માનવું છે.

મને શીખવવામાં આવ્યું છે કે હું મગનલાલ કે મણિબેન છું, હું છોકરો કે છોકરી છું, હું હિંદુ કે મુસલમાન છું, હું ગરીબ કે શ્રીમંત છું, હું હિંદી કે રશિયન છું, હું વિદ્યાર્થી કે શિક્ષક છું, હું વકીલ કે જમાદાર છું, અને હું બ્રાહ્મણ કે ભંગી છું. આજે મને સમજાય છે કે મારી સાથે કોઈ હરામખોરોએ આ બધા ભ્રમો જોડી દીધા છે. મારી સાથે ને સાથે જ ચોવીશે કલાક એ ભ્રમો જોડાયેલા રહેવાથી હું મનુષ્ય છું એ વાત તો હું છેક જ વિસરી ગયો છું!

શિક્ષકો જોઈએ છીએ?

મોન્ટીસોરી ટ્રેનિંગ વર્ગમાં તાલીમ મેળવેલાં નૂતન બાલશિક્ષક બાઈઓહેનોની આપને જરૂરિયાત હોય તો પત્ર લખી પૂછાવો:

તંત્રી: "શિક્ષણ પત્રિકા"
ભાવનગર.

મારું નામ રામજીભાઈ કે રમાબહેન પાડયું હોત તો હું મગનલાલ કે મણિબહેન ન કહેવાત; હું છોકરાના શરીરમાં જન્મ્યો તેથી છોકરો અને છોકરીના શરીરમાં જન્મ્યો તેથી છોકરી કહેવાઉં છું; હું ભગવાનનું નામ અલ્લા બોલતો હોત તો મુસલમાન કહેવાત; હું હિન્દ કે રશિયામાં જન્મવાને બદલે આફ્રિકામાં જન્મ્યો હોત તો સીદી કહેવાત, અને ચાના બગીચાઓમાં કાળી મજૂરી કરતો સડતો હોત; હું શીખું છું તેથી વિદ્યાર્થી કહેવાઉં છું પણ તેથી હું કોઈને શીખવતો નથી એમ નથી; હું શીખવું છું તેથી શિક્ષક કહેવાઉં છું, પણ તેથી કંઈ હું કોઈના પાસે કદી શીખતો નથી એમ પણ નથી; હું બ્રાહ્મણ કહેવાતા મનુષ્યને ત્યાં જન્મ્યો તેથી બ્રાહ્મણ કહેવાયો, પણ મને મારામાં અને ભંગીમાં એવો કોઈ મોટો ભેદ તો જણાતો નથી. આજે એ સઘળાં નામ મને મનુષ્યત્વ ભૂલવતા ભ્રમો જ લાગે છે.

આખા સમાજને ચિત્તભ્રમનો રોગ લાગુ પડ્યો હોય એમ મને લાગે છે. સૌ કોઈ મનુષ્ય હોવા છતાં, અંગ્રેજ જર્મન સામે અને ચીન જાપાન સામે તથા બધા રશિયન સામે ડોળા કાઢે છે. નામ અને નિશાન વિનાના કોઈ ઈશ્વરને એક અલ્લા કહે છે તો બીજો પ્રભુ કહે છે, ત્રીજો ગૉડ કહે છે તો ચોથો દ્યૌઽ કહે છે; એમ સૌ કોઈ બેંચાબેંચી પર ચઢ્યા છે. આજે હું આર્યાવર્તમાં હિન્દુ બ્રાહ્મણ જન્મ્યો એટલે માંસ જોઈ નાકનું ટેરવું ચઢાવું છું, અને લાડુ જોઈ જીભ પટપટાવું છું; પારકી સ્ત્રી સાથે હાથ મિલાવવામાં મર્યાદાનો ભંગ માનું છું, અને પરસ્ત્રીથી શરમાઈ મરવામાં નીતિ માનું છું; આજે મને ધોતિયું અને પહેરણ પહેરવામાં અભિમાન લાગે છે જ્યારે પાટલુન અને નેકટાઈ તરફ ચીડ ચડે છે; અને આજે મને મૂંડાવાળા અને ચોટલીવાળા ખૂબ ગમે છે જ્યારે વિદેશી રીતે બાબરી રખાવનારા તરફ ઘૃણા આવે છે. એક મનુષ્યત્વને ભૂલાવનાર આ

બધું ચિત્તભ્રમ નહિ તો બીજું શું છે?

મારે ભાર દઈને કહેવું જોઈએ કે આખા સમાજમાં એ ચિત્તભ્રમનો મહા અનર્થ ઉભો કરનાર, ધર્મ તરફથી, સમાજ તરફથી, રાજ્ય તરફથી, ઘરમાંથી અને નિશાળમાંથી આપણને આજ સુધી શીખવવામાં આવેલા ભણતરના પાઠ છે. મનુષ્યોને 'માનસિક માંદલા' બનાવવા આપણે સમાજ નહોતો રચ્યો, રાજ નહોતું ઉભું કર્યું અને મોટી નિશાળો નહોતી બાંધી. પણ આપણે કર્યું 'તું જ શું? ધર્મ, રાજ્ય, નીતિ, સમાજ, શિક્ષણ એ બધું મોટા મોટા ભ્રમો જ હતા, અને એ ભ્રમોમાંથી જ બીજા અનેક નાના ભ્રમો નીકળ્યા છે.

એક વાત કડવી તો લાગશે પણ કહ્યા વિના છૂટકો નથી. આજ સુધી આપણને શિક્ષણ મળ્યું જ નથી; આપણે ભણ્યા જ નથી. કેવળ એક અથવા બીજી રીતે આપણાં મગજને ઉપર વશીકરણની ક્રિયા કરવામાં આવી છે.

મારો જ દાખલો લો. હું જન્મ્યો ને જરાક સમજતો થયો ત્યારથી મારા ઉપર 'હીપ્નોટીઝમ' શરૂ થયું. મને જે હોય તે કહે કે તું બ્રાહ્મણ છે અને બધાથી વધારે પવિત્ર છે; તારાથી બીજા કોઇનું ન ખવાય. મને કહેવામાં આવ્યું કે કે તું હિન્દુ છે; તારાથી અલ્લાને આંગણે ન જવાય. મને કહેવામાં આવ્યું કે અંત્યજભાઇને અડીશ નહિ, તારાથી અભડાઇ જવાશે. મને શીખવવામાં આવ્યું કે આપણી દુનિયામાં ઘણા બધા દેવો અને દેવીઓ છે, એ સર્વથી ડરીને તું નહિ ચાલે તો એ લોક તને શિક્ષા કરશે. આખા સમાજ પર આવું હિપ્નોટીઝમ થયું છે અને થતું જાય છે. હિપ્નોટીઝમના વિધેયની જે બૂરી દશા થાય છે તે દશા આજે આપણી થાય છે. હિપ્નોટીઝમનું વિધેય એવું તો પૂતળા જેવું બની જાય છે કે પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ભૂલી એના ઉપર પ્રયોગ કરનાર જે એને મનાવે છે તે એ માની બેસે છે! આપણે પણ એ જ રીતે આપણું સાચું મનુષ્યત્વ ભૂલી આજ સુધી આપણને જે કહેવામાં કે શીખવવામાં આવ્યું તે જ માની બેઠા છીએ તેથી ભ્રમમાં ને ભ્રમમાં કેટલાયે ઉત્પાતો એકબીજા ઉપર અને આપણા પોતા પર વહોરી લીધા છે.

આ બધા ભ્રમ છે એ વાત તો 'હિપ્નોટીઝમ' કરનારે આપેલી ઊંઘમાંથી તમે જો હજુયે નહિ જાગ્યા હોય તો નહિ સમજાય. પણ ગમે ત્યારે પણ એ વાત સમજ્યા વિના છૂટકો જ નથી.

બાળકોને સમજો*

આજની સમાજરચનાની અંદર જ્યાં જ્યાં આપણે જોઇએ છીએ ત્યાં ત્યાં ભયનું સામ્રાજ્ય છે. શાળાઓમાં જોઇએ, જ્ઞાતજાતમાં જોઇએ, રાજકારણમાં જોઇએ, ધર્મમાં જોઇએ, બધી જગ્યાએ જે કંઇ સીધા વ્યવહારો ચાલતા જણાય છે એ બધાની પાછળ ભય, દંડ, લાલચ વગેરેનું જોર છે. સમાજનાં તમામ મંડળોમાં અને એની વ્યવસ્થામાં પ્રેમતત્ત્વ અને મનુષ્ય-

*ઇદોરના મંજુલાશ્રમ બાલમંદિરના અધ્યાપક શ્રી. ચંદ્રલાલ ભટ્ટે માણાપોની સભા સમક્ષ આપેલ ભાષણ.

શિક્ષણ પત્રિકાનો આ નામનો વર્ષાનો

તમારાં બાળકોને શું આપશો ?

ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી પ્રકટ થતું

બાલમિત્ર

ગુજરાત કાઠિયાવાડના વિદ્વાન લેખકોના જ્ઞાનવર્ધક આનંદજનક અને ઉત્કર્ષક લેખોથી ભરપુર અને સુંદર ચિત્રોથી સુશોભિત ૮ થી ૧૪ વર્ષનાં બાળકો માટે અત્યન્ત ઉપયોગી અને દર મહિને નિયમિત પ્રકટ થતું **'બાલમિત્ર'** માસિક હજી તમારા કુટુમ્બમાં નથી આવતું ?

પ્રતિદિન ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે, એ જ બતાવે છે કે જે બાળક **'બાલમિત્ર'** વાંચે છે તે ગ્રાહક બનવા વડીલોને વિનવે છે.

ઑગસ્ટ માસથી **'બાલમિત્ર'**નું ૧૩મું વર્ષ શરૂ થયું છે.

ઑગસ્ટ કે જન્યુઆરીથી ગ્રાહક થઇ શકાય છે.

વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૪ પરદેશ માટે શિ. ૮

ચાર વર્ષના એડ્વી સાથે રૂ. ૧૪

લખો:—શ્રી. વ્યવસ્થાપક,

"બાલમિત્ર" કાર્યાલય,

ચરોતર એજ્યુકેશન સોસાયટી, **આણંદ**

ચરોતર એજ્યુકેશન સોસાયટી સંપાદિત્ત

બાલસાહિત્યમાળાનાં પુસ્તકો

બાલસાહિત્યમાળા

૧	તારામંડળ	કાચું	૦–૬–૦
		પાકું	૦–૯–૦
૨	કુમાર વીરસેન ભા. ૧		૦–૫–૦
૩	,, ,, ભા. ૨		૦–૬–૦
૪	ચાર બાલસંવાદો		૦–૩–૦
૫	બાલમિત્રની વાતો ભા.૧ લો	કાચું	૦–૯–૦
		પાકું	૦-૧૨-૦
૬	બાલકાવ્યો ભા. ૧ લો		૦–૩–૦
૭	સિન્દબાદ શેઠ	કાચું	૦–૭–૨
		પાકું	૦-૧૦-૦
૮	બાલમિત્રની વાતો ભા. ૨		૦–૯–૦
૯	નળદમયન્તી		૦–૩–૦
૧૦	પ્રહ્લાદ		૦–૪–૦
૧૧	વીર કથાઓ	કાચું	૦-૧૨-૦
		પાકું	૧–૦–૦
૧૨	ગામડાનું ગૌરવ		૯–૬–૦

એક આના બાલસાહિત્યમાળા

૧ અંગુઠિયાભાઇ
૨ કમળા અને બુલબુલ
૩ વીરકથાઓ ભા. ૧ લો
૪ રામો
૫ રંગની પેટી
૬ કાનો ભરવાડ
૭ બ્રહ્મ
૮ બાલારાજા
૯ મનોરમા
૧૦ ભલી ડોશી

ઇતર પુસ્તકો

૧	બાલમિત્ર વાર્ષિક અંક બીજા	કાચું	૦–૮–૦
		પાકું	૦-૧૦-૦
૨	છાત્રોને		૦–૧–૩

બાલમિત્રની પાકા પૂઠાવાળી ફાઇલો

દરેક કુટુમ્બમાં રાખવાલાયક

દરેકમાં કુલ પૃષ્ઠ ૫૦૦ સુંદર ચિત્રો સાથે
દરેક વર્ષની ફાઇલની કિમ્મત પોસ્ટેજ સાથે ચાર રૂપિયા ત્રણ આના

લખો:—શ્રી વ્યવસ્થાપક,
"બાલમિત્ર" કાર્યાલય,
ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ, આણંદ.

ત્વની થોડી ઊણપ છે. અને એથી જ હું માનું છું કે આજે દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવાવાળા વિદ્વાન લોકો ઉભા રહીને વિચાર કરવા લાગ્યા છે કે સમાજની નૌકા કઇ દિશામાં વહી રહી છે.

કેળવણી આપનારાઓ ઇચ્છે તો જરૂર સમાજની પુનર્રચના કરી શકે. મનુષ્યની તમામ શક્તિઓ મનુષ્યોમાં ભરી છે. કેળવણીનું એ જ કામ છે કે એ બધી શક્તિઓને યથાર્થ રસ્તે લઇ જાય. આજની સ્થિતિમાં સાધારણ રીતે એ તમામ કુદરતી શક્તિઓની વિકૃતિ જ થયેલી જણાય છે.

હું અહીં બાળકો સાથે જે પદ્ધતિથી કામ કરું છું તેમાં એ જ વસ્તુનો એક પ્રયત્ન છે કે બચ્ચાંઓમાં જે કંઇ છે તે બહાર લાવવાની અનુકૂળતા કરી આપી, એને સીધો રસ્તો આપવાનો પ્રયાસ કરવો. આજની પ્રથામાં તો જેવાં આપણે એમને કરવા ધારીએ છીએ તેવાં કરવાનો વૃથા પ્રયાસ છે. એમાં તો એ સ્વાભાવિક જ છે કે શીખનાર અને શીખવનારની શક્તિઓનું હમેશાં ધર્ષણ જ થતું રહે. અને એથી જ વિચારવાન લોકોનું એ માનવું થયું છે કે શીખનારાઓને પ્રવૃત્તિનું સ્વાતંત્ર્ય આપીને જ કેળવણીનો પ્રબંધ થવો જોઇએ. શિસ્ત જોઇએ તો તે પણ સ્વાતંત્ર્યમાંથી જ આવવી જોઇએ. સમગ્ર સૃષ્ટિનો એ કાયદો જણાય છે કે આપણા વિકાસને અનુરૂપ કોઇ પ્રવૃત્તિ કરવાની સ્વતંત્રતા મળે તો આપણે શાંત, વ્યવસ્થિત અને આજ્ઞાંકિત થઇ જઇએ છીએ. એ જ વસ્તુ આ નાનાં બાળકો માટે એટલી જ સાચી છે. એ લોકો શક્તિથી ભરપૂર, બીજના રૂપમાં સંપૂર્ણ મનુષ્યો છે. એ લોકોને માનપૂર્વક, પ્રેમથી, એમની શક્તિને અનુકૂળ એવી પ્રવૃત્તિઓ કરવા છૂટાં મૂકીએ તો એ લોકો એમની અખૂટ શક્તિનો ભંડાર આપણી આગળ ખોલી આપે છે.

મને અહીં કામ કરતાં એક વરસ થઇ ગયું. ખાસ કરીને ખૂબ જ ગરીબ માતપિતાઓનાં બાળકો અહીં આવે છે. પરંતુ મારે કહેવું જોઇએ કે તેઓ શક્તિથી ભરપૂર હોય છે. મને એમની સાથે કામ કરતાં તકલીફ થતી હોય તો તે એમની સામાજિક ખરાબ આદતોની છે. પહેલી ટેવ અશાંતિ છે; બીજી અસ્વચ્છતા અને ત્રીજી ખરાબ ભાષાનો ઉપયોગ. આ ત્રણે ટેવો એવી છે કે જેમાં માતપિતાઓ થોડો પ્રયત્ન કરે તો બહુ જ સરળતાથી એનો નિકાલ થઇ શકે. હું આ બચ્ચાંઓનાં માતપિતાઓને હાથ જોડીને કહેવા રજા લઉં છું કે ભલે આપ ગરીબ હો, પરંતુ આપની પાસે પ્રેમ છે. આ સૃષ્ટિમાં બાળકોનું આવવું ભલે અકસ્માત થઈ ગયું હોય, છતાં આપ લોકો આપના અંતરને પૂછશો તો માલૂમ પડશે કે બાળકો જ આપનું એક અણમોલું ધન છે; આપના તમામ વ્યવહારો એમને માટે જ ચાલતા હોય છે. જો એમ છે તો પછી આપ સૌને મારી નમ્ર પ્રાર્થના છે કે આપ એમને માનદૃષ્ટિથી જુઓ. આપની માનસિક સ્થિતિ ગમે તે કારણે શાંત ન હોય તો પણ આપ બચ્ચાંઓ સાથે તો શાંતિ જ ધરો.

બીજી વસ્તુ આપને કહેવા ઇચ્છું છું તે એ છે કે આપ બચ્ચાંઓને એમની મરજી મુજબનાં કામો એમની જાતે કરવા છૂટ આપો. એમનાં કપડાં એમણે જાતે પહેરવાં અને કાઢવાં,

પોતાના હાથે પાણી પીવું, પોતાના હાથે નાનાં નાનાં વાસણો માંજવાં, પોતાનાં નાનાં કપડા ધોવાં, સંજવારી કાઢવી, બારણાં ઉઘાડવાં બંધ કરવાં, જનવરોને પાણી પાવું, ખડ નીરવું, જમીનમાંથી ઘાસ તોડવું, કૂતરાંઓ સાથે રમવું, એમને ખાવા દેવું, રોટલી કરવી, માટીથી રમવું, રેતીમાં ઘર બાંધવું વગેરે અસંખ્ય કામો એ લોકો કરવા ધારે છે. એ કરવા સારૂ એમને થોડી ધીરજથી અનુકૂળતા આપણે કરી આપીએ તો એમની મસ્તી કામમાં લાગશે. આ બધામાં પૈસાનો વ્યય નહિ થાય; અલબત્ત થોડી ધીરજ અને કાળજી જોઇએ. ધીરજનો પાઠ ભણાવવામાં બચ્ચાંઓને આપણાં ગુરુ જરૂર બનાવી શકીએ.

શરીરની, કપડાંની અને બીજી આદતોની અસ્વચ્છતા અને ખરાબ ભાષાનો ઉપયોગ દૂર કરવામાં પૈસાની જરૂર નથી જણાતી. એમાં માતપિતાઓની આળસ સિવાય બીજું કશું નથી. આપણે સૌ બચ્ચાંઓને સૃષ્ટિમાં નિમંત્રિત કરવા માટે જવાબદાર છીએ, તો આટલી વધુ જવાબદારી આપણે નહિ ઉઠાવીએ તો પશુથી વધારે બદતર કહેવાઇશું. જનાવરો તો પોતાનાં બચ્ચાંઓનાં શરીર ઉપરનો મેલ જીભથી સાફ કરે છે! માતપિતાઓ પોતાની આળસ છોડી, અગર પૈસા કમાવામાં પડ્યાં હોય તો એમાંથી થોડો સમય બચાવી બચ્ચાંઓનાં શરીર અને કપડાં સાફ કરી આપે, અથવા એમને એ કામ શીખવી સોંપી દે, તો બાળકો એ કામો ખૂબ આનંદથી કરવા લાગશે. એમને એની ટેવ પડશે અને માતપિતાઓને આશીર્વાદ દેશે. મારો તો એ ખ્યાલ છે કે સૃષ્ટિની પ્રગતિ અવગતિનો આધાર બાળકો સાથેના આપણા સારા અથવા ખરાબ વર્તાવ ઉપર નિર્ભર છે.

ખરાબ ભાષાનો ઉપયોગ પણ જ્યાં સુધી આપણે જીવનના વ્યવહારોને પવિત્ર નહિ સમજીએ ત્યાં સુધી દૂર નહિ થાય.

અશાંતિને માટે અત્યારે તો એટલું જ કહેવું બસ થશે કે જેમ બને તેમ આપણે બચ્ચાંઓ સાથે ઘૂમો ઓછી પાડવી જોઇએ. આપણે સૌ બચ્ચાંઓ સાથે ચીસો પાડીએ છીએ એમાં આપણી જ અશક્તિનું માપ છે; જીવનમાં શાંતિ શું છે એ જ આપણે સમજતાં નથી. એ વસ્તુ સમજવા જેવી છે એવું મારૂં માનવું છે.

કોઇની ચીજ લઇ જવી, જૂઠું બોલવું વગેરે નીતિ વિષયક અવગુણો માટે એટલું જ કહીશ કે બાળકોને શરીર, મન અને બુદ્ધિના વિકાસ માટે જરૂરી વસ્તુઓ મળે તો આ બધાની આવવા માટે અવકાશ નથી. અહીંથી બચ્ચાંઓ કોઈ કોઈ ચીજ લઈ જાય છે પરંતુ પૂછતાં કબૂલ કરે છે. કબૂલાત પછી તેઓ સાથે જો સમજદારીથી કામ ન લેવાય તો બીજે સમયે એ કબૂલાત નથી થતી. માતપિતાઓએ આવી આદતોનો સમજપૂર્વક નિકાલ લાવવો જોઇએ.

મનુષ્ય વિકાસ માટે જ સૃષ્ટિમાં આવે છે. એની શક્તિને જાણીને, પ્રેમથી એને રસ્તો બતાવવામાં આવે તો શિક્ષા, ઇનામ, લાલચ આદિ કોઇ પણ બાહ્ય ચીજની જરૂર નથી રહેતી.

હાલતાં ચાલતાં : લેખક ગિજુભાઈ

૦–૧૦–૦ કિંમત : ટપાલના ૦–૨–૦

મધુભાઇ

મધુભાઇની ઉંમર ત્રણ વર્ષની છે. એમના પિતાના એ લાડીલા પુત્ર જણાય છે. સંયુક્ત કુટુંબમાં ઉછરે છે પરંતુ સૌથી નાના હોઇ હરેક કુટુંબીજન તરફથી તેમને વધુ પડતાં લાડ મળતાં હોય એમ લાગે છે.

એક તો ઉંમરે નાના છે, નિયમ જેવી કોઇ વસ્તુનો એમને હજુ અનુભવ જ નથી થયો, અને વળી લાડના વાતાવરણમાં ઉછરે છે એટલે બાલમંદિરના સામાજિક નિયમોને માન આપવાનું તેમને ભારે થઇ પડે છે.

એક વખત એવું બન્યું કે અમે બાલમંદિરનાં બધાં બાળકોને લઇ નદીએ નહાવા ગયા. મધુભાઇ બાલમંદિરમાં હજુ નવા જ છે, એટલે અમારાં પર્યટનોનો એમને આ અનુભવ પ્રથમનો જ હતો. બધાં બાળકો નદીમાં નહાવા પડ્યાં; મધુભાઇએ પણ નદીમાં ઝંપલાવ્યું. ઊંડાળા પાણીમાં નહાવાનું મળવાથી મધુભાઇના આનંદનો પાર ન હતો.

બાલમંદિર આવતાં અને નોકરની આંગળી પણ છોડતાં એમને ભારે થઇ પડે છે, જ્યારે પાણીમાં પડ્યા પછી તો એ એટલા છૂટા થઇ ગયા કે ન પૂછો વાત ! પાણીમાં છબછબિયાં કરતા દોડવું, બીજાને પાણી ઉડાડવું, પોતે ડૂબકીઓ ખાવી, વહેતા પાણીમાં બેસી પાણીની મજા માણવી, આવી અનેક પ્રકારની રમતોમાં એ ઘર ભૂલ્યા, નોકર ભૂલ્યા, અને જાણે દરેક બાળક અને શિક્ષક સાથે કેટલાય માસના મિત્ર હોય તેમ નહાવાની ગમત કરવા લાગ્યા.

બધાં બાળકોએ ધરાઇને નાહી લીધું એટલે સર્વ સામાન્ય સૂચન અપાયું: "હવે વખત પૂરતો થયો છે; આપણે અગિયાર વાગે ઘેર પહોંચવું છે. હજુ સૌએ નાસ્તો કરવાનો છે. તો બધાં બાળકો પાણીની બહાર નીકળી જાય અને કપડાં પહેરી ભોજન માટે તૈયારી કરે."

બાલમંદિરના નિયમને ટેવાયેલાં જૂનાં બાળકો તો ઇચ્છાથી કે અનિચ્છાથી ટપોટપ બહાર નીકળવા લાગ્યાં. જે બાળકોને હજુય નહાવું જ હતું, તેઓ પણ પરિસ્થિતિને સમજી સૂચનને વશ થયાં. બધાં બાળકો પાણી બહાર નીકળ્યાં પણ મધુભાઇએ નીકળવાની ના પાડી. "ના, હું નહિ નીકળું. મારે તો હજુ નહાવું છે." આમ કાલી કાલી ભાષામાં તેમણે જલદી નીકળવા સામે સખત વિરોધ દર્શાવ્યો.

મેં કહ્યું: "તમે ખૂબ નહાયા છો. વધુ વખત પાણીમાં રહીએ અને માંદા પડીએ તો ?" પણ મધુભાઇ તો બહાર નીકળવાની કોઇ પણ વાત સાંભળવા તૈયાર જ ન હતા. એમની સાથે દલીલો કરવી નકામી છે, એમ સમજી મેં ધીરેથી એ સમજી શકે તેવી રીતે કહ્યું: "આપણે ઘેર જલદી પહોંચવું છે અને મોડું થાય છે. તમારે હજુ નહાવું હોય તો નહાઓ; અમે સૌ તો જઇએ છીએ."

આ વાત પણ તેમને આકરી પડી. એ તો માગતા હતા કે એમને નહાવું છે માટે અમારે સૌએ એમના માટે મોડા થવું. એમણે હઠ લીધી; બહાર નીકળવાની ધસીને ના પાડી.

વખત હોત તો એમને તો શું, પણ બીજાં નહાવાનાં શોખીન બાળકોને પણ નહાવા દેત.

વળી આ બદલાતી ઋતુનો વિચાર પણ અમારે કરવાનો હતો. એટલે મેં ફરીથી કહ્યું: "તમે તમારે નહાવું હોય તેટલું નહાવ; અમે તો આ ચાલ્યાં. પણે બાળકો કપડાં પહેરીને તૈયાર થઇ રાહ જોઈ રહ્યાં છે." આટલું કહી મધુભાઇ નહાવા રહે તો તેમનું બરાબર ધ્યાન રાખવાનું નોકરને ખાનગી સૂચન કરી અમે સૌ બહાર નીકળ્યા. અને નદીકાંઠાનો રસ્તો લીધો. પણ...

આડી નજરે પાછળ જોયું તો મધુભાઇ ધીરે ડગલે કાંઠા તરફ આવતા હતા.

: ૨ :

આ પ્રસંગ બન્યા પછી બીજે કે ત્રીજે દિવસે બાલમંદિરમાં આઇસક્રીમનો નાસ્તો હતો. પીરસવાનું શરૂ થયું ત્યારે સૌને કહી દેવામાં આવ્યું: "આઇસક્રીમ બે વખત મળશે. બે વખત આઇસક્રીમ મળ્યા પછી સૌએ હાથમોઢું સાફ કરવા ચાલ્યા જવું." જેમણે આઇસક્રીમ બે વખત લીધો હતો તેઓ તો હવે ત્રીજી વખત તે મળવાનો નથી એમ સમજી ચાલતાં થયાં, પણ મધુભાઇ તો કોઠીમાં હજુ આઇસક્રીમ છે તે જોઇને અને તેમને તે જોઇતો હતો તે કારણે પણ ઉઠ્યા નહિ, અને કહેવા લાગ્યા: "મને આપો."

મધુભાઇની માગણી એવી કાલી, મીઠી તેમ જ સ્નેહાળ ભાષામાં થાય છે કે તેમને ના પાડતાં દિલમાં કારી ઘા લાગે. પરંતુ આ સ્વતંત્ર શાળાના કેટલાક સામાજિક નિયમોને બંધ બેસતા તેમને કરવા છે તે કારણે મારે તેમને કહેવું પડ્યું: "મધુભાઇ, એ તો બે વખત જ મળવાનો હતો. તમને બે વખત મળ્યો ને?"

મધુભાઇ કહે: "હા, પણ જોઇએ છે."

મેં કહ્યું: "હવે તો નહિ મળે. ત્રીજી વખત કોઇને આપવાનો નથી."

નદીનો પ્રસંગ યાદ હોય, કે મારી વાત તેમને ગળે ઉતરી હોય, કે એ સમજી ગયા હોય કે હવે 'ના' ની 'હા' થશે નહિ તે કારણે, કે ગમે તે કારણે, પણ આ છેલ્લું વાક્ય સાંભળી ફરીથી તેમણે આઇસક્રીમ માગ્યો નહિ. પોતાની રકાબીમાં જે છેલ્લું ટીપું હતું તે ચમચીમાં લઈ મોઢામાં મૂકી મૂંગા મૂંગા મધુભાઇ હાથ ધોવા ઉપડી ગયા.

: ૩ :

ગયા શનિવારે અમે પમ્પવાડીએ ફરવા ગયા હતા. પાર વિનાના ફૂલછોડ જોઈ મધુભાઇનું મન ચળ્યું. આ ફૂલ તોડું કે તે તોડું એમ મનમાં થઇ આવે. મને પૂછ્યું: "ફૂલ લઉં?"

તેમનો વિનય જોઇ મને તેમના આગલા પ્રસંગો યાદ આવ્યા અને નવાઇ લાગી. મને લાગ્યું કે આ બગીચો જો બાલમંદિરનો કે મારો હોત તો મધુભાઇની આ ઇચ્છાને હું તૃપ્ત કરી શકત. પણ કમભાગ્યે બગીચો અમારા કોઇનો! નહોતો એટલે મારે કહેવું પડ્યું: "માળીને આપણે પૂછીએ. એ રજા આપે એટલે જેટલાં ફૂલો લેવાં હોય તેટલાં લઇએ."

બગીચાનો માળી માયાળુ હતો. અમારી આ વાતચીત સાંભળતો હતો. મારું છેલ્લું વાક્ય પૂરું થયું ત્યાં તો તેણે બે ચાર ફૂલ મધુભાઇનાં હાથમાં મૂક્યાં. મેં માળીને કહ્યું: "એમને તો જાતે ફૂલ તોડવાં છે અને એકઠાં કરવા છે. તમે રજા ન આપો?"

સમજુ માળીને ગળે વાત ઉતરી. એણે

ફૂલ લેવાની હા પાડી અને મધુભાઇએ બેચાર ફૂલ ચૂંટી પોતાની જિજ્ઞાસાવૃત્તિને તૃપ્ત કરી.

પરંતુ મધુભાઇ આ વખતે આટલી ધીરજ ધરી શક્યા તે જોઇ મને બાળકો ઉપર વધુ વિશ્વાસ બેઠો. મનમાં થયું: "જો પ્રથમથી જ બાળક સાથે એકધારૂં સીધું વર્તન ફેળવણીની દૃષ્ટિથી રાખીએ તો તે આપણા હેતુને બરાબર સમજી શકે છે અને બીજાના હક્ક સાચવવાનું તેને ગળે ઉતરે છે પણ ખરૂં."

બગીચામાં ફરીને અમે નાસ્તો કરવા બેઠા. આજે નાસ્તામાં કેળાં હતાં. દરેક બાળકને એક કેળું મળવાનું હતું. મધુભાઇના હાથમાં કેળું સમાયું નહિ અને છાલ ઉતારતાં તે ભોંય પર પડ્યું અને ધૂળવાળું થયું.

કેળું હાથમાંથી પડી જવાને લીધે તેમનું મોઢું જરા વીલું થાય કે તે કેળાંની માગણી કરે તે પહેલાં પીરસનાર ભાઇને મેં કહ્યું: "મધુભાઇને બે કટકા કરીને એક કેળું આપજો; પહેલાં એક કટકો આપજો; પછી બીજો."

આ વખતે તો તેમને કંઈ કહેવાનું રહ્યું નહિ. બાળકો નાસ્તો કરી ધોરિયે હાથપગ ધોવા ગયાં, પણ મધુભાઇ તો હજુ બેઠા જ હતા. એમને બીજો બાકીનો કટકો અપાયો હતો કે નહિ તેની મને ખબર ન હતી. મારા મનમાં આવ્યું કે એમને હજુ બીજું કેળું જોઇએ છીએ. મેં કહ્યું: "કેમ ભાઇ હજુ બેઠા છો? મોઢું ધોવા ઉપડોને!"

મધુભાઇએ જવાબ આપ્યો: "હજુ બીજો કટકો નથી મળ્યો."

તુરત જ બીજો કટકો પીરસનારે તેમને આપ્યો; અને પોતાનો ભાગ ખલાસ કરી આજે બીજા વધારાના ભાગની માગણી કર્યા વિના મધુભાઇ ધોરિયા તરફ વળ્યા.

બાળકોની દશા

ઉજળી દૂધ જેવી ફાગણ માસની ચાંદનીમાં સોસાયટીની સડક ઉપર હું લટાર મારી રહ્યો હતો. કોઇ પણ વિચાર વિનાનું મારૂં ખાલી મગજ શીળી ચાંદનીનો આલ્હાદ લઇ રહ્યું હતું. આસપાસના બંગલાઓમાંથી ઝબકતા વીજળીના દીવા ચમકતી ચાંદની વચ્ચે ભોંઠા પડતા જણાતા હતા.

દિવારાત્રિના સમધુર, ચેતનવંતા પવનની લહેરમાં મંદ ગતિથી હું આંટા મારતો હતો, તેવામાં સામેની સડક પરના બંગલામાંથી ત્રાડ સંભળાઇ: "લે...લે...લે. લે...લેતો...જા." કુદરતની મીઠી શાંતિમાં સ્ખલન રૂપ થઇ પડતા આ અવાજથી હું ચમક્યો. સામે જ જરા કુતુહલથી નજર માંડું છું તો ચાંદનીમાં ખીલી ઉઠેલા પુષ્પોવાળા બગીચાની વચ્ચે એક બાળકને તેના પિતા આડી ને અવળી રીતે કોઇ વખત પાટુથી, તો કોઇ વખત તમાચાથી આંખો મીંચીને લગાવી રહ્યા છે. આક્રંદ કરતું એ અસહાય બાળક અડવડિયાં ખાઇ નીચે પડે છે. પિતા તેના જોરાવર હાથથી તેને ઉભું કરી સડાક, સડાક, સડાક એમ બે ચાર તમાચા બેંચી કાઢે છે.

આઠ દસ વર્ષનો બાળક બિચારો ધ્રૂજતો ધ્રૂજતો બે હાથ જોડી કરગરે છે, અને વિનવે છે: "બાપાજી! ભૂલી ગયો. હવે બરાબર લેસન કરીશ." પિતાશ્રીના હાથ થાકે છે ત્યારે જીભનું

જોર ચલાવે છે: અંતે માતાનું કૂણું દિલ કકળી ઉઠે છે ત્યારે જ બાળક બિચારું એ રાક્ષસી પિતાના પંજામાંથી મુક્તિ મેળવે છે.

શહેરથી દોઢ ગાઉ દૂર એક દસકાના વસવાટ દરમિયાન પૂલ પાસેની આછી અને છૂટક વસ્તીના કારણે આવાં ક્રૂર દશ્યો જોવાનું કે અનુભવવાનું ભાગ્યે જ મળતું. સુધરેલી ઢબે વસેલાં સુશિક્ષિત અને સજ્જન સ્ત્રી પુરુષોનાં આ પરાંઓમાં બાળકો પ્રત્યે કોઈ માતપિતા આવો ક્રૂર વર્તાવ કરી શકતાં હશે એ કલ્પના સરખીયે મને ન હતી. પોળોમાં તો અણસમજુ વર્ગમાં આવા અનુભવો જ્યાં ત્યાં થાય; પરંતુ સફેદ વસ્ત્રથી સજ્જ થયેલાં, ભણેલાં ગણેલાં અને પોતાના બાળકની કેળવણીમાં રસ લેતાં દેખાતાં માતપિતા પણ શું આટલી ક્રૂરતા દાખવી શકતાં હશે?

મને થયું: "સોસાયટીઓને સ્વર્ગસમી માની લઈ કોઇ પણ મત બાંધવો તેમાં જ ભૂલ છે. સેંકડો સારા માનવીઓના આ સમુદાયમાં આવા કોઇક પિતા હોય તે પરથી બધા વિષે એક જાતનો મત બાંધી દેવો તે પણ વધારે પડતું જ છે. ગામ હોય ત્યાં ઢેઢવાડો પણ હોય."

આવા વિચારોમાં ચાંદનીમાં શિતળ કિરણોની સામટી ઠંડી મારા તપતા મગજ માટે ઓછી પડી. "ગમે તેમ તો પણ બાળકને ઢીબવાનો જમાનો તો હવે ગયો." એમ આશ્વાસન મેળવતો મેળવતો, મનને મનાવતો મનાવતો; મારા પગને હું આગળ ધકેલ્યે જતો હતો. મારી ગડમથલમાં સાચે જ એમ સમજી લઉં છું કે "બીજે તો ગમે તેમ હોય, પરંતુ આ સોસાયટીઓમાં બાળકો પર આવા મારનો ત્રાસ કોઇ રડ્યેખડ્યે ઠેકાણે જ ગુજરાતો હશે."

મારા મનમાં હું ઉપરની ગાંઠ વાળું છું ત્યાં એક મિત્રનું બાળક તેના બંગલાનાં પગથિયાં ઠેકતું દોડતું મારી પાસે આવ્યું અને બોલ્યું: "એ ...ભાઇ! આજ તો જનુભાઇને એમના બાપાએ ઢીબી જ નાખ્યા! ખબર છે? હમણાં જ."

મેં કહ્યું: "હશે, તમારે તો લહેર છે ને? તમને તો કોઇ નહિ મારતું હોય, કેમ?"

બાળક: "અમનેય મારે, કેમ ન મારે? હમણાં જ મારી બાએ મને ચોંટિયો ભર્યો હતો. આ રહી તેની નિશાની."

એ નિર્દોષ બાળકે એનો સુકોમળ હાથ લાંબો કરી તેના પરની તાજી છાપ મને દેખાડી. તે છાપમાં માતપિતાની કીર્તિ અને પૈસો, તમામ પર ભૂંસાડિયો વાળતો કાળો શાહી જેવો ડાઘ હતો!

મેં કહ્યું: "હોય, એ તો બા છે ને? બાને કોણ કહી શકે?"

બાળક: "તમે કહો છોને છોકરાંને ન મરાય, તોય અમને તો મારે છે. પણ રમાબેનની બા તો એ કજિયા કરે ત્યારે બાથરૂમમાં જ પૂરી રાખે. બે ત્રણ કલાક સુધી બહાર જ ન કાઢે!"

મેં પૂછ્યું: "ત્યારે તમને તમારી બા મારે નહિ, ને બાથરૂમમાં પૂરી રાખે તો સારું ને?"

બાળક: "ના બાપુ, એ કરતાં માર ખાઇ લેવો સારો."

બાથરૂમમાં પૂરાવા કરતાં માર ખાઇ લેવો એ શા માટે સારું, એ પ્રશ્ન હું કરું તે પહેલાં તો આ બાળકે તેના મિત્રોની અનેક કહાણીઓ કહેવા માંડી. મને પ્રશ્ન કરવા દેવાની અને તે સાંભળવાની તેને ધીરજ ન હતી. જે માતપિતા પોતાનાં બાળકોને મારતાં નથી તેમણે મારવા બદલે તેથીયે ભયંકર અને વધુ નુકસાન

કારક રીતિઓ શોધવામાં પોતાની મૌલિક શક્તિઓનો કેવો કેવો દુરુપયોગ કર્યો છે તેનો ચિતાર આ બાળકે આપવા માંડ્યો. તેના વર્ણનમાં ક્યાંયે અતિશયોક્તિ ન હતી. તેની વિગતોમાં કોઇ ઠેકાણે રંગ પૂરવાની તેનામાં આવડત ન હતી. તેના જેટલી જ નિર્દોષ વાણીમાં તેના મિત્રોનાં વીતકની કથની તેણે જેવા ને તેવા સ્વરૂપમાં વર્ણવી. તેનો સારાંશ આ હતો.

ક કોઇ બાળકને બાથરૂમમાં કલાકોના કલાક સુધી પૂરાઇ રહેવું પડે છે, અને ભયંથી છૂટી પડેલા પેશાબના કારણે આખી બાથરૂમ ગંધાઇ ઉઠે છે.

ખ કોઇને કોલસાની રૂમમાં પૂરાવું પડે છે.

ગ કોઇને કેદી માફક ભોંયરામાં એકાંત સજા ભોગવવી પડે છે.

ઘ કોઇને જાજરૂના કીડાની માફક જાજરૂમાં બદબદવું પડે છે.

શિક્ષિતવર્ગમાં શિક્ષાની આવી આવી વિચિત્ર રીતિઓની શોધોના મારા ભયંકર અજ્ઞાન માટે મને પણ મારી જાત માટે દયા આવી. એ બાળકે જે જે બાળકોનાં વર્ણન કર્યાં છે તેમાં કેટલાંએક કુટુંબો તો સમાજમાં ઉચ્ચ દરજ્જો ભોગવે છે.

આપણે કબૂલ કરવાનો ઇનકાર કરીએ તેવી, એક બાળકના મુખેથી સરી પડેલી આ કરુણ કથની છે. ખરેખર માતપિતાના દિલનો બાળકો પ્રત્યેના વર્તાવમાં હૃદયપલટો ન થાય, તેમનો દૃષ્ટિકોણ ન ફેરવાય, ત્યાં સુધી અનેક સ્વરૂપમાં તેમનાં મૌલિક ભેજાંઓ ઉપરોક્ત રીતિએ કામ કરવાનાં.

આટલું જાણજો

જુદા જુદા દેશોમાં કેળવણી પ્રચાર

દેશ		પુરુષ	સ્ત્રી
જાપાન	દર સેંકડે	૭૦	૬૧
ઇંગ્લાંડ	”	૯૩	૯૧
અમેરિકા	”	૯૫	૯૩
જર્મની	”	૯૮	૯૬
ડેન્માર્ક	”	૧૦૦	૧૦૦
હિંદુસ્તાન	”	૮	૧½

જુદા જુદા દેશોમાં કેળવણીનો ખર્ચ

દેશ		રૂા. આ.
ડેન્માર્ક	દર વિદ્યાર્થી દીઠ	૧૭–૫
અમેરિકા	”	૧૬–૫
ઇંગ્લાંડ	”	૯–૦
ફ્રાન્સ	”	૯–૦
જાપાન	”	૭–૦
હિંદુસ્તાન	”	૦–૨

હિંદની શિક્ષણસંસ્થાઓ

યુનિવર્સીટીઓ...૧૬; કૉલેજો...૩૧૩; હાઇસ્કૂલો...૨૮૩૪;
મિડલસ્કૂલો...૯૭૫૩; બીનસરકારી શાળાઓ...૩૪૨૨૨.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

હિંદુસ્તાનમાં નીકળતાં કેળવણી વિષયક કેટલાંક અંગ્રેજી સામયિકોની યાદી

પંજાબ

૧ ધી પંજાબ એજ્યુકેશનલ જર્નલ—માસિક. વાર્ષિક લવાજમ રૂા. ૬); પ્રકાશક, મેશર્સ ગુલાબસિંધ એન્ડ સન્સ, લાહોર.

૨ ધી મોગા જર્નલ ફૉર ટીચર્સ—માસિક. લવાજમ રૂા. ૨-૮-૦ પ્રકાશક ટ્રેઇનિંગ કૉલેજ ફૉર વિલેજ ટીચર્સ, મોગા.

સંયુક્ત પ્રાંતો

૧ એજ્યુકેશન—માસિક. પ્રકાશક, અગ્રવાલ પ્રેસ, શિવચરણલાલ રોડ, અલાહાબાદ. વાર્ષિક લવાજમ રૂા. ૩).

બંગાળો

૧ ધી ટીચર્સ જર્નલ—અંગ્રેજી બંગાળીમાં માસિક. વાર્ષિક લવાજમ રૂા. ૭); કાર્યાલય, ૨૦૬ કૉર્નવૉલિસ સ્ટ્રીટ, કલકત્તા.

બિહાર અને ઓરિસ્સા

૧ ધી બિહાર એન્ડ ઓરિસ્સા ટીચર્સ જર્નલ—દ્વૈમાસિક. વાર્ષિક લવાજમ રૂા. ૩). તંત્રીઓ બી. એન, મુકરજી: હેડમાસ્તર, મારવાડી પાઠશાળા, ભાગલપુર, અને એસ. કે. રૉય, પ્રિન્સીપાલ, સેઈન્ટ મૉલ્સ હાઈસ્કૂલ. રાંચી.

મુંબઈ ઇલાકો

૧ ટીચિંગ—માસિક. પ્રકાશક, ધી ઓક્સફર્ડ યુનિર્સિટી પ્રેસ, સૈદાપેટ.

૨ પ્રોગ્રેસ ઓફ એજ્યુકેશન—માસિક. પ્રકાશક, આર્યભૂષણ પ્રેસ, ૯૩૬/૨ ભાંબુર્ડા પેઠ, પૂના સીટી. વાર્ષિક લવાજમ રૂા. ૬-૯-૦

૩ કર્નાટક જર્નલ ઑફ એજ્યુકેશન—ત્રૈમાસિક. વાર્ષિક લવાજમ રૂા. ૧-૪-૦

હૈદ્રાબાદ (દક્ષિણ)

૧ હૈદ્રાબાદ ટીચર—ત્રૈમાસિક; અંગ્રેજી અને ઉર્દુમાં. વાર્ષિક લવાજમ રૂા. ૩).

મદ્રાસ ઇલાકો

૧ ધી એજ્યુકેશનલ રીવ્યુ—માસિક. પ્રકાશક મેશર્સ શ્રીનિવાસ વરદાચારી એન્ડ કુંપની; ૧૯૦, માઉન્ટ રોડ, મદ્રાસ. વાર્ષિક લવાજમ રૂા ૫)

૨ ધી સાઉથ ઇન્ડીયન ટીચર—માસિક, પ્રકાશક, સાઉથ ઇંડિયા ટીચર્સ યુનિયન; ૪૧, સિંગારાચારી સ્ટ્રીટ, ટ્રિપ્લિકેન: મદ્રાસ

૩ ઇંડિયન એજ્યુકેટર—માસિક. વાર્ષિક લવાજમ રૂા. ૨). પ્રકાશક, વી. અરવમુદ્ર આયંગર; ૩૯૮, નોર્થ માસી સ્ટ્રીટ, મદુરા.

માઇસોર

૧ ધી માઇસોર સેકંડરી એજ્યુકેશન લીગ જર્નલ—ત્રિમાસિક. વાર્ષિક લવાજમ રૂા. ૨). માઈસોર.

કોચીન

૧ ધી ટીચર્સ મેગેઝિન—અંગ્રેજી અને મલાયલમમાં. ત્રૈમાસિક. વાર્ષિક લવાજમ રૂા. ૧). તંત્રી. એન. એસ. શ્રીનિવાસ આયર; એમ. એ. એલ.ટી. નમરા.

ત્રાવણકોર રાજ્ય

૧ ધી જનરલ ઑફ ધી ત્રાવણકોર ટીચર્સ એસોસીએશન—ત્રૈમાસિક. વાર્ષિક લવાજમ રૂા. ૨). ત્રાવણકોર.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અંજુઁ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી અંક)

વર્ષ નવમું
૧૯૬૦

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

: તંત્રીઓ :
ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

ઈર્ષ્યા કરનાર પોતે જ તેના અગ્નિથી બળે છે. તે અન્યાયી બને છે. 'જગતમાં ન્યાય નથી.' એમ કહીને તે નાસ્તિક બને છે. પોતે આત્મવિશ્વાસ ગુમાવે છે અને કશા જ ઉપયોગી કામનો રહેતો નથી.

સારામાં સારા માણસો પણ ઈર્ષ્યાના ભોગ થઈ પડેલા જોવામાં આવે છે. ઈર્ષ્યા ધનની અને માલની જ થાય છે એવું નથી; મોટા માણસો બીજાની કીર્તિની, શક્તિની, ઉદારતાની, પ્રેમની અને ધર્મની ઈર્ષ્યા કરે છે.

સ્થૂળ ઈર્ષ્યા કરતાં સૂક્ષ્મ ઈર્ષ્યા ભયંકર છે.*

*હમણાં પ્રગટ થયેલા શ્રી. ગિજુભાઈના 'શાંત પળોમાં'માંથી.

હવે નહિ ચાલે.

આપણે આપણા પૂર્વજોના કોઇ મહાપુણ્યે એટલું માનતાં તો શીખ્યા કે છોકરાઓને તો ભણાવવા જોઇએ. આજે આપણે હોંશે હોંશે છોકરાઓને ભણાવીએ છીએ; તે ભણવા ન જાય તો તેને મારીને પણ આપણે ભણવા મોકલીએ છીએ; તેને માટે શિક્ષક રાખીએ છીએ અને ખર્ચ પણ કરીએ છીએ; પણ તેને ભણાવીએ તો છીએ જ.

પણ તેની સાથે આપણે આપણી દીકરીઓને ભણાવતા નથી. દીકરીઓને ભણાવવા માટે આપણો જરાયે આગ્રહ નથી. આપણા ગામમાં કન્યાશાળા હોય તો વખતે આપણી દીકરી ભણવા જાય તો પણ ઠીક, અને ન જાય તો પણ ઠીક. બાકી દીકરા જેમ દીકરીને પણ ભણાવવી જોઇએ એવું તો આપણામાંના થોડા જ માને છે, અને તેથીયે થોડા અમલ કરે છે.

આપણે પોતે એમ માનીએ છીએ કે દીકરીને ભણીને શું કરવું છે? આપણે એમ માનીએ છીએ કે દીકરો ભણશે તો કમાશે ને ઘડપણમાં આપણને પાળશે. આપણે કહીએ છીએ કે દીકરી ભણીને આપણને શો ગુણ દેશે? તે ક્યાં રળીને ખવરાવવાની છે? તે તો પારકે ઘેર જશે અને પારકાની થશે. એમાં આપણને શો લાભ?

આપણામાંના ઘણા એમ પણ માને છે કે દીકરીની જાતને વળી ભણાવવી'તી શી? એને ભણાવીએ તો ઉલટી એ બગડી જાય. કાગળ પત્ર લખતાં આવડે તો જેને તેને ચિઠ્ઠી લખે. દીકરી ભણે ને વખતે આપણું નાક કપાવે તો ભૂંડું થાય! એમ પણ માનવાવાળા પડ્યા છે ખરા.

દીકરીની માતાઓ તો આપણાથીયે વધારે અજ્ઞાન છે; કેમ કે તેમણે જીવનમાં કદી પણ રસોડું અને ફળિયાની પેલી પાર કશું જોયું નથી, તેણે કદી પણ પાટિયા પર ધૂળ નાખી નથી, એટલે ભણતરની તેને જરા પણ કિંમત નથી; ભણતર તેને કેવળ ભય રૂપ જ લાગે છે. આપણી સ્ત્રીઓ કહે છે: "હવે વળી ભણવાં શાં? અમે ભણ્યાં નથી તે શું બગડી ગયું છે?"

વળી માતાઓ પોતાની દીકરીઓને પોતાના ટૂંકા સ્વાર્થને લીધે ભણવા જવા દેતી નથી. તે હમેશાં દીકરીઓ પાસે કામ કરાવવા માગે છે. તેઓ માને છે કે દીકરીઓ ઘરનું કામ કરવા માટે છે, અને છોકરાઓ ભણવાગણવા માટે છે. તેઓ દીકરીઓ પાસે કામ કરાવીને ખુશી થાય છે અને તક મળે તો બેઠી બેઠી આરામ લે છે, અથવા ગપ્પા હાંકે છે. મતલબે તેઓ દીકરીઓને માત્ર બહુ બહુ તો રાંધતાંચીંધતાં અને ઘરકામ કરતાં શીખવે છે. વધારે કશું જ નહિ.

આજે આપણી આ સ્થિતિ છે. ચાલો આપણે જરા વિચાર કરવા બેસીએ.

આપણે જે એમ માનીએ છીએ કે દીકરા દીકરીઓથી વધારે, દીકરાને વધારે સારી રીતે રાખવા અને દીકરીઓને નહિ, એ શું વ્યાજબી છે? બે આંખોમાં જમણી અને ડાબી બન્ને આપણા મનને સરખી ન હોવી જોઇએ? ભગવાને આપણને દીકરી આપી કે દીકરો આપ્યો એ બન્ને શું આપણાં ફરજંદો નથી? શું એક વહાલું છે અને બીજું દવલું છે, એમ

આપણું કહેવું છે ? શું એકનું આપણે ભલું કરવા માગીએ છીએ અને બીજાનું આપણે બૂરું કરવા માગીએ છીએ ?

કદાચ એવો ઇરાદો આપણો નથી. ઉલટું જૂની માન્યતા પ્રમાણે દીકરી માબાપને વધારે વહાલી હોય છે કેમ કે તે થોડા દિ'ની મહેમાન ગણાય છે. પણ તે વહાલી છે તેથી જ શું તેને ભણાવ્યાગણાવ્યા વિના ઢોર જેવી રાખવી જોઇએ ? શું તેથી જ આપણે દીકરાને કામ-ધંધાનું શિક્ષણ આપવું અને દીકરીને માત્ર ખાંડણિયા ને ઘંટીનું જ શિક્ષણ આપવું ?

આપણને અનુભવ નથી શું, કે હવેના ભણતા જતા છોકરાઓને અભણ છોકરીઓની સાથે લગ્ન કરવાનું નથી ગમતું ? શું હવે એવું નથી બનતું કે અભણ છોકરી સાથે ભણેલ વરને બનતું નથી ? હજી આવા દાખલાઓ થોડા છે. પણ જેમ જેમ છોકરાઓ વધારે ભણતા જશે અને છોકરીઓ અભણ રહેશે, તેમ તેમ વર વહુ વચ્ચેનું અંતર વધશે; તેને પરિણામે તેઓમાં ગભરામણ વધશે, અને છેવટે તેમનો સંસાર અસંતોષકારક નીવડશે.

જૂનો જમાનો હવે રહ્યો નથી. હવે છોકરાઓના આદર્શો ઉંચા થવા લાગ્યા છે. એટલે તેઓ પોતાની સ્ત્રીને એક રસોયણ કે કામવાળી ગણવા નથી માગતા, તેઓ પોતાની સ્ત્રીને એક ઘરનું ઠામવાસણ કે ઢોર ગણવા નથી માગતા, પણ તેઓ તેને જીંદગીનો એક જોડી-દાર, સુખદુઃખનો ભાગીદાર ગણવા માગે છે; અને જીવનની તમામ કટોકટીમાં તેની મદદની આશા રાખે છે. તેઓની સ્ત્રી તરફની દૃષ્ટિ જૂના લોકોની દૃષ્ટિ જેવી આજે નથી રહી; અને તેથી જ તેઓ પોતાની સ્ત્રીને નવયુગ પ્રમાણે પોતાના લાયક મિત્ર જેવી માગે છે.

પણ દીકરીનાં માબાપો હજી પોતાની જૂની ધરેડને વળગી રહીને દીકરીને અભણ રાખે છે; દીકરીને ઘરેણાં લૂગડાંથી સંતોષીને માત્ર તેને એક રૂપાળી ઢીંગલી બનાવવા માગે છે; અને જ્ઞાતિના રિવાજોને ચુસ્તપણે વળગી રહી તેને અબૂજ અને મૂરખ રાખે છે. આવી કન્યાઓનો સંસાર પૈસાથી નહિ સુધરે. આવી કન્યાઓનો સંસાર કપડાંથી નહિ સુધરે. હવેનો સંસાર વિદ્યા, આવડત ને હોશિયારી માગે છે; અને તે કન્યાઓમાં જોઇશે. માબાપે તેવું શિક્ષણ આપવું પડશે.

આપણી પોતાની જ માતાઓ અભણ હોવાથી તેઓ આપણને ભણાવી ન શકી. અભણ માબાપો વિદ્યાનો લાભ સમજી શકતાં નથી તેથી તે પોતાનાં બાળકોને ભણાવતાં નથી. એ જ માબાપની અભણ દીકરીઓ વળી પાછું પોતાની કન્યાઓને ભણાવશે નહિ; અને એમ ને એમ અભણપણું ચાલુ જ રહેશે. એ મટાડવા માટે, એ અજ્ઞાનનો પ્રવાહ તોડવા માટે, આપણે આજથી જ પ્રયત્ન કરવો ઘટે છે.

આપણે ઘણા બધા વહેમોમાં ડૂબ્યા છીએ. ધર્મને નામે આપણી સ્ત્રીઓને બ્રાહ્મણ, જોગી, જતિ, વગેરે લૂંટે છે. સમાજને નામે આપણી બહેનો અને દીકરીઓ કેટલીયે કુરૂઢિઓ ચલવે છે. આપણામાં ચાલી રહેલ મૃત્યુ પછીનાં ભોજનો, બાળલગ્ન, વૃદ્ધલગ્ન, ખોટા નાતવરા, એ બધાનું મૂળ અજ્ઞાન છે; અને અજ્ઞાનનું મૂળ માતા છે. આપણી માતાઓ અભણ હોઇ તેઓ જડતાથી ધર્મ અને સમાજની ગુલામ થઇને

બેઠેલી છે; તેઓએ આપણી પાસે ગુલામીપણું સ્વીકારાવ્યું છે. એ જ ગુલામી, એ જ વહેમ અને એ જ જડતા આપણી દીકરીઓમાં પણ અભણપણાને કારણે ઉતરે છે ત્યારે આપણાં બાળકોની સ્થિતિ એવી ને એવી ભયંકર રહે છે અને રહેવાની છે!

વળી અભણ માતાઓ પોતાના ઘરનો વહીવટ બરાબર ચલવી શકે નહિ; તેઓ પોતાનાં વહાલાં છોકરાંઓને પણ કેમ ઉછેરવાં તે જાણી શકતી નથી. પોતાની જીંદગીનો શો અર્થ છે અને તેનો ઉપયોગ કેમ કરવો એની ખબર તો અભણ માતાઓને શી રીતે હોય? એ માતાઓ જ્યાં સુધી આપણને અંધકારમાં રાખે છે ત્યાં સુધી આપણી ચડતી અશક્ય છે. એકલા પુરુષો દોડીદોડીને કેટલે દોડશે? એક પાંખે પંખી કેટલું દોડી શકશે?

માટે જ આપણો સંસાર—આપણું ઘર સુધારવું હોય, આપણી ભાવિ પેઢીને સારી બનાવવી હોય, ટૂંકમાં આપણે આપણું ભલું કરવું હોય તો જેમ આપણે આપણા છોકરાઓને ભણાવીએ છીએ તેમ જ આપણે આપણી છોકરીઓને કશો પણ ભેદભાવ રાખ્યા વિના ભણાવીએ અને આપણે સુખી થઈએ. ગિ.

કેળવણી વિષે વિચારો

[અનુસંધાન ગતાંક પાનું ૭૧ થી]

૨ મારી દૃષ્ટિ

આવડી લાંબી અને કંટાળીમાં કશું નવું ન લખવાની પ્રસ્તાવના કર્યા પછી હું જે લખવા બેસું તો કોઇ પણ માણસ મને સ્વાભાવિક રીતે જ પૂછે કે તું શું કામ આટલા બધા વિચારોમાં એક નવો વિચાર ફેંકે છે? અને મને લાગે છે કે પૂછનારને એમ પૂછવાનો સંપૂર્ણ હક્ક છે.

જો મારી એક અંગત વાત લખું તો મને યાદ આવે છે કે જ્યારે હું છું એ કરતાં નાનો હતો અને છું એ કરતાં પણ ગપ્પાં મારવાનો વધુ શોખીન હતો, ત્યારે એક મારાં સુશિક્ષિત વિદ્વાન મિત્રે મને [1]Easy-chair Philosopher એવું નામ આપ્યું હતું.

આજે પણ આરામ ખુરશી ઉપર બેસી વાતો કરવી એ મારી મુખ્ય પ્રિય ટેવ છે. મારી એ જ વૃત્તિને હું આ લખવાની વિશિષ્ટ લાયકાત ગણું છું. એનું કારણ એમ છે કે જે વિષયમાં આજે હું લખવા બેસું છું તેને તે વિષયના નિષ્ણાતોએ અને અનિષ્ણાતોએ એમ બન્નેએ સરખું જ નુકસાન કર્યું છે. મેં આગળ કહ્યું તેમ 'રસ્તે ચાલતો માણસ' જેમ કેળવણી બાબત બોલે છે અને બોલી શકે છે, તેમ નિષ્ણાત પણ બોલે છે. પણ મને લાગે છે કે બન્નેમાંથી કોઇએ પણ એ વિષયને પૂરો ન્યાય નથી આપ્યો: અને નિષ્ણાત એ વિષયની ખૂબ પાસે છે માટે, અનિષ્ણાત (રસ્તે ચાલતો માણસ) એ વિષયથી ઘણો દૂર છે માટે.

૧ આરામ ખુરશીનો ફિલસુફ

એટલે મારી દૃષ્ટિ કે જે નિષ્ણાતની નથી તેમ જ અનિષ્ણાતની પણ નથી, એની જરૂર આ વિષયના વિચાર માટે હું ખૂબ જ જોઉં છું. મારી દૃષ્ટિ નિષ્ણાતની technique થી ભરાઇ ગઈ નથી કે મારા વિચારો અનિષ્ણાત જેમ માત્ર પૂર્વગ્રહો ઉપર બંધાયેલા નથી. મારી સ્થિતિ તો એ બન્નેને દૂર ઉભા રહીને અવલોકન કરનારની છે. હું કેળવણીના વિચારના સિદ્ધાંતો જોઉ છું, નિષ્ણાતનું કામ જોઉં છું, અને અનિષ્ણાતની ફરિયાદ સાંભળું છું; અને બધું જ ધ્યાનમાં લઇને સમતોલપણે વિચાર કરવાનો પ્રયત્ન કરૂં છું.

બીજી વાત એમ દેખાય છે કે નિષ્ણાતો કદી અનિષ્ણાતોને સાંભળવા રાજી નથી. અને સાંભળે છે તો તેને બહુ વજૂદ નથી આપતા.

જ્યારે બીજી બાજુ અનિષ્ણાતો નિષ્ણાતોનું સાંભળે છે ખરા પણ બરાબર સમજતા નથી, અને દરેક વસ્તુનો પોતાનો સ્વતંત્ર અર્થ જ કરે છે. એટલે મારી જોવા દૂર રહીને જોનારની આ બાબતમાં વધુમાં વધુ જરૂર છે. કારણ કે હું બન્નેને પરસ્પર વધુ સમજાવવાનો પ્રયત્ન કરવા ધારૂં છું.

ત્રીજી વાત એમ છે કે મને આ લખવાનો હક્ક એટલા પૂરતો છે કે હજુ હું જીવનને આરામ ખુરશીમાંથી જોઉં છું; એટલે કે કોઈ ધંધામાં નથી પડ્યો. જે માણસ કોઇ પણ ધંધામાં પડેલો હોય છે એનું દૃષ્ટિબિંદુ ફેરવાઇ જાય છે. કેળવણીનો વિચાર વેપારી વેપારની દૃષ્ટિએ કરે જ્યારે સિપાઇ સિપાઇની દૃષ્ટિએ કરે, વકીલ વકીલની દૃષ્ટિએ કરે. પણ ખરી રીતે કેળવણીની દૃષ્ટિએ જ કેળવણીનો વિચાર થવો જોઇએ. જે કરવાનો મારો આ પ્રયત્ન છે.

આવતા લેખમાં આપણે કેળવણીના કેટલાક મૂળ સિદ્ધાંતો છે તેનો વિચાર કરીને તેનાં શાં પરિણામો કલ્પવામાં આવ્યાં છે તે જોઇશું.

ન.

મોન્ટીસોરી પદ્ધતિ અને પ્રાથમિક શાળા

પ્રશ્નોત્તર

પ્રશ્નઃ પ્રાથમિક શાળામાં ચાલુ સમયપત્રક પ્રમાણે મોન્ટીસોરી પદ્ધતિથી અભ્યાસ આપી શકાય કે કેમ?

ઉત્તરઃ મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરવાથી આનો જવાબ મળશે. છતાં ટૂંકમાં ચાલુ સમયપત્રકને આની સાથે બને તેમ છે નહિ. મોન્ટીસોરી પદ્ધતિની દૃષ્ટિએ ચાલુ અભ્યાસ કરવાને અને સમયપત્રકને અનુસરીને વર્તવાને શ્વાસ લેતા માણસના મોઢામાં અને નાકમાં ડૂચા ખોસવાની સાથે સરખાવી શકાય.

પ્રશ્નઃ આજકાલની કેળવણીની સંસ્થાઓ મોટેભાગે પરતંત્ર છે. તો પછી તેની અંદર મોન્ટીસોરી પદ્ધતિથી શિક્ષણ આપવાનો પ્રચાર કેમ થઇ શકે?

ઉત્તરઃ પરતંત્રતા છે માટે જ સ્વતંત્ર શિક્ષણની જરૂર છે. મોન્ટીસોરી પદ્ધતિ બહારની વસ્તુ નથી પણ અંદરની છે; અને તે દૃષ્ટિની. આપણી અને બાળકોની વચ્ચે જે તફાવત છે

તે જો આપણે સમજી જઇએ, અને તે સમજણ ધ્યાનમાં રાખી તેને વિષે આપણે વિચાર કરીએ, તો થોડા વખતમાં આપણે બાળકને સ્વાતંત્ર્ય આપતા થઇશું; અને પછી સ્વતંત્ર બાળકો જે કેળવણીની સંસ્થામાં હશે તેની પરતંત્રતાનાં છાપરાં ઉડી જશે.

પ્રશ્નઃ બાળકોનાં પુસ્તકોમાં ચિત્રની આવશ્યકતા પ્રધાનતઃ હોવી જોઇએ એમ આપ માનો છો કે નહિ? જો ન માનતા હો તો પરસાહિત્યનાં બાલપુસ્તકોમાં તેને ખૂબ મહત્ત્વ અપાય છે, તેનું કારણ શું?

ઉત્તરઃ આપણે લઇ ભાગ્યા છીએ. બાળકોને ચિત્રો ગમે છે એ ખરી વાત છે; પણ તેનો લાભ લઇ ચોપડીઓ ખપાવવા આપણે ચિત્રો નાખીએ છીએ એમ તો નહિ હોય? કેમ કે ચોપડીઓ એ જ પોતે ચિત્ર છે; તેનો પ્રસંગેપ્રસંગ ચિતરવા જેવો છે. ચિત્રો આપવા બેસીએ તો એક નાની ચોપડીનાં કેટલાંયે સુંદર ચિત્રો બને. અને છતાં આપણે મોટે ભાગે ચિત્રો આપીએ છીએ ત્યારે બે પાંચ ચિત્રો આપીએ છીએ. બાળકો આવી ચોપડીઓમાંથી ચિત્રો જોયા વિના રહેતાં નથી. પણ તેનું ખરૂં આકર્ષણ ચોપડીની વાર્તા તરફ રહે છે. સારાં ચિત્રો મૂકો, મોઠાં મૂકો કે નં મૂકો; પણ સુંદર રસિક વાર્તાની ચોપડી બાળક હોંશે હોંશે વાંચશે. ન જોતાં ચિત્રો નાખીને રખે આપણે બાળકનું સાહિત્ય બોંઘું કરીએ! પરસાહિત્યનું અનુકરણ આપણને ઠીક ન લાગે તો ન કરીએ. એ લોકો પણ કદાચ ભૂલમાં ભેખડાયા હોય. અને ત્યાં પણ મતભેદ ન હોય?

પ્રશ્નઃ જ્યાં સુધી મોન્ટીસોરી પદ્ધતિ આખા દેશમાં ન ફેલાય ત્યાં સુધી શું બાલશિક્ષણનો પ્રશ્ન અદ્ધર જ રાખવો?

ઉત્તરઃ ના; બાલશિક્ષણ તો ચાલવું જ જોઇએ. બાળકો કોઇ જાતના શિક્ષણની યોજના વિના સડે તેમાં આત્મઘાત છે. ઘરમાં પીટાવાને બદલે અને શેરીમાં રઝળવાને બદલે, કોઇ ક્રીડાંગણમાં ભેગાં થાય અને સમજનાર માણસની દેખરેખ નીચે રમે, વાર્તા સાંભળે, કૂદે, નાચે એટલું તો થવું જ જોઇએ. આટલી સંભાળ લેવાને માટે જે દેશ તૈયાર ન હોય તે દેશમાં મોન્ટીસોરી પદ્ધતિ ફેલાવવી મુશ્કેલ છે. ગિ.

બાળકો સાથે વાતચીત

૧

નીમુબેનઃ "ગિજુભાઇ, આ ઝાડ શું કામ કાપી નાખ્યાં?"

ગિજુભાઇઃ "તમે કહેતા શું કામ કાપી નાખ્યાં?"

નીમુબેનઃ "પણ, તમે કહેતા? અમે ત્યાંથી સાંગરો ખાતાં હતાં."

ગિજુભાઇઃ "પણ તમે જ કહેતા?"

નીમુબેનઃ "એ તો અમે સાંગર ખાતાં હતાં એટલે કાપી નાખ્યાં."

[સાચે જ ઝાડો કાપી નાખવાનાં ઘણાં કારણોમાં નીમુબેન અને બીજાં બાળકો સાંગરો વીણવામાં અને ખાવામાં આખો દિવસ ગાળી નાખતાં હતાં એ પણ એક હતું.]

૨

નીમુબેનઃ-[મ્હોં બગાડીને] " ગિજુભાઇ, નાસ્તામાં હવે કેરી લાવશો નહિ ! "

ગિજુભાઇઃ " શા માટે ? કેરી તો ગળી લાગે. "

નીમુબેનઃ " પણ લાવશો નહિ. બીજે નાસ્તો મંગાવજો. "

ગિજુભાઇઃ " પણ કેરી શા માટે નહિ ? "

નીમુબેનઃ " મારી બાએ કેરી બાવાની ના પાડી છે. મારી બા કહે કે કેરી બાવાથી હંગણું થાય. "

ગિજુભાઇઃ " પણ તમને કેરી ભાવે છે ? "

નીમુબેનઃ " એક કેરી આપજો; બે નહિ. "

[નીમુબેનને કેરીઓ બાવી ગમે છે. તેની બાએ તેને હંગણું થશે એમ કહીને ડરાવેલી છે. નીમુબેન બાની શિખામણ ગળે - ઉતારવા પ્રયત્ન કરે છે; આખરે બહારનો પ્રયત્ન નરમ પડે છે ને એક કેરી બાવાનું નક્કી કરે છે.]

બાલમંદિરોમાં ગણિત

દિવસે દિવસે ગુજરાતમાં બાલમંદિરોની સંખ્યા વધતી જાય છે. નૂતન બાલશિક્ષણના છેલ્લામાં છેલ્લા સિદ્ધાંતાનુસાર આ સંસ્થાઓ આપણે ચલાવવા માગીએ છીએ. બાળકો વાંચનલેખન જાતે શીખે એ માટે શું કરવું જોઇએ એ તો આજ સુધીના આપણા પ્રયોગોએ આપણને સ્પષ્ટ દર્શાવી આપ્યું છે. પણ ગણિતની બાબતમાં એમ નથી બન્યું. આ દિશામાં છૂટાછવાયા પ્રયાસો થયા છે. ઘણું સ્થળોએ એકીસાથે પ્રયોગો થાય તો જ એકાદ બે વર્ષ પછી આપણને ગણિતકામ કરાવવાની ચોક્કસ રીતો જડી આવે. આવા પ્રયોગો કરવાની સરળતા માટે મેં ' મોન્ટીસોરી સિદ્ધાંતોએ પ્રાથમિક ગણિતશિક્ષણ ' નામનું પુસ્તક બહાર પાડ્યું છે. આ પુસ્તકથી આપણને ગણિતના પ્રયોગો કરવા માટે ખૂબ સરળતા થશે એમ શ્રી. ગિજુભાઇએ પુસ્તકને અભિનંદન આપતાં કહ્યું છે. આ પુસ્તકમાં બાળકો જાતે જ ગણિતનું શિક્ષણ કેવી રીતે મેળવી શકે એ માટે વિગતવાર લખવામાં આવ્યું છે, તથા મોન્ટીસોરી પદ્ધતિએ ગણિતશિક્ષણ આપવા માટે વપરાતાં સાધનોનો ઉપયોગ કેમ કરવો તે અને બાળકોએ ગણવાના હિસાબો વગેરે બધું વિગતવાર લખવામાં આવ્યું છે. એટલે બાલમંદિરમાં કામ કરતાં ભાઇબહેનો આ પુસ્તકમાં દર્શાવેલી રીતો અનુસાર પોતાના બાલમંદિરમાં ગણિતશિક્ષણનો પ્રયોગ કરે, અને પરિણામો વગેરેની નોંધ રાખી એકબીજાની જાણ માટે અવારનવાર બહાર પાડતાં રહે, તો આપણી પછીનાં ભાઇબહેનોને ઉપયોગી થાય એવો માર્ગ જરૂર જડી આવે.

જુદાં જુદાં બાળકો ભિન્ન ભિન્ન પ્રકૃતિનાં હોય છે. એટલે આપણાં બાલમંદિરોમાં બૌદ્ધિક વિકાસમાં મદદ રૂપ નીવડે એમ વ્યાકરણ, ગણિત વગેરેનું શિક્ષણ બાળકો મેળવે એવી પ્રવૃત્તિઓ પાશ્ચાત્ય દેશોનાં બાલમંદિરોની પેઠે હોવી જોઇએ. અને ગણિત અને વ્યાકરણશિક્ષણની શરૂઆતની કેટલીક રમતો પાંચ વર્ષનાં બાળકો પણ રમી

શકે એવી હોવાથી બધાં બાલમંદિરોમાં તેને સ્થાન આપી શકાય એમ છે. સાત વર્ષને અંતે બાલમંદિરોનાં બાળકો આજે સામાન્ય રીતે ગણિતમાં બહુ જ પાછળ રહે છે; એટલે તો માબાપો ઘણાં બાળકોને બાલમંદિરમાંથી પાંચ-સાડા પાંચ વર્ષની ઉંમરે ઉઠાડી લઈ સામાન્ય શાળાઓમાં મૂકે છે. એટલે જો આપણે ગણિત ઉપર ધ્યાન આપીએ તો બાળકો બાલમંદિરમાં સાત વર્ષ સુધી રહી શકે એવું મારું માનવું છે. ત્યારે ચાલો આપણે સૌ એ દિશામાં પ્રયોગો કરીએ.

સુબ્બુલ. સોમાભાઇ કી. પટેલ.

રત્નો ની ખાણુ માં

[અનુસંધાન ગતાંક પાનું ૭૪ થી]

: ૫ :

ઘરના દાદરાના ખૂણામાં ઘાસતેલનો એક ડબ્બો પડ્યો રહેતો. કેટલીક વાર સવારે કે સાંજે બા તેમાંથી પંપ કરી ઘાસતેલ કાઢતી. શીવલી અને ગુલાબને એ જોવામાં ખૂબ મજા આવતી. જ્યારે બા ઘાસતેલ કાઢવા જાય ત્યારે શીવલી અને ગુલાબ દાદરા પાસે જઈને ઉભાં રહેતાં. તેમણે બાને અને બાપાને બન્નેને ઘાસ-તેલ શી રીતે બહાર આવે છે તે પૂછેલું પણ કોઇએ સંતોષકારક જવાબ નહિ આપેલો. એ એમનો પ્રશ્ન એમને નિત્ય મૂંઝવતો.

આજે સવારે જ્યારે બાપા દુકાને ગયા હતા અને બા પાડોશીને ઘેર ગઇ હતી ત્યારે બન્ને એ પ્રશ્નનો નિકાલ લાવવા માટે દાદરા પાસે ગયાં ને એક પછી એક પંપિંગ કરવા લાગ્યાં. ઘાસતેલ બહાર આવ્યું અને દાદરાનું પગથિયું પલળવા માંડ્યું. થોડી વાર સુધી તો આનંદના ઉત્સાહમાં શીવલી કે ગુલાબ કોઇનું એ તરફ ધ્યાન ન ગયું. થોડી વાર પછી શીવ-લીએ ગુલાબને પંપિંગ કરતો અટકાવી પલ-ળેલું પગથિયું અને તેનું ખમીસ બન્ને દેખાડ્યાં. બન્ને ગભરાઇ ગયાં; શું કરવું તેની કોઇને ગમ ન પડી. થોડી વાર વિચાર કરી ગુલાબ દાદરા ઉપર ચડી ચીમની લૂછવા રાખેલા લૂગડાના થોડા-એક ગાભા લઇ આવ્યો અને બન્નેએ સાથે મળી પગથિયું લૂછી નાખ્યું. પરંતુ ખમીસનું શું કરવું તે એક પ્રશ્ન હતો. શીવલીએ ગુલા-બને ખમીસ કાઢી નાખવા કહ્યું. ગુલાબે શીવ-લીની એ આજ્ઞા તરત જ સ્વીકારી લીધી અને ખમીસ કાઢી નાખ્યું. પહેલાં તો ખમીસનો ડૂચો કરી ઘરના એક બાંકડા નીચે મૂકવાનો નિર્ણય થયો, પરંતુ શીવલીએ તેમ કરવા ના પાડી અને ધોઇ નાખવા કહ્યું. શીવલી એ ખમીસ લઇ બાળે ગઇ અને ગુલાબે ખમીસ ઉપર પ્યાલા વતી પાણી રેડવા માંડ્યું. શીવલી જેવો આવડે તેવો સાબુ દેવા માંડી. ઉતાવળ અને ભયથી ગુલાબના હાથમાંથી પ્યાલો પડી ગયો. બાએ એ અવાજ સાંભળ્યો, અને બીંદડું આવ્યું હશે એમ માની ઘરમાં આવી. તેણે શીવલીને અને ગુલાબને બાળમાં જોયાં. "ત્યાં શું કરો છો? અને આ ખખડાટ શેનો થયો'તો?" બાએ પૂછ્યું.

"કાંઇ નહિ, બા!" શીવલીએ જવાબ આપ્યો.

બા બાળ પાસે ગઇ અને બમીસ હાથમાં લઇ પૂછ્યું: "આ શું કરે છે?" ને બમીસ હાથમાં લેતાં જ તેને ધાસતેલની વાસ આવી. "શું કર્યું છે, આ?" બાએ પૂછ્યું. બન્ને મૂંગાં રહ્યાં. બાએ શીવલીને એક તમાચો માર્યો; શીવલી રડવા લાગી. ગુલાબ ધ્રૂજતો ધ્રૂજતો આઘો ચાલ્યો ગયો. બાએ તેને પકડ્યો અને તેને પણ એક તમાચો લગાવ્યો: "ધાસ-તેલ આમ બગાડવાનું હશે, કેમ? બબરદાર હવે જો કોઇ દિવસ દાદરા પાસે ગયાં છો તો! તમારૂં જે કાંઇ હોય એ બધું દાદરામાંથી લઇ લેજો, નહિતર બધું બહાર ફેંકી દઇશ! ને ચાલો બન્ને જણાં થઇને એ બમીસ ધોઇ નાખો. જો જરાય વાસ રહી છે તો યાદ રાખજો!"

બા બહાર ગઇ. શીવલી અને ગુલાબ મૂંગાં મૂંગાં બમીસ ધોવા લાગ્યાં. "આપણે નીચે શીસો રાખવો ભૂલી ગયાં, શીવલી!" થોડી વારે ગુલાબે કહ્યું.

: ૬ :

ઘરની બળીની સામે જ ઉપર મોભમાં એક કૂક. દરરોજ સાંજ પડે એટલે એક ચકલી એ કૂક ઉપર આવીને બેસે અને વહેલી સવારે બળી ઉઘડે કે ઉડી જાય.

સાંજે જમીને બધાં જ્યારે સગડીની આસ-પાસ તાપતાં હતાં ત્યારે એ ચકલીની વાત નીકળી. "આપણે ત્યાં એ કેમ સૂવા આવે છે?" ગુલાબે પૂછ્યું.

"એ આપણું કોઇ કુટુંબી હશે." બાએ જવાબ આપ્યો.

પણ બાપાને આવી વાતોમાં સારો રસ; તે પણ બાની વાતમાં સંમત થયા અને ગુજરી ગયેલા દરેક બાળકને યાદ કર્યું. ગુલાબ અને શીવલી એકચિત્તે બા બાપાની વાતો સાંભળી રહ્યાં. સગડીની આસપાસ ગંભીર વાતાવરણ જામી ગયું.

ગુલાબને અને શીવલીને પછી ઝોકાં આવવા માંડ્યાં એટલે બધાં સૂવા માટે ઉપર ગયાં.

"શીવલી! એ ચકલી આપણી બેન હોય તો આપણે એને દાણા નાખવા જોઇએ ને?" ગુલાબે પથારીમાં પડ્યાં પડ્યાં પડખે સૂતેલી શીવલીને પૂછ્યું.

"પણ એ તો સાંજે જ આવે છે અને સવારે તો ઉડી જાય છે. એ તો સૂવા જ આવે છે. દાણા ક્યાંથી નાખીએ?" શીવલીએ પોતાની મૂંઝવણ કહી.

"શીવલી! તું મરી જઇશ અને પછી ચકલી થઇને આવીશ તો હું તને દરરોજ દાણા નાખીશ. પણ પછી તો તારે દિવસેય આવ-વાનું! રાતે જ આવે તો દાણા ક્યાંથી આપું?

હીંચકે સૂતાં સૂતાં બાએ આ વાત સાંભળી અને બન્નેને છાનાંમાનાં સૂઇ જવા કહ્યું.

પ્રહ્લાદ.

હિંસાનાં પાત્રો પહેલું પુસ્તક ગધેડાં. ૨૮ ચિત્રો, દ્વિરંગી પૂઠું,
લેખક: ગિજુભાઇ કિંમત ૦-૫-૦ પોસ્ટેજ ૦-૨-૦
બીજાં હવે પછી પ્રગટ થનારાં પાત્રો: ૨ સિંહો, ૩ શિયાળ, ૪ વરૂઓ વગેરે.

રોમની મોન્ટીસોરી શાળાઓ

[અનુસંધાન ગતાંક પાને ૭૮ થી]

નિયમન વિષે મૅડમ મોન્ટીસોરીના વિચારો રાખી શકે.

મૅડમ મોન્ટીસોરી નિયમન વિષે પોતાના પુસ્તકમાં લખે છેઃ "સાચું નિયમન સ્વાતંત્ર્ય મારફત જ આવે છે એ સિદ્ધાંત આજકાલની શાળાઓમાં ચાલતી પદ્ધતિઓ સ્વીકારનાર ખૂબ જ મુશ્કેલીથી સમજી શકે એમ છે. સ્વતંત્ર બાળકોના વર્ગમાં તે નિયમન કેવી રીતે મેળવવું ? પરંતુ વસ્તુસ્થિતિ તો એમ છે કે અમારી પદ્ધતિની અંદર નિયમનનો ખ્યાલ જ સદંતર જુદો છે. નિયમન જો સ્વાતંત્ર્યના પાયા ઉપર ઉભું કરવું હોય તો એ નિયમન ક્રિયાત્મક નિયમન હોવું જોઇએ. અમારી પદ્ધતિમાં નિયમનની વ્યાખ્યા જ સાવ જુદી છે. જે વ્યક્તિને મૂંગી, અચેતન અને લકવો થયેલા માણસની માફક અપંગ અને કૃત્રિમ રીતે શાંત બનાવી મૂકવામાં આવી હોય, તે વ્યક્તિની અંદર નિયમન ઉભું થયું છે એમ માનવામાં આવતું જ નથી. આવી જાતની વ્યક્તિમાં તો એના વ્યક્તિત્વનો નાશ થયો છે, નહિ કે એનામાં નિયમન ઉભું થયું છે.

"અમારી પદ્ધતિમાં તો તે જ વ્યક્તિમાં નિયમન ઉભું થયું છે એમ માનવામાં આવે છે કે જેનો પોતાની જાત ઉપર બરાબર કાબૂ હોય, અને જેને પરિણામે એ વ્યક્તિને જીંદગીમાં જ્યારે કોઇ પણ નિયમ પાળવાનો હોય ત્યારે એ પોતાનું વર્તન બરાબર તે પ્રમાણે

"આ જાતનો ક્રિયાત્મક નિયમનનો ખ્યાલ બરાબર રીતે સમજવો અને તેને આચારમાં ઉતારવો એ કંઇ સહેલી વસ્તુ નથી. પણ આ તો કેળવણીના ક્ષેત્રમાં એક મહાન સિદ્ધાંત છે. આ સિદ્ધાંત અત્યાર સુધી નિયમન ઉભું કરવા માટે બાળકોને જે સાવ નિષ્ક્રિય બનાવી દેવામાં આવતાં હતાં, અને એને માટે ધાક ધમકીનો અને મારનો છૂટથી ઉપયોગ થતો હતો, તેના કરતાં સાવ જુદી જાતનો છે.

"પણ શિક્ષકને જો આવી જાતનું નિયમન ઉભું કરવું હોય, જો એની ઇચ્છા બાળકોને ઉપર જણાવેલા નિયમનને રસ્તે દોરી જવાની હોય, જો એ ઇચ્છતો હોય કે બાળક પોતાની મેળાએ જીવનભર આ જ જાતના નિયમનને રસ્તે જવાનું ચાલુ રાખે અને એ રીતે પોતાની જાત ઉપર સંપૂર્ણપણે કાબૂ મેળવીને આગળ ને આગળ વધતું જાય, તો તે માટે એને ખાસ તૈયારી કરવાની જરૂર છે. અને એની અંદર એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવાની છે કે આવી જાતના નિયમનની શાળામાં બાળક એક જગ્યાએ જડ વસ્તુની માફક શાંત બેસી રહેતું નથી પણ આમથી તેમ હલનચલન કર્યા કરે છે. એટલે એ હવે શાળાના જીવન માટે જ તૈયાર થાય છે એવું કંઇ જ નથી, પરંતુ હવે તો એની તૈયારી આખા જીવન માટે થાય છે. કેમ કે આવી જાતની શાળાની અંદર એને

સામાજિક જીવનનાં નાનાં કામો બરાબર રીતે અને સહેલાઇથી કરવાની ટેવ પડે છે, કારણ કે એને એવાં કામો વારંવાર કરવાનાં હોય છે. બાળકને અહીં જે જાતના નિયમનની ટેવ પડે છે તે નિયમન ફક્ત શાળા પૂરતું નથી હોતું, પરંતુ એ તો ઠેઠ સમાજ સુધી આગળ વધે છે.

"હવે આપણે બાળકને કેવી જાતનું સ્વાતંત્ર્ય આપવું જોઇએ તેનો વિચાર કરીએ. બાળકોના સ્વાતંત્ર્યને એક જ મર્યાદા હોવી જોઇએ અને તે સમૂહગત હિતની. જ્યાં સુધી બાળકનું સ્વાતંત્ર્ય સમૂહગત હિતનું વિરોધી ન હોય ત્યાં સુધી એના ઉપર કોઇ પણ જાતનો કાપ ન મૂકવો જોઇએ. આ સ્વાતંત્ર્યનું સ્વરૂપ એ હોઈ શકે કે જેને બધા જ લોકો સારા ઉછેરનું લક્ષણ ગણતા હોય. એટલે હવે ઉપરની સ્વાતંત્ર્યની વ્યાખ્યા ઉપરથી ફલિત થાય છે કે આપણે બાળકની એવી જ ક્રિયાઓ અટકાવવી જોઇએ કે જેનાં વડે બીજા માણસોને તકલીફ થતી હોય અથવા બીજાઓને બાળક કંટાળો આપતું હોય. એવી જ રીતે બાળકનું કોઇ પણ વર્તન બધા જ માણસોની દૃષ્ટિએ ખરાબ રીતભાતવાળું અથવા અસભ્ય લાગતું હોય તો તેટલું જ રોકવું જોઇએ. બાળકનું આવી જાતની રીતભાત તરફનું વલણ આપણે તરત જ રોકવું જોઇએ. નહિ તો આ સિવાયનું બાકીનું બધું –જે સહેજ પણ ઉપયોગી હોય તે બધું–જ પછી તે ગમે તે પ્રકારનું હોય અથવા ગમે તેવા રૂપમાં દેખાતું હોય તે બધાનું આવિષ્કરણ શિક્ષકે થવા દેવું જોઇએ; એટલું જ નહિ પણ શિક્ષકે એવું બરાબર ધ્યાનપૂર્વક અવલોકન કરવું જોઇએ.

"અને આ જ અત્યંત મહત્ત્વનો મુદ્દો છે. શિક્ષકે પોતે કરેલી તૈયારીના પરિણામે એનામાં આવી જાતનાં બાળકોના કામનાં સ્વાભાવિક દૃશ્યો જોવાની શક્તિ હોવી જોઇએ, એટલું જ નહિ પરંતુ એનામાં આવી જાતનું અવલોકન કરવાનો રસ પણ હોવો જોઇએ. આ પદ્ધતિ પ્રમાણે કામ કરનારા શિક્ષકમાં ખૂબ જ ધીરજ હોવી જોઇએ. બાળકો માટે પોતે જ બધું કરી નાખવાની ઇચ્છા ધરાવનારો હોવાને બદલે બાળકો જે કંઇ કરતાં હોય તેનું અવલોકન કરવાની ટેવવાળો એ હોવો જોઇએ. ઉપરાંત એનામાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને ઉત્કંઠા હોવાં જોઇએ; અને પોતે જે વસ્તુનું અવલોકન કરી રહ્યો હોય તે તરફ માનવૃત્તિ હોવી જોઇએ. અવલોકનકાર તરીકેની પોતાની સ્થિતિ બરોબર રીતે સમજી લેવી જોઇએ, અને એનું એને બરાબર ભાન હોવું જોઇએ.

"આ બધા સિદ્ધાંતોને નાનાં બાળકોની શાળામાં તો અવશ્ય સ્થાન છે જ. નાનાં બાળકો તો પોતાના જીવનનાં આધ્યાત્મિક અને માનસિક દર્શનો પહેલવહેલાં જ બતાવતાં હોય છે. ત્યારે આપણને ખબર નથી હોતી કે એકાદ સ્વયંસ્ફુરિત ક્રિયાને ગૂંગળાવી મારવાથી એનાં શાં પરિણામ આવશે. કદાચ આપણે એકાદ સ્વયંસ્ફુરિત ક્રિયાને ગૂંગળાવી મારવા જતાં બાળકના આખા જીવનને તો ગૂંગળાવી નહિ મારતાં હોઇએ? બાળકના વ્યક્તિત્વનાં આ પ્રથમ દર્શનોને આપણે ધાર્મિક અને પૂજ્યબુદ્ધિથી માન આપવું જોઇએ. જો આપણે કેળવણીના ક્ષેત્રમાં કૃતોદ્યમ થવું હોય, જો આપણે કેળવણીનું કામ કાર્યસાધક બનાવવું

હોય, તો આપણું વલણ બાળકના આંતર જીવનને સંપૂર્ણપણે ખીલવા દેવામાં મદદગાર થવા તરફનું હોવું જોઇએ. આ પ્રમાણે મદદગાર થવા માટે આપણે બાળકના સ્વયંસ્ફુરિત હલનચલનને રોકવાનો કોઇ પણ પ્રયત્ન કદી પણ ન કરવો જોઇએ. અથવા તો આપણે આપણી પસંદગી પ્રમાણે સોંપેલું કામ બાળકે કરવું જ જોઇએ એવી જાતનો આગ્રહ સેવવાનું સાવ છોડી દેવું જોઇએ. અલબત્ત, આમાં એક વસ્તુ તો ધ્યાનમાં રાખવાની જરૂર છે જ કે આમાં નકામાં અથવા નુકસાનકારક અથવા ભયભરેલાં કામોનો નિર્દેશ નથી જ થતો. કેમ કે આવાં કામો તો જરૂરથી ચૂંગળાવી મારવાં જોઇએ. એટલે કે તેમનો નાશ કરી નાખવો જોઇએ.

જૂની ઘરેડમાં ઉછરેલા શિક્ષકો બાળકોની પ્રવૃત્તિઓને ચૂંગળાવી મારતા હતા.

"વૈજ્ઞાનિક રીતે અવલોકન કરવા માટે તૈયાર નહિ થયેલા અથવા તો કદાચ જૂના જમાનાની જાહેર શાળાઓની સામ્રાજ્યવાદી નીતિરીતિમાં ઉછરેલા શિક્ષકોને કેળવવાના મારા અનુભવ પછી મને લાગ્યું છે કે જૂની પદ્ધતિ અને આ પદ્ધતિ વચ્ચે ખૂબ જ ફેર છે. આ પદ્ધતિના સિદ્ધાંતોની બરાબર સમજણ ધરાવનારો બુદ્ધિશાળી શિક્ષક પણ એ પ્રમાણે વર્તન કરતાં ખૂબ જ મુશ્કેલી અનુભવે છે. એ સમજી શકતો જ નથી કે એનું કામ દેખીતી રીતે નિષ્ક્રિયાત્મક છે. જેવી રીતે એકાદ ખગોળશાસ્ત્રી પોતાના દૂરબીન પાસે હલ્યાચલ્યા સિવાય બેસી રહે છે અને એની આજુબાજુ અનેક વિશ્વો આકાશમાં ફર્યા જ કરે છે, તેવી રીતે નવીન શિક્ષક પોતાની જગ્યાએ બેઠો બેઠો અવલોકન કર્યા કરે છે, અને બાળકો એની આજુબાજુ સ્વયંસ્ફૂર્તિથી કામ કર્યા કરે છે.

"જીવન્ત વસ્તુઓ પોતાની મેળાએ પ્રવૃત્તિ કરે છે; અને એનો અભ્યાસ કરવા માટે અને એનાં ગુપ્ત રહસ્યોનાં ઉંડાણનો તાગ મેળવવા અથવા તો એની પ્રવૃત્તિઓ માટે દિશાસૂચન કરવા માટે એનું અવલોકન કરવાની અને વચમાં પૃચ્છા સિવાય એને ઓળખવાની જરૂર છે, એ વિચારની બરાબર સમજણ આવવી એ ખૂબ જ આકરી વસ્તુ છે. શિક્ષક પોતે જ શાળાની એકમાત્ર પ્રવૃત્તિ હોવો જોઇએ, બાળકોની સ્વતંત્ર પ્રવૃત્તિઓ તો દાબી દેવી જ જોઇએ, એ વિચાર શિક્ષકોના મગજમાં એટલો સંપૂર્ણપણે અને એટલા બધા લાંબા કાળથી ઘૂસી ગયેલો છે કે એ કાઢી નાખવો એ ખૂબ જ મુશ્કેલીનું કામ છે. એટલે જ બાલમંદિરમાં પહેલવહેલું કામ કરનાર શિક્ષકને શરૂ શરૂના દિવસોમાં–જો એ પોતે શાંતિ અને વ્યવસ્થા ઉભી કરી શકતો નથી તો–શરમ જેવું લાગે છે, અને આજુબાજુ ઉભેલા લોકો તરફ પોતે નિર્દોષ છે એવી જાતનો દૃષ્ટિપાત કર્યા કરે છે. અમે એને કહીએ છીએ કે શરૂઆતની અવ્યવસ્થા એ જરૂરી વસ્તુ છે. પણ એ બધું નિષ્ફળ થાય છે, કેમ કે જમાના થયાં પડેલી ટેવ એટલી તો દૃઢ બની ગયેલી હોય છે કે એ કાઢી નાખવી એ ખૂબ જ આકરું થઇ પડે છે." [અપૂર્ણ]

[અંગ્રેજી ઉપરથી.] શંકરલાલ શાહ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

ડેન્માર્કનાં બાળકો

કોઈ પણ ડેન્માર્ક જઈ આવેલાને પૂછો કે એણે ત્યાં સૌથી વધુ અસરકારક શું જોયું તો તે તરત જ કહેશેઃ "બાળકો." દરેક પરદેશી એટલી વાત તો કબૂલ કરે જ છે કે ડેનિશ બાળકો એ બાળદુનિયાનો એક આનંદદાયક નમૂનો છે. એ દેશમાં જતાંની સાથે જ સૌથી પહેલું ધ્યાન બાળકો ખેંચે છે; અને થોડા જ વખતમાં નવો માણસ જ્યાં જાય ત્યાં બાળકો તરફ આકર્ષાયેલો જ રહે છે. શરીરમાં આ બાળકો ઘણાં જ તંદુરસ્ત છે, એટલું જ નહિ પણ એમના લાંબા સુંવાળા વાળ અને ભૂરી આંખો એમને વધુ કૃપાળાં બનાવે છે. નિશાળમાં જતું બાળકોનું એક ટોળું એ અનોખું જ અને આનંદ આપે તેવું દૃશ્ય છે. છોકરાઓ વિવિધ રંગનાં પહેરણો પહેરેલા અને છોકરીઓ પણ એટલા જ જુદા જુદા રંગનાં ફરાક પહેરેલી જોવા મળે. ડેન્માર્કમાં નિશાળનાં જુદાં અને સરખાં કપડાં* ની પ્રથા નથી, અને ઉનાળામાં છોકરાંઓ મોટે ભાગે ઉઘાડે માથે અને ઉઘાડે પગે જ ફૂદતાં જોવામાં આવે છે.

સુખની વાત એ છે કે જ્યારે તમે બાળક તરફ ધ્યાનથી જુઓ છો ત્યારે બાળક સમજી નથી જતું કે એ તમારા લક્ષનું પાત્ર છે, અને તેથી એની સ્વાભાવિકતા એ ગુમાવતું નથી. ઘરમાં કે રસ્તામાં એ તમારી સામે મૈત્રી અને સુંદર સભ્યતા જ ધરે છે.

સર્વ સામાન્ય શાળા

આ બાળકોને સારામાં સારી શિક્ષણપદ્ધતિનો લાભ મળે છે. ડેન્માર્કના કેળવણી બાબતની વિશિષ્ટતા સારામાં સારા શિક્ષકોની પસંદગી અને શિક્ષકોની સારી કેળવણીમાં છે. અને વધારામાં આ શિક્ષણરીતિ બાળકને દુનિયામાં સારી એવી શારીરિક શિક્ષણપદ્ધતિનો લાભ આપે છે.

ડેનિશ શાળાનું બીજું અને અગત્યનું તત્ત્વ એ સહકારનું તત્ત્વ છે. પૈસાદાર અને ગરીબનાં બાળકોને સમાન કેળવણી અને સરખી જ અનુકૂળતાઓ મળે છે, કારણ કે માધ્યમિક કેળવણી બધાને જ પોસાય એટલી સુલભ અને સુગમ છે. પ્રજાનાં નેવું ટકા બાળકો રાજ્યની શાળાઓમાં ભણે છે, અને વધુમાં મોટા ભાગની નિશાળોમાં સહશિક્ષણની પ્રથા છે.

ડેનિશ શિક્ષણવિશારદોનું એવું દૃઢ માનવું છે કે કેળવણીની દૃષ્ટિએ જો ઘર અને નિશાળમાં સહકાર હોય તો ઘણા જ લાભ ઉઠાવી શકાય. અને એ જ કારણસર ડેનિશ પ્રજાનાં બાળકો બીજી ઘણી પ્રજાઓનાં બાળકો કરતાં વધુ સુસંગત કેળવણી મેળવી શકે છે. ડેન્માર્કમાં બોર્ડિંગની સંસ્થા ઘણી ઓછી છે. બાળકો સાત વર્ષની ઉંમર પહેલાં કદી નિશાળે જતાં નથી. મોટા ભાગનાં માબાપો સારી અને ઉચ્ચ કેળવણી પામેલાં હોઈ રાજ્ય બાળકની શરૂઆતની કેળવણીનો ભાર માબાપો ઉપર જ મૂકે છે; અને તેથી જ નિશાળનું ભણતર બાળક મોટી ઉંમરે શરૂ કરે છે.

વધારે સુખની વાત તો એ છે કે મોટા ભાગનાં માબાપોની દૃષ્ટિ કેળવણી બાબત બીજા

* School-uniform.

દેશો કરતાં અહીં વધુ ખીલેલી જોવામાં આવે છે. અને પ્રાથમિક કેળવણીના પ્રશ્નમાં જ 'માબાપ સંઘ' નામની સંસ્થા ઘણો આગળ પડતો ભાગ ભજવે છે.

સ્વાસ્થ્ય

ડેનિશ નિશાળોના પ્રયત્નથી કે ઘરના પ્રયત્નથી, કે કદાચ બંનેના સુંદર સહકારથી આજે આપણે બાળદુનિયામાં ઉત્તમ પરિણામો જોઈ શકીએ છીએ. એ બધામાં સૌથી વધારે ધ્યાન ખેંચે એવી બાબત એ ડેનિશ બાળકોનું મનનું સ્વાસ્થ્ય અને સમતોલતા છે. એમાંયે ખાસ કરીને ઉગતી જુવાની-કિશોર અવસ્થાના બાળકોનું સ્વાસ્થ્ય ઘણું જ નવાઇ પમાડે એવું છે. કારણ કે એ અવસ્થાના એક સર્વ સામાન્ય લક્ષણ [1]આત્મભાનમાંથી આ બાળકો બચી ગયાં લાગે છે. છોકરા છોકરીઓમાં એક જાતની ખૂબ સહજ અને સ્વાભાવિક [2]ભાઇબંધી પોષવામાં આવે છે. મોટા ભાગનાં બાળકો શરમાયા વિના કે મૂંઝાયા વિના મહેમાનો અને પરદેશીઓ સાથે ભળી શકે છે, અને તેમની સાથે તેમની ભાષા બોલવાનો પ્રયત્ન કરે છે. ડેનિશ બાળક અટેખાટે આવે એટલા આત્મવિશ્વાસથી પરભાષા બોલી શકે છે.

બીજે વખાણવા જેવો ગુણ એ એમની સાદી અને સહજ રીતભાતનો છે. હકીકત એમ છે કે મોટા ભાગનાં ઘરોનાં બાળકોને મોટા મહેમાનો સામે પ્રદર્શનમાં નથી મૂકવામાં આવતાં. જેથી બાળકો પોતાની જાત વિષે નાની ઉંમરમાં આત્મભાનવાળાં નથી થઇ જતાં. નાનું ડેનિશ બાળક મહેમાનો સાથે દૂરથી ભળે છે, તેમની ખાતર બરદાસ કરે છે, છતાં એનામાં દેખાવ કરવાની વૃત્તિ જોવામાં નથી આવતી. પોતાની જાતને આગળ કરનાર બાળક ભાગ્યે જ જોવામાં આવે છે.

ડેનિશ બાળક પોતાનું સાચું સ્થાન જાણે છે. જો કે કદી એમની ઉપર દબાણ થતું હોય એવા પ્રકારનાં લક્ષણો કયાંયે નથી દેખાતાં.

કુટુંબો

ડેનિશ પ્રજા કુટુંબની પ્રથા ઉપર ઘણો જ ભાર આપે છે. ઉનાળામાં રજાઓમાં આપણે જ્યાં જોઇએ ત્યાં કુટુંબની મિજલસો નજરે પડે છે. બધાં જ કુટુંબો બાવાનું સાથે લઇ, મોટર, બોટ કે સાયકલ ઉપર ઉજાણીએ ઉપડે છે. ડેનિશ પિતા બાળકોને જ્યાં અને ત્યાં સાથે ફેરવવા રાજી છે. કોપનહેગન જેવા શહેરમાં પણ મોટા ભાગનાં બાપાઓ બાળકોને સાયકલ ઉપર ફેરવે છે, અને પ્રજા સમસ્ત બાળકમાં ઘણો જ રસ લે છે; બાળકોને માટેનાં બાલમાસિકોની સંખ્યા, બાલમાનસશાસ્ત્રનાં પુસ્તકોની ખપત, અને બાળકોને રમવા માટેની ઠેર ઠેર સુંદર જગ્યાઓ એ આ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે. એટલે કે આખાયે ડેન્માર્કમાં બધા લોકો બાળકોમાં ઘણો જ રસ લે છે.

અને છતાં સૌથી અગત્યની વાત તો એ છે કે ડેનિશ કેળવણીની સફળતાને લીધે આજે ડેનિશ બાળક સ્વભાન વિના જ રાજ્યનું સૌથી મોટું માણસ બની ગયું છે!

દુનિયામાં સૌથી સુંદર જગ્યા!

બાળકને જન્મવા માટે ડેન્માર્ક એ સૌથી સુંદર દેશ છે. બીજા દેશો જેમ ડેન્માર્ક મોટાં શહેરોથી ભરાઇ નથી ગયું. બાળકો ધૂળ,

[1] Self-consciousness. [2] Comradeship.

ધૂમાડો, ભીડ, વગેરેની આફતમાંથી મુક્ત છે. બધાં જ ખુલ્લી હવામાં ખૂબ તંદુરસ્ત જીવન ગાળી શકે છે.

કોપેનહેગન કે જે એક જ મોટું શહેર ગણાય, ત્યાં પણ બાળકોની તંદુરસ્તી અને આનંદનાં સાધનો ઘણી જ કાળજીપૂર્વક રાખવામાં આવ્યા છે. કોપેનહેગન એ ઘણું જ સ્વચ્છ શહેર છે. અને મોટા મોટા બગીચાઓ અને તળાવોની એમાં ખોટ નથી; અને વધારામાં દરિયાની હવા એમાં તાજગી પૂરે છે. ઉનાળામાં હમેશાં બાળકો તળાવમાં હોડીઓ ચલાવે છે કે રમકડાના વહાણો તરતાં મૂકે છે. ઘણાયે બાગોમાં બાળકો માટે રેતીના કૂબાઓ કરવા માટે અલાયદી જગ્યાઓ રાખવામાં આવી છે; અને દરિયાકિનારે રાજ્ય તરફથી બાળકોને માટે ગારાની રમતોનાં સાધનો ગોઠવવામાં આવ્યાં હોય છે. સુંદર સંગીત, રંગબેરંગી કપડાં અને બાળકોના હસતા ચહેરાઓથી દરિયાકિનારો ભરપૂર દેખાય છે.

ટૂંકમા આપણને આ બધું જોતાં તરત જ લાગે છે કે ડેન્માર્કને પરીકથાનો દેશ કહ્યો છે તે જરાયે ખોટું નથી.* (અંગ્રેજી ઉપરથી) ન.

* મૂળ લેખક M. M. Checkfield.

નવાં બાલમંદિરો

નવાં બાલમંદિરો ઉઘડ્યાં.

નીચેનાં ત્રણ બાલમંદિરો અનુક્રમે તા. ૧૫–૭–૩૪ તથા તા. ૪ તથા ૫ ઑગસ્ટના રોજ શ્રી. ગિજુભાઇના હસ્તે ખુલ્લાં મૂકાયાં છે.

૧ સ્વ. કુલચંદ બાપુજી સ્મારક બાલમંદિર, નડિયાદ
આચાર્યઃ શ્રી. ભગવાનજી શાહ.
અધ્યાપકઃ શ્રી. મૂળજી ભક્ત.

૨ ડૉ. હુદલીકરનું શિશુમંદિર, દાદર
આચાર્યશ્રી. એમ. એન. નાયકે.

૩ સાન્તાક્રુઝ ગુજરાતી હિંદુસ્ત્રીમંડળ બાલમંદિર
આચાર્યઃ શ્રીમતી લીલાબેન બાંડવાળા.
શિક્ષિકાઃ શારદાબેન પટેલ.
માનદ શિક્ષકઃ બાબુ શિલ્પી.

શિક્ષણસંસ્થાઓને દર્શને

છેલ્લા શિક્ષણપ્રવાસ દરમિયાન શ્રી. ગિજુભાઇએ મુંબઇ તથા સુરતની નીચેની સંસ્થાઓનાં દર્શન કર્યા હતાં.

મુંબઈ–(૧) ભગિની સમાજ બાલમંદિર. (૨) ભગિની સમાજ સેવામંદિરના દિવસ અને રાત્રિના વર્ગો. (૩) એન. જે. વાડિયા હાઇસ્કૂલ, દાદર. (૪) શારદામંદિર, પારલે. (૫) ન્યુ એરા સ્કૂલ, મુંબઇ. (૬) ફેલોશીપ સ્કૂલ, મુંબઇ. (૭) પ્યુપિલ્સ ઓન સ્કૂલ, વિલેપારલે. (૮) સંપટ બાલમંદિર, વિલેપારલે. (૯) વનિતા વિશ્રામ, મુંબઇ. (૧૦) ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળનું સ્ત્રી વિદ્યાલય. (૧૧) ડૉ. હુદલીકર બાલમંદિર. (૧૨) મજાગેટ એ. વી. સ્કૂલઃ ફોર્ટ, મુંબઇ.

નવાં પુસ્તકો

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

શાંત પગોમાં લેખક : ગિજુભાઇ કિંમત ૦–૬–૦

આહુસ્કિકોની સૃષ્ટિ મૂળ લેખક : જુલે વર્ન ,, ૧–૪–૦

સુરતમાં શ્રી. ગિજુભાઇ 'ગાંડિવ' બાલ પાક્ષિક પત્ર પ્રતિષ્ઠાપના શ્રી. ગિજુભાઇના હસ્તે તા. ૧લી ઑગસ્ટના રોજ થઇ.

ત્રાગડ બ્રાહ્મણ યુવક મંડળની સભામાં શ્રી. ચંદ્રવદન શાહના પ્રમુખપણા હેઠળ શ્રી. ગિજુભાઇએ માબાપોને ઉદ્દેશીને બાળકો સંબંધે ભાષણ આપ્યું હતું

યુવતી હસ્તકલા પ્રદર્શન અંગેના ઇનામ સમારંભમાં શ્રી ગિજુભાઇએ પ્રમુખપદેથી કલા વિષે ભાષણ આપ્યું.

વનિતા વિશ્રામ, મહિલા વિદ્યાલય, બાલિકા સમાજ, રાંદેર કન્યાશાળા, બાલપુસ્તકાલય અને કૉલેજનાં દર્શન કર્યાં.

ભૂલ સુધાર

પાછળના અંકોમાં વખતોવખત બાલમંદિરોની યાદી પ્રગટ થતી રહી છે, તેમાં ઘાટકોપરના બાલમંદિરનું નામ શરતચૂકથી મૂકવું રહી ગયું છે. આ બાલમંદિર કેટલાંક વર્ષ થયાં ઘાટકોપરમાં ચાલે છે. તેના મંત્રી શ્રી. માણેકલાલ અ. મહેતા છે અને આચાર્ય શ્રી. રણછોડજી નાયક છે. તે બાલમંદિરનું નામ શ્રી ઘાટકોપર મોન્ટીસોરી બાલમંદિર છે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં કાયમી ગ્રાહકોની યોજના

એ જાતનાં ગ્રાહકો નોંધાશે:—

(૧) દરેક પ્રગટ થતાં પુસ્તકનાં.

(૨) શિક્ષણશાસ્ત્ર સિવાયનાં પુસ્તકોનાં એટલે બાલસાહિત્ય અને કુમારવાચન વગેરેનાં.

નિયમો

૧ દરેક પુસ્તકના ગ્રાહકે રૂા. ૧૦) તથા શિક્ષણશાસ્ત્ર સિવાયનાં પુસ્તકોના ગ્રાહકે રૂા. ૫)ની રકમ અનામત મૂકવી જોઇશે. રોકડા રૂા. આવ્યા સિવાય કોઇ પણ ગ્રાહક નોંધી શકાશે નહિ.

૨ પહેલી જાતના ગ્રાહકને રૂપિયે ચાર આના તથા બીજી જાતના ગ્રાહકને રૂપિયે ત્રણ આના વળતર આપવામાં આવશે. પોસ્ટેજ બંનેને જુદું આપવાનું રહેશે.

૩ ગમે તે તારીખથી ગ્રાહક નોંધી શકાશે; પરંતુ જે તારીખથી ગ્રાહક નોંધાશે તે તારીખ પછીનાં તે વિભાગનાં પ્રગટ થયેલ બધાં પુસ્તકો તેણે લેવાં જોઇશે. ત્યાર પહેલાનાં ખૂટતાં પુસ્તકો જોઇતાં હશે તેમને આ લાભ મળી શકશે નહિ.

૪ વર્ષ દરમિયાન બનતાં સુધી અનામત મૂકેલ રકમનાં પુસ્તકો ગ્રાહકને મળી જશે.

નવી માળા શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકા સંપાદક : ગિજુભાઇ

૧૦૮ પુસ્તકો : ક્રાઉન સાઇઝનાં દરેકનાં ૧૨૮ પાનાં : સચિત્ર પૂંઠું : નવી જ જાતનાં પુસ્તકો : ખાસ નવા વિષયો. ગ્રાહકોને પુસ્તકો પોણી કિંમતે મળશે. પોસ્ટેજ જુદું. રૂા. ૧૦) મોકલી ગ્રાહક થાઓ.

પહેલું પુસ્તક દશેરાને દિવસે પ્રગટ થશે.

પ્રકાશક : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૦

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રીઓ :
ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

કરેલો સંકલ્પ પાળવાથી ક્રિયાશક્તિનું બળ વધે છે; પણ આ સંકલ્પ પોતે જ કરેલો હોવો જોઇએ, આ સંકલ્પ પોતાના અંતરમાંથી ઉપજેલો હોવો જોઇએ, આ સંકલ્પ પોતાને થયેલા આંતર અનુભવોમાંથી થયેલો હોવો જોઇએ. આવા જ સંકલ્પની ખરી કિંમત છે. આવો જ સંકલ્પ માણસને બળવાન બનાવે છે. પર-ઇચ્છાથી કરેલા સંકલ્પની કશી કિંમત નથી. ઉલટું સંકલ્પ તોડનાર માણસ તેના દરેક ભંગ વખતે નબળો પડતો જાય છે.

બાપ થતા પહેલાં

[સુરત કૉલેજમાં શ્રી. ગિજુભાઇનું પ્રવચન]

ગઇ કાલે મને કોઇએ માતાનું બિરદ કે કાચો આદમી જાણવો. ઘણાં કહે છે કે આપેલું, ત્યારે મને એમ થયું હતું કે એ વાત છેક ખોટી નથી. મારાં એક વિદ્યાર્થિની બહેન મને ' મૂછાળી બેન ' કહે છે ને કાગળમાં ' મૂછાળી મા ' લખે છે; ને સાથે ' લિ. તમારો દીકરો ' એમ પણ લખે છે. આમ મારામાં માતાના આત્માનું આરોપણ થાય એ મારે તો અભિમાન લેવા જેવું છે.

હવે હું માતા કેમ બન્યો એ મારે તમને કહેવું જોઇએ. હું આફ્રિકાનાં જંગલોમાં મૂછોને વળ ચડાવીને ફરતો ત્યારે માતાનો એક પણ અંકુર મારામાં ન હતો. ત્યારે હું નાનાં બાળકો સામે જોતો નહિ; તેમને ધુતકારતો, હડધૂત કરતો, છી છી કરતો. મતલબ કે ત્યાં સુધી હું લૂખા સૂકા બાવળના ઠૂંઠા જેવો હતો. પણ જ્યારે હું એક બાળકનો પિતા થયો ત્યારે હું માતા બની ગયો. મારો રંગ બદલાઇ ગયો. તમે ન કલ્પી શકો એટલું મારામાં પરિવર્તન થયું. એને તમે વિપ્લવ, ક્રાન્તિ, પરિવર્તન, જે નામ આપો તે. મારા જીવનમાં ત્યારથી અજબ પલટો થયો. એ પહેલાં બાળકોને જોઇને હું કાલોઘેલો થાઉં, એમની નાનકડી કીકીઓમાં ઝમકતું નૂર જોઉં અને એમના મંદ મધુરા હાસ્યમાં મસ્ત થઇ જગતને વિસારી મૂકું એવું મને સ્વપ્નુંયે ન હતું.

પુરુષના હૃદયમાં જ્યાં સુધી માતૃત્વની ભાવના જન્મતી નથી, ત્યાં સુધી તેને અડધો અમારે માતા-પિતા થવાની જંજાળમાં નથી પડવું. પણ એ જંજાળમાં પડવાની મારી તમને સૌને સલાહ છે. આ સલાહ બાલમંદિરો વધે ને તેમાં બાળકોની આવક નિરંતર થયા કરે તે માટે નથી આપતો; જગત નિર્વંશ થઇ જાય એવા ભયથી એ સલાહ નથી આપતો. પરંતુ માતૃત્વ અને પિતૃત્વમાં જે ભવ્ય, કલ્પનાથીયે પર એવા આનંદનો અતિરેક છે તે માણવા માટે કહી રહ્યો છું. મને લાગે છે કે જગતે એ સ્થિતિ માણી જોવા જેવી છે.

જુવાની આવે છે ત્યારે મૂછના અંકુર ફૂટે છે. એ જુવાની જીવનમાં નવી ચમક લાવે છે. કોઇ ભવ્ય અને અકથ્ય અનુભવ કરવા માટે એ જુવાની તલપી રહે છે. એ તલપનું નામ પ્રેમ. પણ આજે તો એ જુવાનીનાં સ્વપ્નાં ને એ જુવાનીના કોડ પૂરાય તે પહેલાં તો ઘણાં માતા-પિતા થઇ જાય છે. મેં તો હિંદમાં જુવાની જેવી ચીજ જ જોઇ નથી; ને ક્યારે જોઇશ તે જાણતો નથી. જ્યાં નાનાં નાનાં છોકરા-છોકરીઓ માબાપ થઇ પડે છે ત્યાં શું કહેવું ? બાળકો સમક્ષ બોલવું સહેલું છે પણ આવા જુવાનો સમક્ષ શું કહેવું ?

ટૂચકા સંગ્રહ 'માં એક નવપરિણીત દંપતી પોતાના બચ્ચાની કેવી સંભાળ લે છે તેની એક ગમ્મત છે. આ દંપતીનો એક નાનો ખૂણો છે, તે ઓરડામાં હવા ઓછી હોવાથી ગભરાય

છે ને અકળાય છે. દંપતીને બાળકના ઉછેર સંબંધમાં કંઇ જ્ઞાન ન મળે. બન્ને લાગણીવાળાં છે; પોતાના પ્રેમના પરિપાક રૂપ એ બાળકને જોઇને બન્ને પોતાને ધન્ય માને છે; બન્ને પરસ્પર પ્રેમી છે. એ બાળક તો બન્નેનું જીગર છે. પણ એ બાળકની કેમ સંભાળ રાખવી; એ બન્ને જાણતાં નથી. બાળક તો રડવા માંડ્યું. પત્નીએ પતિને કહ્યું: "જરા તમે ખૂચાને રાખોને?"

પતિએ કહ્યું: "ના, એ મારું કામ નથી. જો. ખૂચા! રડતો નહિ. રડે એ સારું ન કહેવાય. છાનો રહી જા ને તારી બા પાસે જા."

ત્યારે પત્ની બોલી: "જો ખૂચા, રડીએ નહિ. તું રડ રડ કરે એ તારા બાપાને પસંદ નથી. જો છાનો રહી જા, ને તારા બાપા પાસે જા."

આમ બન્ને એકબીજાને કહ્યા કરે તોયે બાળક ન રહ્યો. પછી તો તેને ઘોડિયામાં નાખ્યો, હાલાં ગાયાં, ચા, કૉફી, કોકો પીવડાવ્યાં, ઘંટડી વગાડી: એ બધું કર્યું પણ બાળક તો રડ્યા જ કરે. એટલે નર્સને બોલાવી. નર્સે તપાસ કરીને કહ્યું કે બાળક હવા વિના ગભરાય છે માટે જરા બારી બોલી નાખો એટલે એ રડતો રહી જશે. આમ અજ્ઞાનને કારણે જાતે દુઃખી થયાં ને બાળકને પણ દુઃખી કર્યું. આમાં કંઇ અતિશયોક્તિ નથી.

ઘાટકોપરમાં એક બાળક બિમાર હતું ડૉક્ટરે તેને શેક કરવા કહ્યું. આ કિસ્સામાં પુરુષ તાજો ગ્રેજ્યુએટ હતો અને સ્ત્રી પણ કાંઇ કાઢી નાખવા જેવી ન હતી. એ પણ ઉંચી એડીના બૂટ જ પહેરતી ને ટચુકડા હાથાની છત્રી લઇને ફરતી. આ બન્ને તો મંડ્યાં શેક કરવા! એક મોટી સગડી આણી; બારણું બંધ કરી આખી રાત શેકયા કર્યું, ને પરિણામે બાળક સવારે મરી ગયું!

માબાપ કેમ થવાય એ પણ જાણવું જોઇએ, પ્રત્યેક જુવાને લાયક પિતા થવા માટે કાળજી રાખવી જોઇએ. મને દિલગીરી એટલી થાય છે કે મેં મારા જુવાનીના દિવસોમાં ઘણા ગ્રંથો વાંચ્યા અને પ્રવાસો કર્યા, છતાં બાળકોની કેળવણી –ઉછેર વિષે કંઇ જ વાંચ્યું નહિ. "તારે પિતા થવાનું છે માટે તું આ વાંચ." એમ મને કોઇ કહેનાર પણ નીકળ્યું નહિ. આજે શી સ્થિતિ છે? જુવાન પોતાની પત્નીને ભણાવવા તૈયાર થઇ જાય છે; બન્ને પ્રેમપત્રો લખવામાં મશગુલ થઇ જાય છે; અવનવાં સ્વપ્નાં રચે છે. બન્નેને એકબીજા વિના ગોઠતું યે નથી! પણ છોકરાં થશે તો કેમ પાળશું એનો બન્નેમાંથી એકે વિચાર કરતું નથી. આને જ પરિણામે હું જ્યારે બે દીકરાનો બાપ થયો ત્યારે તો શરમાતો. એવી જ સ્થિતિ હાલ થાય છે. એકાએક ઘરમાં બૂચો કે બૂચી રડવા લાગે છે ને ગભરાટ થઇ ઉઠે છે; ને મુંબઇની ઓરડીમાં રહેવાનું હોય ત્યારે તો

> માબાપ સિવાય કોઇ પણ ઇતર માણસને બાળકને ચુંબન લેવાનો અધિકાર નથી.
>
> જગતને સ્વતંત્ર કરવું હોય અને આપણે જાતે સ્વતંત્ર થવું હોય તો આપણા મતાગ્રહની ચુંગાલમાંથી બાળકોને મુક્ત રાખજો.
>
> બાળકને ઘડવાનો દાવો કરનારા માનવજાતિના મોટા દુશ્મન છે.
>
> બાળક એટલે માનસશાસ્ત્રનું પુસ્તક.
>
> માબાપ થવાની જવાબદારી ગંભીર છે; એ માટે પહેલાં લાયકાત મેળવવાની જરૂર છે.

ગમ્મત ઉડે છે !

આ તમારે જાણવા જેવી વાત છે. કાલ સવારે તમારે ત્યાં ઘોડિયાં બંધાશે; કેટલાકને ત્યાં બંધાઇ ચૂક્યાં હશે ને કેટલાક તો ઘોડિયાની દોરી તાણતા તાણતા અભ્યાસ પણ કરતા હશે. ફિકર નહિ; હિંમત રાખો. હું તમને આ બધું વિનોદમાં કહું છું પણ એ વાત અવગણવા જેવી નથી. માબાપ થાઓ તે પહેલાં તમારે માતૃત્વ અને પિતૃત્વની જવાબદારી જાણવાની જરૂર છે.

બાળક એટલે માનસશાસ્ત્રનું પુસ્તક. હમણાં હમણાં 'સાઇકૉલૉજી' શબ્દ બહુ વપરાય છે ને તે પર ઘણાં પુસ્તકો પણ છે. પણ એ વિષયની સૌથી મોટી ચોપડી બાળક છે. તમારે એ જીવંત પુસ્તકનો અભ્યાસ કરવાનો છે. તમારી આસપાસ જે બાળકો હોય તેનું નિરીક્ષણ કરો; આવતી કાલ માટે તૈયારી કરો. માબાપ થવું એ અનિવાર્ય છે તો પછી તે માટે પૂરતી તૈયારી હોવી જોઇએ. 'એ કોર્સ ફોર યંગ બોયઝ એન્ડ ગર્લ્સ'* એવી પુસ્તકમાળા બહાર પાડવાનો હું વિચાર કરી રહ્યો છું.

તમે જુવાન હો, જીવન સરળ વહી જતું હોય, કાવ્ય ને કલાનાં ભવ્ય સ્વપ્નોમાં તમે મહાલતાં હો, પ્રેમપાત્ર પર જીવન ઓવારી નાખવા તૈયાર હો, જીવનદેવી કે જીવનદેવની કલ્પનાઓ કરતાં હો, એ બધું બરાબર છે; પણ એમાંથી માબાપ થઇ જવાય એટલે નવી સ્થિતિ આવીને ઉભી રહે છે. એ સ્થિતિ દિવ્ય છે, ઉન્નત છે, છતાં આજે કનિષ્ટ છે. કારણ કે માબાપ થનારને જવાબદારીનું ભાન નથી, ને એ સ્થિતિ પર અકાળે જઇ પહોંચે છે ! વળી આપણી સામાજિક સ્થિતિ પણ બાળકોને તો સ્ત્રીઓ જ ઉછેરે ને પુરુષો તો ધ્યાન આપે જ નહિ એવી છે. પુરુષ બહાર ફરે અને સ્ત્રીને ઘરકામ કરવાનું ને છોકરાં સંભાળવાનાં. આ પરિસ્થિતિમાં સ્ત્રી કંટાળી જાય છે; પ્રેમ ને આદરમાં ન્યૂનતા આવે છે; પતિ તરફ પત્નીનો ધિક્કાર વધતો જાય છે. અને સૌથી ભયંકર વાત તો એ છે કે સંતાન થયા પછી બંને એકબીજાનાં દુશ્મન બને છે ! એ મતભેદ કેમ ઉભો થાય છે તે તેમને સમજાતું નથી. પણ ' એક પર બોજો ને બીજો છૂટો ' તેનું આ પરિણામ છે.

હવે નાનાં છોકરાં મા વિષે કેવી કલ્પના કરે છે તે કહું. તેઓ એમ માને છે કે મા એ કોઇ એવી બાઇ છે કે જે બાપા ઘરમાં આવે છે એટલે હા જી હા કરે છે, ને તેમને સાચવી લે છે. બાળક એમ માને છે કે માને બધું કામકાજ કરતાં આવડે છે ને બાપ તો બેવકૂફ છે. તે બહારથી ઘરમાં આવે છે, આરામખુરશીમાં પડે છે, છાપાં વાંચે છે ને કાંઇ કરતો નથી. બાળકનો બાપ વિષેનો આ ગંભીર અભિપ્રાય છે. તેને લાગે છે કે મા સારી છે; એ બાપથી ડરે છે. પણ કોઇ વાર બાપાનેયે તતડાવી નાખે છે ખરી !

આમ સ્ત્રી પુરુષની જ્યાં સમાનતા નથી ત્યાં પ્રેમની ન્યૂનતા હોય છે. પૈસાદાર માબાપો બાળકોને ઉછેરવા આયાઓ રાખે છે, ને બાળક રૂપી બલાને તેને હવાલે સોંપી દે છે. એનાં કેવાં પરિણામ આવે છે તે કહેવાની જરૂર નથી. ગરીબ માબાપ હોય તો બેમાંથી એકલી મા

---

* જુવાન છોકરા અને છોકરીઓ માટેનો અભ્યાસક્રમ.

ઉપર પડે છે. બાપ જરાયે નથી એટલે એકલી માતા બાળકની માલેક બને છે. પુરુષ બહાર ફરતો રહે છે, એટલે તેના પ્રેમમાં ન્યૂનતા આવે છે. મા માર-ફાડ કરે, ગાળો દે, તે છતાં બાળક તો માનું જ બની રહે છે. કારણ કે માર-ફાડ કરતી છતાં એ બાળક પ્રત્યે મમતા રાખે છે, ને તેની બને તેટલી સંભાળ પણ લે છે. આમ થાય છે એટલે પુરુષ સ્ત્રીની અદેખાઈ કરે છે; ને જેમ જેમ છોકરાં વધતાં જાય છે તેમ તેમ આ અદેખાઈ ને મતભેદ વધતાં જ જાય છે. મતભેદનું કારણ કોઈ જોઈતું નથી ને લડચે જાય છે. બાળકનો મા તરફ, ને માનો બાળક તરફ પક્ષપાત રહે છે; બન્નેની એક ગાંઠ થાય છે અને તેમની બેની દુનિયામાં બાપ દાખલ થઈ શકતો નથી. પરિણામે બાપ બન્ને પ્રત્યે ઘૃણા બતાવે છે ને કુટુંબમાં કલહ-કંકાસ ચાલુ રહે છે. આ વાત માનસશાસ્ત્રની છે; માત્ર કહેવાપૂરતી નથી: જ્યાં સદાકાળ મા દબાયેલી, દબાયેલી, તથા ચંપાયેલી, ને બાપ ગંભીર હોય ત્યાં છોકરાં શી રીતે હસી શકે? એટલે જ છોકરાં કૉલેજમાં આવે ત્યારે તેમને હસવાનું મળે છે; તેનો પુરાવો આજે તમે આપી રહ્યાં છો. આઘાતનો પ્રત્યાઘાત થાય તેમ જે લાગણીઓ લાંબો વખત સુધી દબાઈ રહે તે જોરથી પાછો ઉછાળો મારે એ સ્વાભાવિક છે. તમારી હસવાની લાગણી દબાયેલી રહી તે કૉલેજમાં ઉછળી આવી છે, અને એને યોગ્ય માર્ગ મળે તે માટે સારી કૉલેજ, સારા પ્રોફેસરો અને મારા જેવા ભાષણકર્તાઓ મદદકર્તા થઈ પડે.

માબાપ થવું એ ગંભીર જવાબદારી છે. એ માટે શી લાયકાત જોઈએ એનો તમે કદી વિચાર કર્યો છે? એ માટેનાં પુસ્તકો વાંચ્યાં છે ખરાં? વિલાયતમાં તો એવી પોપ્યુલર બુકસ ખૂબ વંચાય છે. તમે

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરનાં
કાયમી ગ્રાહકોની યોજના

બે જાતનાં ગ્રાહકો નોંધાશે:—

(૧) દરેક પ્રગટ થતા પુસ્તકનાં.

(૨) શિક્ષણશાસ્ત્ર સિવાયનાં પુસ્તકોનાં એટલે બાલસાહિત્ય અને કુમારવાચન વગેરેનાં.

નિયમો:

૧ દરેક પુસ્તકના ગ્રાહકે રૂા. ૧૦) તથા શિક્ષણશાસ્ત્ર સિવાયનાં પુસ્તકોના ગ્રાહકે રૂા. ૫)ની રકમ અનામત મૂકવી જોઇશે. રોકડા રૂા. આપ્યા સિવાય કોઈ પણ ગ્રાહક નોંધી શકાશે નહિ.

૨ પહેલી જાતના ગ્રાહકને રૂપિયે ચાર આના તથા બીજી જાતના ગ્રાહકને રૂપિયે ત્રણ આના વળતર આપવામાં આવશે. પોસ્ટેજ બંનેને જુદું આપવાનું રહેશે.

૩ ગમે તે તારીખથી ગ્રાહક નોંધી શકાશે; પરંતુ જે તારીખથી ગ્રાહક નોંધાશે તે તારીખ પછીનાં તે વિભાગનાં પ્રગટ થયેલ બધાં પુસ્તકો તેણે લેવાં જોઇશે. ત્યાર પહેલાનાં ખૂટતાં પુસ્તકો જોઇતાં હશે તેમને આ લાભ મળી શકશે નહિ.

૪ વર્ષ દરમિયાન બનતાં સુધી અનામત મૂકેલ રકમનાં પુસ્તકો ગ્રાહકને મળી જશે.

૫. એજન્ટ પૂરી કિંમત લેશે.

રમતના સિદ્ધાંતો નક્કી કરો છો, સામાજિક પ્રશ્નોની ચર્ચાઓ કરો છો, આંતરજાતીય ભોજન યોગ્ય છે કે કેમ તે ઉપર ઉહાપોહ જગાવો છો, વિધવાવિવાહ માટે તરફેણમાં કે વિરુદ્ધમાં વાદ-વિવાદ ચલાવો છો; એ બધું બરાબર. પણ કોઈ દિવસ બાપ થવા માટે શી લાયકાત જોઇએ એ જાણવાની, ચર્ચવાની કે વાંચવાની તમે તસ્દી લીધી છે ખરી ?

હવે એ બાબતમાં તમને હું બે ત્રણ વાતો કહીશ. પહેલી વાત તે બાળકને ચુંબન કરવા વિષે છે. કોઈ પણ જાણીતા કે અજાણ્યા માણસે કોઇ પણ બાળકને ચુંબન કરતા પહેલાં ગંભીર વિચાર કરવો જોઇએ. કેટલાકો બાળકને દડાની માફક ઉછાળે છે, જોરથી પકડીને હચમચાવી મૂકે છે, બીંસી નાખે છે, અને મૂંછોના ઢગ-લાથી ભરેલા મોઢાથી બાળકને બચીઓ કરી બાળકને ગંદું કરી મૂકે છે. બાળકોના વકીલ તરીકે જો કાયદા ઘડવાની આપણા હાથમાં સત્તા આવે તો હું એવો કાયદો પાસ કરાવવા માગું છું કે મા ને બાપ સિવાય કોઇ પણ ઇતર માણસને બાળકને ચુંબન કરવાનો અધિકાર નથી. બાળકો કંઇ રમકડાં નથી કે તેને ગમે તેમ રમાડાય. બાળકોને રમાડવામાં એટલી બધી હલકી વૃત્તિઓ ને ખરાબ વાતાવરણ જોવામાં આવે છે કે તેમાંથી બાળકને ઉગારી લેવાની બહુ જરૂર છે.

આવી તો અનેક બાબતો છે પણ એક બીજી વાત કહું. તમારાં બાળકોને તમારી જ ધાર્મિક માન્યતા, મંતવ્યો, પસંદગી-નાપસંદગીમાંથી બચાવી લો. બાળક તમારા ઘરને પાવન કરનારું છે; તમારા પ્રેમનું એ સુંદર વ્યક્ત સ્વરૂપ છે. જો તેને સન્માનવું હોય તો તેને કેવળ સ્વતંત્ર રાખો, અવલંબન વિનાનું રાખો. તમે બાળકના ઘડનાર છો એમ કદી પણ માનશો નહિ. તમે કહો તેમ બાળક ચાલે એમ પણ ન હોવું જોઇએ. હું માનું છું કે જે બાળકને ઘડવાની વાત કરે છે તે ગુન્હેગાર છે, માનવજાતનો મોટો દુશ્મન છે.

નાના બાળકમાં ને મોટા માણસમાં માત્ર શરીરની લંબાઇ પહોળાઇ સિવાય બીજો ફેર નથી. એનામાં સંપૂર્ણ શક્તિ છે. એ પોતાનું નિશાન-દિશા જાણે છે. એની આડે આવતાં ના ! ને આડા આવવાનો વિચાર હોય, બાળ-કથી વિરોધી વાતો કરવી હોય, તો મારી સલાહ છે કે પરણતાં નહિ. તમારે જો સાચો પ્રેમયજ્ઞ કરવો હોય, પશુ કરતાં માનવી વિશેષ છે એ સત્ય સિદ્ધ કરવું હોય, તો બાળકોને તમારાં મંતવ્યોમાંથી મુક્ત રાખજો. મતા,ગ્રહ રાખશો નહિ. તમે જ્ઞાત, જ્ઞત, ધર્મ કે બીજું જે કંઇ માનતાં હો તે જ માનવાનું તેના પર દબાણ કરતાં નહિ. આજકાલ તો બાપાઓ છોકરાએ શું થવું તે જાણે 'ડિકટેઈટ' કરાવે છે. મારો છોકરો વકીલ થાય, આઇ.સી.એસ. થાય, એમ માની એ માર્ગે તેને દોરવામાં ગર્વ લે છે. તમે જ્યારે બાપ થાઓ ત્યારે તમે ધણી-ધણીઆણી નિરાંતે બેસી વાતો કરજો કે છોકરાને જે થવું હોય તે થાય. એની મરજી હોય તે ભલે કરે.

જગતને સ્વતંત્ર થવું હોય તો આપણા મતાગ્રહની ચુંગાલમાંથી છોકરાંઓને મુક્ત રા-ખવાં જોઈએ.

બાબાઓને ગિજુભાઈ ૦-૧૦-૦

રત્નોની ખાણમાં

: ૧ :

ગુલાબ અને શીવલી બે ત્રણ વાર ચોકીદાર આવ્યો ત્યાં સુધી જાગેલાં. ત્યારથી એમને એ ચોકીદાર જોવાનું ખૂબ મન. રાતે જ્યારે માણસો, પશુ, પંખી બધાં સૂઇ ગયાં હોય ત્યારે જાગતા રે'જો'નો સાદ પાડી શેરીમાં એકલો ફરનાર આ માણસને જોવાની તેમને તીવ્ર ઇચ્છા. ચોકીદારના આવવાને વખતે હવે ગુલાબ કેટલીક વાર જાગી જતો. ચોકીદાર જ્યારે તેમની બારી નીચે આવી ખોંખારો ખાતો ત્યારે બીજા અનેક પાડોશીઓની જેમ ગુલાબને પણ તેની સામે ખોંખારો ખાવાનું મન થઇ જતું. પરંતુ બાની અને બાપાની બીક કશું કર્યા વિના રાતની એ શાંતિમાં ધીમે ધીમે મોટો થતો આવતો એ ચોકીદારનો અવાજ સાંભળી રહેતો. બારી નીચેથી ખોંખારો આવતો ત્યારે ગુલાબના ગળામાં પણ નાનકડો ખોંખારો આવી જતો, પરંતુ એ બહાર નહોતો નીકળતો. ફરી પાછો એ ચોકીદારનો ખોંખારો ધીમો ધીમો થઇ રાતની શાંતિમાં શાંત થઇ જાય ત્યાં સુધી ગુલાબ સાંભળી રે'તો.

આજે શીવલી અને ગુલાબ બંનેને ચોકીદારને જોવાનો લાગ મળ્યો. બાપા કંઇક કામસર બહારગામ ગયા'તા, અને બા બંનેને ઉપર સૂવાડી પાડોશીને ત્યાં વિવાહ ચાલતા હતા એટલે ત્યાં ગઇ હતી. ચોકીદારના આવવાની વખતે બંને જણ જાગી ગયાં. પાસે બા કે બાપા કોઇ નહોતું. બંનેએ ચોકીદારનો દૂરથી આવતો અવાજ સાંભળ્યો અને ઉઠીને બારી પાસે ગયાં. ધીમે ધીમે ચોકીદાર બારી નીચે આવ્યો અને ખોંખારો ખાધો. ચોકીદારને જોવામાં ગુલાબનું ખોંખારો ખાવાનું રહી ગયું. ધીમે ધીમે ચોકીદાર દૂર જતો ગયો અને ફરી ખોંખારો ખાધો. હવે ગુલાબે પણ એક નાનકડો ખોંખારો ખાધો. બને હસી પડ્યાં. ચોકીદાર ચાલ્યો ગયો, ફરી પાછી શાંતિ જામી ગઇ. શીવલી અને ગુલાબ ચોકીદારની વાતો કરતાં સૂઇ ગયાં.

: ૨ :

શીવલી અને ગુલાબનું ઘરઘર રમવાનું હમેશનું. બપોરે જમ્યા પછી બા અને બાપાને સૂવું હોય એટલે શીવલી અને ગુલાબને પણ ઘડીભર સૂઇ જવાનું કે'તાં. બંને એ વખતે તો સૂઇ જતાં પરંતુ બા અને બાપા ઊંઘી જતાં એટલે ઉઠીને નીચે આવતાં અને દાદરામાંથી ઢીંગલી, ચૂલો, બેડાં, થોડાંએક સાંઠીકડાં વગેરે ઘરવખરી લઇને દાદરાની નીચેની એક જગ્યાએ ઘર માંડતાં. શીવલી એક ફાટ્યોતૂટ્યો ગાભો માથે ઓઢતી અને ગુલાબ ટુવાલનો બેસ કરી શેઠિયો બનતો. બહારથી થોડીએક ધૂળ લાવી, તેમાં પાણી નાખી તેનો લોટનો પીંડો કરતાં અને શીવલી સાંઠીકડાનું વેલણ કરી ને પ્લૂક–બૉન્ડના ડબાના ઢાંકણાનું ચાંડણિયું કરી રોટલી વણતી. ગુલાબ એ વખતે બેસ ઓઢી હાથમાં રૂમાલ લઇ બજારમાં ભાજીપાલો લાવવા માટે ઉપડી જતો. શીવલી રોટલી વણતાં વણતાં પડખે પડેલી પૂતળી જાણે તેને રોઇને અકળાવતી હોય તેમ બે ત્રણ વાર કંટાળાભરી અને ગુસ્સાની નજરે તેની સામે જોતી, અને પછી

જાણે બીજો કોઇ ઉપાય ન હોય તેમ એક બે ગાળ સંભળાવી એકાદ લપડાક લગાવી અને બાઘડાની બીક બતાવી તેડીને પાસે લાકડાના એક કટકા ઉપર લૂગડું પાથરીને કરેલા ઘોડિયામાં સુવાડી આવતી; અને પછી પાછી રોટલી વણવા મંડી જતી, અને ઠીંકરાના ચૂલા ઉપર તાવડી તરીકે એક બીજું ઠીંકરું મૂકી એના પર રોટલી ચોડવતી. લાકડાનાં બેડાં લઇ જનારાની પાનસાંકળને નળે પાણી ભરી આવતી. અંતે ગુલાબ પોતાનો બેસ સરબો કરતો કરતો અને બોંબારા બાતો બાતો શાકની ઝોળી લઇને આવતો, અને ઝોળી એક ખૂણામાં મૂકી ધીમે ધીમે પોતાનો બેસ ઉતારી જંબવા બેસતો. શીવલી છાનીમાની તેને બધું પીરસતી. ગુલાબ બાલી વાટકીમાં રોટલી બોળીને મિષ્ટાન્ન જમતો હોય તેમ સબડકા બોલાવતો જમતો.

પરંતુ ગુલાબને આ રમતમાં બહુ મજા નો'તી આવતી, એટલે બા કે બાપા જાગી ઉઠતાં જ એ રમત માસ્તર અને છોકરાઓની રમતમાં ફેરવાઇ જતી. એમાં ગુલાબને માસ્તર થવાની ઠીક લહેર પડતી. માસ્તર બની પોતે દાદરાના પગથિયા ઉપર સોટીનો બવાજ કરતો અને જાણે બીજા પંદર વીશ છોકરાઓ બેઠા હોય તેમ પ્રશ્ન પૂછી બાલી જગ્યાબે આંગળી ફેરવતો, અને પછી શીવલીને એ પ્રશ્ન પૂછતો. જવાબ સાચો ન પડે એટલે એકાદ સોટી ફટકાવી દેતો! શીવલી જરા રીસાઇને કહેતીઃ "આમાં કાંઇ સાચું મારવાનું ન હોય!" ગુલાબ હસતો અને ત્યાર પછીના પ્રશ્ન માટે શીવલીને પહેલો નંબર આપતો.

પ્રહ્લાદ.

બાળકો અને ભૂલો

બરાબર દોઢ વરસ પહેલાં અમે બાલમંદિરનાં બાળકોને અંબાજીની મુસાફરીએ લેઇ ગયેલાં. કુંભારીઆનાં દહેરાંની કોતરણીનું નિરીક્ષણ કરાવવામાં અમે સૌ તલ્લીન હતાં, તેવામાં બેચાર બાળકોએ આવીને કાનમાં એક વાત કહીઃ "અરવિંદાબેને ભગવાન પાસેની બદામો લઇ લીધી છે, ને બીસામાં મૂકી છે."

કાન પર આવેલી આ હકીકતને બહુ મહત્ત્વ ન આપવાના હેતુથી મેં "સારૂં." એમ કહ્યું અને બાળકો તો પાછાં ગમ્મતે ચડ્યાં.

ફરતો ફરતો હું અરવિંદાબેન પાસે ગયો. બદામોની હકીકત મેં તેમને પૂછી. તેમણે સાફ સાફ ના જ પાડી. ત્યાર પછી તો તેમણે કેવી રીતે બદામો ફોડી ને છાનાંછાનાં બાધી એ બધી હકીકત મારી જાણમાં આવી ગઇ. પરંતુ જ્યારે જ્યારે એમને આ વિષે પૂછવામાં આવ્યું ત્યારે ત્યારે એમણે ઇન્કાર જ કર્યો. અને તેને મેં મહત્ત્વ પણ ન આપ્યું.

અરવિંદાબેનને અમારામાં વિશ્વાસ ન હતો, એટલે એ હકીકત છૂપાવતાં હતાં. એ સમજતાં હતાં કે "પોતે ચોરી કરી છે, પરંતુ તે કબૂલ કરતાં તેમને શું શું કહેવામાં આવશે તેની કલ્પિત બીકથી સત્ય હકીકત છૂપાવતાં હતાં.

ત્યાર પછી તો અનેક કિસ્સામાં જ્યાં જ્યાં એમણે ચોરી કરી હોય, કોઇને ચૂંટલા ભર્યા હોય, કોઇને ગાળ દીધી હોય, સર્વમાં તે ઇન્કાર

બાલ ગૃહ

બાળકો એ આવતી કાલનાં નાગરિકો છે. સ્વતંત્ર અને પ્રાણવાન પ્રજા તૈયાર કરવા માટે કેળવણીની શરૂઆત છેક બાળપણથી જ થવી જોઇએ એ સત્ય આજે સમાજના મોટા ભાગને ગળે ઉતરતું જાય છે. ઠેર ઠેર બાલમંદિરો ખોલાય છે, અને એમ કહીએ તો ચાલે કે કેળવણીની આલમમાં બાળપૂજા શરૂ થઇ ચૂકી છે.

પરંતુ બધેય બાલમંદિરોની સગવડ ક્યાંથી હોય? પરદેશમાં વસતાં માબાપો ક્યાં રહીને પોતાનાં બાળકોને બાલમંદિરમાં બેસાડી શકે? માતાના સ્વર્ગવાસ પછી નમાયાં–હિજરાતાં બાળકોને પિતા બહુ બહુ તો ચાર પાંચ કલાક બાલમંદિર આપી શકે, પણ ચોવીશે કલાકનું માનું પ્રેમમય વાતાવરણ ક્યાંથી આપી શકવાના? ઘણાં માબાપોને વળી એમ પણ હોય છે કે બાળકોને કોઇ સુવ્યવસ્થિત કેળવણીની સંસ્થામાં જ ઉછેરવાં.

આ અને આવાં બીજાં કારણોને લઇને કે જેમાં બાળકોને માતાપિતાનો શુદ્ધ વિકસિત પ્રેમ મળી શકતો નથી તેવાં બાળકોને શુદ્ધ સ્નેહમય વાતાવરણમાં ઉછેરવાની અને તેમનો બાલમાનસશાસ્ત્ર અને નૂતન બાલકેળવણીની દૃષ્ટિએ સંપૂર્ણ સ્વયંવિકાસ સાધવાની સગવડવાળું ભાવનગરમાં એક બાલગૃહ ખોલવાની અમારી ધારણા છે.

વિગતો

બાલગૃહમાં ત્રણથી દશ વર્ષ સુધીનાં બાળકોને દાખલ કરવામાં આવે. ચોવીશે કલાક બાળક નિષ્ણાતોની સીધી દેખરેખ તળે રહે, અને તેના શારીરિક અને માનસિક વિકાસની શક્ય તેટલી બધી જ અનુકૂળતાઓ કરી આપવામાં આવે.

આર્થિક વિષયમાં બાલગૃહ પોતાના જ પગભર ઉભું રહી શકે અને એના નિભાવ અર્થે કયાંયે હાથ લાંબો ન કરવાનો રહે એટલા માટે અત્યારે બાળકનો બર્ચ ઉપડી શકે તેટલી ફી રાખવા ધારી છે.

વર્ષમાં છ છ માસનાં બે સત્રો. સત્રાંતે રજાઓ પડે. પ્રત્યેક સત્રની ફી રૂા. ૧૨૦-૦-૦ અગાઉથી લેવાની; જેમાં નીચેની બાબતોનો સમાવેશ થઇ જાય.

બાળકને—

સૃષ્ટિસૌંદર્યવાળી રહેવાની સગવડ.

ખોરાક, પોષણ—(જેવાં કે દૂધ, માખણ, લીલાં તથા સૂકાં ફળો વગેરે.)

માનસિક અને શારીરિક વિકાસનાં સાધનો—અખાડો વગેરે.

દાક્તરી સારવાર.

નિષ્ણાત પરિચારકો.

કેળવણી (પ્રાથમિક શિક્ષણ પૂરું)

આ ઉપરાંત દાખલ ફી રૂા. ૨૫-૦-૦ લેવાય. જેમાં બાળકની બાલગૃહની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પલંગ, બિછાનું, મચ્છરદાની, વાસણો, ટુવાલ, નેપકિન વગેરેનો સમાવેશ થાય.

અમુક ચોક્કસ સંખ્યા થયે બાલગૃહ ઉઘડશે.

વધુ વિગત માટે નીચેના શિરનામે લખો:—

શ્રીમહાગુજરાત બાલગૃહ
તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર
તા. ૧-૯-'૩૪

નર્મદાબેન રાવળ
સંચાલક

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકા

સંપાદક : ગિજુભાઇ

એક સો આઠ (૧૦૮) પુસ્તકો

દરેક પુસ્તકનાં ૧૨૮ પાનાં
ક્રાઉન સાઇઝ : મોટા ટાઇપ
કિંમત ૦–૬–૦ લગભગ

પહેલું પુસ્તક
દશેરાને દિવસે પ્રગટ થશે.

ગ્રાહકોને ગ્રાહક નોંધાયા પછી
દરેક પુસ્તક
પોણી કિંમતે મળશે.
પોસ્ટેજ જુદું થશે.

પહેલાં નવ પુસ્તકો:—

૧ **આશ્રમવૃક્ષો** ગિજુભાઇ

ઘરની પાસે તથા બગીચામાં થતાં કેટલાંએક વૃક્ષોની ઓળખાણ.

૨ **જાણવું જોઇએ** શંકર શાહ

દરેક બાળકે સમજવા જેવી કેટલી-એક રોજની ઉપયોગી બાબતો.

૩ **મોટાં થઇશું ત્યારે** જયંતિલાલ
(ત્રણ નાટકો)

૪ **ટપાલમાં** ગિજુભાઇ

શ્રી. ગિજુભાઇના પંચગની, આરડોલી વગેરે પરત્વે મિત્રોને લખાયેલા પત્રો.

૫ **પ્રવાસ વાર્તાઓ** ...

'રખડુ ટોળી' ની ઢબે લખાયેલી ચાર જુદી જુદી વાર્તાઓ

૬ **શબ્દ ચિત્રો** સ્વ. કમળાબહેન

૭ **મહમદ સેલ અને—** ગિજુભાઇ

પ્રખ્યાત જાદુગર મહમદ સેલનું અને બીજાં રેખાચિત્રો

૮ **વનવૃક્ષો** ગિજુભાઇ

ગામથી દૂર જંગલમાં થતાં મોટાં વૃક્ષોનો પરિચય.

૯ **ફૂદાં અને પતંગિયાં** હેમુભાઇ

ફૂદાં તથા પતંગિયાનો પરિચય.

તારીખ ૫ : ૯ : ૧૯૩૪

રામાયણનાં પાત્રો

લેખક : નાનાભાઈ

છ પુસ્તકોઃ—

૧ સીતા	૪ ભરત-લક્ષ્મણ
૨ રાવણ	૫ કૈકયી-મંદોદરી
૩ રામચંદ્ર	૬ હનુમાન-વિભીષણ

ગ્રાહકોને પોણી કિંમતે મળશે. પોસ્ટેજ જુદુ

અગાઉથી મોકલવાના રૂા. ૨-૮-૦

અગાઉથી રકમ મોકલનાર જ ગ્રાહક ગણાશે.

પહેલું પુસ્તક દશેરાને દિવસે

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

બાલસાહિત્ય વાટિકા

બીજાં

નવ પુસ્તકો

૧ થોડાએક વૈજ્ઞાનિકો
૨ સંવાદ-નાટકો
૩ ઝીણાં જીવડાં
૪ અહીંતહીં
૫ આપણાં દેવદેવીઓ
૬ પક્ષીઓનું અવલોકન
૭ સુંદર દર્શન
૮ વિશ્વરચના
૯ લોકકથાઓ

શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્ય વાટિકાના ગ્રાહકના નિયમો

૧૦૮ પુસ્તકો : દરેક ૧૨૮ પાનાનું : સચિત્ર પૂઠું.

૧ દરેક પુસ્તકની કિંમત લગભગ ૦-૬-૦ થશે.

૨ અગાઉથી દસ રૂપિયા મોકલી ગ્રાહક થનારને દરેક પુસ્તક પોણી કિંમતે મળશે.

૩ પોસ્ટેજ અથવા પુસ્તક પહોંચાડવાનું ખર્ચ ગ્રાહકના શિર રહેશે.

૪ લવાજમ આવ્યા પછીની તારીખથી જ ગ્રાહકને પોણી કિંમતનો લાભ મળશે.

૫ રકમ સિલિકમાં હશે ત્યાં સુધી પુસ્તકો મોકલાશે. રકમ પૂરી થયે બીજી પુસ્તકો માટે બીજી રકમ મોકલવાની રહેશે.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

જ કરતાં. ગમે તેવી પ્રશ્નપરંપરાને તે થાપ આપી શકતાં. એમનો વધુ પીછો પકડવો એ ઠીક પણ નહોતું લાગતું. વિશ્વાસ પેદા થશે ત્યારે હિંમતથી ભૂલ કબૂલ કરશે. આ વિશ્વાસ પેદા ક્યારે થાય છે તે જોવાનું અમારે રહ્યું.

ત્રણેક દિવસ પહેલાં એક બાળકે આવીને ખબર આપ્યા: "અરવિંદાબેને નાસ્તો કર્યા વિના કાજુ, દ્રાક્ષ બીસામાં નાખી ચાલતાં થયાં."

મેં અરવિંદાબેનને પૂછ્યું: "નાસ્તો કર્યો?"

જવાબ: "થોડોક કર્યો."

પ્રશ્ન: "પૂરો કેમ ન કર્યો?"

જવાબ: "નહોતો કરવો."

પ્રશ્ન: "બીસામાં કાંઈ લઈ ગયાં છો?"

મને તો નકારની જ આશા હતી. પરંતુ અરવિંદાબેને તો તુરત જ જરાયે ક્ષોભ વિના જવાબ આપ્યો: "હા."

પ્રશ્ન: "કોઈ અહીંથી આવી રીતે નાસ્તો લઈ જાય છે?"

જવાબ: "ના."

પ્રશ્ન: "અહીં બેસીને ખાવાની કોઈએ ના પાડી હતી?"

જવાબ: "ના."

પ્રશ્ન: "તો પછી આમ શા માટે કરો છો?"

જવાબ: "નહિ કરીએ."

એમ કહી અરવિંદાબેન ચાલતાં થયાં.

થયેલી ભૂલની બહાદુરીથી કબૂલત આપવાનું અરવિંદાબેનમાં કદી હતું જ નહિ. એમની જાત અને સ્વભાવ પર એમને ઓછો કાબૂ છે, એટલે ઘણી વખત ચોખ્ખાં પકડાઈ જાય એવી ભૂલો કરી બેસે તો પણ એમણે જે કાંઈ કર્યું હોય તે નથી જ કર્યું એમ કહીને ઉભાં રહે!

પરંતુ બાલમંદિરના પ્રેમભર્યા, ક્ષમાશીલ સતત સહવાસથી એ જોઈ શક્યાં કે ભૂલો થાય; અન્ય બાળકો પ્રત્યેના વર્તાવથી એ જોઈ શક્યાં કે ભૂલ કબૂલ કરનારને અહીં કોઈ મારતું કે વઢતું નથી. બીજાં બાળકોને આ પ્રકારનો વિશ્વાસ જલદી પેદા થાય છે; અરવિંદાબેનને આવો વિશ્વાસ બહુ મોડો પેદા થયો. દરેક બાળકને અમુક ચોક્કસ વખતમાં આવા પ્રકારનો વિશ્વાસ પેદા થઈ જવો જોઈએ, એવું તો આપણે કેમ જ માનીએ?

અખૂટ ધીરજ ન રાખી હોત તો અરવિંદા અને અમારી વચ્ચે મોટી દીવાલ ચણાઈ હોત. આજે તે ખૂબ નજીક આવતાં જાય છે. બાળકની નજીક આવ્યા વિના આપણે તેનામાં પરિવર્તન આણી શકીએ નહિ. તેને નજીક આવવા દેવા માટે આપણે ક્ષમાશીલ થવું ઘટે. તેના નાના કે મોટા દોષોને સમજીએ ખરા, પરંતુ ઉતાવળા બની નીતિના સિદ્ધાંતો રજુ કરી તેનો 'હાઉ' તેનામાં પેદા કરીએ તો પછી બાળક તેની બીકમાં ને બીકમાં આપણાથી દૂર જ નાસવાનું.

ભૂલ કર્યા વિના કોઈ ચડતું નથી. ભયરહિત વાતાવરણમાં બાળક ભૂલ કબૂલ કરે છે. એ સમયે આપણે તેની સાથે કેવી રીતે વાતો કરવી એ પણ સમજવું જરૂરી છે. "કાચ મારાથી ફૂટ્યો." "ચોપડી મેં ફાડી." એમ નિર્ભયતાથી જે બાળક કબૂલ કરી નાખે અને પછી આપણે ગાળોના વરસાદ વરસાવીએ કે કેટલું શબ્દો કહીએ કે માર મારીએ, તો શું બાળક ત્યાર પછીથી કદી તેનું દિલ આપણી પાસે ખોલે ખરું?

એવા કિસ્સા પરથી બાળકને નિર્ભય કરી આપણે વિચારીએ કે તેવી ભૂલોમાંથી તેને કેવી રીતે બચાવી શકાય. એવો કયો માર્ગ લીધો હોય તો તેને આવી ભૂલોમાંથી બચાવાય.

આવા પ્રસંગે તો "હવેથી સંભાળ રાખજો." કે "હોય, થઈ જાય; પણ હવેથી ન કરજો." એવા બે પ્રેમભીના શબ્દોથી વાત પતાવવી જરૂરી છે. કારણ કે બાળક સમજે છે તો બરૂં જ કે આવું ન કર્યું હોય તો સારૂં. પરંતુ તેનો પોતાની જાત પર કાબૂ નથી હોતો, બગર તેને અમુક અનુકૂળતાની જરૂર હોય છે એટલે તે ધીરજ રાખી શકતું નથી. આપણા તરફથી અખૂટ પ્રેમ, ક્ષમા અને ભયરહિત વાતાવરણ મળે તો ઘણું છે. ['શારદામંદિર'ની પત્રિકામાંથી]

બાળકો અને સામયિકો

સુરતમાં 'ગાંડીવ' બાળપાંખવાડિકના પ્રતિષ્ઠાપન સંભારંભમાં શ્રી. ગિજુભાઇએ કરેલા ભાષણમાંથી થોડી કણિકાઓ.

"થોડા દહાડા પર હું 'નવભારત' વાંચતો હતો, ને મારી નાનકડી દીકરી એના મોટા અક્ષરનાં મથાળાંઓ ઉકેલતી હતી. તે જ વેળા મને વિચાર આવ્યો કે બાળકો માટે કોઇએ પખવાડિક કાઢવું જ જોઇએ; મેં શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરને તે વિચાર જણાવ્યો પણ ખરો. ત્યાં તો બે ત્રણ દિવસે ભાઇ નટવરલાલનું નોતરૂં આવ્યું કે અમારૂં બાળપખવાડિક ખુલ્લું મૂકી જાઓ. મારી આશાના અંકુરો ફૂટી નીકળ્યા. આજે આ પ્રસંગે મારો આનંદ માતો નથી."

* * *

"બાલમંદિરનાં બાળકોને હું વાંચતા જોઉં છું ત્યારે મારા સ્વભાવ પ્રમાણે ભવિષ્યની કલ્પનાઓમાં ઉતરી પડું છું. ભવિષ્યનાં પુસ્તકાલયો આવાં હશે; અઠવાડિકો, દૈનિકો, માસિકો આવાં હશે; ભવિષ્યમાં ગ્રંથપાલ આવો હશે; એ બધાની વ્યવસ્થા કેવી સુંદર હશે? તેનાં સ્વપ્નાં હું જોઉં છું. 'ગાંડીવ' પાક્ષિકના જન્મથી મને અપાર હર્ષ થાય છે. ડેન્માર્કમાં બાળકો માટે સૌથી વધારે છાપાં નીકળે છે. મને થાય છે કે ગુજરાતમાં બાળકો માટે એટલાં છાપાં કયારે નીકળશે? ગુજરાતનું આજે ધન્યભાગ્ય છે!"

* * *

અમે નાના હતા, ત્યારે ચોપડીઓનાં અને ઘડિયાળોનાં સૂચિપત્રો અમારે સરનામે મગાવીને ખુશી થતા. બાળકને પોતાને સરનામે જ્યારે કાગળ કે છાપું આવે છે ત્યારે તે બૂબ ખુશ થાય છે, અને એકી બેઠકે વાંચી જાય છે. હવે બાળકો પોતાનું પખવાડિક મંગાવી શકશે એ આનંદનો વિષય છે. ગાંડીવની વાચનસામગ્રી એવી છે કે એથી બાળકો બૂબ પ્રસન્ન થશે."

દુનિયાનું ઘડતર છાપાંઓથી થાય છે એમ હું માનું છું. વર્તમાન રશિયા એ છાપાંઓના પ્રચારનું પરિણામ છે. આવતી કાલના નાગરિકોને ઘડવાની એ સફળ રીત છે. 'નવજીવન' એ એનો સરસ નમૂનો છે. બાળકોનું પખવાડિક વહેમો, ન્યાતજાતના ભેદ, ટૂંકી મતિની રાજનીતિ, ધર્મનાં ધતિંગો વગેરેથી પર રહેવું જોઇએ. આ પખવાડિક એમ રહેશે જ એવી મારી શ્રદ્ધા છે."

* * *

"બાળકો બંધનો અને વાડાઓથી પર રહેવાં જોઇએ. નવી કેળવણીનો પ્રયગામ ફેલાતો જાય છે; એનો સિતારો ચઢતો જાય છે. એ કેળવણી પૂર્ણ કળાએ પ્રકાશશે ત્યારે વહેમો, જડતા વગેરે નાશ પામશે. જગતને અકળાવી રહેલાં ભયંકર યુદ્ધો શમી જશે, અને આપણે જેને સુવર્ણયુગ કહીએ છીએ તેનો ઉદય થશે."

રોમની મોન્ટીસોરી શાળાઓ

[ગતાંક પાને ૯૨ થી ચાલુ]

"જૂના જમાનાની ઢબછબમાં ઉછરેલા આ શિક્ષકોને જ્યારે કહેવામાં આવે છે કે એમને પોતાને અવલોકન સિવાય બીજું કંઇ જ કરવાનું નથી, ત્યારે એમને ઘણીયે વખત થઇ આવે છે કે એમની પોતાની હવે કંઇ જ જરૂર દેખાતી નથી. તો એમણે રાજીનામું શા માટે ન આપવું જોઇએ? પોતે શિક્ષક તો મટી ગયા છે, એટલે બાલમંદિરમાં એમની શી જરૂર છે તે એમને સમજાતું નથી. પરંતુ જ્યારે એમને કહેવામાં આવે છે કે એમને અવલોકન કરીને તો એ નક્કી કરવાનું છે કે બાળકનાં કયાં કયાં કામ દબાવી દેવા જેવાં છે અને કયાં કામોનું બરાબર અવલોકન કરીને વધારે વિકસિત થાય એમ કરવાનું છે, ત્યારે એ મૂંઝાઇ જાય છે. એમને પોતાને લાગે છે, કે આ બાબતમાં તો પોતામાં ખૂબ જ ઊણપો છે, અને પૂછવા લાગે છે કે આવાં કામ માટે પોતે તદ્દન નાલાયક તો નહિ નીવડેને? એટલે પછી બને છે એવું કે જે શિક્ષકની બરાબર તૈયારી નથી હોતી તે ઘણા લાંબા વખત સુધી શરમાયાં કરે છે અને, પોતે જાતે કંઇ કરી શકતો નથી. પરંતુ જે શિક્ષકમાં વૈજ્ઞાનિક સંસ્કારો ખૂબ પડેલા હોય છે, અને જેણે અનેક પ્રયોગો કરીને ખૂબ અનુભવ મેળવેલો હોય છે, તેને બાળકના વિકસિત થતા જીવનનું અવલોકન કરવામાં જે આનંદ અને આશ્ચર્ય રહેલાં હોય છે તે ખૂબ જલદીથી સમજાઇ જાય છે; અને એને એમાં ખૂબ રસ પણ આવે છે.

"મેં જ્યારે શિક્ષકોને કેળવવાના પહેલ-વહેલા વર્ગો ખોલ્યા ત્યારે મને માલૂમ પડ્યું કે બાળકોની પ્રવૃત્તિની અંદર વગર વિચાર્યે આંધળી દખલગીરી કરવામાં કયાં કયાં જોખમ રહેલાં હોય છે. એ બધા શિક્ષકો બાળકોને સહેજ પણ હલ્યાચલ્યા સિવાય શાંત બેસી રહેવાનું કહેતા હતા. એ વખતે તેઓ કદી પણ વિચાર નહોતા કરતા કે પોતે બાળકોની જે પ્રવૃત્તિ દબાવી રહ્યા છે તે કેવી જાતની છે; અને પોતે એનું અવલોકન કરવું જોઇએ તથા એ દબાવવાની અંદર પોતે પોતાની વિવેકશક્તિ વાપરવી જોઇએ. આ જાતનો ખ્યાલ એમને આવતો જ નહિ. વાત તો એમ બનતી કે આ બધા શિક્ષકો પોતાને જમાનાઓ થયાં પડેલી ટેવને પરિણામે જાણે કે પરાણે—પોતાની પણ ઇચ્છાવિરુદ્ધ—એક પડેલી ટેવને લીધે જ બાળ-કોને હલનચલન સિવાયનાં બેસી રહેવાનું કહેતા હતા! દાખલા તરીકે એક વખત એક નાની બાળકીએ પોતાની આજુબાજુ પોતાના નાના નાના મિત્રોને ભેગા કર્યા, અને પછી એ લોકો સાથે એ તો વાતો કરવા લાગી અને

અમુક પ્રકારના હાવભાવ કરવા લાગી. એટલે એક શિક્ષક તરત જ એની પાસે દોડી ગયા ને એના હાથ પકડી લીધા અને એને શાંત રહેવાનું કહ્યું. હું પણ એ બાળાનું અવલોકન કરી રહી હતી. મેં જોયું કે એ બાળા તો બીજાં બાળકો પાસે શિક્ષક અથવા માતાનો પાઠ ભજવી રહી હતી; એ તો બધાં બાળકોને સવારની પ્રાર્થના, સંત પુરુષોની વાણી, ક્રૉસની નિશાની કેમ કરવી, એવું બધું શીખવી રહી હતી. આ બાળા આગળ જતાં બીજાને દોરનારી એક નેતા થશે એનાં ચિહ્નો તે અત્યારથી બતાવી રહી હતી.

"બીજો પણ આવો જ એક દાખલો બન્યો હતો. એક બાળક હરહમેશ અવ્યવસ્થિત અને ઉદ્દેશહીન હલનચલન કર્યા કરતું હતું: એટલે એને અસમધારણ માનવામાં આવતું હતું. એક દિવસ એ બાળકે ટેબલો બસેડવા માંડ્યાં. આ વખતે એના મોઢા ઉપર ઉંડી એકાગ્રતાનો ભાવ હતો. પરંતુ મારા અધ્યાપનમંદિરમાં આવેલા શિક્ષકો તરત જ એને શાંત રાખવા માટે એના ઉપર તૂટી પડ્યા, કેમ કે ટેબલો બસેડતાં એ ખૂબ જ વધારે પડતો અવાજ કરતું હતું. પરંતુ સાચી વાત તો એમ હતી કે એ કામ તો ઉક્ત બાળકના એક ઉપયોગી વસ્તુ તરફ પ્રેરાયેલા વ્યવસ્થિત હલનચલનનું પ્રથમ દર્શન હતું. અને એટલે તો, આ બાળકનું એ કામ માન આપવા લાયક– નહિ કે રોકવા લાયક–હતું. અને બન્યું પણ એમ જ. કેમ કે આ બનાવ બન્યા પછી જ્યારે જ્યારે આ બાળક નાની નાની ચીજ વસ્તુઓ હેરવવા ફેરવવાના અને એ બધીને પોતાના ટેબલ ઉપર વ્યવસ્થિત રીતે ગોઠવવાના કામમાં રોકાયેલું રહેતું, ત્યારે એ પણ બીજાં બાળકોની માફક શાંત અને સુખી લાગતું.

બાળકોને આપવી જોઈતી મદદની બાબતમાં સાધારણ શિક્ષકના ભૂલ ભરેલા વિચારો.

"ઘણીયે વખત એવું બનતું હતું કે જ્યારે શિક્ષિકા, જે જુદાં જુદાં સાધનો વડે બાળકો રમ્યાં હોય તે બધાં સાધનોને પેટીની અંદર વ્યવસ્થિત રીતે ગોઠવતી હોય ત્યારે એકાદ બાળક એની પાસે આવતું, અને પોતે પણ વસ્તુઓ લઈને જાણે ગોઠવવા માગતું હોય એવી રીતે એકાદ ચીજ લેતું, અને જાણે કે શિક્ષિકાનું અનુકરણ ન કરતું હોય એમ દેખાઈ આવતું હતું. પરંતુ શિક્ષકોના મોઢામાંથી પહેલો હુકમ તો એ જ છૂટતો: "એને અડવું રહેવા દો; તમારી જગ્યાએ ચાલ્યા જાઓ." પરંતુ ખરી રીતે તો બાળક આવી જાતના વર્તન વડે પોતે બીજાને ઉપયોગી થવા માગે છે એમ બતાવતું હતું."

આ જગ્યાએ મૅડમ મોન્ટીસોરી એક અઢી વર્ષની છોકરીનો એક બીજો પણ દાખલો આપે છે. એક વખત રમકડાં તરાવવાની રમત ચાલતી હતી. આ છોકરી બીજાં ટોળે વળેલાં બાળકોના માથા ઉપર થઈને કે એમના પગ વચ્ચે થઈને, પણ કંઈ પણ જોઈ શકતી ન હતી. એણે એ રીતે જોવાનો ખૂબ પ્રયત્ન કરી જોયો, પણ એમાં એ કોઈ રીતે ફાવી નહિ. એટલે એણે થોડી વાર સહેજ વિચાર કરી જોયો. પછી જાણે કે એને કોઈ સરસ વિચાર આવ્યો ન હોય તેવી રીતે એના મોઢા ઉપર આનંદ છવાઈ ગયો, અને તરત જ એક નાનકડી

ખુરશી પડી હતી તેના તરફ એ દોડી. આમ દોડવાની અંદર દેખીતી રીતે એનો ઇરાદો એવો હતો કે એ ખુરશી લાવીને એના ઉપર ઉભાં રહીને પોતાના મિત્રોના માથા ઉપર થઇને એ પોતે બધું જોઇ શકે. પરંતુ આ જ વખતે કોઇ જુવાન શિક્ષકની એના ઉપર નજર પડી, અને મૅડમ મોન્ટીસોરી રોકી શકે તે પહેલાં તો એ શિક્ષકે એ નાનકડી બાળાને પકડી લીધી. પછીથી બીજાં બધાંના માથા ઉપરથી એ જોઈ શકે એવી રીતે ઉંચી કરી અને કહેવા માંડયું: "આવ, મારી વહાલી દીકરી, મારી નાનકી દીકરી! આવ. તું પણ જોઈ શકીશ." મૅડમ મોન્ટીસોરી કહે છે: "અલબત્ત, એ નાની બાલિકાને પોતાની સામે જે મુશ્કેલી હતી તેના ઉપર પોતાની મેળાએ પોતાની શક્તિ વડે વિજય મેળવવાથી જેટલો આનંદ થાત તેટલો આનંદ રમકડાં જોવાથી ન જ થયો. આની અંદર તો શિક્ષકે બાળકને પોતાની મેળાએ શિક્ષણ લેતું રોકયું, અને એના બદલામાં બાળકનું વધારે હિત સધાય એવું કંઇ જ આપ્યું નહિ! બાળક એક વિજેતા થવાની અણી ઉપર હતું ત્યાં તો એણે પોતાની જાતને એક શક્તિહીન માણસની માફક બે બળવાન હાથોમાં કેદ પકડાયેલી ભાળી.

અનેક વખત નિષ્ક્રિયતાને ભલાઈ માની બેસવાની ભૂલ કરવામાં આવે છે.

"મેં શિક્ષકોને બાળકોનું અવલોકન કરવાનું કહ્યું હતું. પરંતુ એ લોકો મેં એમને જે પ્રમાણે કરવાનું કહ્યું હતું તે પ્રમાણે બરાબર વર્તી શક્યા નહિ, અને એટલે એનાથી થાકયા. એટલે પછી એમણે બાળકોને જેમ કરવું હોય તેમ કરવા દેવા માંડયું. આ વખતે મારા જોવામાં આવ્યું કે કેટલાંક બાળકો ટેબલ ઉપર પગ મૂકતાં હતાં, તો વળી કેટલાંક બાળકો નાકમાં આંગળીઓ ખોસતાં હતાં; છતાં એમને કોઇ રોકતું જ ન હતું. આ ઉપરાંત મેં કેટલાંક બાળકોને બીજાં બાળકોને ધક્કા મારતાં જોયાં, અને આ વખતે એ બાળકોના મ્હોં ઉપર મેં રીતસરનો હિંસાનો ભાવ વ્યક્ત થવાની શરૂઆત થતી જોઇ. છતાં કોઇ પણ શિક્ષકનું એ તરફ સહેજ પણ ધ્યાન ખેંચાયું નહિ. આ વખતે મારે વચમાં પડવું પડયું અને શિક્ષકોને બતાવવું પડયું, કે બાળકોએ ન કરવા જેવી વસ્તુઓ આપણે પૂરેપૂરી સખતાઇથી દબાવી દેવી જોઇએ, એ બધીનો ધીરે ધીરે નાશ કરી નાખવો જોઇએ, અને એને માટે બાળકો સારા અને ખરાબ વચ્ચેનો ભેદ ખૂબ જ સ્પષ્ટ રીતે પારખી શકે એવું આપણે કરવું જોઇએ.

"બાળક ક્રિયાત્મક રીતે સંયમિત થાય એને માટે એણે જે પહેલો વિચાર મેળવવાની જરૂર છે તે સારા અને નરસા વચ્ચેનો ભેદ સમજવો તે છે. અને કેળવણીકારોનું મુખ્ય કામ તો એ છે કે બાળકોના મનમાં એવો ગોટાળો કદી પણ ઉત્પન્ન ન થવો જોઇએ કે સારાપણું એટલે નિષ્ક્રિયતા, અને નરસાપણું એટલે ક્રિયાત્મકતા. આ વસ્તુ તરફ આપણે ખાસ ધ્યાન આપવું જોઇએ. અને આ વસ્તુ કરવાની જરૂર તો એટલા માટે છે કે આપણે બાળકની અંદર નિયમન તો એટલા માટે ઉભું કરવા માગીએ છીએ કે એને લીધે બાળક ક્રિયાત્મક બને, કંઇક કામ કરે, કંઇક સારું કામ કરે—નહિ કે બાળક નિષ્ક્રિય બને, કંઇ જ કરે નહિ અથવા તો આજ્ઞાધીન થાય, એટલે કે બીજાનું જ કહ્યું કર્યા કરે. (અપૂર્ણ) **શંકર શાહ.**

દાદરમાં નવું બાલમંદિર

ડૉ. હુદલીકર તરફથી દાદરમાં 'ચીલ્ડ્રન્સ હોમ સ્કૂલ' નામની ચાલતી સંસ્થામાં 'શિશુમંદિર'ની ઉદ્‌ઘાટનક્રિયા શ્રી. ગિજુભાઈના હસ્તે તા. ૪-૮-૩૪ નારોજ કરવામાં આવી હતી. તે પ્રસંગે શ્રી. ગિજુભાઇએ મહારાષ્ટ્રીય શ્રોતાજનો સમક્ષ નીચે પ્રમાણે ગુજરાતીમાં પ્રવચન કર્યું હતું.

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ ઉપર આવેલા આ મુંબઇ જેવા શહેરમાં, મહારાષ્ટ્રમાં બાલશિક્ષણની અંદર નવીન યુગનો પાયો નાનકડા એવા આ બાલમંદિર ખુલ્લું મૂકતાં મને હાર્દિક આનંદ થાય છે. જીવનના વિકાસ માટે પોષક વાતાવરણ એ એક અત્યંત આવશ્યક વસ્તુ છે. હમણાં જ વૃક્ષારોપણ વિધિ કરતી વખતે રોપેલા સોનેરી ચંપાનો જ દાખલો લઇએ. નાનકડા એવા કૂંડામાં ઉછરેલા એ ચંપાના છોડને આ બાલમંદિરના વિશાળ આંગણામાં રોપવામાં આવ્યો, એને પરિણામે એને માટે તૈયાર કરેલી જમીનમાંથી એને પોતાને પોષણ કરનારી બધી વસ્તુઓ મળી રહેશે. સૂર્ય એને પ્રકાશ આપશે, વરસાદ એને પાણી આપશે અને પવન એને સુંદર મજાના હીંચકા બવડાવશે. આ રીતે અહીંના સ્વતંત્ર વાતાવરણમાં આ વૃક્ષનો ખૂબ જ વિકાસ થશે, અને વખત જતાં એના ઉપર પુષ્કળ ફૂલો આવશે. બાળકોનો વિકાસ પણ બરાબર આના જેવો જ છે. બાળક બે અઢી વર્ષનું થતાં એના પોતાના વિકાસ માટે નાનકડા કૂંડા જેવું ઘરનું વાતાવરણ એને માટે પૂરતું થઇ પડતું નથી. બાળકને પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવા માટે વધારે વિશાળ જગ્યા અને વધારે સ્વાતંત્ર્ય આ ઉંમર દરમિયાન મળવું જોઇએ. પરંતુ ઘરની અંદર એ વસ્તુઓ બાળકોને મળી શકતી નથી, એટલા માટે જ ઘરનું વાતાવરણ છોડીને આવા બાલમંદિરના વાતાવરણમાં બાળકોને પ્રવેશ કરાવવો એ બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત મહત્ત્વની વસ્તુ છે. અહીં આવ્યા પછી બાળક પોતાના શરીરને તેમ જ મનને પોષક એવી બધી વસ્તુઓ મેળવી શકશે. જુદી જુદી જાતની રમતો રમવાથી એને પોતાની મેળાએ જ સુંદર મજાની ટેવો પડશે. એ પોતાનું વ્યક્તિગત અને સામાજિક જીવન વધારે ને વધારે સુંદર બનાવતું જશે. આ સુંદરતાને પરિણામે, આ આનંદને પરિણામે એનો સર્વાંગ વિકાસ થશે. આવી જાતના આ રમણીય મંદિરનું ઉદ્‌ઘાટન કરતાં મને ફરી ફરીને આનંદ થાય છે. હમણાં જ રોપેલા ચંપાની સાથે સાથે જ આ બાલમંદિરનો વિકાસ થતો રહો, એના ઉપર પુષ્કળ ફૂલો આવો, અને એની સુવાસ ચારે દિશામાં પ્રસરી જાઓ, એવી પરમેશ્વર પ્રત્યે પ્રાર્થના કરીને હું આપની રજા લઉં છું.

બા તે શી માથાફોડ ! લેખક ગિજુભાઇ
માબાપોને ખાસ ઉપયોગી ૦-૧૦-૦

શાંત પળોમાં લેખક ગિજુભાઈ
કેટલાક મનનીય વિચારો ૦-૬-૦

સાહસિકોની સૃષ્ટિ ૧-૪-૦
જુલે વર્નની સાહસકથા : પાકી બંધાઈ

ચાર પ્રવાસો ૦-૧૦-૦
લેખક રામભાઈ પાઠક

કેળવણી વિષે વિચારો

[ગતાંક પાનું ૮૫ થી ચાલુ]

૩ દૃષ્ટિબિંદુઓ

કેળવણીના સીધા પ્રશ્નોના વિચાર ઉપર આવતા પહેલાં હજુ આપણે એક અગત્યની વાતનો વિચાર કરી લઇશું. જે કે આ વાતને મેં મારા ગયા હપ્તામાં જણાવી છે. તેમાં મેં એમ લખ્યું છે કે કેળવણીની સમતોલ વિચારણા નિષ્ણાત અને અનિષ્ણાત બંનેને હાથે નુકસાન પામે છે. એ માટે મેં મારી લાયકાત ઠરાવી હતી. વળી વધુમાં એ પણ કહ્યું હતું કે ધંધાદારીઓના દૃષ્ટિબિંદુથી પણ કેળવણીના પ્રશ્નોને હાનિ પહોંચે છે. હવે આ જ વિચારશ્રેણીને જરા વધુ લંબાવીને વિગતવાર જોવાનો પ્રયત્ન હું અહીં કરીશ.

આપણે આગળ કહી ગયા તેમ કેળવણી વિષે ઘણું અને ઘણી જાતનું લખાયું છે. ઘણી વિચારશ્રેણીઓ, ઘણી યોજનાઓ અને ઘણી પદ્ધતિઓ આ વિષયમાં રચાયાં છે. વળી જુદા જુદા તત્ત્વજ્ઞાનીઓએ પોતાના દૃષ્ટિબિંદુથી જોઇને કેળવણી વિષે વિચારો આપ્યા છે, અને વિચારશ્રેણીઓ, પદ્ધતિઓ અને યોજનાઓ એ રીતે રચાયાં છે. એટલે બન્યું છે એવું કે જીવન રસાયણશાસ્ત્રનો નિષ્ણાત જીવન રસાયણશાસ્ત્રના દૃષ્ટિબિંદુથી કેળવણીને જુએ છે, અને એક માત્ર એ જ રીતે એને ઘટાવે છે. જ્યારે વળી બીજી જાતના તત્ત્વજ્ઞાનની બીજી દૃષ્ટિ કેળવણીના વિચારને બદલી જ નાખે છે. એટલે કે બધા તત્ત્વજ્ઞાનીઓએ પોતાની મુખ્ય ફિલસુફીમાં બંધ બેસે એવી કેળવણીનો વિચાર કર્યો છે.

એટલે સવાલ એ ઉભો થાય છે કે કેળવણીના વિચાર કે ચાલુ ફિલસુફી ઉપર કેટલે અંશે નિર્ભર રહેવું ? આપણે જાણીએ છીએ કે એક પણ ફિલસુફીની વિચારશ્રેણી એ સ્વતઃ સંપૂર્ણ નથી, અને એટલે એને અંતિમ વિચાર ગણીને આપણે ન ચાલી શકીએ. રૂસોનો કુદરતમાં સ્વાતંત્ર્યનો વિચાર કે મૅડમ મોન્ટીસોરીનો શારીરિક નિરીક્ષણ ઉપરથી તારવેલો સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિનો વિચાર એને આપણે અંતિમ વિચાર ન માની શકીએ. વળી રસેલ જેવા લેખકમાં પણ આપણે જોઇ શકીએ છીએ કે એના કેળવણી વિષેના વિચારો પણ એની સામાજિક દૃષ્ટિથી રંગાયેલા છે.

વિચારકો અને ફિલસુફો ઉપરાંત બીજાઓ પણ કેળવણીના દૃષ્ટિબિંદુને પૂર્વગ્રહવાળું કરે છેઃ એમાં રાષ્ટ્રવિધાયકો, ધાર્મિક સંસ્થાઓ, મૂડીવાદીઓ અને સામ્રાજ્યવાદીઓ એ બધાં મોટો ભાગ ભજવે છે.

મુસોલિની કે હિટલર જેવા રાષ્ટ્રવિધાયકો જ્યારે કેળવણીના પ્રશ્નનાં પોતાના દૃષ્ટિબિંદુઓથી કેળવણીનું ઘડતર કરે ત્યારે જરૂર એ કેળવણીમાં આપણને કશીક ખોટ દેખાય છે. વળી ધર્માચાર્યો કે ધાર્મિક સંસ્થાઓ જ્યારે કેળવણીનો પ્રશ્ન હાથમાં લે છે ત્યારે પણ તેનું એકપક્ષીપણું આપણને સમજાય છે. વળી મૂડીવાદીઓ પણ પોતાના જ લાભનો વિચાર કરીને હંમેશ કેળવણીના વિચાર ઉપર અસર કરે છે, જ્યારે સામ્રાજ્યવાદીઓ અને રાજકીય

પુરુષો પોતાના દૃષ્ટિબિંદુથી જુએ છે. એ બધા એક વાત ભૂલી જાય છે કે એમને માણસો સાથે કામ પાડવું છે. એ બધા મનુષ્યને અવગણે છે અને રાજ્યો, મહારાજ્યો, પૈસા કે ધાર્મિક સંસ્થાના વિચારોથી પ્રેરાઇને કેળવણી વિષે વિચાર કરે છે.

એ કેળવણીમાં વ્યક્તિની ગણના નથી. એમાં તો પોતપોતાના સ્વાર્થોની ગણતરી છે. ઇટન અને હેરોની શાળાઓ કેળવાયેલા અને સુખી અંગ્રેજો ઉત્પન્ન નથી કરતી; એ તો સામ્રાજ્યરક્ષક અંગ્રેજ ઉત્પન્ન કરવામાં માને છે.

આમ દરેક મતધારી લોકો પોતાના મતથી કેળવણીને જુએ છે અને તેથી કેળવણીના પ્રશ્નને ઘણું નુકસાન પહોંચે છે. કારણ કે કેળવણીનું અંતિમ ધ્યેય એ કાંઇ માત્ર પૈસાદારો કે માત્ર રાજ્યરક્ષક કે માત્ર અમુક બનાવવાનું નથી; કારણ કે એ 'માત્ર અમુક' એ સંપૂર્ણ મનુષ્ય નથી. અને જે કેળવણી સંપૂર્ણ મનુષ્ય નથી બનાવતી એ સાચી ન હોઇ શકે.

એટલે બન્યું છે એવું કે કેળવણીના પ્રશ્નો વિષેના કાયદાઓનો ઉકેલ પેલા સાત આંધળાઓએ આપેલા હાથીના વર્ણન જેવો થાય છે. દરેકને પોતાપૂરતું એમાં સત્ય લાગે છે. પણ એ બધા 'વાદો' થી પર જઇને આ પ્રશ્નને જોઇએ એટલે આપણને ખાતરી થાય છે.

ત્યારે પ્રશ્ન ઉભો થાય છે કે કેળવણીના આપણે પ્રશ્નને કઇ દૃષ્ટિથી જોવો ? અને એ પ્રશ્ન યથાર્થ જ છે. એ પ્રશ્નનો ઉત્તર 'કેળવણી'ના સાચા અર્થ ઉપર નિર્ભર રહે છે.

'હકાર' અને 'નકાર' ના કડક નિયમો આ વિષય પરત્વે આપણે જોરથી ન કરી શકીએ. અને એટલે જ કેળવણીમાં આપણે કોઇ પણ એકપક્ષી દૃષ્ટિબિંદુ ન સ્વીકારી શકીએ. 'રાષ્ટ્રીય કેળવણી' કે 'ધાર્મિક કેળવણી' કે 'જાતીય કેળવણી' એમ કહીને આપણે કેળવણીના વિભાગો ન પાડી શકીએ. જ્યારે જ્યારે કેળવણીનો વિચાર કરીએ ત્યારે એની પાછળ એક જ મુખ્ય દૃષ્ટિબિંદુ રાખીએ અને તે 'જીવન'નું.

એનો અર્થ એમ નથી કે કેળવણીનો વિચાર નિરંકુશ રીતે અને અસંબદ્ધ રીતે થાય એમ હું ઇચ્છતો હોઉં. હું જે વસ્તુનો વિરોધ કરું છું તે સંકુચિત દૃષ્ટિબિંદુનો કરું છું. કારણ કે એ સંકુચિતતાએ જ દુનિયાનાં ઘણાં અનિષ્ટ પરિણામો લાવવામાં મદદ કરી છે.

જેમ આપણે જોઇએ છીએ કે જીવનમાં એકપક્ષીપણું આવે તો એ જીવન પૂર્ણ નથી અને તેથી સાચું નથી, તેમ કેળવણીના વિચારોમાં પણ જો એકતરફીપણું આવી જાય તો પછી એ પણ એની અરધી ઉપયોગિતા ખોઇ બેસે.

આટલું જોયા પછી અને જ્યારે આપણે કબૂલ કરીએ છીએ કે કેળવણીનો પ્રશ્ન જીવનસ્પર્શી થવો જોઇએ, તો હવે પછીના પ્રકરણમાં આપણે એ જીવનનો સામાન્ય અર્થ જોઇશું. ન.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, 'શિક્ષણ પત્રિકા', શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીત બિલ્ડીંગમાં પારેખ ભીખાભાઇ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૦

અંક ૮ મો
આશ્વિન

: તંત્રીઓ :
ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

ભલે લોકો ગગનચુંબી મહાલયો રચે, ભલે લોકો આકાશ અને પાતાળના ગૂઢ ભેદોનો ઉકેલ કરે, ભલે લોકો કરોડોની દોલતથી પૃથ્વીના પડને સોનાથી મઢે, ભલે લોકો સુખ-સામગ્રીના અઢળક ઢગલાઓથી અવકાશ આખાને ભરી દે, પણ જ્યાં સુધી તેઓ નાનાં બાળકોના હક્કોને વીસરી જશે, તેમનું અપમાન કર્યા કરશે, તેમને હડધૂત કરશે, તેમના વિકાસની અવગણના કરશે, ત્યાં સુધી આ બધી અતુલ શક્તિ અને જાહોજલાલીના મૂળમાં વિનાશનાં જીવડાં વધ્યા જ કરશે અને અંતે મહાન માનવવૃક્ષ એકાએક તૂટી પડી ભાંગી જશે, સડી જશે અને અંતે કાલાવશેષ રહેશે. જે જે પ્રજાઓએ સત્તાના મદમાં કે વિલાસના નશામાં આવી પોતાનાં બાળકોને વીસાર્યાં છે, તે તે પ્રજા આજે પૃથ્વીના પડ ઉપરથી અદૃશ્ય થઇ ગઇ છે. તેમનાં નામનિશાન પણ નથી.

બાલસન્માન અને બાલવિકાસના પ્રબંધમાં
માનવસમાજનું પરમ કલ્યાણ છે.

આપણા વિચાર અને વર્તન

આપણી સામાન્ય માન્યતા એવી છે કે આપણાં બાળકો એ તો આપણાં બાળકો છે, અને તેથી તેઓ હમેશાં આપણી સાથે જ હોય, તેઓ આપણી વિચારસરણીથી જુદાં હોય, તેઓ આપણા વર્તનને પસંદ ન કરતાં હોય, એવું આપણે ભાગ્યે જ માનીએ છીએ.

ખરી વાત જુદી છે. બાળકો આપણાં છે, એટલે સમાજદૃષ્ટિએ તેઓ આપણાં છે. આપણાં વારસદાર તરીકે કાયદાની દૃષ્ટિએ તેઓ આપણાં છે એ ખરૂં, પરંતુ તેઓ તેમના મનથી હમેશાં આપણાં નથી હોતાં, તેમના પ્રેમથી તેઓ હમેશાં આપણાં નથી હોતાં.

વાત તો એમ છે કે બાળકો આપણા હરેક વિચાર અને વર્તન ઉપર કડક દેખરેખ રાખે છે. તેઓ એટલાં બધાં આપણી નજીક છે કે આ દેખરેખ સ્વાભાવિક છે. તેઓને અને આપણે એક જ પરિસ્થિતિમાં જીવવું પડે છે તે કારણે પણ તેઓને પોતાને વિષે તેમ જ આપણે વિષે જાગૃત રહેવું પડે છે. એટલું જ નહિ પણ આપણા દોરથી, જોહુકમીથી, શક્તિથી, મતાગ્રહથી વગેરે સત્તા અને ધર્માન્ધતાના અવગુણોથી તેને બચીને જીવવાની જરૂર ઉભી થાય છે; તેથી આપણાથી તેઓ ચેતતાં ચાલે છે. આ સ્થિતિમાં તેઓ આપણને નખથી તે શિખા સુધી જાણે છે. આપણે વિષે તેમનો ચોક્કસ મત બાંધે છે, અને આપણા પ્રત્યેનું માનનું અને પ્રેમનું ધોરણ નક્કી કરે છે અને એ પોતાના મનમાં રાખે છે.

કારણ કે બહારનું ધોરણ તો તેમના ઉપર મૂકવામાં આવેલું જ છે કે માતપિતા પૂજ્ય છે, વડીલ છે, તેમની આજ્ઞા સર્વથા ઉપાડવી જોઇએ, તેઓને પ્રિય થવું જોઇએ, વગેરે. બાળકોમાં જીવવાની અને જાતે સંરક્ષવાની શક્તિ કુદરતી અને અદ્‌ભુત છે. આથી તેઓ છીપલામાં જેમ જીવડું સુરક્ષિત રહે, છે તેમ બહારના આચારોના છીપલામાં પોતાને જેવું તે તેવું જ સુરક્ષિત રાખે છે.

આપણે આ છીપલાને સત્ય ગણીએ છીએ. તેના ઉપરના રૂપરંગને આવશ્યક સમજીએ છીએ. ઉપરની વર્તણૂક અને સભ્યતાથી સંતોષ માનીએ અને ઘણી વાર મગરૂબ બનીએ છીએ—જ્યારે બાળક અંદર બેઠું બેઠું નિરાંતે આપણને શિકસ્ત આપી રહ્યું હોય છે, આપણા પ્રત્યે ઘૃણાથી હસી રહ્યું હોય છે.

બચપણમાં આ વૃત્તિ લગભગ પ્રેરણાબુદ્ધિ જેવી હોય છે તેથી બાળક તે પ્રમાણે વર્તે છે પરંતુ બુદ્ધિપૂર્વક તેનું પ્રથક્કરણ કરતું નથી. જેમ જેમ તે મોટું થાય છે તેમ તેમ બુદ્ધિના વિકાસ સાથે સ્વાભાવિક વૃત્તિનો હેતુ અને તે હેતુ સિદ્ધ શા માટે કરવો પડે છે તે, તે સમજે છે ને તેની સાથે જ મોટાંઓ તેને કેવી રીતે મિથ્યા ઘડી રહ્યાં છે તે જાણી મનમાં ઘૃણા સાથે ખિન્ન થાય છે.

બાળકો જ્યારે રમતગમતમાં માબાપોને અવગણતાં દેખાય છે; માબાપની વૃત્તિને માબાપ ઇચ્છે તેવો પ્રત્યુત્તર નથી આપતાં હોતાં, ત્યારે જાણવું કે બાળકોની બુદ્ધિ માબાપોના વિચાર અને વર્તન સંબંધે હવે સ્પષ્ટ સમજણ ધરાવે છે

અને એ સમજણને વ્યક્ત પણ કરવા લાગેલ છે.

માબાપો તો એમ જ માને છે કે બાળકો અમારાં છે, તેમણે અમારા વિચાર અને વર્તનથી અન્યથા થવાય જ નહિ; તેથી શરૂઆતમાં તેઓ બાળકોનું વ્યક્તિત્વ અવગણે છે, ઉડાડી દે છે, હસી કાઢે છે, મૂર્ખાઈમાં કે લાડમાં લેખી વાળે છે. પણ બાળકને તો તેથી વધારે માઠું લાગે છે. તેને માબાપમાં પ્રગટેલો અવિશ્વાસ વધારવાની જરૂર પડે છે, અને માબાપ કે સમાજની દૃષ્ટિએ તે તોફાનીમાં કે જંગલીમાં કે અસભ્યમાં ખપવા લાગે છે.

માબાપો રોજ અકળાવા લાગે છે અને છીપલા ઉપર ઉપદેશ આપે છે, ચીડ કાઢે છે, ટકોરા મારે છે; સામ, દામ, દંડ અને ભેદની નીતિ અજમાવે છે. પણ એ બધું છીપલા ઉપર પડતું હોવાથી બાળક તેનાથી અસ્પૃષ્ટ રહે છે. તે હંમેશાં માબાપોના વિરોધમાં તેમના જ વાતાવરણમાં અને તેમના જ કારણે મોટું થાય છે. આખરે એવો વખત આવે છે કે બાળકો મોટાં થયા પછી માબાપોથી જુદાં પડે છે, માબાપોને સંભારતાં નથી, માબાપોથી ભિન્ન માર્ગે જાય છે, અને લોકદૃષ્ટિએ માબાપને પોતાનાં બાળકો માટે શરમાવું પડે છે.

આ બધાનું કારણ આપણે છીએ. આપણે એક જ વાત સમજી લઈએ તો બધું સવળું પડે તેમ છે. આ વિચાર એ કે બાળકો આપણી સમક્ષ કવચ પહેરીને આવે તેવા આપણા વિચાર અને વર્તન આપણે ન રાખવાં. આપણા વિચારો અને વર્તન સાચાં જ છે એવું આપણે બાળકોને પરાણે ઠસાવવું નહિ; એટલું જ નહિ પણ તે વિષે બાળકોને ખુલાસા જોઈતા હોય તો તેમને અવશ્ય આપવા જોઈએ, તે વિષે બાળકોને પ્રશ્નો પૂછવા હોય તો તેમને પૂછવા દેવા જોઈએ. અને જે વિચાર અને વર્તન બાળક રાખે નહિ તે વિચાર અને વર્તન આપણે ન રાખવું જોઈએ, અગર તો તેવા વિચાર અને વર્તનથી બાળકો જુદી રીતે માને કે વર્તે તેવો આગ્રહ કે ખ્યાલ રાખવો ન જોઈએ. ગિ.

બાલસાહિત્ય વાટિકા

સંપાદક : ગિજુભાઇ

૧૦૮ પુસ્તકો : દરેકનાં ૧૨૮ પાનાં

ગ્રાહકોને પોણી કિંમતે : પોસ્ટેજ જુદું

અનામત રકમના રૂા. ૧૦) મોકલો.

રામાયણનાં પાત્રો

લેખક : નાંનાભાઈ

૬ પુસ્તકો : દરેકના લગભગ ૦–૬–૦

ગ્રાહકોને પોણી કિંમતે : પોસ્ટેજ જુદું

અનામત રકમના રૂા. ૨–૮–૦ મોકલો.

કેળવણી વિષે વિચારો

૪–જીવન દૃષ્ટિબિંદુ

ગયા લેખાંકમાં આપણે વિચાર્યું કે શિક્ષણનો પ્રશ્ન કોઇ પણ એકપક્ષી દૃષ્ટિબિંદુથી ન જોવો જોઇએ. અને સાથે એમ પણ પ્રસ્થાપિત કર્યું કે એ આખા પ્રશ્નને સમગ્ર જીવનની દૃષ્ટિએ જોવો જોઇએ. એટલે આપણે આ હપ્તામાં જીવન દૃષ્ટિબિંદુનો વિચાર કરીશું.

સૌથી પ્રથમ મારે એટલું ચોખ્ખું કરી દેવું ઘટે કે આ પ્રકરણમાં આપણે જરાક વિષયાંતર કરીને જીવન સમગ્રનો પ્રશ્ન વિચા-

રીશું, અને પછી ફરી કેળવણીના મુખ્ય પ્રશ્ન ઉપર આવીશું.

ગયા લેખાંકમાં આપણે જોઇ ગયા કે રાષ્ટ્રવિધાયકો કે રાજકારણી પુરુષો કે ધર્મ-ગુરુઓનાં દૃષ્ટિબિંદુઓ એ સમગ્ર જીવનસ્પર્શી નથી હોતાં; એટલું જ નહિ પણ મોટે ભાગે અધૂરાં અને ટૂંકા સ્વાર્થવાળાં હોય છે. અને જીવનની વ્યાખ્યા તો આ બધા કરતાં ઘણી વિશાળ છે.

ત્યારે એ જીવનની દૃષ્ટિ તે કઇ? અને એને આપણે કેળવણીમાં કેમ ઘટાવવી એ પ્રશ્ન સહેજે આપણી સામે ખડો થાય છે. હવે જીવન અને જીવનની બધી પ્રવૃત્તિઓને જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે એટલું તો સ્પષ્ટ જ દેખાય છે કે દરેક શરીર અને મનથી તંદુરસ્ત માણસ પોતાના જીવનમાં સુખની શોધ કરે છે. શાંતિ, સ્વાસ્થ્ય અને સહીસલામતી એ બધાં જ મનુષ્યની અંતિમ વાસના છે; અને આ સુખ શોધવા–આ શાંતિ અને સહીસલામતી શોધવાના પ્રયત્નોના ફળ રૂપે જ માણસે સમાજ, રાજ્ય, પ્રજા, ધર્મ વગેરે બધી સંસ્થાઓ સ્થાપી છે અને ઉછેરી છે.

હવે ઇતિહાસ આપણને એમ બતાવે છે કે મનુષ્યની માત્ર આર્થિક વૃદ્ધિ સાથે સુખ શાંતિને કંઇ સંબંધ નથી. વળી એ પણ સ્પષ્ટ છે કે કોઇ પણ પ્રકારની એકલી પાર્થિવ સમૃદ્ધિએ મનુષ્યને સંપૂર્ણ સુખ નથી આપ્યું. કારણ કે પ્લેટોના શબ્દોમાં કહું તો "સુખ એ આત્માની પ્રવૃત્તિ છે."[૧] હવે જો આપણે એટલું કબૂલ કરીએ કે મનુષ્યની પ્રવૃત્તિઓ સુખવાંચ્છુ છે, અને જો એમ પણ કબૂલ કરીએ કે સુખ એ માત્ર પાર્થિવ વસ્તુ નથી, તો આપણે કોઇ એવી વસ્તુ શોધવી જોઇએ કે જે આપણને એ સુખ મેળવી આપે.

ત્યારે સવાલ ઉભો થાય છે કે જો એ સુખ, શાંતિ, સહીસલામતી – કે જેની ઇચ્છા માનવજાત આરંભથી કરતી આવી છે – એની ચાવી શામાં છે?

જો કે આ પ્રશ્ન ઘણો જ તકરારી છે, તો પણ એનો એક સર્વમાન્ય જવાબ એ આપી શકાય કે સુખ, એ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યવાળા માણસ માટે પોતાની પરિસ્થિતિને અનુકૂળ થઇને સાચી રીતે વર્તીને જીવન જીવવામાં રહ્યું છે. અને મને લાગે છે પરિસ્થિતિને અનુકૂળ કરીને જીવવામાં અને જીવનને પરિસ્થિતિને અનુકૂળ કરીને રહેવામાં જ ખરું સુખ સમાયું છે.

હવે આપણે આગળ ચાલીને જોઇએ કે આ રીતે સુખી બનવાની ટેવ મનુષ્યમાં કઇ કઇ રીતે આવે, અને કઇ કઇ સંસ્થાઓએ એ સુખ-પ્રાપ્તિનો પ્રયત્ન કર્યો છે.

ધર્મગુરુઓ અને ધાર્મિક સંસ્થાઓ જરૂર એમ કહે કે માત્ર ધર્મનું અવલંબન કરવાથી મનુષ્યમાં આ ટેવ આવી શકે. પણ ઇતિહાસનાં પડો આપણને સ્પષ્ટ બતાવી આપે છે કે જે સમયમાં ધર્મ અને ધર્માચાર્યોનું રાજ્ય હતું એ જ સમયમાં મોટાં મોટાં ધર્મયુદ્ધો થયાં હતાં અને માણસોની સુખશાંતિ હણાઇ હતી. આજે પણ એકલા ધર્માચારીઓના હાથમાં મનુષ્ય-જાતનું સુકાન આપીએ તો મનુષ્યજાત સુખી થાય કે નહિ તે શંકાનો જ વિષય છે.

૧ Happiness is the activity of the Soul.

વળી રાષ્ટ્રવાદીઓ કે જે એમ કહે છે કે પ્રજા અને રાષ્ટ્રના સુદૃઢ ઘડતર અને ઐક્યથી જ માણસો સુખી થશે, એ લોકોના હાથમાં જ્યારે મનુષ્યના સુખનો પ્રશ્ન સાચે જ આવે છે ત્યારે માણસ ઘણી જ નાસીપાસી મેળવે છે. કારણ કે એ ટૂંકા રાષ્ટ્રવાદનું સાહજિક પરિણામ જ મહા-યુદ્ધ છે. એમ જ રાજકારણી લોકો કે જેઓ પ્રજા પ્રજા અને દેશ દેશ વચ્ચેના સંબંધો વધુ સરલ કરવાનું કહે છે તેઓનો પ્રયત્ન પણ નિષ્ફળ જઈને માણસના સુખમાં કંઈ વધારો નથી થતો.

દુનિયાનો સૌથી પૈસાદાર અને મૂડીદારોનો દેશ અમેરિકા કે જ્યાં આપણે કદાચ માનવ-જાતની પરિસ્થિતિ સારી કલ્પી-એ, ત્યાં પણ ત્યાંના 'શાસ્ત્રનિપુણ' માણસો 'દેશના ભલા સારૂ' એક બાજુ ધડેને બળ-તણ તરીકે વાપરવાની સલાહ આપે છે ત્યારે બીજી બાજુ કરોડોને બે વખત ખાવાનું મેળ-વવાનો વિચાર કરવો પડે છે!

ત્યારે આ બધી પરિસ્થિતિ જોતાં આપણે વિચાર કરતા થઈ જવું પડે છે કે એ સુખની ખરી ચાવી કોની પાસે? અને આ બધી પરિ-સ્થિતિનો અનુભવ કર્યા પછી જ વિચારક એક નવી સંસ્થા તરફ વળે છે, અને તે કેળવણીની.

આ બધી વાત ઉપરથી એટલું આપણી પાસે સ્પષ્ટ થાય છે કે એ સુખ આપણે જીવનસ્પર્શી કેળવણી દ્વારા ઉભું કરી શકીએ.

એટલે આવતા પ્રકરણમાં આપણે માનવજાતના કેળવણી આપવાના અત્યાર સુધીના બધા જ પ્રયત્નોનું એક સિંહા-વલોકન કરીને જોઈશું કે આજે ફરી પાછો એ પ્રશ્ન હાથમાં લેવો પડ્યો એનું કારણ શું? અત્યાર સુધીના બધા પ્રયત્નોમાં એવી કઈ ખામી હતી જેથી હજુ આપણે જરા પણ પ્રગતિ વિના આ પ્રશ્નને ફરી ઉપાડવો પડે છે? [ચાલુ] **ન.**

કારણ કે એ ટૂંકા રાષ્ટ્રવાદનું સાહજિક પરિણામ જ મહા-યુદ્ધ છે. એમ જ રાજકારણી લોકો કે જેઓ પ્રજા પ્રજા અને દેશ દેશ વચ્ચેના સંબંધો વધુ સરલ કરવાનું કહે છે તેઓનો પ્રયત્ન પણ નિષ્ફળ જઈને માણસના સુખમાં કંઈ વધારો નથી થતો.

જીવનરહસ્ય અને લગ્નજીવનની ફિલસૂફીનો સાર પરસ્પર સન્માન, વિશ્વાસ અને પ્રેમ છે. દરેક પોતાનો સ્વાર્થ છોડે અને બીજાની સેવા કરે તો દંપતી-જીવન દેવોને પણ ઈર્ષા ઉત્પન્ન કરે તેવું બને. હુંપદ અને તુચ્છ-કાર સુખી જીવનના દુશ્મનો છે. આળસ અને પરાવલંબન ઉન્નત જીવનના માર્ગે મોટી બાધાઓ છે. જીવનરહસ્યનું જ્ઞાન અધરૂં નથી પણ આચરણ અઘરૂં છે.

ટ્રેનમાં

જાગતા હોઈએ તો જ્ઞાન એની મેળાએ જ મળે. ગઈ રાત્રે ટ્રેનમાં હું જાગતો હતો, કેમ કે ગીરદીને લીધે જાગવું જરૂરનું હતું.

પાડોશણ બહેનો—એક, બે છોકરાંવાળી અને બીજી બહેન એક નાનાં બાળકવાળી, એમણે મારી જાગૃતિનો બદલો આપ્યો.

બે બાળકમાંથી એક બાળક રડવા લાગ્યું. બહેને કહ્યું: "સૂઈ જા. જો બિલાડું આવ્યું."

બાળક રડતું જ હતું.

બાઈએ કહ્યું: "જો બાવો આવ્યો."

બાળક રડતું જ રહ્યું.

રુદનમાં ગભરામણ વધી હતી, એટલામાં રેલનો પાવો થયો.

બાઈએ કહ્યું: "જો બિલાડું બોલ્યું. સૂઈ જા; તને ખાઈ જશે."

બાળક ગભરાઈને ચૂપ થઈ ચોમેર જોતું રહ્યું.

સિપાઇની બીક

થોડા દિવસ પહેલાં એક ગરાશિયાભાઇ બાલ-મંદિર જોવા આવ્યા.

હું બાળકોને વાર્તા કહેતી હતી; ત્યાં બાબુભાઇ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા: "મોંઘીબેન, મોંઘીબેન! બોલ્યું કોણ છે?"

મેં કહ્યું: "કયાં?"

"પેલા ટેબલ ઉપર બેઠા છે ઇ કોણ છે?" બાબુભાઇએ મને પ્રશ્ન કર્યો.

"એ તો આપણા મહેમાન છે. બાલમંદિર જોવા આવ્યા છે." મેં કહ્યું.

બાબુભાઇના મ્હોં ઉપર ગભરાટ હતો. પેલા ગરાશિયાભાઇનો દેખાવ એમને પોલિસના માણસ જેવો લાગતો હશે. પોલિસથી એ ડરતા હોય એમ લાગ્યું.

"તમને એ ભાઇ કેવા લાગે છે?" મેં બાબુભાઇને પૂછ્યું.

બાબુભાઇ બોલ્યા: "સિપાઇ જેવા."

હજુ બાબુભાઇના મ્હોં ઉપર ભય હતો જ. મેં પેલા ગરાશિયાભાઇને પાસે બોલાવ્યા અને કહ્યું: "જુઓ, આ તો આપણા જેવા માણસ છે. એનાથી કાંઇ બ્હીવા જેવું નથી."

બાબુભાઇએ એમને નીરખીને જોયા. પેલા ભાઇએ પણ એમની સાથે થોડી વાત કરી. પછી બાબુભાઇ મારી સામે જોઇને કહે: "ઠીક."

ઠીક એટલે એમ કે તમે કહ્યું તે બરાબર; આમનાથી બ્હીવાનું કારણ નથી. અને પછી પોતે હસવા લાગ્યા.

મોં.

સૂચના દીવાળીની રજાઓને કારણે આવતા કારતક માગશરના શિક્ષણ પત્રિકાના બન્ને અંકો એકીસાથે કારતક માસમાં મળશે.

વ્યવસ્થાપક

બચાવીશું?

માબાપોની આ એક ભારે કુટેવ છે. પોતાને ત્યાં કોઇ મળવા આવે છે તો તેઓ પોતાનાં બાળકોનું મહેમાન સામે પ્રદર્શન કરે છે.

માબાપની પ્રદર્શનવૃત્તિ જૂની છે. તેઓ આગંતુકને ઘર બતાવે છે, ઘરની માંડ બતાવે છે, કબાટમાં મૂકેલાં રમકડાં બતાવે છે, પુસ્તકાલય બતાવે છે; આમાં તેઓ પોતાની વૃત્તિ પદાર્થો બતાવીને સંતોષે છે. આમાં નુકસાન માબાપોને છે, કેમ કે તેઓ ઉપલકિયાં બને છે, તેઓ પોતાનું સુખ પરાવલંબી કરે છે, તેઓ દંભી બને છે. આમાં પદાર્થોને કંઈ નુકસાન નથી થતું.

પણ જ્યારે આ વૃત્તિ બાળકો ઉપર આક્રમણ કરે છે ત્યારે બાળકોને બહુ સહેવું પડે છે, અને તેમને અત્યંત નુકસાન થાય છે. માબાપો બાળકો પાસે ગવડાવે છે, સંવાદો કરાવે છે, નચાવે છે. બાળકોને આ બધું કરવું નથી ગમતું એમ તો માબાપ એક બે અનુભવે જાણી જ શકે છે; અને તેથી જ તેમને કહેવું પડે છે: "જુઓ બેટા. ચાલો જોઇએ! આ આપણા

ભાઇ આવેલા છે. પેલું ગીત ગાઓ તો ? એ ગીત તમને સુંદર આવડે છે, ખરું ? તે દિવસે પેલાં બહેને બહુ વખાણ્યું હતું ! ”

વળી નૃત્યની શોખીન નાની બહેનને કહે છે: “ ચાલો જોઉં, બેનાં ! જરાક નાચો તો ? ચાલો હું તાલ દઉં. મજાનું આવડે છે, નહિ ? ”

આમ માબાપ બાળકની આવડતો મહેમાન પાસે રજુ કરવા પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન મીઠા શબ્દોથી કરે છે, તેની પાછળ તેમનું એ જ્ઞાન છે કે બાળકોને આવું બીજા આગળ કરવું નથી ગમતું.

બાળક ઘણી વાર પોતાની લહેરમાં નૃત્ય કરે છે અને ગાય છે. એનામાં આ શક્તિ હોય છે, અને તેનું દર્શન માબાપને કે તેને ત્યાં આવનારને સહેજે કોઇ વાર થઇ જાય છે. એ પ્રસંગ આનંદદાયક પણ બને છે; પણ જ્યારે બાળકને આમ કરવાનું કહેવામાં આવે છે ત્યારે તે અકળાય છે; તેનામાં તેમ કરવાનો વેગ ન હોય છતાં તેમ કરવાનું તેના માથે આવે છે ત્યારે તે મૂંઝાય છે, ઉભું રહે છે; વિસામણમાં પડે છે.

પણ માબાપ ઉત્તેજન આપે છે. ઉત્તેજન વડે સ્વાભાવિકને બદલે કૃત્રિમ સ્થિતિ ઉપજાવી શકાય છે. માબાપ કહે છે: “ જુઓ, ચાલો ચાલો, તમને એક સુંદર ચૂંદડી અપાવી દેવાની છે. ચાલો, પછી હું તમને એક સુંદર બચી લઇશ ! ”

બાળક લાલચને—ઉત્તેજનને વશ થાય છે, અને સ્વાભાવિક સ્વસ્થ સ્થિતિમાંથી ભ્રષ્ટ થાય છે અને ગાવા કે નાચવા માંડે છે. ત્યારથી બાળક ઉત્તેજનના, સ્તુતિના, મીઠા બોલના શયતાનના હાથમાં જઇ પડે છે!

બાળકો ઘણી વાર ગાવા કે નૃત્ય કરવાની વૃત્તિમાં આવતાં જ નથી. તેઓ એટલાં ભ્રષ્ટ નથી હોતાં ત્યારે હઠીલાં દેખાતાં ઉભાં રહે છે, અને વિનવણી કરતાં માબાપને ભારે મુશ્કેલીમાં મૂકે છે.

અતિથિ માબાપને સભ્યતા બતાવવા કહે છે: “ કંઇ નહિ; જવા દોને. એની તબિયત બરાબર નહિ હોય. એને આજે નહિ ગમતું હોય. અમે તો અજાણ્યા છીએ એટલે એ ગભરાય. ”

માબાપ જરા સંતોષ પામી કહે છે: “ પણ એમ તો એ ઘણી વાર નાચે કૂદે છે; એને આવડે તો છે જ, પણ આજે કોણ જાણે કેમ આમ કરે છે ! ”

કોઇ માબાપ શિષ્ટ હોય તો તેઓ પોતાની સાથે બોલીને સમાધાન બતાવે છે: “ કાલે મોડાં સૂતેલાં એટલે આજે લહેરમાં નથી. એ તો હમણાં રોજ ને રોજ ગાવા નાચવાનું ચાલે છે તે આજે થાક્યાં લાગે છે. ”

કોઇ માબાપ અંદરની લાગણી છૂપાવી શકતાં ન હોવાથી બાળકો ઉપર જરા છેડાઇ પડે છે ને કહે છે: “ અમસ્તાં તો બહુ ડાહ્યાં થાઓ છો, પણ જ્યારે કોઇ આવે છે ત્યારે ટરડાઓ મરડાઓ છો ! આવું તે અમને કેમ ગમે ? જરાક ગાતાં નાચતાં શું થતું હતું ? ત્યાં કયાં ધા લાગતા હતા ? ”

બિચારાં બાળકોને માબાપની અહંતા ખાતર આ બધું સાંભળવું પડે છે. તેઓની આંખમાંથી આંસુ સરી પડે છે. માબાપ પ્રત્યેની તેમની લાગણી વિચિત્ર થાય છે. તેઓ અતિથિ પ્રત્યે પણ જાણે અજાણે તિરસ્કાર કેળવે છે. તેઓ

પાછાં પડે છે અને ફરી વાર આવો પ્રસંગ આવે છે ત્યારે કાં તો વધારે દેખાતાં હઠીલાં બની પોતાની અને માબાપની વચ્ચેનું અંતર વધારે છે, અથવા તો તેઓ સ્થિતિચ્યુત થઇ અધોમુખ થાય છે.

માબાપો ! બાળકોને આ દેખાવોમાંથી–આ આપણી પ્રદર્શનવૃત્તિમાંથી બચાવીશું ? આપણે એક યા બીજી રીતે બહિર્મુખ થયાં છીએ તેનો આ પડઘો છે. એ આપણા જ સુધી પડવા દઇ, બાળકોને તેમાંથી ઉગારીશું ? ગિ.

ટપાલમાંથી

: ૧ :

બાળક બાલમંદિર કેમ જતું નથી ?

[એક ભાઇએ પૂછ્યું છે કે " મારી પુત્રી બાલમંદિર જવાની આનાકાની કરે છે તેનું કારણ શું અને તેનો ઉપાય શો ? " તેના પ્રત્યુત્તરમાં આ પત્ર લખવામાં આવ્યો છે.]

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર તાઃ ૫, ૯, '૩૪

પ્રિયભાઈ,

તમારો પત્ર ઘણા દિવસ પડ્યો રહ્યો. દરમિયાન ચિ. કુસુમની પ્રકૃતિ બદલાઇ પણ હોય. છતાં જવાબ તો આપું છું.

તેને તેની ઇચ્છા વિરુદ્ધ બાલમંદિરમાં મોકલવાની કશી જ જરૂર નથી. ઘણાં બાળકોને બાલમંદિરમાં વ્યક્તિગત થયેલ અનુભવો ગમતા નથી. તેઓ પોતાનું મંતવ્ય કે મુશ્કેલી વ્યક્ત કરી શકતાં નથી; છતાં તે ત્યાં જવા ના પાડે છે એટલું જ નહિ પરંતુ હઠ કરે છે, કંજિયો કરે છે અને ઘણી વાર તો માંદાં પડે છે.

બાલમંદિરમાં બાળકે જવું જ જોઇએ એવો આગ્રહ કોઇ માબાપે ન રાખવો જોઇએ. બાલમંદિરનું વાતાવરણ દરેક બાળકને પસંદ જ પડે છે એમ નથી. ઘણી વાર બાલમંદિરનું વાતાવરણ બાળકને ખૂંચે છે કેમ કે તેમાં તેવાં તત્ત્વો હોય છે. આપણે જે નરી આંખે કે બુદ્ધિએ જોઈ શકતાં નથી તે બાળકો અંતઃકરણમાંથી સમજી જાય છે, અને બાલમંદિર પોતાને મદદ કરે છે કે આડે આવે છે તે જાણી શકે છે. બાળક સ્વતંત્રતા માગે છે, સ્વયંસ્ફૂર્તિ માગે છે. બાલમંદિર તે આપવાનો દાવો કરે છે એવે સ્થળે, આ બન્ને વસ્તુ બાળકને ન મળતી હોય તો જરૂર તેઓ ત્યાંથી નાસી છૂટવાનાં. ઘણી વાર બાલમંદિરના શિક્ષકમાં બાળકો સાથે વર્તવાની આવડત નથી હોતી. તે કાં તો બાળકોને વધારે પડતું હુલાવે ફૂલાવે છે, અગર તો તેને તે વધારે પડતું રઝળતું મૂકે છે. કેટલીક વાર શિક્ષકની વાણીમાં આવતી જાડી ઢબ, ઉતાવળિયાપણું, કર્કશતા વગેરેથી પણ તે ત્રાસે છે. ઘણી વાર શિક્ષક ઉપરથી પદ્ધતિસર વર્તતો હોય છે છતાં અંદરથી બાળકોને સમજ્યા વિનાનો હોય છે; ઉપરથી સ્વતંત્રતા આપવાનો દેખાવ કરતો હોય છે જ્યારે અંદરથી નિયમન ઝટ લાવવા આડાઅવળા ખોટા ઉપાયો લેતો હોય છે. ઘણી વાર લોકોને તે બતાવવા જાય છે કે પોતાનું બાલમંદિર કેવું સુંદર ચાલે છે, અને બાળકો કેવાં વ્યવસ્થિત

છે. આ બધું બાળકોને અણગમા રૂપ બને છે અને બાળકો ત્યાંથી ભાગે છે. વળી માબાપો ઘણી વાર શિક્ષકો તથા બાલમંદિરનાં જેવાં વખાણ કરે છે તેવું બાળકોને ત્યાં કંઈ નહિ મળતું હોવાથી બાળકો બાલમંદિરમાં શ્રદ્ધા ખોઈ નાંખે છે.

ઘણી વાર તો બાલમંદિરના શિક્ષકો ભાન ભૂલી જઈ વ્યવસ્થાની ખાતર, અને પોતે કાંઈ માર્ગ કહાડી શકતા નથી ત્યારે, બાળકો ઉપર ચીડાય છે અથવા તેમને હડધૂત કરે છે અથવા તેમને દમ મારે છે, ત્યારે તો બાળકો બાલમંદિર અને શિક્ષકોને વધારે ધિક્કારે છે.

વળી ઘણી વાર ત્યાં ભેળાં થતાં બાળકોમાંથી કોઈ ને કોઈ બાળક પોતાને હેરાન કરે છે તેથી પણ બાળકને ત્યાં જવું ગમતું નથી. ઉપરાંત ઘરનું વધારે આકર્ષણ, નોકરો ઉપરનું અવલંબન, મા મોકલવા માગે તો બાપની મરજી ન હોય અથવા તેથી ઉલટું હોય, અથવા તો ઘરનાં ઘરડાં બાળકોને હુલાવતાં ફુલાવતાં અને જે માગે તે કરી આપતાં અને બગડાવતાં હોય, તેથી પણ બાળકો બાલમંદિર જતાં નથી. આવા સંજોગોમાં બાળકને પરાણે મોકલવું નહિ એ ઉત્તમ ઉપાય છે. બાળકને ન મોકલ્યા પછી તેનું કારણ શોધવું, અને લાગતા વળગતાને મળી તે દૂર કરવા પ્રયત્ન કરવો.

લી. તમારા ગિજુભાઇના
નમસ્કાર.

: ૨ :

ઉપાય બતાવશો ?

[એક ભાઈ પૂછાવે છે કે " મારી છોકરી સ્વભાવે જલદી હળી જાય તેવી છે. તેને પગમાં રોગ થવાથી કપાવવો પડ્યો અને તે લંગડી થઈ છે. બીજાઓને દોડતાં ને રમતાં જોઇ તે દુઃખી થાય છે. બીજાં બાળકો તેને ખીજવે છે. તેના ભવિષ્યને માટે ચિંતા થાય છે. તો તેની મનોવૃત્તિ કઈ તરફ દોરવી કે જેથી તે હાલ અને ભવિષ્યમાં સુખી થાય ? ઉપાય બતાવશો ? " તેના પ્રત્યુતરમાં આ પત્ર છે.]

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર તાઃ ૫, ૯, '૩૪

ભાઈશ્રી,

હું ત્યાં આવ્યો ત્યારે આપે આપની પુત્રી સંબંધે પ્રશ્ન પૂછ્યો હતો. એના જવાબરૂપે થોડું-એક લખું છું તેનો ઉપયોગ સંજોગ પ્રમાણે કરશો.

આવી રીતે અપંગ થઇ ગયેલું બાળક પરાધીન બની જવાથી તે લાગણીપ્રધાન થઇ જાય છે તે તદ્દન સાચું છે. તેને માઠું ન લાગે માટે ઘરમાંથી કોઇએ તેની આ દશા તરફ ધ્યાન ખેંચવું નહિ, તેના દેખતાં તેની અપંગતા વિષે વાતો કે ચર્ચા કરવી નહિ, તેની આગળ તેના વિષેની આપણી ચિંતા વ્યક્ત કરવી નહિ. એમ કરવાથી બાળકને ઓછું આવે છે; અન્યથા કશો જ લાભ થતો નથી.

આ બાળકની ઉંમર કેટલી છે તે હું જાણતો નથી; પણ પાંચેક વર્ષની ઉંમર થાય એટલે તેને વાંચતાં લખતાં શીખવી દેશો. આ સ્થિતિમાં ચિત્રો જોવાં કે વાંચવું તેને અત્યંત આનંદદાયક પ્રવૃત્તિ નીવડશે. વાચન અને ચિત્રમાં મશગૂલ રહેતાં તે પોતાની આ સ્થિતિને વીસરી જશે, અને વખત જતાં તે એટલી સ્વાભાવિક બનશે કે તેને તે યાદ પણ નહિ આવે.

શક્ય હોય તો તેને માટે ગ્રામોફોન વસાવો, અને તેને વગાડવાનું શીખવી દો. એ પ્રવૃત્તિ પણ તેને સુખરૂપ નીવડશે. બીજાં બાળકોને દોડતાં

જોઇ તે દુઃખી થાય છે, કેમ કે તે દોડી શકતી નથી; પણ પોતે કાંઇક કરી શકે છે, બીજાં બાળકોને કરી બતાવી શકે છે, તેવું જો તેને ભાન થાય તો તે સંતુષ્ટ રહેશે. તેને ગાતાં આવડે કે ચિત્ર કાઢતાં આવડે તો તે બીજાંઓ સામે હોંશથી રમી શકશે.

વળી આજુબાજુનાં તેની ઉંમરનાં બાળકો ભેગાં કરી કોઇ વાર જલસો કે મિજલસ ગોઠવવી. આ મિજલસ તમારી દીકરી તરફથી ને તેના નામે ગોઠવવી. બાળકો તેમાં ભાગ લેશે અને તેના તરફ સાથીની દૃષ્ટિથી જોશે. વળી આ પ્રસંગે ભેગાં થયેલાં બાળકો તેની સાથે બેઠાં બેઠાં રમતો રમી શકે તેવી રમતો ગોઠવવી: દાખલા તરીકે ગંજીપો, ચોપાટ, શેતરંજ અથવા નવકૂંકી વગેરેની. ઘરમાં પણ એવી રમતગમતો ગોઠવવી કે આ છોકરીને કંઇ ને કંઇ અગત્યનું સ્થાન મળે. પોતે હવે હલકી પડી ગઇ છે એમ તેને લાગે છે; આ વૃત્તિ નીકળી જાય માટે હાથ વડે કાંઇ સુંદર અને ઉપયોગી થઈ શકે તેવું તેને બતાવવું. હાથથી થઇ શકે એવાં કેટલાંયે કામો શોધી શકાય. દાખલા તરીકે બીજાં બાળકો નાટકોની રમતો કરે તો આ બેન પડદો બેંચે. આમ આ દૃષ્ટિએ વિચાર કરી તેની રચના ગોઠવશો તો તેને ઠીક પડશે. બાળકની ઉંમર જાણ્યા વિના આપેલી આ સલાહ જેવી રીતે ઉપયોગી નીવડે તેવી રીતે લેશો.

વળી પત્ર લખી પૂછશો તો મારાથી બનતું કરવા ચૂકીશ નહિ.

લી. તમારા ગિજુભાઇના નમસ્કાર.

રોમની મોન્ટીસોરી શાળાઓ

"જે ઓરડાની અંદર બાળકો બુદ્ધિપૂર્વક સ્વેચ્છાથી પોતાની ઇચ્છા પ્રમાણે કોઇ પણ ઉપયોગી કામ કરવા માટે કોઇ પણ જાતનું અસભ્ય કે જંગલી વર્તન કર્યા સિવાય હલન-ચલન કરતાં હોય તે ઓરડાનાં બાળકો મારા મત પ્રમાણે સુંદર નિયમનવાળાં છે.

"સાધારણ નિશાળની માફક બાળકોને હાર-બંધ બેસાડવાં, દરેક નાના નાના બાળકને એની પોતાની એક જગ્યા મુકરર કરી આપવી, દરેક બાળકને પોતાની જગ્યાએ શાંત બેસી રહેવાનું કહેવું, અને એ રીતે આખા વર્ગની સમૂહગત વ્યવસ્થા કેટલી સરસ લાગે છે એનું નિરીક્ષણ કરવા તરફ દરેક બાળકનું ધ્યાન બેંચવું, આ બધું પાછળથી આવી શકે છે. આ બધું તો સમૂહગત શિક્ષણ આપવાની શરૂઆત કરતી વખતે આવી શકે એમ છે. આ બધું લાવવું જરૂરી પણ છે, કેમ કે દરેક માણસના જીવનમાં એવા કેટલાક પ્રસંગો આવે છે કે જ્યારે એને અમુક એક જગ્યાએ શાંતિથી બેસી રહેવું પડે છે. દાખલા તરીકે જ્યારે આપણે ભાષણ સાંભળવા ગયાં હોઇએ કે સંગીતના જલસામાં ગયાં હોઇએ, ત્યારે આપણે એક જગ્યાએ શાંતિથી બેસી રહેવું પડે છે. પણ આપણને ખબર છે કે તે વખતે તો આપણને મોટેરાંઓને પણ એક જગ્યાએ શાંતિથી બેસી રહેવા માટે કેટલો પ્રયત્ન કરવો પડે છે. આ તો દરેકના જાત-અનુભવની વાત છે.

"જ્યારે આપણે આ જાતનું સમૂહગત

શિક્ષણ આપવાનું શરૂ કરીએ છીએ, જ્યારે આપણે દરેક બાળકને વ્યવસ્થિત રીતે એની જગ્યાએ શાંતિથી મોકલતાં હોઇએ છીએ, ત્યારે જ આપણે બાળકને એમ સમજાવી શકીએ કે આવી જાતની ગોઠવણ કરવાથી ઓરડો વધારે સુંદર અને સારો લાગે છે, આવી રીતે વ્યવસ્થિત ગોઠવાવું એ સારી વસ્તુ છે, આ જાતની ઓરડાની ગોઠવણ સારી અને આનંદ આપનારી છે: જો આ બધા વિચારો આપણે બાળકોની સમૂહગત ગોઠવણ કરતી વખતે એમને આપી શકીએ તો બાળકોની આ જાતની વ્યવસ્થિત અને શાંત ગોઠવણ, અને દરેક બાળક પોતાની જગ્યાએ શાંતિથી અવાજ કર્યા સિવાય બેસી રહે છે એ વસ્તુ, એક જાતના પાઠનું પરિણામ છે, નહિ કે બાળકો ઉપર બહારથી લાદેલી વસ્તુ છે. બાળકોને કોઇ પણ રીતે શાંત અને વ્યવસ્થિત બેસાડી દેવાં, ગમે તેમ યુક્તિ પ્રયુક્તિ કરીને એમને શાંત અને વ્યવસ્થિત રાખવાં, એ કંઇ મહત્ત્વની વસ્તુ છે જ નહિ. પરંતુ આપણે બાળકોને શાંત અને વ્યવસ્થિત રીતે બેસવાની જે આ રમત કરીએ છીએ તેની પાછળ રહેલો વિચાર સમજાવવો, બાળકો સમૂહગત વ્યવસ્થાની પાછળ રહેલા સિદ્ધાંતને પોતાનો કરી લે એમ કરવું, એ અત્યંત મહત્ત્વની વસ્તુ છે.

"એટલે જો બાળકો આ સમૂહગત વ્યવસ્થાનો વિચાર સમજ્યા પછી પોતાની જગ્યાએથી ઉભાં થાય, વાતચીત કરે, બીજાઓ સાથે જગ્યા બદલાવે તો આ બધું તેઓ સમજતાં નથી માટે કરે છે, અથવા વિચાર સિવાય કરે છે એમ હોતું જ નથી. પરંતુ આ બધી વસ્તુઓ તો બાળકો એટલા માટે કરે છે કે એમને એ કરવાની ઇચ્છા હોય છે. બાળકને જ્યારે ઉભા થવાની ઇચ્છા થાય છે ત્યારે જ એ ઉભું થાય છે; જ્યારે એને વાતચીત કરવાની ઇચ્છા થાય છે ત્યારે જ એ વાતચીત કરે છે. આ બધું કરવાની એમની પોતાની જ ઇચ્છા હોય છે માટે તેઓ એ બધું કરે છે. એટલે કે બાળકોને પોતાને બરાબર રીતે સમજાયેલી આરામ અને વ્યવસ્થાની સ્થિતિમાંથી તેઓ પોતાની મેળાએ સ્વેચ્છાપૂર્વક કોઇક કામ હાથમાં લેવા માટે ઉઠે છે; અને તેઓને ખબર હોય છે કે કેટલાંક કામ એવાં છે જે કરવાનાં નથી હોતાં. એટલે આ સમૂહગત વ્યવસ્થાનો વિચાર, એમને સારા અને નરસા વચ્ચે વિવેકબુદ્ધિ વાપરવાની છે એ વસ્તુ યાદ રાખવા માટે, એક નવીન પ્રેરણા આપે છે.

"જેમ જેમ દિવસો પસાર થતા જાય છે, તેમ તેમ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી આ સ્થિતિમાંથી જ્યારે હલનચલન કરવું હોય છે ત્યારે બાળકની ગતિ દિવસે દિવસે વધારે ને વધારે સમતોલ અને સંપૂર્ણ થતી જાય છે. જ્યારે બાળકોને વ્યવસ્થાનો વિચાર સમજાય છે ત્યારે તેઓ શરૂઆતની અવ્યવસ્થિત સ્થિતિમાંથી સ્વયંસ્ફુરિત વ્યવસ્થા તરફ જે રીતે જતાં હોય છે તેનું અવલોકન કરવું એ જ શિક્ષકનું ખરું પુસ્તક છે. આ પુસ્તકમાંથી જ—બાળકોના આ વખતના અવલોકનમાંથી જ શિક્ષકે પોતાના કામ માટે પ્રેરણા મેળવી લેવી જોઇએ. જે શિક્ષકને સાચા કેળવણીકાર થવું હોય તેણે તો આ જ પુસ્તક વાંચવું અને વિચારવું જોઇએ, અને એનો અભ્યાસ સતત ચાલુ રાખવો જોઇએ."

બાલમંદિરમાં બાળકોની અણઘડતા કેવી રીતે દૂર કરવામાં આવે છે.

આ સ્વાતંત્ર્ય મારફત નિયમન ઉભું કરવાના આ પ્રયત્નમાં ઇંદ્રિયોની કેળવણી એ ખૂબ જ અગત્યની વસ્તુ છે. બાલમંદિરમાં આવતાં બાળકોની ઉંમર, સાધારણ રીતે જે ઉંમરે એ લોકો પોતાની શારીરિક ટેવો પાડતાં હોય છે તે વખતની હોય છે. હવે જો બાળકની અંદર આ શારીરિક ટેવો સારી રીતે શરૂઆતથી જ દૃઢ કરવામાં આવે તો અસભ્ય રીતભાતના પ્રાણરૂપ અણઘડતાનો અને કઢંગાપણાનો, બાળક બચપણમાંથી પસાર થઈ જાય તે સમય દરમિયાન તો, વ્યવહારૂ રીતે અંત આવી ગયો હોય છે.

બાલમંદિરની અંદર બાળકો જે જે વસ્તુઓ વાપરે છે અને જે જે સાધનો વડે કામ કરે છે, તે બધું બાળકોના ઉપયોગ માટે ખાસ સંભાળપૂર્વક યોજવામાં આવેલું હોય છે. બાળકો જે આસનો ઉપર પોતાનું કામ કરે છે તે આસનો એટલાં નાનાં હોય છે કે બાળકો એ બધાં પોતાની મેળાએ સહેલાઇથી સાફ કરી શકે છે, ગડી વાળીને સંકેલી શકે છે અને એક જગ્યાએથી બીજી જગ્યાએ પોતાની મેળાએ હેરવી ફેરવી શકે છે. એમનાં ટેબલો પણ એટલાં હલકાં હોય છે કે એ ત્રણ વર્ષનાં બાળકો સહેલાઇથી ખસેડી શકે છે. જ્યારે બાળકોને હાથ મોઢું ધોતાં શીખવવામાં આવે છે ત્યારે એમને માટે હાથ મોઢું ધોવાનાં સાધનો જેવાં કે ટબૂડીઓ, પીપો, ટુવાલો વગેરે પણ બાળકોને અનુરૂપ એટલાં નાનાં વાપરવામાં આવે છે કે બાળકો એ બધાં સહેલાઇથી અને સહીસલામત રીતે વાપરી શકે છે, જે કબાટોની અંદર બાળકોનાં સાધનો રાખવામાં આવે છે તે કબાટો પણ નીચાં હોય છે, અને બાળકો તે સહેલાઇથી ઉઘાડી શકે અને બંધ કરી શકે એવાં હોય છે. બાળકો માટે ત્રણ જાતની ખુરશીઓ પણ રાખવામાં આવે છે; પરંતુ બાળકો મોટે ભાગે પોતાનું કામકાજ કાં તો ટેબલ પાસે ઉભાં રહીને અથવા તો આસનો ઉપર બેસીને કરે છે.

આ રીતે બાલમંદિરની અંદર બધી વસ્તુઓ બાળકોનાં નાનાં નાનાં શરીરને અનુકૂળ પડે એવી જ વસાવવામાં આવેલી હોય છે, એટલે બાળકો પાંચ છ વર્ષનાં થાય છે ત્યારે તો એમનો એમના પોતાના શરીર ઉપર સંપૂર્ણપણે કાબૂ આવી ગયો હોય છે. એ લોકો પોતાના શરીરને સ્વતંત્ર કેવી રીતે રાખવું અને આરામ કેવી રીતે આપવો એ શીખી ગયાં હોય છે. તેઓ જાતે જ પોતાના શરીરનાં ધણીરણી હોય છે. બાલમંદિરની અંદર રાખવામાં આવતાં ઇંદ્રિય કેળવણીનાં સાધનો એકલાં જ નહિ, પરંતુ બાળકોના ઓરડામાં રાખવામાં આવતાં બીજાં બધાં સાધનો અને બધા જ ઉપસ્કરો પણ માણસથી શકય છે એટલી સંપૂર્ણ વૈજ્ઞાનિક શોધખોળને પરિણામે બનેલાં રાખવામાં આવેલાં હોય છે. એકેએક સાધન અને ઉપસ્કર ઘણાં બાલમંદિરોનાં બાળકોની ઘણી મોટી સંખ્યા વડે વપરાઇ વપરાઇને પ્રયોગસિદ્ધ થયેલ છે. બાલમંદિરમાં કોઇ પણ વસ્તુ અકસ્માતથી તો આવી શકતી જ નથી. બાલમંદિરનાં સાધનો અને ઉપસ્કરોની પસંદગી પાછળ તો મૅડમ મોન્ટીસોરીની બાર વર્ષની તપશ્ચર્યા છે, એની પાછળ તો મૅડમ મોન્ટીસોરીના બાર વર્ષના અખત-

રાગો અને અભ્યાસ રહેલાં છે. અને એની પાછળ એમનો પોતાનો એકલાનો જ અભ્યાસ અને અખતરાઓ છે એમ પણ નથી. મૅડમ મોન્ટીસોરી પોતે કહે છે તેમ ખરેખર, એમની પદ્ધતિની પાછળ તો ત્રણ દાક્તરોનું—ઇટાર્ડ, સેગૂઇન અને એમનું પોતાની જાતનું–કામ રહેલું છે. અને એની શરૂઆત તો ફ્રાન્સની રાજ્યક્રાંતિના સમયથી થઇ છે.

મોટેરાંના વિકસેલા માનસ અને નાની ઉંમરમાં પણ વધારેમાં વધારે હોશિયાર બાળકના પ્રાથમિક અને અંધારામાં બાથોડિયાં મારતા માનસ વચ્ચે એટલો મોટો તફાવત છે કે અત્યંત શક્તિશાળી બાળકને પણ આપણે મોટેરાંએ વાપરેલા શબ્દો વગેરે સમજવું ખૂબ જ આકરું થઇ પડે છે. એટલે જ મોટા ભાગના શિક્ષકો કોઇ પણ પાઠ આપતી કે રમત રમતી વખતે જે શબ્દો વાપરે છે તે સમજવાનો અને પોતાના કરી લેવાનો પ્રયત્ન અજ્ઞાનપણે હોશિયારમાં હોશિયાર બાળકોના મગજ ઉપર પણ ખૂબ જ બોજારૂપ થઇ પડે છે. મૅડમ મોન્ટીસોરી નકામા શબ્દો વાપરવાની મૂર્ખાઇ કરવાની સભ્યતાઇથી ના પાડે છે. એ તો આગ્રહ રાખે છે કે કોઈ પણ વસ્તુ બાળક પાસે ધરવી હોય તો તે તરત જ સીધેસીધી સાદામાં સાદી રીતે ધરવી, અને એને માટે ઓછામાં ઓછા શબ્દોનો ઉપયોગ કરવો.

બાલમંદિરમાં શિક્ષક જ્યારે બાળકને પાઠ આપવાની તૈયારી કરે છે ત્યારે પહેલાં તો એ બાળક પાસે સ્વસ્થતાથી બેસે છે અને પછી બાળકનું નામ સ્પષ્ટપણે દૃઢતાથી ઉચ્ચારે છે. બાળકની નજદીક મિત્ર તરીકે બેસવું અને એનું નામ સ્પષ્ટપણે ઉચ્ચારવું એમાં એકલા શરીરને બોલાવવાની ક્રિયા નથી થતી, પરંતુ એની અંદર તો શરીરના માલિકને–આત્માને જાગૃત કરવાની ક્રિયા થાય છે. પોતાનું નામ સાંભળીને બાળકને તરત જ ખબર પડે છે કે એની પાસેથી કશાકથી માગણી થાય છે. જ્યારે બાળક પોતાના મ્હોં ઉપરના ભાવ વડે અથવા તો બુદ્ધિપૂર્વક કરેલી કોઈ નિશાની વડે એને પોતાને જ બોલાવવામાં આવ્યું હતું એમ પોતે સમજ્યું છે એવો જવાબ આપે છે, ત્યારે શિક્ષક શાંતિથી એકધ્યાનપૂર્વક "સાંભળો." એમ કહીને પાઠ આપવાનું શરૂ કરી શકે છે. આ પછી શિક્ષકે સમજૂતીનો બીજો એક પણ શબ્દ વાપરવાનો હોતો નથી.

[અપૂર્ણ]

શંકર શાહ.

જોઇએ છે.

એક મોન્ટીસોરી શિક્ષક, કાનપુરની મોન્ટીસોરી શાળા માટે, અંગ્રેજી તથા હિંદી જાણનાર જોઇએ. શિક્ષિકાને પ્રથમ સ્થાન મળશે.

લખોઃ ગિજુભાઇ, બાલમંદિર, ભાવનગર.

બાલ અધ્યાપનમંદિર ઉઘડશે.

આવતું બાલઅધ્યાપનમંદિર તા. ૧લી જાન્યુઆરી ૧૯૩૫ના રોજથી શરૂ થવા વકી છે. દાખલ થવા ઇચ્છતા ઉમેદવારોએ વિનતિપત્રો વેળાસર ભરી મોકલવાં.

બાલસાહિત્ય વાટિકાનું પહેલું પુસ્તક ચિત્રોને કારણે કારતકમાં પ્રગટ થશે.

બાલઅધ્યાપનમંદિરના સમાચાર

નવીન બાલશિક્ષક સંઘ

શ્રીદક્ષિણામૂર્તિ બાલ અધ્યાપનમંદિરના મુંબઇમાં વસતા વિદ્યાર્થીઓની એક સભા ઉપરોક્ત સંઘ સ્થાપવાને તા. ૧-૯-૧૯૩૪ ના રોજ સાડા પાંચ વાગે સાંતાક્રુઝ બાલમંદિરમાં શ્રી. સંપટના પ્રમુખપદે મળી હતી.

સભામાં કેટલીક ચર્ચા બાદ આ મંડળનું નામ 'નવીન બાલશિક્ષક સંઘ' મુકરર કરવામાં આવ્યું હતું. સંઘના સભ્યની લાયકાત નવીન શિક્ષણમાં રસ લેતા શિક્ષક અગર શિક્ષિકા થઈ શકે એમ ઠરાવવામાં આવ્યું હતું. સભ્ય થવાની અરજીને કાર્યવાહક મંડળ મંજૂર કરેથી મંજૂરી આપવામાં આવે એ નક્કી થયું હતું.

સંઘનું કાર્યક્ષેત્ર

૧ 'નવીન શિક્ષણપદ્ધતિનો પ્રચાર'—લેખો દ્વારા, ભાષણો દ્વારા, પુસ્તકો દ્વારા, ચર્ચા—બેઠકો દ્વારા, અને ઉત્સવો દ્વારા.

૨ નવીન શિક્ષણસિદ્ધાંતો ઉપર વિચારો અને અનુભવોની પરસ્પર આપ લે.

સંઘનું લવાજમ

સભ્ય માટેનું લવાજમ વાર્ષિક એક રૂપિયો રાખવાનું ઠર્યું હતું.

સંઘના ઓદ્ધેદારો

ત્યાર બાદ નીચેના ઓહ્દેદારો ચૂંટી કાઢવામાં આવ્યા હતા:—

પ્રમુખ: શ્રી. એસ. એન. નામલે, બી.એ.

મંત્રીઓ: શ્રીમતી પુષ્પાબેન નાયક અને શ્રી. બાબુભાઇ શિલ્પી.

ખજાનચી: શ્રી. રણછોડજી નાયક

હસ્તલિખિત માસિકના તંત્રી: શ્રી. સંપટ.

કાર્યવાહક સભ્ય: શ્રી. પ્રભુદાસ ઉપાધ્યાય.

આ સંઘની સામાન્ય સભા દર મહિને એક વાર મળશે.

સંઘની ઑફિસ સાંતાક્રુઝ બાલમંદિર રાખવામાં આવી છે. સંઘ સંબંધેનો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો:

શ્રી. બાબુભાઇ શિલ્પી,
મંત્રી, નવીન બાલશિક્ષક સંઘ;
c/o સાંતાક્રુઝ બાલમંદિર,
સાંતાક્રુઝ

> તમારા કામની સામે જ્યારે જ્યારે મુશ્કેલીઓ આવે ત્યારે તમે રાજી થજો. મુશ્કેલીઓ જેની સામે હશે તેને જ તેની સામે ઝૂઝવાનું મળશે. જે ઝૂઝશે અને ટકી રહેશે તેને વિજય મળશે.
>
> જેમની સામે મુશ્કેલી જ ન હોય તેમને તો કશું કરવાનું જ નથી રહેતું. એવી નિષ્ક્રિય જીંદગીમાં મન શી આવે? અને એમાંથી ચડતી પણ શી રીતે થાય? મુશ્કેલી એ ચડતીનો માર્ગ છે.

શિક્ષક મંડળ

ગયા વર્ષે બાલ અધ્યાપનમંદિરમાં અભ્યાસ કરી ગયેલા કચ્છ લોહાણા કેળવણી ખાતાના શિક્ષક ભાઇઓના પ્રયાસથી તે ખાતાના કચ્છ નખત્રાણા તાલુકાના શિક્ષકોનું એક મંડળ સ્થપાયું છે. તેમાં દર મહિને બધા શિક્ષકોનું મિલન થાય છે, અને શિક્ષણ વિષયક કાર્યમાં પડતી મુશ્કેલીઓની ચર્ચા પણ કરવામાં આવે છે. નવીન કેળવણીનો ગામડાંઓમાં પ્રચાર કરવા અને લોકોને તેનું હાર્દ સમજાવવા કઇ રીતે કામ કરવું તેના વિચારોની આપલે કરવા બધા એકઠા મળે છે. આ મંડળની છેલ્લી બેઠક દેશલપુર મુકામે મળી હતી, જેમાં અભ્યાસક્રમમાં પડતી મુશ્કેલીઓ વિષે ચર્ચા થઇ હતી.

રત્નોની ખાણુમાં

: ૧ :

શીવલી અને ગુલાબને દિવસમાં એક વાર તો તકરાર ખરી જ. બા જે જે વાંક માટે એમને વઢી હોય એ બધા જ વાંક એમના ખ્યાલમાં રહી ગયેલા. એટલે એ ભૂલ ફોર્મ્યુલાથી ફરી વાર થાય એટલે બા વઢે તે પહેલાં જ એકાદ જણ ફરિયાદે દોડી જતું. ગુલાબે જરા ઉતાવળથી દાતણ કર્યું હોય તો શીવલીના ધ્યાન બહાર એ ન જતું; અને શીવલીની આંખમાં ભૂલથી ચીપડો રહી ગયો હોય તો એ ગુલાબની નજર બહાર ન રહેતું. તરત જ એને માટે બા પાસે ફરિયાદ થતી; અને પોતે કરેલી ફરિયાદ માટે બા જ્યારે સામાને વઢે ત્યારે જ નિરાંત થતી.

પણ હમણાં હમણાં વઢવાનું કામ ગુલાબ પોતે જ કરી લેતો. આજે શનિવાર હતો. બન્ને જણાં અગિયાર વાગે નિશાળેથી આવ્યાં. શીવલી ભૂખી થયેલી એટલે નિશાળવાળાં કપડાં જમીને સંકેલવાનું નક્કી કરી તેણે એ કપડાં બાંકડા ઉપર મૂકેલાં. ગુલાબ જાણતો હતો કે એ ગુનાહામાં લેખાતું, એટલે તરત જ એણે શીવલીને ડરાવવાનું શરૂ કર્યું: "શીવલી! તારાં લૂગડાં સંકેલી લે. લૂગડાં કાંઇ બાંકડા ઉપર રખડાવવાનાં નથી. બીજા મૂકે છે ત્યારે ચાડી ખાવા જાય છે!"

"તે તારે શું છે? અમે બાઇને મૂકી દેશું."

"બાઇને નહિ, અત્યારે જ મૂકી દેવાનાં છે!" ગુલાબે ચડે ભરાઇને કહ્યું.

"નથી મૂકતાં જા; ડરાવે છે શાનો?"

શીવલીએ સંભળાવ્યું.

"ડરાવશું, ડરાવશું; તારાથી તો મોટા છીએને!" ગુલાબે કહ્યું.

આ કચકચથી અને ચૂલાની ગરમીથી અકળાયેલી બાનો મિજાજ ગયો, અને ગુલાબ અને શીવલી બન્ને ધ્રૂજી ઉઠે એવો અવાજ રસોડામાંથી આવ્યો. "ચાલ, ઠેકાણે મૂકી દે કપડાં! માનતી નથી કયારની, કર્કશા? નિશાળે જવાનાં કપડાં એમ રખેટવાનાં હશે, કેમ? પછી અહીં ધોવા કોણ આવશે? આવ્યાં કે તરત જ બસ કચકચ, બીજી વાત જ નહિ?"

રોતી રોતી શીવલી લૂગડાં સંકેલવા લાગી.

: ૨ :

આજે ગુલાબ બહારથી એક છાપ લઇ આવ્યો, અને શીવલીને બોલાવીને એક વાટકીમાં ગુંદર પલાળી મેડીની ભીંતે બન્ને છાપ ચોટાડવા લાગ્યાં. પરંતુ ગુંદર થોડો અને પાણી બહુ પડી ગયું એટલે કેમે કરી છાપ ચોટે નહિ. એટલે ગુલાબે એક બીજી યુક્તિ કરી. એ હથોડી અને ખીલી લઇ આવ્યો; શીવલીએ ભીંત ઉપર છાપ પકડી રાખી અને ગુલાબ ખીલી ઉપર હથોડી મારવા લાગ્યો. હથોડીના અવાજે બાપાના કામમાં ખલેલ પહોંચી. "શું કરો છો?" એમણે ત્રાડ નાખી.

ગુલાબ ખીલી પાછી ખેંચી લે એ પહેલાં એ ત્યાં આવી પહોંચ્યા. "શું કરો છો?" એમણે પૂછ્યું, અને લાલ આંખે બન્ને સામે તાકી રહ્યા. ગુલાબ અને શીવલીની વાચા એમની એ ગર્જના પાસે બંધ થઇ ગઇ.

બાપા પાસે આવ્યા અને ભીંતમાં ખોડેલી ખીલી અને છાપ જોયાં. "આ શું? ભીંતોમાં કાણાં પાડવા માંડ્યાં? બીજું કાંઇ સૂઝે છે બરું કે નહિ? કાંઇ લેસન કરવું, વાંચવું; બસ ભાંગતોડ જ સૂઝે છે? ઘરમાં ભાંગ્યાં નહિ એટલાં ખોખરાં કરે છે!" બાપાએ ગુલાબનો કાન આમળ્યો. "અને કાલ રાતે કયાં ગયો હતો?" રાતનો એક ભૂલાઇ ગયેલો ગુન્હો યાદ કરી બાપાએ ગુલાબને પૂછ્યું.

"કયારે?" ગુલાબે રોતાં રોતાં કહ્યું.

"કયારે, એમ? હજુ તો ભાઇ ભૂલી ગયા, કેમ? હું આવ્યો ત્યારે."

"બહાર બેઠો'તો." તમાચાના ભયે ગાલને ઢાંકી રાખેલા હાથે ખંજવાળતાં ગુલાબે કહ્યું.

"કોની સાથે?" અધૂરા જવાબથી ધૂંધવાયેલા બાપાએ પાસે આવતાં પૂછ્યું.

"રમુડાની અને રમેશની સાથે." ગુલાબે જવાબ આપ્યો.

"એ બધાની સાથે તારે બેસવું નહિ પાલવે, સમજ્યો? એ બધા તો નહિ ભણે અને નહિ કમાય તો ચાલશે; પણ તું નહિ ભણે તો શું કરવાનો છે? રેંકડી તાણીશ કે હજામપટ્ટી કરીશ?" એક હથેળી ઉપર બીજી ઉંધી ચત્તી ફેરવતાં બાપાએ કહ્યું.

ગુલાબ થોડી વાર અવાક્ ઉભો રહ્યો.

"ઉભો છે શું, મૂઢ જેમ? ચાલ, લેસન કરવા બેસી જા, મારા ઓરડામાં." બા ગુલામને પોતાના ઓરડામાં ખેંચી ગયા.

"શીવલી!" એ જ વખતે બાએ નીચેથી શીવલીને બોલાવી. ફાળભર્યા હૈયે શીવલી નીચે ગઇ. "શું કરે છે ઉપર?" ઢપકામાંથી બાકી રહી ગયેલી શીવલીને બાએ પૂછવા માંડ્યું.

"કાંઇ નહિ." ભયભીત થયેલી શીવલીએ જવાબ આપ્યો.

"કાંઇ નહિ, ત્યારે અમસ્તા તારા બાપા વઢતા'તા?" બાનો અવાજ બદલાયો.

"ઇતો ગુલાબને વઢતા'તા. ખીલી વતી એ ભીંતમાં કાણાં પાડતો'તો તે."

"ને તું ત્યારે અત્યારમાં એની સાથે ઉપર શું કામ ગઇ'તી? સવારમાંથી ઉઠીને બસ, કામ નહિ કાજ નહિ, ને આ ટપ ઉપર ચાલ્યાં!"

"અમે એકલાં એકલાં કયાં ગયાં'તાં?" શીવલીએ બચાવ કરવા પ્રયત્ન કર્યો.

"તે તારે ગુલાબની હારોહાર નથી ફરવાનું, સમજી? એ તો છોકરો છે, તે એને બધું પાલવશે. એને તારી જેમ પારકે ઘરે નથી જવું, સમજી? એક તો કામકાજ કરવું નહિ, એની હારોહાર ફર્યા કરવું, અને સામા પાછી બાંગરાવેડા કરે છે?" બાએ શીવલીનું બાવડું જોરથી ખેચ્યું ને કહ્યું: "ચાલ, બેસી જા ચાનાં વાસણ ઉટકવા!" બાએ શીવલીને ચાનાં વાસણ ઉટકવા બેસાડી.

પ્રહ્લાદ.

આબાપો માટે ઉપયોગી નવાં પુસ્તકો : બન્નેનું સાથે પોસ્ટેજ ૦–૪–૩
આબાપોને લેખક ગિજુભાઇ ૦-૧૦-૦ | આ તે શી આથાકોડ! લે. ગિજુભાઈ ૦-૧૦-૦

વાર્ષિક લવાજમ રૂ. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીત બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૨

અંક ૯-૧૦ મો
કાર્તિક-માર્ગશીર્ષ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકોને શું બનાવવાં જોઈએ એ પ્રશ્ન આપણો નથી. તેમને કંઈ બનાવવાનો આપણો અધિકાર નથી. તેઓ પોતાનો વિકાસમાર્ગ જાણે છે. તેમના હૃદયમાં ધ્યેય છે જ. આપણે તેમના સન્માર્ગમાં સહાય કરવાની છે; માર્ગે આવતી મુશ્કેલીઓ દૂર કરવાની છે; પ્રસંગોપાત્ત તેમનામાં ચેપી રોગ પેઠે ઉપજી આવતી અસદ્‌વૃત્તિને નકામું ઘાસ ખેંચી કાઢીએ છીએ તેમ ખેંચી કાઢવાની છે. આટલું કરીશું તો બાળકો પોતાનો વિકાસ સાધશે જ. તેમનામાં સ્વયંપ્રવૃત્તિ સ્વાભાવિક છે. ક્રિયાશક્તિ, કલ્પનાશક્તિ, બુદ્ધિશક્તિ બાળકોમાં છે જ. આપણે એ શક્તિઓને શિક્ષણ અને ઉપદેશથી તેમ જ આપણા આદર્શોથી ગૂંગળાવી ન નાખીએ તો તેઓ પોતાની મેળાએ જ પોતાનું કામ કરશે.

પ્રેમની આજ્ઞા

યુગે યુગે આજ્ઞા ઉતરે છે અને યુગપ્રવર્તકો તેને ઝીલે છે. નાસ્તિક યુગે કે આસ્તિક યુગે આવી આજ્ઞાને ઉઠાવેલી છે, અને આજે પણ ઉઠાવે છે.

આ આજ્ઞાઓ જેણે સાંભળી છે અને જીવનમાં ઉતારી છે તેઓ પૃથ્વી ઉપર સમર્થોનાં બિરદો મેળવી ગયા છે. જેઓ તેને જીવનમાં ઉતારી રહ્યા છે તેઓ જગતના ઉદ્ધારની પ્રવૃત્તિમાં અમોલ ફાળો આપી રહ્યા છે.

આ આજ્ઞા સાદી છે છતાં અભ્યાસ વિના જીવનમાં ઉતારી શકાશે નહિ. અભ્યાસનો પાયો આગ્રહ છે. તેનું બળ સતત ઉદ્યોગ છે, અને તેની શુદ્ધિ શ્રદ્ધા છે. આવો અભ્યાસ સાધક પેઠે આપણે શિક્ષકોએ આપણી આજ્ઞાઓ વિષે કરવાનો છે.

આ આજ્ઞા કે જે આકાશમાંથી નથી ઉતરી, જે પુસ્તકોથી નથી પ્રગટી, જે પર્વત પરથી નથી કહેવાઇ, તે શિક્ષણના સાધુઓના અંતરમાંથી ઉપજી છે. આ આજ્ઞા આ છેઃ તમે બાળકોમાં વિશ્વાસ રાખો. તે આજ્ઞા કહે છેઃ બાળકોને માત્ર દેહથી ના ઓળખો પણ તેના આત્માથી ઓળખો; તેનો આત્મા કાળજૂનો છે, અનાદિ છે, સર્વજ્ઞ છે. શરીરથી જ તે શરૂ થયો નથી; શરીર સાથે તેનો અંત પણ નથી. એ આત્મા પોતાના વિકાસને માર્ગે વળી આગળ પ્રવાસ કરવા માટે નવું શરીર મેળવીને આવેલો છે. એનો ઉદ્દેશ તેની પાસે છે, તેનું ફળ તેની અંદર છેઃ જેમ બીજમાં વૃક્ષ અને ફળ છે તેમ. તેનો માર્ગ ને લક્ષ તે જાણે છે. શરીર, ઇંદ્રિયો, મન, બુદ્ધિ, ક્રિયાશક્તિ, કલ્પના વગેરે સાધનો વડે તે પોતાનું દર્શન કરવા સજ્જ થયેલ છે. એ પ્રવાસીના માર્ગમાં તમે ના આવો. તમે તમારે માર્ગે એને જવાની પ્રેરણા કરતા નહિ. એને પ્રલોભનથી ખેંચો નહિ, અને જબરજસ્તીથી ફરજ પાડો નહિ. તમારો માર્ગ તમને મુબારક હો.

માટે જ આ આજ્ઞા કહે છેઃ તમે તેના માર્ગમાં ન આવો. તેને તેની ગતિથી અને શક્તિથી આગળ વધવા દો. તમારું માપ બહુ નાનું અને ટૂંકું છે. એનાથી તમે એને માપવાની ભૂલ ના કરો. તમે તમારી મર્યાદામાં એને બાંધી ના લો. તમે તમારા મમત્વમાં એનું પતન ન કરો. તમારાથી બને તો તમે તેને તેના માર્ગમાં સહાય કરો. બુદ્ધિના માર્ગો જેમ બોધિસત્ત્વો સ્વચ્છ કરે છે, નિષ્કંટક કરે છે, નિર્ભય કરે છે તેમ બાળકોના માર્ગોને સ્વચ્છ કરો, નિર્ભય કરો, નિષ્કંટક કરો, નિર્મળ કરો. પશુ આદિથી ખેડૂત કે બાગવાન જેમ પોતાનાં વૃક્ષોને રક્ષણ આપે છે તેમ તમે અસત અને હીનથી તમારાં બાળકોને રક્ષણ આપો; વિકાસને માટે જે સમૃદ્ધિ જોઇએ તે તમારી પાસે હોય તો બાળકને આપો, અને ન હોય તો તેને માટે અનુકૂળતા કરી આપો. આટલી સગવડ આપ્યા પછી બાળક પોતે પોતાનો વિકાસ બોળશે. આકાશના તારાઓ સામે દૂરબીન માંડીને જોઈ રહેનાર વૈજ્ઞાનિક પેઠે તમે વિકાસના નિયમો શોધવા માટે તટસ્થ બની તેને જોયા કરો; અને છતાં તેને કોઇ

રાહુ ગળી ન જાય તે માટે ભય અને નુકસાનની પળે તેને તુરત ઉગારી લો. તેના પોતાના સ્વપ્રયત્નોને રોકયા વિના જગતના પ્રયત્નોથી દુનિયાએ જે લાભો ઉઠાવ્યા છે અને જે સંસ્કૃતિ મેળવી છે તે સુલભપણે મળે તેને માટે સંપૂર્ણ વાતાવરણ રચો. એમ ના સમજો કે બાળક મનુષ્યની પ્રાથમિક દશાની અવસ્થામાં છે. તે પ્રાથમિક મનુષ્ય પેઠે પહેલેથી અખતરા કરી આગળ વધે છે અને વધશે, એવી ભૂલ ના કરો. દુનિયાનો પ્રવાસ જ્યાંથી આગળ વધવા લાગે છે ત્યાંથી જ બાળક આગળ વધવા માગે છે, એ જ આપણી સમજણ જોઇએ. એ સમજણનું ઊંડાણ આપણને બાળકો માટેના વિધિનિષેધોનો વિવેકભર્યો ખ્યાલ આપે છે. એ ખ્યાલથી બાળકોને મદદરૂપ થઇશું તો આપણે તેમના ઉપરના મતાગ્રહમાંથી, તેમને વિષેની હલકી માન્યતાઓમાંથી, તેમના વિકાસ સંબંધેના જૂનાપુરાણા વિચારોમાંથી મુક્ત થઇશું. બાળક આખરે ઉત્તમ મનુષ્ય થવા માગે છે. આપણા પ્રયત્નો પણ તેને માર્ગે જવા દેવામાં છે. અવળા માર્ગે જતાં બાળકને ત્યાંથી અટકાવવામાં કે પાછું વાળવામાં આપણે ભૂલ નથી કરતાં. બાળકનું સ્વાતંત્ર્ય સત્ય સુખની શોધને માટે છે, સત્ય સુખના અનુભવને માટે છે. જે શોધ દુઃખ જ લાવે તે શોધનો માર્ગ જૂઠો છે. તે માર્ગે જવાની છૂટ એ સ્વાતંત્ર્ય નથી પણ સ્વચ્છંદ છે. બાળક મરજી મુજબ એટલા માટે ચાલે કે તે આપણી મરજીનું કેવળ દાસ ન રહે, પણ પોતાની મરજીનું સ્વામી બને. પોતાની અધોગામી ઇચ્છાને ગુલામ તરીકે બાળક અધીન વર્તે ત્યારે તે સ્વયંસ્ફૂર્તિ કે સ્વાતંત્ર્યના પ્રદેશની બહાર જાય છે, અને વિનાશને માર્ગે જાય છે. તેવે વખતે તેને આપણે સહાનુભૂતિ અને પ્રેમનાં સાધનોથી સ્વાધીનતાને માર્ગે મૂકવા યત્ન કરીએ છીએ, અને તે ધર્મ્ય છે.

શિક્ષકો, માબાપો, સમાજવાદીઓ અને રાજનીતિજ્ઞો માટે આ એક આજ્ઞા છે. દુનિયાના હિતાર્થે એક આદેશ છે. આ આદેશ સત્તાથી નહિ પણ જગતના કલ્યાણની મમતાથી છે, સમષ્ટિના પ્રેમથી છે. સૌ તેને બાળકોના હિત માટે ઉપાડે. ગિ.

બાલજીવનની કરુણતા

મનુની ઉંમર અઢી ત્રણ વર્ષની; માબાપનો લાડકવાયો છોકરો. એકનો એક તો ન હતો; એને ચંદુ નામે મોટો ભાઈ આશરે આઠ નવ વર્ષનો હતો. પણ મનુ ઉપર આ બાપાને ખૂબ વહાલ હતું.

એક દિવસ મનુ નાહી ધોઇને કપડાં પહેરતો હતો. એ પોતે પહેરતો ન હતો, એની બા એને પહેરાવતી હતી. બાએ મનુને ખમીસ પહેરાવ્યું એટલે મનુ તો બા પાસેથી દોડી ગયો અને થોડે દૂર જઇને પોતાના ખમીસનાં બટન નાખવા લાગ્યો. એને ખમીસનાં બટન નાખવાનો પ્રયત્ન કરતો જોઇને એની બા તો રાજીનાં રેડ થઇ ગઇ. મનુ તો બટન નાખવાનો પ્રયત્ન કરતો જ હતો, પણ એકે બટન બંધ નહોતું થતું. પણ ત્યાં તો એક તૂટી પડયું. બા પહેલાં તો રાજી થતી હતી પરંતુ પછી એને લાગવા

માંડયું કે મનુએ બટન તોડયું. એણે મનુને સમજાવવા પ્રયત્ન કર્યો: "લે, આવ ભાઇ, હું તને બટન નાખી દઉં. જો, મારો ભાઇ ડાહ્યો છેના! લાવ હું જ નાંખી દઉં. તને હજી નાંખતાં ન આવડે; બાપુ, તું નાનો છો."

પણ મનુ તો બટન નાખવાનો પ્રયત્ન કરતો જ રહ્યો. હવે તો બા ચીડાવા લાગી: "કેમ, આવતો નથી કે? જલદી આવ." પણ મનુએ તો પોતાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો. એટલે તો બા ખરેખર ક્રોધે ભરાઇ: "અલ્યા ચંદુ! જો મનુડાને પકડી લાવ."

ચંદુએ મનુને પકડી આણ્યો. બાએ મનુને ધબ્બો લગાવીને બટન નાખી દીધાં. મનુ રડતો રડતો ખૂણામાં જઇને બેઠો; તેણે કેટલાય કલાક સુધી રોયા કર્યું.

શં.

બાળકો ઉપર લાદેલો ધર્મ

સરસ્વતીમંદિરના બાલમંદિરમાં મારી નાની દીકરી જાય છે; તેને તેડવા હું ત્યાં ગયો હતો. હું ગયો ત્યારે નાસ્તો ચાલતો હોવાથી હું સરસ્વતીમંદિરના ચોકમાં લીમડા આજુબાજુના ઓટલા ઉપર બેઠો.

પડખે જોયું તો બે બહેનો હતી. બન્ને બહેનો મારી પરિચિત હતી. બંનેની ઉંમર આઠેક વર્ષની હશે. બન્નેના પિતાઓ શિક્ષિત છે. એમાંના એક તો વિદેશ જઇ ઉંચી કેળવણી લઇ આવ્યા છે; બીજા પણ લાંબા વખતથી કેળવણીની આગળ પડતી સંસ્થાઓમાં માનપ્રદ સ્થાન ભોગવે છે.

એ બહેનોએ મને જોયો અને મેં એમને જોઇ એટલે મ્હોંના હાસ્યથી અમે પરસ્પર ખબર પૂછી લીધા.

એમાંની એક બહેન જેમના પિતા વિદેશ જઇ આવેલા છે, તે ઓટલા ઉપર બેસી પોતાની ચોપડીઓ રાખવાની પેટી નીચે જમીન ઉપર મૂકી નીચે લટકતા પગ વડે એની જોડે રમત કરતી હતી.

આ જોઇ બીજી બહેન કહે: "અરે! તમને પાપ લાગશે!"

પહેલી બહેને કહ્યું: "તો તમે તમારી પેટી ઉપર બેઠાં છો તો તમને પાપ નહિ લાગે?"

બીજી બહેન કહે: "ના ના; પેટીને પગ ન અડાડાય."

મેં કહ્યું: "કેમ ન અડાડાય?"

એ કહે: "પાપ લાગે."

પહેલી બહેન કહે: "ઠીક, તો પગે લાગશું એટલે પાપ ધોવાઇ જશે. બસ!"

મેં કહ્યું: "આમાં પાપબાપની વાત બોટી છે. પેટીને પગ અડાડીએ તો તે ગંદી થાય કે કદાચ વંળી જાય. એના ઉપર બેસવાથી પણ તે નમી તો જાય જ."

બંને બહેનો મારા સામે તાકી રહી.

શંકરભાઈ પટેલ.

બાળકો માટે ઉપયોગી નવાં પુસ્તકો: બન્નેનું સાથે પોસ્ટેજ ૦–૪–૩

બાબાપોને લેખક ગિજુભાઇ ૦-૧૦-૦ | **આ તે શી માથાકૂટ!** લે. ગિજુભાઈ ૦-૧૦-૦

કેળવણી વિષે વિચારો

સાધન કે સાધ્ય?

ગયા હપ્તામાં આપણે જોયું કે જીવન અને જીવનસ્પર્શી કેળવણી એટલે શું. વળી એ પણ વિચાર્યું કે અત્યાર સુધીની સમાજરચના, રાજ્ય, વગેરેમાં કેળવણીના પ્રશ્નને અને મનુષ્યજાતના સુખના પ્રશ્નને જુદાં જુદાં અને એકપક્ષી દૃષ્ટિબિંદુઓથી જોવાથી કઇ જાતની અને કેટલી હાનિઓ થવા પામી છે. અને છેલ્લે આપણે કહ્યું કે હજુ કેળવણીની પ્રથા અને સંસ્થા આટલા જૂના વખતથી ચાલે છે છતાં આ પ્રકારના પ્રશ્નો શા માટે ઉભા થાય છે તેનો વિચાર આગળ ઉપર કરીશું.

આ પ્રશ્ન વિષે આ હપ્તામાં વિચાર કરશું. ઇતિહાસ તપાસીએ તો માલૂમ પડે છે કે વિદ્યા લેવાદેવાનું કામ પૂર્વના દેશોમાં ઘણા જૂના સમયથી ચાલ્યું આવે છે. પણ કેળવણીનો પ્રકાર જુદી જાતનો હતો. એ વ્યક્તિવિશિષ્ટને માટેની કેળવણી હતી. એ કેળવણી મુખ્યત્વે કરીને ધાર્મિક સંસ્થાઓ અને ધાર્મિક મંડળોમાં ઉભી થઇ–કે જે મંડળોના અસ્તિત્વનો હેતુ ભૌતિક નહોતો. એ કેળવણી માત્ર વેદ, વેદાંગનું અધ્યયન (મુખસ્થ પૂરતું જ) કરવામાં કે કોન્ફ્યૂશ્યસનું નીતિશાસ્ત્ર મુખસ્થ કરવામાં સમાઇ જતી. અને જીવનની શરૂઆતમાં અપાયેલી એ કેળવણીનો ઉપયોગ જીવનના પાછલા ભાગમાં થવાનો એમાં પ્રબંધ હતો. એ ગોઠવણ લાંબી મુસાફરીમાં સાથે લીધેલા *ઘનીકૃત ખોરાક જેવી છે. એ કેળવણીની કોઇ પણ બાબતમાં રાજ્યોને લેવા-

*Concentrated food.

દેવા નહોતી. બાકી બ્રાહ્મણેતર વર્ગની કેળવણી તો બાળકોને ઘરમાંથી જ મળી જતી. ક્ષત્રિયનો દીકરો ઘરે જ અસ્ત્રવિદ્યા શીખતો; અને કારીગરનો દીકરો ઘરમાં જ કારીગરી શીખે એ પ્રથા ઘણો લાંબો સમય ચાલુ હતી. એટલે આમાં પણ બીજા સ્વાર્થી સત્તાવાળાઓનું ઓછું બલકે નહિ જેવું જ ચાલતું.

પણ આ પ્રથાની બરાબર વિરુદ્ધની પ્રથા પશ્ચિમના પહેલા અને ખૂબ જ સુધરેલ દેશ ગ્રીસમાં માલૂમ પડે છે. કારણ કે અહીં કેળવણી રાજ્યશાસનથી નિયમિત થયેલી આપણે જોઇએ છીએ. અહીં જ કેળવણી વિષેના વિચારકના અસંતોષનાં બીજ રોપાયાં છે. કારણ કે જ્યારે કેળવણી રાજ્યનિયમિત થઇ ત્યારે એની સાથે જ રાજ્યનો પહેલો અને અગત્યનો પ્રશ્ન રાજ્યરક્ષા ઉભો થયો, અને પરિણામે પ્રજામાંથી રાજ્યરક્ષકો પેદા કરવાની કેળવણી એમણે શોધી કાઢી. એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો રાજ્યે પ્રજાના કેળવણી લઇ શકે એ વર્ગનો ઉપયોગ પોતાના હિતના સાધન રૂપે કર્યો, અને કેળવણી લેનાર વ્યક્તિને તેની પોતાની ખાતર કેળવણી ન મળતાં રાજ્ય ખાતર કેળવણી લેવી પડી.

ત્યારે અહીં જે ચર્ચા ઉભી થાય છે તે તત્ત્વચર્ચા છે. એ તત્ત્વચર્ચા એ આવે છે કે દરેક કેળવણી લેનાર એટલે કે શિષ્યની તરફ શિક્ષકની, રાજ્યની ને સમાજની કઇ જાતની વૃત્તિ હોવી જોઇએ? શિષ્યને પોતાને સાધ્ય ગણવો જોઇએ કે સાધન ગણવો જોઇએ? પેરિકલીસથી

માંડીને હિટલર સુધીના બધા રાજ્યરક્ષકોએ શિષ્યને સાધન ગણ્યો છે અને સાધન તરીકે વાપર્યો છે; અને તે જ પ્રમાણે સમાજમાં બીજા પોતાના સ્વાર્થવાળા સત્તાધીશોએ પણ શિષ્યને સાધન જ ગણ્યો છે.

મનુષ્યને કેળવણી અપાવા લાગી એ ખરું; પણ એ શા માટે ? ધાર્મિક સંસ્થાઓના હેતુઓ સધાય એટલા માટે; મૂડીદાર વધુ મૂડી મેળવે એ માટે; રાજ્યો સામ્રાજ્ય સ્થાપી શકે અને મહાયુદ્ધો કરી શકે એ માટે. આમાં મનુષ્યને પોતાને જોઈએ એવી કેળવણી ન મળી.

હજુ પણ સારો લડવૈયો, સારો શહેરી, સારો નોકર કે સારો રાજ્યસેવક વગેરે બધાં જ ઉત્પન્ન કરવાની કેળવણી ચાલુ છે. હજુ ક્યાંયે 'સારો માણસ' બનાવવાની કેળવણી અપાતી નથી. અહીં 'સારો માણસ' આપણે નૈતિક અર્થમાં નથી કહેતા, પણ સારો માણસ એટલે આપણે આગળ જોઈ ગયા એ અર્થમાં સુખી માણસ. અને એટલે આ કેળવણી એ માણસની અંતિમ વાસના—સુખ—ને લક્ષમાં લઈને બનાવાયેલી કેળવણી થઈ નથી.

એટલે કે જીવનસ્પર્શી કેળવણી કે જેની વાત આપણે આગળ ઉપર કહી ગયા એની પહેલી શરત એ છે કે શિષ્યને સાધન તરીકે નહિ પણ સાધ્ય તરીકે જોવો. આપણે ઉપર જોઈ ગયા છીએ કે શિષ્યને સાધન તરીકે ગણવો એટલે શું. હવે સાધ્ય તરીકે જોવો એટલે શું એનો વિચાર કરીએ.

પહેલી વાત તો એ કે કેળવણીની પ્રથામાં એવો મોટો ફેર કરવો જોઈએ કે જ્યાં જ્યાં શિષ્ય જાણ્યેઅજાણ્યે પણ કોઇ પણ પ્રકારની સત્તાવાળાનું સાધન બનતો હોય એ બંધ કરવું. એટલે કે શિષ્યના જીવનના બધા જ પ્રયત્નો એને પોતાને સુખી અને સંતોષી બનાવે, એવી એને કેળવણી આપવી. આનો અર્થ એમ પણ નહિ કે શિષ્ય સ્વાર્થી બને એવી કેળવણી એને આપવી. પણ બીજાને હરકત કર્યા વિના પોતે સુખેથી રહી શકે એવું તો એને જરૂર જ શીખવવું જોઈએ.

ત્યારે આ કરવા માટે સૌથી અગત્યની વસ્તુ કેળવણીમાં સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ દાખલ કરવી એ છે. એ સ્વાતંત્ર્ય સાચી રીતે અપાયું હોય, અને સ્વાતંત્ર્ય જે શબ્દમાં જ નહિ પણ એના આત્મામાં શિક્ષક અને શિષ્ય સમજે, તો જ આ કેળવણી શક્ય બને; અને તો જ શિષ્ય સાધન મટી સાધ્ય બને. એટલે હવે આપણે આવતા હપ્તામાં આ શિક્ષણમાં સ્વાતંત્ર્યનો વિચાર કરીશું. [ચાલુ] ન.

અસહ્ય ભેદ

કેટલાંએક માબાપો એવાં છે કે છોકરાને ઘી દૂધ ખવરાવે છે અને છોકરીને નથી ખવરાવતાં. તેઓ કહે છે: "એ તો દીકરીની જાત; ઉકરડી કહેવાય. એ તો એની મેળાએ વધશે; એ તો પથરો કહેવાય. એને વળી ખવરાવવા પીવરાવવાની મોંઘવટ શી ?" એ જ માબાપો છોકરાને હોંશે હોંશે ખવરાવે છે, તેને લાડ લડાવે છે, તેને રમાડે છે, જમાડે છે ને સાચવે છે. માણસ-

જાતનું આ પાપ જબ્બર છે. પોતાની જ બે આંખોમાંથી એકને સાચવે છે ને બીજીમાં કાંકરા નાખે છે. પોતાના જ લોહીમાંસના બે પિંડોમાંથી એક તરફ પ્રીતિ અને બીજી તરફ અણગમો દાખવે છે.

બિચારી દીકરી જાણતી હોત કે મને માબાપો આ દૃષ્ટિએ જુએ છે તો દુઃખી થાત; તેનું જીવવું ભારે કષ્ટકર થાત. ભાઇ જાણતો હોત કે બેનને આટલું દુઃખ છે તો તે સહન ન કરી શકત. પરંતુ એમ તો માબાપ ઉપરથી મીઠી વાતો કરે છે; ભાંડરડાંના પ્રેમની વાતો કરે છે; બેઉ આંખો સરખી એમ કહે છે, પણ વખત આવે છે ત્યારે બંને નોખી ગણી બતાવે છે. આની પાછળ માબાપોનો નર્યો સ્વાર્થ છે. આ સ્વાર્થના બે પ્રકાર છે; એક પૃથ્વી પરનો સ્વાર્થ અને બીજો ભગવાનના ઘરનો સ્વાર્થ. માબાપો કહે છે: "દીકરી કાંઇ વંશ થોડો જ વધારશે? એ તો પારકી થશે એટલે પારકાનું ઘર ભરશે. એમાં આપણને શો લાભ? અને દીકરો તો મોટો થશે ત્યારે રળશે, કમાશે અને આપણું પેટ ભરશે." હવે બીજી દલીલ એ છે કે "દીકરી બીજા કુળમાં–ગોત્રમાં જશે. આપણે મરશું ત્યારે તે કાંઇ થોડી પાછળ વાશ નાખવાની છે? તે કાંઇ થોડી શ્રાદ્ધ સરાવવાની છે? એ તો દીકરો હશે તો વાશ નાખશે ને શ્રાદ્ધ સરાવશે." અર્થાત્ દીકરી સ્વર્ગમાં સુખ દેનારી નથી જ્યારે દીકરો સ્વર્ગમાં સુખ આપનારો નીવડશે.

આમાં નર્યો સ્વાર્થ છે, અને છતાં માબાપો કહે છે કે અમે બાળકોને સમાન રીતે ચાહીએ છીએ, અને અમારે મન તો દીકરો દીકરી બન્ને સરખાં છે! આ તેમનો કેવળ દંભ છે.

માબાપોએ વિચાર કરવો ઘટે છે કે આ સ્વાર્થ જ તેમને સુખી નહિ કરે. પક્ષપાતથી ઉછરેલો છોકરો આખરે માબાપને જ અવગણે છે; અને સ્વર્ગમાં કયા દીકરાએ માબાપને શ્રાદ્ધ પહોંચાડયું તે કોણ જાણે છે? પણ આ પ્રથામાં માબાપનો દોષ છે તેના કરતાં બે જણનો દોષ છે. એક દોષ છે માનો; મા એક વાર દીકરી હતી; બાપના ઘરમાં તેને હડકારો થતો હતો તે, તે કેમ ભૂલી જાય છે? ભાઈને બધું અને બેનને તો માત્ર સમજાવવાની, એ અન્યાય ભરેલી રીત પોતે જ પોતાની દીકરી પ્રત્યે કેમ ચલાવે છે? પણ મા કાલાન્તરે એટલી મજબૂત, ખૂડી અને રીઢી થઇ ગઇ છે કે તેને આ વિપરીતતાનો ખ્યાલ સરખોયે નથી આવતો! મા આ દોષમાંથી ઉગરે, અને દીકરી દીકરાને સરખાં જ રાખે તો ઘરમાંથી અને મનુષ્યજાતમાંથી આ એક પાપ જરૂર જાય. ઘર માનું છે; ઘરમાં જ્યારે દીકરાને દીકરીથી વધારે સ્થાન મળે ત્યારે તે માટે

લવાજમ મોકલશો! ?

બે માસ પછી પત્રિકાનું તમારું લવાજમ પૂરું થશે. અત્યારથી જ લવાજમ મોકલવાની જો વ્યવસ્થા ગ્રાહકો કરે તો વી.પી. ના વધુ ખર્ચમાંથી તેઓ બચી જાય, અને અમારી મહેનત ઉગરી જાય. અત્યારથી જ લવાજમ મોકલી આપવું સલાહ ભરેલું છે. પરદેશના ગ્રાહકો આ વિનતિ પ્રત્યે લક્ષ આપશે?

વ્યવસ્થાપક

મા જ જવાબદાર છે. બાપની તાકાત નથી કે માની વિરુદ્ધ જઈને તે દીકરી સામે વિરોધ કરી શકે; ઉલટું બાપ તો દીકરીને ચાહે છે જ્યારે મા જ તેનો દ્વેષ કરે છે. મા પોતાની જાતનો જ દ્રોહ કરી પોતાની જાતને હલકી પાડે છે.

બીજો દોષ ધર્મનો છે. ધર્મે કોઇ બરાબ ઘડીએ કહ્યું હશે કે દીકરાનું સરાવેલું પહોંચે અને દીકરીથી પિંડ ન મૂકાય! આ યુગમાં શ્રાદ્ધ પહોંચવાની અને પહોંચાડવાની વાત હવે હસી કાઢવા જેવી છે, અને છતાં લાખો લોકો શ્રદ્ધાપૂર્વક તેમાં માને છે. વળી આ સ્વર્ગ તો માબાપો પોતાના અવસાન બાદ, અને છોકરાઓ શ્રાદ્ધ કરે ત્યારે, જુએ છે! પણ તે પહેલાં તો આ પૃથ્વી ઉપર જ માબાપો પોતાને ઘેર જ સંપ અને સુખશાંતિ તથા વ્યવસ્થાથી સ્વર્ગ વસાવી શકે. તેને બદલે કજિયાકંકાસ, ભેદભાવ, પક્ષાપક્ષીથી નરક વસાવે છે, અને ભવિષ્યમાં સ્વર્ગની આશા રાખે છે! દીકરીઓનો તો એના ઉપર રોષ ઉતરવો જોઈએ, જેમણે શ્રાદ્ધ અને પિંડનો હક્ક દીકરાઓને સોંપ્યો; દીકરીઓનો તેમના પર ક્રોધ ઉતરવો જોઈએ, જેમણે આ સ્વર્ગ નર્કની કલ્પના કરી ભાઈ અને બહેન વચ્ચે ભેદ કરાવ્યો!

ભલે લખનારા લખી ગયા પણ આજે આપણે વાંચનારાઓએ તો વિચારવું જ ઘટે છે: આપણાં જ બે ફરજંદો વચ્ચે આપણે કોઇ જાતનો ભેદ ધર્મ કે સમાજને બહાને કેમ જ સહી શકીએ? આ ભેદ ભૂલીશું ત્યારે જ આપણાં ઘરો પૃથ્વી ઉપરનાં નંદનવનો થશે; પછી આપણે પુરાણોની સ્વર્ગભૂમિનાં ભૂખ્યાં નહિ રહીએ.

ગિ.

લહેરનું સંભારણું

[બાલમંદિર છોડ્યા પછી બાલમંદિરમાં રહેલ બાળકનું બાલમંદિર સંબંધેનું માનસ કેવું રહે છે તેનું આ એક દર્શન છે. બાલમંદિરનાં મીઠાં સ્મરણો એ બાળકોની મોટી દોલત છે. એમાં જ બાલમંદિરોના કામની કૃતેહ છે. બાલમંદિર બાળકોને જે આપે છે તેમાંનું આમાં કંઇક પ્રતિબિમ્બ છે.—ગિ.]

બરોબર ઘણી વખત મને મારું બાલમંદિર ને તેની લહેર સાંભરી આવે છે; બાસ કરીને જ્યારે કોઇ અઘરો સ્વાધ્યાય હોય, કેમે કરીને આવડતો ન હોય, કેમે કરીને મન ચોંટતું ન હોય, ત્યારે એકદમ મારું બાલમંદિર સાંભરી આવે છે. એમ થાય છે કે હતી કોઇ પંચાત બાલમંદિરમાં સ્વાધ્યાય કરવાની કે ભણવાની? બસ લહેર, લહેર ને લહેર! વળી કોઇ સુંદર ચોમાસાની સુંદર બપોર હોય, વરસાદ પડી ગયો હોય, ચારેકોર દેખાવ સુંદર હોય, ગબેડિયું બેતર લીલા ગાલીચાથી ઢંકાઇ ગયું હોય, ત્યારે મને બાલમંદિર સાંભરે છે. બાલમંદિરમાં હોઇએ તો કોઈ આવો સુંદર દેખાવ હોય ત્યારે કોઇ દિવસ બાલમંદિરની અંદર તો રહીએ જ નહિ. અને વળી જ્યારે ગબેડિયું બેતર લીલા ગાલીચાથી ઢંકાઈ ગયું હોય ત્યારે તે અમારા વગર કોઇ દિવસ બાલી હોય?

બરોબર, બાલમંદિરની લહેર તો કાંઇ અજબ

જ હતી. શિયાળો, ઉનાળો અને ચોમાસામાં કોઇ દિવસ અમે નિરાંતે નહિ બેઠાં હોઇએ. શિયાળામાં બોર થાય એટલે હજી આઠ દિવસ ન થાય ત્યાં તો પાર્કમાં બોર ખાવા પહોંચ્યાં જ હોઇએ. સવારે આઠ વાગે જવાનું તે આવીએ સાંજે છ વાગે. ઉનાળો આવે એટલે બાલ-મંદિર બહાર તો જવાય નહિ; જો કે શિયાળો આખો બહાર રહ્યાં હોઇએ એટલે ઉનાળામાં પછી બાલમંદિરની અંદરની પ્રવૃત્તિઓ કરવાની. અંદરની પ્રવૃત્તિ એટલે કાંઇ ભણવાનું નહિ! તારાબેન અને ગિજુભાઇ માને કે ઉનાળો આવ્યો છે, બાળકોને કયાંય બહાર જવાનું નથી, એટલે બધાં બરાબર વાંચશે લખશે. પણ અમે વાંચીએ એવાં સોજાં બરાંને? અમે એટલે મોટી મંડળી. મોટી મંડળીનું અમને અભિમાન બરાંને? અને મોટી મંડળી એટલે કોણ? જ્યાં હોય ત્યાં સૌની આગળ. પાર્કમાં તો મોટી મંડળી સૌથી આગળ પહોંચે. કયે રસ્તે જવું, કયાં બોર વધારે છે, કયાં નાની મંડળીને ફાવશે, કયાં વચલી મંડળીને ફાવશે, એ બધું કામકાજ મોટી મંડળીનું. બોરતળાવ જવાનું હોય તો મોટી મંડળી ગાડીમાં ન બેસે. એ તો ગાડીઓ નીકળે તે પહેલાં જ રવાના થઇ જાય, અને બોરતળાવના દરવાજા ઉપર ગોઠવાઇને "તારા-બેન આવ્યાં ને લાલપટ્ટો લાવ્યાં." એમ કહેવા તૈયાર ઉભી રહે. પછી કાઢીએ સરધસ અને પહોંચીએ ઉતારે. ઉતારે રાંધવાનું શરૂ થાય એટલે અમે આસ્તેક રહીને આંબલી ઉપરના કાતરા બાવા ઉપડીએ. અહોહો! એવી તો કેટલીયે લહેર બાલમંદિરમાં કરી હશે, જેનો પાર નથી. જો લખવા બેસું તો મોટી ચોપડી થઇ જાય. બાલમંદિરનું વર્ણન હમેશાં અપૂર્ણ જ રહે; તે કોઇ દિવસ પૂર્ણ થાય જ નહિ.

દેવી.

માનસ અભ્યાસ

[આ લેખમાં દેખાતું માનસ અંતર્મુખ છે. માબાપો કે શિક્ષકો બહિર્મુખ બાળકોને બોટી રીતે સમજે છે, જ્યારે તેઓ અંતર્મુખ બાળકોને સમજતાં નથી. આ લેખિકાને નાનપણમાં બીજું સમજી શકયાં નથી તેનું કારણ સમજાશે. બાળકો પોતાનો બચાવ અને રક્ષણ શામાં છે તે કુદરતી રીતે જાણે છે. તેમનામાં કુદરતે રક્ષણયંત્ર આપેલું છે તે અહીં પ્રત્યક્ષ છે. બાળકો અને આપણી સૃષ્ટિ કેટલી જુદી છે તે સમજવા આ લેખ ઉપયોગી થશે. —ગિ.]

હું મારાં બાલપણનાં સંસ્મરણો ગર્ભમાં હતી ત્યારથી જ શરૂ કરીશ. એટલે એમ નહિ માનતાં કે તે વખતનું બધું મને યાદ છે. ઘણાં બરાં એટલું તો જાણતાં હશે કે રાત્રે વાળુ પાણી કર્યા પછી બૈરાંઓ એટલે એકઠાં થાય છે અને દિવસના કાર્યક્રમની, છોકરાંછૈયાંની ને ગૃહકાર્યને લગતી વાર્તાઓ અને પૌરાણિક વાતો ચાલે છે. કેટલીક વખત બાળક ગર્ભમાં હોય ત્યારના અનુભવો પરસ્પર કહે છે. કોઇ કોઇ વખત હું પણ એવી વાતો સાંભળવા બેસતી. એમાંથી કેટલુંએક યાદ છે, તે અહીં ટાંકીશ.

મારાં બા કહેતાં કે મને કંઈ બાટું બારું તીખું બાવાનું મન જ થતું નહિ. માત્ર એક દૂધપાક કે બીર ભાવતી. ત્યારે હું સ્વાભાવિક

આનંદમાં રહેતી. રામાયણ કે ભાગવત વાંચતી અને બાગબગીચામાં ફરવા જવાનું મન થતું.

હું ખાતાં શીખી ત્યારથી માત્ર ખીર જ ખાતી. મોટી થઈ ત્યારે દૂધ ને રોટલી ખાતાં શીખી. રોટલાનું નામ સાંભળી આંખમાં આંસુ આવતાં. આ ટેવ લગભગ દસ વર્ષ સુધી એવી ને એવી રહી. તે પછી શાક વગેરે ખાતી, પણ ઓછું. બાર વર્ષ પછી તે બધું ખાવાની ટેવ પાડવી પડી કારણ કે સાસરે તો વિવેકથી ખાવું જોઈએ, એટલે ભાવે ન ભાવે પણ ખાઈ લઉં. અત્યારે તો હવે બધું જ ખાઉં છું (સ્મ...)! તે વખતે રોટલીમાં જરા મીઠું નાખ્યું હોય તો મને નજરા વિના રહે નહિ; મારે ભૂખ્યા જ રહેવું પડતું; દૂધમાં ખાંડ નાખી હોય તો ઉલટી જ થાય; ઘીમાં સહેજ વાસ આવે તો પણ એમ જ; ઉનું કરેલ દૂધ હોય અને એમાં જો વાસ આવતી હોય તો બસ થઈ જ રહ્યું!

જન્મી ત્યારથી જ બહુ રડવાની ટેવ ન હતી. મારાં બા કહેતાં કે "હું તને રડતાં શીખવતી." કદાચ આ તો અતિશયોક્તિ ભરેલું હશે. પણ મને નથી સાંભરતું કે કોઈ દિવસ ખૂબ રડીને મેં જંગ મચાવ્યો હોય; માત્ર ખૂબ રડવાના તો બે ચાર પ્રસંગો જ છે.

અમારા ઘર સામે એક મુસલમાન રહે છે. તેને ત્યાં ચાર પાંચ છોકરીઓ હતી. તેની વહુ સાથે મારી બાને બેનપણાં. ક્યાંક જવું હોય તો મને ત્યાં મૂકતી જાય. પછી ધીમે ધીમે હું આખો દિવસ રહેવા લાગી. એક વખત જમવાને વખતે પણ ત્યાં જ હતી. એમને ત્યાં મહેમાન આવેલા; જાતજાતનું માંસ લાવેલા. તેમણે મને ઘેર જવા કહ્યું, પણ મેં કહ્યું હું નહિ જઉં. ઘણી વાર સુધી વાદ કરી થાકયા પછી મને ઉપાડીને બહાર મૂકી દીધી ને બારણાં બંધ કરી દીધાં. મેં તેની ગાડીમાં અને બારણામાં પથરા મારવા માંડ્યા. "તમારૂં ઘર ભાંગી નાખીશ; તમારી ગાડી ભાંગી નાખીશ." એમ બોલતી જઉં, પથરા મારતી જઉં અને રડતી જઉં. અર્ધા કલાક સુધી ચાલ્યું; પછી મારી બા ઘેર ઉપાડી ગયાં, એટલે તો મારૂં રડવાનું ખૂબ જ વધી ગયું. લગભગ ત્રણ ચાર કલાક સુધી ચાલ્યું. છાની રહી જઉં, વળી રડું.

એક વખત હું પાડોશીના છોકરા સાથે રમતી હતી. તેણે મને રમતમાં ને રમતમાં દીવાસળી સળગાવી ડામ દીધો. મેં મારી બાને કહ્યું. તેમણે કહ્યું: "બોલ, કયાં દીધો?" મેં જવાબ ન દીધો. એમણે અર્ધા કલાક સુધી પૂછપરછ કરી પણ જવાબ ન દીધો. પછી મારવાનું શરૂ થયું. એ પૂછતાં જાય, મારતાં જાય અને હું રડતી જાઉં. તે દિવસે ખૂબ રડી. તે દિવસથી મને જીર્ણજ્વર અને પાચનશક્તિની નબળાઈ છ મહિના સુધી રહ્યાં. આ બન્ને પ્રસંગે હુ પાંચ વર્ષની અંદરની હતી.

બનતાં સુધી મારો વાંક આવતો નહિં. ને કોઈ દિવસ વાંક આવે ને સહેજ ઠપકો આપે તો રડવાનું શરૂ થાય. પણ પ્રસંગ બહુ ઓછા આવતા. મને લાગે કે અત્યારે મારી બા ગુસ્સે થયાં છે, તો હું બહાર રમવા નાસી જતી.

હું આઠ નવ વર્ષની હતી; ત્રીજી ચોપડી ભણતી હતી. ત્યારે એક વખત હું હરિશ્ચંદ્રની ચોપડી વાંચતી હતી. રાતના અગિયાર વાગ્યા પણ છોડવી ગમે નહિ. બધાં સૂઈ ગયાં. હરિશ્ચંદ્ર, તારામતી ને રોહિતને વિશ્વામિત્ર દુઃખ દે

છે એ પ્રસંગ ચાલતો હતો. આ વાંચ્યું ત્યાં તો મોટેથી ચૂમ પાડી રડવા લાગી. મારી બાએ જાણ્યું કે વીંછી કરડ્યો. પૂછપરછ પછી ખબર પડી કે રડવાનું કારણ ચોપડી છે. આખો પાડોશ જાગી ઉઠ્યો. સૌ "શું થયું? શું થયું?" એમ કરવા લાગ્યાં. લગભગ અર્ધા પોણા કલાક સુધી હું રડી.

એ જ રીતે એક વખત સાવિત્રીચરિત્ર વાંચતી હતી ત્યારે પણ રડી હતી.

હું પાંચમું ધોરણ ભણતી હતી. મને ભરતકામ બરાબર આવડતું નહિ, કારણ કે મારા સ્નાયુઓ બરાબર કેળવાયા ન હતા. ટાંકા બરાબર આવતા નહિ. ભરતશિક્ષકા બહુ જ કડક હતાં. ભરતનો સમય આવે એટલે પાછલી બારીએથી પલાયન કરી જાઉં!

એક દિવસ તેમની નજરે ચડી; તેમણે મને ઠપકો આપ્યો અને તમાચો ચોડ્યો. રડવાનું શરૂ થયું. હું કોઈ દિવસ રડું નહિ ને આજે રડવા લાગી એટલે બધા શિક્ષકો પૂછવા આવ્યા: "કમુ કેમ રડે છે?" ઉપલા વર્ગની છોકરીઓ પણ પૂછે. પરંતુ જવાબ કોણ આપે? ખૂબ ડૂસકાં ભરીભરીને રહું. રજા પડી; ઘેર જઈને પણ એક કલાક સુધી રડી.

બીજા બધા અભ્યાસમાં તો બરાબર હતી, એટલે કોઈ દિવસ એવો પ્રસંગ આવ્યો નહિ.

કોઈ છોકરાને જે કોઈ મારતું હોય ને તે છોકરો રડતો હોય ને મારા જોવામાં આવે તો હું પણ રહું. કોઈને વધારે પડતું વાગેલું હોય તો પણ રડવું આવે; કોઈને ઠેશ વાગે એટલે એને બદલે હું જ ત્યાં મારો પગ પંપાળતી બેસી જઉં. મારી બહેનને મારતાં ત્યારે હું કહેતીઃ "મારે એવાના ઘરમાં કોણ રહે?" અને બહાર જઈ પોક મૂકીને રહું. પણ હવે એવું નથી.

નાની હતી ત્યારથી કંઈ ને કંઈ કર્યા જ કરવાની ટેવ હતી. ઘરનાં બધાં ઊંઘી જાય પણ હું તો કંઈ ને કંઈ ભાંગફોડ કર્યા જ કરું. માટીનાં રમકડાં કરવાં, ઘરમાં કંઈક ગોઠવવું, રમવું વગેરે. કોઈ કંઈ ચીજ ન શીખવે તો હાથે શીખવા પ્રયત્ન કરતી. મહામુશ્કેલીએ જ્યારે આવડી જાય ત્યારે આનંદનો પાર રહે નહિ! ગૂંથણકામમાં ઘણી વખત એમ જ બન્યું છે.

લખવા શીખી ત્યારથી વાસણો, શીશીઓ ગોઠવીને નામ લખતી. વાસણની ચોકડી, શીશીનું પાટિયું વગેરે કોઈને લખી આપતી. કાગળનાં રમકડાં, મલોખાનાં રમકડાં, ઢીંગલીનાં લૂગડાં શીવવાં, એવું કર્યા કરતી. કોઈને માથાકૂટ કરીને પણ નવી ઢીંગલી કરી આપતી.

દરેક કામમાં ભાગ લેતી. ચાલતાં શીખી ત્યારે બે વર્ષની હતી ત્યારથી એક એક વાસણ ઘરમાં મૂકી આવતી; માંજતી પણ ખરી. લોટે-લોટે પાણી ભરતી. નદીએ જવું બહુ ગમતું. એક વર્ષમાં બોલતાં શીખી ગઇ હતી. ત્રણેક વર્ષની થઇ ત્યારે 'શાંતાકારં' વાળો શ્લોક, રામાયણની ચોપાઇઓ વગેરે શીખવ્યું હતું. ચોથે વર્ષે મંદિરના મહારાજનાં પત્નીએ 'યમુનાષ્ટક' શીખવ્યું હતું, તેનું સેંકડો માણસોમાં પ્રદર્શન થતું. મને જ્યારે એ શીખવતાં ત્યારે ગામનાં બૈરાં કહેતાં કે એને નહિ આવડે; પરંતુ એમને વિશ્વાસ હતો કે પોતે મને શીખવી શકશે અને હું શીખી શકીશ.

પાંચમે વર્ષે નિશાળે બેસાડી. નિશાળમાં

એકડો ઘૂંટવાનું ન હતું, કારણ કે ઘેરથી જ શીખતી ગઇ હતી. બગડો શીખતાં ત્રણ મહિના લાગ્યા હતા. બા કોઇ વખત ધૂળમાં, કોઇ વખત લોટમાં, કોઇ વખત પાણીમાં, કોઈ વખત હવામાં એમ જુદી જુદી રીતે પુરાવર્તન કરાવતાં, પણ કેમે કરી એ બગડો આવડે જ નહિ. પછી તો બધું સરસરાટ ચાલ્યું. દસ પંદર મિનિટમાં ગડિઓ મોઢે કરી નાખતી. દરરોજ એક પૈસાની લાલચ આપી શીખવા બેસાડતાં, તેથી મારા શિક્ષકોને તસ્દી લેવી પડતી નહિ. તેમને તો લખેલું જોવાનું!

નિશાળમાં મને નાનાંથી તે મોટાં સુધી બધાં બહુ ચાહતાં. હું મારી વાતોનું તથા શ્લોકો અને ચોપાઇઓનું પ્રદર્શન કરતી. બધાં મને એક એક કાંકરો આપતાં. ઉપલા વર્ગમાં–છઠ્ઠા, સાતમા ધોરણમાં–મારે ઘેર એક દોણી તો પેનથી જ ભરાઇ ગઇ હતી

વગર ધોરણે પહેલે 'નંબર' હું પાસ થતી. પરીક્ષકો પણ મને ચાહતા. મને પછી શાળામાં જવાનો કંટાળો ન આવ્યો. સૌથી વહેલી જતી; કોઇ કોઇ વખત તો જમ્યા વગર જ જતી. વહેલું જવાનાં કેટલાંએક કારણો છે. વધારે વિશાળ વાતાવરણમાં રહેવું ગમે; બીજું, મારા મિત્રો મળે; ત્રીજું, ત્યાં જઇને રમવાની મજા પડે; ચોથું, નંબર પહેલો મળે. આ સિવાય આંતર કારણો પણ કંઇક હશે જ એમ લાગે છે.

છઠ્ઠા વર્ષથી શાળાના સંવાદો વગેરેમાં મને રાખતા. કોઇ વખત એવું નથી બન્યું કે હું સંવાદમાં ન હોઉં.

બીજી ચોપડીમાં મને ગણિત આવડતું નહિ. કોઇ રીતે એ મારા મગજમાં ઠસતું જ નહિ. શિક્ષક લેખાંની કૂંચીઓ ગોખાવે, પણ આવડે જ નહિ. લેખાં બિલકુલ ગણી શકું જ નહિ. આ વર્ષમાં હું નપાસ થઇ હતી પણ બીજા બધામાં સારી એટલે ચડાવી હતી. પછીથી લેખામાં પહેલી જ આવ્યા કરતી; પણ તેમાં તર્ક ન હતો; બધું પોપટિયા! તર્ક તો મેં અઢારમે વર્ષે ફરીને દાખલા ગણવા શરૂ કર્યા ત્યારે જ આવ્યો; ત્યારે પહેલાંનું બધું ભૂલી ગઇ હતી. રસ પડ્યો ત્યારે બીજું કંઈ ન કરતાં ફક્ત દાખલા જ ગણ્યા કરતી. જો કોઇ દાખલો ન મળે તો આખો દિવસ ને રાત તેનો જ વિચાર કર્યા કરતી. કામ કરૂં તોયે વિચાર તો દાખલાનો હોય! એમ કરતાં કરતાં મળી જાય પછી આનંદ!

પાંચ વાગે ઘેર આવીને 'લેસન' કરતી. લખીને લઇ જવાનું હોય તેટલું જ. વાંચવાની બાધા! મને વિશ્વાસ હતો કે આવડશે. એમાં શું વાંચવું હતું? કારણ નિશાળને માટે વાંચવું જોઇએ એવો ખ્યાલ જ ન હતો. જો મને એવો ખ્યાલ હોત તો વાંચવું છેક જ ન ગમત. મતલબ કે ઘણો વખત એમાં ન ગાળત.

સંધ્યાકાળે ખુલ્લા આકાશ નીચે બેસીને લખવું વાંચવું બહુ ગમતું. કંઇ પણ કામ બહાર ઓટલા પર બેસીને કરતી. ઘરમાં પણ આકાશ દેખાય એમ જ બેસું. લેસન કર્યા પછી રમત અગર દર્શન કરવા જતાં. ફરવાનું મળે એટલે સવારે ભણવું ન ગમે; ભણવા બેસું તો માથું દુઃખે એટલે ઘરે ભણ્યા વગર જ શાળામાં જતી.

સામાન્ય રીતે મારે બધાની સાથે મૈત્રી હતી. પણ મારી ખાસ બેનપણી એક જ હતી:

અમારા મુખ્ય શિક્ષકની દીકરી. જાતે એ વડનગરા બ્રાહ્મણ. અમે કદી તકરાર કરી જ નથી. બીજા ઘણા મિત્રો હતા, પણ ઘરા નહિ; બહારથી લાગે. હું ઘણી વખત એમ બોલતી કે વાર-વાર વઢયા કરે એ બેનપણાં નહિ. હું બનતાં સુધી તકરાર થવા દેતી જ નહિ, અને થતી તો બધી તકરારોની પતાવનાર હું. બહારગામ જઉં ત્યાં તો મિત્રોના મંડળમાં કેટલાયે વિભાગ પડી ગયા હોય. પછી હું બધા વાંધાવચકા પતાવી, સૌને શાંત કરી આનંદથી રમાડું.

સાત આઠ વર્ષની થઈ ત્યારથી ઉપવાસ અને ગીતાજીનો પાઠ કરતી. મારી બા કહેતાં કે "જો આપણે એમ કરીએ તો દેવ જેવાં થઇ જઇએ." મેં કહ્યું: "એની ખાતરી શી?" તેમણે કહ્યું: "આપણું તેજ ખૂબ વધે." શ્રદ્ધાથી હું પાઠ કરું ને દર્પણમાં જોઉં કે તેજ વધ્યું છે કે નહિ? એક દિવસ તો મને અપૂર્વ તેજ લાગેલું! હું એમ નથી કહેવા માગતી કે તે સાચું છે. કદાચ એ મગજનો ભ્રમ પણ હોય. જ્યારે ગ્રહણ કે એવું કંઇ પણ હોય ત્યારે નાહી ધોઈને પાઠ કરવા બેસતી—મંદિરમાં જઈને. બધાને નવાઇ લાગતી કે આટલી છોકરી કેટલા કલાક સુધી બેસે છે! અમારાથી તો એટલું નથી થતું. આ બધું બાર વર્ષની અંદરનું છે.

બીજો એક રડવાનો પ્રસંગ યાદ આવે છે. એક દિવસ હું રસોઇ કરતી હતી. મને લાગ્યું કે દાળમાં હળદર વધારે પડી ગઇ છે, એટલે રડવાનું શરૂ થયું! ખૂબ રડું. આડોશીપાડોશી ટોળે મળ્યાં. નિશાળના શિક્ષકોને પણ ખબર પડી. બધા કહે: "અરે! આવી ડાહી છોડી ગાંડી થઇ કે શું?" બરોબર બધાંને એવી ધાસ્તી લાગી હતી. મારાં બાએ આવીને જોયું ને કહ્યું: "હળદર તો બરાબર છે." મેં ફરીથી જોયું તો મને દાળ પીળી ન લાગી. મને નાનપણમાં જુદા જુદા રંગો દેખાતા તેથી કદાચ દાળ પીળી લાગી હશે. રંગ રંગ દેખાય એટલે મને લાગતું કે આનું નામ અંધારાં કહેવાય, અને આંખે અંધારાં આવી રીતે આવતાં હશે."

રમવાનો શોખ હતો તો પણ મોટાંઓમાં ગંભીર થઇને બેસતી, ને વાતો સાંભળતી. બધાં કહેતાં કે આ તો ડોશી જેવી છે! ચોથું પાંચમું ધોરણ ભણતી ત્યારથી એવી વાતો પર ખૂબ કંટાળો આવ્યો. મને એમ થતું કે આ બધાં આવી વાતો શું કરતાં હશે? એમાં તે શું સાંભળવું? કોઇ કોઇ વખત તો એ લોકોનું નાટક પણ કરું!

રાત્રે અમે ઘણી વાર સુધી રમ્યા જ કરતાં. તેમાં સાતતાળી, ગણગણ બોશલો, ચણક ચીબડી, ભૂલભૂલામણી, ધમાલગોટો વગેરે રમતાં. ડોશી ડોશીની રમતમાં હું ડોશી થતી, હાથમાં લાકડી લઉં, ધ્રૂજતી ધ્રૂજતી ચાલું; જાણે ભૂલી પડી હોઉં તેમ બધાં છોકરાં સામાં મળે. "અરે, ડોશીમા, કયાં જાઓ છો?"

"દ્વારકા જાઉં છું, માડી!"

"એવડું શું દુઃખ પડયું છે તે દ્વારકા ચાલ્યાં?"

"માડી, મારા દુઃખનો પાર નથી. મારા ચાર દીકરા જુવાનજોધ મરી ગયા છે. હવે મારે છેલ્લે છેવટ જાત્રા કરીને મરવું છે."

છોકરાં: "પણ તમારા દીકરાની વહુઓ તો હશેને?"

ડોશી: "નારે માડી! ચારેય ધરઘી ગઇ.

આ હવે હડહડતો કળજુગ આવ્યો બાપા !" વગેરે ચાલે અર્ધો પોણો કલાક.

કોઇ વખત ડોશી થાઉં ત્યારે છોકરાંઓને ગામગપાટા સંભળાવું. થોડા વખત પહેલાં એક શિક્ષિકાએ પુનર્લગ્ન કર્યાં હતાં, એને વિચિત્ર સ્વરૂપમાં સંભળાવતી.

છોકરાં: " માડી ! હમણાં ગામમાં શી વાતું ચાલે છે ? "

ડોશી: " માડી ! હવે તો હડહડતો કળજુગ આવ્યો ! વાતનું નામ લ્યો મા. એવી વાતું આપડા મોઢામાં ઓયે નઇ. આપણે બ્રામણ કે'વાયાં. "

" માડી, પણ કો' તો ખરાં ? "

" આ ફલાણી માસ્તરાણી છે ને, તે ફલાણાને લઇને વઇ ગઇ ! માણહ હવે ભણાવા મંડ્યાં ને. આ ભણાવાનું ફળ ! " વગેરે.

ગામમાં કોઇ મરી ગયું હોય એનીય વાતો થાય.

શિષ્ટ છોકરીઓમાં જ મારાં ખાસ બેનપણાં હતાં. ત્યાં એમ કહેતી કે " આના કરતાં ફલાણાંબહેન ભણ્યાં ન હોત તો સારું. આ તો એણે વિદ્યાને કલંક લગાડ્યું. "

રજાના દિવસોમાં નિશાળ નિશાળ રમતાં. કોઇ વખત 'શિક્ષક' 'ડેપ્યુટી' વગેરે રમતમાં થતાં.

સાથે ફરવા જઇએ. ત્યાં ભગિનીસમાજ છે, પુસ્તકાલય પણ છે. ત્યાં જઇને વાંચીએ. ચોપડીઓ લાવીએ. મોટા 'પ્રોફેસર' ની જેમ ચિત્રવિચિત્ર વાતો કરીએ. અમને.....બહુ યાદ આવે છે. કોઇ વખત ભેગાં થઇએ ત્યારે શું શું કરતાં, શિક્ષક કેમ ગરબા ગવડાવતા, સંવાદ કરતા કરાવતા, વાર્તા કહેતા, વગેરે સંભારી આનંદી બનીએ છીએ. અમને શિક્ષક કોઇ વખત શિખામણ આપતા તે અમે લક્ષમાં રાખતાં; પરંતુ શિક્ષક તેમ વર્તે છે કે નહિ તે પણ જોતાં. એક વખત તેમણે અમને સોપારી ખાવાની ના પાડેલી, પરંતુ તેઓ એક વખત સોપારી ખાતા આવેલા. અમે કહ્યું: " સાહેબ, તમે કેમ ખાઓ છો ? " તરત માસ્તરે તે થૂંકી નાખી હતી.

આ સિવાય મારાં ઘણાં સંસ્મરણો છે. પરંતુ લાંબું લપસીંદર કરી વાંચકોને કંટાળો આપવાનો મારો ઉદ્દેશ નથી. મારો ઉદ્દેશ તો માનસશાસ્ત્રના અભ્યાસકોને યત્કિંચિત મદદરૂપ થાય ને રસ આવે તેટલો છે. કમુબેન.

ટપાલમાંથી

[એક ભાઇ પોતાના બાળકના ઉછેર અને શિક્ષણ સંબંધે સલાહ માગે છે. તેના પ્રત્યુત્તરમાં લખવામાં આવેલો આ કાગળ છે.—તંત્રી.]

ભાઇશ્રી,

તમારા કાગળનો જવાબ નિરાંતે આપવા ઉપર રાખેલો હોવાથી આજે લખું છું. તમે તમારા બાળકના શિક્ષણમાં અત્યારથી રસ લ્યો છો તેથી તમને અભિનંદન ઘટે છે. સામાન્યતઃ અઢી કે ત્રણ વર્ષથી મોન્ટીસોરી શાળાનો લાભ બાળક લઇ શકે છે. આપણા દેશમાં સામાન્ય રીતે ત્રણ વર્ષ પછીનાં બાળકો મોન્ટીસોરી શાળામાં જાય છે. દરમિયાન ત્રણ વર્ષ સુધીનો કાળ ઘણો કિંમતી છે, અને તેની સંભાળ લેવાનું તમે ઉચિત ધાર્યું છે તે યોગ્ય જ કર્યું છે.

તમારો તથા તમારાં પત્નીનો અભ્યાસ, સ્થિતિ, સંજોગો, નોકરચાકરો વિષે મને લખ્યું હોત તો હું તમને વધારે વિગતથી અને સ્પષ્ટતાથી લખી શકત. પરંતુ વધારે વિગત નહિ હોવા છતાં સામાન્ય સૂચનરૂપે હું નીચે પ્રમાણે લખી શકું છું.

તમે ખાસ કરીને તુરતમાં નીચેની ચોપડીઓ વાંચી જશો; અને તમારાથી પણ પહેલાં બાળકની બા વાંચી જાય એમ કરશો.

(૧) ઘરમાં બાળકે શું કરવું ?
(૨) ઘરમાં મોન્ટીસોરી
(૩) બાલશિક્ષણ; મને સમજાયું તેમ
(૪) વાર્તા કહેનારને
(૫) શાસ્ત્રીય દૃષ્ટિ

આ ચોપડીઓથી સામાન્યતઃ બાળક તરફની તમારી દૃષ્ટિ નક્કી થશે, અને ઘરમાં તેને કંઈ કંઈ કામનો માર્ગ સૂઝાડી શકશો. તમને કુરસદ હોય અને અંગ્રેજી વાંચવાનો શોખ હોય તો નીચેની ચોપડી પહેલી જ તકે વાંચી જશો.

(૧) Advanced Montessori Method Part I

ઉપરાંત આ સાથે પુસ્તકોની યાદી મોકલી છે. તમને ઠીક લાગે તેટલી ચોપડીઓ પૂછ્યા સિવાય પણ તમે મંગાવી શકશો.

બાળકોને નોકરના હાથમાં ઓછામાં ઓછું મૂકશો; મા અને બાપ બન્નેએ બાળકને પોતાનો થોડો થોડો વખત આપવો જોઈએ. નોકરો ભયંકર સંસ્થા છે, અને બાળકોને માટે તો તે પ્રાણુઘાતક વાતાવરણરૂપ છે.

બાળકને નુકસાન ન થાય તેમ જ કોઈના હક્કોને વાંધો ન આવે એવી રીતે જે પ્રવૃત્તિ કરવી ગમે તે તેને કરવાની અનુકૂળતા કરી આપશો. રમકડાંથી બાળકને બહુ સંતોષ થતો નથી; પણ જેમાં કાંઈક કરવાનું આવે તેવું બાળકને આપવાથી બહુ લાંબો વખત તેમાં તે રોકાય છે, અને વિકાસ મેળવે છે. બાળકને આ નાની વયે ફોસલાવીને કે ધમકીથી કબજે રાખવાનો પ્રયત્ન લેશમાત્ર કરશો નહિ લાલચ પણ શિક્ષા જેટલી જ ભયંકર છે, તેથી તેનો સદંતર ત્યાગ થવો જોઈએ તમે પોતે ઘરધાને અંગે બહુ કામમાં હો તો તેની માતાને આ બધી બાબતો ઉપર ખાસ ધ્યાન આપવા કહેશો.

માતા થયા પછી સ્ત્રીએ પોતાનું સર્વ કર્તવ્ય બાળકના વિકાસમાં સમાપ્ત કરવાનું છે. એમાં મોટામાં મોટી પોતાની અને જનતાની સેવા છે. જીવનની ફિલસુફીના મહાન પાઠો એમાંથી મળે છે, અને બાળક પાસેથી પ્રત્યેક પળે જીવનધર્મનો પાઠ સહેજે સમજાય છે.

માતાએ માતા થતા પહેલાં બાળકને કેમ કેળવવું તેની કેળવણી નહિ લીધી હોવાથી ઘરમાં બાળક આવતાં તે એકાએક મૂંઝાઈ જાય છે, મિજાજ ખોઈ બેસે છે અને બાળકને નુકસાન કરે છે. આને બદલે માએ પોતાના સ્વભાવ ઉપર કાબૂ રાખવાની જરૂર છે. ઘણી ઘણીયાણીએ લડી પડવાને બદલે બાળકને કેમ સંભાળવું તેની શોધ કરવા નીકળવાનું છે. બાળક એ માબાપના પુણ્યપ્રેમનો સાર છે; તેથી માબાપોએ તેની આસપાસ જ માબાપ થયા પછીનું જીવન ગોઠવવાની જરૂર છે.

હું ધારું છું કે અત્યારે આટલેથી બસ થશે. વિના સંકોચે યોગ્ય લાગે ત્યારે કાગળ લખી આભારી કરશો.

લી. તમારા ગિજુભાઈના
નમસ્કાર.

શેમ્બની મોન્ટીસોરી શાળાઓ

[ગતાંક પાના ૧૨૫ થી ચાલુ]

પાઠ કેમ આપવા ?

મૅડમ મોન્ટીસોરી પહેલવહેલો પાઠ સાડાત્રણથી ચાર વર્ષનાં બાળકોને રંગ વિષે આપે છે. આ પાઠ આપતી વખતે શિક્ષક રંગની તખ્તીઓની પેટીમાંથી ખૂબ જ વિરોધી એવા રંગની બે અથવા ત્રણ તખ્તીઓ કાઢે છે. આ દરેક રંગની બબ્બે તખ્તીઓ હોય છે, એટલે કે રંગની તખ્તીઓની જોડી જોડી હોય છે. પાઠ આપવાની રીત મૅડમ મોન્ટીસોરીએ સેગૂઇન પાસેથી લીધી છે. સેગૂઇનની પાઠ આપવાની પદ્ધતિ એટલે ત્રણ પદની પદ્ધતિ: મૅડમ મોન્ટીસોરી પોતાનો દરેક પાઠ આ ત્રણ પદની પદ્ધતિ પ્રમાણે જ આપે છે. સેગૂઇનનાં ત્રણ પદ આ પ્રમાણે આવે છે. શિક્ષક પહેલાં બાળકને જે વસ્તુ ઉપર પાઠ આપવાનો હોય તે બતાવે છે, અને બાળકે તેનો પરિચય સાધ્યા પછી શિક્ષક ખૂબ જ કાળજીપૂર્વક એનું નામ ઉચ્ચારે છે; બીજે પગલે શિક્ષક વસ્તુનું નામ બોલે છે, અને બાળકને એ વસ્તુ પોતાને આપવાનું જણાવે છે; ત્રીજે પગલે શિક્ષક વસ્તુ તરફ આંગળી ચીંધે છે અને બાળકને એનું એટલે કે વસ્તુનું નામ બોલવાનું જણાવે છે.

હવે રંગનો પાઠ આપતી વખતે ધારો કે શિક્ષકને લાલ અને પીળા રંગનાં નામ આપવાં છે. તો શિક્ષક પીળા રંગની તખ્તી પોતાના હાથમાં લઇ 'પીળા' એમ બોલી, તખ્તી જમીન ઉપર મૂકે છે.

સાધારણ બાળક તો એ ચકચકીત વસ્તુને જોઇને રાજી થતું દેખાશે. 'આ પીળો છે. એમ શિક્ષક ફરીથી કહી શકે છે. શિક્ષકે રંગનુ નામ સ્પષ્ટપણે અને ભારપૂર્વક ઉચ્ચારવું જોઇએ કે જેથી અવાજને લીધે પણ અર્થ ભગજમાં સ્પષ્ટ થાય.

એક ક્ષણ થોભ્યા પછી, જ્યારે શિક્ષકની ખાતરી થાય કે બાળકે આંખ વડે પીળા રંગને પોતાનો કરી લીધો છે, ત્યારે એ બીજા રંગની તખ્તી મૂકે છે અને કહે છેઃ "આ લાલ છે. લાલ, લાલ."

સાધારણ રીતે તો બાળક રંગની તખ્તીને પોતાના હાથમાં લઇ એને જોવા પ્રેરાય છે. બાળકે આ બન્ને રંગો પહેલાં ઘણીયે વખત જોયા છે. કદાચ બાળકને બોલતાં આવડયું તે પહેલાં એ એનાથી આકર્ષાયું હશે, કારણ કે સાધારણ રીતે સમધારણ દૃષ્ટિવાળાં બધાં જ બાળકો સાધારણ રીતે તેજસ્વી રંગ જોઇને હસે છે અને કિલકિલાટ કરી મૂકે છે.

જો કે શિક્ષકને ખબર છે કે બાળકને પીળો અને લાલ રંગ ગમે છે, અને એ બન્ને રંગને ઓળખે પણ છે; છતાં એણે બાળકને વચમાં સહેજ પણ દખલગિરી કર્યા સિવાય એ તેજસ્વી તખ્તીઓ થોડો વખત ધ્યાનપૂર્વક જોવા દેવી જોઇએ. મોટા ભાગનાં બાળકોનો રંગ વિષેનો ખ્યાલ સાધારણ રીતે ઉપલકિયો હોય છે, અને એટલે આ પાઠ દ્વારા જ બાળકને રંગ વિષેનો બુદ્ધિપૂર્વકનો ખ્યાલ પહેલવહેલો જ આવે છે. બાળક આ વખતે જ પહેલવહેલું

શિક્ષણપત્રિકાના આ અંકનો વધારો.

બહાર પડ્યાં છે

બાલસાહિત્યમાં જુદીજ ભાત પાડતાં

બાલવાચનમાળાનાં પુસ્તકો

પ્રયોજક અને પ્રકાશક: **સોમાભાઈ ફકીરાભાઈ પટેલ, સુણાવ, વાયા આણંદ.**

પુસ્તક પહેલું:—**શબ્દપોથી** કિંમત ૦–૧–૬ વાંચતાં શીખવાની શરૂઆત કરતાં બાળકો હોંશે હોંશે સમજીને વાંચે એવા શબ્દો. ઉપરાંત વાચન શિક્ષણ સંબંધી ઉપયોગી સુચનાઓવાળા લેખ સહિત.

પુસ્તક બીજું:—**શબ્દપોથી અને જોડાક્ષરપોથી** કિંમત ૦–૨–૦ જોડાક્ષરો શિખવવાની એક સહેલી અને નવીજ રીત જણાવતા લેખ સહિત.

પુસ્તક ત્રીજું:—**બાલપાઠો** કિંમત ૦–૨–૦ છેક નાનાં પાંચ વરસનાં બાળકો સમજીને રસપૂર્વક વાંચે એવા પાઠો. બાલસાહિત્યમાં આવી જાતનું પુસ્તક આ પહેલુંજ છે.

પુસ્તક ચોથું:—**સુંદર પાઠો** કિંમત ૦–૨–૦ બાળકો વાંચતાં થાકે જ નહિ એવા સરસ પાઠો.

પુસ્તક ૧ થી ૪ બાલમાનસનો વિચાર કરી તદ્દન નવીજ રીતે છપાવવામાં આવ્યાં છે. ગુજરાતી ભાષામાં આ રીતે પ્રસિદ્ધ થતાં આ પુસ્તકો પહેલાંજ છે.

પુસ્તક પાંચમું:—**નાનામોટા પાઠો** કિંમત ૦–૨–૬ વાચનમાં થોડાં આગળ વધેલાં બાળકો વાંચી શકે એવા ૩૮ પાઠો.

પુસ્તક છઠ્ઠું:—**સાચી બોટી વાતો** કિંમત ૦–૨–૬ ૬–૭ વર્ષનાં બાળકો સમજીને વાંચી શકે એવી સુંદર સુંદર વાતો.

પ્રત્યેક પુસ્તકાલયે અને દરેક બાલપ્રેમીએ પોતાનાં બાળકો માટે આ ગુચ્છ રાખવોજ જોઈએ.

હિવાળી ઉપર ભેટ આપવા યોગ્ય આ સેટ આજેજ ખરીદો.

અમદાવાદમાં ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયમાંથી (ગાંધી રોડ ઢુવાલા સામે) મળશેજ.

મુંબાઇવાળાઓ શી. જમનાદાસની કું. પ્રિન્સેસ સ્ટ્રીટમાંથી મેળવી લે.

ટપાલ રસ્તે મંગાવનારાઓ ૦–૧૪–૦ મોકલી આપશે એટલે તેમને ઘેર બેઠાં આ સેટ મળશે. પરદેશમાં મંગાવનારે બે શિલિંગના પોસ્ટલ ઓર્ડર મોકલવા. મંગાવવા માટે આજેજ ૦–૧૪–૦ મોકલો.

સોમાભાઇ ફકીરભાઈ પટેલ મુણાવ વાયા આણંદ જી. ખેડા

ખાસ સુચના:—ઉપરના સેટની સાથે શિક્ષણકાર્યમાં રસ હોય એવી પ્રત્યેક વ્યક્તિએ અવશ્ય વાંચવા યોગ્ય વ્યાકરણ અને ગણિત શિખવવાની તદ્દન નવીજ રીત દર્શાવતાં મુંબાઈ ઈલાકાના સરકારી કેળવણી ખાતાએ પ્રાથમિક શાળાઓની લાયબ્રેરી માટે મંજુર કરેલાં મોન્ટીસોરી સિદ્ધાન્તોએ વ્યાકરણ શિક્ષણ કિં. ૦–૧૨–૦ તથા મોન્ટીસોરી સિદ્ધાન્તોએ પ્રાથમિક ગણિત શિક્ષણ કિં. ૦–૧૨–૦ વાળાં પુસ્તકો મંગાવવાં હોય તો બધાના મળી સવા બે રૂપિયા પ્રકાશકને મોકલવાથી બધાં પુસ્તકો ઘેર બેઠાં પહોંચાડવામાં આવશે.

બુકસેલરોને અને વધારે નકલો ખરીદનારને કમીશન મળશે. આ માટે અને પુસ્તકો ટપાલ રસ્તે મંગાવવા માટે લખો:—

સોમાભાઇ ફકીરભાઇ પટેલ, મુણાવ, વાયા આણંદ.

દેશબન્ધુ પ્રિન્ટિંગ પ્રેસ–આણંદમા ચીમનલાલ ફકીરભાઇ પટેલે છાપ્યુ

રંગ તરફ બુદ્ધિપૂર્વક જુએ છે. આ કારણસર બાળકને પાઠ આપતી વખતે સહેજ પણ ઉતાવળ ન કરવી જોઇએ. કેટલાંએક બાળકોને કોઇ પણ વિચાર પચાવવા માટે લાંબો વખત જોઇતો હોય છે. એ લોકો વિચારને પોતાનો કરવામાં ઘણાં જ ધીમાં હોય છે; અને બાળકના નાના મગજ માટે આ રંગ વિષેનો વિચાર તો ખૂબ જ નવીન, મોટો અને મહત્ત્વનો હોય છે. એટલે બાળકને એને પોતાનો કરી લેતાં જેટલો વખત જોઇએ તેટલો વખત એને આપવો જ જોઇએ. જ્યારે બાળકને વધારે માહિતી જોઇતી હશે ત્યારે તે ઉંચું જોઇને શિક્ષક તરફ બુદ્ધિપૂર્વકનો દૃષ્ટિપાત કરશે.

ત્યારે જ શિક્ષકે બીજું પદ આગળ લેવું જોઇએ. આ પગલું બાળક બંને રંગ વચ્ચેનો ભેદ અને બંને રંગનાં નામ સમજ્યું છે કે નહિ તે જાણવા માટે છે. આ પગલું બાળકની ચોકસાઇની પરીક્ષારૂપ છે.

શિક્ષક હવે માંગણી કરે છે: "મને પીળો આપો." પછી શિક્ષક કહે છે: "મને લાલ આપો." જો બાળક બરાબર રીતે સાચા રંગ આપે તો પછી ત્રીજું પગલું આવે છે. સાધારણ રીતે તો જે બાળકોની દૃષ્ટિમાં ખોડખાંપણ નથી હોતી તેવાં બધાં જ બાળકો આ ખૂબ જ તેજસ્વી રંગોની બાબતમાં કોઇ પણ જાતની ભૂલ કર્યા સિવાય શિક્ષકે કહ્યા પ્રમાણેના રંગો હમેશાં બરાબર રીતે આપે છે.

ત્રીજા પગલામાં શિક્ષક પીળો રંગ બતાવીને પૂછે છે: "આ કયો રંગ?" અને બાળક સાચો જવાબ આપે એટલે ત્રણ પગલાં પૂરાં થાય છે.

પાઠ આપવાની આ ક્રિયા પૂરી થયા પછી મૅડમ મોન્ટીસોરી એક નાનકડી રમત આપે છે. આ રમતની અંદર એક જ જાતના રંગની બન્ને તખ્તીઓનો ઉપયોગ કરવામાં આવે છે, અને ઉપર આપેલા રંગના પાઠની અંદર આવેલી બાબતો આ રમત મારફત બરાબર દૃઢ કરવામાં આવે છે. મૅડમ મોન્ટીસોરી બે લાલ તખ્તીઓ લઇને એ બન્ને સંભાળપૂર્વક સાથે સાથે ગોઠવે છે, અને પછી બાળકને કહે છે: "જુઓ, આ બન્ને સરખી છે; એ લાંબી છે." પછી એ જ પ્રમાણે પીળા રંગની અને ભૂરા રંગની તખ્તીઓ ગોઠવીને બાળકને ઉપર પ્રમાણે જ પાઠ આપે છે. આ પછીથી ત્રણે રંગની તખ્તીઓ વડે જે સુંદર મજાની નાનકડી શેતરંજી બની હોય છે તે વીંખી નાખે છે, અને એમાંથી લાલ રંગની તખ્તી લઇને બાળકને કહે છે: "મને આના જેવી આપો." જ્યારે બાળક એના જેવા રંગની તખ્તી ખોળી આપે છે ત્યારે એ બન્ને તખ્તીઓ પોતે જે રીતે ગોઠવી હતી તેવી રીતે ગોઠવવાનું બાળકને કહે છે. આ રીતે બાળકને રંગની તખ્તીઓની જોડી ગોઠવવા તરફ દોરી જાય છે. પછી બાળકોને એને પોતે બનાવેલી શેતરંજી વીંખી નાખવાનું કહે છે, અને છેવટે બાળકને પોતાની મેળાએ એ રમત રમવા માટે છૂટું મૂકવામાં આવે છે.

દરેક બાળકની વ્યક્તિગત પસંદગીને માન આપવું જ જોઇએ.

ધારો કે કોઇ પણ બાળક ઉપર જણાવેલાં ત્રણ પદોમાં એકાદ જગ્યાએ સાચો જવાબ આપવામાં નિષ્ફળ નીવડે તો શિક્ષકે ધીરજપરોણો ફરીને સાચો જવાબ કઢાવવાની મહેનત કરવાની

જ નથી. શિક્ષકે એટલું જ વિચારવાનું છે કે આ નાનકડું બાળક રંગ વિષેનો પાઠ સમજી શકયું નથી એનાં ત્રણ કારણ હોઇ શકે: એક તો કદાચ એની આંખમાં કંઇ ખોડખાંપણ હોવાનો સંભવ છે; બીજું કારણ-એ હોઇ શકે કે જ્યારે આપણે પાઠ આપવા બેઠા ત્યારે તે વખતે એનો રસ બરાબર જામ્યો નહિ હોય; અથવા તો છેલ્લું ત્રીજું કારણ એ હોઇ શકે કે આ વસ્તુનો વિચાર કરી શકે એટલી એની બુદ્ધિ પરિપકવ ન થઇ હોય. જ્યારે આવું બને ત્યારે શિક્ષકે હસીને અથવા તો બાળકને એકાદ મજાનો શબ્દ કહીને દૂર ચાલ્યું જવું, અને બાળકે એને પોતાને કંટાળાભરેલું લાગે એવું કામ કરવાનો પ્રયત્ન ચાલુ રાખવાની કંઇ જ જરૂર નથી એવી રીતે વર્તવું. ઉપરાંત આપણે, બાળકને પોતાને જે આવડે અને જે કામની અંદર એને પોતાને વધારે આનંદ આવે એવું કામ કરવા જવા અથવા એવી રમત રમવા જવા તે સ્વતંત્ર છે એમ બાળક સમજે, એમ કરવું.

મૅડમ મોન્ટીસોરી આ વિષે લખતાં પોતાના પુસ્તકમાં કહે છે: "શિક્ષક જે પાઠ આપતો હોય તે સમજવામાં જો બાળક નિષ્ફળ જાય તો શિક્ષકે તરત જ એ બાળકને છોડી દેવું જોઇએ. આમ કરવાથી બાળકનું મગજ જ્યારે ફરી પાછો પાઠ આપવામાં આવે ત્યારે તેની નવીન અસર થઇ શકે એને માટે સંપૂર્ણપણે ચોખ્ખું રહેશે." જો બાળક કોઇ પણ વસ્તુ સામે પોતાની મેળાએ પ્રત્યાઘાત ન કરે તો પછી શિક્ષક જે કંઇ કહે તે બાળકને મદદગાર થાય એવો સંભવ નથી. જ્યારે બાળક બુદ્ધિ-પૂર્વકના કુતૂહલથી પ્રેરાઇને કોઈ પણ વસ્તુને લે છે, ત્યારે એને કદાચ શબ્દો વડે મળી શકે એના કરતાં અનંતગણી વધારે ઉત્તેજના મળે છે.

બાળકોના માનસમાં અનેક જાતના ભેદ હોય છે. કેટલાંક બાળકોનું માનસ એવું હોય છે કે જાણે કે એ કૂદકા મારીને વસ્તુઓ સમજી લેતું ન હોય! અને એટલે એને કોઇ પણ વસ્તુ કહેવામાં આવે તે પહેલાં તો એ સમજી લઇને એની સામે પ્રત્યાઘાત આપે છે. આનાથી ઉલટું કેટલાંક બાળકોનું માનસ એવું હોય છે કે ઉપર કહેલું પરિણામ લાવવા માટે એમને ખૂબ જ ધીરેથી અને મુલાયમપણે દોરવાં પડે છે.

આપણે બાળકોના માનસના મૂળભૂત ગુણો તો બદલાવી શકીએ તેમ છે જ નહિ; એ તો અશકય વસ્તુ છે. એટલે બધાં જ બાળકો ઉપર જણાવેલી રંગની રમતની અંદર એક સરખો પ્રત્યાઘાત નહિ કરે. કેટલાંક બાળકો એવા પ્રકારનાં હોય છે કે પોતાને એકાદ વસ્તુનો અર્થ સમજાય કે તુરત જ એ વસ્તુ છોડી દેવાને આતુર હોય છે; જ્યારે કેટલાંક બાળકો એવાં હોય છે કે કોઇ પણ વસ્તુનો શો હેતુ છે તે જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી એ વસ્તુ હાથમાં પણ ઝાલવાની ના પાડે છે. પરંતુ કોઇ પણ વસ્તુનો હેતુ એમને સમજાઇ ગયો એટલે પછી એ લોકો એના ઉપર અગણિત પુનરાવર્તનો કર્યા જ કરે છે. મૅડમ મોન્ટીસોરી આ વસ્તુ તરફ ખૂબ જ ભાર દઇ દઇને કહ્યા કરે છે કે બાળકોના માનસના આ દરેક વર્ગની પસંદગીને માન આપવું જ જોઇએ. એટલું જ નહિ પરંતુ એને ઉત્સાહિત પણ કરવું જોઇએ, અને એનું ખૂબ જ બારીકાઇથી અવલોકન કરવું જોઇએ. મોન્ટીસોરી શિક્ષકોએ કોઇ દિવસ સ્વપ્ને પણ

ન ભૂલવું જોઇએ કે " કમળ એ કમળ છે, અને હજારો પ્રયત્ન કરીએ તો પણ કોઈ દિવસ એમાંથી ગુલાબ નિપજાવી શકવાના નથી. એવી જ રીતે કોઇ પણ જાતની કેળવણી આપણે ગમે તેટલી આપીએ તો પણ એને પરિણામે આપણે માણસના વ્યક્તિત્વને અથવા તો એના આત્માનાં વલણોને બદલી શકીએ એમ છે જ નહિ."

મૅડમ મોન્ટીસોરીના દાક્તરી સ્વભાવના પાયામાં એમનો પ્રાણીમાત્ર પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારો મહાન આત્મા રહેલો છે. અને એટલે જ એમની પ્રતિભાએ સમધારણ બાળકોના નાજુક મગજને મદદ કરવા માટે એમનો બોજો હળવો કરવા માટે, અને એમની જીંદગી પ્રત્યેની દૃષ્ટિ વિશાળ બને એની ખાતર પોતાની આ પદ્ધતિ ખોળી કાઢી છે. એમનો મુખ્ય અને મહાન સિદ્ધાંત જેના ઉપર એ સુંદર રીતે ભાર મૂક્યા કરે છે તે એ છે કે દરેક બાળક કેળવણીના બગીચામાં પહેલવહેલું પ્રવેશ કરે ત્યારથી જ એ દરેક બાલશોધકની પ્રતિષ્ઠાને વ્યક્તિગત રીતે માન આપવું જોઇએ. આપણે ફૂલ અને છોડવાઓની જુદી જુદી બાસિયતો તરફ દરેક બાળકનું ધ્યાન ખેંચીએ ખરાં; અને એ કરવા માટે સારામાં સારા અને ઉપયોગીમાં ઉપયોગી માર્ગ તરફ એમને દોરી જઇએ પણ ખરાં; પરંતુ પોતે કયા છોડવા તપાસવા માગે છે, કયા છોડવાઓ સમજવા માગે છે, અને કયા છોડવાઓ ઉછેરવા માગે છે એ બધાની પસંદગી તો એના ઉપર જ છોડી દેવી જોઇએ.

આ સિદ્ધાંત બરાબર રીતે સમજાય એને માટે જે જાતનું શિક્ષણ આપવું જોઇએ તેને માટે મૅડમ મોન્ટીસોરી પોતે પોતાથી બનતું બધું કરે છે. તેઓ આ સિદ્ધાંત ઘણીયે વખત ફરીફરીને કહે છે, એનાં કેટલાંયે પુનરાવર્તનો કરે છે, એના ઉપર કેટલોયે ભાર દે છે, અને એને ખાતર પોતાના શિક્ષકોને કેટલીયે વાર ઠપકો પણ આપે છે ખરાં! એને માટે તો તેઓ પોતાના શિક્ષકો જે વર્ગો ચલાવતા હોય છે તેની અંદર જાતે જાય છે અને બાળકોનાં કૂમળાં મગજ ઉપર કોઇ પણ જાતનો બોજો ન પડે અથવા તો એમનાં જ્ઞાનતંતુઓ તદ્દન શાંત રહે એવું વર્તન બાળકો તરફ કેવી રીતે રાખવું એનો પ્રત્યક્ષ પાઠ આપે છે. રોમની કેળવણીની બોર્ડે પહેલવહેલું જે બાલમંદિર કાઢ્યું એને ઉઘાડવાની અંદર, એનો વિકાસ થવાની અંદર, અને એનાં અંતિમ પરિણામો સાથે કેટલાયે રસદાયક સંજોગો જોડાયેલા છે તેથી આ લેખમાળા માટે મેં એ જ બાલમંદિરને પસંદ કર્યું છે. [અપૂર્ણ]

શંકર શાહ.

એક સંસ્કારી ઘરમાં

બંગલાના ડૉઇંગ રૂમમાં આરામ કુરશી પર લાંબા થયેલા રામપ્રસાદ બૅરીસ્ટર નિરાંતે એક વેંતની ચીરટના ગોટેગોટા કાઢી પોતાનો માનસિક થાક ઉતારતા હતા, ત્યાં કમળાબેનનું દફ્તર ઉપાડી તેમને નિશાળે મૂકવા જતા ભૈયાજી ઉપર તેમની નજર પડી અને તે તાડૂકી ઉઠ્યાઃ " ભૈયાજી, ઇધર આઓ. " ભૈયાજી નોકરને છાજતી નમ્રતાથી ઉતાવળાં ડગલાં માંડી સલામ કરી

પ્રવેશદ્વાર પર "જી સાહબ!" કરી ખડા થયા.

બૅરીસ્ટર સાહેબે મુખમાં રમતી ચીરૂટને ઘડીભર આરામ આપી ભૈયાજીને હુકમ ફરમાવ્યોઃ "એનનું દફ્તર એનને જ ઉપાડવા દો."

ભૈયાજીએ સંકોચાતા અવાજે માલીકને જવાબ આપ્યોઃ "સા'બ! બાઇસા'બકા હુકમ હૈ. વો કહેતી હૈ કી બ્હૈનકું તકલીફ નહીં દેના."

બૅરીસ્ટર સાહેબે જરા સખતાઇથી ને મોટેથી જવાબ આપ્યોઃ "હું કહું છું તેમ કરોઃ જાઓ, એનનું દફ્તર તેના હાથમાં મૂકો."

બૅરીસ્ટરના આ અવાજનો પડઘો પડખેના ડ્રેસિંગ રૂમમાં પડ્યો, અને તે સાંભળી માથામાં પીન ખોસતાં ખોસતાં બૅરીસ્ટર-પત્ની માલતીબેન ઘુરકી ઉઠ્યાંઃ "તમને તે કાંઈ અક્કલ છે? બિચારી છોકરીને નાહક કેમ હેરાન કરો છો? એટલો ભાર ઊંચકતાં તમારો નોકર દૂબળો થઇ જશે? આમ ને આમ નોકરને ફટવી માર્યા!"

બૅરીસ્ટરઃ "આમાં નોકરોને ફટાવવાનો પ્રશ્ન નથી માલતી! કમળા નિશાળે જાય ત્યારે એનું દફ્તર એ જાતે ઊંચકી જ શકે છે. એ રીતે એ સ્વાશ્રયના પાઠ શીખી શકે. એની ઉંમરનાં બીજાં બાળકો પણ જાતે ઊંચકીને જાય છે ને?"

માલતીઃ "તે જેને ઇશ્વરે નોકરચાકર નથી આપ્યા તેનાં બાળકો દુઃખ વેઠે. આપણને તો પ્રભુની મહેર છે, તો છોકરાં બિચારાં ભલેને માણતાં!"

વિરોધીઓને દલીલોની ઝડીથી મૂંઝવી દેનાર બૅરીસ્ટરને દલીલવાદી પત્નીની દલીલોથી શૂર ચડ્યું. જરા મિજાજ ગુમાવી, ટેબલ પર મુઠ્ઠી પછાડી ગુસ્સાથી બોલ્યાઃ "એ દૃષ્ટિએ એ બાળકને ઉછેરશો તો તે નમાલાં ને નિર્બળ થશે. પૈસો તો આજ છે ને કાલ નથી. કેમ જાણ્યું કે આપણા ને એના દિવસો સરખા જ રહેશે?"

બૅરીસ્ટરની વાણીમાં શિક્ષણની દૃષ્ટિ હતી, પરંતુ માલતીબેનના અને એમના દૃષ્ટિકોણ જુદા જ હતા. પતિનો દૃષ્ટિકોણ સમજ્યા વિના માલતીબેને ભૈયાજીને હુકમ આપ્યોઃ "એમને તો ટેવ જ છે, ભૈયાજી! તમે તમારે જાઓ."

બાઇસાહેબનો હુકમ મળતાં ભૈયાજીએ નીચે મૂકેલું દફ્તર બગલમાં ઘાલ્યું અને ચાલવા માંડ્યું.

નોકર અને બાળક સમક્ષ પોતાનું અપમાન થયેલું જોઇ બૅરીસ્ટરનું સ્વમાન ઘવાયું. વિફરેલા પોલિસની જેમ બૂટના ડાબલાના અવાજ ગજવતા ગજવતા તે ભૈયાજી તરફ દોડ્યા ને દફ્તર પર પાટૂ લગાવી તેના હાથમાંથી તે સરકાવી નાખ્યું, અને તેને ધમકાવ્યોઃ "ગધ્ધા! ખબર નથી કે હું ના પાડું છું?"

ભૈયાજીની મૂંઝવણ વધી. સૂડી વચ્ચે સોપારી જેવી તેની દશા થઇ. તેને નાની ને નમાલી લાગતી બાબત વિષે આ ભણેલાં ગણેલાં પતિ પત્ની આવું નાટક શા માટે કરતાં હશે એની ખબર પડી નહિ પરંતુ નોકર માણસને ચૂપ રહેવામાં જ સાર છે એ તે સમજતો હતો.

પોતાની પત્ની પાછળ પીઠ ફેરવી બૅરીસ્ટર સાહેબે કંટાળાથી ચીરૂટ ફેંકાવી દીધી, અને લાલઘૂમ ડોળાનાં કિરણથી બૅરીસ્ટર-પત્નીને આંજવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો ઝાંપામાં પોં પોં કરતી, ગજગામિનીની મંદ છતાં મદભરી ચાલથી એક મોટરે પ્રવેશ કર્યો, અને સડપ દઇને પોર્ટીકોમાં તે આવી ઉભી રહી. માથે ઉઘાડા, ઉજળી બાદીના લેબાસવાળા એક ગૃહસ્થ બારણું

ઉઘાડી ચંપલ પટપટાવતા સૌની વચ્ચે આવી ઉભા રહ્યા.

પતિ પત્ની બન્નેને પોતાની એકબીજા પ્રત્યેની વરાળો કાઢવાનું સ્થાન મળી ગયું હોય એમ લાગ્યું, એટલે બનેએ પરસ્પરની વરાળો ત્યાં ને ત્યાં ઠાલવવા માંડી; અને પાસે ઉભેલ આયાઓ, બાળકો તથા નોકરો વચ્ચે એકબીજાની વિરુદ્ધ આક્ષેપોના ઉભરા કાઢી કોણ સાચું અને કોણ ખોટું એનો જવાબ આવનાર ગૃહસ્થ અન્તુભાઇ પાસેથી માગ્યો.

અન્તુભાઇને પણ ધર્મસંકટ આવ્યું. ભાન અને સ્થાન ભૂલેલ આ સુશિક્ષિત દંપતીને એમણે અંગ્રેજીમાં આ ભાવાર્થમાં સમજાવ્યું કે "ઢોરે પીંજણ ન હોય. તમારા બધા જવાબ આપણ ત્રણ વચ્ચે આપીશ; અત્યારે તો ચાલો, બિઝીક ખોટી થાય છે."

અન્તુભાઇના આ શબ્દો સાંભળી તેમાં રહેલ મીઠા ઠપકાનો મર્મ સમજી માલતીબેન ડ્રેસિંગ રૂમમાં ગયાં, બાઘામંડળ જેવી કમળા નિશાળે ગઇ અને બૅરીસ્ટર બિઝીકમાં તલ્લીન થયા.

રમત જામી પણ બેરીસ્ટરનો જીવ ઝંપ્યો નહિ. શાંત ને અનુકૂળ વાતાવરણ જોઇ એમણે અન્તુભાઇને પૂછ્યું: "અન્તુભાઇ ! મારી વાત ખોટી કે માલતીનો આગ્રહ ખોટો ?"

અન્તુભાઇ: "કમળા જાતે દફ્તર લઇને જાય તે તમારો આગ્રહ તદ્દન સાચો. પણ આવી રીતે તમે બન્ને મગજનું સમતોલપણું ખોઇ લડી પડો તેની અસર બાળકો ઉપર શી થાય ? નોકરો વચ્ચે તમે બંને તણખલાને તોલે ન થાઓ ? આથી બકરૂં કાઢતાં ઊંટ પેસારવા જેવું નથી થતું ? કમળાને સ્વાશ્રયી બનાવવા જતાં તમે તમારાં ભોપાળાં બાળક સમક્ષ ઉઘાડાં પાડો છો. બાળકની ગેરહાજરીમાં આવા પ્રશ્નો શાંતિથી છણી તમારે માલતીબહેનને તમારા વિચારનાં કરવાં જોઇએ. કોઇ પણ સંયોગોમાં બાળકો સમક્ષ આવી સિદ્ધાંતચર્ચા થાય તો તેથી બાળકને વધુ નુકસાન થાય."

પોતાના છાણડામાં અન્તુભાઇ બેસશે એવા ખ્યાલવાળા બૅરીસ્ટરનાં બિઝીકનાં પાનાં હાથમાં જ થંભી ગયાં. અન્તુભાઇની હૃદયસ્પર્શી દલીલથી પોતાની જીભ બંધ થઇ ગઇ.

લાગ જોઇ બૅરીસ્ટરપત્ની રૂમમાંથી બહાર આવી હાથ લાંબો કરી બોલ્યાં: "અન્તુભાઇ ! બધો વાંક એમનો જ છે. નોકરો વચ્ચે હું તો હવે એક ફૂટલ બદામની જ છું. પોતાને તો બૂટ પહેરતી વખતે નોકર વિના ધંડીયે ન ચાલે; કોટ ઉતારતી વખતે રામો જોઇએ; હાથ ધોવા હોય તોય રામો આવે ત્યારે ધોવાય. રામા વિના પોતે પાંગળા અને છોકરાં પર શૂરા !"

બૅરીસ્ટર: "માલતી ! તું તારૂં સંભાળીને બોલ. તારે પણ આયા વિના ધડીયે ચાલે છે ?"

અન્તુભાઇ: "તમારી બન્નેની લડવાડ આમ તો સનાતન રહેવાની. જુઓ, બાળકોને સ્વાશ્રયી બનાવવાં હોય તો તમારે બન્નેએ સ્વાશ્રયી થવું જોઇશે, અને પરસ્પરની લડવાડો બે વચ્ચે જ સમજપૂર્વક પતાવવી જોઇશે; નહિતર તમારાં બાળકો તમારા કજિયાની દુર્ગંધમાં વધુ કલેશી બનશે. પરાવલંબી માતપિતા બાળકને સ્વાવલંબનના પાઠ કદી શીખવી શકશે નહિ. બાળકને ઉન્નતમાર્ગી બનાવવાં હોય તો તમારે જ એ માર્ગે જવું જોઇશે, નહિતર એ દંભી બનશે. ઇઝીચૅરમાં પહોળા થઇ પડ્યા રહી નોક-

(૭) બહેનોની સભા
(૮) વિદ્યાર્થીઓની સભાઃ પ્રશ્નોત્તરી

પહોંચ-સ્વીકાર

નીચેનાં બાલમંદિરોના અહેવાલો તથા પત્રિકા મળ્યાં છેઃ—

૧ બાડીઆ બાલમંદિર, અમદાવાદઃ પ્રગતિ-પત્રક તથા હિસાબ.
૨ વડોદરા મોડેલ હાઇસ્કૂલ બાલમંદિરઃ પત્રિકા પહેલી.
૩ સ્વ. ફૂલચંદ બાપુજી શાહ સ્મારક બાલ-મંદિરઃ પત્રિકા પહેલી.

"આયા ! દો જાવ."

બે વર્ષનું એક સુકુમાર બાળક પોતાની મધુર ક્રીડાથી માબાપ તથા મિત્રમંડળને આનંદ આપતું હતું. બધાં તેની સાથે ગમ્મત કરતાં હતાં અને તે પણ ઉત્સાહથી રમતું હતું.

એટલામાં એક નાની એવી ઘટનાથી બાળકના આનંદમાં ભંગ પડ્યો અને સાથે સાથે માબાપ તથા મિત્રમંડળનો પણ જરા રસભંગ થયો.

થોડી રમત ગમત થયા પછી બાએ બાળકને કહ્યું: "જા, આયા પાસે જઈને બૂટ કઢાવી આવ." બાળકને લાગ્યું કે બૂટ કાઢતાં તો આપણને આવડે છે, એટલે તે ત્યાં જ, બગીચાની રેતીમાં બેસીને ઉત્સાહથી બૂટ કાઢવા લાગ્યુ.

કેટલું ગંદું ! ઑફિસર સાહેબનું આ બાળક રેતીમાં બેસે એ કેટલી નાપસંદ કરવા જેવી વાત ! અને તેમાંયે આયા જેવી નોકર હોવા છતાં બાળક પોતાને હાથે બૂટ કાઢે એ તો શ્રીમંતપણાનું એકદમ અપમાન જ ! ખરેખર નાપસંદ કરવા જેવી વાત !

બાપાએ પોતાના ઑફિસરી અવાજમાં હુકમ છોડ્યોઃ "આયા કો બુલાવ; અયા કે પાસ જાવ."

બાળકને તે રુચ્યું નહિ. તેણે એક પગમાંથી બૂટ તો કચારનો કાઢ્યો હતો, અને બીજો પણ નીકળવાની તૈયારીમાં હતો. તે કાઢતાં કાઢતાં બાળક બોલ્યુંઃ "આયા નહિ, હમ; આયા નહિ." અને તેણે બીજો બૂટ કાઢવાનું ચાલુ રાખ્યું. થોડી વારમાં તેણે બીજો પણ બૂટ કાઢ્યો અને બન્ને બૂટ હાથમાં લઈને જવાની તૈયારી કરતું હતું ત્યાં બાપા અને બા ગભરાયાં. બાને લાગ્યું કે હમણાં તેના બાપા વઢશે અને ધમાલ થશે; અને બાપાને લાગ્યું કે હમણાં આ મૂરખ બાળક બૂટ ઉપાડીને ઘરમાં જશે અને પોતાના અધિકારને લજવે એવું વર્તન કરશે ?

એટલે, બન્ને જોરજોરથી આયાને બોલાવવા લાગ્યાં. આયા પણ હમણાં થનારા મોટા ગજબને ટાળવાનું મોટા મહત્ત્વનુ કામ ફક્ત પોતે જ કરી શકશે એવા અભિમાનથી ઉતાવળી રસોડામાંથી બહાર આવતી હતી. પ્રસંગની ગંભીરતા તે સમજી હોય તેવો ભાવ તેના ચહેરા ઉપર સ્પષ્ટ હતો.

આ બાજુ બાળક બા, બાપા અને આયા એ ત્રિપુટીના હાથમાંથી છૂટીને પોતાનું બૂટ લઈ જવાનું કામ કેવી રીતે પાર પાડવુ તેની ચિંતામાં હતું. આયા એની પાસે આવીને એના હાથમાથી બૂટ ઝૂંટવી લે તે પહેલાં તેણે ઓશરીમાં પહોંચવું જોઈએ એ તેને સમજાયુ; અને એટલે એણે પોતાની ગતિ વધારી. પણ

રસ્તામાં કાંઇ ઓછી અડચણો નહોતી ! ઘુરશીના ગોળ કિલ્લામાંથી પસાર થવું અને વચ્ચે વચ્ચે પડેલાં કૂંડા ફરતાં ચક્કર મારી બે હાથમાં બે બૂટ સાથે ઓશરીના પગથિયાં ચડવાં અને આ બધુંયે રસોડામાં બટલર સાથે ગપ્પા મારતી બેઠેલી આયા બાપાની હાકથી દોડતી આવી પહોંચે તે પહેલાં ! તેના ઓછા અનુભવી નાનકડા મગજમાં તરત જ આવ્યું કે આ ત્રણ મોટા માણસો પાસે પોતાના નાના હાથો, નાના પગો અને હજી હમણાં જ વસ્તુ ઉપાડીને ચાલવા શીખેલ ગતિથી ટકી શકવું મુશ્કેલ છે. છતાં તેની ચીવટ અજબ હતી; એટલે ન ડગમગતાં, ના ગભરાતાં તે પોતાનો કઠણ માર્ગ ધૈર્યથી કાપવા લાગ્યું અને આટલી અડચણોમાં પણ પોતાનું કામ પાર પાડવું એવા નિશ્ચયથી તેણે પ્રયત્ન ચાલુ રાખ્યો. વચ્ચે વચ્ચે આયા ક્યાં સુધી આવી તે જોતું જતું હતું. અને તેથી પોતાના કામ તરફ જ સંપૂર્ણ લક્ષ દઇને પોતાનો તોલ સંભાળવાનું કામ કરતાં તેને બરાબર ફાવતું ન હતું. દરમિયાન બા અને બાપાના શબ્દો કાને પડતા જ હતા અને તેથી તેના કામમાં વ્યગ્રતા આવતી હતી. પરિણામે કોઇ કોઇ વાર જરા ગભરાટની અને કંયારેક નિરાશાની છટા ચહેરા ઉપર દેખાતી હતી. છતાં તેના પ્રયત્નો તો ચાલુ જ હતા.

આયા ચાર પાંચ હાથ ઉપર જ આવી પહોંચી અને તરત જ પિતાશ્રીનો કડક સ્વરમાં હુકમ કાને અથડાયોઃ " આયા, લે જાવ બૂટ ઉસકે હાથમેં સે. "

બાની વીનવણી ચાલુ હતીઃ " બેટા, ત્યાં જ રહેવા દે, ત્યાં નીચે જ બૂટ મૂકી દે. બેટા, આયા એ મૂકી દેશે. મારૂં કહેવું માન. "

બાળકને પોતાનું કામ પાર પાડવું અશક્ય તો દેખાતું જ હતું. છતાં તેણે ડગ્યા સિવાય છેવટનો પ્રયત્ન કરી જોયો. બાને જવાબ આપ્યોઃ " નાઃ હું લઇ જાઉં છું. " અને આયા આવે તે પહેલાં ઘેર પહોંચી જવા તેણે પગ પણ ઉપાડ્યા.

આ બધી ગડબડમાં વચ્ચેના કૂલના કૂંડાને ફરીને જવાનું તેના ધ્યાનમાં રહ્યું નહિ એટલે બૂટ સાથે તે કૂંડા ઉપર પડ્યું. ગાલે કૂંડાના કાંઠા વાગ્યા, હાથ કૂંડાની માટીમાં પડ્યા અને બૂટ ઉડીને એક કૂંડામાં અને એક નીચે પડ્યો.

એકાએક આ શું થઇ ગયું તે ન સમજવાથી બાળક ગભરાયા જેવું થઇ ગયું; પોતાના કામમાં આવી અડચણ આવી પડી એટલે પોતાને હાથે કામ પાર નહિ પડે એમ લાગવાથી બાળક નિરાશ થયું; મોઢા ઉપર લાગવાથી તથા કપડાં ગારાવાળાં થવાથી તેને રોવું આવવા લાગ્યું અને બધા માણસોના દેખતાં પોતાની ફજેતી થઇ એમ લાગવાથી તે શરમાયું. આ બધી આફતની પરંપરા તૂટી પડી એટલે તેણે સ્વાભાવિક રીતે બાનો આશરો લીધો. તરત જ પાછા ફરીને તે બાના પગે વળગી પડ્યું અને તેના ગોઠણો વચ્ચે પોતાનું મોઢું છૂપાવી દીધું.

એટલામાં મોટી ગર્જના થઇઃ " કેમ કહ્યું સાંભળતો નથી ? " " જોતો નથી સાડી બગડી ? ગારાવાળા હાથ લગાડ્યા તે ! " " આયા, ઇધર કયોં નહિ રહેતે ? " " લે જાવ બાબાકો; એકદમ લે જાવ. " વગેરે અનેક વાક્યો લગભગ એક સામટા બાળકને કાને પડ્યા. તેમાંથી એક પણ તેને બરોબર સમજાયું નહિ કારણ તેના કાને તો મોટા-બરાડા જ પડતા હતા.

(૭) બહેનોની સભા
(૮) વિદ્યાર્થીઓની સભાઃ પ્રશ્નોત્તરી

પહોંચ–સ્વીકાર

નીચેનાં બાલમંદિરોના અહેવાલો તથા પત્રિકા મળ્યાં છેઃ—

૧ બાડીઆ બાલમંદિર, અમદાવાદઃ પ્રગતિ-પત્રક તથા હિસાબ.
૨ વડોદરા મોડેલ હાઇસ્કૂલ બાલમંદિરઃ પત્રિકા પહેલી.
૩ સ્વ. ફૂલચંદ બાપુજી શાહ સ્મારક બાલ-મંદિરઃ પત્રિકા પહેલી.

"આયા! લે જાવ."

બે વર્ષનું એક સુકુમાર બાળક પોતાની મધુર ક્રીડાથી માબાપ તથા મિત્રમંડળને આનંદ આપતું હતું. બધાં તેની સાથે ગમ્મત કરતાં હતાં અને તે પણ ઉત્સાહથી રમતું હતું.

એટલામાં એક નાની એવી ઘટનાથી બાળકના આનંદમાં ભંગ પડ્યો અને સાથે સાથે માબાપ તથા મિત્રમંડળનો પણ જરા રસભંગ થયો.

થોડી રમત ગમત થયા પછી બાએ બાળકને કહ્યું: "જા, આયા પાસે જઇને બૂટ કઢાવી આવ." બાળકને લાગ્યું કે બૂટ કાઢતાં તો આપણને આવડે છે, એટલે તે ત્યાં જ, બગીચાની રેતીમાં બેસીને ઉત્સાહથી બૂટ કાઢવા લાગ્યું.

કેટલું ગંદું! ઑફિસર સાહેબનું આ બાળક રેતીમાં બેસે એ કેટલી નાપસંદ કરવા જેવી વાત! અને તેમાંયે આયા જેવી નોકર હોવા છતાં બાળક પોતાને હાથે બૂટ કાઢે એ તો શ્રીમંતપણાનું એકદમ અપમાન જ! ખરેખર નાપસંદ કરવા જેવી વાત!

બાપાએ પોતાના ઑફિસરી અવાજમાં હુકમ છોડ્યોઃ "આયા કો બુલાવ; અયા કે પાસ જાવ."

બાળકને તે રુચ્યું નહિ. તેણે એક પગમાંથી બૂટ તો કચારનો કાઢ્યો હતો, અને બીજો પણ નીકળવાની તૈયારીમાં હતો. તે કાઢતાં કાઢતાં બાળક બોલ્યુંઃ "આયા નહિ, હમ; આયા નહિ." અને તેણે બીજો બૂટ કાઢવાનું ચાલુ રાખ્યું. થોડી વારમાં તેણે બીજો પણ બૂટ કાઢ્યો અને બન્ને બૂટ હાથમાં લઇને જવાની તૈયારી કરતું હતું ત્યાં બાપા અને બા ગભરાયાં. બાને લાગ્યું કે હમણાં તેના બાપા વઢશે અને ધમાલ થશે; અને બાપાને લાગ્યું કે હમણાં આ મૂરખ બાળક બૂટ ઉપાડીને ઘરમાં જશે અને પોતાના અધિકારને લજવે એવું વર્તન કરશે?

એટલે, બન્ને જોરજોરથી આયાને બોલાવવા લાગ્યાં. આયા પણ હમણાં થનારા મોટા ગજબને ટાળવાનું મોટા મહત્ત્વનું કામ ફક્ત પોતે જ કરી શકશે એવા અભિમાનથી ઉતાવળી રસોડામાંથી બહાર આવતી હતી. પ્રસંગની ગંભીરતા તે સમજી હોય તેવો ભાવ તેના ચહેરા ઉપર સ્પષ્ટ હતો.

આ બાજુ બાળક બા, બાપા અને આયા એ ત્રિપુટીના હાથમાંથી છૂટીને પોતાનું બૂટ લઇ જવાનું કામ કેવી રીતે પાર પાડવું તેની ચિંતામાં હતું. આયા એની પાસે આવીને એના હાથમાંથી બૂટ ઝૂંટવી લે તે પહેલાં તેણે બોશરીમાં પહોંચવું જોઇએ એ તેને સમજાયું; અને એટલે એણે પોતાની ગતિ વધારી. પણ

રસ્તામાં કાંઇ ઓછી અડચણો નહોતી ! ખુરશીના ગોળ કિલ્લામાંથી પસાર થવું અને વચ્ચે વચ્ચે પડેલાં કૂંડા ફરતાં ચક્કર મારી બે હાથમાં બે બૂટ સાથે ઓશરીના પગથિયાં ચડવાં અને આ બધુંયે રસોડામાં બટલર સાથે ગપ્પા મારતી બેઠેલી આયા બાપાની હાકથી દોડતી આવી પહોંચે તે પહેલાં ! તેના ખ્યાલ અનુભવી નાનકડા મગજમાં તરત જ આવ્યું કે આ ત્રણ મોટા માણસો પાસે પોતાના નાના હાથો, નાના પગો અને હજી હમણાં જ વસ્તુ ઉપાડીને ચાલવા શીખેલ ગતિથી ટકી શકવું મુશ્કેલ છે. છતાં તેની ચીવટ અજબ હતી; એટલે ન ડગમગતાં, ન ગભરાતાં તે પોતાનો કઠણ માર્ગ ધૈર્યથી કાપવા લાગ્યું અને આટલી અડચણોમાં પણ પોતાનું કામ પાર પાડવું એવા નિશ્ચયથી તેણે પ્રયત્ન ચાલુ રાખ્યો. વચ્ચે વચ્ચે આયા ક્યાં સુધી આવી તે જોતું જતું હતું. અને તેથી પોતાના કામ તરફ જ સંપૂર્ણ લક્ષ દઇને પોતાનો તોલ સંભાળવાનું કામ કરતાં તેને બરાબર ફાવતું ન હતું. દરમિયાન બા અને બાપાના શબ્દો કાને પડતા જ હતા અને તેથી તેના કામમાં વ્યગ્રતા આવતી હતી. પરિણામે કોઇ કોઇ વાર જરા ગભરાટની અને ક્યારેક નિરાશાની છટા ચહેરા ઉપર દેખાતી હતી. છતાં તેના પ્રયત્નો તો ચાલુ જ હતા.

આયા ચાર પાંચ હાથ ઉપર જ આવી પહોંચી અને તરત જ પિતાશ્રીનો કડક સ્વરમાં હુકમ કાને અથડાયોઃ " આયા, લે જાવ બૂટ ઉસકે હાથમેં સે. "

બાની વીનવણી ચાલુ હતીઃ " બેટા, ત્યાં જ રહેવાં દે, ત્યાં નીચે જ બૂટ મૂકી દે. બેટા, આયા એ મૂકી દેશે. મારૂં કહેવું માન. "

બાળકને પોતાનું કામ પાર પાડવું અશક્ય તો દેખાતું જ હતું. છતાં તેણે ડગ્યા સિવાય છેવટનો પ્રયત્ન કરી જોયો. બાને જવાબ આપ્યોઃ " ના. હું લઇ જાઉ છું. " અને આયા આવે તે પહેલાં ઘેર પહોંચી જવા તેણે પગ પણ ઉપાડ્યા.

આ બધી ગડબડમાં વચ્ચેના ફૂલના કૂંડાને ફરીને જવાનુ તેના ધ્યાનમાં રહ્યું નહિ એટલે બૂટ સાથે તે કૂંડા ઉપર પડ્યું. ગાલે કૂંડાના કાંઠા વાગ્યા, હાથ કૂંડાની માટીમાં પડ્યા અને બૂટ ઉડીને એક કૂંડામાં અને એક નીચે પડ્યો.

એકાએક આ શું થઇ ગયું તે ન સમજવાથી બાળક ગભરાયા જેવું થઇ ગયું; પોતાના કામમાં આવી અડચણ આવી પડી એટલે પોતાને હાથે કામ પાર નહિ પડે એમ લાગવાથી બાળક નિરાશ થયું; મોઢા ઉપર લાગવાથી તથા કપડાં ગારાવાળાં થવાથી તેને રોવું આવવા લાગ્યું અને બધા માણસોના દેખતાં પોતાની ફજેતી થઇ એમ લાગવાથી તે શરમાયું. આ બધી આફતની પરંપરા તૂટી પડી એટલે તેણે સ્વાભાવિક રીતે બાનો આશરો લીધો. તરત જ પાછા ફરીને તે બાના પગે વળગી પડ્યું અને તેના ગોઠણો વચ્ચે પોતાનું મોઢું છૂપાવી દીધું.

એટલામાં મોટી ગર્જના થઇઃ " કેમ કહ્યું સાંભળતો નથી ? " " જોતો નથી સાડી બગડી ? ગારાવાળા હાથ લગાડ્યા તે ! " " આયા, ઇધર ક્યોં નહિ રહેતે ? " " લે જાવ બાબાકો; એકદમ લે જાવ. " વગેરે અનેક વાક્યો લગભગ એક સામટા બાળકને કાને પડ્યા. તેમાંથી એક પણ તેને બરોબર સમજ્યું નહિ કારણ તેના કાને તો મોટા બરાડા જ પડતા હતા,

આથી તો તે ઉલટું વધારે ગભરાયું.

વીજળીના ગડગડાટથી જેમ મોટા માણસો ડરે છે તેમ બાળક આ ગડગડાટથી–બીજા અવાજોને દાબીને આવતા બાપાના વધારે મોટા અવાજથી ભયભીત થઇ ગયું, અને બાને વધારે જોરથી ચોટયું.

તે જ વખતે તેને લાગ્યું કે તેને પાછળથી કોઇક જોરથી ખેંચે છે અને બા પણ તેને પોતાની પાસે રાખવાને બદલે ધકેલે છે. પોતાના હાથ હવે છૂટવાની તૈયારીમાં છે અને ઉપરથી બાપાનો કઠોર અવાજ આવ્યે જાય છેઃ "નહિ આતા, કૈસા ? ખેંચકે લે જાવ." "લ્યો તમારા લાડનું ફળ!" "લે જાવ જલદી."

એકાએક હાથ છૂટયા; અને તે સાથે ધીરજ પણ છૂટી. પણ એક છેવટનો પ્રયત્ન કરી છૂટવો એમ ધારી બાળકે આયાના હાથને બટકું ભર્યું અને એક બે પાટૂ પણ મારી. પણ તે આયાને ન લાગતાં બાની સાડીને લાગી અને સાડી વધારે બગડી; એટલે બા તરફથી પણ એકાદ બે લપાટ લાગી.

હવે તેને સમજાયું કે પોતે સંપૂર્ણરીતે આયાના તાબામાં આવી ગયો છે. બહાર ગયા પછી આયાને બટકું ભર્યા બદલ તેને બક્ષિસ મળશે તે પણ તેને યાદ આવ્યું અને તે પછી પણ જો રાડ નાખી અથવા જોરથી રડ્યો તો આયા અંધારી કોટડીમાં પૂરશે કે સિપાઇને બોલાવીને તેને સોંપી દેશે અથવા બટલર બાવાને બોલાવી લાવશે એની તેને બાતરી હતી. આથી આયા જે ભેટ આપે તે ચૂપચૂપ સહન કરીને તેને જ શરણ જઇ તેને જ વળગી રહીશ તો કાંઇ નહિ તો છેવટે તેના બોળામાં સૂવાનું તો મળશે જ એટલું બાળકને અનુભવે સમજાયું હતું.

બાળકના ગાલ ખેંચવામાં આવ્યા પણ જરાય અવાજ બહાર ન આવ્યો. બધે શાંતિ પ્રસરી રહી. અને તેથી બગીચામાંનું મંડળ નિશ્ચિંતપણે પેય પદાર્થો તથા 'બ્રિજ' ને ન્યાય આપવાની તજવીજમાં પડયું.

ફક્ત બાળકની બાને હાથે બ્રિજમાં બૂબ જ ભૂલો થવા લાગી. એટલે તેનું મન જરા બાટું થયું. પણ તે બહેન સારા સ્વભાવનાં હતાં એટલે બ્રિજ રમવાનું છોડીને જોવા બેઠાં. બાકીનાઓની રમત બૂબ રંગમાં આવી અને પહેલાંની જેમ ગમ્મત અને આનંદ શરૂ થયાં.

આ બાજુ બાળક જમ્યા વિના આયાના બોળામાં સૂઇ ગયું. તે ઊંઘમાં ઝબકતું હતું અને મોઢું વાંકું કરતું હતું. એક વાર તો તે રાડ પાડી ઉઠયું, અને ગભરાઇને આમ તેમ જોઇને પાછું આયાને વળગી પડયું. આયાએ પ્રેમપૂર્વક કહ્યું: "મેરા બચ્ચા; કુછ નહિ, સો જાવ."

મોટા પગારદાર ઑફિસરનું બાળક આયાને વળગીને સૂઇ ગયું

તારાબેન મોડક.

રત્નોની ખાણમાં

: ૧ :

ગુલાબ હીંડોળા ઉપર બેઠો બેઠો ચોપડી વાંચતો હતો. બાપા કબાટમાંથી ટાંકામાં અને ટાંકામાંથી બાંકડા ઉપર કંઇક ગોતતા હતા. ગોતવામાં વારે વારે નિષ્ફળ જવાથી એમનું મોઢું લાલ થઇ ગયું હતું. થોડી વારે તેમણે

ગુલાબ સામે આંખ ઠેરવી ગુસ્સાભરેલ અવાજે પૂછ્યું: "ગુલાબ, આ બાંકડા ઉપર મેં ચાર આના મૂકયા'તા તે કયાં ગયા? એકાએક આવેલા પ્રશ્નથી ગુલાબના આશ્ચર્યનો પાર ન રહ્યો. ચોપડીમાંથી ઉંચું મોઢું કરી થોડીવાર તો એ બાપા સામે તાકી જ રહ્યો. ગુલાબના એ આશ્ચર્યે બાપાના મિજાજને ઉશ્કેર્યો. "આમ જોઈ શું રહ્યો છે? હું જાણું છું કોણે લીધા છે એ. સાચું બોલી જા." "મને ખબર નથી." ગુલાબે કહ્યું. તેનું આશ્ચર્ય અને આવનાર મારની બીક ફાળ, બન્ને વધી ગયાં હતાં. "ખબર નથી એમ? એ તો હમણાં વાંસામાં સબાસબ સોટી પડવા માંડશે એટલે બધી ખબર પડશે. હું તારું બધું જાણું છું." બાપાનો ઉશ્કેરાયેલો અવાજ સાંભળી બાએ રાંધણિયામાંથી પૂછ્યું: "કેમ શું થયું છે?" અને ચાલતું કાંડ સાંભળવા બહાર આવી. "બીજું શું હોય આ ગુલાબભાઈ ચોરીની એક નવી વિદ્યા શીખ્યા. ગઈ કાલે આ બાંકડા ઉપર ચાર આના મૂકયા'તા તે અત્યારમાં જોઉં તો ગૂમ!" "તેં લીધા હોય તો સાચું બોલી જા કે હા, મેં લીધા છે, એટલે બસ." બાએ ગુલાબ તરફ દયા કરતી હોય તેવા ભાવે કહ્યું. બાપાનો ગુસ્સો અને બાની દયા બન્ને ગુલાબના મનમાં તો એક જ લાગણી ઉશ્કેરતા હતા અને તે ક્રોધની. ક્રોધથી તેના કાનનાં મૂળિયાં લાલ થઈ ગયાં. પોતાને ચાર આનાની કશી જ ખબર નથી એ સાબીત કરવા તેને શબ્દો નહોતા જડતા. તેનો બધો ગુસ્સો આંસુરૂપે બહાર આવ્યો. તે ફરીવાર એ જ શબ્દો બોલ્યો: "પણ મને કાંઇ ખબર નથી." "એ પોપાગાળા મારી પાસે નહિ ચાલે સમજ્યો? ત્યારે ચાર આના જાય કયાં? એને પગ આવી ગયા?" બાપાએ ગુલાબને પૂછ્યું. આ બધાનો શું જવાબ આપવો એ ગુલાબને સૂઝતું નહોતું. એનાં આંસુ વધારે જોરથી વહેવા લાગ્યાં. "પણ એમાં થઇ શું ગયું? લીધા હોય તો કહી દે. તને કોઇ નહિ મારે, જા." બા પોતાની યુક્તિઓ ગુલાબ પર અજમાવતી હતી. ગુલાબ પાસે પોતે ચાર આના નથી લીધા એ સાબીત કરવા આંસુ સિવાય બીજું કશું ય નહોતું. ગુલાબના આંસુએ બાપાના ગુસ્સાને ઉશ્કેર્યો. "એ એમ નહિ માને." તેમણે કહ્યું અને કબાટ ઉપરથી સોટી લીધી. "મેં એને હજારવાર ના પાડી છે કે તારે શેરીના છોકરાંઓ સાથે રખડવું નહિ પણ બંદા માને તો ને? અને અંતે આ પરિણામ આવ્યું. એ બધા એને બીજું શું શીખવે? ચાલો હવે સાચું બોલી જાઓ, નહિતર હમણાં સડોસડ પડવા માંડશે." ગુલાબનું અંગ ક્રોધથી અને બીકથી ધ્રૂજવા માંડયું. એની પાસે બીજો કશો જ ઉત્તર નહોતો. "મને ચાર આનાની કશી જ ખબર નથી." તેણે કહ્યું અને દયામણે ચહેરે બાપા સામે જોયું. "હવે ખબર પડશે." બાપાએ કહ્યું અને ગુલાબના વાંસામાં એક સોટી લગાવી. ગુલાબ ચીસ પાડી ઉઠ્યો. બાએ વચ્ચે પડી કહ્યું: "હું એને સમજાવી લઇશ." બાપા કપડાં પહેરી બજારમાં ગયા.

આજે આખો દિવસ ગુલાબ ઉદાસ રહ્યો. શીવલીએ તેની સાથે રમવાના પ્રયત્નો કર્યા પણ તેનું મન આજે કયાંય લાગ્યું નહિ. તેને આજે આવાનું ન ભાગ્યું, રમવાનું ન ગમ્યું, તે આખો દિવસ એસી જ રહ્યો. શીવલી સાથે

પણ કશું જ ન બોલ્યો.

રાત પડી; શીવલી અને ગુલાબ બન્ને ઉંઘી ગયાં હતાં. ગુલાબના નાનકડા ગ્લાન મોઢા ઉપરથી ઉંઘમાં પણ ઉદાસીની રેખા કમ નહોતી થઇ. બા બારીમાં બેઠી હતી, બાપા હીંડોળે હીંચકતા હતા. "ગુલાબે પૈસા નથી લીધા લાગતા." બાએ કહ્યું. "ના એ તો જડ્યા. મેં જ ભૂલથી કબાટમાં કપડાંની ઘડીમાં મૂકી દીધા હતા."

: ૨ :

સવારમાં બાએ સાદ પાડ્યો એટલે આંખો ચોળતી ચોળતી શીવલી નીચે આવી અને દાતણ કરી મોં ધોઇ ચા પીવા માટે રાંધણિયા પાસે બેઠી. એની આંખોમાંથી હજી પૂરી ઊંઘ ઉડી નહોતી. એ બેઠી એટલે તરત જ બાએ એને ટોકી: "ત્યાં કયાં બેઠી! આ બાજુ બેસ. જરા આવવાની તો જગ્યા રાખ!" શીવલી ત્યાંથી ખસી બીજી બાજુ બેઠી. "જો જો, સાં ભીનું છે. પાટલો લઇને બેસ. લુગડાંની તો જરાય પરવા જ નથી કરતી." શીવલી પાટલો લઇને બેઠી. "મોઢું સરખી રીતે ધોયું છે કે નહિ?" બાએ શીવલીની ઊંઘ ભરેલી આંખ સામે જોઇ પૂછ્યું. "ધોયું છે." શીવલીએ ટૂંકામાં પતાવ્યું. "ત્યારે આ આંખમાં ચીપડા શાના? ધોયું છે!" બાએ ઊંઘ ભરેલી શીવલીના ભારે અવાજના ચાળા પાડતા કહ્યું. શીવલીએ ઘાઘરી વતી ચીપડા લૂછવા માંડ્યા. "ફરીથી ધોઇ આવ મોઢું; ઘાઘરીથી ચીપડા લેવા મંડી તે!" બાએ કહ્યું. શીવલી ઉભી થઇ ફરીથી મોઢું ધોઇ આવી અને આવીને અદબ વાળી ગોઠવણ ઉપર માથું ટેકવી બેઠી. "સૂવે છે સૌથી પહેલી, અને ઉઠે છે જતી જતી સાંત વાગે. તોય તારી ઉંઘ પૂરી નથી થંતી? કે પછી ચા પીવાની ઉતાવળમાં સરખું દાતણે કરતી નથી ને મોઢુંયે ધોતી નથી?" બાએ ચાનો પ્યાલો આપતાં કહ્યું. "તારી ચા બીજી નહિ પી જાય." બાએ અધૂરૂં રહેલું પૂરૂ કર્યું. બાની આ બધી સૂચનાઓથી અને વર્તનથી શીવલીના હૃદયમાં અણગમાનો ડૂમો ભરાઇ આવ્યો હતો તે હવે આંસુરૂપે બહાર આવ્યો. "અમારે ચા નથી પીવી." તેણે રીસાઇને કહ્યું અને ઉઠી ગઇ. બાનું માન ઘવાયું. "તે ન પીવી હોય તો કાંઇ નહિ. ચા પીએ છે તે શું કોઇના ઉપર ઉપકાર કરે છે? લ્યો, બેનને મેણું લાગી ગયું. મેણું લાગતું હોય તો સરખી રીતે મોં ધોઇને જગ્યા જોઇને બેસીએને?" બાએ શીવલીનો પ્યાલો પાછો લઇ લીધો.

શીવલી હીંડોળા ઉપર જઇને બેઠી. થોડીવારે ઉપરથી બાપા ચા પીવા આવ્યા. તેમણે શીવલીનું રડેલું મોઢું જોયું અને પૂછ્યું: "કેમ, શીવલીને શું થયું છે?" "થાય શું? બેનને જરા મોઢું ધોવાનું કહ્યું અને જગ્યા બદલવાનું કહ્યું ત્યાં મેણું લાગી ગયું." બાએ કહ્યું. શીવલીને લાગ્યું કે આ હડહડતું જુઠાણું હતું. પણ જવાબ માટે એની પાસે શબ્દો નહોતા. એના અંતરનો ડૂમો વધ્યો. "એમાં તને ખોટું શું કહ્યું? વાસી મોઢું તો ધોવું જ જોઇએને?" બાપાએ કહ્યું. "તે ધોયું'તું તો ખરૂં." શીવલીએ જવાબ આપ્યો અને રડી પડી. "ત્યારે તારી બા ખોટું બોલે છે?" બાપાએ પૂછ્યું. "હા." શીવલીએ રડતાં રડતાં અંતર ખોલ્યું. "ઠીક; ચાલો બેમાં રડવાનું ન હોય. કાલથી જરા સરખી રીતે દાતણ કરવું ને મોઢું ધોવું

ચાલ ચા પીવા; ચાલ જોઇએ ! " બાપાએ કહ્યું. " તમે ભલેને કહો, પણ હું કયાં ચા આપવાની છું. મારે આ દરરોજ કેમ પાલવે ? હવે તો એ કહે કે કાલથી મોઢું બરાબર ધોઇશ, દાતણ કરીશ, વહેલી ઉઠીશ, અને લુગડાંનું ધ્યાન રાખીશ, ત્યારે જ ચા આપીશ. " બાએ પોતાની શરતો શીવલી સામે મૂકી. શીવલી મૂંગી રહી. " હા હા, કરશે હવેથી. અહીં આવ જોઉં શીવલી ! " બાપાએ બોલાવી. શીવલી બાપા પાસે ગઇ. " કેમ હવેથી એ બધું કરીશ ને ? " પોતાની પાસે અને બા સામે આવેલી શીવલીના વાંસામાં હાથ ફેરવતાં બાપાએ પૂછ્યું. હાથ ફેરવતા બાપાના આ પ્રશ્ન પાસે શીવલી મૌન ન રાખી શકી. તેણે માથું ધૂણાવી હા પાડી. બાએ ચા આપી.

પણ આજે શીવલીનો ચાનો બધો સ્વાદ ઉડી ગયો હતો.

પ્રહ્લાદ

બાળકો અને તેના પિતા

એક ગૃહસ્થ ડૉક્ટર હતા. તેમને આઠ આઠ દિવસ સુધી તેમનાં બાળકોનાં મોઢાં પણ જોવાં મળતાં નહોતાં અને એ જ પ્રમાણે બાળકોને પણ બાપાનાં દર્શન દુર્લભ હતાં. સવારે બાળકો ઉઠ્યા પહેલાં એ ગૃહસ્થ ઘર બહાર નીકળે; અને ' વિઝીટો ' પતાવીને તેઓ દવાખાનામાં જાય તે ઠેઠ બાર વાગ્યા પછી ઘેર આવે. તે વખતે બાળકો શાળામાં ગયેલાં હોય. સાંજે સાડાચાર પાંચ વાગે તેઓ વળી વિઝીટો પતાવીને ક્લબમાં જાય. તેમના ગયા પછી બાળકો ઘરે આવે. રાત્રે ક્લબમાંથી ડૉક્ટર ઘરે આવે ત્યારે બાળકો સૂઇ ગયાં હોય. એક ફક્ત રવિવારે તેમને બાળકો દેખાતાં અને બાળકોને બાપા દેખાતા.

બીજા ધંધાવાળા ઘણા પિતાઓની પણ આવી જ સ્થિતિ હશે. જેઓ એ રીતે બાળકોને દેખીયે શકતા નથી અને તેમને જોવાની પરવાયે નથી કરતા તેઓ બાળકો માટે વધારે વિચાર તો શેના જ કરે ? બાળકો સાથે રમવું, વાતો કરવી, બેસવું, તેમના સ્વભાવનું અવલોકન કરવું, તેમની જરૂરિયાતો ને તેમની આકાંક્ષાઓ સમજી લેવી વગેરે કરવાનો તો તેમને વખત જ કયાંથી મળે ? પણ ખરી વાત એમ છે કે આ બધું કરવામાં વખતના અભાવ કરતાં ઇચ્છાનો અભાવ વધારે હોય છે.

બાપા ઓશરીમાં અથવા દીવાનખાનામાં હોય ત્યારે તે બાજુ બાળકોથી ન જવાય એવી પદ્ધતિ ઘણા ઘરોમાં હજી પણ પ્રચલિત છે. બાપા હાકલ કરે કે બાળકો ગભરાઇ જાય છે અને સમજી જાય છે કે આજે કાંઇક પ્રસાદી મળે એવું લાગે છે. આવી પણ સ્થિતિ મોટા-ભાગના ઘરોમાં હોય છે. બાપાનું કામ ફક્ત શિક્ષા કરવાનું, વઢવાનું, ગાળો દેવાનું, અથવા મેણાંટોણાં મારવાનું. બાલમંદિરમાં એવાં કોઇ કોઇ નાનાં બાળકો દેખાઈ આવે છે કે જેઓ ગિજુભાઇને જુએ કે તરત રડવા લાગે છે અથવા કોઈ શિક્ષિકાને વળગી પડે છે; તપાસને અંતે માલૂમ પડે છે કે ઘેર તે બાળકના બાપા તેને મારવાનું તથા વઢવાનું જ ફક્ત કામ કરે છે.

આજ કાલ, જરા આગળ વધેલા ઘરોમાં બાળકોનો અને પિતાનો સીધો સંબંધ હોતો નથી. બાળકોનો કાંઇ વાંક આવ્યો હોય તો બા

બાપાને કહે કે આજે બાળક ઉપર ચીઢાવાની અથવા તેને મારવાની જરૂર છે એટલે બાપા તે પ્રમાણે કરે.

ઘરમાં બાપાનો કડપ હોય એ જૂની રીત છે. હવે કદાચ તે થોડી થોડી ઓછી થતી જતી દેખાય છે. પણ કડપ તથા બીકની જગ્યાએ હવે ઉપેક્ષા આવી છે એટલું જ. બાપા ઘરમાં હોય ત્યારે બાળકોને રડવા દેવાં નહિ એવો હુકમ હજી પણ ઘણાં ઘરોમાં દેખાય છે. કેટલાક પિતાઓ બાળકને ક્રોધે ભરાઇને ધમધમાવી નાખે છે, તો કેટલાક ચીડાઇને વઢે છે અને કેટલાક બીજના માર્યા બાળકોના ત્રાસથી કલબમાં અથવા મિત્રને ત્યાં ઉપડી જાય છે. તેમનું કહેવું એમ હોય છે. કે અમે ઑફિસમાંથી કે અમારા ધંધામાંથી છૂટીને થાકયાપાકયા આવીએ અને થોડોએક વખત વિશ્રાંતિ માટે બેસીએ ન બેસીએ ત્યાં તો વળી છોકરાંઓનો ત્રાસ ! એટલો થોડો વખતે છોકરાંઓ મૂંગાં ન રહે ? મતલબ કે એમને છોકરાંઓ એટલે ગ્રામોફોન એમ લાગતું હશે. અને તેઓ થાકીને ઘેર આવે ત્યારે તેમનો થાક ઉતારવા પત્ની આ જીવતાં ગ્રામોફોન વગાડે તો છે પણ માત્ર તેમના કાનને એનો અવાજ જ કડવો લાગે છે !

બાળકો તે વખતે શા માટે રડે છે, તેમને છાનાં રહેવાનું કહેતાં છતાં તેઓ કેમ રહેતાં નથી, વળી પત્ની આખો દિવસ ઘરનો ઢસરડો કરીને અને છોકરાં સંભાળીને કેવી થાકી ગઇ હોય છે વગેરે બાબતોની પતિને થોડી જ ખબર હોય છે ? અને તે જાણી લેવાની પણ શું જરૂર ? જીવનમાં સ્ત્રીપુરુષના કામની વહેંચણી થયેલી છે. ઘરકામ તથા બાળકો ઉછેરવાં એ સ્ત્રીનું કામ અને પૈસો મેળવવો તથા સ્ત્રીબાળકનું પોષણ કરવું એ પુરુષનું કામ. પૈસો મેળવવા જેવું મહત્ત્વનું કામ પુરુષે કર્યું પછી તેણે સ્ત્રીઓના કામ તરફ શા માટે જોવું જોઇએ ? એમ કરવું એ તેના દરજ્જાને શોભતું નથી અને તેના સ્વભાવને પણ રુચતું નથી.

સામાન્ય રીતે ઘણે ખરે ઘેર ઉપર પ્રમાણેની સ્થિતિ હોય છે. એક સુશિક્ષિત બ્હેન એમ કહે છે કે પુરુષોને બાળકો સંબંધે આમ આમ લાગે છે તેનું કારણ એ કે તેમની સ્વાભાવિક વૃત્તિ જ એવી હોય છે વીંછણ અથવા કયારેક કૂતરી જેમ પોતાનાં જ બચ્ચાંને પોતે મારી નાખે છે તે જ પ્રકારની વૃત્તિ પુરુષોની પણ હોય છે. તેમને સ્વાભાવિક રીતે જ બાળકો તરફ તિરસ્કાર હોય છે. કદાચ કેટલાક પુરુષોની બાબતમાં આ સાચું હોય પણ ખરું ! પણ સામાન્ય રીતે પુરુષોમાં સ્ત્રી બાળકોનું પાલન પોષણ કરવું, તેમનું રક્ષણ કરવું અને એકંદર તેમના હિતને માટે પ્રયત્ન કરવો આ વસ્તુ દેખાઇ આવે છે. ફક્ત બાળકો તરફ સ્ત્રી જે રીતે પ્રેમ બતાવે છે તે રીતે પુરુષો બતાવતા નથી. પોતાના સુખ, સ્વાસ્થ્ય અને સગવડની આડે બાળક આવે એ તેમને પરવડતું નથી એ ખરું, પણ તેનો અર્થ તેમને બાળકો તરફ પ્રેમ નથી એવું નથી. તેમની બહારની બધી ધમપછાડ બાળકો માટે જ હોય છે.

પુષ્કળ પૈસા મેળવવા, મોટાં મેડીબંધ ઘરો કરાવવાં અને છોકરાંઓ માટે મૂકી જવાં એ જ બુદ્ધિ સામાન્ય રીતે બધાની હોય છે. બાકી, બાળકો સાથે તેઓ પ્રત્યક્ષ સંબંધ વધારે રાખતા નથી. દૂર રહ્યા રહ્યા તેની સર્વ વ્યવસ્થા કરી

આપે છે. તેમને માટે જરૂર પડચે કોઇને લખવું પડે તો લખશે, કોઇને મળવું હશે તો મળીને ભલામણ કરશે અને બીજી ઘણી જાતની ખટપટ કરવાની તૈયારી દેખાડશે. એટલે એમના મનમાં ઊંડે ઊંડે બાળકો પ્રત્યેનો પ્રેમ તો હોય છે જ પણ તેઓ તે વ્યક્ત કરતા નથી.

કેટલાક પુરુષો બાળકોની અદેખાઇ કરે છે એવું પણ જણાય છે. બાળકો ન હોય ત્યાં સુધી સ્ત્રી સંપૂર્ણપણે પુરુષ ઉપર જ પ્રેમ કરે છે, તેના જ સુખ તરફ જોતી રહે છે, અને તેની જ સેવામાં પરોવાયેલી રહે છે. બાળકો થયાં કે ઘણી સ્ત્રીઓ તો સંપૂર્ણરીતે બાળકોમાં જ દટાઇ જાય છે અને ઘણી ખરી, સંપૂર્ણરીતે નહિ તો મોટે ભાગે બાળકોનું કરવામાં જ ગૂંથાયેલી રહે છે; તેથી પુરુષોની અવગણના થાય છે. અથવા અવગણના ન થાય તોયે પહેલાં જેટલું તેમના તરફ ધ્યાન દઇ શકાતું નથી. એટલે પુરુષોને પોતાની સગવડ કોઇ સાચવતું નથી અને પોતાની કિંમત ઘરમાં ઓછી થઇ ગઇ છે એમ લાગવા માંડે છે. અને તેથી તેમને બાળકોની અદેખાઈ આવે છે. કેટલીક વાર તે દ્વેષમાં પણ પરિણમે છે. ઘણીવાર બાળકો પણ બાપાની અદેખાઇ કરતાં હોય છે. બા બાપાની સાથે વાત કરવા લાગે કે બાળકો વચ્ચે ગડબડ કરે છે અથવા રોવા લાગે છે અને પોતાના તરફ બાનું ધ્યાન દોરી લે છે. મોટે ભાગે બાળક બાપાની જગ્યાએ પોતાની જાતને ગોઠવી દે છે અને બા ઉપર બધી રીતે પોતાનો જ હક્ક હોવો જોઇએ અને બાપાએ તેમાં ભાગીદાર થવું ન જોઇએ એમ તેને લાગે છે. એથી ઘણીવાર ઉપરથી સૂક્ષ્મ દેખાતો છતાં અંદરનો ઊંડો દ્વેષ અથવા અદેખાઇ બાપના મનમાં વસે છે અને તેથી બાળકો ઉપર ચીડાવું, તેમને મારવું, તેઓ વચ્ચે આવે તે ન પરવડવું વગેરે જાતનું વર્તન તેમના તરફથી થાય છે.

આ કરતાં ઉલટા સ્વભાવના પુરુષો પણ ઘણીવાર મળી આવે છે. હમણાં હમણાં બાળકોને પોતે લડાવવાં, તેમની સાથે પોતે રમવું તથા વાતો કરવી વગેરે પુરુષો વધારે વધારે કરવા માંડ્યા છે. પાશ્ચાત્યોના સંસર્ગનું આ પરિણામ હોય એમ લાગે છે. આ બાજુ સાહિત્યના ક્ષેત્રમાં પણ બાળકોએ સૌનું ધ્યાન ઠીક ખેંચ્યું છે અને લોકો પણ બાળકો બાબત વિચાર કરતા થયા છે એ આનંદની વાત છે.

શિક્ષણશાસ્ત્રમાં જેમ જેમ બાળકો તરફ જોવાની દૃષ્ટિમાં ફેરફાર થતો ગયો તેમ તેમ તેનું પરિણામ સામાન્ય જનતાની દૃષ્ટિ બદલવામાં આવ્યું એમાં કાંઇ શંકા નથી. પહેલાંની શિસ્તની કલ્પના ગઇ અને જ્યારે ફ્રોબેલે બાળકોના આનંદને મહત્ત્વ દઇને તેની ઉપર શિક્ષણની ઇમારત ઉભી કરી ત્યારે બાળક તરફની દૃષ્ટિમાં એક મોટું પરિવર્તન થયું અને કાંઇક સમજીને અને કાંઇક સમજ્યા વિના સામાન્ય જનતામાં આ બદલાયેલી દૃષ્ટિ દેખાવા માંડી. ડૉ. મોન્ટીસોરીએ બે પગલાં આગળ ચાલીને બાળકોના વ્યક્તિવિકાસ અને વ્યક્તિસ્વાતંત્ર્યના સિદ્ધાંત ઉપર શિક્ષણની ઇમારત ઉભી કરી. આથી તો આ દૃષ્ટિમાં ખૂબ જ પરિવર્તન થયું. અને જેમ જેમ આ સિદ્ધાંત ચારે બાજુ ફેલાય છે તેમ તેમ આ પરિવર્તન પણ ફેલાતું જાય છે.

બાકી કેટલાક પુરુષો તો એવાયે જડી આવે

છે કે જેમને પાશ્ચાત્ય સંસ્કૃતિનો સંસર્ગ નથી, જેમણે ફ્રોબેલ કે મોન્ટીસોરીનાં નામ પણ સાંભળ્યા નથી છતાં સ્વાભાવિક પ્રેરણાથી જ બાળકો ઉપર તેમનો અત્યંત પ્રેમ હોય છે. તેમનો આત્મા સ્ત્રીનો જ હોય છે અથવા તો પુરુષો પણ બાલપ્રેમી હોઇ શકે છે એમ કહી શકાય. કેટલાક પુરુષો એવા પણ દેખાઇ આવે છે કે તેઓ સ્ત્રીઓની પેઠે બાળકોને ધવરાવી શકતા નથી એટલે તેમને સ્ત્રીઓની અદેખાઇ આવે છે. તેમને પોતે સ્ત્રી ન થતાં પુરુષ જન્મ્યા અને તેથી સંતાનસુખથી એટલા પ્રમાણમાં વંચિત રહ્યા એમ લાગે છે. આવા ઉદાહરણો કોઇક જ વાર દેખા દે છે. બાકી ઘણા ખરા પુરુષો એવા દેખાઇ આવે છે કે તેઓ બાળકોની મા હોય ત્યાં સુધી બાળકો તરફ બહુ જોતા નથી અથવા બહુ પ્રેમ બતાવતા નથી, એટલું જ નહિ પણ તેમના તરફ કંટાળોપણ બતાવે છે. પણ તે જ બાળકોની માતા માંદી હોય, બહારગામ ગઇ હોય કે મરણ પામી હોય તો તરત જ તેઓ બાળકો સાથે માતા જેટલા જ વાત્સલ્યપણાથી વર્તે છે. તેમને તેઓ તેડે છે, જમાડે છે, નવડાવે છે, કપડાં પહેરાવે છે અને તેમનાં માથાં પણ ગૂંથી દે છે. આથી જણાશે કે તેમનામાં વાત્સલ્ય નથી એમ નથી, પણ મા બધું કરતી હોય છે, એટલે તેમને કાંઇ પણ કરવાની જરૂર હોતી નથી તેથી તે વ્યક્ત થતું નથી. પણ પ્રસંગ આવ્યે એ વાત્સલ્ય દેખાઇ આવે છે અથવા જાગૃત થાય છે.

બાળકની દૃષ્ટિથી તેની માવજત, લાલન-પાલન તથા શિક્ષણનું કામ ફક્ત માતા તરફ જ અથવા પિતા તરફ જ હોવું એ હિતકારક નથી. પણ બન્નેના સહકારથી, બન્નેની અરસ-પરસ મદદથી, સ્ત્રી અને પુરુષ બન્નેના સ્વભાવ તત્ત્વોના સુમેળથી. બને એ ઇષ્ટ છે. બન્નેએ એકમતે, એક વિચારે તેને ઉછેરવું. કોઇ પણ બાબતમાં મતભેદ હોય તો બાળકની સમક્ષ વાદવિવાદ ન કરતાં એકાંતમાં તેનો નિકાલ લાવવો અને એકમત થવું શક્ય ન હોય તો કોઇ પણ એક વ્યક્તિના મત પ્રમાણે જ વર્તવું એમ નક્કી કરીને તે પ્રમાણે કરવું. એકંદર બાળક તરફ પુરુષે અત્યારના કરતાં વધારે ધ્યાન દેવાની જરૂર છે. હાલમાં પહેલાંની જેમ બાળકો સાથે વાતો કરાય જ નહિ, તેમની સાથે રમાય જ નહિ એવું બંધન નથી, છતાં ઉપર જણાવ્યા પ્રમાણે તેની તરફ ઉપેક્ષાવૃત્તિ તો ઘણી જ આવી છે. સવારે અહીં તહીં બહાર, બપોરે ઑફિસમાં અને સાંજે બાળકો સૂવે ત્યાં સુધી ક્લબમાં, એ સુશિક્ષિત પુરુષોનો કાર્યક્રમ થઇ પડ્યો છે એટલે એકાદા મોટા સમૂહમાંથી પોતાનાં બાળકો કયાં તે ઓળખી કાઢવાં પણ તેમને કદાચ મુશ્કેલ પડે. એટલે આ બાબતમાં પુરુષો ધ્યાન દે અને બાળઉછેર ને તેની માવજતમાં પોતાનો હિસ્સો યોગ્ય રીતે આપે એવી મારી તેમને વિનતિ છે. તારાબેન મોડક

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

વાર્ષિક લવાજમ રૂ. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, એજીક બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૧

અંક ૧૧ મો
પોષ

: તંત્રીઓ :

ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

વિદ્યા એ છે કે જે મુક્ત અપાવે છે. જેના વડે આપણી શારીરક, માનસિક અને આત્મિક દુર્બળતાઓ કાપી શકીએ તે જ એક વિદ્યા છે. પણ જે આપણને મોહાંધ કરે અને આપણા ઉપર બંધનો વધારે તે વિદ્યા નહિ પણ અવિદ્યા છે.

અવિદ્યા દેખાવે રૂપાળી છે; આકર્ષક છે; મીઠાબોલી છે; આરામ આપવાનો દાવો કરનારી છે; પણ તે દગાબાજ છે. વિદ્યા શ્રમ અને ઉપાસના માગે છે. વિદ્યા સાદાઇ, સચ્ચાઈ, સત્ય અને નિષ્ઠાને વરે છે.

ડરપોક કેમ ?

એક વખત એક બાળક મારી પાસે રડતું રડતું આવ્યું. તેણે મને પૂછ્યું: "આજે વરસાદ તો નહિ આવેને ?"

મેં કહ્યું: "જાઓ, વરસાદ નહિ આવે."

આ બાળક વરસાદથી બીતું હતું. બીજે દિવસે અમે નાટકો કર્યાં, ત્યારે તેણે મને પૂછ્યું: "તમે મને મારશો નહિને ?"

આ બાળક હમેશાં મારી સાથે રહે છે અને વારંવાર પોતાની બીક પ્રકટ કરે છે.

આપણાં વાણિયા બ્રાહ્મણનાં છોકરાં ડરપોક હોય છે. પંદર વીશ દિવસ ઉપર એક છોકરાએ મને કહ્યું હતું: "ગિજુભાઇ ! ફોજદાર તો હાડકાં ભાંગી નાખે એમ મારા કાકા કહેતા હતા."

આમ બધાં છોકરાંઓ પાસેથી હું જાણી રહ્યો છું કે તેમનાં માબાપ, કાકા, માસ્તર, બધા જ તેમને બીકણ બનાવે છે. જો આ છોકરાં નિર્ભય થઈ જાય તો આજનો શસ્ત્રસંન્યાસનો સવાલ આપોઆપ ઉકલી જાય. સારી આલમ આજે બીએ છે. દુનિયામાં આજે બે કામ ચાલી રહ્યાં છે; એક તો બિવરાવવાનું અને બીજું અવિશ્વાસ કેળવવાનું. બાળકોને હાઉથી પણ ડરાવવામાં આવે છે. બીક, બીક, ને બીકથી માણસ આજે પૂરેપૂરો ઘેરાયેલો છે. આ સ્થિતિનું પ્રતિબિંબ અમારા બાલમંદિરમાં આજે ડગલે ને પગલે પડે છે. જે બાળકોને એમનાં માબાપ ડરાવે છે તે મારી મૂછોથી ડરે છે. જે બાળકોને માતાઓ ડરાવે છે તે અમારી શિક્ષિકાઓથી ડરે છે. શાંતિની રમત ચાલતી હોય તે વખતે અંધારું કરવા જ્યારે બારણું બંધ થાય છે ત્યારે કેટલાંક બાળકો રડવા જ માંડે છે. કોઇ પણ ન્યાયકોર્ટ આગળ આવાં બાળકોનાં માબાપોને ઉભાં કરવામાં આવે તો જરૂર એમને શિક્ષા થાય. આ ડરાવવાના કામમાં આપણે બાળકો સાથે કાવતરું કરી રહ્યા છીએ. માબાપ શિક્ષક પાસે આવે છે અને કહે છે કે તમારે એને ડરાવવો. માબાપોએ અને શિક્ષકોએ સંધિ કરી છે. સરકાર મારવાના ગુન્હાને, માબાપ કે શિક્ષક મારે ત્યારે ગેરકાયદે ઠરાવતી નથી. આખો સમાજ માને છે કે છોકરાંઓ તોફાની છે માટે તેમને સજા કરવી જોઇએ. રાજ્ય તેમને મદદ આપે છે. ધર્મ, માબાપ, સમાજ, શિક્ષક બધાંએ એકઠાં થઇને નક્કી કર્યું છે કે બાળકોને ડરાવીને સીધાં રાખવાં. પરિણામે આજે દુનિયામાં એક પણ માણસ નિર્ભય નથી. આજે કોઇ પણ માણસ છાતી ઠોકીને એમ કહી શકશે ખરો કે "હું નીડર છું" ? આમ શિક્ષકો, માબાપો, વગેરેએ ભેગાં થઇને ભયનાં અનેક સાધનો ઉભાં કર્યાં છે.

આ રીતે બીકણોની યાદી તૈયાર કરીએ તો લાખોની તૈયાર થાય. આ બધો વારસો આપણને વહેમને લીધે મળેલો છે. આવી રીતે પગ કાપી નાખ્યા પછી બાળકને દોડવા કહેવું– નિર્ભય થવા કહેવું એ તદ્દન અવાસ્તવિક છે. શાસ્ત્રકારોએ કહ્યું છે કે **नायमात्मा बलहीनेन लभ्यः** । નિર્બળ અને બીકણ માણસો કંઇ કરી શક્યાં નથી.

નવી કેળવણી આ વાત સમજી શકે છે.

આપણે હવે સમજીએ છીએ કે નિર્ભયતામાં જ માણસોનો ચ્યાત્મા ચડે છે. નવીન કેળવણીનું પહેલું ફરમાન એ છે કે કોઇએ શિક્ષા ન કરવી. શિક્ષા, મશીનગનથી માંડીને આંખનો ડોળો ફાડવા સુધી થઇ શકે છે. શિક્ષા એવી વસ્તુ છે કે આપણે એકને શિક્ષા કરવાથી તેના શિક્ષણનો ફેલાવો કરીએ છીએ. નામર્દ જ નાનાને શિક્ષા કરે છે. મારવાની પરંપરા એ રીતે શરૂ થાય છે કે ધણી સ્ત્રીને મારે છે, સ્ત્રી છોકરાને મારે છે અને છોકરૂં બહાર જઇને શેરીનાં બીજાં છોકરાંને મારે છે. જો દુનિયાનાં માબાપો કહે કે આપણે બાળકને હાથ અડાડવો નથી, તો શિક્ષાની આ પરંપરા બંધ થાય. મારવાથી બીજાં પણ વિચિત્ર અને વિપરીત પરિણામો આવે છે. શિક્ષકો ઘણીવાર છોકરાંઓનો માર ખાય છે તે પણ આ શિક્ષાની એ ચાલી આવતી પરંપરાનું જ પરિણામ છે!

ગિ.

ઇન્દુબેન એકાગ્ર થયાં!

અમારાં ઇન્દુબેન એટલે ભ્રમરવૃત્તિવાળાં. કોઇ પણ વસ્તુ ઉપર પાંચ પંદર મિનિટ એકાગ્ર થઇને બેસે જ નહિ, જો કે થોડા વખતમાં એ વસ્તુઓ પકડી લે ખરાં. સંગીતમાં બેચાર મિનિટ જ આવ્યાં હોય છતાં ઘેર એકાદ બે ગીતની કડીઓ ગુંજતાં જ હોય. વાર્તામાં બહુ લાંબો વખત બેઠાં ન હોય છતાં ઘેર આવીને વાર્તાના એટલા ભાગનું પુનરાવર્તન કરતાં જ હોય. "સાંભળો છો દળભંજનજી?' 'શું કહો છો...' પછી નામ ન આવડે તો કંઇ નહિ. –એટલું મૂકી દે. પછી આગળ ચલાવે: "બચલાં શા માટે રૂવે છે?' 'સાવજનાં કાળજાં માટે." એમ બોલ્યા જ કરે. નાનાં હતાં ત્યારે મોન્ટીસોરી સાધનો માટે ઘણી વખત એવું બનતું કે એ એકાદ સાધન ઉપર બેસે તો તરત જ બરાબર કરી દે. જો કે એ સાધન ઉપર એ પહેલવહેલાં જ બેઠાં હોય, પરંતુ એ સાધન ઉપર બીજાં બાળકો કામ કરતાં હોય ત્યારે એ થોડું ઘણું ધ્યાન આપતાં માલૂમ પડ્યાં હોય ખરાં.

નાનપણમાં એ એક જ વસ્તુ ઉપર એકાગ્ર થયાં હતાં, અને તે મોતી પરોવવાની રમત ઉપર. અમે અમારે ઘરે એમને રમવા માટે મોતી આણ્યાં હતાં. આ મોતી પરોવવાની રમત એ લાંબા વખત સુધી એકાગ્રતાથી કરતાં હતાં. એ મોતી પરોવવાની રમત જ એક એવી વસ્તુ હતી કે જેના ઉપર એ એકાગ્ર થતાં હતાં. જો કે આજે વૉટર કલર કરવાની અંદર જેટલા લાંબા વખત સુધી એકાગ્ર થાય છે તેટલો વખત તો એ મોતી પરોવવાની રમત ઉપર પણ એકાગ્ર થતાં નહિ. એ મોતી પરોવવાની રમત છોડ્યા પછી ઇન્દુબેન માટે અમે ઘરે રોજ વિચાર કરતાં હતાં કે હવે એમને માટે કઇ રમત લાવીશું? એમને પ્રિય વિષયો સંગીત અને નૃત્ય કહી શકાય; છતાં એના ઉપર પણ એ લાંબો વખત ટકતાં નહિ. એમને સંગીત પ્રિય છે, એની ખાતર અમે એમને નાનો જાપાનીઝ પિયાનો પણ લાવી દીધો. પણ એના ઉપર એ બહુ લાંબો વખત કાઢતાં નહિ. બે પાંચ મિનિટ વગાડીને મૂકી દેતાં. આમ એમની

ભ્રમરવૃત્તિ દોઢેક વરસ ચાલી. બાલમંદિરમાં પણ એ કોઇ ઓરડામાં સ્થિર થઇને રહેતાં જ નહિ. કોઇ ઓરડામાં નાસ્તો કરી આવે, તો વળી કોઇમાં એકાદ ચિત્ર કાઢી આવે, તો વળી એકાદ વખત દફ્તાપેટી ઉપર કામ કરી આવે, એમ કર્યા જ કરતાં હતાં. પરંતુ છેલ્લા એકાદ માસથી એ થોડાં સ્થિર દેખાતાં હતાં. મારા ઓરડામાં અડધો પોણો કલાક સ્થિર થઇને કામ કરતાં દેખાતાં હતાં.

મારા ઓરડામાં એ અડધો પોણો કલાક કામ કરતાં છતાં એમના વિષેની ફરિયાદો તો ચાલુ આવ્યા જ કરતી. પણ એક દિવસ આવીને એ મને કહે: "શંકરભાઇ! મને વૉટર કલર લાવી દોને!" મેં કહ્યું: "ઠીક, લાવી દઇશું." પછી તો બીજે દિવસ થયો. "શંકરભાઈ! વૉટર કલર લાવી દોને?" મેં ફરી એ જ જવાબ આપ્યો. મારે તપાસવું હતું કે વૉટર કલરની એમને સાચે સાચી જરૂરિયાત હતી, કે તે ફક્ત દેખાદેખીથી માગે છે. કેમ કે મને ખબર હતી કે વૉટર કલરના અધિકાર (stage) માટે હજુ એમને ઘણી વાર હતી. પણ પછી તો રોજ ઉઘરાણી ચાલી. એકાદ અઠવાડિયું તો મેં એમનો ઉત્સાહ જોવા લંબાવ્યું. પછી મેં નક્કી તો કર્યું કે મારે ઇન્દુબેનને વૉટર કલરની પેટી લાવી તો આપવી જ જોઇએ; અને એટલે મેં મનુભાઇને બે વૉટરકલરની પેટીઓ લાવવા માટે કહ્યું, એક ઇન્દુબેન માટે અને એક ચંદ્રકાંત માટે—જો કે ચંદ્રકાંતની માગણી ઇન્દુબેન જેટલી સતત (insistent) ન હતી. છતાં ઇન્દુબેન માટે વૉટર કલરની પેટી આવે એટલે ચંદ્રકાંત પણ માગે જ ને! પણ મનુભાઇ તો વૉટર કલરની પેટીઓ લાવવાનું ભૂલી ગયા અને ઇન્દુબેનની ઉઘરાણી તો ચાલુ જ રહી. છેવટે સોમવાર આવ્યો. ઇન્દુબેન માટે વૉટર કલરની પેટી લાવવા માટે મેં બજારમાં જવાનું નક્કી કર્યું.

મેં બજારમાંથી વૉટર કલરની પેટીઓ આણી અને વૉટર કલરની પેટીઓ આવ્યા પછી સાચે જ ચમત્કાર થયો. ઇન્દુબેનને કાયમ તો રાતના આઠ વાગ્યા ન હોય ત્યાં ઊંઘ આવે, પણ વૉટર કલરની પેટી આણી તે દિવસે તો એમને દસ વાગ્યા સુધી ઊંઘ જ આવી નહિ. એ તો વૉટર કલરથી ચિત્રોની અંદર રંગ પૂર્યા જ કરતાં હતાં. અમે એમને સૂઇ જવાનું કહેતાં પણ એ તો સાંભળતાં જ ન હતાં. છેવટે તે પણ સૂઈ ગયાં.

ઇન્દુબેન સવારમાં બહુ મોડાં ઊઠનારાં નથી; પણ અમે તો ધાર્યું હતું કે રાત્રે દસ વાગે સૂઇ ગયાં હતાં એટલે જરૂર મોડાં ઊઠવાનાં. પણ એ તો સવારે રોજ કરતાં વહેલાં ઊઠ્યાં. ઇન્દુબેનની કાયમની ટેવ તો એવી છે કે ઊઠીને તરત જ ખાવા જોઇએ; ત્યાર પછી જ તેને બીજું કામકાજ સૂઝે. ઇન્દુબેનને દિવસમાં બે ચાર પાંચ વખત તો ઓછામાં ઓછું ખાય જ. એમનાથી ભૂખ્યા તો રહેવાય જ નહિ. ખાવાનું થોડું મોડું થાય એટલે એ રોવા બેસે. જો કે ખાય થોડું પણ એમને ખાવા તો જોઇએ જ. એટલે સવારમાં ઊઠીને ખાય ત્યાર પછી જ એમને ચેન પડે. પણ આજે તો ઊઠ્યાં એવાં જ ખાવાનું ભૂલી જઇને સીધાં બેઠાં વૉટર કલર કરવા.

પછી તો નાસ્તાનો વખત થયો; છતાં એ તો શાનાં ઉઠે? એ ભલાં અને એમની વૉટર કલરની પેટી ભલી! પછી તો પરાણે પરાણે નાહી ધોઇને બાલમંદિરમાં ગયાં. ત્યાં

પણ સીધાં પહોંચ્યાં નર્મદાબેનના ઓરડામાં, અને કરવા માંડ્યું વૉટર કલરનું કામ. નર્મદાબેન વૉટર કલર કેમ કરવો, પીંછી કેમ પકડવી, રંગ કેમ મેળવવો, રંગ કેટલો લેવો એ બધાની સૂચનાઓ આપવા લાગ્યાં; પણ ઇન્દુબેનની ધીરજ શાની રહે? એ નર્મદાબેનનું સાંભળે જ શાનાં? એમણે તો પોતાની ટેવ મુજબ હોઠ બહાર સહેજ જીભ લાવીને કરવા માંડ્યું વૉટર કલરનું કામ. એમની મેળાએ વૉટર કલર કર્યે જ જાય!

આમ બે દિવસ સુધી ચાલ્યું. વૉટર કલર કરવાની અંદર ઇન્દુબેન ખાવા પીવાનું પણ ભૂલી; જતાં અને જ્યારે વૉટર કલર કરતાં હતાં ત્યારે બહારની દુનિયાનું ભાન ભૂલી જતાં હોય એમ લાગતું હતું. પણ પછી તો એમની વૉટર કલરની પેટીમાંથી રંગ ખૂટ્યા, અને એમનું કામ પણ ધીમું પડ્યું. ઇન્દુબેને બતાવેલું એકાગ્રતાનું દર્શન સાચે જ અદ્‌ભુત હતું, અને તે પણ ઇન્દુબેન માટે ખાસ; કેમ કે એ ભાગ્યે જ એકાગ્ર થતાં હતાં.

શં.

બાલપૂજા

આપણા દેશમાં બાલપૂજા પ્રાચીન છે. એ પશ્ચિમનું અનુકરણ નથી. બાલમુકુન્દના સ્મરણ અને કીર્તનથી આપણાં પુરાણો ભરેલાં છે. છતાં આજે આપણે ત્યાં એમની અવગણના થઇ છે.

× × ×

બધાં બાળકો એક છે, એમને ધર્મ કે જાતિના ભેદ નથી. એ દૃષ્ટિએ બાળકો વધારે પાવન છે.

× × ×

બાલમંદિર બોલવું એટલે બાલપ્રભુની પૂજા શરૂ કરવી. હું આધુનિક પૂજારી છું. મારી પાસે કોઇ પણ વસ્તુ પુરાતન નથી. મારી પૂજા એ પ્રેમપૂજા છે. જીવતા દેવોની (બાળકોની) પ્રસન્નતા સારૂ આપણા હૃદયમાં ઊંચા ભાવો પેદા થવા જોઇએ.

× × ×

માનસશાસ્ત્રનો ઊંડો અર્થ આત્મદર્શન છે, અને એ જ વડે આપણે આગળ વધી શકીએ તેમ છીએ.

× × ×

બાલમંદિર એ કંઈ સામાન્ય વસ્તુ નથી. બીજાં મંદિરોનો વિનાશ જોવામાં આવે છે પરંતુ બાલમંદિર અવિનાશી છે. સામાન્ય વ્યાવહારિક દૃષ્ટિએ બાલમંદિર વાંચતાં લખતાં શીખવતું લાગશે, પણ એમાં સાચું શિક્ષણ તો મનુષ્યત્વનું મળે છે.

રામાયણનાં પાત્રો

૬ પુસ્તકો

લેખક : નાનાભાઇ

૧ સીતા ૦-૪-૦

૨ રાવણ

૩ રામચંદ્ર

૪ ભરત લક્ષ્મણ

૫ કૈકેયી–મંદોદરી

૬ હનુમાન–વિભીષણ.

'રાવણ' આવતા માસમાં પ્રગટ થશે.

ગ્રાહકોને પોણી કિંમતે : પોસ્ટેજ જુદું

રૂા. ૨-૮-૦ મોકલી નામ નોંધવો.

: લખો :

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

× × ×

આપણે હિંસાથી આખા જીવન ઉપર સામ્રાજ્ય ભોગવવા ઇચ્છીએ છીએ, પણ બાલમંદિરમાં અહિંસાના સંસ્કારોનો પાયો નખાય છે. આપણે અહિંસાના સિદ્ધાન્તો સમજતા નથી. આપણે તો બાળકો ઉપર કેવળ હિંસા જ કર્યા કરીએ છીએ. અને હિંસાએ જ મનુષ્ય જાતિમાં ભય ઉત્પન્ન કર્યો છે.

× × ×

ભય અથવા લાલચ બતાવવાથી આપણે મુક્તિનો માર્ગ શોધી શકવાના નથી. પણ જો આપણે બાળકને બીક અને લાલચમાંથી બચાવીએ તો મુક્તિનો માર્ગ સહેલો થાય.

× × ×

લાલચથી વશ થયેલો માણસ સ્વતંત્ર રહી શકતો નથી. બાલમંદિરમાંથી લાલચ અને ભયને તિલાંજલિ આપવામાં આવી છે. એટલે જ બાલમંદિર મુક્તિનો માર્ગ સૂચવે છે, એમ કહી શકાય.

× × ×

આજની ચાલુ કેળવણી એ તો પાયમાલીનો રસ્તો છે.

× × ×

બાલમંદિરો એ તો જીવતાં મંદિરો છે. એની મારફત જ સાચી મુક્તિ મેળવી શકાય એમ છે.

× × ×

બાલમંદિરની અંદર દ્વેષભાવને સ્થાન જ નથી.

× × ×

માણસે હમેશાં આંતર વલણથી પોતાનું ધ્યેય નક્કી કરવું જોઇએ. આપણે જો બાલ્યદૃષ્ટિએ જગતને જોઇશું તો આપણું જીવન સુધારવાના છીએ.* ગિ.

* સિદ્ધપુરનું બાલમંદિર ઉઘાડું મૂકતી વેળા કરેલા પ્રવચનમાંથી

રોમની શાળાઓ

(ચાલુ)

રોમના ગંદામાં ગંદા લત્તામાં આવેલું સેઇન્ટ એંજેલોનું બાલમંદિર

આ બાલમંદિર મધ્યકાલીન ઘેટો (Ghetto) ના ચિત્રવિચિત્ર અને ગંદકીથી ભરપૂર લત્તામાં આવેલું છે. એ લત્તાની વાંકીચૂંકી, અજવાળા સિવાયની અને બદબોથી ભરેલી શેરીઓ અને ગલીઓ આમથી તેમ આડીઅવળી જઇને છેવટે આરા કોએલી (Ara Coeli) આગળ પૂરી થાય છે. આ લત્તાની મધ્યમાં તોફાની ઓરસીની (Orsini) નો રાજમહેલ આવેલો છે. આ લત્તો એટલે રોગી, ગંદા અને હલકા લોકોની વસ્તીનું ધામ જ સમજી લ્યોને! એની અંદર આવા લોકોની વસ્તી ઉભરાઇ જાય છે. મેં આ બાલમંદિર જે લત્તામાં આવેલું છે તેનું સવિસ્તર વર્ણન એટલા માટે આપેલું છે કે આ બાલમંદિરની અંદર કેવા વાતાવરણમાંથી બાળકો આવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે. આવા ભયંકર વાતાવરણવાળા લત્તામાં રોમની સરકારી કન્યાશાળાનાં મુખ્ય અધ્યાપિકા સીનોરા ગાલી સેકસેન્ટી (Signora Galli Saccenti), રોમના કેળવણી ખાતાની ઓર્ડને એક બાલ-

મંદિર ખોલવા માટે સમજાવી શકયાં.

એમના પહેલવહેલા પ્રયત્નો તરફ બધી જ જગ્યાએથી શરૂઆતમાં તો પત્થર જેવી ઉદાસીનતા બતાવાતી હતી, અથવા તો સખત વિરોધ કરવામાં આવતો હતો. આ લત્તાનાં ગરીબ માબાપો પાસે રાજકીય સત્તા તો કંઇ હોય જ નહિ એ સ્વાભાવિક છે; પરંતુ પોતે જે બાળકોને જન્મ આપતાં હતાં તેમને સાંકડી ગંદી અને શોરબકોરથી ભરપૂર શેરીઓની અંદર છૂટાં મૂકી દેવાં એ સિવાય બીજું કંઇ પણ કરવાની તાકાત એમનામાં ન હતી, એ દેખીતી વાત છે. જૂના જમાનામાં એ લત્તો મરકીનું નિવાસસ્થાન હતો અને આજે પણ દરેક જાતના ચેપી રોગોનું જન્મસ્થાન એ જ છે. દાક્તરોને આ લત્તાનો ભય લાગે છે અને સત્તાધીશોને આ લત્તાની અથવા તો આ લત્તાની અંદર વસતા લોકોની કંઈ પડી હોતી નથી.

શરૂઆતમાં તો રોમની સુધરાઈના અમલદારોએ સીનોરા ગાલીની સુંદર ભાષાની અંદર લખાયલી અરજીઓ તરફ કંઇ જ ધ્યાન આપ્યું નહિ. પરંતુ છેવટે સુધરાઇના અમલદારોને એમના તરફ ધ્યાન આપવું જ પડયું અને સીનોરા ગાલીને પોતે જે શાળાનાં આચાર્ય હતાં તે શાળાનો કોઇ પણ જાતના શોભાશણગાર વિનાનો સાવ ઉજ્જડ અને ભૂંડોભૂખ જેવો દેખાતો ઓરડો વાપરવાની પરવાનગી મળી. રોમની કુળવણીની બોર્ડની પાસેથી આવો ભૂંડોભૂખ જેવો ઓરડો અને એની પડખેનો સાંકડો ચૉક અને વધારામાં મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતાં પ્રબોધક સાહિત્યો આપવાનું વચન એ બે વસ્તુઓ મેળવવા સીનોરા ગાલી ભાગ્યશાળી થયાં. સીનોરા ગાલીએ આ વસ્તુઓ ઉપકારની લાગણીથી તો નહિ જ પરંતુ આતુરતાની લાગણીથી તો સાચે જ સ્વીકારી, અને એ લત્તાની ગંદકી ઉપર વિજય મેળવવા માટે અને પોતાનાં બાળકોને પ્રેરણા આપવા માટે એમના પોતાના ઉન્નત અને પ્રતાપી આત્માની બધી જ શક્તિઓ ખર્ચી નાખી.

આ બાલમંદિરમાં બીજાં બાલમંદિરોમાં જોવામાં આવે છે તેવી, બાળકોના શરીરને માફક આવે એવી સગવડવાળી ખુરશીઓ અથવા તો સુંદર મજાનાં નાનકડાં નીચાં ટેબલો કે એવું કંઇ પણ હતું નહિ. રોમની કેળવણીની બોર્ડે પ્રબોધક સાહિત્યો ખરીદવા માટેના પૈસા ઉપરાંત બીજી એક પણ પાઇ ન ખરચવાનો નિર્ણય કર્યો હતો. એટલે આ વર્ગની અંદર ઇટાલિયન શાળાઓની અંદર વપરાતી મોટી તોતીંગ પાટલીઓ અને સાંકડાં ટેબલો હતાં. પરંતુ કળદ્રુપ ભેજાવાળાં સીનોરા ગાલીએ પ્રબોધક સાહિત્યો રાખવા માટેનાં કબાટોની તૈયારી તો આ સાહિત્યો ખરીદાઇને આવે તે પહેલાં કેટલાયે વખતથી કરી રાખી હતી. એમની ઑફિસની અંદર ચોપડીઓ રાખવાનાં બે બુક-કેસ (Book-case)ના ઉપરના ભાગનો ઉપયોગ એમણે કબાટ તરીકે કરવાનો નિર્ણય કર્યો હતો, અને એને જમીન ઉપર આડાં મૂકવામાં આવ્યાં હતાં એટલે મજાનાં કબાટ તૈયાર થઇ ગયાં હતાં. એની અંદર બાળકોને પોતાનાં કિંમતી સાહિત્યો વ્યવસ્થિત રાખવાનાં હતાં.

ઑકટોબર માસની અંદર જ્યારે રોમની શાળાઓ વેકેશન પછી ઉઘડી ત્યારે સીનોરા ગાલીએ પોતાનાથી બની શકે એટલી બધી

મહેનત કરીને એ બેડોળ અને શોભાશણગાર વિનાના ભૂંડાભૂખ જેવા ઓરડાને ઠીક ઠીક તૈયાર કર્યો હતો. પરંતુ એમને માલૂમ પડ્યું કે દરેક બાળતની અંદર ઢીલ કરનાર રોમન કેળવણીની બોર્ડે હજી સુધી પણ પ્રબોધક સાહિત્યો મંગાવવા માટે મિલાન લખ્યું પણ ન હતું! પરંતુ સિનોરા ગાલી કોઇ પણ વસ્તુથી અથવા તો ગમે તેવી પરિસ્થિતિથી હિંમત હારી જાય એવાં હતાં નહિ. એટલે એમણે તો પ્રબોધક સાહિત્યો વિના જ પોતાનું કામકાજ શરૂ કર્યું. ડૉ. મોન્ટીસોરી આ શાળામાં રસ લેતાં હતાં. તેમાંયે ખાસ કરીને સિનોરા ગાલીએ જે અગવડભરેલી પરિસ્થિતિમાં કામકાજ શરૂ કર્યું હતું તેને લીધે તો મેડમ મોન્ટીસોરીનું ધ્યાન આ શાળા તરફ ખૂબ જ ખેંચાયું હતું. અને એથી, પ્રબોધક સાહિત્યોના વપરાશથી જે જાતની કેળવણી મળે છે તેવી જ જાતની કેળવણી આપી શકાય એવી જાતનો કાર્યક્રમ એમણે રચી કાઢ્યો.

નરી ક્રૂરતા

એક ગૃહસ્થ પોતાના ગામની શાળાના મુખ્ય શિક્ષક વિષે લખતાં જણાવે છે:—

"અત્રેના હેડ માસ્તર એક કસાઇનું કામ કરી રહ્યા છે. થોડા રોજ પહેલાં તેણે એક ગરીબ છોકરાના ગાલ ઉપર એવી તો જોરથી છરી મારી હતી કે જેથી તે જગ્યાએ પોણા ઇંચનો ઊંડો ઘા પડ્યો હતો, અને પરિણામે ઘણું જ લોહી નીકળ્યું હતું. આવા પ્રકારના દાખલા હમેશાં બને છે. દરરોજ બપોરના છોકરાઓને ગરમ રેતી ઉપર વાંકા ઉભા રાખી ઉપર પથરા મૂકે છે, અને પછી માર મારે છે. ભૂંડી ગાળો સિવાય તો તેને કાંઇ બોલતાં જ નથી આવડતું. ઢોર કસાઈવાડે જતાં જેટલું ન બીએ તેથી વિશેષ, બાળકો તેમની પાસે ભણવા જતાં બીએ છે. દરરોજ કોઇનો હાથ ભાંગે તો કોઇની ગુપ્ત જગ્યાએ સોજો ઉઠી આવે. કેટલાંક ગરીબ માબાપનાં બાળકોને તેના ઘરનું કામ કરવું પડે છે. તે માસ્તર બાળકોને જ્યારે મારે છે ત્યારે ક્રૂરતાથી હસે છે. ફૂટબૉલ મંગાવવાના બહાના હેઠળ પૈસા એકઠા કરી તે હજમ કરી જવાનો તેમનો જૂનો ધંધો છે. જે છોકરાઓ તેના વિરુદ્ધ કંઇ વાત કરે તેને વધારે મારવામાં આવે છે."

નોંધ:—આગળ વધેલા શિક્ષકો અને માબાપો માનતા હોય કે શાળામાંથી શિક્ષા ચાલી ગઇ છે તો તેઓ ભૂલ ખાય છે. કેટલીય જાતની ભયંકર શિક્ષાઓ આજે પણ શાળાઓમાં ચાલે છે. આવી આ એક જ શાળા નથી. શિક્ષક ભાઇઓ! છેવટે ખુદાનો ડર રાખીને બિચારાં બાળકોને આવી ભયંકર રીતે મારતા અટકશો? **ગિ.**

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

રજા લેવા ગયાં ત્યારે

"બા, બા! અમે સામા બાગની અંદર રમવા જઇએ?" વિનુએ બહારથી બૂમ મારી.

"હા ભાઇ! જરૂર જજો. પણ ત્યાં હોજ છે તેની પાળ ઉપર ન રમતાં. સાથે આ સરોજ-બેનને પણ લેતાં જજો." બાએ અંદરથી જવાબ આપ્યો.

વિનુ, બચી અને સરોજ રાજી થતાં થતાં રમવા ઉપડ્યાં.

એમને જતાં જોઈને ચંદ્રા, મનુ, કનુ અને કુસુમને પણ બાગમાં રમવા જવાનું મન થયું. એ પણ એમની પાછળ દોડ્યાં. પણ કોણ જાણે કેમ કુસુમને થઈ આવ્યું કે ચાલોને બાને ખબર આપીને જઇએ! કદાચ વિનુએ બાની રજા લીધી હતી એટલે એને પણ રજા લેવાનું મન થયું હશે. દોડતાં દોડતાં એને બૂમ મારી: "બા! અમે બાગમાં રમવા જઇએ છીએ." બાએ ઘુરકીને પૂછ્યું: "કયાં જાઓ છો?" કુસુમે બીતાં બીતાં કહ્યું: "સામે બાગમાં; વિનુ, બચી અને સરોજ ગયાં છે." બાએ ક્રોધભરેલે અવાજે કહ્યું: "ના, નથી જવું. ત્યાં હોજની અંદર ડૂબી જવાય. ખબર-દાર, ત્યાં ગયાં છો તો!"

ત્યાં તો મોટીબા અંદરથી તાડૂકયાં: "પાછાં આવો, પાછાં આવો; અલી કુસુમ! જા બધાંને પાછાં લઇ આવ. આ બધાં જાય દોડ્યાં. જા દોડને! જલદી પાછાં લઈ આવ. કોઈકિ હોજમાં ડૂબી જશે!"

કુસુમે બધાંને પાછાં બોલાવી આણ્યાં. નિરાશ વદને બાળકો બંગલાના કંપાઉન્ડમાં રમવા માંડ્યાં. એમની નિરાશા સાચે જ હૃદય-દ્રાવક હતી.

શં.

પાલણપુરમાં

શ્રી. ગિજુભાઈ પાલણપુર ગયા ત્યારે તેમણે જુદા જુદા સ્થળે ભાષણો આપ્યાં હતાં. તેમનાં દરેક ભાષણમાંના કેટલાક વિચારો આ નીચે ટાંકવામાં આવ્યા છે:—

બાળકો શાંતિને બહુ ચાહે છે. બાલમંદિ-રમાં શાંતિનો પાઠ આપવામાં આવે છે. બાળકો હારબંધ બેસે છે; ધીમે ધીમે બારણાંઓ બંધ થાય છે, અંધારૂં વધે છે, દીવાનો પ્રકાશ વધુ તેજોમય બને છે, બાળકો એકદમ ગંભીર થઈ જાય છે. ત્યારે તેમને ખ્યાલ આવે છે કે બહાર કેટલો ઘોંઘાટ છે. શાંતિને લીધે જ તેમનાં શરીર, મન અને અત્માામાં સ્વાસ્થ્ય ઉત્પન્ન થાય છે. ધર્માચાર્યો શાંતિનો ઉપદેશ કરે છે પણ તે નિરર્થક જાય છે. કારણ કે માણસોએ કાન ખુલ્લા રાખવાને બદલે મોઢું ખુલ્લું રાખ્યું છે.

× × ×

આપણા હાથ જેનો ઉપયોગ પૂજન અર્ચન કરવા માટે છે, પારકાનું ભલું કરવા માટે છે, તે હાથનો ઉપયોગ પોતાનાં જ બાળકોને માર-વામાં કરવામાં આવે તો તેથી વિશેષ બીજી કઈ જાતની નિષ્ઠૂરતા હોઇ શકે? જે હાથે કોઇ પણ

દિવસ પોતાના બાળકને માર્યું ન હોય તેને હું પવિત્ર હાથ ગણું છું. એવાં કેટલાં માણસો છે કે જેઓ પોતાનાં બાળકોની સમક્ષ કદી અસત્ય ન બોલ્યાં હોય? અગર તો અસત્યથી તેઓને બચાવ્યાં હોય? ઈશ્વર કદાચ ઠગાઇ જશે, આસપાસનાં માણસોને તમે ઠગી શકશો, પરંતુ કદી ન ઠગાયું હોય તો તે બાળક છે.

× × ×

તમારા મકાનમાં દરેક જાતની સગવડો તમે રાખશો. ગાય બાંધવાનું સ્થાન, ઘોડાને માટેનું સ્થાન, કૂતરો રાખવાનું સ્થાન, જોડા રાખવાનું સ્થાન, વગેરે અલાયદી સગવડો રાખશો. પરંતુ આખા ઘર કે બંગલામાં બાળકો માટે સ્થાન જ નથી. તેમને માટે જુદા રૂમની સગવડ નવા બંગલા બંધાવનારાઓ જો કરશે તો બાળકો તેમનાં ઋણી થશે.

× × ×

મોટાં માણસો ધર્મ કે કાયદો કહે તે સાંભળે છે, એટલે તેઓ બુદ્ધિનાં અપંગ છે. બાળકો પાસેથી કામ છીનવી લઈ આપણે તેઓને અપંગ બનાવ્યાં છે. સ્વાધીનતા, સ્વતંત્ર-પ્રવૃત્તિ, સત્ય, વગેરે આત્માના ગુણો છે. માટે બાળકોને કામ કરવા દો. તેઓ કામ કરવા માગે છે, તોફાન કરવા નહિ.

× × ×

આપણી ધાર્મિક બાબતો બધી બરાબર છે, અને તેથી તે વિષે આપણે પ્રશ્ન નથી કરતા. કારણ આપણી બુદ્ધિ અપંગ થઈ ગઈ છે. વૈજ્ઞાનિક બુદ્ધિ આપણામાં ન હોવાથી ભણેલાઓના મગજમાં પણ વહેમો ઘર કરે છે. બુદ્ધિને તો છૂટી મૂકવી જોઇએ.

× × ×

બાળકો વચ્ચે સ્પર્ધા કરાવવાથી તેમનામાં વેર ઉત્પન્ન થાય છે. અ સારો અને બ ખોટો. આથી ખોટાને સારા પ્રત્યે વેર ઉત્પન્ન થાય છે. અને સારાને અહંતા ઉત્પન્ન થાય છે. અહંતા, દૈન્ય એ બાબાપની બનાવટમાંથી જ જન્મે છે.

× × ×

દુનિયા ચાલતી આવી ત્યારથી કહેવત છે કે पुत्रात् इच्छेत् पराजयम् પરંતુ પોતાનાં બાળકો પોતાનાથી સવાયાં થાય એ કોઇ પણ બાબાપને ગમતું નથી. બાપે જે મર્યાદા બાંધી છે તેથી પોતાનો પુત્ર આગળ ન જાય એમ તે ઇચ્છે છે અને 'Thus far and no further' એમ તે કહે છે. માતા પણ એમ જ ઇચ્છે કે પોતાની પુત્રી પોતાના જેવી જ થાય અને તેમ જ વર્તે. બાબાપો અને છોકરાંઓ વચ્ચે જે વિસંવાદ છે અને તેથી દુનિયામાં જે ખળભળાટ થાય છે તેનું આ જ કારણ છે. પોતાની મરજી પ્રમાણે બીજાને ચલાવવો તેને અંગ્રેજીમાં Dogmatism (સ્વમતાગ્રહ) કહે છે. પરમેશ્વર ખુદ પણ આવો આગ્રહ રાખતો નથી; તેણે પણ માણસને સ્વતંત્રપણે વિચારવાની છૂટ આપી છે.

× × ×

જ્યારે સ્ત્રી પુરુષ મોટાં થાય ત્યારે લગ્નના પવિત્ર સંબંધથી બંધાય છે. એ લગ્નના પ્રેમ-સંબંધમાંથી જે ફળ મળે છે, તે તેમનું બાળક. જ્યારે સ્ત્રી અને પુરુષ આત્માથી એક થાય ત્યારે બાળકનો જન્મ થાય લગ્ન પહેલાં સ્ત્રી અને પુરુષ જુદા જુદા માબાપોનાં બાળકો હતાં; લગ્નથી તે એકબીજાનાં થયાં અને બાળક મળતાં

તેઓ બધાનાં મટી બાળકનાં થયાં.

× × ×

લોકો કહે છે કે બહેનો બહુ પછાત છે, બહુ બીકણ છે, તેમનામાં બહુ અજ્ઞાન છે. આનું ખરું કારણ સ્ત્રીઓ પોતે જ છે. આપણાં સમાજમાં દીકરા અને દીકરીઓનાં સ્થાન સરખાં નથી; સ્ત્રીઓ પુત્રી કરતાં પુત્ર તરફ વધારે પ્રેમ બતાવે છે. પુત્ર–પુત્રીના હક્ક સરખા હોતા નથી. છોકરાની બધી સગવડો સચવાય છે અને છોકરીને કશી જ સગવડ મળતી નથી: છોકરી ઘરનું બધું કામ કરે છે; તેને નિશાળે જવાની કાંઇ જરૂર નથી એમ જ માનીએ છીએ. છોકરીઓને જ્ઞાન તથા શક્તિમાં પછાત રાખવી તે સારું નથી. છોકરીઓ એ સ્ત્રી જાતિ જ છે, અને સ્ત્રીઓ જ જ્યારે પોતાની જાતને હલકી માને તો પછી જગત સ્ત્રીઓને હલકી કહે તેમાં નવાઇ શી ?

પ્રશ્નોત્તર

પ્રશ્નો

(૧) નાનાં નાનાં બાળકોને ગીતાના પાઠો કે ગાયત્રીમંત્ર શીખાવી તે જાહેર મેળાવડામાં પ્રયોગ તરીકે બતાવાય ? અગર તો અંગ્રેજી વાતચીત યા પ્રશ્નોના જવાબો શીખાવાય ?

(૨) બાળકદીઠ માસિક અકેક રૂપિયો ફી લેવા છતાં એને બાલમંદિર કે બાલશિક્ષણ સંસ્થા કહેવાય ખરું ?

(૩) અઢીથી પાંચ વર્ષોનાં બાળકોને લાઠી, લેજીમ, કવાયત અને પીરામીડ્સ વગેરે પ્રયોગો ફરજિયાત શીખવાય ખરા ?

(૪) પોતાના જ (ભણાવનારનાં જ) રહેવાના મકાનમાં ત્રીજે માળે જ્યાં રસોડાનો ધુમાડો આવ્યા જ કરતો હોય તેવા સ્થળે ૮×૧૨ ફૂટના ઓરડામાં ૬૦ થી ૭૦ બાળકોને એક સાથે બેસાડી ભણાવાય ખરાં ? અથવા તો નીચે ભોંયતળિયે ભેજવાળા અને હવાપ્રકાશ ન આપી શકે તેવા મકાનમાં તેમને રખાય ?

(૫) બાળકોને સવારના સાતથી અગિયાર અને બપોરે બેથી સાંજના સાત સુધી ગોંધી રખાય ?

(૬) અભ્યાસ કરવા આવતા બાળકોને માટે ગૃહસ્થો પાસેથી ઉપરાઉપરી જમણ (મિષ્ટાન્ન) લઇ બાળકોને તેવી ખાવાની ચીજોની હમેશ લાલચ અપાય ?

(૭) બાળકોને દિવસમાં અમુક જ વખત કુદરતી હાજતે જવા દેવામાં આવે અગર અમુક જ વખત પાણી અપાય એ ઇચ્છવા યોગ્ય છે ?

જવાબ

જવાબમાં લખવાનું કે કાગળની જુદી જુદી કલમોમાં જે જે વર્ણનો કરવામાં આવેલ છે તે કોઇ પણ બાલમંદિરમાં સંભવી શકે જ નહિ.

નાનાં બાળકોને ગીતાનો પાઠ મોઢે કરાવવાની કશી જરૂર નથી. એ જ્ઞાન પોપટિયું છે. નાનાં બાળકોને એવી તાલીમ ત્રાસરૂપ છે, બોટી શોભારૂપ છે અને તેના શરીર કે બુદ્ધિના વિકાસમાં કોઇ પણ રીતે મદદગાર નથી.

જાહેર મેળાવડામાં બાળકોને લઈ જઈ

તેનું પ્રદર્શન કરવું એમાં બાલમંદિર કદી માનતું નથી. એ કામ સરકસનું છે, બાલમંદિરનું નહિ. લોકોને દેખાડવા માટે બાળકોને ગોખાવનાર શિક્ષક અયોગ્ય કરે છે એમ શિક્ષણશાસ્ત્રના વિચારો છે.

બાલમંદિરનો આજનો અર્થ એ છે કે જેમાં નવીન શિક્ષણના, સ્વાતંત્ર્યના અને સ્વયં-સ્ફૂર્તિના સિદ્ધાન્તોનો શાસ્ત્રીય અમલ થાય. આવો અમલ સફળ કરવા માટે શાસ્ત્રીય સાધનો હોવાં જોઇએ. આવું બાલમંદિર ચલાવવા માટે શિક્ષકે રીતસરની તાલીમ લીધેલી હોવી જોઇએ.

નાનાં બાળકોને કશું ફરજિયાત શીખવાય નહિ એવો નવા શિક્ષણનો નિયમ છે. બાલ-મંદિરમાં કામ મરજિયાત અને સ્વંયસ્ફુરિત જોઇએ. નાનાં બાળકોને માટે લાઠી, લેજીમ વગેરે નકામું છે. કેમ કે નાનાં બાળકોને તેવી કસરતો શરીરવિકાસમાં આડે આવે છે. નાનાં બાળકોને રમવાનું, કૂદવાનું વગેરે જોઇએ.

૮ × ૧૨ના ઓરડામાં ૬૦, ૭૦ બાળકો રાખવાથી બાળકોની તંદુરસ્તી બગડશે જ એમાં શંકા નથી; તેમ જ ભેજવાળી જમીન પણ બાળકોને નુકસાનકર્તા છે. બાળકને માટે ખુલ્લું, અને પૂરતાં હવા ઉજાસવાળું મકાન જોઇએ.

નાનાં બાળકોને સવારના સાતથી અગિયાર અને બપોરના બેથી સાત, આટલા બધા કલાકો શાળામાં રાખવાં ન જોઇએ. તેમને જે મરજી-મુજબ ઘેર જવાની, રમવા કે રખડવાની છૂટ ન હોય તો તેઓ ખૂબ કંટાળી જાય. ઉપરાંત તેમને જે આટલો લાંબો વખત કંઈ પ્રવૃત્તિ કરવાનું ન હોય તો તેઓ વિકસવાને બદલે ઉલટાં હિજરાય છે. નાનાં બાળકોને કેવી પ્રવૃત્તિઓ આપવી જોઇએ કે જેથી તેઓનો વિકાસ થાય તે જાણવા માટે શિક્ષકે અભ્યાસ કર્યો હોય, તો તેવો શિક્ષક નાનાં બાળકોને આગળ લઈ શકે છે. આ બાબતમાં અજાણ શિક્ષકના હાથમાં બાળકોને કેટલો ફાયદો થશે તે તેમને સોંપનારે વિચારવાનું છે.

બાળકોને સારી રીતે ઉછેરવાં હોય તો તેમને કોઈ પણ જાતની લાલચ આપવી ન જોઇએ. બાલમંદિરમાં એવો રિવાજ હોતો નથી. બાળકો લાલચથી લોભી અને સ્વાર્થી બને છે.

જો બાળકને દિવસમાં અમુક જ વખતે કુદ-રતી હાજતે જવા દેવામાં કે પાણી આપવામાં આવે તો તેથી બાળકોને રોગો થવાનો સંભવ છે.

આપે જે સવાલો પૂછ્યા છે તેના તાત્ત્વિક જવાબો આપેલા છે. સ્થાનિક પરિસ્થિતિ જોયા જાણ્યા વિના તો આટલું જ લખી શકાય. ટૂંકમાં અમે જેને બાલમંદિર કહીએ છીએ અને બાળકોના હિત માટે જે જાતનાં બાલ-મંદિરો સ્થળે સ્થળે ઉઘાડીએ છીએ તેવી જાતનું બાલમંદિર આ નથી લાગતું એમ પૂછેલા સવાલો ઉપરથી જણાય છે.

લિ. આપનો **ગિજુભાઈ.**

શ્રીદક્ષિણામૂર્તિ નવીન બાલશિક્ષણ અધ્યાપનમંદિર

આ અધ્યાપનમંદિર તા. ૩૧ મી જાન્યુઆરી ૧૯૩૫ ગુરુવારના રોજ સવારે આઠ વાગે ઉઘડશે. મંજૂર કરવામાં આવેલા વિદ્યાર્થીઓએ તા. ૨૬–૧–૩૫ની સાંજ સુધીની ગાડીમાં આવી પહોંચવું.

તો કેવું સારું ?

સમી સાંજના ટાણે શારદામંદિરના નેળિયામાંથી અનેક મોટરો પસાર થતી હતી. એક મોટર ઝપ દઈને ઝાંપાનો રસ્તો રૂંધીને એકાએક અટકી. મોટર અટકી; ન શારદામંદિરના ચોગાનમાં દાખલ થઈ, તેમ જ ન આગળ પણ વધી, એટલે જરા કુતૂહલ થયું. અંદર ત્રણ ચાર જણા અને બે ત્રણ બાળકો હતાં, તેમાંથી એક બાળક સાથે કોઈ આદમીની રકઝક ચાલતી હતી. દૂર દૂરથી કાને અવાજ આવતા હતા: "હવે તોફાન કરીશ ? હં...બોલ...સમજ્યો કે ?"

બાળક બિચારું રડતું રડતું જવાબ આપતું હતું. "તો...ફા...ન નહિ કરું."

એટલાથી એ ભાઈને સંતોષ ન થયો. તેમણે તો બાળકને મોટર નીચે ઉતાર્યું. ઝાંપાની અંદર મૂકયું અને કહ્યું: "જો રીસાઈશ, રડીશ કે તોફાન કરીશ તો આમ નિશાળે મૂકી જઈશ. સમજ્યો ?"

બાળક જવાબ આપે તે પહેલાં તો તેને તે સ્થળે મૂકી, "તને અધવચથી મૂકી ફરવા જઈ શકીએ છીએ." એવા ધમકીભર્યા સ્વરે ધ્વનિ સાથે મોટરને સહજ ધીમે ધીમે હંકારી.

અસહાયક બાળક શું કરે ? તીણી ચીસોથી તેણે આખું વાતાવરણ ગજવ્યું. ધીમી ગતિથી ચાલતી મોટર પાછળ રડતું દોડયું. વળી પડતું અને ઉભું થતું બાળક આસપાસનાં સાનું ધ્યાન ખેંચવા લાગ્યું. અંદર બેઠેલાને આ દૃશ્યથી શરમ આવી હોય કે ભોંઠપ ઉપજી હોય, અગર તેટલી શિક્ષા એ પ્રસંગપૂરતી બસ માની હોય, ગમે તે હોય, તેમણે મોટર ઉભી રાખી અને "હવેથી જોજે એવું કરતો." એવી ભયસૂચક બીક બતાવી તેને અંદર ઊંચકી લીધું અને સડસડાટ મોટર હંકારી દીધી.

મોટરમાં બેઠેલા સૌના પોશાક પરથી જણાતું હતું કે એ સૌ ભણેલગણેલ, પૈસે ટકે સુખી અને સંસ્કારી આદમીઓ છે. પરંતુ જે ભણતર અને સંસ્કાર બાળકને આવી રીતે અપમાનિત કરી શકે અને આટલી ક્રૂર રીતે નિશાળની બીક દેખાડી ડાહ્યુંડમરું કરવાની રીતો શોધે તેને સારું ભણતર કે સારા સંસ્કાર કેમ જ કહી શકાય ? કોઈ રખે માની લે કે મોટરમાં હરતાં ફરતાં બાળકોની દશા સામાન્ય સ્થિતિનાં બાળકો કરતાં વધુ સારી છે. અલબત્ત, તેમને પૌષ્ટિક ખોરાક મળતો હશે, સુંદર કપડાં મળતાં હશે, પરંતુ પૈસાદારોના મતાગ્રહ કયાં ઓછા હોય છે ? આવા વિવિધ પ્રકારની મતાંધપણાની આંધીમાં કેટલાંય બાળકોનું વ્યક્તિત્વ છૂંદાઈ જાય છે, તેની પૂરેપૂરી ખબર તો ઉપરના જેવા અનેક અનુભવોમાંથી પસાર થયેલાંને જ પડે છે.

પૈસાદાર બાળકના પ્રશ્નો તો અનેકગણા છે. સામાન્ય રીતે આજકાલ પૈસાદારો ભણેલા ગણેલા હોય છે. વળી કેવળ પૈસો એ જ સંસ્કારિતાનું લક્ષણ કેટલેક સ્થળે મનાય છે. આથી કેટલાક ધનિકો પોતાને ભણેલા અને સંસ્કારી માની લઈ એ સંસ્કારિતા અને ભણતરના અંધારપછેડા નીચે કેળવણી વિષયક કેટલાય ભયંકર વિચારો ધરાવે છે, અને ઉપર જણાવી તેવી બાળકને નમાવવાની વિવિધ ક્રૂર રીતો શોધવામાં પોતાની મૌલિક બુદ્ધિનો ઉપયોગ કરે છે. તેમના તે

કૃત્યથી તેમને ખબર પણ પડતી નથી કે એવા એક જ પ્રસંગથી તેઓ બાળકને નિશાળનું સદાયનું કટ્ટર દુશ્મન કરે છે.

× × ×

જે માબાપો આવી રીતિઓ શોધી પોતાની મૌલિકતા પર રાચે છે અને અસહાય બાળક પર પોતાનો દોર દમામ ચલાવે છે, તેઓ બાળકનાં તોફાનનાં કારણો દૂર કરવામાં તેમની મૌલિકતાનો ઉપયોગ કરતાં હોય તો કેવું સારૂં ?

આ પરિસ્થિતિ ત્યારે જ આવશે કે જ્યારે કૉલેજ સુધી ભણતર પામેલા પણ સમજશે કે "અમારે બાળઉછેર અને બાળકેળવણી સંબંધે હજુ ઘણું'ય શીખવાનું છે."

['શારદામંદિર'ની પત્રિકામાંથી]

સિંધની કેળવણીમાં ડોકિયું

બાલમંદિર કમીટીના આમંત્રણથી શ્રી. ગિજુભાઈ કરાંચીમાં ઉતર્યા ત્યારે તેમના મનમાં સિંધની શાળાઓ અને સિંધની સમસ્ત કેળવણી વિષે એક આછો ખ્યાલ પણ લઈ લેવાની ઇચ્છા હતી જ.

વળી સિંધમાં આચાર્ય શ્રી. ગીદવાણી અને સાધુ વાસવાણીની પ્રેરણાથી ચાલી રહેલી કેટલીક સંસ્થાઓ અને તે સંસ્થામાં કામ કરી રહેલાં ભાઇબહેનોને મળવાની અમારી તીવ્ર ઇચ્છા હતી, છતાં અગત્યની દૃષ્ટિએ પહેલાં આવે તેવી કરાંચીમાં વસતા ગુજરાતી ભાઇઓની કેળવણીની વ્યવસ્થાનું વિગતવાર અવલોકન કરવાની પણ તેટલી જ ઇચ્છા હતી.

આ લેખમાં હું તો માત્ર સિંધી લોકોની કેળવણી વિષયક પ્રવૃત્તિ વિષે થોડું'ક લખીશ. કરાંચીમાં માણસ જો ગુજરાતીનો મહેમાન હોય તો પંદર દિવસ કે મહિનો રહ્યા છતાં એને કદાચ એમ ન લાગે કે તે ગુજરાતથી કોઇ બહારના પ્રદેશમાં આવેલ છે. કરાંચીમાં ગુજરાતીઓ સંખ્યાની દૃષ્ટિએ ઘણા છે એટલું જ નહિ પણ વેપારની દૃષ્ટિએ પણ તેઓ એટલા જ મોટા હોઇને ગુજરાતી મહેમાનને તો ત્યાં બીજું ગુજરાત મળી રહે છે. પણ અમારે તો સિંધી શાળાઓ પણ બને તેટલી જોવી હતી, એટલે ગુજરાતી શાળાઓ અને ગુજરાતી લોકોમાંથી વખત બચાવીને અમે તરત જ સિંધી શાળાઓમાં અને સિંધીઓ વચ્ચે પણ પહોંચી જતા.

મ્યુનિસિપાલિટીની કરાંચીમાં ચાલતી સિંધી નિશાળો બીજી કોઇ પણ જગાએ મ્યુનિસિપાલિટીની ચાલતી શાળાઓ જેવી જ છે. એટલે એક જ મ્યુનિસિપાલિટી શાળાના મકાનમાં ત્રણ વિભાગમાં વહેંચાયેલી મરાઠી, ગુજરાતી અને સિંધી નિશાળોમાં વિદ્યાર્થીઓના ચહેરા અને પાઠ્યપુસ્તકોના અક્ષરો સિવાય બીજા કશામાં ફેર ન દેખાયો. પણ અહીં એક આભાર માનવાનું નોંધી લઉં, અને તે શ્રી. લાગુનો. શ્રી. લાગુ કરાંચી મ્યુનિ. સ્કૂલ બોર્ડના એક સંચાલક. તેમણે ઘણા જ પ્રેમ અને ઉત્સાહથી અમને મ્યુનિ. ની ઘણી શાળાઓ બતાવી.

અમારે તો સિંધમાં જે નવી દિશામાં કામ થતું હતું તે પણ જોવું હતું. એમાં સૌથી મોખરે આવે એવી એક સંસ્થા 'બાલકાનજી બારી' અને 'સખી મીરાં સ્કૂલ.'

બાલકાનજી બારીની સંસ્થાનો આછો ખ્યાલ આપવો હોય તો એમ કહેવું જોઇએ કે ઘર અને શાળામાં થાકેલાં અથવા તો ત્રાસેલાં બાળકોને માનસિક આરામ આપવાનું અને શારીરિક તાજગી બક્ષવાનું સ્થાન એ બાલકાનજી બારી. એનો અંતરગત વિચાર આપણા બાલક્રીડાંગણોના વિચારને કંઇક મળતો આવે છે.

આમાં બાળકોની કેળવણીનો પ્રશ્ન નવીન કેળવણીની દૃષ્ટિએ જોવાયો નથી, પણ સહૃદયતાની દૃષ્ટિએ જોવાયેલો છે. બાળકોને બને તેટલાં સુખી કરવાં એવો કાંઇક ઉદ્દેશ આની અંદર આવે ખરો. અને તેથી આ સંસ્થાની વ્યવસ્થા અને પ્રચાર એ વખાણવા લાયક હદ સુધી પહોંચ્યાં છે. સંસ્થાનું કેન્દ્ર કરાંચીમાં છે, અને સિંધના જુદા જુદા વિભાગોમાં ચાર ઉપકેન્દ્રો છે. હિન્દુસ્તાનમાં આ જાતની પ્રવૃત્તિ આવી વ્યવસ્થિત રીતે અહીં જ જોવામાં આવે છે.

સિદ્ધાંતની દૃષ્ટિએ જોઇએ તો બાળકોની સાથેનો સંસ્થાના સંચાલકોનો વહેવાર ખૂંચે ખરો—જેવો કે ઇનામો, હરીફાઇ વગેરેનો. પણ સંચાલકોની શુદ્ધ ભાવના અને બાળકો પ્રત્યેનો પ્રેમ જોઇને આપણે એ જતું કરવું જોઇએ.

બાલકાનજી બારીની પ્રવૃત્તિઓમાં બાળકોને આનંદ આપવાની મુખ્ય પ્રવૃત્તિ છે. બાળકોનાં નાટકો, બાળકોનાં ગાયનો તથા બાળકોની પ્રફુલ્લતાએ અમારું ખાસ ધ્યાન ખેંચ્યું છે. અને બાળકો માટે થતા આ પ્રયત્નને જોઇને અમે સાચે જ ઘણા જ આનંદ પામ્યા છીએ એમ કહી શકાય.

બાલકાનજી બારીનાં બધા ઉપકેન્દ્રોને દર વર્ષે કરાંચીમાં મુખ્ય કેન્દ્રમાં બોલાવવામાં આવે છે. અઠવાડિયા સુધી જુદી જુદી જાતનો કાર્યક્રમ ગોઠવીને બાળકોના મેળા જેવો ઉત્સવ કરવામાં આવે છે. એકંદરે એ આખું જ મંડળ અને મંડળની વ્યવસ્થા બાળકોના ક્ષેત્રમાં નવી જ ભાત પાડે છે.

સિંધમાં જે આ સેવાને વધારે સફળ બનાવે એવી નૂતન કેળવણીનો પ્રચાર થવા પામે, અથવા તો નૂતન કેળવણીનો રહસ્યમંત્ર જે આ સંસ્થાના સંચાલકોના જાણવામાં આવે તો—તો એમ જરૂર કહી શકાય કે બાળકો માટેનું વ્યાપક દૃષ્ટિએ કામ માત્ર સિંધમાં જ થાય છે.

બાલકાનજી બારીના ઉત્સાહી કાર્યકર્તાઓમાં પાર્વતીબેન અને શ્રી. રામ બી. મોટવાણીનું નામ સૌથી આગળ તરી આવે છે.

બાલકાનજી બારી તરફથી સિંધમાં એક બાલમાસિક નીકળે છે એટલું જ નહિ, પણ એ જ સંસ્થાના આશરા હેઠળ પુષ્પભવન નામની બાળકોની એક નિશાળ પણ ચાલે છે જેમાં બાળકોને શિક્ષા વિના અને સારા વાતાવરણમાં રાખીને ભણાવવાનો પ્રબંધ છે.

આટલી જ અને આવી જ બીજી અગત્યની સંસ્થા એ સખી મીરાં સ્કૂલ. આ સંસ્થા સાધુ વાસવાણીની પ્રેરણાથી ઉભી થયેલી છે. સાધુ વાસવાણી હૈદ્રાબાદ (સિંધ) માં પોતાનો આશ્રમ રાખીને રહે છે. સખી મીરાં સ્કૂલની શેહરીમાં એક ઉપશાખા પણ છે.

આ આશ્રમમાં ધાર્મિક તથા આધ્યાત્મિક વાતાવરણ સાથે છોકરાં છોકરીઓને ઘણા જ જુદા જુદા વિષયોમાં કેળવણી આપવાનું કામ ચાલી રહ્યું છે. આ સંસ્થા તથા તેની ઉપશાખાની વિશિષ્ટતા સાદાઈ અને વાતાવરણમાં છે. દરેક સ્કૂલ સાથે ગુરુશ્રી નાનક દરબાર (The Hall of Horses) વગેરે જોડેલા હોય છે.

આમાંની એક શાખા અમે રોહરીમાં જોઈ.

અહીં કેટલાક વિ:સ્વાર્થી લોકો બાળકોનું કલ્યાણ કરવા કરી કામ રહ્યા છે. નિશાળો જેટલા જ ભણતરના વિષયો ઉપરાંત પ્રાર્થના અને બીજી એવી પ્રવૃત્તિઓ ખાસ ધ્યાન ખેંચે છે. નિશાળનું નામ ભક્ત કવિ મીરાં સાથે જોડીને એ નિશાળનું મહત્ત્વ વધ્યું છે.

આ ઉપરાંત બીજી કેટલીએક સિંધી ભાઇ બહેનોની નિશાળો અમે જોઇ. સિંધમાં સ્ત્રીઓની ઉદ્યોગપ્રિયતાને લીધે સ્ત્રીઓના ઉદ્યોગનાં મથકો અમે હૈદ્રાબાદમાં જોયાં. ભાઇબંધ કોમના પ્રયત્નથી કેટલાએક શ્રી ગુરુ નાનકના દરબાર સાથે જોડાઇને કામ કરતી સંસ્થાઓ અમે જોઈ.

એ સંસ્થાઓની મુખ્ય વિશિષ્ટતા એનો સ્ત્રી વિભાગ, અને સ્ત્રીઓ તથા બાળકો માટેના વિશાળ બાગબગીચા, દવાખાનાં તથા પુસ્તકાલયો ગણાવી શકાય. સ્ત્રીઓ પોતે ભરતગૂંથણ અને શીવણ હાથથી અને સંચાથી કરીને રોજી મેળવે એવી એમાં વ્યવસ્થા છે, ગરીબ હોય તો રોજી પોતે રાખે અને સારી સ્થિતિમાં હોય તો સંસ્થાને આપી દે એવો પ્રબંધ છે.

હવે સિંધની સામાન્ય કેળવણી વિષે વાત કરીએ. સિંધ પ્રદેશ મુંબઈ કે દક્ષિણ કરતાં વધુ પાશ્ચાત્ય અસરની નીચે આવેલો દેખાય છે. તેથી સિંધીઓ કપડાંલત્તાં અને ટાપટીપમાં ઘણા સુધરેલા અને આગળ પડતા દેખાય છે. પણ દુ:ખની વાત એ છે કે નવીન કેળવણીની દિશામાં એમની જોઇએ તેવી પ્રગતિ થઇ નથી.

અમે જોયેલી બધી નિશાળોમાં અને બધી સંસ્થાઓમાં સંસ્થાના સંચાલકોની સહૃદયતા હોવા છતાં સંસ્થા તથા નિશાળોનું નવીન કેળવણી પ્રત્યેનું પછાતપણું જરા ખૂંચે તેવું હતું. બાકી મકાનો, ફરનીચર અને ઉપસ્કરો બધે સુંદર અને વિવિધ હતાં. ન.

ગ્રાહકોને

આવતા અંકની સાથે આપનું લવાજમ પૂરું થાય છે. અમને આશા છે કે 'પત્રિકા'ના ગ્રાહક તરીકે આપ ચાલુ રહેશો.

જો આપ મનીઑર્ડર કરો તો રૂા. ૧)નો મનીઑર્ડર તા. ૨૦–૨–૩૫ પહેલાં કરશો. કૃપા કરીને કુપનમાં આપનો ગ્રાહક નંબર–જે આ અંકના રેપર ઉપર છે, તે લખશો.

આપને આવતા વર્ષનો પહેલો અંક વી.પી. થી જોઇતો હોય તો આપે અમને તે મતલબનું લખવાની જરૂર નથી. આપના તરફથી મનીઑર્ડર નહિ મળે તો આપને વી.પી. મોકલવા માટે લખ્યું છે એમ નીને આપની તરફ વી.પી. મોકલીશું. પરંતુ આપને આ માસિક બંધ કરવું હોય તો કૃપા કરીને તરત જ ખબર આપશો.

કૃપા કરીને વી.પી. પાછું વાળીને નકલ દીઠ સવાત્રણ આનાની ખોટમાં મૂકશો.

આપની મદદ માટે આભારી છે.

ત.

ઠ. મૂ. બાલમંદિર
ભાવનગર

શિક્ષણ પત્રિકા

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, નગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજી છાપી,

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ નવમું
૧૯૬૧

અંક ૧૨ મો
આઘ

: તંત્રીઓ :
ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

દિવસ ઓળખનારાઓ બહુ થોડા હોય છે. તેમાંયે આવતો દિવસ તો બહુ જ થોડા ઓળખે છે.

આવતો દિવસ ઝગઝગારા મારતો હોય છે, ચળકાટ કરતો હોય છે, ઊગતા સૂર્ય જેવો તેજકિરણો નાખતો અને ચારેકોર ઉજાળતો હોય છે.

એદી, આભમાની, ફાટેલ મગજનો, જામી પડેલો, દોઢડાહ્યો, એવો મનુષ્ય આ આવતા સૂર્યને ઓળખવાને બદલે–ઊઠીને તેને ઝીલવાને બદલે સૂઈ રહે છે.

પછી તો દિવસ અસ્ત પામે છે, ઊગીને આથમે છે; અને આખરે અભિમાની પસ્તાય છે.

બાલજીવનની કરુણતા

દુઃખી મનોહર

: ૧ :

બારણાની પાસે જ એક દસ વર્ષનું બાળક બેઠું હતું. તેનો ચહેરો ઉદાસ હતો. તેની નજર દૂર દૂર ડુંગરાઓની આસપાસ ફરતી હતી. તેની આંખમાં આંસુ હતાં અને હાથમાં પુસ્તક હતું.

"મનોહર, એ મનોહર! વાંચવાનું છોડીને ત્યાં સામે શું જોઈ રહ્યો છે? તને તે શું થયું છે?"

"કાંઇ નહિ, બા! હું તો આકાશના રંગ જોતો હતો."

"પણ આંખો લૂછતાં મેં જોયો ને?"

"એ તો એક નજરે જોઈ રહ્યો હતોને, એટલે આંખમાં પાણી આવી ગયાં." એમ કહી મનોહરે ફરીવાર આંખો લૂછી અને બોટું બોટું હસ્યો. પણ હસતાં હસતાં જ એનાથી એક ડૂસકું ભરાઈ ગયું.

યમુનાબેનની આંખમાં પાણી આવી ગયાં, ને તે સંતાડવા એ અંદર ચાલ્યાં ગયાં. મનોહરના હસવા પાછળ રહેલું દુઃખ તેનાથી છાનું ન રહ્યું. તેણે મનમાં જ કહ્યું: "એને એના બાપુ પાસે જવું હશે, બીજું શું? ઉનાળાની રજામાં ત્યાં જ ભલે જાય. એને જ્યાં સુખ ત્યાં મને સુખ."

: ૨ :

ટેબલ પાસે બેસીને મનોહર અભ્યાસ કરે છે. ચોપડીમાં માથું નાખી કાગળ પેન્સિલ હાથમાં લઈ લખવાનો દેખાવ કરે છે. આંખમાં આંસુ ભરાઈ ગયાં છે. આંસુના ટીપાં નીચે ચોપડી ઉપર ટપ ટપ ટપકી રહ્યાં છે. મનોહર આંખો લૂછીને લખવા લાગે છે ત્યાં ફરી આંખમાં પાણી આવે છે. ફરી વાર તાણીને વાંચવા લાગે છે ત્યાં સાદ ભારે થંઈ જાય છે ને ગળામાં ડૂમો ભરાય છે; અક્ષરો સૂઝતા નથી; ગળામાંથી અવાજ નીકળતો નથી.

પાસેની ઓરડીમાંથી બાપુ તેને જોઈ રહ્યા છે. મનોહરનાં આંસુ તે જુએ છે ને વિચારમાં પડે છે. "આ મનોહરનું તે હવે શું કરવું? જોઇએ તેટલી સગવડ કરી આપીએ છીએ, માગે છે તે લાવી આપીએ છીએ, તોયે છોકરીની જેમ રડ્યા જ કરે છે! પૂછીએ છીએ તો કાંઈ ચોખ્ખું કહેતો નથી. કાંઈ બોલતો નથી. એને એની બા પાસે જ મોકલી દઉં. એની બા સાંભરતી હશે. બીજું શું? પણ ત્યાંયે આમ ઉદાસ જ રહે છે. આંખો લૂછ્યા કરે છે, કાંઈ બોલતો નથી ને મનમાં સમસમ્યા કરે છે. શું કરવું? કાંઈ સમજાતું નથી. કેવો વિચિત્ર છોકરો છે? બધો એની બાનો જ દોષ છે, અને એ પણ કહે છે કે મારો દોષ છે."

થોડીવાર વિચાર કરીને કહે: "ગમે તેનો દોષ હોય તોયે શું? બન્નેનો દોષ. પણ હવે આ છોકરાનું શું કરવું? એની જેવડાં બીજાં છોકરાં કેવાં રમે છે, કૂદે છે, હસે છે, બૂમો પાડે છે? આને તો હસવું નહિ, રમવું નહિ, છોકરાંઓ સાથે ભળવું નહિ ને ચોપડીમાં માથું નાખી ટેબલ પાસે બેસી રહેવું. અભ્યાસ કરતો

હોય તો તો કાંઈ નહિ; પણ એયે નહિ. આનું કાંઈક કરવું જોઈશે. લાવ એની આને લખું."

: ૩ :

બગીચામાં એક નાના ટેબલ પાસે ચાર ખુરશી પડી છે. એક પુખ્ત ઉંમરની સ્ત્રી અને એક પુખ્ત ઉંમરનો પુરુષ વાતચીત કરતાં બેઠાં છે.

" મારી પાસે હતો ત્યારે યે એમ જ કરતો હતો, એટલે અહીં મોકલ્યો. મને એમ કે દીકરાની જાત એટલે એને એના બાપ પાસે વધારે ગમશે. અહીં એને વધારે રમતગમત મળે ને આનંદમાં રહે. "

" પણ અહીં એને જરાયે ગમતું નથી. મારી સાથે તો બોલે છે જ કયાં ? આખો દિવસ ઓરડીમાં ટેબલ પાસે ચોપડીમાં માથું ઘાલી બેસી રહે છે. એવો તો એ કયો બી.એ.નો અભ્યાસ કરે છે કોણ જાણે ? રાત્રે પણ હું ઘેર આવું ત્યાર પહેલાં સૂઈ જાય છે. મને તો લાગે છે કે એને તારા વિના ગમતું નથી. નાનપણથી જ તારો હેવાયો છે."

" પણ હવે તો મને યે અહીં આવ્યાં ૭ મહિના થઈ ગયા. હવે તો એને કાંઈ ઊણપ નથી. બા જોઈએ તો બા છે; બાપુ જોઈએ તો બાપુ છે. હવે તો આનંદમાં રહેને ? પણ હજી એની ઉદાસીનતા ગઈ નહિ. શાળાના છોકરા સાથે હળવું મળવું કે ઘેર આવીને વાતચીત કરવી, કંઈ જ નહિ. નાનો હતો ત્યારે કેવો રમતિયાળ હતો ? સાંજે ફરવા મોકલીએ તો એકલો એકલો થોડી વાર ફરી આવે; થયું મારી સાથે પણ પહેલાંની જેમ કયાં બોલે છે ? નાનપણમાં કેવો હતો કહો જોઈએ ? આની નક્કલ કર, તેના જેવું ચાલી બતાવ, ચાલીં ચેપ્લીન થા. જે કહો તે બધું કરતો. આ બે વર્ષમાં તો મનુ સાવ બદલાઈ ગયો. પછી ગમે તે કારણ હોય.. "

: ૪ :

બન્ને થોડીવાર માન રહ્યાં. પછી બાપુએ કહ્યું: " કોને ખબર, છોકરાને શું થયું છે ! "

બંને જણાએ "કોણ જાણે" અથવા તો "કોને ખબર " એમ કહી મનોહરનો કોયડો ઉકલવો મુશ્કેલ છે એવી છાપ મારી, એક બાજુએ મૂકયો.

પણ બંનેને મનમાં અસ્પષ્ટપણે એમ લાગતું જ હતું કે " આપણાં જીવનમાં પ્રસન્નતા નહિ, હૃદયની એકતા નહિ, લાડ નહિ, કોડ નહિ, રસ નહિ, રોમાન્સ નહિ; આપણા જીવનમાં આવેલા કડવા પ્રસંગોની કડવાશ હજી ગઈ નથી તો એ બધાનું પ્રતિબિમ્બ આ નાજુક હૃદય ઉપર પડ્યા વિના કેમ રહે ? વાતાવરણમાં સુવાસ નહિ, હૃદયનો મેળ નહિ, સુમેળમાંથી ઉત્પન્ન થતું મધુર સંગીત નહિ. તો પછી આ પારિજાતકના ફૂલ જેવા કોમળ બાલહૃદય ઉપર એની છાપ પડે અને એ કરમાય તો એમાં નવાઈ શી ? આપણાં જીવનમાં હોંશ નહિ, ઉત્સાહ નહિ, વિનોદ નહિ, તો પછી આ નાજુક બાલહૃદય કેમ ઉત્સાહી અને આનંદી બને ? "

: ૫ :

રાત્રિના એકનો ડંકો પડ્યો.

મનોહરે ઊંઘમાં એક પડખેથી બીજે પડખે ફરતાં એક મોટો નિસાસો મૂકયો.

બાની પથારીમાંથી પણ એક લાંબા નિસાસાનો અવાજ સંભળાયો. અને બાપુએ પણ પડખું બદલતાં રેડિયમવાળા રીસ્ટવૉચમાં કેટલા વાગ્યા છે તે જોયું. તા.

ગણિતનો પ્રશ્ન

કોઇ પણ હાઇસ્કૂલ, પ્રાથમિક શાળા અથવા બાલમંદિરમાં ગણિતનો પ્રશ્ન ભારે કૂટ હોય છે. સામાન્ય રીતે ગણિત અઘરો વિષય મનાય છે, અને સોએ પોણોસો ટકા વિદ્યાર્થીઓ તેમાં ગોથાં ખાય છે. આનું કારણ શું? શું ગણિત ખરે જ અઘરો વિષય છે?

વાસ્તવિક રીતે એમ નથી. લગભગ પ્રાથમિક કક્ષાના ગણિતનો સમજપૂર્વકનો ગ્રાહ વહેલો યા મોડો, સામાન્ય બુદ્ધિના દરેક બાળકને આવે જ છે. જે બાળકને પ્રાથમિક કક્ષાના ગણિતની ક્રમિક રીતે પદ્ધતિસરની સમજ આવે છે, તેને ઉચ્ચ કક્ષાના ગણિતમાં પ્રવેશ કરતાં કશીયે મુશ્કેલી પડતી નથી.

આમ છે છતાં ગણિતનો કોયડો વાલીઓ, શિક્ષકો અને બાળકો માટે હજુ સુધી અણઉકલ્યો જ કેમ રહ્યો છે? કારણ કે ગણિતની ઇમારત રેતીના પાયા ઉપર રચાય છે. આ બાબતમાં કેટલું સત્ય છે તે જરા ધીરજથી અને ઝીણવટથી તપાસીએ.

સો સુધીની સંખ્યા બાળકને જ્યારે શીખવવામાં આવે છે ત્યારે લગભગ દરેક શાળામાં એક જ પદ્ધતિ અખત્યાર કરવામાં આવે છે. બાળક એકથી સો સુધી લખી નાખે ત્યારે તેને સો સુધીની સંખ્યા આવડી, એમ સામાન્ય રીતે મનાય છે. આવા બાળકને પૂછીએ કે "૫૭ લખો; ૪૫ લખો." તો તે બિચારું મૂંઝાઇ જશે. અને તે છતાં કેવળ સીધી રીતે જ તે ૧ થી ૧૦૦ સુધી લખી જાય છે એ જ કારણે વાલી એમ જ માનશે કે "મારું બાળક સો સુધીની સંખ્યા જાણે છે."

કેટલેક ઠેકાણે બાળકને ૧ થી ૧૦૦ સુધીની સંખ્યા કડકડાટ સીધી રીતે લખતાં આવડ્યા પછી "પાંચડે સાતડે સત્તાવન" "ચોગડે પાંચડે પિસ્તાલીશ."ની ઢબે તેને 'મોપાટ' લેવરાવવામાં આવે છે, જેના પુનરાવર્તનથી ગોખણિયા રીતે આંકડા લખતાં આવડે છે. પછી શિક્ષકો તથા વાલીઓ માની લે છે કે બાળકને સો સુધીનું અંકજ્ઞાન–સંખ્યાજ્ઞાન થયું.

અહીંથી જ ગણિતની ઇમારત રેતીના પાયા ઉપર ચણાય છે; અને મોટે ભાગે ઘણાં બાળકો અહીં જ શરૂ થયેલી ભૂલને કારણે ગણિતની મહાન અટવીના ઘોર અંધકારમાં લથડિયાં ખાય છે.

'૫૭' એ 'પાંચડે સાતડે સત્તાવન' નથી પરંતુ 'પચાસ અને સાત' સત્તાવન છે અને '૪૫' એ 'ચોગડે પાંચડે પિસ્તાલીસ' નથી પરંતુ 'ચાલીસ અને પાંચ' પિસ્તાલીસ છે.

બાળક મણકા, રેતિયા અક્ષર અને તેના માટેનાં લાંબી સીડી તથા મોઇ ઓ વગેરે સાધનોના આધારે પ્રથમ તો નવ સુધીનું પાકું જ્ઞાન મેળવે; નવ સુધીમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાંગકાર શીખે; પછી જ એને દસનું જ્ઞાન આપવું જોઈએ. અને પછી જ દસ એક અગિયાર, દસ બે બારથી વીશ સુધી જવું જોઈએ; અને પછી સારો વિસામો આવો જોઈએ.

બાળક વીશ સુધી પહોંચે ત્યારે તેને વીશ સુધીના કે તદ્દન સાદા પ્રકારના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારમાં ઊતારવું

જોઈએ, અને સમજપૂર્વક તેનું લેખન થવું જોઈએ; અને દશકનું જ્ઞાન તેને આવવું જોઈએ.

આટલી સમજ માટે બાળકને ગણિતનાં તમામ સાધનો આપવાં અત્યંત આવશ્યક છે. એક પણ પગથિયું વટાવીને ચાલ્યા જઈએ તો બાળક પ્રાયોગિક ખ્યાલ બાંધી શકે નહિ, અને તેને લીધે આગળ ઉપર અનેક મુશ્કેલીઓ નડે.

હવે આ બાબતમાં આગળ ચાલીએ તે પહેલાં પાંચેક વર્ષના બાળકને આ રીતે આંક શીખતું કલ્પીએ. સાધનો, મણકા, તેનો ઉપયોગ વગેરેની સમજ લઈ પોતાની જાતે એકેક-એક પગથિયાંમાંથી બાળક પસાર થાય તો એને કેટલી વાર લાગે?

એક બાજુથી એક બાળક આવી રીતે પદ્ધતિસર દરેક પગલે પ્રાયોગિક જ્ઞાન મેળવીને આંક શીખે છે, અને બીજી બાજુ એક બાળક જૂની પદ્ધતિથી આંક શીખે છે એમ કલ્પો. તો બનવા જેવું છે કે પ્રથમ બાળક વીશ સુધીના આંક પૂરા કરે ત્યાં તો બીજાએ ૧ થી ૧૦૦ સુધીની સંખ્યા લખવાની આવડત મેળવી લીધી હોય. અને તે જ કારણે ઉપલક દૃષ્ટિએ કોઈ પણ માની બેસે કે બીજા બાળકે ઝપાટાબંધ પ્રગતિ સાધી.

આ ઉપરથી જોઈ શકાય છે કે ૧ થી ૧૦ અને ૧૦ થી ૨૦ સુધીના આંક સમજપૂર્વક શિખવવા માટે અત્યંત ધીરજની જરૂર છે; સહજ ઉતાવળ થઈ તો પછી થઈ રહ્યું! જેમ પાયામાં ધાબો નખાય છે ત્યારે કોઈ પણ જાતની ઉતાવળ નુકસાનકારક લેખાય છે, તેમ જ અહીં પણ છે.

આવી રીતે જે બાળક ૧૦ થી ૨૦ સુધીના આંક સમજપૂર્વક પૂરા કરે, તે જ ઉપરોક્ત રીતે આગળ જાય, અને બીજાં તેની ઊંડી સમજ લેવા રોકાય. પરંતુ અમુક બાળકો આગળ ગયાં માટે તે જ ઝડપે બીજાંને પણ ન દોડાવાય.

આ રીતે જો આંક શિખવાય તો શરૂઆતમાં ઝડપ ઓછી દેખાય, વાલીને કંટાળો ઉપજાવે, અગર કશીયે પ્રગતિ ન દેખાય એવું પણ બને. અને છતાંયે અખૂટ ધીરજ બતાવ્યા વિના જેટલો વેગ સધાય તે ગણિતની ઇમારતના પાયા મજબૂત કરવા જેવું જ લેખાય.

લગભગ દરેક બાલમંદિરમાં ઉપર જણાવી તે પ્રાયોગિક રીતે ગણિત શિખવવાની ઉમેદ શિક્ષકો રાખે છે. છતાં બાલમંદિરોમાં પણ 'ગણિતનો પ્રશ્ન કૂટ છે.' એવું આ પત્રિકાની શરૂઆતમાં જણાવ્યું છે, તેનાં કારણો હવે પછીની પત્રિકામાં તપાસીશું. [ચાલુ]

['શારદામંદિર'ની પત્રિકામાંથી]

જોઈએ છે.

દિલ્હીની બિરલા હાઈસ્કૂલના મોન્ટીસોરી ક્લાસમાં સંગીત, કાર્ડબોર્ડનું કામ તથા સ્કાઉટીંગ જાણનાર મોન્ટીસોરી શિક્ષકની જરૂર છે.

લખોઃ તંત્રી, 'શિક્ષણ પત્રિકા' ભાવનગર.

કરાંચીમાં નવું બાલમંદિર

કરાંચીમાં વસતા ગુજરાતી ભાઈબહેનોએ તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૩૫ના રોજ એક નવું બાલમંદિર શરૂ કરવા નિર્ણય કર્યો છે. તે માટે એક કમીટી નિમાઈ છે અને તેમણે બાળકો નોંધવાનું પણ ચાલુ કર્યું છે.

રત્નોની ખાણુમાં

: ૧ :

સવારથી તે સાંજ સુધી શેરીમાં અનેક જાતના લોકો નીકળે. શાકવાળો, તેલવાળો, કાપડિયો, ચેવડાવાળો, ભિખારી, મદારી ને ટેલિયો. ગુલાબ અને શીવલી અનેક વાર એ બધાને જુએ અને કોઇવાર રજાને દિવસે ગુલાબ એ બધાનું ઘરે નાટક પણ ભજવે.

ઘરમાં કોઠારની એક નાનકડી ઓરડી; એ ગુલાબનો ડ્રેસિંગ રૂમ. નાટક ભજવવાનું હોય ત્યારે બધો જરૂરનો સામાન ગુલાબ એ ઓરડીમાં એકઠો કરતો. બા અને શીવલી પ્રેક્ષક બનતાં અને ગુલાબ એકલો આખું નાટક ભજવી બતાવતો. શાકવાળો, તેલવાળો, કાપડિયો અને ચેવડાવાળો બની બા અને શીવલીને હસાવતો. શીવલી વચ્ચે વચ્ચે સૂચનાઓ આપતી. મદારીનું કામ કરતો ગુલાબ એક જૂની છાબડી લઈ આવતો અને દોરડાના કટકાને અંદર સાપ તરીકે મૂકી મેળામાંથી ખરીદેલો પાવો વગાડતો અને વચ્ચે વચ્ચે દોરડાને હાથવતી ઊંચું કરતો, અને ખેલ પૂરો થતાં હોહો!ની રાડો પાડી એ દોરડું શીવલી ઉપર ફગાવતો. ગુલાબનો ખેલ જોવામાં અને પોતાની કલ્પનામાં તલ્લીન થયેલી શીવલી એ દોરડાનો કટકો ઉપર આવતાં ભડકી જતી અને બા હસી પડી મદારીને તેના ખેલ માટે શાબાશી આપતી. વચ્ચે વચ્ચે ગુલાબ લડવૈયાનો પાઠ ભજવી જતો; અને લાકડાની તલવારે સામે આવેલા દરેક દુશ્મનને હરાવી, વિજયી બની કોઠારની ઓરડીમાં ચાલ્યો જતો.

આજે ગુલાબનો નાટકનો દિવસ હતો. બા જમીને સોપારી ખાવા હીંડોળા ઉપર બેઠી હતી; શીવલી તેની પડખે બેઠી હતી. ગુલાબે મદારીનો, ભિખારીનો અને ટેલિયાનો, બધા પાઠ ભજવી લીધા. આજે હવે ગુલાબ એક નવો પાઠ ભજવવાનો હતો. ઘરમાંથી એક કાળિયું લઈ ગુલાબે સાફો બાંધ્યો; કેડ ઉપર એક દોરી બાંધી, તેમાં તલવાર તરીકે લાકડી ખોસી અને આવીને રાજાનો પાઠ છે એમ જાહેર કર્યું. બા રાજાને જોઈ હસી પડી અને પૂછ્યું: "રાજા સાહેબ! તમારી રાણી કયાં?" "રાણી અમારા મહેલમાં છે." ગુલાબે જવાબ આપ્યો. બા ફરી વાર હસી પડી. લગભગ દરરોજ નાટક જોતી શીવલીને આજે પાત્ર મળી ગયું. એ હીંડોળા ઉપરથી ઊભી થઈ ગઈ અને કહ્યું: "હું રાણી થઈશ." અને કોઠારની ઓરડીમાં વેશ બદલવા માટે ઊપડી. બાના મોઢા ઉપરથી હસવું સંતાઈ ગયું અને ગંભીરતા આવી ગઈ. તેણે ચાલી જતી શીવલીને ટોકી અને કહ્યું: "હેં? એમ બોલાય?" શીવલી શરમાઈ ગઈ. તે પાછી આવી હીંડોળા ઉપર બેસી ગઈ. ગુલાબનો પણ રાજાના પાઠમાંથી રસ ઊડી ગયો અને બધું લપેટી લેવા કડમાંથી તલવાર કાઢી જરા લડી લીધું અને તે દિવસનું નાટક પૂરું થયું.

: ૨ :

"બા, બા!" કરતી શીવલી શ્વાસભેર ઘરમાંથી દોડી આવી અને બાની પાસે બેસી ગઈ. એની પાછળ દોડતો દોડતો ગુલાબ આવ્યો. ગુસ્સાથી ગુલાબનું મોઢું લાલ થઈ ગયું હતું. ગુલાબ આવ્યો એટલે શીવલી જરા સરકીને

વધારે બાની નજીક ગઈ. "શું, છે ? ધમસાણ કેમ આદર્યું છે અત્યારના પોરમાં ? બસ રજાને દિવસે આ જ કરવાનું સૂઝે છે ? આ કરતાં તો નિશાળ સારી." બાએ ખીજાઈને કહ્યું.

"બા ! હું ના પાડું છું તોય શીવલી છોકરાઓની સાથે આવીને રમે છે. મેં એને કેટલીય-વાર ઘરે આવવાનું કહ્યું તોય નથી આવતી અને વાગશે કે પડી જશે ત્યારે પછી તું અમને વઢવા આવીશ." ગુલાબે પૂરું કર્યું અને બાની સોડમાં ગયેલી શીવલી સામે જોયું.

"વાહ ! આ તો તું બધા છોકરાઓનું ઉપરાણું તાણીને આવ્યો લાગે છે ? શેરી તો બધાંની છે તે બધાંય રમશે, સમજ્યો ? તમારી છોકરાઓની એકલાની નથી." બાએ ગુલાબને સીધો જવાબ આપ્યો.

"પણ ત્યાં બધા રમે છે તે એને વાગી જશે, એટલે અમે તો કહીએ છીએ." ગુલાબે પોતાનું પહેલું હથિયાર અફળ થતું જોઈ જરા ગુસ્સાથી કહ્યું.

"વાગી જશે કેમ ? જરા જાળવીને રમી-એને ? શેરીમાં બસ તમે જ બધા રમવાવાળા થઈ ગયા, તે બીજા કોઈને હાલવું, ચાલવું કે રમવુંયે નહિ ?" બાએ કહ્યું.

આ બધું સાંભળી ગુલાબ ધૂંવાપૂંવા થઈ ગયો. શીવલી શેરીમાં છોકરાઓની સાથે રમવા ન આવે માટે તેની પાસે 'એને વાગી જશે' એવી સબળ દલીલ હતી તે બા પાસે મૂકી; પણ તે નિષ્ફળ જતાં તે બીજ્યો અને "ઠીક ત્યારે હવે ભલે આવે, અને ભલે માથું ફૂટી જાય. મારે શું છે ?" એમ કહી બીજમાં ને બીજમાં ઘરની બહાર ઊપડ્યો.

"એય, કયાં ચાલ્યો ?" બાના સાદે ગુલા-બને ઉભો રાખ્યો.

"બા'ર." એમ કહી વળી રીસાયેલો ગુલાબ ઊપડ્યો. પણ એનો પગલાં ઢીલાં થઈ ગયાં હતાં. "ચાલ, આમ આવ. મારે તને રમવા જ નથી જવા દેવો." બાએ હુકમ કર્યો. ગુલાબ ઉભો રહ્યો. "ચાલ આવે છે કે નહિ ?" બાના હુક-મમાં ધમકી ભળી. ધૂંધવાયેલો ગુલાબ પાછો ફર્યો અને ધબ્બ દઈને બાંકડા ઉપર બેસી ગયો. "લ્યો, ભાઈનો મિજાજ જુઓ મિજાજ ! શીવલી બહાર જશે તો માથું ફૂટી જશે, એમને ? ને તું યે કાંઇ ઓછી નથી તો ?" પડખે બેઠેલી શીવલી ઉપર હાથ ઉગામતાં બાએ કહ્યું. શીવલી ગભ-રાઈ ગઈ અને જરા આઘે સરકી ગઈ. "મેં તને કેટલી વાર કહ્યું છે કે તારે એ બધા રમતા હોય ત્યાં ન જવું ? આ પડખેના ઘરમાં જુએ છે કે નહિ ? બધી તારી તારી જેવડી જ છેને ? પણ કોઈ જાય છે તારી જેમ ત્યાં રમવા ? અહીં ઘરમાં, ચોકમાં કે ઓટલા ઉપર ન રમાય ? પણ આ તો જ્યાં ઓલ્યો ઊપડ્યો ત્યાં ગઈ જ છે. જાણે પૂંછડું ! વળી છોકરીઓ કયાં ઓછી છે. તે ત્યાં રમવા જાય છે ? ને અહીં પાછી ઓલ્યો કહે છે તોય માનતી નથી ? ખબરદાર, હવેથી ત્યાં રમવા ગઈ છે તો ! રમવું હોય તો અહીં ઘરમાં કે પડખેની છોકરીઓ સાથે રમવું. સમજી ? ઘરમાં તો ટાંટિયો ટકતો જ નથી !" બાએ કહ્યું અને ફરી વાર હાથ ઉગામ્યો. શીવલી બીકની મારી આંખ મીચી ગઈ અને બે હાથ વચ્ચે ગાલ ઢાંકી દીધા. બાએ બન્નેને વઢીને બન્નેનો ન્યાય કર્યાનો દમ ખેંચ્યો.

થોડી વાર પછી શીવલી પણ ત્યાંથી ઊભી

થઈ અને બાંકડા ઉપર બેઠી. એક છેડે ગુલાબ અને બીજે છેડે શીવલીઃ શેની સજા થઈ છે એ સમજ્યા વિના ગોઠણ ઉપર માથું ટેકવી બન્ને મનમાં ધૂંધવાતાં બેસી રહ્યાં. પ્રહ્લાદ.

કેળવણી વિષે વિચારો

૬ શિક્ષણ અને સ્વાતંત્ર્ય

[દસમા અંકના ૧૩૪ મા પાનાથી ચાલુ]

ગયા હપ્તામાં આપણે જોઈ ગયા કે કેળવણીમાં સાધન અને સાધ્યના ભેદની દૃષ્ટિ આપણે હજુ હમણાં જ કેળવી, અને શિષ્ય ને સાધ્ય બનવા કે બનાવવા સામે આપણે તાત્ત્વિક વિરોધ કર્યો; અને એ પણ જોયું કે એમ કરવા માટે જે વસ્તુની જરૂર છે તે સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિ છે. એટલે આપણે આ પ્રકરણમાં સ્વાતંત્ર્યનો વિશાળ તેમ જ કેળવણી પરત્વેનો અર્થ સમજવા પ્રયત્ન કરીશું.

કેળવણી અને સ્વાતંત્ર્ય એ બે શબ્દોના એટલા બધા જુદા જુદા અને વિચિત્ર અર્થો થયા છે કે ઘણી વાર આપણને એમ પણ લાગી જાય કે આમાં સાચું શું? કેટલાએક લોકોનો એવો ખ્યાલ હોય છે કે કેળવણીમાં સ્વાતંત્ર્ય એટલે શિષ્ય અને શિક્ષકને ફાવે તે કરવાની છૂટ. વળી કેટલાક તો સ્વાતંત્ર્યને નામે સ્વચ્છંદ, આળસ અને ઉછાંછળાપણું પોષતા જોવામાં આવે છે. કેટલાક લોકો એમ માને છે કે કેળવણીમાં સ્વાતંત્ર્ય એટલે રાજકીય સ્વતંત્રતાની કેળવણી. એટલે આ અને આવા ઘણા વિચિત્ર વિચારો ધરાવનાર માણસો કેળવણી વિષે ઘણી જ બેહૂદી કલ્પનાઓ અને સ્વાતંત્ર્ય વિષે એથી પણ વધુ પ્રાણઘાતક વિચારો ધરાવતા જોવામાં આવે છે.

કેળવણીનો પ્રશ્ન અલગ રાખીએ તો પણ સ્વાતંત્ર્ય વિષે વિચાર કરવો અને એ વિચારમાંથી સારાસાર તારવી કાઢવો એ અઘરું છે, એટલું જ નહિ પણ ઘણી-

ઉપરીઓને જ્યારે નવીન શિક્ષણમાં કંઈ સૂઝતુ હોતું નથી ત્યારે તેઓ નવીન શિક્ષણપદ્ધતિનો દ્રોહ કરે છે, નવા શિક્ષકને ઉતારી પાડવા મહેનત કરે છે અને તેમ કરતાં શિક્ષણનું કામ છોડીને ખટપટના કામમાં પડે છે. ઘણા વખતથી સ્થિર થયેલા એવા જૂના અધિકારીઓ લોકોને પ્રિય અને વિશ્વાસુ લાગેલા હોઈ નવા શિક્ષકોનું કોઇ સાંભળતું નથી અને વારંવાર તેમને પાછા પડવું પડે છે. પણ હું તો નવો શિક્ષક તેને જ કહીશ કે જે આ ખટપટથી ખરડાયા વિના પોતાની શુદ્ધિ જાળવે; હિંમત અને શ્રદ્ધાથી સહન કરતો કરતો પોતાનો માર્ગ કાપે. નવીન શિક્ષક જ્યારે ખટપટથી, દ્રોહથી અને નિંદાથી જૂના ઉપરીઓને હઠાવવા માગશે ત્યારે તે પોતે જ પાછો હઠશે. તેનો વિજય તો માત્ર શિક્ષણ અને બાળકોની સાચી સેવા અને ઉપાસનામાં છે.

ભૂલસુધાર

ગયા અંકના ૧૭૫મા પાનાના બીજા કોલમની છેલ્લી લીંટીમાં The Hall of Horses છપાયું છે તેને બદલે The Hall of Heroes વાંચવું.

ખરી વાર જોખમભરેલું (risky) પણ છે. હું જોખમભરેલું એટલા માટે કહું છું કે એ વિષયના નિર્ણયોમાં જરા પણ ભૂલ થાય તો તે ઘણી જ લાંબી અસર કરનાર અને ઘણીયે વખત પ્રાણહાનિ કરનાર થઈ પડે.

સૌ પહેલાં જો આપણે સ્વતંત્રતાનો વિચાર કરીએ તો તે યોગ્ય જ થશે. મેં ઉપર કહ્યું તેમ સ્વાતંત્ર્યના અર્થ લગભગ વ્યક્તિ પરત્વે જુદા જુદા જડે છે. પણ એ બધા અર્થો, એ બધી વ્યાખ્યાઓથી પર જંતી વ્યાખ્યા, જો આપણે ન શોધી શકીએ તો આપણે કદી સ્વાતંત્ર્યનો સિદ્ધાંત કેળવણીમાં ન જ વાપરી શકીએ. આપણા ઉપયોગપૂરતો તો એ અર્થ આપણે સ્પષ્ટ કરી લેવો જ રહ્યો.

ત્યારે એ અર્થ કયો?

મેં આગળના હપ્તાઓમાં કહ્યું છે કે કેળવણી એ જીવનસ્પર્શી હોવી જોઈએ. હવે આ જીવનસ્પર્શી કેળવણીમાં શિષ્યને વધવાનું છે, વિકસવાનું છે; અને આ વિકાસને અનુરૂપ થાય એ જાતનું શિક્ષકનું વર્તન અને વાતાવરણ એ શિષ્યનું સ્વાતંત્ર્ય કહેવાય. પણ હજુ આ અસ્પષ્ટ રહે છે; વધુ સ્પષ્ટ કરીને કહીએ તો શિષ્યના સાચા જીવનપ્રવાહને જે અનુકૂળ પડે તે સ્વાતંત્ર્ય. પણ આ વ્યાખ્યાને પણ સમજવી પડે એમ છે. મેં 'સાચો જીવનપ્રવાહ' કહ્યો છે કારણ કે જીવનના ઉપલક્રિયા વિકાસની પાછળ કદાચ બીજું કંઈ પણ હોઈ શકે છે. ઘણી વાર શિષ્ય વિકાસ કરતો જ નથી હોતો; માત્ર જીવે જ છે.* ત્યારે હવે 'વિકાસ' અને 'માત્ર જીવવું' એ બેનો ભેદ શિક્ષકે સમજવાનો છે, અને એ પ્રમાણે સ્વાતંત્ર્યનું વાતાવરણ એણે રચવાનું છે.

પણ આ તો શિક્ષક પરત્વેની વાત થઈ. પણ આનાથી વધુ ઝીણવટ અને આંટીઘૂંટીવાળી વાત શિષ્યના સ્વાતંત્ર્યની છે. મેં આગળ કહ્યું તેમ માણસ ઘણીયે વાર પોતાના મનની ઊભી કરેલી કલ્પના પ્રમાણે સ્વાતંત્ર્યના સિદ્ધાંતને ઘટાવે છે. એટલે એવું પણ બનવા સંભવ છે કે માણસની પોતાની સગવડ, અને પોતાની બીજી કોઈ પણ હાનિકારક વસ્તુને પોષવા માટે એ ઘણીયે વાર સ્વાતંત્ર્યના ઓઠા નીચે જીવવા પ્રયત્ન કરે છે. ઘણી વાર શિષ્યની બાબતમાં પણ એમ જ બનવા સંભવ છે. આ સ્થળે એક બીજી વાતની સ્પષ્ટતા કરવાની પણ જરૂર રહે છે. ભાષાના કારણે આપણે એમ બોલતા લખતા થયા છીએ કે 'સ્વાતંત્ર્ય આપવું.' અથવા લેવું.' બરી વાત તો એમ છે કે સ્વતંત્રતા કાંઈ કોઈની આપી અપાતી નથી. બાળક નાનું હોય છે ત્યારે એને ચાલતાં શીખવાનું કંઈ બાસ સ્વાતંત્ર્ય આપણે આપતા નથી, તેમ જ બોલતાં શીખવાની એ કંઈ સ્વતંત્રતા લેતું નથી. એ તો એના પોતાના ક્રમ પ્રમાણે અને પોતાની રીતે ચાલતાં બોલતાં શીખે છે; જ્યારે આ સ્વાતંત્ર્ય આપવા અને લેવાનો પ્રશ્ન તો પાછળથી ઊભો થાય છે. ત્યારે આ પ્રશ્ન ઊભો થાય છે એ જ બતાવે છે કે આપણે બાળકની શરૂઆતની જિંદગી ઉપર કંઈ નવું-અને કદાચ બરાબ-એવું કંઈક બંધન મૂકયું છે, અને આજે એ બંધન કેટલું છોડવું અથવા કેમ છોડવું, વગેરે બાબતમાં મૂંઝાઇએ છીએ. એટલે આ સ્વાતંત્ર્યનું તત્ત્વ શિષ્યોમાં તો પહેલેથી જીવન

* He vegetates, does not grow.

સાથે જ જડાયેલું છે. માત્ર વાત એટલી જ કે શિક્ષક તેને એટલે એ બળને કઈ રીતે એ જ બાળકના વિકાસનાં કામે લગાડવું એ સમજ્યો નથી હોતો, એટલે જ આવડી મોટી મુશ્કેલી એને લાગે છે.

આ ઉપરાંત 'શિક્ષક અને શિષ્ય'થી બહારના વાતાવરણનું સ્વાતંત્ર્ય કે પરાધીનતાનો વિચાર કરીએ તો એટલું તો અહીં જરૂર કહી શકાય કે સમાજ, રાજ્ય, ધર્મ વગેરેના મતાગ્રહોથી શિક્ષકનું મન ને શાળાનું વાતાવરણ જેટલું પર રહે એટલું વધુ ઇષ્ટ છે. એટલું જ નહિ પણ હું તો આગળ જઈને એટલે સુધી કહું કે શિક્ષકે પોતાના સારા ખરાબ બધા મતો અને મંતવ્યો પોતાની પાસે જ રાખવાં, અને શિષ્યને બધી જ ચાલુ પરિસ્થિતિનો પોતાની મેળે જ વિચાર કરવા દેવો; એટલું જ નહિ પણ એ કરવામાં મદદ કરવી.

પણ આ બધાની સાથે લાલબત્તી એ જ બતાવવાની કે, શિષ્ય કે શિક્ષકના પોતાના જીવનમાં સાચું જીવન છે, કે ખોટી જડતા અને 'માત્ર જીવવાની' વૃત્તિ છે? આ બે વસ્તુ વચ્ચેનો ભેદ પારખવો એ મુશ્કેલ વસ્તુ છે. ઘણો અનુભવ, ધીરજ અને આત્મપરીક્ષણ માગી લે એવી આ વસ્તુ છે. પણ આ બધા જ ગુણો જો શિક્ષક ન કેળવી શકે તો પછી એ વિદ્યાર્થીને જીવનપંથે કઈ રીતે લઈ જવાનો જ છે? એટલે આ સ્વાતંત્ર્યનો સિદ્ધાંત દેખાય છે એટલો સહેલો નથી એટલું જ નહિ, પણ એ સિદ્ધાંતનું અનુસરણ કરવામાં શિક્ષક ઘણો જ ચતુર અને આત્મપરીક્ષણશીલ હોવો જરૂરનો છે.

આવતા અંકમાં આપણે જોઈશું કે આ જાતના સિદ્ધાંતોને ચલાવવા અને સફળ કરવા માટે શિક્ષક કેવો હોવો જોઈએ. ન.

બાળકો અને શિયાળો

આપણે ત્યાં શિયાળામાં બાળકોના પોશાક ખોરાક વિષે કેટલીએક માન્યતાઓ અને રીતો છે, જેમાંની ઘણીયે ફરી વિચારી જવા જેવી, એટલું જ નહિ પણ સુધારા કરવા લાયકની છે. મોટેરાંઓ પણ ઘણીયે વાર શિયાળામાં ઘણી જ વિચિત્ર રીતે બાળકોને હેરાન કરે છે. મોટેરાંઓ પોતાને લાગતી ઠંડીના પ્રમાણથી બાળકોને "બહુ ઠંડી લાગશે." એમ કહીને ઘણીયે વાર વધુ કપડાં પહેરાવે છે; અને પરિણામે બાળકની સ્વતંત્ર હિલચાલને અટકાયતરૂપ બને છે. એટલે આ અને આવા નાના નાના પ્રશ્નો ઉપર આપણે જરા વધુ સ્પષ્ટ રીતે સમજી લેવું યોગ્ય છે.

કપડાં પહેરવાનો ઉદ્દેશ શરીરની ગરમી જાળવી રાખવાનો, અને બહારના વાતાવરણના જુદા જુદા ફેરફારોમાંથી બચવાનો છે માણસ શિયાળામાં બીજાં જનાવરો જેમ વાળ નથી ઉગાડી શકતો; અથવા વળી બીજાં કેટલાંએક પ્રાણીઓની જેમ ઘણા મેદનો સંગ્રહ કરીને 'શિયાળાની લાંબી ઊંઘ' પણ નથી લઈ શકતો. એણે તો શરીરની ગરમી ટકાવી રાખીને કામકાજ કર્યે જ છૂટકો.

પણ આ કપડાં પહેરતાં પહેલાં એક બે વિચારો કરી લેવા જરૂરના છે. એક મેં આગળ કહ્યું તેમ શરીરના અવયવોની અને ખાસ કરીને

શ્વાસોચ્છવાસની ક્રિયાને જરા પણ હરકત ન નડે એ ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. ઘણીયે વાર આપણે જાણતા નથી હોતા એમ આપણે બાળકને વધુ કપડાં અને ઘણાં જ તંગ કપડાં પહેરાવીને તેમની શ્વાસ લેવાની ક્રિયાને હરકત પહોંચાડીએ છીએ.

બીજી વાત એ છે કે પ્રસ્વેદ દ્વારા મેલ અને શરીરના નકામાં તત્ત્વો–ઝેરોને બહાર કાઢવાનું ચામડીનું કામ ન અટકે એવી જાતનાં કપડાં પહેરાવવાનો–પહેરવાનો પ્રબંધ થવો જોઈએ. મૂળે જ શિયાળાને અંગે ચામડી પોતાના એ કાર્યમાં શિથિલ હોય છે. એમાં જો આપણે ઘણાં જાડાં અને એ ક્રિયા અટકાવે તેવાં ઘણાં જ ચપોચપ કપડાં પહેરાવીએ તો તે નુકસાન કરે છે. અને સામાન્ય સળેખમ એ ઝેરોને ચામડી વાટે નહિ નીકળવા દેવાના પરિણામે 'કુદરતના વિરોધ'ને લઈને થતું હોય તો નવાઈ નહીં. ચામડીને વધુ નિરોગી રાખવી હોય અને તેના કામમાં મદદ કરવી હોય તો બાળકોને અંદરનાં કપડાં ઝીણાં અને ઉપર એકાદ ગરમ કપડું એમ પહેરાવવું. બીજું, ચામડીને ઘણી જ ઘસીને અને સ્વચ્છ હવામાં શરીરને રાખવાથી પણ તે ઘણી નિરોગી બની શકે. રાત્રે સૂતી વખતે બાળકને ઘણાં જ ભારે અને વજનદાર ગોદડાં કે કામળા ન ઓઢાડતાં તેને હલકાં અને ગરમી જાળવી રાખે તેવાં ઓઢવાનાં આપવાં જોઈએ. ઘણું ભારે ઓઢાડવાથી શરીરનું લોહી બરાબર ફરી શકતું નથી. એટલે આ ઉપરથી એટલું તો ચોક્કસ જ કે બાળકોને વધુ કપડાં પહેરાવવાં એ એમને માટે ઘણું જ નુકસાનકર્તા છે. બીજી વાત એ છે કે મોટાંઓ ઘણી વાર બાળકોના હાથપગ જોઈને–અડીને એમ ધારે છે કે બાળકોને ઠંડી લાગે છે, કારણ કે બાળકોના હાથ પગ ઘણીયે વાર 'બરફના કટકા' જેવા ઠંડા હોય છે. જ્યારે ખરી વાત એમ છે કે બાળકોને મોટાં જેટલી ઠંડી લાગતી જ નથી. હાથ પગ ઠંડા હોય છે તેનું કારણ તેઓ પોતે નાનાં હોય છે અને તેથી પોતાની ગરમી બરાબર સાચવી શકતાં નથી. ઠંડા હાથ પગનો ઈલાજ કપડાં પહેરવાં એ નથી.

કપડાં ઉપરાંત બીજી બે અગત્યની વસ્તુઓ, તે સ્વચ્છ તાજી હવા અને ખોરાક છે. સ્નાન અને કસરત એ જરૂરી વસ્તુઓ છે પણ એ વિષે અહીં બહુ ન લખીએ. શિયાળામાં ઉનાળા કરતાં પણ તાજી હવાની વધુ જરૂર છે. પણ ફરફરાટ પવન કરતાં ધીમું પણ સારું હવાબારું વધુ પસંદ કરવા જેવું ગણાય.

હવે ખોરાકની વાત. ખોરાક વિષે પણ કેટલીએક ગેરસમજણો ચાલુ છે. શિયાળામાં આપણા શરીરમાં ખોરાક દ્વારા ગરમી પેદા કરવાની જરૂર છે એ વાત સાચી; પણ એની સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવી વાત છે કે ખોરાકમાંથી ઉત્પન્ન થતા નકામા પદાર્થો–મલમૂત્રાદિને કાઢી નાખવાની ક્રિયા પણ એટલી જ અગત્યની વાત છે. અને શિયાળામાં કચરો કાઢવાની ક્રિયા ધીમી હોઈને ખોરાકનો કચરો પૂરતો બહાર નથી આવતો. એટલે ટૂંકમાં ખોરાક નાખવા સાથે જ એનો કચરો કાઢવા ઉપર આપણે પૂરતું ધ્યાન રાખવું જોઈએ.

બીજી અગત્યની વાત વિટામિનવાળી–પાસ કરીને દવા અથવા તૈયાર ખોરાકો જેવી વસ્તુઓ વિષે છે. બાળકોને એવી તૈયાર

વિટામિનવાળી વસ્તુઓ આપવી એ સારું નથી; કારણ કે જેમ ઝાડપાનમાં પોતાનામાં જ વિટામિન સંગ્રહ કરવાની શક્તિ છે તેમ જ મનુષ્યના શરીરમાં પણ તે હોવાનો સંભવ છે. સારો પોષણદાયી ખોરાક એ જ પૂરતો છે. દુઃખની વાત છે કે આ વિષય ઉપર હજુ પૂરતો વિચાર નથી થયો, અને પૂરતી શોધખોળો નથી થઈ.

આ તો માત્ર રૂપરેખા જેવી, માત્ર અંગુલિનિર્દેશની વાત થઈ, પણ દરેક માણસ સહેજ જ બુદ્ધિ વાપરીને પોતાનાં બાળકો વિષે શિયાળાનો વિચાર કરી શકે, અને પરિણામે નાના નાના છતાં ગંભીર એવા રોગો અટકાવી શકે.

જ.

[અંગ્રેજી પરથી સૂચિત]

કાર્યક્ષેત્રમાં આવું ભણતર

આજકાલ ભણવું એટલે મોટી મોટી ચોપડીઓ વાંચવી, ગોખણપટ્ટી કરવી, મોટા મોટા વિષયો ઉપર લેખો લખવા, વાક્‌ચાતુર્યથી બીજાને મહાત કરવા ને પદવીઓ મેળવવી; બસ, એટલામાં ભણતર પૂરું.

સામાન્ય રીતે આવા ભણેલા માણસો ગંભીર વ્યાખ્યાનો આપી શકે, શિક્ષણપદ્ધતિઓની ફિલસૂફીનાં ગપ્પાં હાંકી શકે, વિજ્ઞાનના વિષયોની ઊંડી ઊંડી વાતો કરી શકે; પણ જ્યારે તેઓ કામ કરવા બેસે ત્યારે પરિણામ શૂન્ય જણાય છે.

એટલે મારું કહેવું એમ નથી કે વાંચવું અને ભાષણો સાંભળવાં એ નિરર્થક છે. તેની ઉપયોગિતા પણ કાંઈ ઓછી નથી. કોઈ પણ કાર્ય કરવું હોય તો પ્રથમ વાંચીને કે સાંભળીને તેની માહિતી મેળવવી જોઈએ; ત્યાર પછી જ મનુષ્ય કામ કરવા ઉદ્યુક્ત થઈ શકે. માહિતી મેળવી એટલે કાર્યમાં નિષ્ણાત થયા એમ માનવું એ એટલું જ ભૂલભરેલું છે. કાર્યમાં પ્રવીણ તો ત્યારે થવાય કે જ્યારે કામ હાથ ધરી, તેનું વારંવાર પુનરાવર્તન કરી, તેમાં નડતી મુશ્કેલીઓને વિચારપુરઃસર દૂર કરી, તેમાં યોગ્ય સુધારા કરી, જ્યારે આપણે પૂર્ણ સફાઈ લાવી શકીએ ત્યારે જ.

હાલના જમાનામાં મનુષ્યો નર્યા વાચનને ભારે મહત્ત્વ આપે છે. તેથી જ મોટી મોટી પદવી સંપાદન કરીને પણ નોકરીને માટે ફાંફાં મારવાં પડે છે. પદવી મેળવેલા માણસો અમુક જ જાતનું કામ કરી શકે છે, તેથી જ ઉદરપોષણાર્થે તેમને અટવાવું પડે છે. કેળવણી સર્વદેશી બને—શારીરિક, માનસિક અને આધ્યાત્મિક શિક્ષણ વિવેકપુરઃસર અપાય, ત્યારે જ મનુષ્ય સ્વતંત્ર બને; ત્યારે જ કેળવણી અને કાર્ય વચ્ચે ઐક્ય સધાય. નહિ તો અત્યારે જેમ કેટલાએક કેળવાયેલા મનુષ્યોનું આચરણ કેળવાયેલું નથી હોતું, તેમ કેળવણી અને આચાર બન્ને પૃથક્ પૃથક્ રહે. એવી કેળવણી નિષ્ફળ ને નિરર્થક ગણાય (આચરણ એટલે માત્ર નૈતિક આચરણ જ નહિ). એવી કેળવણી એટલે નિષ્પ્રાણ ખોખું. અહીં કેળવણી સર્વદેશી છે, એવું મને લાગે છે.

શારીરિક આરોગ્યવર્ધક કામો સોંપાયાં છે; માનસિક કામનો ઘસારો પૂરવા માટે કામો સિવાય રમતની યોજના પણ છે. એમાંથી શુદ્ધ આનંદ, ચપળતા, સ્ફૂર્તિ અને નવીન બળ મળે છે.

(આસપાસનું વાતાવરણ શાંત, કલામય

ને નિસર્ગ-સૌંદર્યથી પૂર્ણ છે). આ વસ્તુ પણ બુદ્ધિવિકાસનું સહાયક અંગ છે. સવારના ત્રણ કલાક વાચન લેખનની પ્રવૃત્તિ ચાલે છે. જુદાં જુદાં માસિકોમાં લેખો લખવાના હોય છે. હમેશાં આચાર્યો અધ્યાપકોની વાતોમાંથી કંઈ ને કંઈ બુદ્ધિવિકાસને પોષક તત્ત્વ મળી આવે છે.

આ બધી વસ્તુઓમાંથી શક્તિ અનુસાર સહેજે બુદ્ધિવિકાસ સધાય છે.

આ બધું કાર્યક્ષેત્રમાં ન ગણાય, એમ કહીએ તો પણ એને કાર્યની બહાર કેમ મૂકી શકીએ ? એ પણ કાર્ય તો છે જ.

આટલું પિષ્ટપેષણ કર્યા પછી મૂળ વસ્તુ પર આવું છું.

બાલમંદિરમાં દાખલ થયા પછી પ્રથમ આસપાસની પરિસ્થિતિ જોવાનું કાર્ય સોંપાયું.

આ વખતે બાળકોના હલનચલનમાં રહેલી શાંતિ મને સ્પર્શી. શાંતિથી કેમ ચલાય તેનો પ્રયત્ન શરૂ થયો. વસ્તુઓને લેવા મૂકવાની સુરમ્ય ઢબ હાથ લાગી. બારણાં કેમ ઉઘાડવાં બંધ કરવાં કે જેથી શાંતિનો ભંગ ન થાય એ સમજાયું. ધીમે ધીમે આચરણમાં ઉતરવા લાગ્યું આચરણમાં ન ઉતારીએ તો ચાલે જ નહિને ?

બધાં છોકરાં સંગીત પટ્ટા પર શાંતિથી એક મોટા યોગીની પેઠે બેઠાં હોય; અન્ય મનુષ્યો યોગ્ય સ્થળે મૌન મુદ્રાથી બેઠાં હોય; સતારમાંથી સંગીત મધુર સ્વરે ઝણઝણી ઊઠયું હોય; એ નાદે ઓરડામાં સર્વત્ર શાંતિ પ્રસરાવી હોય; આ નાદની ધૂનમાં બધાં ધ્યાનસ્થ થયાં હોય; આ શાંતિમાં બારણાંનો ખડખડાટ હૃદયમાંના શલ્યની પેઠે કેવો સાલે ? એકાદ પાંદડાંનો અવાજ કેવો કર્ણકટુ લાગે ? બસડપસડ ચાલતા માણસના પગનો અવાજ કેવો અકારો લાગે ? આ બધું સહજ સમજાય એવું છે.

બાલમંદિરના અધ્યાપનમંદિરમાં દાખલ થનાર દરેક વિદ્યાર્થીને પ્રથમ વાળવાના—ઝાડુના કાર્યમાંથી પસાર થવું પડયું હશે. મને પણ તે જ કામ સોંપાયું. એટલે ઓરડાની સ્વચ્છતામાં ધ્યાન આપવું, સહેજ પણ કચરો પડે કે ચરક પડે તો સાફ કરવું, કોઈ વખતે કામ કરનાર ન આવ્યું હોય તો સંજવારી કાઢવી : આ એક કામ સોંપાયું.

આ કાર્યમાં સહેજ પણ ગફલત થાય તો ગિજુભાઈ આવીને કહે: " જુઓ પણે..... કચરો પડ્યો." અથવા પોતે જ ઉપાડે. એટલે જાગૃતિ રાખ્યા વિના છૂટકો જ નહિ.

કામ ઘણું નાનું સૂનું, પરંતુ તેની અંદરથી કેળવાતી શક્તિ ઘણી મોટી. આ જાગૃતિ માણસમાં એક વખત આવી એટલે તેવા માણસને ગમે તેવું જોખમભરેલું કામ સોંપવામાં વાંધો આવે જ નહિ. પછી ભલેને એકાદ વિજ્ઞાનના પ્રયોગનું કામ હોય કે કોઈ દરદીનો ગંભીર કેસ હોય ? વળી તેમાંથી ઉચ્ચ-ઉચ્ચતમ સ્વચ્છતાપ્રિય બનાય છે તે તો ગણવાનું મોકૂફ જ રાખું છું.

દિવસો જતા ગયા; આચાર્યશ્રી પિછાનતા ગયા તેમ મોટાં કામો સોંપાયાં.

પછી શણગાર, બાગકામ અને કલામંદિર, આ ત્રણે કામોનો વારો આવ્યો.

શણગાર શરૂઆતમાં વડ, પીંપર, લીમડા વગેરેનાં પાંદડાં લાવી ગોઠવતી.

ધીમે ધીમે કલાની દૃષ્ટિ બીલી. કેમ ગોઠવીએ તો સુંદર લાગે; કઈ જાતની વનસ્પતિનું

મિશ્રણ કરીએ તો સુંદર શોભે; એનો ખ્યાલ આવતો ગયો.

ગોઠવણની દૃષ્ટિ ઠીક વિકસી. આ કામમાં નિયમિતતા તો જોઇએ જ. જરા મોડું થાય તો ગડબડગોટાળો વધે. નાનાં બાળકો વખતે વખતે શણગાર આમતેમ ખેંચી જાય.

સંગીત શરૂ થાય; સઘળે શાંતિ પ્રસરી હોય. ટાંકણી પડે તેનોય અવાજ સંભળાય. એવે સમયે પાંદડાંનો ખડખડાટ શી રીતે થાય? એટલે સ્વતઃ નિયમિત થયા વગર છૂટકો જ નહિ.

રોજ રોજ નવી નવી વનસ્પતિનો પરિચય થાય; તેના ગુણધર્મો જાણવાના મળે, અને અવલોકનશક્તિ ખીલે.

આ એક આંતર લાભ છે.

બાગકામમાં બાડા ગાળવા, નવી માટી પૂરવી, પથરા લાવી કયારાઓ બનાવવા, નવા નવા રોપાઓ લાવી ઉછેરવા, પાણી પાવું, આખો બાગ સાફ રાખવો, આટલાં દેખીતાં કામો છે.

આ બધાં કામમાંથી શારીરિક શક્તિ કેળવાય એ તો સ્વાભાવિક જ છે. ચીવટ રાખી હમેશાં પાણી પાવું જ જોઈએ; એમાં પણ નિયમિત રહેવું જોઈએ.

છોડો જીવંત મનુષ્ય હોય તેમ જ્યારે તેમની સાથે વાતો કરું છું, પાણી સીંચું છું, ત્યારે જાણે હું અને છોડ જુદાં નથી એવું થઈ જાય છે. તે વખતે કેવો આનંદ આવે છે તે તો અનુભવી જ જાણે.

ભલે શારીરિક શક્તિ ન કસાય, ભલે વનસ્પતિનું વિજ્ઞાન ન શીખાય, ભલે બાગની બીજી મજા ન મણાય; માત્ર આવો આનંદ લેતાં શીખીએ એટલુંય બસ છે.

વનસ્પતિનું વિજ્ઞાન સહજ મળે એ શકય છે. કઈ વનસ્પતિ કેવી રીતે ઊગે છે, કોંટા ફૂટ્યા પછી કેવું રૂપ ધારણ કરે છે, ડાળાં પાંખડાં કેવી રીતે નીકળે છે, એનાં ફૂલો કેવાં હોય છે, એ પરથી એ કયા વર્ગની વનસ્પતિ છે, એ સિદ્ધ થાય છે.

નિત્યનવા ફેરફારો જોતાં અજબ આશ્ચય થાય છે; પ્રભુનું માહાત્મ્ય સમજાય છે. એમની અગાધ શક્તિનો વિચાર કરતાં એક એવા વિચારમાં લીન થઈ જવાય છે, કે કોણ જાણે કેમ, એ વિચારનો અંત નથી આવતો.

રોપ વાવ્યા પછી તે કયારે વધશે તેની ચિંતા રહે છે. રોજ રોજ એની સંભાળ લેવા છતાં જ્યારે એનો વિકાસ નથી જણાતો, ત્યારે તેને કાઢી નાખવાનું મન થાય છે. પણ ત્યાં તો એકાએક તેનો વિકાસ થયેલો માલૂમ પડે છે.

જ્યારે આપણે કોઈ કામ કરીએ ત્યારે તેનું ફળ ન જણાતાં કંટાળીને છોડી દઈએ છીએ. પરંતુ તેને જો થોડું જ જારી રાખીએ તો તેનું કંઈ ચમત્કારી ફળ દૃષ્ટિએ પડશે. કોઈ પણ કામ કે વિચાર પહેલાં ગુપ્તપણે દૃઢ થાય છે; પછી જ એ મૂર્તિમંત સ્વરૂપે આપણી સમક્ષ આવે છે. વનસ્પતિનું અવલોકન કરતાં એ નિયમ સ્વતઃ હાથ લાગે છે.

એવા ઘણા નિયમો અવલોકન ઉપરથી હાથ લાગ્યા છે. એક દૃષ્ટાંત આપીશ. એક વનસ્પતિનું અવલોકન મેં શરૂ કર્યું. જ્યાં જોઉં ત્યાં તેનું અવલોકન કરું. ઘણી વખત એ એક જ વનસ્પતિ જુદા જુદા સ્વરૂપમાં જણાતી. કોઈ ઠેકાણે એ જ વનસ્પતિનાં પત્રો ઘણાં મોટાં હોય; બીજે ઠેકાણે મધ્યમ; અન્ય સ્થળે અતિ સૂક્ષ્મ.

આ વનસ્પતિનું એટલે તેનાં ફૂલો, રંગો વગેરેનું સૂક્ષ્મ અવલોકન કરી વિચાર કર્યો તો સમજાયું કે "સૂક્ષ્મતામાં વિકાસ છે." એ જ વનસ્પતિનાં પાંદડાં ઝીણાં તથા દાંડીઓ પાતળી હતી ત્યારે તેનાં ફૂલોનો શણગાર વધારે સુંદર થતો, તેની ગોઠવણ પણ વધારે સારી થતી. ફૂલો મોટા પ્રમાણમાં હતાં.

આવા આવા ઘણા
કુદરતના કાનૂનો સૂઝે.

હવે કલામંદિર ઉપર આવીએ.

સ્વચ્છતા એ કલાનું અંગ છે; સ્વચ્છતા વિના કલા દીપે નહિ. ગમે તેવી સુંદર ગોઠવણ હોય છતાં ઉપસ્કરો ઉપર ધૂળ અને કચરો હોય, અગર એ સ્થળ બીજી રીતે અસ્વચ્છ હોય તો એ ગોઠવણ કોઈનેય સ્પર્શે નહિ, સુંદર લાગે નહિ.

આખુંય કલામંદિર સ્વચ્છ કરી ભીંતો કપડાથી સાફ કરતાં ઉપસ્કરો તદ્દન નાજુક હોવાથી ઘણી જ સંભાળ રાખવી પડે. નકસીદાર ચીનેમાંથી ધૂળ કેમે કરી ન જાય. એવી ચીજો લૂછતાં કંટાળો આવે; પણ શા કામનો ? ધીરજથી કામ કર્યે જ છૂટકો. વધારે ઉતાવળ કરવા જતાં કદાચ ફૂટી જાય; એટલે ધીરજ વિના તો ચાલે નહિ.

આ બધી વસ્તુઓના પરિચયથી કલાની ખરી ખૂબી સમજતાં થઈએ છીએ, કલાની દૃષ્ટિ ખીલે છે, સાચું સૌંદર્ય જોતાં શીખાય છે અને સાદાઈ ને નાજુકતામાં કલાની ખૂબી રહેલી છે એનું સચોટ ભાન થાય છે.

ગોઠવણની ખરી ચાવી અહીં ઉપસ્કરો ગોઠવતાં ગોઠવતાં જ હાથ લાગે છે. બાળકો જેમ સાધનો વાપરતાં વાપરતાં જ ઇંદ્રિયવિકાસ સાધે છે, તેમ જ અહીં થાય છે. એનો વિકાસ કયારે અને કઈ ઢબે થાય છે તેનું સંપૂર્ણ વર્ણન ન આપી શકાય.

અહીંની શાંતિ ખરી શાંતિ છે; ઠીક મજા પડે છે.

થોડા દિવસ ઉપર જ બાલદીઓ સાચવવાનું કામ સોંપાયું હતું. તેની સંભાળ કલાકે કલાકે રાખવી પડતી.

જીવનમંદિરનું કામ હાલ ચાલુ છે; એમાં લખવાની ઝડપ કેળવાય છે. જુદા જુદા લેખોના પરિચયથી ઠીકઠીક શું, સારું શું, ઉત્તમ શું, એ પારખવાની શક્તિ આવે છે.

મહા ગુજરાતમાં વસનારા આપણા ભાઈઓને બાળકોનું શિક્ષણ કેવું હોવું જોઈએ તેનો ખ્યાલ નથી. તેઓ બધું વેપારી દૃષ્ટિએ જોવા ચાહે છે, અને તેમ કરતાં પૈસા અને પોતાનાં બાળકોનો સ્વાર્થ બન્ને બગાડે છે. ખોટી પદ્ધતિએ ભણાવતા અને વધારે પગાર લેવા છતાં ઓછું કાર્ય કરતા વ્યાવહારિક દૃષ્ટિવાળા શિક્ષકોના હાથમાં જ આજે તો મહા ગુજરાતનાં બાળકો છે. આ સ્થિતિ મા-બાપો કરતાં પણ બાળકો માટે શોચનીય છે. છતાં, હું આશા રાખું છું કે મહા ગુજરાતમાં પણ ધીમે ધીમે નવી અને શુદ્ધ કેળવણીનું તત્ત્વ પેસશે અને ફેલાશે; ત્યાં સુધી તો આર્થિક દૃષ્ટિએ પરદેશ ખેડનાર કહેવાતા શિક્ષકોના હાથમાં મહા ગુજરાતનાં બાળકોનું ભાવિ છે.

બધા કાગળો આંકવાનું કામ મારે હસ્તક છે. ત્રણે માસિકોના કાગળો આંકતાં કઈ શક્તિ કેળવાતી હશે એની બહુ ઊંડી વાતો નહિ કરું. એટલું તો સ્પષ્ટ લાગે છે કે પહેલાં કરતાં હવે ઓછી શાહીથી આંકવું ગમે છે, અને લીંટીઓ ખૂબ ઝીણી હોય તો જ મજા આવે છે.

હાથના સ્નાયુઓની કેળવણી અને તેના પરિણામરૂપે ઝડપ વધતી હશે કે નહિ તેનો વિચાર વાચક કરી લેશે.

હાલ છત્રી અને જોડાની વ્યવસ્થા, પીપની વ્યવસ્થા અને કાર્યાલય, એ કામો નવાં છે. એટલે એમાંથી શું શીખ્યું છું તેની ફિલસૂફી પછી કોઈ વાર. કેળવણી વિષેના વિચારોમાં શું પરિવર્તન થયું એનો એક જુદો જ નિબંધ થાય, તેથી અહીં વાચકોને કંટાળો આપવો બંધ રાખું છું.

સ્વ૦ કમળાબેન

'શિક્ષણ પત્રિકા' ના ગ્રાહકોને

આ અંકે આપનું લવાજમ ખલાસ થાય છે.

આ અંકે આપનું નવમા વર્ષનું લવાજમ પૂરું થાય છે. આઠમા વર્ષનો આ બારમો–છેલ્લો અંક છે. ગયા અંકમાં કરેલી સૂચના મુજબ જે ગ્રાહકોએ પોતાનું લવાજમ–રૂપિયો એક, મનીઓર્ડરથી મોકલી ન આપ્યું હોય એમને તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૩૫ પહેલાં તુરત મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. લવાજમ મનીઓર્ડરથી મોકલી આપનાર ગ્રાહક વી.પી.ના ખર્ચમાંથી બચશે, અને તુરત અંક મેળવી શકશે. જે ભાઈબહેનો પોતે આવતા વર્ષથી ગ્રાહક તરીકે નીકળી જવા માગતાં હોય એમણે તેવા ખબર પણ તુરત લખી નાખવા કૃપા કરી તસ્દી લેવી. નહિતર એમને પણ ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે એમ સમજી વી.પી. થશે; અને જો વી.પી. પાછું વળશે તો અમારા કાર્યાલયને સવાત્રણ આનાનું ફોગટનું ખર્ચ થશે, અને નુકસાન થશે. આશા છે કે અમારી આ વિનતિ ગ્રાહકો લક્ષમાં લેશે અને ચાલુ રહેવા ન માગતા ગ્રાહકો વેળાસર ખબર આપશે. વ્યવસ્થાપક 'શિક્ષણ પત્રિકા'

આ બાપો

: લેખક :

ગિજુભાઈ

બાપોનો માટે શ્રી. ગિજુભાઈએ લખવા ધારેલ બાળાનું પહેલું પુસ્તક

કિં. ૦–૧૦–૦ : પોસ્ટેજ ૦–૨–૩

પુસ્તકની પ્રસ્તાવનામાંથી:—

"માબાપ થઇ જેવું એ એક વાત છે અને માબાપ તરીકે પોતાની ફરજો અદા કરી જાણવી એ બીજી વાત છે. જેઓ માબાપ થયાં હોય તેમ જ જેઓ હજી એ પદનાં ઉમેદવારો હોય તેમને બન્નેને આ પુસ્તક ઉપયોગી નીવડશે. × × જો પ્રજા આખી ઘોડિયામાં જ ઘડાય છે એ વાત સાચી છે, તો એ ઘોડિયાંની દોરી ખેંચવા માટે પણ અધિકાર મેળવવો પડશે."

—નાનાભાઈ

આ પુસ્તકના અનુસંધાનમાં બીજું પુસ્તક 'આ તે શી માથાફોડ!' વાંચો

વાર્ષિક લવાજમ રૂા. આઠ. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું,-અજીઝ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

સેવા અંક

૧૯૬૦

ઉંધું ઘાલીને ભણ્યા ક્યાં કરો?
શિયાળાની કડકડતી ઠંડીમાં
ગરીબ લોકોને ઉઠી ઉઠીને
કામે દોડવું પડે છે, તેમનાં
નાનાં બાળકોના ગાલ અને
હોઠ ફાટી જાય છે, ને તેમના
ઉઘાડા ડિલને ઠંડો પવન
લાગે છે, અને તેઓ બિચારાં
ટાઢે ધ્રૂજે છે; એ જોવા માટે
ઘરમાંથી બહાર તો આવો!
ઉંધું ઘાલી ભણ્યા ક્યાં કરો?

તંત્રીઓ
ગિજુભાઈ
અને
તારાબેન

: કાર્યાલય :
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર (કાઠિયાવાડ)

વહાલાં બાળકો,

હું જાણું છું કે તમને નવું નવું સાહિત્ય વાંચવું બહુ ગમે છે. ઘડીકમાં તમે કેટલુંયે સાહિત્ય વાંચી નાખો છો, અને નવા સાહિત્યની રાહ જોતાં બેસો છો. મારાથી જો અત્યારે બની શકતું હોત તો હું રોજ ને રોજ તમારે માટે નવું નવું સાહિત્ય પ્રગટ કરત અને દરેક સવારે તમે ઉઠો તે પહેલાં તમારે ઘેર મોકલી આપત.

ઈશ્વરની ઇચ્છા હશે તો એવું પણ બની આવશે. અત્યારે તો આ 'ભેટ અંક' તમને મોકલું છું. તમે તે સ્વીકારજો, વાંચજો, અને તમને કેવો ગમે છે તે લખી જણાવજો.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર તા. ૫-૧-૩૪

તમારો
ગિજુભાઈ

ભેટ આંક

શિક્ષણ પત્રિકા : ૧૯૬૦

સોમનાથને જોતાં

પ્રભાસપાટણમાં સોમનાથ મહાદેવનું મંદિર હતું. લગભગ હજાર વર્ષ પૂર્વેનું મંદિર. મંદિરને મંડપ હતો. મંદિરને માથે સોનાનો કલશ હતો. અને એ કલશ, દીવાદાંડી જેમ દૂરનજીકનાં વેપારીઓનાં વહાણોને સોરઠની સમૃદ્ધિની ખબર આપતો હતો.

અરબી સમુદ્રનાં મોજાં મંદિરના બાજેઠે અથડાતાં, અને સાગરનાં મોજાંઓનો ઘૂઘવાટ આરતીના ઘંટારવમાં ઘૂંટાતો. અને એની અંદર સવારસાંજે ઉગતી અને આથમતી.

ભારતની ઉત્તરેથી, દક્ષિણેથી, પૂર્વેથી અને પશ્ચિમેથી યાત્રાળુઓ આ તીર્થક્ષેત્રે ઉતરતા, અને સોમનાથને અભિષેક કરી એનું નમણ લેતા. સોમનાથની મૂર્તિને નમીનમીને પાછા વળતા પ્રવાસીઓ દેશદેશમાં મંદિરની સુંદરતાનાં અને મહત્તાનાં ગાન કરતા.

નગરનાં નરનારીઓ સવારે પૂજનમાં અને સાંજે આરતીમાં

મંદિરમંડપને ભરી દેતાં; મંડપ-સ્થંભોનાં ચિત્રોમાં અને ઝળહળાટમાં જીવંત ચિત્રો અને ઝળહળાટ ઉમેરતાં, અને મંદિરનો જયનાદ પોકારતાં.

કલ્પના કહે છે કે ઉત્સવે ઉત્સવે, સોમવારે સોમવારે, પર્વણીએ પર્વણીએ, હરેક પુણ્યદિને સોમનાથને આંગણે નોબત ગડગડતી અને શરણાઈના સૂર રેલતા. અગણિત નરનારીઓની માનવમેદની દરિયાને કિનારે, આંગણામાં, મંડપમાં અને મંદિરે એક અદ્‌ભુત રમ્ય દર્શન રચતી, અને મનુજ હૃદયમાં રહેલ ધર્મની લાગણીને પ્રગટ કરતી.

મહોત્સવે મહોત્સવે, મંદિરે મહાપૂજાઓ ભણાતી અને કમળપૂજાઓ થતી. ઉત્સવે ઉત્સવે દીપમાળાઓ થતી અને દેવદર્શન ઉમટતાં.

ઇતિહાસકારો, કલાધરો, વેપારીઓ, સોમનાથને આરે આવતા અને તેની સમૃદ્ધિ અને કલાનાં યશોગાન મુખપરંપરાએ વધારતા.

સોમનાથને આ ન ગમ્યું. સમૃદ્ધિને સંકેલીને ફરી વાર હિમાચલ ઉપર બેસી ભસ્મ લગાવી યોગ સાધવાનો સંકલ્પ કર્યો; અને ઇશ્વરની અકળ લીલાએ મહમદ ગઝનવીને કહ્યું: "જા, મારૂં અવતારકૃત્ય પૂરૂં થયું. હવે પત્થરના મંદિરને અને મૂર્તિને તોડી નાખ અને જગતને કહે કે હું હમેશાં પત્થરમાં નથી રહેતો. મને હવે મંદિરમાંથી મસ્જિદમાં લઇ જા." એવી સોમનાથની ઇચ્છા ન હોય તો આવી અકલ્પ્ય ઘટના બને જ કેમ ?

પછી તો મહમ્મદ ગઝનવીએ મંદિર તોડ્યું અને લૂંટ્યું.

અને તે દિવસથી સોમનાથનું મંદિર હતું ન હતું થયું.

આજે એ મંદિરનું તૂટેલું દહેરૂં એ જ સાગરને કિનારે ઉભેલું છે. પણ આજે તે ઝાંખું છે. એની મૂર્તિઓ તૂટી ગઇ છે. શંકરના બાણની જગાએ ખાડો છે. મંડપની ફરસોને સ્થળે ધૂળના ખાડાટેકરા છે. કહેવાય છે તેમ રત્નજડિત સ્થંભો આજે કાળ, વરસાદ અને પવનથી ખવાતા ખવાતા જૂની વાતોને સંભારતા ઉભા છે. મંદિરમાં આરતીના રવને બદલે બે પાંચ ચામાચીડિયાંની ચીસ સંભળાય છે. મંડપમાં સંહિતા ભણતા બ્રાહ્મણોને બદલે પાંચ સાત જુગારીઓનો જુગાર રમાતો નજરે પડે છે. હજારો માણસોની મેદનીથી ઉભરાતા આંગણામાં આજે ખડ અને પથરા પડ્યા છે. અને છતાં પુરાતન યોદ્ધા જેવું તૂટેલું મંદિર બીજાં પાંચ હજાર વર્ષ માટે કાળબળને કહેવા માટે પગ ખોડીને ઉભેલું છે.

તેની ધજા આજે નથી ફરકતી. તેના કલશના તેજને બદલે આજે ત્યાં અંધારાં છે. તેના 'હરહર મહાદેવ'ના જયઘોષની જગ્યાએ આજે ભયંકર શાંતિ છે.

એનો એ સાગર દિનરાત ધૂધવે છે, અને કિનારાનાં ધોળાં ફીણોમાં પોતાનું અટ્ટહાસ્ય મેળવીને માનવકૃતિને હસે છે.

એનો એ પવન આજે મંદિરના પત્થરો ઉપરથી વહી જાય છે; અને તેના સુસવાટમાં વચ્ચે વચ્ચે નિર્દયતાની કરુણ વાત કહી રહે છે.

એ જ સ્થળ આજે પ્રવાસીઓને હાથે જુદી જુદી નોંધો લખાવે છે; અને હું પણ એવી એક નોંધ નીચે પ્રમાણે લખી આવ્યો છું:—

મંદિરમંડપને ભરી દેતાં; મંડપ-સ્થંભોનાં ચિત્રોમાં અને ઝળહળાટમાં જીવંત ચિત્રો અને ઝળહળાટ ઉમેરતાં, અને મંદિરનો જયનાદ પોકારતાં.

કલ્પના કહે છે કે ઉત્સવે ઉત્સવે, સોમવારે સોમવારે, પર્વણીએ પર્વણીએ, હરેક પુણ્યદિને સોમનાથને આંગણે નોબત ગડગડતી અને શરણાઈના સૂર રેલતા. અગણિત નરનારીઓની માનવમેદની દરિયાને કિનારે, આંગણામાં, મંડપમાં અને મંદિરે એક અદ્‌ભુત રમ્ય દર્શન રચતી, અને મનુજ હૃદયમાં રહેલ ધર્મની લાગણીને પ્રગટ કરતી.

મહોત્સવે મહોત્સવે, મંદિરે મહાપૂજાઓ ભણાતી અને કમળપૂજાઓ થતી. ઉત્સવે ઉત્સવે દીપમાળાઓ થતી અને દેવદર્શન ઉભટતાં.

ઇતિહાસકારો, કલાધરો, વેપારીઓ, સોમનાથને આરે આવતા અને તેની સમૃદ્ધિ અને કલાનાં યશોગાન મુખપરંપરાએ વધારતા.

સોમનાથને આ ન ગમ્યું. સમૃદ્ધિને સંકેલીને ફરી વાર હિમાચલ ઉપર બેસી ભસ્મ લગાવી યોગ સાધવાનો સંકલ્પ કર્યો; અને ઇશ્વરની અકળ લીલાએ મહમદ ગઝનવીને કહ્યું: "જા, મારૂં અવતારકૃત્ય પૂરૂં થયું. હવે પત્થરના મંદિરને અને મૂર્તિને તોડી નાખ અને જગતને કહે કે હું હમેશાં પત્થરમાં નથી રહેતો. મને હવે મંદિરમાંથી મસ્જિદમાં લઇ જા." એવી સોમનાથની ઇચ્છા ન હોય તો આવી અકલ્પ્ય ઘટના બને જ કેમ ?

પછી તો મહમ્મદ ગઝનવીએ મંદિર તોડ્યું અને લૂંટ્યું.

અને તે દિવસથી સોમનાથનું મંદિર હતું ન હતું થયું.

આજે એ મંદિરનું તૂટેલું દહેરૂં એ જ સાગરને કિનારે ઉભેલું છે. પણ આજે તે ઝાંખું છે. એની મૂર્તિઓ તૂટી ગઇ છે. શંકરના બાણની જગાએ ખાડો છે. મંડપની ફરસોને સ્થળે ધૂળના ખાડાટેકરા છે. કહેવાય છે તેમ રત્નજડિત સ્થંભો આજે કાળ, વરસાદ અને પવનથી ખવાતા ખવાતા જૂની વાતોને સંભારતા ઉભા છે. મંદિરમાં આરતીના રવને બદલે બે પાંચ ચામાચીડિયાંની ચીસ સંભળાય છે. મંડપમાં સંહિતા ભણતા બ્રાહ્મણોને બદલે પાંચ સાત જુગારીઓનો જુગાર રમાતો નજરે પડે છે. હજારો માણસોની મેદનીથી ઉભરાતા આંગણામાં આજે ખડ અને પથરા પડ્યા છે. અને છતાં પુરાતન યોદ્ધા જેવું તૂટેલું મંદિર બીજાં પાંચ હજાર વર્ષ માટે કાળબળને કહેવા માટે પગ ખોડીને ઉભેલું છે.

તેની ધજા આજે નથી ફરકતી. તેના કલશના તેજને બદલે આજે ત્યાં અંધારાં છે. તેના 'હરહર મહાદેવ'ના જયઘોષની જગ્યાએ આજે ભયંકર શાંતિ છે.

એનો એ સાગર દિનરાત ધૂધવે છે, અને કિનારાનાં ધોળાં ફીણોમાં પોતાનું અટ્ટહાસ્ય મેળવીને માનવકૃતિને હસે છે.

એનો એ પવન આજે મંદિરના પત્થરો ઉપરથી વહી જાય છે; અને તેના સુસવાટમાં વચ્ચે વચ્ચે નિર્દયતાની કરુણ વાત કહી રહે છે.

એ જ સ્થળ આજે પ્રવાસીઓને હાથે જુદી જુદી નોંધો લખાવે છે; અને હું પણ એવી એક નોંધ નીચે પ્રમાણે લખી આવ્યો છું:—

"આજે સોરઠને કિનારે આવેલ હિંદુ ધર્મની સંસ્કૃતિનો અવશેષ જોતાં કાળના બળને નમન કરવાનું મન થાય છે.

જેણે આ મંદિર બંધાવ્યું અને જેણે આ તોડ્યું તે બન્ને અદ્‌ભુત શક્તિઓ ઇશ્વરપ્રેરિત ન હોત તો આજે આ દૃશ્ય વિચાર-પ્રેરણા માટે ન હોત.

આ નોંધ સૌનું કલ્યાણ કરો.

જેઓ આ મંદિરને સાચવે છે તેઓ પણ ઇશ્વરનું જ કાર્ય કરે છે."

સ્ટીમ લૉંચમાં

ભોં.....ભોં !

ભૂંગળું વાગ્યું, અને નાની સ્ટીમ લૉંચ વેરાવળના દરિયામાં ઉપડી.

સુંદર બપોર હતી. દરિયાનાં પાણી નીતર્યાં હતાં. પવન શાંત હતો. મોજાં ઓછાં હતાં.

ખટ્ ખટ્ ખટ્ ખટ્ એન્જિન ચાલતું હતું, અને લૉંચ પાણી કાપતી આગળ જતી હતી.

વર્ષો પછી હું આજે અરબી સમુદ્રના પાણી ઉપર ફરી વાર ઉભો હતો. જૂનાં સ્મરણો તાજાં થતાં હતાં. તે દિવસે બાવીશ વર્ષનો જુવાન હતો; મૂછનો દોરો માત્ર ફૂટ્યો હતો. કોટ, પાટલુન, બૂટમોજાં અને ટાઇ-કૉલરમાં સજ્જ થયેલો હું મારી આંખ આગળ ખડો થયો. એ હું આજે નહોતો. મૂછોના વાળ આજે કાળા મટી ધોળા થયા હતા; પાટલુનની જગ્યાએ પોતિયું, તથા શર્ટ અને કોટની જગ્યાએ એક સાદું પહેરણ મારા ડિલ ઉપર હતાં; પચીશ વર્ષ પહેલાંના કાળા વાળવાળા

માથા ઉપરની કાળી બેંગલોર ટોપીની જગ્યાએ ધોળા વાળથી શોભીતું અર્ધ ભાગે ટાલથી ચકચકતું મારું માથું હતું.

સ્ટીમ લૉંચ ખરૂખરૂખરૂખરૂ આગળ જતી હતી, અને મને તેના પંખાથી કપાતા પાણીનો ખળખળાટ સંભળાતો હતો. એ ખળખળાટ મને 'સિબિલ' આગબોટના પંખાની યાદ્દી આપતો હતો. એ ખળખળાટ મને કેટલીયે સુંદર સવારો અને સાંજો સંભારી આપતો હતો. એ ખળખળાટમાં મને સ્વાહીલી લોકોના ગુણગુણાટ, અરબ્બી લોકોની અરબ્બી બોલી અને જર્મન કપ્તાનની જર્મન ભાષા સંભળાતી હતી.

અમારી સ્ટીમ લૉંચ ઉંચી નીચી થતી આગળ ધપતી હતી. સ્મરણોમાં સ્થળકાળ ભૂલેલો હું મારા સાથીઓને, વેરાવળને અને વર્તમાન સમગ્રને ભૂલી જતો પૂર્વ આફ્રિકા તરફ નજર લંબાવી ત્યાંના કેટલાયે મિત્રોને સંભારતો હતો. કેટલાયે કડવા-મીઠા અનુભવોને ફરીફરીને એક જ ક્ષણમાં જીવી રહ્યો હતો.

અમારી સ્ટીમ લૉંચ આગળ જતી હતી. મારા સાથી શંકરભાઇ આભા બની દરિયાના પાણીને જોતા હતા. ક્રાંતિલાલ એન્જિનનાં ચક્રોને તપાસતા હતા. મોંઘીબેન ફેર આવવાની બીકે ઉલટીને દબાવવાના પ્રયત્નો કરતાં હતાં; લૉંચવાળો સુક્કાન ફેરવ્યે જતો હતો. એક બે બારવાઓ સાંજના ભોજન માટે બીચડી ઓરતા હતા.

અમારી સ્ટીમ લૉંચ આગળ જતી હતી; કિનારો દૂર જતો હતો; કિનારાનાં ઘરો નાનાં થતાં હતાં, ઘરની અંદરનાં માણસો દેખાતાં બંધ થતાં

હતાં; છૂટાં છૂટાં ઘરો ઢગલા જેવાં બન્યાં હતાં; દૂરના સોમનાથના દહેરાની ધજા ઘડીમાં નજીક તો ઘડી દૂર જતી હતી.

અમારી સ્ટીમ લૉંચ આગળ જતી હતી, અને તે એક સ્ટીમર નજીક પહોંચતી હતી. કિનારા ઉપરના ખારવાઓનો ઘોંઘાટ જાણે કે આ સ્ટીમર ઉપર આવી વસ્યો હોય ! કિનારા ઉપરના કારીગરો જાણે કે આ સ્ટીમરને રીપેર કરવા આવી પહોંચ્યા હોય ! કિનારા ઉપરના સાહેબ કપ્તાને જાણે કે આ સ્ટીમરને પસંદ કરી હોય! અમારી સ્ટીમ લૉંચ સ્ટીમર 'અકબર' નજીક જતી હતી. દરિયાની રાણી 'અકબર' મોટા જલવિહાર પછી કિનારાના પાણીમાં થોડો વિરામ લેવા આવી હતી. દરિયાનાં તોફાનો અને ડુંગર જેવડાં મોજાંઓની સામે ઝૂઝયાનો થાક ઉતારવા આવી હતી; અવિશ્રાંત પ્રવાસ પછી વિશ્રાંતિની પ્રવૃત્તિ કરવા આવી હતી. શાંત, ગંભીર, સ્થિર, નાનકડા એવા ગિરિરાજ જેવી અડોલ અને અબોલ તે ઉભી હતી.

* * *

અમારી સ્ટીમ લૉંચ નજીક જતી હતી. દૂરનાં ઘરો, દૂરની હવેલીઓ, દૂરનો કિનારો અને કિનારા ઉપરનાં જહાજો તથા માણસો નજીક આવતાં હતાં; નાનાં ઘરો મોટાં થતાં હતાં, વેંતિયાં માણસો ઉંચાં થતાં હતાં, નાની હોડીઓ મોટાં વહાણો બનતી હતી.

અમારી સ્ટીમ લૉંચ નજીક જતી હતી. પાણીના પ્રવાહ બદલાયા હતા; દિશા બદલાઇ હતી; સુકાન બદલાયું હતું; જે તરફ અમારી પીઠ હતી તે તરફ અમારાં મ્હોં આવ્યાં હતાં.

પાછળ અરબી સમુદ્ર રહી ગયો હતો અને આગળ કિનારાનાં પાણી આવ્યે જતાં હતાં.

અમારી સ્ટીમ લૉંચ નજીક જતી હતી. ડ્રેજરનો અવાજ, કોલસા વહેનાર મજૂરોનો અવાજ, કેનોનો અવાજ નજીક ને નજીક આવતો હતો, અને દરિયા ઉપરની શાંતિ દૂર ને દૂર જતી હતી. નજીક ને નજીક લોકોનો કોલાહલ, મજૂરોની મજૂરી, ગરીબોની ગરીબી અને જીવનની અશાંતિ આવતાં જતાં હતાં; અને એકલો ઘૂઘવતો દરિયો—ઘૂઘવાટની જીવનશાંતિ-વાળો દરિયો દૂર જતો હતો.

દૂરમાંથી નજીક આવ્યાં; નજીકમાંથી કિનારે આવ્યાં, અને કિનારેથી ઉતારે આવ્યાં.

વેરાવળના અરબી સમુદ્રના પાણી ઉપર ફરી એક વાર જઈ આવ્યો, અને જૂનાં સંસ્મરણો તાજાં કરી આવ્યો.

એક વાર હું વેરાવળ ગયો હતો.

કૂવો

તે દિવસે જોયેલો કૂવો હજી પણ સાંભરે છે. ઘણા કૂવાઓ જોયા અને તેને ભૂલી પણ ગયો; પણ પેલા કૂવાનું સ્મરણ જેવું ને તેવું તાજું જ છે, અને તાજું જ રહેશે.

એ કૂવો મામાના ગામડાની બહાર હતો; પાદરે આવેલી વાડીઓમાં હતો. એ કૂવો ઘટાદાર વડની શીતળ છાયા નીચે હતો. એ કૂવો ઉનાળે પાણી પાઈને કરેલા જુવારના છાસઠિયાની કોરે હતો.

એ કૂવે એ ગરેડિયો હતી,

અને બે કોસનું થાળું હતું. એ કૂવે પંદર હાથનું લાંબું પૈયું હતું અને પૈયામાં બે જોડી બળદો હતા.

સાથીઓ બળદોને હાંકતા હતા અને કોસને 'કિતરૂક કિતરૂક' કૂવામાંથી કાઢતા હતા. પાણીભર્યા કોસ થાળે આવી ઠલવાતા હતા, અને થાળામાં મીઠાં જળ ઊભરાતાં હતાં.

થાળામાં જળ ભરાતાં નાનાં છોકરાં આડાં પડીને નહાતાં હતાં, ને થાળાનાં પાણી ખળખળ ધોરિયે પડતાં હતાં, ને ધોરિયે ધોરિયે વહીને કૂવાનાં પાણી ક્યારામાં જતાં હતાં. એ ધોરિયે ગામની બહેનો ઉટકેલાં બેડાં ધોઇ ધોઇને ઉજળાં કરતી હતી; ઉજળાં બેડાંને ભરી ભરીને માથે ચડાવતી હતી, ને માથે ચડાવીને ગામ ભણી વળતી હતી.

એ ધોરિયે ગામની બહેનો ધોવા આવતી હતી. બપોરે આવી ધબ ધબ ખડકા ઉપર ધોકા પછાડતી હતી—ધોરિયાનાં પાણીને ડોળાં કરતી હતી.

એ ધોરિયે ગાયોના ગોવાળ બાબે બાબે ને ઢોરનાં ધણ મોઢે મોઢે પાણી પીતાં હતાં.

એ ધોરિયે પારેવાં ને હોલાં, ચકલી ને પોપટ પાણી પીવા આવતાં ને પાણી પીને ઉડી જતાં.

એ ધોરિયે બન્ને બાજુએ લીલી લીલી ધરો હતી ને ધોરિયાના પાણીમાં એના પડછાયા પડતા હતા. કૂવાને કાંઠે એ ધોરિયો હતો.

કૂવાને કાંઠે ને વડની છાંયે શવો ભાભો ખાટલો ઢાળીને બેસતો હતો. ભાભો બેંશી ઉપર પાંચ વરસનો હતો. હાથમાં હોકો ને કેડે બેશિયું બાંધેલો

શવો ભાભો કૂવાની પહેલાંનો જન્મેલો હતો.

શવા ભાભાએ જુવાનીમાં એ કૂવો હાથોહાથ ગાળેલો. કૂવામાં જળ આવેલાં ત્યારે એ જ ભાભાએ ગોળધાણા વહેંચેલા, ને ધોળી એવી ધજા ચડાવેલી. સાઠ વરસની પહેલાંનો કૂવો તે દિવસથી એવો ને એવો ને જળે ભરેલો હતો.

ભાભો કૂવો જોતો જતો હતો, કિતરૂક કિતરૂક સાંભળતો હતો ને સાઠ વરસની વાતોને સંભારતો હતો.

ભાભા પાસે લધા અને રણુ-છોડનાં છોકરાંઓ રમતાં હતાં. હાથમાં છાસઠિયાના સાંઠાની કાતળીઓ હતી, ને છોલાં કાઢી છોકરાંઓ ઘરની શેરડી (જુવારની) ખાતાં હતાં.

એ કૂવાની અંદર કબૂતર રહેતાં. ઘૂ ઘૂઊ... ઘૂ કરીને કૂવાને ઘૂઘવી મૂકતાં ને ઉડાઉડ કરીને વારંવાર કોસની સાથે અથડાઈ પડતાં.

કૂવા કાંઠે ઉનાળે કોયલ આવતી ને વડની ડાળે ટહૂકતી.

કૂવાને કાંઠે કુમારિકાઓ આવતી ને કૂવાનાં જળ પૂજતી.

કૂવાને કાંઠે પૂજારી આવતો અને કૂવાના પાણીમાં શિવ-નિર્માલ્ય પધરાવતો.

કૂવાકાંઠે આંબલી હતી ને આંબલીએ કાતરા થતા.

સવારે સરખી સહિયરો પાણી ભરવા આવતી ને આંબલીએ ચડતી; ખોળા ભરીને કાતરા પાડતી ને ખોએ ખોએ ભાગ પાડતી.

બપોરે છોકરાઓ આવતા. આંબલીએ ચડી ઓળકોળા-મણો રમતા. રમતાં રમતાં કાતરા ખાતા, ને કાતરા ખાતા ખાતા રમતા.

કૂવા કાંઠે બારડી હતી. બારડીએ બાર આવતાં ને બાર બાવા છોકરાં આવતાં. બધાં દિવસ આખો બાર બાધા જ કરતાં, બાધા જ કરતાં.

કૂવા કાંઠે કરેણના ક્યારા હતા ને જૂઈનો એક માંડવો હતો. જૂઠી મા કૂવે જ નહાતાં ને કૂવે જ ધોતાં. વળતાં કરેણનાં ફૂલ લેતાં ને ઘેર જઈને દેવ-સેવામાં ધરતાં.

રામદાસ શેઠ સાંજે સાંજે ફરવા આવતા, ને ભાભો એને જૂઈનાં રૂડાં ફૂલ આપતા.

એ કૂવો ને એ કરોસ, એ ભાભો ને એ છોકરાં, એ બાર ને એ કાતરા, એ બધું—એ બધું હજી એવું ને એવું સાંભરે છે.

કોડિયું

અમે નાનાં હતાં ત્યારે ચોંડા કાકાને ત્યાં લાડવા જમવા જતાં. ચોંડા કાકા અમારા જજમાન હતા અને અમે એના ગોર હતા. મારા મોટા દાદા ગોરપદું કરતા.

ચોંડા કાકાના ફળિયામાં ચાકડો હતો અને ચાકડે કાકા માટીનાં ઠામ ઉતારતા.

અમે જમવા ગયા ત્યારેય કાકા ઠામ ઉતારતા હતા. દીવાળી પાસે આવી હતી એટલે કાકા કુલડીઓ અને કોડિયાં ઉતારતા હતા.

ચાકડો ફરતો હતો અને માટીનો પીંડો ચક્કર લેતો હતો. કાકા પાણીમાં હાથ બોળીબોળી માટીના પીંડા પર થાબડતા હતા, અને આમ તેમ વાળીને તેમાંથી અંગૂઠે અને આંગળીએ

વાળીને કોડિયાં બનાવતા હતા.

અમે તો કોડિયાં જોવા બેઠાં. હું, લખુભાઇ અને મણિબેન.

એક પછી એક કોડિયાં ઉતરતાં જાય ને કાકા નવાં કોડિયાં કરતા જાય. અમે તો જોઇ જ રહ્યાં હતાં.

અમને નવાઇ લાગતી હતી કે આ તે કાકા શી રીતે કરતા હશે ?

ઘડીક થઇ ત્યાં તો કાકાએ કેટલાં બધાં કોડિયાં કરી નાખ્યાં.

કાકા કોડિયાં કરતા હતા ને કાકી કોડિયાં સૂકવવા જતાં હતાં. નજીકમાં જ કોડિયાંનું મોટું મંડળ પૂરાઇ ગયું.

દાદાએ અમને લાડવા ખાવા બોલાવ્યાં. લાડવા ખાઇ અમે ઘેર ગયાં. અમે ઘેર જતાં હતાં ત્યારેય કાકા કોડિયાં ઉતારતા હતા.

થોડા દિવસે દીવાળા આવી. ચોંડી કાકી કુલડીઓ ને કોડિયાંઓ લઇને અમારે ત્યાં આવ્યાં. બાએ એને વધાવી લીધાં ને સુંવાળી—ફોફડા ચોંડી કાકીને આપ્યા.

ચોંડી કાકી પછી બીજે ઘેર કોડિયાં દેવા ગયાં.

બાએ લીધેલાં કોડિયાં ઘરમાં મૂકયાં.

મેં પૂછયું: "બા ! આ કોડિયાંનું શું કરશું ?"

બા કહે: "એ તો આજે દીવાળી છે તે એમાં રાત્રે દીવા કરશું. આજે દીવાળી એટલે દીવા કરવા જોઇએ ના ?"

વાત મારા ધ્યાનમાં આવી. બપોર થયા. નાની ભાભીએ રૂની લાંબી લાંબી દીવેટો તૈયાર કરી. સાંજ થઇ. મોટી ભાભીએ કોડિયાંમાં તેલ પૂર્યું ને મઢી દીવેટો મૂકી. રાત પડી ને બાએ કોડિયાંની દીવેટો પ્રગટાવી.

ચારેકોર ઝળહળ ઝળહળ થઇ રહ્યું. મેં અને બાપુએ કોડિયાંને ચારેકોર ગોઠવી દીધાં. ઉંબરામાં મૂક્યાં, પડથારે મૂક્યાં, ટોડલે મૂક્યાં, તુલસીક્યારે મૂક્યાં. મોટાભાઇએ તો બે ચાર કોડિયાં વંડી ઉપર મૂક્યાં. કોડિયાંના દીવાનો રૂપાળો દીપમાળ થઇ ગયો. દીવાળીની રાત દીવા, દીવા ને દીવાવાળી થઇ ગઇ.

પત્રપેટી

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર તા. ૨૭-૧૨-૩૩

: ૧ :

ચિ. રસિકલાલ,

નવીનચંદ્ર અને ભગવતી-બેન પોતાના કાગળમાં લખે છે કે તમે પણ મને બહુ સંભારો છો. હું જાણી બહુ ખુશી થયો છું. ખરેખર, તમે લોકો મને બહુ ચાહો છો, અને તેથી મારું હૈયું હરખાય છે. તમે કેટલાં બધાં સારાં છો કે ગિજુભાઇને જરાયે ભૂલ્યાં નથી!

હું પણ તમને સૌને યાદ કરું છું, સમજ્યાં? તમને યાદ કરતી વખતે આપણી વાર્તાઓ, નાટકો અને વાતોને પણ યાદ કરું છું; આપણા મંડળને અને સંભાને પણ યાદ કરું છું, અને આપણે કરેલા ઠરાવોને પણ યાદ કરું છું.

આપણે કરેલા ઠરાવો તમારા ગામના માણસો અમલમાં મૂકે તો કેવું સારું? તમારે ત્યાં બાળકોને ફરવા હરવા માટે એક બાગ થાય તો સૌ બાળકોને કેટલો બધો આનંદ મળે? અને તમારે

ત્યાં એક બાલપુસ્તકાલય ઉઘડે તો બાળકોને કેટલાં બધાં નવાં નવાં પુસ્તકો વાંચવાનું મળે? તમે મણિભાઇને અને સૌને કહ્યા કરજો કે બાળકો માટે એક પુસ્તકાલય બોલે, ને એક બાગ કરાવે. બાળકો માટે એટલું તો કરવું જ જોઇએ ના?

તમે તમારાં માબાપને પણ કહેજો. તમને જે મોટાંઓ મળે તેમને પણ કહેજો. આગ્રહ કરીને કહેજો કે બાળકો માટે કંઇક તો કરે જ કરે.

આખા ગામનાં બાળકો જો આ એક જ વાત સૌને કહ્યા કરશે તો જરૂર કંઇક તમારે ત્યાં થશે જ.

તમે સૌ રમજો, ગાજો, નાટક કરજો, અને મજા કરજો. નવરાશે ભણજો પણ ખરાં.

લિ. શુભેચ્છક
ગિજુભાઇના આશીર્વાદ.

: ૨ :

ચિ. પોપટભાઇ,

તમારો પત્ર અને બોરાં બન્ને મળ્યાં. મને બન્ને મીઠાં લાગ્યાં. બોરાં ઘણાં બધાં હતાં અને ઘણાં જણાંએ ખાધાં. અહીંનાં બોરાં કરતાં મોટાં પણ હતાં, ને ગળ્યાં પણ હતાં. તમે તો રોજ ને રોજ ખાતા હશો ને દિનુભાઇને હેત કરીને ખવરાવતા હશો.

દિનુભાઇ બોરાં ખાવાની રજા પાડતા તો હશે જ. પણ જો એમ ન કરતા હોય તો તમે કહેજો કે 'બોરાં' રજા પાડો. તે દિવસે બોરાં ખાવાનાં, સીમમાં ભમવાનું, અને ગમ્મત કરવાની.

તમે સૌએ મને સીમમાં ફેરવ્યો હતો અને આપણે કૂવા પાસે બેસી ભાતાં ખાધાં હતાં, તે મને બહુ યાદ આવે છે. અને પેલી રૂપારેલ? એણે તો

આપણને કાયર કાયર કરી નાખ્યા ! પણ આપણેય ખરા કે એને જોયે જ રહ્યા. પેલો ગોડિયો કેવો ઉંચે ચડીને બોલતો હતો ? અહીં ઉસ્તાદો એને ચંડુલ કહે છે. તમે પણ આ નવું નામ યાદ રાખજો.

તમારી પાસે આવવાનું ઘણુંયે મન થાય છે પણ અત્યારે તો હું બહુ કામમાં પડ્યો છું. એકાદ માસમાં કદાચ આવીશ. તે વખતે ઘઉં ડૂંડીએ આવી ગયા હશે, અને પોંકની ઉજાણી કરવાનું ટાણું થયું હશે. પોંક ખાવાની મજા તો પડશે.

પણ એની તો મને બિલકુલ જ નથી કે તમારી સીમમાં ઘઉંનું વાવેતર થાય છે કે નહિ! ઘઉં તો ભાલમાં થાય; તમારે ત્યાં તો કદાચ ન પણ વવાતા હોય. વારૂ, એ બાબતમાં લખશો તો ખરા જ.

લ્યો ત્યારે આ કાગળ પૂરો કરું છું. સૌને રામરામ કહેજો.

લિ૦ તમારા
ગિજુભાઇના આશીર્વાદ

: ૩ :

ચિ. વાઘજીભાઇ,

વાઘજીભાઇ, તમારો કાગળ મળ્યો છે, હો ! પણ મેં તમને તરત જવાબ ન આપ્યો, ખરૂં ? અરે, હું તે જવાબ કેમ કરીને આપું ? દિવસ આખો કામ કર્યા કરૂં અને રાત પડે ત્યારે થાકીને ઊંઘું; પછી મારે કાગળ લખવો ક્યારે ? અને તો પણ હું રોજ કેટલાયે પત્રો લખું છું.

પત્રો લખવામાં હું વારા ગોઠવું છું. તમારો વારો આવે ત્યારે પત્ર લખું ના ? આજે તમારો અને ભગવતીના વારા આવ્યા એટલે તમને પત્ર લખવા બેઠો છું. હજી ઘણા પત્રો લખવાના બાકી છે. ધીમે ધીમે

બધા લખાઇ જશે. પણ ત્યાં નવા કાગળો આવશે ને નવા જવાબો લખવાનું મળશે. આવી રીતે કાગળો આવે તે વાંચવા, અને તેના જવાબો આપવા. કહો જોઇએ, તમને એ ગમે કે નહિ ? તમને કોઇ રોજ રોજ પત્રો લખે તો કેવું સારૂં લાગે? તમે એને રોજ રોજ જવાબ આપી શકો કે નહિ ?

વાઘજીભાઇ, તમારૂં તો નામ જ વાઘજીભાઇ પડી ગયું ! તમને ત્યાં કોઇ વાઘજીભાઇ કહે છે કે નહિ ? કદાચ હું એકલો જ કહેતો હોઇશ. ના, ભગવતીબેન તો તમને વાઘજી-ભાઇ કહેતાં જ હશે.

કહો, ત્યારે આપ શું કરો છો ? શું ખાઓ છો ને શું પીઓ છો ? શું ભણો છો ને શું ગણો છો ? શું રમો છો ને શું નથી રમતા ?

હું પાટણથી અહીં આવ્યા પછી માંગરોળ બાલમંદિરના ઉત્સવમાં, ત્યાંથી લીંબડીની કન્યાશાળાના ઉત્સવમાં અને છેવટે અમદાવાદના ઉત્સવમાં જઇ આવ્યો.

મણિભાઇને કહેજો કે 'નવ-ભારત' માં આવેલા અહેવાલો તમને વંચાવે.

બધે ઠેકાણે તમે સૌ મને સાંભરતાં હતાં.

લ્યો, ત્યારે હવે બસ રાખું. નવરાશે વળી લખશો.

લિ૦ શુભેચ્છક
ગિજુભાઇના આશીર્વાદ.

: ૪ :

ચિ. બેન ભગવતી,

તમને થતું હશે કે ગિજુ-ભાઇ તે કેવા માણસ કે કાગળ લખવાનું વચન આપી ગયા અને કાગળ જ લખતા નથી ? પણ બેન, તમે મને માફ

કરશો. ત્યાંથી અહીં આવ્યા પછી હું બહુ દોડાદોડમાં પડી ગયો, ને કાગળ લખવાનો વખત મેળવી ન શકયો. તમે એમ ના સમજશો કે હું તમને ભૂલી ગયો છું. ઉલટું કાગળ નથી લખતો તેથી વારંવાર સાંભરો છો. મને બૂબ વહાલ કરતાં હતાં, મારી સાથે ને સાથે ફરતાં હતાં, તમે મને તમારી પાસે જમવા બેસાડ્યો હતો, અને તમારી મોતીની માળા તમે મારા ગળામાં નાખી હતી, એ બધું મને યાદ આવે છે.

તમારી એટલી બધી પ્રીતિ હું કેમ ભૂલી શકું ?

વારૂ, તમે હમણાં શું વાંચો છો ? કયાં નાટકો કરો છો ? કંઈ લખો છો પણ ખરાં કે ?

તમારૂં પાટણ જૂનું શહેર છે. એની જૂના વખતની વાતો નટુભાઇ જાણતા હશે. તેને તે પૂછીને સાંભળશો અને જૂનાં સ્થળો જેવા જશો.

તમારૂં પાટણ મને તો ગમ્યું હતું. ત્યાંથી મેં માટીનાં સસલાં ને ફૂલદાનીઓ ને એવું એવું આણ્યું છે. મારી દીકરી ટીકુબેનને એ બધું ગમ્યું છે. ટીકુબેન તમારી જેવડાં જ છે; રમતિયાળ પણ છે.

વારૂ, આ સાથે વાઘજીભાઇ ઉપર એક પત્ર છે. તે પણ તમે વાંચશો. બીજા ભાઇબંધ ઉપર પણ હું લખીશ જ.

મને તમારા પિતાશ્રી પાસે સંભારશો.

તમે તો પત્ર લખજો જ.

લિ૦ શુભેચ્છક
ગિજુભાઇના આશીર્વાદ.

ભિખારણ

અને એ એક ભિખારણ હતી. ફાટલે તૂટલે કપડે અને ભૂંડે હાલે એ ભિખારણ હતી. ઘરબાર વિનાની ને માબાપ વિનાની એ ભિખારણ હતી. ખેતરપાદર વિનાની, માલ મિલકત વિનાની એ ભિખારણ હતી.

મારા ઘરને આંગણે ઉભી ઉભી એ ભીખ માગતી હતી. "એ ગરીબના બેલી! આ બે દિ'ની ભૂખી છોકરીને એક કોળિયો ધાન આપો, માબાપ! એ ભગવાન તમારૂં ભલું કરશે બાપુ! એ....."

ઓશરીમાંથી મારા દાદાના મોટાભાઇ તાડૂકયા: "એલા રતના! કાઢયને, કાઢયને આ આ રાંડ ભિખારણને! કયારની કકળાટ કરે છે ને મારી માળામાં ભંગ પાડે છે!"

ભિખારણ બટકું કોટલા માટે રગતી હતી: "એ મોટા દાદા! પરમેશર તમારૂં ભલું કરશે. એ ઘરમના થાંભલા છો, મારા બાપ! એ ઠુંજૂઠું જે હોય ઈ આલો."

પૂજા કરતાં મોટીમા ભભકયાં: "જોને રાંડ લાગી જ છે, તે કયારની કાંગામૂંડા કરે છે, ને પૂજામાં ભંગ પાડે છે! જોને, જોને મણકી, કાઢ્યને રાંડને!"

ભિખારણ પાવળું કઢી માટે કરગરતી હતી: "એ મોટી બા! ભલા, ભગવાને આપ્યું છે તે આપોને! આ ગરીબની આંતરડી ઠારોને, બા! પાવળું ટાઢી કઢી હોય તો ઈયે આલોને!"

રસોઇ કરતાં ભાભી બબડ્યાં: "રાંડું ચાલી જ નીકળી છેના! એ કામકાજ કરવં નહિ

ઘેરઘેર ભટકવું, ભીખ માગવી, ને લાગ પડે તો ચોરી પણ જવું! એ મફતનું ખાવું ને મસીદે સૂવું."

ભાઇએ ભાભીનો બબડાટ સાંભળ્યો ને ભાઇ ધુરક્યા: "કોણ ઇ રાંડ ઘરને આંગણે ગરબડ કરે છે? એલા રતના! કાઢ્ય, કાઢ્ય ઇ રેઢીયાળને. આ જોતો નથી વાંચવા લખવામાં મને ખલેલ પડે છે?"

ભિખારણ રગતી હતી, કરગરતી હતી. બિચારીની આંખમાંથી આંસુ સરતાં હતાં: "એ મોટાભાઇ! એ દયાના દરબાર! એ મારા બાપલિયા! આ તમારી છોકરી છું, ને બે દિ'થી ભૂખે મરૂં છું! એ મોટાભાઇ!....."

રતનો લાકડી લઇને દોડ્યો ને બારણા આગળ આવી પહોંચ્યો. "ભાગ્ય, ભાગ્ય અલી રેઢીયાળ! ભાગ્ય નિકર આ લાકડીથી વાંસો ભાંગી નાખીશ."

ભિખારણ હજીયે કકળતી હતી. "એ ભલાભાઇ! એ એક જ બટકું રોટલો અપાવને, દાદા! એ એક જ કોળિયો ધાન. આ પેટમાં કૂવા જેટલો ખાડો છે, મારો બાપલા!"

રતનો ઢીલો પડ્યો. હાથમાંથી લાકડી પડી ગઇ. મ્હોં ઉપર ઝાંખપ વળી ને હૈયું વલોવાઇ ગયું.

રતનો ફળિયામાં ગયો. ફળિયાને ખૂણે એક નાનો હડફો હતો. હડફામાં ટાઢી રોટલી હતી. શેઠની કૂતરીને એ ભાવી ન હતી. ટાઢી રોટલી લીધી અને રતનો બારણા તરફ ચાલ્યો.

"રતના, રતના! ઇ શું કરે છે? મેં શું કીધું? ઇ કમજાતને રોટલી આપવાનું કીધું કે? કાઢ્ય, કાઢ્ય ધક્કો મારીને!

કાઢે છે કે નહિ ? નહિ કાઢ્યા તો તને જ કાઢીશ. ”

રતનો થંભી ગયો. ભિખારણ હજીયે કરગરતી હતી. એ દયાળુ દાદા ! એ મોટાં બા ! એ મોટાભાઈ...! ”

મોટાભાઈએ જોયું. રતનો ભિખારણને મારતો નથી ને કાઢતોયે નથી.

મોટાભાઈએ પડેલી લાકડી ઉપાડી લીધી. ધડધડ લાકડીના બે ઘા થયા, અને ભિખારણ ‘બાય બાપ ! ’ કરતી નીચે ઢળી પડી.

ભિખારણ બેભાન થઈ ગઈ; મોઢા ઉપર ફીણ આવી ગયા. હું ચીસેચીસ નાખવા લાગ્યો.

પછી ?

પછી ભિખારણને બેક રેંકડીમાં નાખીને કયાંક લઈ ગયા. અને લઈ ગયા ત્યારે બે બોલતીયે ન હતી ને હલતીયે નં હતી; બે ભીખ પણ માગતી ન હતી; બે રડતી પણ ન હતી.

અને પછી ?

પછી બબર નથી બેને કયાં લઈ ગયા ને બેનું શું થયું.

રજનીગંધા

“ અહો ! બેનું જ નામ રજનીગંધા ? બેને તો હું ગુલછડી કહેતો હતો. મારા બાપાએ મને બેક વાર બેને ગુલછડી તરીકે બોળખાવેલી. અમે બેક વાર કવિ નાનાલાલે લખેલી કવિતા વાંચતા હતા. બેમાં લખ્યું હતું: ‘ગુલછડી સમોવડી બેક બાલિકા હતી.’ તે વખતે મેં બાપાજીને પૂછેલું

કે બાપાજી! ગુલછડી તે વળી કેવી હશે? ને એના જેવી બાલિકા તે વળી કેવી કહેવાય? બાપુએ ત્યાર પછી થોડા દિવસે ગુલછડી બતાવેલી. પછી હું સમજ્યો કે આવી લાંબી પાતળી છોકરી તેને ગુલછડી જેવી કહેવાય. પણ રજનીગંધા નામ તો આજે જ સાંભળ્યું. તમને એ કોણે કહ્યું, મોટાભાઇ?"

મોટાભાઇ કહે: "એ નામ હું બંગાળામાં શીખ્યો. શાંતિનિકેતનમાં બધા એને રજનીગંધા કહેતા હતા. કવિ ટાગોરે પણ એને રજનીગંધા જ કહેલી છે. બરેબર એ રજનીગંધા છે."

નાનાભાઇ: "સાચું લાગે છે મોટાભાઇ. રોજ હું જોઉં છું તો એની કળીઓ રાતે ઉઘડે છે, ને એવી તો મીઠી અને કોમળ વાસ આવે છે, કે બસ! સાચે જ એ આખી રજનીને ગંધવતી કરી મૂકે છે. પવન એનો પરિમલ કેટલેય દૂર સુધી લઇ જાય છે, ને વાતાવરણને સુગંધી બનાવે છે. પણ મોટાભાઇ, ગુલછડી નામ એટલું કાવ્યમય નથી લાગતું. ફૂલની લાકડી એટલે ગુલછડી એમાં બહુ મજા નથી. તમને કેમ લાગે છે?"

મોટાભાઇ: "વાત તો ઠીક છે. છતાં એ નામ પણ કાઢી નાખવા જેવું નથી. ફૂલનો ગજરો, લાકડીને છેડે ફૂલ, એવો અર્થ પણ રૂપાળો તો લાગે જ છે. હા, એમાં એની સુગંધની વાત નથી; ફક્ત એના રૂપની વાત છે. એક શબ્દ ગંધસૂચક છે, બીજો રૂપસૂચક છે."

નાનાભાઇ: "મને પણ એમ જ લાગે છે. હા, પણ મને વળી એક નવો શબ્દ સાંભર્યો. ત્યારે તો નિશિગંધા પણ આ જ

છોડ. નિશિ એટલે રાત્રી અને ગંધા એટલે સુવાસવાળી. એટલે કે રાત્રે સુવાસવાળી. અને આ શબ્દ મેં સરસ્વતી પાસેથી સાંભળેલો. પેલી પૂનાથી આવી હતી તે દક્ષિણીબેન પાસેથી.''

મોટાભાઇ: '' એમ? ત્યારે તો મરાઠીમાં પણ એક જ અર્થમાં ગૂલછડી બોલાય છે. એ પણ ઠીક જાણવાનું મળ્યું. ત્યારે હવે હિંદીમાં એને માટે કયો શબ્દ છે એ કોઇને પૂછવું પડશે.''

નાનાભાઇ: '' જરૂર હું મણિલાલજીને પૂછીશ, અને નક્કી કરીશ. પણ મોટાભાઇ, આ છોડનાં પાંદડાં કંઇક ડુંગળી જેવાં લાગે છે, ખરૂં? જો કે એ ગોળ તો નથી જ. એ છોડ ખડની જાતનો નથી લાગતો?''

મોટાભાઇ: '' લાગે છે તો એમ જ. પણ એ કયા વર્ગનો છે એ વિષે તો આપણે વનસ્પતિશાસ્ત્રીને પૂછવું જોઇએ.''

નાનાભાઇ: '' ભલે ગમે તે વર્ગમાં આવે, પણ એ સુંદર છોડ તો છે. નીચે થોડેક સુધી ખડ ઉગ્યા પછી વચ્ચેથી આ જે લાંબા દંડ નીકળે છેને, એના ઉપર ધોળી કળીઓ બેસે છે. એ જોતાં આંખને આનંદ આવે છે.''

મોટાભાઇ: '' જરૂર; આવે જ છે. વળી એની પાંખડીની સુંવાળપ બીજાં ફૂલોની પાંખડીથી કંઈક જુદી નથી લાગતી? અને એની સુગંધ તો જુદી જ જાતની છે.''

નાનાભાઇ: '' છે; છેસ્તો. મને તો એ છોડ અને એનું બંગાળી મરાઠી નામ પણ ગમ્યાં. બાપાજીને હવે તો આજે જ કહેવાનો કે આપણા બાગમાં એને નખાવે.''

બાળવાર્તા ભાગ પહેલો: ૩૩ ચિત્રો: બેરંગી પૂંઠું: પાકી બંધાઇ: ૦–૬–૦: પોસ્ટેજ ૦–૨–૦

મારો ચોકીદાર

હમણાં જ નથુએ મને જગાડ્યો. "ભાઇ, છ વાગ્યા છે; ઉઠો."

મેં કહ્યું: "અચ્છા જા. હું ઉઠું છું."

એ ગયો ને નોકરી પર ચડ્યો. હું જાગ્યો ને વિચારે ચડ્યો: "એક આખા વીશ રૂપિયાના પગારમાં બિચારાને કેટલી મુસીબત વેઠવી પડે છે? રાત આખી ચોકી કરવાની. ચોકી કરવાની એટલે મકાનો ફરતા આંટા મારવાના, બોંબારા કરવાના, ને જાગતા તો રહેવાનું જ. આ મુસીબત તો ઠીક, પણ એને રોજ રાતે જોખમ જ ખેડવું પડે છે. વખતે કોઇ ચોર આવ્યો તો ઝપાઝપી કરવી જ પડવાની. એમાં એને લાગે પણ ખરૂં; અને વખતે માર્યો પણ જાય. માત્ર વીશ રૂપિયામાં એ જીંદગીનું જોખમ ખેડે છે."

હૂંફાળી પથારીમાં પડ્યાં પડ્યાં હું વિચારે આગળ ચડ્યો: "શિયાળાની કડકડતી ઠંડીમાંયે ચોકી કરવી ને ચોમાસાના વરસતા વરસાદમાંયે ચોકી કરવી. ઉનાળાની મીઠી હવામાં મીઠાં ઝોકાં આવે તોયે ચોકી કરવી. ફક્ત વીશ રૂપિયામાં ત્રણે ઋતુમાં ચોકી જ કર્યા કરવી. અંધારી રાત હોય, ધુવડ અને ચીબરી બોલતાં હોય, શિયાળ રોતાં હોય ને કૂતરાં ભસતાં હોય ત્યારે પણ ચોકી કરવી; ને અજવાળી રાતે ચાંદનીથી પૃથ્વી રેલાઇ રહી હોય ને ચાંદનીમાં ફરવા જવાનું કે ચાંદનીની ચાદર નીચે સૂઈ રહેવાનું મન

થાય તોયે ચોકી તો કરવી જ.”

હૂંફાળી પથારીમાં પડખું ફેરવતાં વધારે વિચારો આવવા લાગ્યા: “આપણેય કાંઇ છીએ? હિંમતનું સાહિત્ય આપણે લખીએ અને ચોકીદાર આપણી ચોકી કરે. નિર્ભયતાનો પાઠ આપણે ભણાવીએ અને ચોકીદાર આપણી ચોકી કરે. સાદાઇનો આપણે બોધ આપીએ ને આપણી મિલકત સાચવવા ચોકીદાર રાખવો પડે. આપણે બારણાં બારી બંધ કરી નિરાંતે ઊંઘી રહીએ ત્યારે ચોકીદારે આપણી ચોકી કરવી, અને તે માત્ર વીશ રૂપિયા માટે. આપણે આપણાં બાળબચ્ચાંની સાથે ઘરમાં ઘોરવું ને ચોકીદારે બિચારે બાળબચ્ચાંને પોતાને ઘેર રાખી રાત આખી મારા ઘર ફરતા આંટા મારવા! મારાં છોકરાંને ટાઢ વાય ત્યારે હું ઉભો થઇને એને ઓઢાડું, પાણી માગે ત્યારે હું એને પાણી પાઉં. ચોકીદારે તો એનાં છોકરાંને ઘરને સોંપીને રાત બધી મારી ચોકી કરવાની.”

હૂંફાળી પથારીમાં પગ લંબાવી પડખું બદલી નિરાંતે વિચાર ચલાવ્યા: “માળું, વિચાર ચલાવવા જેવું છે બરૂં. ઘણી વાર રાતે બાર વાગ્યા સુધી આપણા ચોકમાં રમત ગમત ચાલે. ચોકીદારે તે દૂરથી જોવાની. ઘરમાં કોઇ વાર ગ્રામોફોન વાગે તો ચોકીદારે ચોકી કરતાં કરતાં સાંભળવાનું. હૂંફાળા ઘરમાં ઘરનાં બાળકો ચોપડીઓ વાંચે, પાને રમે, ત્યારે ચોકીદારે ચોકી કરવાની. હું બેઠો બેઠો છાપાં વાંચું કે લેખો લખું ત્યારેય ચોકીદારે તો ચોકી જ કરવાનું! બસ, આંટા જ મારવાનું, ટપારવાનું,

ધ્યાન રાખવાનું અને ન ઊંઘવાનું જ ચોકીદારનું કામ! ન વિચાર કરવાનું, ન કલ્પના કરવાનું, ન રમતો રમવાનું ને ન વાજાં વગાડવાનું."

ચોકીદાર ફરી વાર મને ઉઠાડવા આવ્યો. હું સૂઈ જઉં તો પાછો હું જ એને વઢું ના?

"ભાઈ, ઉઠ્યા કે?"

"અચ્છા, આ ઉઠ્યો."

ચોકીદાર ચાલ્યો જાય છે. હું પાછો વિચારે જ ચડું છું: "બિચારો બે બે વાર જગાડવા આવે છે ત્યારેય હું ઉઠતાં આળસ કરું છું, ને ટાઢ વાય છે. અને એ ટાઢે ધ્રૂજતો ઉઠાડવા આવે છે!" મારા વિચારો જોરથી દોડે છે: "અરે, બિચારો ચોકીદાર! એને ચોકી તો કરવાની, ટાઢ વરસાદ તો સહેવાના, પણ ઉપરથી ઠપકા પણ સાંભળવાના. જો રાતમાં ઊંઘી ગયો તો હું કહેવાનો જ કે 'અલ્યા, ચ્યો નથુ! ઊંઘી ગયો કે? નોકરી આમ થતી હશે? આમ ઊંઘીશ તો રજા આપીશ, સમજ્યો?"

નથુ કહે છે: "ભાઈ, એ તો જરા....."

હું કહું છું: "એ નહિ ચાલે. નોકરી કરવી હોય તો કર નહિ તો બીજો ચોકીદાર લાવું; અને સાચે જ મને બીજો ચોકીદાર મળે એમ છે. વીશ રૂપિયામાં હેરાન થવાવાળા એક નહિ પણ એકવીશ છે. બિચારા પેટ માટે પડાપડી કરે છે!"

પણ વિચારો વધારે વખત ચાલ્યા નહિ. ત્રીજી વાર ચોકીદાર જગાડવા આવ્યો ને એ વખતે તો હું ઉભો જ થયો એટલું મોડું તો મારે ઉઠવું જ જોઈતું હતું. હું ઉઠ્યો ને વિચારો સૂઈ ગયા, ને ચોકીદાર પોતાને ઘેર ગયો.

હરિજન બાળા

"ગિજુભાઇ, આ ચિત્ર અહીં શા માટે ટાંગ્યું?"

"સવારે ઉઠીને એનું મ્હોં જોવા માટે."

"એનું મ્હોં શા માટે જોવું?"

"એ પવિત્ર મ્હોં છે; અને પવિત્ર મ્હોં કે વસ્તુને સવારે ઉઠીને જોવાનું મને ગમે છે."

"એ તો એક છોકરીનું ચિત્ર છે. એવી છોકરીઓ તો ઘણી હશે."

"પણ એ પવિત્ર ચિત્ર છે; મારે મન એ પવિત્ર ચિત્ર છે."

"તો કહોને, એ કોનું ચિત્ર છે ને પવિત્ર ચિત્ર શા માટે છે?"

"એ ચિત્ર એક હરિજન બાળાનું છે, અને હરિજનો પવિત્ર છે."

"આ ચિત્ર હરિજન બાળાનું છે? કેવું સુંદર છે! બનાવટી છે કે અસલ છે?"

"અસલ ચિત્ર છે. ચિત્રકાર ડાભીએ એક હરિજન બાળાને જોઇજોઇને જેવું ને તેવું ચીતરેલું છે."

"કેટલી કૃપાળી છે? પણ કહોને, એ એટલું બધું પવિત્ર શા માટે છે?"

"મેં ન કહ્યું કે હરિજનો પવિત્ર છે માટે?"

"પણ હરિજનોને પવિત્ર શા માટે કહો છો?"

"કેમ કે એ આપણી સેવા કરે છે. આપણે ગંદકી કરીએ છીએ ત્યારે તેઓ ઉઠાવી જાય છે, કારણ કે તેઓ હડધૂત છે: બધા લોકો એમને ધિક્કારે છે કારણ કે એ સૌથી ગરીબ, દુઃખી અને

કંગાળ છે.”

“પણ તેથી એ પવિત્ર કહેવાય? તેથી તે સવારે જોવા યોગ્ય મ્હોં ગણાય?”

“સાંભળ. જેઓ બીજાને લૂંટીને પૈસાદાર થાય છે તેઓ તો પવિત્ર ના કહેવાય; ખરૂં?”

“ના, ન કહેવાય.”

“જેઓ બીજા ભૂખે મરે છે અને છતાં મોજમજા ઉડાવે છે, તેઓ તો પવિત્ર ના કહેવાય; ખરૂં?”

“ના, ન જ કહેવાય.”

“ત્યારે જેઓ બીજાને હેરાન કરે છે, મારે છે, કૂટે છે, થોડા પૈસા આપી કામ કરાવે છે, ગામમાં રહેવા દેતા નથી, અડી જાય તો મારવા દોડે છે, તેઓ શું પવિત્ર કહેવાય?”

“ના; તેઓ પણ ન જ કહેવાય.”

“ત્યારે શું તેઓનાં મ્હોં ઉઠતાંવેંત જોવા જેવાં ખરાં?”

“ના, તેમનાં મ્હોં તો જોવાનું ન જ ગમે.”

“ત્યારે જેઓ આટલું હેરાન છતાં આપણું જતજતનું કામ કરે છે ને તેથી ડગલે ને પગલે આપણને લાભ થાય છે, એ લોકો અપવિત્ર કહેવાય?”

“ના; તેઓને અપવિત્ર ન જ કહેવાય.”

“ત્યારે હવે તું જ કહેને, સવારે ઉઠીને તેમનું મ્હોં જોઇએ તો સારૂં ના?”

“જરૂર; એ લોકોનું જ મ્હોં જોવું જોઇએ.”

“પણ બાપુ, તમે કહેતા હતાને કે વહેમો રાખવા નહિ; તો પછી આ પણ એક વહેમ નથી?”

“ના, આ વહેમ નથી, પણ વહેમનું ખંડન છે. લોકો માને છે કે સવારે ઉઠીને અંત્ય-

જનું મ્હોં જોયું હોય તો સાંજ સુધી ખાવા ન મળે.”

“એમ? એવું માને છે? એ તો વહેમ જ કહેવાય.”

“ત્યારે એ માન્યતાને તોડવા માટે હું એમનું મ્હોં જોઉં છું.”

“એમ! ત્યારે હવે ખબર પડી કે તમે શા માટે વહેલા ઉઠી એનું મ્હોં જુઓ છો. એ તો ઠીક, પણ તમે એકલા આ છબીનું મ્હોં જોશો એમાં વહેમ કેમ કરી તૂટશે?”

“પહેલાં તો મારો પોતાનો વહેમ જશે. મારો જશે એટલે હું એ વહેમને ટાળવા બહાર આવીશ. મારું જોઈ બીજાંઓને વિચાર આવશે. તેઓ કહેશે: ‘આ ગાંડુંગાંડું શું કહે છે?’ હું કહીશ કે ‘એ ડહાપણ છે; એ ઋણપૂજા છે; એ સેવાની પૂજા છે; એ દલિતો સાથે રહેલ પ્રભુપૂજા છે.”

“આ વાત જરા અઘરી પડી, ગિજુભાઇ. જરાક ન સમજાયું. તોયે એટલું તો સમજાયું કે તમે પવિત્ર કોને કહો છો, ને પ્રભુને ક્યાં માનો છો, અને કોનું મ્હોં મંગળ ગણો છો, ને કોનું મ્હોં સવારે જોવા જેવું ગણો છો.”

“ઓહો! ત્યારે એટલું સમજાયું હોય તો વધારે સમજવા જેવું રહ્યું જ નથી.”

કોસ

કિતરૂક કિતરૂક કોસની ગરેડી ફરતી હતી. બળદો અને થાળા વચ્ચે અંતર વધતું હતું. કૂવામાંથી વરત વધારે ને વધારે બહાર આવતી હતી અને કાણામાંથી પાણી વહી જવાથી

ભરેલો કોસ અર્ધો થતો ઉપર આવતો હતો. નાનાં છોકરાંઓ નહાવા માટે થાળામાં પાણીની રાહ જોઇ ગડમથલ કરતાં આડાંઅવળાં પડ્યાં હતાં.

કોસ ઉપર આવ્યો અને ખળખળ કરતું પાણી થાળામાં ઠલવાયું. હર્ષભર્યા ઉન્માદથી બાળકોએ થાળું ગજવી મૂકયું અને ફીણવાળા ધોળા પાણીમાં નાનાં શરીરોને તેઓ નવડાવવા અને માછલાં જેમ તરાવવા લાગ્યાં

બળદો પાછે પગે ચાલવા લાગ્યા. ખાલી કોસ ઉંચેથી નીચે ઉતરવા માંડ્યો. વરતો ગરેડીથી કૂવામાં સરકવા લાગી. પટલાણી ખડકા ઉપર નાખેલ થેપાડાને ધોકા વતી ધોતી નવા પાણીની રાહ જોતી બેઠી.

કિતરૂક કિતરૂક બળદોએ શીંગડાં નીચાં નમાવ્યાં. કોશિયાએ બળદનાં પૂંછડાં ઉંબેળ્યાં અને જળ કૂવામાંથી થાળામાં આવવા નીકળ્યું. ખળખળ કરતું પાણી થાળામાં ઠલવાયું અને પનિહારીઓએ ઉજળાં કરેલાં બેડાં નવા પાણીથી ભર્યાં, માથે ચડાવ્યાં અને ઘરનો માર્ગ લીધો.

એક, બે, ત્રણ, ચાર એમ બે પાંચ બેડાં ભરાયાં અને એટલામાં તો થાળું ખાલી થયું. વળી પાછો કોસ આકાશમાંથી પાતાળમાં ઉતરવા લાગ્યો; બળદો પૂર્વમાંથી પશ્ચિમમાં વળવા લાગ્યા; ગરેડીનાં ઉપરનાં દોરડાંની ગતિ અવળીમાંથી સવળી થઇ, અને નવી આવેલી પનિહારીઓ બેડાં ઉટકતી નવા પાણીની રાહ જોતી બેઠી.

બાલસાહિત્ય ગુચ્છ
: સંપાદકો :
ગિજુભાઇ અને તારાબેન
૨૫ પુસ્તકોનો સેટ : દરેક ઉપર અનેક ચિત્ર.
મોટા અક્ષરોમાં. રૂા. ૨-૮-૦ : પોસ્ટેજ ૦-૧૨-૦
લખો : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

ગલિઆરા સ્મારક અંક

શ્રી. છોટાલાલ વી. ગલિઆરાએ પોતાની હયાતીમાં 'શિક્ષણ પત્રિકા' ના તંત્રીઓને 'શિક્ષણ પત્રિકા' જેવું ઉપયોગી પત્ર કાઢવા માટે રૂા. ૫૦૦) ભેટ તરીકે આપેલા. પોતાને મળેલી આ ભેટ તંત્રીઓએ 'શિક્ષણ પત્રિકા'ને અર્પણ કરીને તેમાંથી બાળકો માટે સાત અંકો 'શિક્ષણ પત્રિકા'ના ભેટ અંકો તરીકે કાઢ્યા.

એમના દુઃખદ અવસાન પછી એમના ચિરંજીવી ભાઇ નિરંજને ભેટ અંક ચાલુ રાખવા માટે દર વર્ષે રૂા. ૧૫૦) અંકે દોઢસો આપવાનું અમને જણાવ્યું છે. એ ભેટમાંથી આ બીજો સ્મારક અંક છે. આને અમે 'ગલિઆરા સ્મારક અંક' એવું નામ આપ્યું છે.

આ સેવા માટે ભાઈ નિરંજનનો અમે ઉપકાર માનીએ છીએ.

પોષ વદ ૪/૧૯૯૦ ગિજુભાઇ

ભાવનગર
શ્રીસરસ્વતી છાપખાનામાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપ્યું.

અમે અમારા ઘરમાં કેટલાક નિયમો રાખ્યા છે. અમે સૌ તે પાળીએ છીએ. હું ધારું છું કે એ તમને ગમશે જ, અને તમે પણ જરૂર તે પાળશો જ.

૧ દરેક જણે પોતાના જોડા તેને ઉતારવાની જગાએ જ ઉતારવા.

૨ કોઇએ બીજની ચીજ તેની રજા વિના લેવી નહિ.

૩ લીધેલી ચીજ જ્યાંથી લીધી હોય ત્યાં જ પાછી મૂકી દેવી.

૪ કોઇએ બીજાને ગરબડ થાય તેવી રીતે વાંચવું કે ગાવું નહિ.

૫ કોઇએ બીજાને અડચણ થાય તેમ રમવું કે કૂદવું કે બેસવું નહિ.

૬ કોઇએ પોતાનાં કપડાં, પેન, પુસ્તક અને કોઇ પણ ચીજ જ્યાં ત્યાં રખડતી મૂકવી નહિ.

૭ કોઇએ ગંદા પગથી ઘરમાં આવવું નહિ, તેમ જ્યાં ત્યાં થૂંકવું નહિ.

૮ કોઇએ બૂમો પાડીને કે ઘોંઘાટ કરીને બોલવું નહિ.

૯ દરેક જણે કપડાં સ્વચ્છ પહેરવાં, માથું ઓળવું, નખ કાઢી નાખવા, અને નાક સાફ રાખવું.


ARTICLES
Religious

પારિજાતક

શિક્ષણ પત્રિકા : ૧૯૯૧ : ભેટ અંક

પારિજાતક અને ગુલદાવરી

સવારમાં હમેશાં હું કપડાં ધોવાનું કામ કરું છું. ક્યાં ? કોઈને ખબર છે ? અમારા ઘર સામેનો બાગમાં. બાગમાં નળ પાસે મહા જબ્બર પત્થર: ધબોધબ કપડાં ધોવાની લહેર ! પણ મારે તમને પત્થરની વાતમાં જ પરોવી નથી દેવા.

શ્રાવણ મહિનામાં પારિજાતકનાં પ્રસન્ન ફૂલોથી બાગ શોભી ઊઠતો. પારિજાતકનું નાનકડું ઝાડ આખાયે બાગની શોભાનો ધ્રુવતારો.

સૂર્યોદય પહેલાં હું બાગમાં ધોવા ઊપડું. પારિજાતક ફૂલોથી શોભી રહ્યું હોય. ઝાડ ઉપર અને નીચે ફૂલ, ફૂલ ને ફૂલ ! નાનાશાં કેસરી દાંડલીવાળાં ફૂલો લીલાં પાંદડાંઓના ગુચ્છોમાં એવાં શોભે, જાણે વૃંદાવનમાં બંસીધર ! બાગની ભીની કાળી માટી પર કેસરી દાંડલીવાળાં ધોળાં ફૂલો પડે: જાણે શેષનાગ ઉપર પોઢેલા વિષ્ણુ પોતે. કેવું સુંદર ! કેવું મધુર !

એમ કેટલાયે મહિના પારિજાતકે બાગને પ્રસન્ન પુષ્પોથી શોભાવ્યો. જ્યારે આખા બાગમાં માત્ર એકલ્લી ટીકડી જ રહેતી ત્યારે પારિજાતકનાં સુંદર સુશોભિત ફૂલો બાગની શોભા જાળવતાં અને સુવાસિત વાતાવરણ પ્રસરાવતાં.

શિયાળો શરૂ થતાં પારિજાતકનાં ફૂલો ઓછાં થવા લાગ્યાં; ને આસ્તે આસ્તે સાવ થોડાં, માત્ર બે ચાર ગણી શકાય એટલાં થઈ ગયાં.

પણ ભાઈની બહેન રક્ષા કરે તેમ પારિજાતકની પડખે જ બધા ક્યારાઓમાં ગુલદાવરી ખૂબ સરસ ઘેાળાં ફૂલોની ભેટ લઈને ઊભી જ હતી ! ગુલદાવરીનું સફેદ ફૂલ ખૂબ ભરાવદાર અને ગંભીર. એક

જ ફૂલથી આખો છોડ ફૂલ ફૂલ ભરેલો ભાસે. અને વળી ખૂબી એ કે આજનું ઊઘડેલું ફૂલ સાત આઠ દિવસ સુધી એવું ને એવું જ તાજું જ લાગે: તરતમાં જ ઊઘડેલું જાણે! અને એક છોડ ઉપર પચીશ ત્રીશ ફૂલો ઊઘડે, અને આખો છોડ એક બહુ મોટા સફેદ કમળ જેવો દેખાય.

સૂર્યના પ્રકાશમાં ગુલદાવરીની સફેદી શાંત શોભામાં ઉઘાડી છે. અને રાતે તે જ શોભા ચમકતા તારા જેવી બનીને ઊંઘને ઉડાડીને આનંદથી કામ કરવાનું બળ આપે. એ સુંદર સફેદી વાતાવરણ પ્રસન્નતાથી એવું ભરી દે!

આખો શિયાળો એમ ગુલદાવરીએ અમને આનંદ આપ્યો. ખૂબ ખીલીને છેલ્લે છેલ્લે મહા માસની શરૂઆતમાં બધા જ છોડ સૂકાઈ ગયા; માત્ર કોઈક બાકી રહેલા તદ્દન નાના છોડો ઉપર એકાદ બે સફેદ ફૂલોને આનંદથી ડોલતાં જોઈને અમે રાજી થતાં. કમળાબેન.

પતંગિયું ને ઇયળ

એક સંવાદ

❀

એક હતું પતંગિયું. ઊડતું ઊડતું ગુલાબના ફૂલ ઉપર બેઠું. ફૂલમાંથી મધ ચૂસવાં માંડ્યું. મધ ચૂસતું જાય ને પાંખો ફફડાવતું જાય; રોફમાં મૂછો મરડતું જાય ને સૂંઢ કાઢતું જાય.

ત્યાં એક ઇયળ આવી, ને ગુલાબની પાંખડી ખાવા લાગી.

પતંગિયું [મૂછો હલાવી]:—અલી ઇયળ! ભાળતી નથી, સરદાર સાહેબ બેઠા છે? સલામબલામ ભરતી નથી તે શું સમજે છે, તારા મનમાં? હમણાં એક લાત મારીશ તે મરી જઈશ. હું કહું તેમ બોલ:—

"રંગીલા સરદાર!
શોખીલા સરદાર!
પાંખ રંગદાર!
મૂછ મરડનાર!
અહો રોફદાર!
મારા સરદાર!
ફૂલ ઉપર બેસું?"

ઇયળ [ગભરાતી]:—
"રંગીલા સરદાર!
શોખીલા સરદાર!
પાંખ રંગદાર!
મૂછ મરડનાર!
અહો રોફદાર!
મારા સરદાર!
ફૂલ ઉપર બેસું?"

પતંગિયું [રોફમાં સૂંઢ હલાવી]:—હા.

પછી પતંગિયું જેટલી ઇયળો આવે એટલી બધીની પાસે એમ જ બોલાવે; પછી જ ફૂલ ઉપર જવા દે.

એમ કરતાં એક ઘરડી ઇયળ આવી ને ફૂલ બાવા લાગી.

પતંગિયું [આંખો લાલ કરીને ને સૂંઢ વાંકી કરીને]:—એ મૂરખ ! બબર નથી કાયદાની ? રજા સિવાય પાન ફૂલ બવાતાં નથી.



ઇયળ:—હેં પતંગિયાભાઈ ? શું કીધું ?

પતંગિયું:—હું તારો ભાઈ નથી. હું તો તારો રાજા છું. ફૂલ ઉપરથી નીચે ઊતર. મારી રજા લે ને પછી આવ.

ઇયળ:—હવે બેસને, રજાવાળા ! હું નાની ઇયળ હતી, તું મોટી ઇયળ હતી. આજે પતંગિયું થઈ ને બેઠું છે.

પતંગિયું:—ઇયળ તારી મા ને ઇયળ તારી બેન. હું ઇયળ નથી. જોઈ લે મારી પાંખો, મૂછો, આ મરોડદાર સૂંઢ ! ક્યાં તું લોચા જેવી ઇયળ ને ક્યાં હું ફરતું ફરતું મધ ચૂસતું પતંગિયું !

ઇયળ:—ભાઈ ! તને મારી વાત માન્યામાં નથી આવી. હું બે દિવસની થઈ ને તું ઊંઘી ગઈ. જરા પાછલી જિંદગી સંભાર. તેં તારા મોઢામાંથી લાળ કાઢી ને તારા લોચા જેવા શરીરની આસપાસ વીંટી. લંબગોળ લીંબોળી જેવું બની ગયું. પછી તું ઊંઘમાં પડયું. મેં તને જોયું હતું, હં !

પતંગિયું:—જા જા, હવે ગપ્પીદાસ ! આવાં ગપ્પાં મારી પાસે નહિ ચાલે.

ઇયળ:—અરે ભાઈ ! પણ મારી વાત તો સાંભળી લે. પછી તું ઊંઘવા લાગ્યું. એક બે જ દિવસ નહિ પણ દસ દિવસ ને દસ કલાક ઊંઘ્યું.

પતંગિયું:—પછી ?

ઇયળ:—પછી ઊંઘતાં ઊંઘતાં તારું રૂપ

બદલાઈ ગયું. બરાબર રાતના દસ વાગે તેં તારું ઘર તોડી નાખ્યું ને બહાર આવ્યું. પાંખો ફફડાવી ઊડવા લાગ્યું. ત્યારે તને અદ્‌ભુત આનંદ થયો. ત્યારથી તું આનંદથી ઊડે છે ને મધ ચૂસે છે.

પતંગિયું:—પણ ઇયળબેન! મને હજીયે વાત બરાબર નથી લાગતી.

ઇયળ:—ઠીક ત્યારે, હવે તું જો. મારો ઊંઘવાનો વખત આવી લાગ્યો છે. ઊભો રહે, થોડું ખાઈ લઉં; પછી ઘર બાંધું ને ઊંઘી જાઉં.

ઇયળે બાંધું, કસરત કરી, અને આરામ લીધો. પતંગિયું તો જોતું બેઠું.

ઇયળ ઘર બનાવવા લાગી. એક તાર, બે તાર, તાર ઉપર તાર. અનેક તાર ચોંટ્યાં. ઇયળ અલોપ થવા લાગી.

પતંગિયું:—અરે, ઇયળબેન! તમે તો ગોળ ગોળ ગોળ થઈ ગયાં?

ઇયળ:—બસ, હવે મને નહિ બોલાવ. છેલ્લા રામરામ કરું છું, ને ઊંઘી જાઉં છું.

ઇયળ ઊંઘી ગઈ. પતંગિયું બેઠું હતું. ઝીણી નજરે જોયું અને કોશેટામાં રસ પડ્યો. ઇયળનું તો નામેય નહિ ને નિશાનેય નહિ!

પતંગિયું:—અરે! આ શું? આ તો ઝીણા ઝીણા પગ. કુકડમુકડ થઈને બેઠું છે. અહા, આ તો પાંખો દેખાય છે! અહાહા, પગ વધ્યા ને પાંખોમાં મારા જેવો રંગ થવા લાગ્યો!

પતંગિયું તો રોજ નવા નવા ફેરફારો જોતું જાય ને રાજી થતું જાય. પછી કોશેટામાં પતંગિયું સળવળવા લાગ્યું.

બહારનું પતંગિયું [ખૂમ મારી]:—અરે દોસ્ત! જલદી બહાર આવ. કયાં સુધી કેદખાનામાં પડી રહેવું છે?

અંદરના પતંગિયે જોર કરી એક ઝટકે ઘર તોડી નાખ્યું અને બોલ્યું: "કેમ દોસ્ત? છું ને દોસ્ત?"

બંને મળ્યાં હળ્યાં ને મધ ચૂસવા લાગ્યાં.

કમળાબેન.

: વરત :

બેઠો હતો બેઠો હતો,
નાનીશી ઝૂંપડીદ્વારે.
ઊંચી બાંધી જટા એની
ભભૂતને ચોળી કરી,
ધૂણીને ધખાવી કરી,
બેઠો હતો બેઠો હતો,
નાનીશી ઝૂંપડીદ્વારે.

કમળાબેન

શિયાળો

શિયાળો આવ્યો ને બાવળે પક્ષીઓ આવવા લાગ્યાં. હજી સૂર્ય ન ઊગે ત્યાં તો કોટરો લાંબી એવી પૂંછડી હલાવતો હલાવતો 'વોબ્લીક, વોબ્લીક' કરતો આવે અને એક ડાળથી બીજી ડાળ કૂદાકૂદ કરી મૂકે. એ કંઈ કૂદવા થોડો જ આવે છે? એ તો મકોડા બાવા આવે અને વળી સવારના નાસ્તા તરીકે કાકીડો મળે તો બસ. એને તો જીવતો ન જવા દે.

આંખો તડકો નીકળે; કોટરા ઊડી જાય. એને તડકો જરાય ન ગમે. પછી આવે હોલાનો વારો. એને તડકો બહુ ગમે. પૂરેપૂરો સૂર્ય ઊગે ત્યાં સુધી ઊંચી ડાળે બેસી સૂર્ય સામે જોયા જ કરે. હોલાને કંઈ બાવળની શિંગો ન ભાવે. થોડી વાર થાય ને ચણ લેવા ઊપડી જાય.

ત્યાર પછી આવે આપણા પોપટો. એક સાથે છ સાતનું ટોળું આવે. આવીને બાવળમાં એ કચાંય ભરાઈ જાય. અંદર એવા ભરાય કે ગોતવા પણ ભારે પડે! લીલાં પાંદડાંમાં લીલા પોપટ એવા ભળી જાય, કે બસ! પોપટો કંઈ તડકો જોવા થોડા જ આવે છે? એને તો શિંગો સાથે કામ. લીલી શિંગો કેટલીય બાય. પણ એ તો બાવાં કરતાં બગાડે જ બૂબ. શિંગો બાઈ જરા પેટ ભરાય પછી મંડે કૂદાકૂદ કરવા; અને ચીંચીંચીંક રી આખો બાવળ ગજવી મૂકે.

થોડીવાર થાય ને ટુકટુક આવે. એ બિચારું સાડું. એ કાંઈ બાઝો અવાજ ન કરે કે શિંગો ન બગાડે. એક ઊંચી ડાળે બેસી ટુકટુક કરે અને નાચે: ઘડીક ડોક ઊંચી કરે, ઘડીક વળી નીચી કરે:

દેવચકલીને તો વળી ઊધઈ બાતાં નવરાશ મળે તો એ પણ કોઈ વાર આવે:

અને કાળો કોશી તો લહેરી! ચણ લેવા જતાં થાક લાગે તો વળી પાંચ મિનિટ બેસી જાય:

અને આપણાં હમેશનાં તો હોય જ: કોઈ ચકલો ને ચકલી આવી ચડે તો બેસે, ને માળાની સળીઓ ગોતે. અને આપણો કાગડો કંઈ રહી જાય? એ તો હમેશાં એક વાર આવવાનો જ. લલેડાં અને કાબરો ન આવે તો બાવળ સાંવ સૂનોસૂનો લાગે.

પણ બરી મજા તો ત્યારે કે કોઈ વાર બિચારી વડવાગોળ ભૂલથી સવારનો સૂર્ય ઊગે તે પહેલાં આવી ગઈ હોય! તો બધાં કલબલાટ કરી મૂકે. જાણે શું બય થઈ જાય! એક બાજુથી કાબરો, લલેડાં અને પોપટ; કોટરા અને કાગડા તો બાસ

[છઠ્ઠા પાનાનું પહેલું કોલમ તળિયે જુઓ.]

એમાં તે શું લખ્યું ?

આકાશ વિષે લખવા બેસું અને એમ થાય કે એમાં શું લખવું ? બધું એનું એ. સવાર પડે ને આકાશ ગુલાબી ગુલાબી થઈ રહે; અને સૂર્ય ઊગે એટલે તો બસ, ચારે કોર જાણે કેસર પથરાઈ રહ્યું ! અને બધું સોનાનું થઈ રહે. બપોર થાય ને બધા રંગ જતા રહે. બપોરે તો આકાશ માત્ર વાદળી જ સાડી પહેરે. કોઈ કોઈ વાર કાળી અને ધોળી ભાતવાળી પણ પહેરે. સૌથી સરસ સાડી તો સાંજે પહેરે છે. કેટલીક વાર કાળી સાડી ઉપર સોનેરી લેસ લગાડેલ હોય, તો કેટલીક વાર કેસરી ઉપર રૂપેરી હોય. કેટલીક વાર તો સાવ રૂપેરી અને સોનેરી પણ પહેરે. કેટલીએક વાર તો એકલા રૂપેરી લાંબા અને પહોળા પટ્ટાવાળી જ સાડી પહેરીને નીકળે. એ કંઈ ગમે ત્યારે ગંમે તે સાડી ન પહેરાય. વરસાદ વરસી રહ્યો હોય, બધું ચોખ્ખું થઈ ગયું હોય, ચારે તરફ પાણીના રેલા ચાલતા હોય ત્યારે આકાશ કંઈ કાળી સાડી ન ઓઢે. તે વખતે તો આંખો સોનેરી રંગ પહેરીને નીકળે. આખો દિવસ સખત ગરમી પડી હોય ત્યારે કાળી સાડી પહેરીને નીકળે. અને શિયાળાના દિવસો હોય, આખી બપોર ઠંડી લાગી હોય ત્યારે તો સાંજે ખૂબ જ સરસ કાળો, રાતો, કેસરી, જાંબુડો, અને રૂપેરી સોનેરી બધા રંગોની એક ભયંકર, અથવા જાણે સાવ નાજુક એવી સાડી ઓઢીને નીકળે. આવું તો ઘણું થયા કરે પણ એમાં શું લખવું ? આવું રંગોનું તે ક્યાં સુધી લખ્યા કરવું ?

લેખકો ને કવિઓ કહે છે કે ચોમાસું લખવા માટે બહુ સારૂં. પણ મને એમ નથી લાગતું. ચોમાસા વિષે લખવા બેસું ને એમ થાય કે ચોમાસું આવે અને ચારે કોર લીલું લીલું થઈ રહે. ચોમાસું આવે ને પારિજાતકે ફૂલ આવે. ચારે તરફ પતંગિયાં ઊડવા લાગે અને મખમલિયાંની તો વાત જ ન કરવી. જોઈને ન ચાલીએ તો તો કચરાઈ જ જાય ! ચોમાસું આવે ને રાત્રે જીવડાં ઊભરાઈ નીકળે. આવું તો ઘણું થાય પણ એમાં શું લખવાનું ? કંઈ-કલાત્મક રીતે, કંઈક સુંદર લખવાનું હોય તોયે ઠીક. ચોમાસું

શિયાળો

[ચાલુ પાને પાંચમેથી.]

એને હેરાન હેરાન કરી મૂકે, પણ બિચારીને સવારે દેખાય નહિ એટલે ક્યાં જાય ? આ બધું તો સવારે; પણ બપોર થાય ને બધાં પક્ષીઓ ચાલ્યાં જાય. માત્ર રહે એક બાવળ.

સુશીલાબેન.

આમ ને ચોમાસું તેમ: એ તો સહુ જાણે છે કે ચોમાસું આવે ત્યારે બધે લીલું લીલું થઈ રહે. પણ એમાં નવીન શું ? જેમાં કંઈ નવીન ન હોય તેમાં તે શું લખવું ?

શિયાળા ઉપર લખવા બેસું છું અને એમ થાય છે કે એમાં તે શું લખવું ? શિયાળામાં પણ એનું એ. આ શિયાળો આવ્યો અને ઠંડી પડી. ટાઢ પડી ને શાલ દુશાલ ઓઢ્યા; ટાઢ પડી ને સગડીએ તાપ્યાં. શિયાળો આવ્યો ને ચોમાસાનું તોફાની વાતાવરણ શાંત થયું. શિયાળો આવ્યો ને ટાઢ પડી. ટાઢ પડી ને આમ થયું ને પછી તેમ થયું. એમાં લખવું શું ? કંઈ નવું જ શોધવું જોઈએ.

સુશીલાબેન.

પોપટની વાર્તા

આકડાનું ઝાડ હતું. ઝાડે ફળ લટકતું હતું. આકાર કેરી જેવો; રંગ કાચી કેરી જેવો.

ઊડતો ઊડતો એક પોપટ આવ્યો. આકડે બેઠો. ફળ જોયું; મનમાં મલકાયો. વાહ, કેવું સરસ ફળ છે ! પણ હજી કાચું છે. પાકશે એટલે ખાશું; મીઠું લાગશે.

પોપટ રોજ આવે ને ફળ જુએ. તડકા પડતા જાય ને ફળ પાકતું જાય. પોપટ મનમાં રાજી થાય. આમ કરતાં છ મહિના વહી ગયા. એક દિવસ ફળ ફાટ્યું. પોપટે તો પટ ચાંચ મારી: જાણે હમણાં રસથી મોઢું ભરાઈ જશે. પણ મોઢામાં તો રસને બદલે ફ આવ્યું !

પોપટે તો નિસાસો નાખ્યો: "છ છ મહિના રાહ જોઈ પણ રસ માટે ફ !"

ફ તો ગળે અટકાયું. એક સરોવરને કિનારે જઈને માંડ માંડ ચાંચ ધોઈ !

કુસુમબેન.



રંગોનું મૂળ

શણગાર માટે ટીકડીની નાની તીરખી કાપી, ને પાણી ભરેલી શીશીમાં મૂકી.

આખો દિવસ ગયો. પાંદડાં ને ફૂલ, બધું એવું ને એવું જ લીલું–જીવતું. એક રાત ગઈ તોયે લીલાં જ રહ્યાં.

એ તીરખી ઉપર એક કળી હતી; એક ફૂલ હતું. ફૂલ બીજે દિવસે ખરી ગયું. રંગે જરા ઝાંખું પડયું હતું. એમ કેમ બન્યું? કાંઈ વિચાર કર્યો નાહ.

ત્રીજે દિવસે પણ પાંદડાં તો એવાં જ લીલાં દેખાયાં. પેલી કળી આજે બીલી. ઘેરા ગુલાબી રંગનું ટીકડીના પ્રમાણમાં ભરાવદાર ફૂલ ઊઘડવાને બદલે સાવ સફેદ પાંખડીઓવાળું પ્રમાણમાં ઝીણું ફૂલ ઊઘડયું. એમ કેમ બન્યું? કાંઈ જ ન વિચાર્યું.

લાગ્યું કે માટીમાંથી ખોરાક ચૂસવાનો નથી મળતો એટલે એમ બન્યું હશે.

તે પછી બે ત્રણ દિવસે ટીકડીનું કૂંડું જ ઓરડામાં મૂકયું. છોડ ઉપર એક બે ફૂલો હતાં; એક બે કળીઓ હતી.

એક દિવસ ગયો. ફૂલો સહેજ ઝાંખાં પડ્યાં. બીજો દિવસ થયો; ફૂલો ખરી ગયાં અને એક નવું ફૂલ ઊઘડયું. આ ફૂલ પણ પેલી પાણીમાં મૂકેલ ટીકડીના માફક જ સફેદ ઊઘડયું.

હવે પ્રશ્ન ઊઠયો: "અરે! આ ફૂલ પણ ધોળું કેમ? આ છોડને તો માટીમાંથી ખોરાક ચૂસવાનો મળે છે. શાથી રંગ ઊડી ગયો હશે?"

તરત જ સૂઝી આવ્યું: "બરાબર! એને પૂરતો સૂર્યપ્રકાશ જ કયાં મળે છે? તેથી જ એ આવું સફેદ અને ઝીણું ઊઘડયું. પાંદડાનો રંગ પણ ફિક્કો પડ્યો જ હશે, પણ એમાં થયેલો ફેરફાર નરી આંખથી ન જોઈ શકાયો."

તે જ વખતે બીજો વિચાર આવ્યો. આખી દુનિયાના બધા રંગોનું મૂળ સૂર્ય જ છે. સૂર્યનો પ્રકાશ જ રંગથી ભરેલો છે; અને પ્રાણી, વનસ્પતિ અને બનીજ સર્વ સૂર્યમાંથી જ રંગ મેળવે છે.

મને બડબડાટ હસવું આવ્યું.

આટલાં વર્ષોથી સૂર્ય ઊગે છે ને આથમે છે; રંગબેરંગી ઉષા બીલે છે; રંગબેરંગી સંધ્યા આથમે છે. એ બધાંનું કારણ સૂર્ય છે.

જાણું છું કે લીલાં પાંદડાં સૂર્યના પ્રકાશને લીધે જ બને છે. છાંયા અને

અંધારામાં છોડો મૂકો બાતરા કરી હતી કે પ્રકાશ ન મળવાથી પાંદડાંનો રંગ ઊડી જાય છે. એ પણ બાતરી હતી કે પ્રકાશ ન મળવાથી છોડો મરી જાય છે.

મને બબર જ હતી કે સૂર્યનું કિરણ જુદા જુદા સાત રંગોનું બનેલું છે. અંધારામાં પડતાં ચાંદરણાં નીચે દૂધનો પ્યાલો મૂકી બાતરી કરી હતી કે સૂર્યકિરણમાં જુદા જુદા સાત રંગો છે.

છતાં બબર નથી પડતી કે આ ટીકડીના ફૂલને પ્રકાશ ન મળવાથી સફેદ થઈ ગયું ! એટલુંયે ન સમજાયું કે રંગોનું મૂળ સૂર્ય છે.

કુસુમબેન.

બારીએથી

મારી ઓરડીની બારીએથી બૂબ સુંદર દેખાવો દેખાય છે. સવારના પહોરમાં પથારીમાંથી પહેલું દર્શન બાવળનાં પાંદડાંમાંથી ઊગતા સૂર્યનાં સોનેરી વાદળાંનું થાય છે.

બાવળની ઉપર કોટરાનાં યુગલો બેઠેલાં દેખાય છે. કોઈ કોઈ દિવસ પોપટ પણ ચીસો પાડતો સંભળાય છે.

સામે બગીચામાં ગુલાબ, મોગરો, મધુમાલતી સૂર્યને વંદન કરી આવકાર આપી રહ્યાં છે. ઝીણી ઝીણી પવનની લહરીમાં ફૂલો ડોલે છે. આંબાનાં લાલ પાનો સુંદર ચમકે છે.-

સામે સડક ઉપર મોડું થઈ જશે એ બીકે દૂધનાં બોઘડાં માથે મૂકી દોડતી દૂધવાળીઓ નજરે પડે છે. કાપડાંનાં આભલાં નાનાશા સૂર્ય જેવાં ચળકે છે.

ઊંચે આકાશમાં નજર કરું તો ઝપાટાબંધ વહી જતાં પક્ષીઓની હારો અબૂટ ચાલી જતી દેખાય છે. કેટલેય દૂર દૂર જઈ આખરે ક્યાંય અદૃશ્ય થઈ જાય છે.

ઘણે દૂર દૂર લીલાં ઘટાદાર ઝાડોની વચ્ચે ઊંચી ધજા ફરકતી દેખાય છે. એ પણ કેમ જાણે સૂર્યને નમન કરતી ન હોય, એવી દેખાય છે.

હમણાં જ સ્નાન કરીને નીકળેલા ભીના સૂર્યના વાતાવરણમાં બધું ઝાંખું ઝાંખુ, ધુમ્મસમય દેખાય છે.

આ બધું તો દેખાય છે મારી પૂર્વ તરફની બારીએથી. પણ જરા મ્હોં ફેરવું ત્યાં તો દક્ષિણની બારીએથી વળી નવું જ દેખાય છે.

સામે જ નાની એવી ટેકરી ઉપર વિનોદપ્રિયાની દહેરી અને હનુમાનની

દહેરી ભવ્ય દેખાય છે. સહેજે મારાથી એમને વંદન થઈ જાય છે. ઘટાદાર લીમડા નીચે ઝૂંપડીની કોરે ઊભેલો બાવો સૂર્યને અર્ઘ્ય આપતો નજરે પડે છે. ટેકરી આખી બકરાં અને ઘેટાંનાં ધણોથી ભરાઈ ગઈ છે. ધીરે ધીરે ચડતાં ઘેટાં અને બકરાં, ને બલા પર ડાંગ રાખી પાછળ ચાલતો ગોવાળ, આંખને બસેડવાનું મન ન થાય એટલું સુંદર ચિત્ર કરી રહેલાં છે. સૂર્યનાં સોનેરી કિરણોમાં સોનેરી રંગે રંગ્યું હોય એવું એ રંગાઈ ગયું છે.

તળેટીની સડક ઉપર મજૂરી કરવા જતાં કેટલાંય સ્ત્રી પુરુષોનાં ટોળા પશ્ચિમ તરફ ધસતાં દેખાય છે. ક્યાંય દૂર દૂર સુધી જઈને આખરે સડક વળાંક લે છે ત્યાં ટેકરાઓની પાછળ અદૃશ્ય થતાં દેખાય છે. એ લોકોએ સવારની મીઠી નિદ્રાનાં સ્વપ્નાં જોતાં પોતાનાં બાળકોને ઝોળીમાં સૂવાડ્યાં છે. માથે સૂંડલામાં બ્રીકમ અને કોદાળી ઉપાડ્યાં છે. હાથમાં એક ગંદા ચીંથરામાં બાંધેલો રોટલો દેખાય છે. મોડા પડશું તો મુકાદમ દાડી ભાંગશે એ બીકે આજુબાજુનું સૌંદર્ય નિહાળ્યા વિના દોડ્યે જ જાય છે.

ટેકરી આખી આવળનાં ફૂલોથી દીપી રહી છે. આકડાનાં ફૂલો પણ શોભામાં વૃદ્ધિ કરતાં દેખાય છે. ટેકરીની પાછળની સડક ઉપર ચાલતા બળદોના ઘુઘરા મીઠા મીઠા સંભળાય છે. આ બધું મારી દક્ષિણની બારીએથી દેખાય છે.

અચાનક જ મારા જાગૃત સ્વપ્નમાં ભંગ પડે છે અને મને ઉઠાડવાનો કોઈનો અવાજ સંભળાય છે.

સુશીલાબેન.

દુનિયાને સાકરદૂધ જમાડી દો.

ચાંદની ખીલી ઊજળી દૂધ
દુનિયા જમે સાકર દૂધ.

બાગમાં ફૂલ ખિલવી દો.

તાર ઉપર બુલબુલ
બાગમાં ખીલ્યાં સો ફૂલ.

ગાગર ઉપર હંસ બેસાડી દો.

કૃષ્ણે માર્યો કંસ, ને
ગાગર ઉપર હંસ.

બધા હાથી ઝુલાવી દો.

ખીર મૂકી છે ચૂલે
ને બધા હાથી ઝૂલે.

***

મીઠું ગાય બુલબુલ,
બાગમાં ખીલ્યાં ફૂલફૂલ;
ફૂલ વીણવા આવી બાળા
ગૂંથી છે ફૂલોની માળા.

આબુનાં સંસ્મરણો



આજથી પાંચેક વર્ષ પહેલાં હું આબુ ગઈ હતી. તે વખતનું બધું તો મને બરાબર યાદ નથી, પણ કેટલીએક બાબતો મને બૂબ યાદ રહી ગઈ છે.

જે દિવસે સાંજે અમારે અહીંથી નીકળવાનું તે સાંજે જે બનાવ બન્યો હતો તે મને બરાબર યાદ છે. મોંઘીબેનની સરદારી હેઠળ અમારે જવાનું હતું. ગાડી ઊપડવાનો વખત થયો તોયે મોંઘીબેન નહોતાં આવ્યાં. અમે ગાડી ચૂકી જશું એવી તે વખતની અમારી નિરાશા મને બરાબર યાદ છે. મને બીક હતી કે બધો સામાન પાછો ઘેર લઈ જવો પડશે, ને શું થશે? પણ છેલ્લી મિનિટોમાં મોંઘીબેન આવ્યાં ત્યારે મને કેટલો આનંદ થયો હતો તે હજુ જાણે થોડા કલાક પહેલાં જ બન્યું હોય એટલું યાદ છે!

ત્યાર પછી મહેસાણા પહોંચ્યાં ત્યારે લગભગ અગિયાર વાગ્યા હતા. ત્યાં અમે શું કર્યું તે બાસ યાદ નથી; પણ ત્યાંનું પાણી બૂબ બારું હતું અને અમારામાંથી કેટલાંક બૂબ હેરાન થયાં હતાં. ઘણી મહેનત પછી થોડો બરફ મળ્યો હતો અને અમે બધાંએ થોડું થોડું બરફવાળું પાણી પીધું હતું એટલું મને યાદ છે. આબુના સ્ટેશને ઊતર્યાં ત્યાં એક સુંદર બનવા બન્યો. જે ગાડીમાં અમે આબુ ઊતર્યાં તે જ ગાડીમાં એક સ્ટેટના નવાબસાહેબ ઊતર્યા હતા; એમના માટે મોટરના બધા બટારા રોકાઈ ગયા હતા એટલે લગભગ બે કલાક સુધી અમને બટારો જ મળ્યો નહિ.

મને બરાબર યાદ છે કે તે જ દિવસે પહેલી વાર હું સ્ટેશનના નળ ઉપર પાણી ભરવા ગઈ હતી. તે દિવસે મને એ બૂબ ગમેલું: આ રીતે મુસાફરી કરવી અને

નાનાં તરીકે પાણી ભરવા જઈએ ! તે દિવસે મને ખૂબ આનંદ થયેલો. અમે જ્યાં પાણી ભરતાં હતાં તેની પડખેના જ નળ ઉપર એક મારવાડીબાઈ પાણી ભરતી હતી, ને હાથ મ્હોં ધોતી હતી. મેં પહેલી જ વાર મારવાડીબાઈને તે દિવસે જોઈ. મને એમ થયું: "શું અહીં બધાં આવા જ લોકો વસતા હશે ?" મેં વિચાર્યું: "ક્યાં ભાવનગર અને ક્યાં આબુ ?" તે દિવસે મને થતું હતું કે આપણે કેટલે દૂર, કેવા પ્રદેશમાં આવ્યાં છીએ ? બધું નવું અને જુદું જ લાગતું હતું. ઘણી વાર સ્ટેશન ઉપર મથુરા, કાશ્મીર, નાસિક કે બીજાં કોઈ ચિત્રો જોઉં છું ત્યારે, જે જાતનું તો દિવસે થતું તે અત્યારે પણ થાય છે.

જ્યારે અમે માઉન્ટ આબુ પહોંચ્યાં ત્યારે સાંજ સાંજ પડી ગઈ હતી. થોડો થોડો વરસાદ વરસતો હતો; અને અમે ઘર વિના બેઠાં હતાં. અમે અગાઉથી જે મકાન રાખ્યું હતું તે તેના માલીએ બીજા કોઈને આપી દીધું હતું, એટલે અમે રસ્તા વચ્ચે સામાનનો ઢગલો કરી વરસાદમાં બેઠાં હતાં અને તારાબેન તથા નર્મદાબેન ઘર માટે દોડાદોડ કરતાં હતાં. મને ત્યારે થયું હતું કે ઘર ન મળે તો કેવું સારું ? રસ્તા ઉપર રાત કાઢી હતી એમ કહેવા બાતર, મુસાફરીમાં કંઈક સાહસ કરવા બાતર, અને વરસાદ પડતો હોય અને અમે પલળતાં સામાન ઉપર બેઠાં હોઈએ એ મજા લેવા બાતર જ મને થયું કે ઘર ન મળે તો બહુ સારું ! પણ બહુ ઓછા લોકો મારી જેમ ઇચ્છે છે. અમારામાંનાં લગભગ બધાંનો વિચાર ઘર મળે તો સારું એવો હતો. એટલે બહુ જ ન પલળ્યાં ત્યાં ઘર મળી ગયું. મને થયું હતું કે કંઈક સાહસ કર્યું હોત તો સારું હતું. આખી રાત તો નહિ પણ થોડા કલાક પલળ્યાં હોત તોયે સારું હતું. બાસ તો મુસાફરીમાં છીએ અને ઘર નથી મળતું ને પલળીએ છીએ, એવી મજા તો લેવાત ! આ બધું કેમ જાણે કાલે જ ન બન્યું હોય, એટલું તાજું મને યાદ છે.

તે જ દિવસે સાંજે અમે ઘર વિના બેઠાં હતાં, ત્યારની એક બિના મને બાસ યાદ છે. અમને બે ત્રણ જણને બૂબ તરસ લાગી હતી એટલે અમે એક મકાનના આંગણામાં ઊભાં રહીને પાણી પીધું હતું. પાણી પાતાં પાતાં એ બાઈએ અમને થોડાએક સવાલો પૂછેલા તે પણ મને યાદ છે. અત્યારે પણ એ બાઈનું ગૌરવર્ણ મ્હોં, અણિયાળું નાક ને ધોળી સાડી મને બરાબર સાંભરે છે. આ બધામાં મને જો કંઈ મજા આવી હોય તો એક જ કે અમે મુસાફરીમાં

છીએ ને કોઈને ઘરે પાણી પીવા આવ્યાં છીએ. એ બધું મને બહુ ગમતું.

બીજું જે કંઈ મને યાદ રહેલું છે તે એ કે જ્યારે અમારી મોટર મોટર-સ્ટેન્ડ ઉપર આવીને ઊભી રહી ત્યારનો દેખાવ. મોટર સ્ટેન્ડ એ એક મેદાન છે. જે જગ્યાએ મોટર ઊભી રહે છે તે ભાગ નીચો છે. એ આખું મેદાન ઢોળાવવાળું છે; જેમ ઢોળાવ ચઢતા જઈએ તેમ તેમ એમાંથી રસ્તાઓ નીકળતા જાય. આ બધું જે કે મને બરાબર યાદ નથી, પણ એટલું તો બરાસ યાદ છે કે જેવી હું મોટરમાંથી ઊતરી કે તરત જ ત્યાંનું એ ઢોળાવવાળું મેદાન મને ખૂબ જુદી જ જાતનું લાગેલું. એકાદ બગીચા જેવું, અથવા બધું નાનું નાનું લીલીપુટિયન જેવું, નહિતર એકાદ ગાલીચા જેવું લાગે. એનું કારણ અત્યારે મને ખૂબ સારી રીતે સમજાય છે. એનું કારણ એ કે ચારે તરફ 'વાદળથી વાતું કરે' એવા પહાડો અને એની હરીફાઈ કરતાં ઊભેલાં ઊંચાં યુકેલિપ્ટસનાં ઝાડો. આ બધાના પ્રમાણમાં મેદાનમાં ચાલતાં માણસો છેક જ નાનાં લાગે એમાં કંઈ નવાઈ નહિ. જ્યારે મેં પહેલવહેલા ઊંચા ડુંગરા અને ચારે તરફ લીલા સિવાય બીજું કશું ન જોયું ત્યારે મને થયું: "અધધધ! આ શું?" એની પાછળ બીજો કંઈ વિચાર ન આવ્યો; માત્ર મારે વિચારશૂન્ય ઊભા જ રહેવું પડ્યું. **સુશીલાબેન.**

દાંત ઘસ્યા

કાન્તા: "એ સુશીલાબેન! ત્યાં શું કરો છો?"

સુશીલા: "દાંત ઘસું છું"

કાન્તા: "શું કામ?"

સુશીલા: "શું કામ કેમ? ઊજળા દૂધ જેવા કરવા માટે. જુઓને આ રેતી કેવી ઝીણી છે? દાંત ઘસવાનું મન થઈ જાય એવી છે."

શારદા: "એલા, હા હો! બૂબ ઝીણી છે. કાલે પૂરમાં તણાઈને આવી હશે."

કાન્તા: "તમે પૂર જોયું હતું?"

શારદા: "પૂર જોવાની શુદ્ધ જ કોને હતી? હું તો ટાઢે ઠરી ગઈ'તી. સાંજે વરસાદ બંધ કયાં પડ્યો હતો કે બહાર નીકળવાનું મન થાય?"

સુશીલા: "શારદાબેન! જુઓ મારા દાંત ધોળા થયા?"

શારદા: "હા. કેવા, કહું? હાથી-દાંત જેવા."

સુશીલા: "દાંત તો દૂધ જેવા જ

ધોળા કહેવાય.'"

શારદા: "તમે જરાક ઝીણી નજર કરીને જુઓ તો દેખાય. કોઈના દાંત દૂધ જેવા હોય, કોઈના હાથીદાંત જેવા; કોઈના વળી મોતી જેવા. એમ જુદી જુદી જાતની ધોળાશ જણાય."

કાન્તા: "પણ મારા દાંત તો જુઓ? કેવા ધોળા થયા?"

શારદા: "પહેલાં કરતાં વધારે ધોળા થયા છે."

કાન્તા: "કોના જેવા ધોળા?"

શારદા: "મોગરાનાં ફુલ જેવા ધોળા લાગે છે."

લીલુ: "અને મારા?"

શારદા: "તમારા તો આણાદ દૂધ જેવા છે; અને આકાર તો દાડમના દાણા જેવો!"

કાન્તા: "ચાલો આપણે બધા અરીસામાં જોઈ આવીએ."

શારદા: "હું બધાંના દાંતનું કહું છું, પણ કોઈ મારા દાંતનું તો કહો?"

કાન્તાબેન, સુશીલાબેન, લીલુબેન બધાં શારદાબેનના દાંત જુએ છે.

બધાં બોલી ઊઠ્યાં: "મોતી જેવા."

શારદા: "રોજ ઘસીએ તો કેવું સારૂં?"

સુશીલા: "પણ રોજ આવી સુંદર ખળખળતી નદી ને આવી ઝીણી રેતી ક્યાંથી હોય? રોજરોજ કંઈ શિકોર અવાય છે?"

કાન્તા: "કાંઈ રેતી હોય કે નદી હોય તો જ દાંત ઘસાય એવું કાંઈ હોય? આપણે દાંત ઘસવા જ હોય, તો ઘણાયે ઉપાય છે."

લીલુ: "કયા?"

કાન્તા: "ઈંટ વાટીને ઘસાય, રાખ ઘસાય, કોલસો વાટીને ઘસાય, કાળી માટી પણ ઘસાય. ઘસવું હોય તો ઘણુંય ઘંસવાનું મળે.

લીલુ: "ઠીક ભાઈ."

શારદા: "એ.... સીસોટી વાગી. જમવા ચાલો, જમવા ચાલો, જમવા ચાલો!"

કમળાબેન.

: વરત :

આવે શેઠ શેઠાણી ને
પીરસું હું નવી વાની;
શું કહેશે કેવી વાની?
એના એ વિચારો તણી
માળાઓને રચી કરી,
શાંત અને સ્થિર થઈ
રાહ જોતો બેઠો હતો.

સુશીલાબેન.

કોઈ કહેતું નથી કે આજે રવિવાર

બા કહે: "કેમ બબલી! આજે તારે શાળાએ નથી જવું? ચાલ જોઉં, જલદી નાહીને જા જોઈએ?"

બબલી કહે: "ના, બા! આજે તો રવિવાર છે. એટલે તો અમે બધાં મળીને બચીને ત્યાં સ્વયંપાક કરવાનાં છીએ."

બા કહે: "અરે જા રે જા, આજે શુક્રવાર છે. તારે તો હમેશાં રજા જોઈએ, કેમ?"

મોટીબેન કહે: "બબલી! હું માથું ઓળી આપું, ચાલ તો? પછી તારે શાળાએ જવું છેને?"

બબલી કહે: "આજે તો રવિવાર. તમે કેમ શાળાએ જવાની વાત કરો છો? તમને ખબર નથી આજે તો બચીને ત્યાં અમે સ્વયંપાક કરવાનાં છીએ?"

મોટીબેન કહે: "આજે તો શુક્રવાર છે. રવિવાર ક્યાંથી કાઢ્યો? તારે શાળાએ ન જવું હોય એ દિવસ રવિવાર, કેમ?"

બાપુ કહે: "કેમ બબલી! પાઠ કર્યો કે?"

બબલી કહે: "કેમ બાપુ! આજે તો રવિવાર. આજે ક્યાં પાઠ કરવાનો છે? આજે તો અમે બચીને ત્યાં સ્વયંપાક કરવાનાં છીએ. તમે બધાં આમ કેમ કહો છો? બા પણ કહે કે આજે શાળા છે. તમે પણ કહો છો કે આજે રવિવાર નથી. કેમ કોઈ કહેતું નથી કે આજે રવિવાર છે?"

મોટાભાઈ કહે: "કેમ, બબલી! આજે શાળાએ નથી જવું? આમ રખડે છે કેમ?"

બબલી કહે: "મોટાભાઈ! તમે પણ બધાની જેમ કેમ ભૂલ કરો છો? આજે તો રવિવાર. આજે ક્યાં જવાનું છે!"

મોટાભાઈ કહે: "અરે, બબલી! આજે તો શુક્રવાર છે. તું જબરી છે. નિશાળે ન જવું તે દિવસ રવિવાર, કેમ?"

બબલી કહે: "આજે તો રવિવાર. કેમ બધાં જ ભૂલ કરે છે? શુક્રવાર જ કહ્યા કરે છે. કેમ કોઈ કહેતું નથી કે આજે રવિવાર છે?"

પટાવાળો કહે: "કેમ, બબલીબેન! ચાલો શાળાએ. વખત થઈ ગયો."

બબલી ચીડાઈને કહે: "તું પણ શાળાએ જવાની વાત કરે છે? આજે તો રવિવાર છે. તને એટલીયે ખબર નથી પડતી? આજે મારે નથી આવવું, જા!"

પટાવાળો કહે: "બબલીબેન! આજે તો શુક્રવાર છે."

બબલી કહે: "આજે તો રવિવાર છે. કેમ કોઈ જ કહેતું નથી કે આજે રવિવાર છે?"

સુશીલાબેન.

રોજ આવે છે.

દુનિયામાં ઘણાયે માણસો રૂપાળા ને સુંદર હોય છે. પણ આ સુંદરતા તો કંઈ અજબ! આ રૂપ તો કંઈ અનેરું!

શું એનું વર્ણન કરું?
શો એનો ચામડીનો રંગ?
શી એની આંખો?
શું એનું કપાળ?
શું એનું નાક?
શો એના મોઢાનો ઘાટ?
કેવો એનો વેશ?
દેખાય કેવા બેશ!

સુંદર, સરસ! બહુ જાડા નહિ, પાતળા ગણાય. લગભગ પોણા ત્રણ હાથ ઊંચા. ધોતિયું, પહેરણ અને ફેંટો: બૂળે ધોળાં પણ મેલણાયાં. એ બત્તી સાફ કરે એટલે બત્તી સાફ કરવાના કપડાના રંગને મળતો રંગ એનાં કપડાંનો. ફેંટાના આંટા આમ તેમ નાખેલા, એટલે આકાર ઘણાલા જેવો બને. પહેરણ ઉપર કાળું જાકીટ. વેશ ઠીક બેશ બને. એમની ચામડીનો રંગ કાળો ભૂખરો; આંખ પાસેના હાડકાં સહેજ બહાર પડતાં; ગાલ બેઠેલા; મોં-ફાડ મોટી; મૂછો બહુ ઘાટી નહિ, બહુ આછી નહિ; એના છેડાનો વાંક મોં-ફાડના છેડા ઉપર વળેલો; દાઢી લંબગોળ; મોઢાનો આકાર ચોરસ પણ નહિ ને ગોળ પણ નહિ; આંખોની ખૂબી બોર! એક આંખ કાણી હતી, બીજી આંખ બુલ્લી રહેતી; નાકનું કદ મધ્યમ હતું; નસકોરાં ચપટાં હતાં; કપાળ હમેશાં ફેંટાથી ઢંકાયેલ રહેતું.

બગલમાં કોથળી લઈ જરા કેડથી નમીને, લાંબા લાંબા ફલ્લા ભરતા ચાલ્યા આવતા હોય ત્યારે એક દેખાવ.

મારા ભાઈના મોઢા ઉપર અસ્ત્રો ફેરવતા હોય અને અસ્ત્રાની પાછળ પાછળ એક આંખ ફરતી હોય, ત્યારે ધોતિયું જમણા ગોઠણ ઉપર ચડાવ્યું હોય ને ડાબા હાથના પહેરણની બાંય ચડાવી હોય, પાસે હજામતનો સામાન પડ્યો હોય, એ બીજો દેખાવ.

સડ સડ સડ સડ બત્તીઓ સાફ કરતો હોય, અને પસીનો વળતો હોય એની વાસ ઓરડામાં ફેલાતી હોય, એ ત્રીજો દેખાવ.

એ બહુ ભલા છે. અમારી સાથે વાતો કરે છે, ને નવા નવા સમાચાર સંભળાવે છે. એ રોજ આવે છે. એનું નામ હરજી. કમળાબેન.

ચાઉસ અને અમે



ચાઉસનું ઘર એક ઓરડીનું છે; અમારૂં ઘર ચાર પાંચ ઓરડાનું છે. ચાઉસ કેા'ક દિ' ઘર વાળે છે; અમે દિવસમાં બે વાર ઘર વાળીએ છીએ. ચાઉસ કેાઈ દિ' ઓરડી લીપતેા નથી; અમે ગાર ઊખડે કે તરત લીપી નાખીએ છીએ. ચાઉસના ઘરમાં જ્યાં ત્યાં ધૂળકચરેા પડ્યેા રહે છે;અમારા ઘરમાં ધૂળકચરેા નથી. ચાઉસ કેાઈ દિ' લીપતેા નથી; અમે રેાજ ચૂલેા લીપીએ છીએ. ચાઉસ કેા'ક દિ' નહાય છે; અમે રેાજ નાહીએ છીએ. ચાઉસનાં લૂગડાં મેલાં લાગે છે; અમારાં લૂગડાં ચેાખ્ખાં લાગે છે. ચાઉસ માથે કાંઈક જુદી જાતનું પહેરે છે; અમે માથે ટેાપી પહેરીએ છીએ. ચાઉસ ચટાપટાવાળું ધેાતિયું પહેરે છે; અમે ધેાળાં ધેાતિયાં પહેરીએ છીએ. ચાઉસ ચેાકી કરે છે; અમે બાલમંદિર ચલાવીએ છીએ. ચાઉસ 'હુબેા લેા શબેા લેા' બેાલે છે, અમે 'કેમ; શું છે.' બેાલીએ છીએ. ચાઉસની બેાલી અરબી; અમારી બેાલી ગુજરાતી. ચાઉસ અરબસ્તાનનેા રહીશ; અમે ગુજરાતના રહીશ. ચાઉસ જુદી રીતે રહે છે; અમે જુદી રીતે રહીએ છીએ. ચાઉસનેા વેશ જુદેા; અમારેા વેશ જુદેા. ચાઉસની બેાલી જુદી; અમારી બેાલી જુદી. ચાઉસનેા દેશ જુદેા; અમારેા દેશ જુદેા. ચાઉસ જુદેા; અમે જુદા.

પ....ણ ચાઉસ માણસ છે; અમેય માણસ છીએ. અમે અને ચાઉસ કયારેક કયારેક સાથે બેસી બ્રેડ ને ચહા ઉડાવીએ છીએ, અને મધુર મધુર વાર્તા કરીએ છીએ.

કમળાબેન.

બાળવાર્તા પાંચ ભાગ રૂ. ૧) દસ આના

એક સાંજ

છ વાગ્યા હતા. સૂર્ય ઘણો નમી ગયો હતો. ખેડૂતો હળ લઇ ખેતરેથી આવતા હતા; ગાયો લેંશોનાં ધણો ચરીને ક્યારનાં પાદરે આવી ગયાં હતાં; હજી કોઈ કોઈ સ્ત્રીઓ સૂર્ય આથમે તે પહેલાં જલદી જલદી પાણી ભરી લેતી હતી; કોસ છૂટવાની તૈયારીમાં હતા; છાણવાળી સ્ત્રીઓ ધૂળે હાથ ચોળી રહી હતી; હું અને કમળાબેન એક થોરની નેળમાંથી જતાં હતાં.

માંડ એક ગાડું ચાલી શકે તેટલી મહોળી તે નેળ હતી. બન્ને બાજુએ હાથલા થોરની ઊંચી ઊંચી વાડો હતી; વાડની પેલી મેર લીલાં ખેતરો શોભતાં હતાં. જૂના જમાનાની વાવ અને બડ-તલ વડલાઓ—જેની વડવાઈઓ ભોંયે અડી હતી, તે ઊભા હતા.

કુદરતી શાંતિ અને સૌંદર્યથી આખું વાતાવરણ ખૂબ સુંદર હતું. એ શાંતિને માન આપી હું અને કમળાબેન પણ મૂંગાં મૂંગાં ચાલ્યાં જતાં હતાં. અમે જરાય નક્કી નહોતું કર્યું કે કયાં જવું. જ્યાં નેળ પહોંચાડે ત્યાં પહોંચવું હતું.

ચાલતાં ચાલતાં ખૂબ ચાલ્યાં ત્યાં દૂર દૂર કંઈક ખોરડાં જેવું દેખાવા લાગ્યું. અમારી નેળે અમને બરાબર એક ગા-મને પાદર આણીને મૂક્યાં.

પાદર વહેતી નદીથી અને આંબાનાં ઘટાદાર જૂથોથી ચોળીસેક ખોરડાંનું એ ગામ શોભતું હતું.

ખોરડાંમાંથી ધીમે ધીમે ધુમાડો નીકળતો હતો. ધુમાડાથી ગામ આખું ઝાંખું ઝાંખું ધુમ્મસમય લાગતું હતું. આથમી ગયેલા સૂર્યના પાછલા તેજમાં ગામ આખું છાયાચિત્ર સમું દીપતું હતું.

અમે ગામની અંદર પ્રવેશ કર્યો. સ્ત્રીઓ બીચડી ઓરી પાંચ છના કૂંડા-ળામાં ઘરના ઓટલા ઉપર બેસી વાતો કરતી હતી. છોકરાઓ શેરીમાં સાત ટાપલિયો દાવ રમતા હતા; છોકરીઓ 'દેદા'ને મારી દેદો કૂટતી હતી. થોડી વાર ત્યાં બેસી અમે અમારે રસ્તે પડ્યાં.

સાંજ થઈ ગઈ હતી. સૂર્ય આથમી ગયો હતો. રાત્રિના ઓળા ગામને ઘેરી વળતા હતા.

સાંજ પડી ગઈ હતી; બીજ ત્રીજનો ચંદ્ર નીકળી ગયો હતો. સૌ પોતપો-તાને ઘેર પહોંચી ગયાં હતાં. સાંજ પડી ગઈ હતી.



સુશીલાબેન.

આવ્યા પત્રો

સોનગઢ
તા. ૧ લી જન્યુઆરી ૧૯૩૫

પરમ પૂજ્ય ફઈબા!

લખવાનું કે અમો મજામાં છીએ. તમો મજામાં હશો. ભાઈની તબિયત સારી થઈ ગઈ હશે. કીકો તો હવે દોડા-દોડ કરતો હશે. મોટા કાકા કાલે આવ્યા હતા. કહેતા હતા કે એમની તબિયત સારી નથી રહેતી. એમની નાની બચ્ચી ખૂબ માંદી થઈ ગઈ હતી.

તમે અહીં આવવાનાં હતાં તે કેમ નહિ આવ્યાં? અમે તો ખૂબ રાહ જોઈ. હવે કીકાને લઈને જલદી આવો. ગયા કાગળમાં મેં લખ્યું હતું કે અમે ઘર બદલવાનાં છીએ, તે ગઈ કાલે બદલ્યું. જૂના કરતાં નવું ઘર સારું છે. મારી નિશાળ પણ પાસે પડે છે. બબલી હવે ખૂબ બોલવા લાગી છે. અહીં આવજો.

લી. સુરેનના પ્રણામ.

વાંકાનેર
તા. ૮–૧–૧૯૩૫

મેનેજર, સ્વદેશી વસ્તુભંડાર, ભાવનગર.

નીચે લખેલી ચીજો ભાવ સાથે મોકલશો. તમારે ત્યાં કઈ વસ્તુઓ સળે છે તે પણ જણાવશો.

સાડી નંગ ૨	કોટની ખાદી વાર ૧૦
ધોળી ખાદી તાકો ૧	કોકટી ખાદી વાર ૪
પોલકાંના કટકા નંગ ૬	ટોપી નંગ ૨

માર સરનામું:—

રમણલાલ ભગનલાલ દવે
વ્યવસ્થાપક 'પુસ્તકાલય'
નવી જૈનબોર્ડિંગ સામે; બીજે માળ
વાકાંનેર

રાયપુરા
તા. ૫–૧–૩૫

૨. ૨. અધ્યાપક સાહેબ,
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

રાયપુરાથી માસ્તર ચીમનલાલના પ્રણામ વાંચશોજી.

વિ. વિ. સાથ લખવાનું કે બાળવર્ગ તથા પહેલી ચોપડીનો વિદ્યાર્થી વાંચી શકે તેવી સારી વાર્તાઓની ચોપડીઓ નંગ ૨૨ વી.પી.થી નીચેના સરનામે મોકલશોજી.

ચીમનલાલ ભાઈલાલ પટેલ
સ્કૂલમાસ્તર, રાયપુરા
રાયપુરા, ભંડોળ થઈને
સુશીલાબેન.

: વરતો :

: ૧ :

રાહ જોતો બેઠો હતો,
તપેલાના ઢગ વચ્ચે,
સાંડસીને હાથ ઝાલી;
શાંત અને સ્થિર થઈ
રાહ જોતો બેઠો હતો.

: ૨ :

હતું અંગે વસ્ત્ર એક,
મેલું ને ગંધાતું એ તો;
નાના એના માથા પરે,
ઊડી રહી શિખા મોટી;
ગોળીસમું પેટ, વળી
પડે છે જનોઈ ટૂંકી;
માપ લ્યો જો દોરી લઈ
ઊંચાઈ ને પહોળાઈ
સરખી જ પામશો!
ખાય લાડુ ખાંત કરી,
અણગમો બીજ પરે;
શાંત અને સ્થિર થઈ
રાહ જોતો બેઠો હતો.

સુશીલાબેન.

ચાંદ

હોળીનો દિવસ હતો. રાત્રે હોળીનાં દર્શન કરી ઘેર આવ્યાં.

અજવાળી દૂધ જેવી રાત હતી. દુનિયા દૂધે નાતી હતી. બધું રૂપેરી રૂપેરી.

સૌ ચંદ્રની મજા લેતાં બેઠાં. આકાશે ક્યાંઈ ક્યાંઈ ધોળી વાદળીઓ હતી. કોઈ મોટી કોઈ નાની, કોઈ લાંબી તો કોઈ પહોળી, કોઈ વાંકીચૂંકી તો કોઈ કરકરિયાંવાળી, કોઈ ઘટ્ટ અને જાડી તો કોઈ કરોળિયાની જાળ જેવી આછી.

ચંદ્ર ચાલતો હતો.

ચાલતો ચાલતો એક આછી આછી વાદળીમાં ભરાયો.

ચંદ્રનું રૂપ કાંઈ બદલી ગયું! આ શું, અજબ!

ચંદ્રની આસપાસ મોટાં મોટાં ત્રણ કૂંડાળાં થયાં: પહેલું પીળું, બીજું ગુલતન એટલે આછું ગુલાબી અને ત્રીજું ફૂલજાંબુ એટલે આછું આછું જાંબલી.

આવાં કૂંડાળાં મેં કદી જોયાં ન હતાં. ચંદ્રની શોભા તો કંઈ ઓર જ હતી! મેઘધનુષ્ય કરતાં તો ક્યાંઈ સુંદર હતું.

ધીરે ધીરે કૂંડાળાં નાનાં થવા લાગ્યાં; એક પછી એક કૂંડાળું અલોપ! છેલ્લે ફૂલજાંબુ રંગનું રહ્યું. ધીરે ધીરે એ ઘેરું જાંબલી બન્યું. પાંચેક મિનિટમાં એ પણ અલોપ!

કુસુમબેન.



આપણા વાર્તાકારો

પાંચ ભાગ ગિજુભાઈ રૂા. ૧-૧૦-૦

ગિજુભાઈનું

ઉત્તમ બાલસાહિત્ય

બાલસાહિત્યમાળા ૮૦ પુસ્તકો રૂા. ૬—૪—૦

બાલસાહિત્યગુચ્છ ૨૫ પુસ્તકો રૂા. ૨—૮—૦

બાળવાર્તાઓ કુલ પાંચ ભાગમાં રૂા. ૧-૧૦-૦

આ ઉપરાંત બીજું ઘણું

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

એજન્ટનાં નામ		એજન્ટનાં નામ	
આર. આર શેઠની કું.	મુંબઈ–૨	શંભુલાલ જગશી શાહ	અમદાવાદ
પુસ્તકાલય સ. સ મંડળ	વડોદરા	કાંતિલાલ શેઠની કું.	ભરૂચ
યુગાંતર કાર્યાલય	સુરત	ગુજરાત પુસ્તક ભંડાર	કરાંચી
ઉપયોગી વસ્તુભંડાર	કલકત્તા	બાલમંદિર સાહિત્યસાધનાલય	વીલેપારલે

મહાભારતનાં પાત્રો

બાર પુસ્તકો

આખા સેટના ચાર રૂપિયા

લેખક : નાનાભાઈ

રામાયણનાં પાત્રો

છ પુસ્તકો

અગાઉથી અનામત અઢી રૂપિયા

લેખક : નાનાભાઈ

આ જે સવારે

સવારે સાત વાગે હું નિશાળે જવા નીકળી. રોજની માફક આજે પણ જીવડાં ચણી ખાતી કાબરો અને તેનાં નવીન રંગી નાનાં બચ્ચાંઓને જોયાં. મનમાં કહ્યું: "આ કાબરો ઠીક ગંદકી સાફ કરે છે."

દવાખાના પાસેના બૂચ ઉપર લાંબી ડોક ઊંચી કરી મોર ગળકું નાખતો હતો. બે ઘડી મારી આંખ એની ડોકના પરમ સુંદર રંગ ઉપર ઠરી રહી. "અહા, કેવું સુંદર પક્ષી છે! જ્યારે જુઓ ત્યારે નવું જ."

પાછી ફરી આવું ત્યાં તો કાગડાઓ 'કાવ કાવ' કરી બીજા કાગડાભાઈઓને બોલાવતા હતા. મારા વા'લા કાગડાઓ, બહુ સંપીલા! કંઈ પણ બાવાનું હોય પણ એક કાગડાની નજરે ચડે એટલે બે બીજા કાગડાઓને બોલાવવાનો જ! જરાય એકલપેટાપણું નહિ.

મારા બોટલા આગળ આવું ત્યાં તો મા પારેવાને ઘઉં નાખતાં હતાં. કબૂતરોનું ટૂંડાળું વળ્યું હતું. બધાંની ચાંચો ટપટપ જમીન ઉપર પડતી હતી. ત્યાં તો એક બે કાબરો આવી ને કબૂતરોની વચ્ચે પેસી ચણવા લાંગી. પણ કબૂતરોની ગરદી કાબરબાઈઓને ન રુચિ. બે તો કબૂતરોને ચાંચો મારવા લાગી. કબૂતરો સામે થવાને બદલે દૂર ઊડી ગયાં. મેં કહ્યું: "વાહ! કાબરો તો જબરી. એક દિવસ કાગડાઓ સાથે લડતી હતી; આજે કબૂતરોને નસાડે છે. ભારે જબરી લાગે છે!" **કમળાબેન.**

આ કેડો

આકડો બે નાનો પણ બૂબ સુંદર અને કલાત્મક છોડ છે. બેનાં પાંદડાં, ફૂલો અને ડાળોની રચના બેવી સુંદર છે કે કોઈ પણ જગ્યાબે શોભામાં મૂકેલો હોય તો બધું દીપી નીકળે.

આકડાને બારે માસ ફૂલો આવે છે. આકડાનાં ફૂલો બેની ટોચ ઉપર બેસે છે, અને મોટા ઝૂમખામાં હોય છે. બીજાં બધાં ફૂલોની રચના કરતાં આકડાનાં ફૂલોની રચના બૂબ જુદી હોય છે. બેનાં ફૂલોનો રંગ જાંબો જાંબલી હોય છે.

આકડો જંગલી છે છતાં તેનાં ફૂલો હનુમાનને ચડે છે. પણ બેનું કારણ તો કદાચ હનુમાને પોતે જ આકડાનું ફૂલ પસંદ કર્યું હશે, તે હશે.

આકડાનાં પાન લગભગ ગોળ હોય

છે, અને ખૂબ જાડાં અને કૂંણાં અને સુંવાળાં હોય છે. કહેવાય છે કે જૂના વખતમાં આકડાના પાન ઉપર લોકો લખતા. મોટા મોટા ગ્રંથો પણ એની અંદર લખતા. મને એ વાત ખૂબ સાચી લાગે છે. આકડાનાં પાન લખી શકાય એવાં હોય છે. અને જ્યારે બીજા કશાની શોધ નહિ થઇ હોય ત્યારે લોકોએ એનાં પાનનો ઉપયોગ કર્યો જ હશે.

આકડાનાં પાનનો શેક માથું કે પેટ દુખતું હોય ત્યારે કરવામાં આવે છે. આકડાનું દૂધ વાએ રહી ગયેલા શરીર ઉપર ચોળાય છે. લોકો કહે છે કે આકડાનું દૂધ આંખમાં પડે તો આંખ ફૂટી જાય છે.

આકડાના ફળનો ઘાટ હંસ જેવો હોય છે. જ્યારે એ કાચું હોય છે ત્યારે માછલીના પેટ જેવું ચળકતું અને એવું જ વાંક વાંકવાળું હોય છે. સૂકાય છે ત્યારે અંદરથી સુંવાળું રૂ નીકળે છે.

આકડાની દાંડલીઓ અંદરથી પોલી હોય છે. આકડાના કોલસા બહુ સારા પડે છે.

આકડો કાપ્યા પછી ઊગ્યા જ કરે છે. આકડો જંગલની શોભા છે.

સુશીલાબેન.

બાલસ્નેહીઓ

અમારા ઘર સામે એક પીંપર હતી. તેના પર રોજ સવારે પચીશ પચાસ કાગડા આવે ને 'કાવ કાવ' કરી આકાશ ગજવી મૂકે.

હું નાની હતી ત્યારથી જ એ કાગડાઓને જોતી. સવારના પહોરમાં પીંપર સામું જોઈને બેસું; વખતે કાગડાઓ કરતાંય વહેલી બેસું ! મને એમ થાય કે કાગડા કેમ નહિ ઊઠ્યા હોય ?

પણ કાગડા તો વીસમી સદીના માયાસુરો. એ કાંઈ વખત ચૂકે ?

બોલવા શીખી ત્યારથી "જે રીયા જે રીયા !" એમ કહી પીંપર-તરફ આંગળી કરતી. મોટી થઈ ત્યારે પણ વહાણે વહેલી ઊઠી તપાસ કરું કે કાગડા ઊઠ્યા છે કે નહિ.

પછી તો બધું ઝીણું ઝીણું જોતી: એ પેપડી કેમ બાય છે, અને બીજું શું શું બાંય છે.

જ્યાં સુધી એ પીંપર રહી ત્યાં સુધી હું મારા એ બાલસ્નેહીઓને રોજ સવારે મળતી; તેમની રીતભાત તપાસતી. એ પોતાની કાણી આંખે કેવી ચપળતાથી જુએ છે એ મારા ધ્યાન બહાર નહોતું.

કાગડાની તો બીજી ઘણી ઘણી વાતો છે પણ એ વળી બીજે કોઈક દિવસ.

પણ હજીયે એ મારા સ્નેહીઓને હું વીસરી નથી ગઈ.

જુઓને, 'વાવા કાગેા'ની કવિતા કરી છે. વળી ઓતરાતી દીવાલેામાં આખું કાગડાપુરાણ લખ્યું છે.

એ મારાં મિત્રેાનું સંભારણું.

બાલપણના મિત્રેા ગમે તેવા હેાય તેા પણ એ નથી ભુલાતા, એ વાત ચેાખ્ખેચેાખ્ખી દીવા જેવી દેખાય છે.

તમારા બાલસ્નેહીઓ વિષે તમે પણ કંઈક સંભારણાં નેાંધી રાખજો.

કમળાબેન.

મેં મૂરખે એમ સૂણ્યું

કમળાબેન.

મારી બાએ મને એમ કહ્યું જે ચેાપડી કેારે મૂક.

મેં મૂરખે એમ સૂણ્યું જે ચેાપડી વાંચી નાખ.

અલી! એ તે શું હશે?

* * *

મારી બાએ મને એમ કહ્યું જે દીવા ઠારી નાખ.

મેં મૂરખે એમ સૂણ્યું જે દીવાએા સળગાવ.

સખી! એ તે શું હશે?

* * *

મારી બાએ મને એમ કહ્યું જે રેાટલી સાચવી મેલ.

મેં મૂરખે એમ સૂણ્યું જે બધી આપી દે.

સખી! એ તે શું હશે?

* * *

મારી બેને મને એમ કહ્યું જે વાંદરા કાઢી મેલ.

મેં મૂરખે એમ સૂણ્યું જે ગાયેા દેાહી લે.

સંખી! એટલે શું હશે?

* * *

નાની બેને એમ કહ્યું જે કૂતરાને કાઢી મેલ.

મેં મૂરખે એમ સૂણ્યું જે કૂલેા વીણી લાવ.

સખી! એ તે શું હશે?

* * *

નાના બાબુએ એમ કહ્યું જે શાળામાં રજા રજા.

મેં મૂરખે એમ સૂણ્યું જે શાળામાં મજા મજા.

સખી! એ તે શું હશે?

* * *

ચોળી કાઢો

અહાલેક કરી આવે, નીકળે દસની ટોળી,
ઊભો રહે ફળી વચ્ચે; પડે છૂટા ગામ ઝાંપે;
ચીપિયાને ખખડાવી જાયે કો પીંપળા શેરી,
યાદ આપે આવ્યા તણી. જાયે કો સાંકડી શેરી;
"બેન બાઈ! આપો કાંઈ, સાડા બારે ભેગા થાયે
ભગવાન કરે ભલું." ઝોળીઓ લોટથી ભરી;
જુએ રાહ ઘડી પાંચ ગોઠવણ આવી કરે,
દેખે નવ હિલચાલ નહિતર કોણ આપે?
પૂછે નમ્ર ભાવભર્યો
"ત્યારે શું હું જઉં બાઈ?"

❁ ❁ ❁

ઠગી બહુ સારૂં જાણે; દિન બધો વાગ્યા કરે,
તરાવે છે પથરાને ગામ આખું સાફ કરે.
રામ તણું નામ લઈ. કરે નહિ દિન એક
આપો એને બાર પાઈ, ગંધી ઊઠે ગામ આખું!
જોઈ આપે જિંદગીને. કચરો આપણો કાઢે,
સીધું આપો લાડુ તણું વાળી ચોળી સાફ કરે.
ધાગા આપે દોરા આપે, તોય લોકો ધક્કા મારે,
બે છોકરા છોકરીના; એ તે કયાંનો ન્યાય અરે?
કામ પડયે રામ નામ, કોણ કે' હલકી જાત?
નહિતર કોણ કામ? કોણ કહે નીચી નાત?

કેસૂડો

પહેલાં મને ખબર નહોતી કે કેસૂડો કેવો હોય. એને વિષે વાતો સાંભળેલી અને ચિત્રો જોયેલાં; પણ સાચો કેસૂડો કદી નહિ જોયેલો. પણ એક દિવસ અચાનક જ ખબર પડી ગઈ. ત્યારથી મને કેસૂડો ખૂબ ગમે છે.



કેસૂડો એ એક સુંદર ફૂલોવાળું ઝાડ છે. અમારા ઘરની પાસે જ એક નાની એવી ટેકરી છે, અને એ ટેકરી તરફ કેસૂડાનું ઝાડ છે. પહેલાં એ ઝાડ તો ઘણી વાર જોયું હશે.

એક વસંતની સવારે સૂર્ય હજી ઊગ્યો ન હતો, માત્ર આકાશ કેસરી કેસરી થઈ રહ્યું હતું, ત્યારે હું ત્યાંથી જતી હતી. અચાનક જ એ ઝાડ ઉપર મારું ધ્યાન ખેંચાયું. પહેલાં તો હું કાંઈ કલ્પી જ ન શકી કે એ શું દેખાતું હતું. કારણ એના થડ ઉપર માત્ર કેસરી રંગનાં ફૂલો જ હતાં; આખું ઝાડ સુંદર કેસરી કેસરી લાગતું હતું. પહેલાં તો મને થયું: "શું, ઠૂંઠા ઝાડ ઉપર એટલાં બધાં કેસરી રંગનાં પક્ષીઓ બેઠાં હશે ?" હું થોડી વાર જોઈ જ રહી, પણ એકે પક્ષી હલે કે ચલે. પછી મને થયું કે બધાં ઝાડોને જેમ કુમળાં પાંદડાં આવે છે તેમ આને કદાચ કેસરી આવતાં હશે. પણ પાંદડાં કંઈ આવાં ન હોય; આ તો ફૂલ જેવું લાગે છે. વળી થયું કદાચ કેસરી આકાશનું તેજ પડતું હશે એટલે કદાચ એમ લાગતું હશે. આખરે મેં પાસે જઈને જોયું; એ તો સુંદર ફૂલો હતાં. ફૂલો બધાં કેસરી કેસરી, અને નીચેની દાંડલી સુંદર કાળા રંગની હતી. અને આખું ફૂલ સુંદર મખમલ જેવું સુંવાળું હતું. કેસરી અને કાળો રંગ બહુ ભળતા હતા. એ જાતનો કેસરી રંગ ઘણી વાર ઊગતા સૂર્ય વખતે અથવા આથમતા સૂર્ય વખતે થાય છે. પણ સૌથી નવીની વાત તો એ છે કે જ્યારે એને ફૂલો આવે છે ત્યારે એને એક પણ પાંદડું હોતું નથી ! એટલે એ બહુ જ સરસ લાગે

[છવ્વીશમા પાનાનું પહેલું કૉલમ જુઓ]

ફકીર

એક ફકીર હતો. નામ નથી આવડતું. દિવસ આથમે ને અંધારું થાય એટલે શેરીમાં એનો અવાજ સંભળાય.

આપણે જોવા નીકળીએ; શેરીનાં બીજાં છોકરાંયે નીકળે.

કાળી કફની પહેરી હોય. બગલમાં ઝોળી, ડાબા હાથમાં ચીપિયો, જમણા હાથમાં કાળું લંબગોળ વાસણ, ગરદન સુધી વાળ છૂટા હોય. આંખો અધમીંચી હોય; ધીમે પગલે ચાલતા હોય; મોઢેથી સવાલ નાખતા હોય—

"ચમચમભર તરકારી,
કટોરીભર પાના;
દેવે ઉસ્કા ભી ભલા,
ન દેવે ઉસ્કા ભી ભલા!"

કોઈકે મુસલમાનભાઈ બોલાવે: "સાંઈ બાપુ! આવો."

ફકીર કહેશે: "હાં, બેટા!"

બાવાનું લે અને બોલે: "ખુદા બરકત રખે."

એક દિવસ મેં બોલાવ્યા: "સાંઈ બાપુ! અમારા ઘરનું લેશો?"

સાંઈ કહે: "હાં, બેટા!"

બાવાનું આપ્યું એટલે બોલ્યા: "ખુદા બરકત રખે."

મેં પૂછ્યું: "સાંઈ બાપુ! તમે રસ્તામાં ચાલતાં ચાલતાં શું બોલો છો?"

સાંઈ કહે: "સૂન લે બેટા!

ચમચમભર તરકારી,
કટોરીભર પાના;
દેવે ઉસ્કા ભી ભલા,
ન દેવે ઉસ્કા ભી ભલા!"

દિવસ આથમે, અંધારું થાય ને શેરીમાં સાંઈ બાપુનો અવાજ સંભળાય.

સાંજે જ એ ફકીર આવે. દિવસે કયારેય દીઠા નથી.

કમળાબેન.

કેસૂડો

[પાના પચ્ચીશ ઉપરથી ચાલું]

છે. એનાં ફૂલોમાંથી કેસરી રંગ નીકળે છે; હોળી રમવા માટે એ સુંદર છે. વિલાયતી રંગો વાપરવા તેના કરતાં આવા કુદરતી રંગો વાપરવા એ વધારે સારું. ઘણા લોકો તેનાથી કપડાં પણ રંગે છે, પણ મને એવું કરવું ગમતું નથી. એનો રંગ સારો હોય માટે આપણા શોખને ખાતર એને મારી નાખીએ એ ઠીક નહિ. આપણા લોહીનો રંગ પણ સારો છે, માટે આપણે માણસોને મારીને કંઈ રંગ કરતા નથી. એ તો ઝાડ ઉપર જ શોભે.

સુશીલાબેન.

વિક્ટોરીઆ પાર્ક

આઠ વાગ્યા અને દૂરથી ગાડું દેખાયું. અમે બધાં આનંદમાં આવી ગયાં.

બાબી કહે: "આઈ, આઈ! ગાડું આવ્યું! ઝટ કરને?"

ત્યાં તો શારૂ ટહૂકી: "તારા માશી! ગાડું આવ્યું."

ત્યાં તો ટીકુ દોડતી દોડતી આવી અને શારૂને કહે: "જો, શારૂ! હું તો એકદમ નાહીધોઈને મારી બૅગ લઈને આવી. તને બબર છે, અંદર શું છે? પેન્સિલ, કાગળ, વાંચવાની ચોપડી, બધું મેં લીધું છે, હોં! તને ગાડામાં દેખાડીશ."

ત્યાં તો ગિજુભાઈ આવ્યા અને કહે: "કેમ તારાબેન! બધું તૈયાર છે? બંધાઈ રહ્યું કે? આ ગાડું તો આવી પહોંચ્યું."

આમ વાતો ચાલતી હતી ત્યાં તો ગાડું આવીને ઊભું રહ્યું. અમે બધાંય મળીને ઝપાટાબંધ સામાન ગાડામાં ગોઠવવા લાગ્યાં.

તારાબેન કહે: "જો, બચુ! આ અથાણાની બાટલી સંભાળીને મૂકજે હોં."

શારૂ કહે: "હચેા, બચુભાઈ! હું તો ક્લોટનો ડબો લાવી."

ત્યાં તો ટીકુ આવીને કહે: "લે મોટીબેન! હું શાકની ટોપલી લાવી."

પંદર મિનિટમાં તો બધું બરાબર ગોઠવાઈ ગયું.

ગિજુભાઈ કહે: "તારાબેન! હું, બચુ, શ્રીકાંત, બાબુ અને બાબી ચાલતાં થઈએ છીએ. ત્યાં જઈ જરા સાફસૂફ કરાવીએ ત્યાં તમે આવી પહોંચો."

ગાડાની અંદર તારાબેનના ભાઈ, બબુ, ટીકુ અને શારૂ બેઠાં. બરાબર સાડા આઠ વાગે અમારું ગાડું પાર્કને રસ્તે પડ્યું. હું, તારાબેન, શાંતાબેન અને મારાં બા: એટલાં જણાં અમે ચાલતાં ચાલતાં ગાડાની પાછળ ચાલ્યાં. પણ થોડી વારમાં તો ગાડું ક્યાંય આગળ ગયું.

અમે વાતો કરતાં કરતાં બની શકે તેટલી ઝડપથી ચાલવા લાગ્યાં. તારાબેન કહે: "અરે જડીબેન! કાલે મેં એક મોટી ભૂલ કરી. દૂધ મેળવતાં જ ભૂલી ગઈ. દહીં પૌંઆનો આખો પ્રોગ્રામ જ ઊડી ગયો!"

જડીબેન કહે: "મને કહ્યું હોત તો મારે ત્યાં થોડું દહીં છે તે લેતી આવત. થોડી છાશ તો થાત!"

આમ વાતો કરતાં હતાં ત્યાં તો જોશીની વાડી આવી. વાડી જોઈને એક-

દમ તારાબેનને સૂઝયું. તે કહે: "આ વાડીએથી જ છાશ લાવીએ તો કેમ?"

જડીબેન કહે: "ઠીક ત્યારે, તમે અને સુશીલા છાશ લઈ આવો. હું અને શાંતાબેન આ પાર્કના દરવાજા પાસે બેસીએ છીએ."

અમે વાડીમાં ગયાં; ત્યાં ત્રણ બાઈઓ છાશ તાણતી હતી. તારાબેન કહે: "ચાલને સુશીલા! આપણે પણ છાશ તાણીએ." મેં અને તારાબેને થોડી વાર છાશ તાણી. ખૂબ મજા આવી. મને તો દરરોજ સવારે છાશ તાણવા જવાનું મન થયું.

છાશ લઈને અમે પાર્કમાં આવ્યાં. ત્યાં તો એક ખૂબ જ મજા થઈ. અમારે જ્યાં જવાનું હતું તેનો રસ્તો જ ભૂલી ગયાં. અમારી સાથે છાશ લઈને જે બાઈ આવી હતી તેને પૂછ્યું, ત્યારે તે કહે: "અરે, હું તો પહેલી જ વાર અહીં આવું છું." એને તો ત્યાં બીક લાગતી હતી.

થોડી વાર થઈ ત્યાં એક બીજો રસ્તો આવ્યો. તારાબેન કહે: "હવે કયે રસ્તે જવું? એક રસ્તો હતો ત્યાં સુધી તો ઠીક હતું, પણ હવે તો બે રસ્તા આવ્યા."

મેં કહ્યું: "આ બીજો રસ્તો આવ્યો ત્યાં જવાનું મને ચોક્કસ બબર છે."

તારાબેન કહે: "મને લાગે છે કે હજી આગળ જવાનું છે."

તારાબેનના કહેવા પ્રમાણે અમે તો ખૂબ ખૂબ ચાલ્યાં પણ કશું આવે જ નહિ તો! શાંતાબેન, મારાં બા અને છાશવાળી બાઈ તો ખૂબ થાકી ગયેલાં; અને તડકો પણ એટલો જ સખત થયો હતો. એટલે એ લોકોને એક ઝાડ નીચે ઊભાં રાખી હું અને તારાબેન આગળ શોધવાં ચાલ્યાં. થોડેક ગયાં ત્યાં દૂર દૂર ઝાડીમાં એક છાપરાં જેવું કંઈક દેખાયું. અમને લાગ્યું કે એ જ જગ્યા હશે. એટલે અમે તો સીધો રસ્તો છોડી અંદર આડાં ચાલ્યાં. અંદર તો પગ મૂકવાની પણ જગ્યા ન હતી! બબડમાં, કાંટામાં ને ઝાંખરાંમાં પગ મૂકતાં ઉતાવળે અને ઉત્સાહે અમે ઝંપડા તરફ ચાલ્યાં. આખરે થોડી વારે એક ઝૂંપડું આવ્યું તો બરું, પણ એ કંઈ બીજું જ હતું. અમારે જ્યાં જવાનું હતું તે એ નહોતું. ચારે બાજુએ ખૂબ ગીચ ઝાડી હતી; બપોરના બાર વગ્યા હતા પણ ત્યાં તો ઠંડોગાર પવન આવતો હતો. કહેવત વાપરીએ તો 'કોઈ મારીને બાર કટકા કરી નાખે તો પણ કોઈને બબર ન પડે' એવું હતું. મને અને તારાબેનને થયું: "હવે અહીં જ બેસી રહીએ. આવો ઠંડો પવન છોડીને આપણે નથી જવું. ભલે પેલાં લોકો ઝાડ નીચે રહ્યા. એ લોકો છાશ પીને પેટ ભરશે; અને ભલે પેલા આગળ ગયેલાઓ ત્યાં બેસે, અને

કેળાં અને ગાંઠિયા ખાઈને પેટ ભરે. આપણે બાવળની શિંગો અને ઠંડો પવન ખાઈને પેટ ભરશું. બધાં છાંયે તો છે જ; પછી ઘરે જતી વખતે સાંજે દરવાજા પાસે એકઠાં થઈ જઈશું."

આટલા બધા વિચારો કર્યા છતાં આખરે અમારે ઊઠવું પડ્યું. નકામી વિચાર કરવાની મહેનત લીધી. પણ એક ગમ્મત થઈ. પેલી ઝૂંપડીમાંથી પાછા સડક ઉપર આવવાનો રસ્તો જ ન મળે. અમે કઈ બાજુથી આવ્યાં હતાં તે તો અમે સાવ ભૂલી જ ગયાં. અમને થયું કે બરાં ભૂલાં પડ્યાં ! સડક ઉપર હતાં ત્યાં સુધી કંઈ ભૂલાં પડ્યાં ન કહેવાઈએ, કારણ ઘેર જવાના રસ્તાની તો બબર હતીને ? હવે તો સાંજ સુધી પણ બહાર નહિ નીકળાય.

પણ સારા નસીબે અમને રસ્તો મળ્યો બરો. અને જ્યાં પેલા લોકો ઊભા હતા ત્યાં જેટલા ઉત્સાહથી ગયાં હતાં તેટલી જ નિરાશાથી પાછાં આવ્યાં ! પણ એમ તો અમે જણરાં. પેલા લોકોને જરા પણ નિરાશ ન કરવા અમે એટલા જ રોફથી અને ઉત્સાહથી પાછાં વળ્યાં. અમને કોઈ પૂછે તો રોફથી જ કહીએ કે એ તો ભૂલાં પડ્યાં તે પાછાં જઈ એ છીએ. મેં કહ્યું: "ચાલો, તારાબેન ! હવે હું જ બધાંને લઈ જાઉં છું. પેલો બીજો રસ્તો હતો તે જ સાચો છે." પાછાં કેટલીય વાર અમે એ રસ્તે ચાલ્યાં. ત્યાં તો અમને શોતવા તારાબેનના ભાઈ અને બધાં નીકળ્યાં હતાં. મેં કહ્યું: "જુઓ, તારાબેન ! પહેલેથી મારું કહ્યું માન્યું હોત તો આપણે કયારનાંયે પહોંચી ગયાં હોત."

પછી અમે અંદર આવ્યાં, રાંધ્યું અને જમ્યાં. જમતી વખતે અમે કેવાં ભૂલાં પડ્યાં હતાં તેની વાત કરીને બધાંને ખૂબ હસાવ્યાં. જમીને ખૂબ રમ્યાં, અને સાંજે પાછાં ગાડામાં બેસીને ગીતો ગાતાં ગાતાં ને અંતકડી રમતાં રમતાં ઘેર આવ્યાં.

સુશીલાબેન.

: વરત :

રસોડાની બા'રૂ પળે
બૂટ મોજાં કોટ પે'રી,
સાફો ને લાકડી રાખી;
ચાલે જાણે મોટો સા'બ,
કો' જાણે કે રસોયો છે ?
બોલે તો તો બાર વાગે;
ભાષાનું ઠેકાણું નહિ.
શાંત અને સ્થિર થઈ
રાહ જોતો બેઠો હતો.

સુશીલાબેન.

કૂતરો ગુરુ

કીલદાસજી સાધુ હતા; મોટા મહંત. આખા દેશમાં પૂજાય છે. ભારે ઓલિયા આખા દેશમાં પૂજાય. ઘેર ઘેર એમની પુરુષ છે.”
પધરામણી થાય.

એક વખત એક મોટા શહેરમાં તેઓ પધાર્યા. નગરશેઠે ઉતારો આપ્યો. ગામ બહાર એક મોટી હવેલીમાં સાધુ ઉતર્યા છે, લોકોને ઉપદેશ કરે છે, માણસોનાં ટોળાં આવે છે, ભાતભાતની ભેટો ધરાય છે. શિષ્યો વાયુ ઢોળે છે, મહારાજની જય બોલે છે: માણસો પગે પડે છે, મહારાજ આશિષ આપે છે.

ત્યાં એક મુસાફર દૂરથી ચાલ્યો આવે છે. બીજે ગામ જાય છે; ભેગો એક કૂતરો છે; ભેગું એક પોટકું પણ છે.

મુસાફર આ ધમાલ જુએ છે, ને ચાલતા માણસને પૂછે છે:“આ બધું શું છે? ”માણસો કહે છે: “ મહારાજ પધાર્યા છે. ભારે જ્ઞાનવાળા છે. મોટા ચમત્કારિક છે.



મુસાફર વિચારે છે: “ અહો ! આવા મહારાજ પધાર્યા છે ? ઘેરબેઠાં ગંગા છે, પાદર તીરથ આવ્યાં છે, ત્યારે લાવને હુંયે પાવન થાઉં ? પણ આ બધું ક્યાં મૂકું ? ઠીક, કૂતરાને સોંપું.”

વડલાનો શીતળ છાંયો જોઈ કૂતરાને ત્યાં બેસાર્યો ને પાનમાં સમજાવ્યો. માલ બધો એને સોંપ્યો; પોતે ચાલી નીકળ્યો.

આ બધું કીલદાસજી મહારાજ એક બારીમાંથી જોતા હતા. મનમાં નવાઈ પામ્યા: “ કૂતરા જેવામાં શી અક્કલ ! કૂતરો બહાદુર લાગે છે, સ્વામીભક્ત લાગે છે. જોઉં છું હવે શું થાય છે ને પોટકું કેમ સાચવે છે.”

રસ્તે એક લુચ્ચો માણસ ચાલ્યો આવે. નજર પોટકા ઉપર પડી પણ ત્યાં કૂતરો બેઠેલો. શી રીતે લે? મનમાં

કહે: " શું, નહિ લેવા દે? તો તો પૂરો કરું—આ તલવારને ઘાએ. "

સાધુની નજર ત્યાં જ ચોંટી છે. માણસ ગોળચક્કર ફરે છે, પોટકું ઉપાડવાનો લાગ ગોતે છે; પણ ત્યાં તો કૂતરો હાઉ હાઉ કરી સામે ભસે છે ને ધસે છે. ઘણુંય કરે પણ લાગ ફાવતો નથી. માણસ જ્યાં પોટકા પાસે આવે ત્યાં તો કૂતરો વાંભ એક ઊછળે! કૂતરો પોટકા ફરતા આંટા દે છે; સાવધાન થઈ નજર રાખે છે. એકેય રીતે માણસનો લાગ ફાવતો નથી. તે કહે: " માર્યા વિના છૂટકો જ નથી. મારવો જોઈશે. "

સણ લઈને તલવાર કાઢી. કૂતરો ચેત્યો પણ ન ખસ્યો; સ્વામીભક્ત ન ડગ્યો; નિમકહલાલ ન ચળ્યો. પ્રાણ જતેય ન ડર્યો. ખરેખરો શૂરો. માણસે તલવાર ગોળચક્કર ફેરવી પણ કૂતરો પાછો ન હઠ્યો; સામાને ગળે ચોંટવા તરાપ મારી. માણસ પણ પાછો ન હઠ્યો.

લુચ્ચાએ તલવારનો ઘા કર્યો એવો જ કૂતરો ગળે ચોંટ્યો. કૂતરાને ગળે તલવાર છે; સામાને ગળે કૂતરો છે. કૂતરાના પ્રાણ સ્વર્ગમાં ગયા; સામાના પ્રાણ કોણ જાણે ક્યાં ગયા.

બન્ને ધરણી પર ઢળ્યા છે. બન્નેને કંઠેથી લોહીની નીક વહે છે. બન્ને અચેત છે. બન્ને જુએ છે: એક શૂરવીર છે, એક ઘાયલો છે.

મહારાજ પણ જુએ છે. આંખે આંસુ છે; હૃદયે શોક છે. કૂતરાને ધન્યવાદ આપે છે: " ધન્ય કૂતરા, ધન્ય તને! ધન્ય તારી જાતને! ધન્ય તારા કામને! ખરેખરો સ્વામીભક્ત છે. તું મારો ગુરુ છે. "

સાધુ વિચારે છે: " કૂતરા જેટલો સ્વામીભક્ત હું નથી. હું મારા સ્વામી-પ્રભુને સંભારતો નથી; હું એનું ધ્યાન ધરતો નથી. "

તે જ ઘડીએ સાધુ ચાલી નીકળે છે.

કુમળાબેન.

મને ગમે

શિયાળાનો દિવસ હોય, સવારનો વખત હોય, કડકડતી ઠંડી પડતી હોય, ત્યારે એકાદ ખેતરમાં નાનીશી ઝૂંપડી પાસે બેસીને એકાદ કુટુંબ તાપતું હોય અને ઓળા પાડી ખાતું હોય, સૂર્યનાં સોનેરી કિરણો એમની ઉપર પડતાં હોય: એ જોવું મને બહુ ગમે.

ઘોધમાર વરસાદ પડતો હોય, વાદળાંને લીધે અંધારું થઈ ગયું હોય, મેઘગર્જના થતી હોય, પ્રકાશ આપે.

એવી વીજળી અહીંથી તહીં દોડાદોડ કરતી હોય, બધાં પક્ષીઓ શાંત થઈ ને બેઠાં હોય, ગાયો ઊભા રહેવાની જગ્યા માટે પૂંછડાં ઊંચા કરી દોડતી હોય, કૂતરાઓ નિષ્પ્રાણ થઈને ઊભા હોય, માત્ર વરસાદનો જ અવાજ સંભળાતો હોય, ત્યારે મને ફરવા જવું ખૂબ ગમે.

વરસાદ બંધ થવા આવ્યો હોય, ઝરમર ઝરમર ટપકતો હોય, ચારે તરફ પાણી પાણી થઈ ગયું હોય, ઝાડોમાંથી પાણી ટપકતું હોય, મેઘધનુષ્ય નીકળ્યું હોયઃ એ મને બહુ ગમે.

શિયાળાના દિવસો હોય, ઠંડી પડતી હોય, સૂર્ય ઊગવાને હજી વાર હોય, ત્યારે કોઈએક નાનાશા ગામડાને પાદર જાન ચાલી જતી હોય, બળદના ઘુઘરા વાગતા હોય, સ્ત્રીઓ ગાતી હોય, નાનાં છોકરાં નવાં લૂગડાં પહેરવા મળ્યાં તેના આનંદમાં કૂદતાં હોય, ચારેકોર આનંદ આનંદ થઈ રહ્યો હોય, શરણાઈ વાગતી હોયઃ એ બધું જોવાનું મને ખૂબ ગમે.

મધદરિયે સ્ટીમર આવી હોય, દરિયામાં ભયંકર તોફાન ઊપડ્યું હોય, દરિયાનાં પાણી ઊંચાં ઊછળતાં હોય, ઘમઘોર થઈ ગયું હોય, કયાં જવું તેનો રસ્તો સૂઝતો ન હોય, સ્ટીમર કઈ ઘડીએ ઊંધી વળશે તેની રાહ જોવાતી હોય, કેપ્ટન હાંફળોફાંફળો ચારે તરફ જોતો હોય, રોતા કકળતા લોકોને આશા આપતો હોય, બલાસીઓ દોડાદોડ કરતા હોય, કોઈ 'હે અલ્લા!' તો કોઈ 'હે ઈશ્વર! હે રામ! હે પ્રભુ!' એમ બોલતું હોયઃ તો એ બધું જોવું મને ખૂબ ખૂબ ગમે.

શુશીલાબેન.

વહાલાં બાળકો!

એક વખત અમારા બાલમંદિરમાં 'પારિજાતક' નામનું હસ્તલિખિત માસિક ચાલતું હતું. એનાં તંત્રીઓ તરીકે કમળાબેન અને સુશીલાબેન હતાં. એ 'પારિજાતક' માંથી એમના થોડાએક લેખો વીણી વીણીને અહીં મૂક્યા છે. અમારી આ વખતની ભેટ આ 'પારિજાતક' નાં ફૂલોની છે. ભાવથી સ્વીકારો અને એની સુગંધ લો.

ગિજુભાઈ

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ ભેટ અંક શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી, શીબાભાઈ ગોપાળજીએ છાપ્યો.


1-52€
17526